The Synthesis of Yoga
Vol. II
Sri Aurobindo

# યોગમાર્ગોનો સમન્વય

ગ્રંથ બીજો

# યોગ–માર્ગોનો સમન્વય

"જીવન સમગ્ર, યોગ છે."

ગ્રંથ : ૨

# યોગ-માર્ગોનો સમન્વય

"જીવન સમગ્ર, યોગ છે."

## શ્રી અરવિંદ

ગ્રંથ : ૨

[ખંડ ત્રીજો તથા ચોથો]

શ્રી અરવિંદ આશ્રમ
પોંડિચેરી ૬૦૫ ૦૦૨
૧૯૭૮

Yoga-margono Samanvay : Granth Bijo
Synthesis of Yoga : Vol. II
[Translation in Gujarati]

પ્રથમ આવૃત્તિ : ૧૯૭૮

બંને ગ્રંથની સંયુક્ત કિંમત : રૂા. ૬૦-૦૦

મુખ્ય વિક્રેતા :
**શ્રી અરવિંદ બૂક્સ ડીસ્ટ્રીબ્યુશન એજન્સી,**
પોંડિચેરી – ૬૦૫ ૦૦૨

(c) કોપીરાઇટ : શ્રી અરવિંદ આશ્રમ ટ્રસ્ટ, ૧૯૭૮

**પ્રકાશક :**
**શ્રી અરવિંદ આશ્રમ**
**પબ્લિકેશન ડિપાર્ટમેન્ટ,**
પોંડિચેરી-૬૦૫ ૦૦૨, ભારત

**મુદ્રક :**
નીતિન શાંતિલાલ પારેખ
**સરસ્વતી પ્રિન્ટિંગ પ્રેસ**
દાણાપીઠ, ભાવનગર-૩૬૪ ૦૦૧, ભારત

# અનુક્રમ

## ખંડ ત્રીજો
## દિવ્ય પ્રેમનો યોગ


| પ્રકરણ | પાનું |
|---|---|
| ૧. પ્રેમ અને ત્રિમાર્ગ | ૩ |
| ૨. ભક્તિના હેતુઓ | ૧૧ |
| ૩. ભગવાન પ્રત્યેના ભાવ | ૨૨ |
| ૪. ભક્તિનો પંથ | ૩૪ |
| ૫. ભગવાનનું વ્યક્તિ-સ્વરૂપ | ૪૧ |
| ૬. પ્રભુનો આનંદ | ૫૪ |
| ૭. આનંદ બ્રહ્મ | ૬૧ |
| ૮. પ્રેમનું પરમ રહસ્ય | ૬૯ |


## ખંડ ચોથો
## આત્મ-પરિપૂર્ણતાનો યોગ


| | |
|---|---|
| ૧. પૂર્ણયોગનો પાયાનો સિદ્ધાંત | ૮૧ |
| ૨. પૂર્ણ પરિપૂર્ણતા | ૮૯ |
| ૩. આત્મ-પરિપૂર્ણતાનું ચેતના-તંત્ર | ૯૮ |
| ૪. મનોમય પુરુષની પરિપૂર્ણતા | ૧૦૯ |
| ૫. આત્માનાં કરણો | ૧૨૨ |
| ૬. શુદ્ધિ : નિમ્ન મનોમયતાની | ૧૩૫ |
| ૭. શુદ્ધિ : બુદ્ધિની અને સંકલ્પ-શક્તિની | ૧૪૫ |
| ૮. આત્માની મુક્તિ | ૧૫૮ |
| ૯. પ્રકૃતિની મુક્તિ | ૧૬૮ |
| ૧૦. પરિપૂર્ણતાનાં તત્ત્વો | ૧૭૮ |
| ૧૧. પરિપૂર્ણ સમતા | ૧૮૫ |
| ૧૨. સમતાની સાધના | ૧૯૭ |
| ૧૩. સમતાનું કાર્ય | ૨૧૧ |
| ૧૪. કરણોની શક્તિ | ૨૨૦ |
| ૧૫. આત્મ-શક્તિ અને ચતુર્વિધ વ્યક્તિત્વ | ૨૩૩ |
| ૧૬. દિવ્ય શક્તિ | ૨૪૮ |

| પ્રકરણ | પાનું |
|---|---|
| ૧૭. દિવ્ય શક્તિનું કાર્ય | ૨૬૦ |
| ૧૮. શ્રદ્ધા અને શક્તિ | ૨૭૧ |
| ૧૯. અતિમનસના ગુણધર્મો | ૨૮૫ |
| ૨૦. સ્ફુરણાત્મક મન | ૩૦૫ |
| ૨૧. અતિમનસની કક્ષાઓ | ૩૨૦ |
| ૨૨. અતિમાનસિક વિચાર અને જ્ઞાન | ૩૩૮ |
| ૨૩. અતિમનસનાં કરણો : વિચાર-શક્તિની સક્રિયતા | ૩૫૬ |
| ૨૪. અતિમાનસિક ઇન્દ્રિય | ૩૮૩ |
| ૨૫. અતિમાનસિક કાલ-દર્શન પ્રત્યે — | ૪૧૨ |

# શુદ્ધિપત્રક

## ગ્રંથ : ૧

પ્રકાશકની નોંધમાં ૧૭મી પંક્તિમાં "ફરજ"ને બદલે "જરૂર" વાંચવું.

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૬૧ | — | પ્રકરણ : ૪ | પ્રકરણ : ૧ |
| ૩૫૯ | ૧૧ | "સાયાન્સ" | "સાયન્સ" |
| ૩૬૧ | ૫ | intentive | intuitive |



શ્રી અરવિન્દ

૧૯૫૦

# ખંડ ૩જો

## દિવ્ય પ્રેમનો યોગ

## પ્રકરણ : ૧

# પ્રેમ અને ત્રિમાર્ગ

સંકલ્પ, જ્ઞાન અને પ્રેમ એ માનવપ્રકૃતિમાં અને મનુષ્ય-જીવનમાં રહેલી ત્રણ દિવ્ય શક્તિઓ છે; અને, માનવ-આત્મા પ્રભુ પ્રત્યે આરોહણ કરવા જે ત્રણ માર્ગ ગ્રહણ કરે છે તેનો તેઓ નિર્દેશ કરે છે. વળી, આપણે જોઈ ગયા તેમ એ ત્રણેની એકતા, એ ત્રણેયની દ્વારા માનવનું પ્રભુ સાથે મિલન એ જ માત્ર, પૂર્ણયોગનો પાયો હોઈ શકે.

કર્મો એ છે જીવનની આદ્ય શક્તિ. પ્રકૃતિની શરૂઆત થાય છે શક્તિ અને તેનાં કર્મો દ્વારા; અને, માનવમાં સચેતન બનતાં તેઓ બની રહે છે સંકલ્પ અને સંકલ્પ-સિદ્ધિ. તેથી જ, માનવ જ્યારે પોતાનાં કર્મોને પ્રભુ પ્રત્યે વાળે ત્યારે તેનું જીવન સૌથી સારી અને સૌથી નિશ્ચિત રીતે દિવ્ય બનવા માંડે છે. એ જ છે પ્રવેશદ્વારમાં પહેલું પગલું, દીક્ષાનું પ્રથમ પદ. જ્યારે તેનામાં રહેલ સંકલ્પ ભગવાનના સંકલ્પ સાથે એક થઈ જાય અને તેનાથી થતું સર્વ કર્મ ભગવાનમાંથી નીસરી આવે અને ભગવાન પ્રત્યે વહેવા લાગે ત્યારે કર્મયોગ, કર્મ દ્વારા મિલન, સંપૂર્ણ સિદ્ધ થાય છે. પણ કર્મો કૃતાર્થ થાય છે જ્ઞાન વડે; ગીતામાં કહ્યું છે કે સર્વે કર્મો સમગ્ર રૂપે પરાકાષ્ઠા પામે છે જ્ઞાનમાં, "सर्वं कर्माखिलं पार्थ ज्ञाने परिसमाप्यते". સંકલ્પ અને કર્મો વડે યોગ સાધવાથી આપણે એ સર્વવ્યાપી સચેતન પુરુષ સાથે એકરૂપ થઈ જઈએ છીએ કે જેમાંથી આપણા સર્વે સંકલ્પો અને સર્વે કર્મો ઉદ્‌ભવે છે તથા શક્તિ મેળવે છે અને જેને પામીને તેમનું સમગ્ર શક્તિયુક્ત કૃતાર્થતા અનુભવે છે. અને આવા મિલનનો મુકુટમણિ છે પ્રેમ, કારણકે પ્રેમ એટલે તો, જે પરમપુરુષમાં આપણે હરીએ છીએ, ફરીએ છીએ, જીવીએ છીએ, જેને લીધે આપણું અસ્તિત્વ છે, અને માત્ર જેને ખાતર કર્મો કરવાનું અને હયાત રહેવાનું છેવટે આપણે શીખીએ છીએ એ જ પુરુષોત્તમ પ્રભુના જાગ્રત મિલનનો આનંદ. આ જ છે આપણી ત્રિવિધ શક્તિઓનું અદ્વૈત, પ્રભુપ્રાપ્તિમાં એ ત્રણેયનો સંગમ; તો, મિલનના માર્ગનો, યોગની યાત્રાનો આરંભ કર્મો વડે કરવાથી આપણે પામીએ છીએ

આ ત્રિવેણીસંગમ.

જ્ઞાન એ ભગવાનમાં સતત જીવન ધારણ કરવાનો પાયો છે. કારણકે ચેતના એ સમસ્ત જીવનનો અને અસ્તિત્વનો પાયો છે, અને જ્ઞાન એ ચેતનાની સક્રિયતા છે, એ એવો પ્રકાશ છે કે જેના વડે ચેતના પોતાને અને પોતાની વાસ્તવિકતાને પિછાને છે, એ એવી શક્તિ છે કે જેના વડે આપણે કર્મોથી શરૂઆત કરીને, આપણી વિચારમાળા અને કર્મ-ધારાનાં આંતરિક પરિણામોને, આપણી સચેતન જાતનો એક સુદૃઢ વિકાસ સાધીને તેમાં ધારણ કરી શકીએ છીએ કે જેથી એ અંતે પ્રભુને પામી દિવ્ય અસ્તિત્વની અનંતતામાં સ્થાપિત થઈ રહે છે. ભગવાન આપણને વિવિધ સ્વરૂપે આવી મળે છે અને તે દરેક સ્વરૂપની ચાવી છે જ્ઞાન; તેથી જ્ઞાન વડે આપણે અનંતતામાં અને દિવ્યતામાં તેના દરેકેદરેક ભાવ વડે, સર્વભાવેન[1] પ્રવેશ પામીએ છીએ, તેને ધારણ કરીએ છીએ, તથા તેને આપણી અંદર સર્વ રીતે સ્વીકારીએ છીએ અને તેના કબજામાં સોંપાઈ જઈએ છીએ.

જ્ઞાન વિના પ આપણે રહીએ છીએ તો તેનામાં જ, પણ આંખે પાટા બાંધીને (અને એ પાટો છે પેલી પ્રાકૃત શક્તિનો કે જે પોતાના કામમાં મશગૂલ હોવા છતાં પોતાના પ્રેરક અને પ્રભુને ભૂલી ગએલી છે) અને, તેથી, અદિવ્ય રીતે અને આપણી સત્તાના સાચા અને સંપૂર્ણ આનંદને ગુમાવીને. જ્ઞાન વડે, જ્ઞાત સાથે સચેતન અદ્વૈત સધાતાં (કારણકે સાચું અને સંપૂર્ણ જ્ઞાન તો અદ્વૈતમાં જ સંભવે) ભાગલાઓ ભાંગી પડે છે અને આપણી સર્વે મર્યાદાઓ અને વિસંવાદ અને અશક્તિ અને અસંતોષનું કારણ દૂર થઈ જાય છે. પણ જ્ઞાન કર્મ વિના પૂર્ણ થતું નથી, કારણકે માત્ર આપણી સત્તા કે એનું આત્મ-જાગ્રત, નીરવ અસ્તિત્વ જ નહિ પણ એ સત્તામાં રહેલ સંકલ્પશક્તિ, તપઃશક્તિ પણ ભગવાન છે; અને જો કર્મની પરાકાષ્ઠા જ્ઞાનમાં પરિણમે છે તો જ્ઞાન પણ પોતાની કૃતાર્થતા કર્મમાં પામે છે. અને પ્રેમ એ, અહીં પણ જ્ઞાનનો મુકુટમણિ છે, કારણકે પ્રેમ એ મિલનનો, એકતાનો આનંદ છે, અને એકતાએ જો પોતાના આનંદની સર્વ સમૃદ્ધિઓ પામવી હોય તો મિલનના આનંદ વિશે તેણે સચેતન થવું જ જોઈએ. અલબત્ત પરિપૂર્ણ જ્ઞાન પરિપૂર્ણ પ્રેમમાં અને પૂર્ણજ્ઞાન પ્રેમની સર્વાંગી અને સંખ્યાતીત સમૃદ્ધિમાં લઈ જ જાય છે. માત્ર અક્ષર અદ્વૈત તરીકે જ નહિ પણ અનેક આત્મધારી ક્ષર-સ્વરૂપે, તેમ જ એ બંનેથી પર અને બંનેને પોતાનામાં સમાવનાર "પરમપુરુષ તરીકે જે

૧. ગીતા

મને જાણે છે તેણે પૂર્ણજ્ઞાન પ્રાપ્ત કર્યું હોવાથી તે પ્રેમ વડે પોતાની સત્તાના સર્વ ભાવમાં મને જ શોધે છે."[૨] તો, જ્ઞાનમાર્ગ દ્વારા મળતો આપણી શક્તિઓનો ત્રિવેણીસંગમ, ભગવાનમાં તે ત્રણેયનું મિલન, તે આ છે.

પ્રેમ એ છે આપણી સમસ્ત સત્તાનો મુકુટમણિ તેમ જ તેની કૃતાર્થ થવાની રીત, કે જેના વડે તે ઊર્ધ્વમાં આરોહણ કરી શુદ્ધ આત્મપ્રાપ્તિની સંપૂર્ણ ઘનિષ્ઠતા, સમસ્ત સમૃદ્ધિ અને પરમાનંદને પ્રાપ્ત કરે છે. કારણકે જો પરમ સત્તાનો મૂળધર્મ છે ચિદ્ અને, ચિદ્ દ્વારા તેની સાથે તાદાત્મ્ય સાધી શકાતું હોવાથી જો પૂર્ણજ્ઞાન વડે એ તાદાત્મ્ય પાર પડે છે, તો એ ચિદ્નો મૂળધર્મ છે આનંદ, અને પ્રેમ એ છે એ આનંદની પરાકાષ્ઠાની ચાવી અને રહસ્ય. અને જો સચેતન સત્ની શક્તિ છે સંકલ્પ, કે જેના વડે તે પાર પડે છે, અને જો સંકલ્પમાં અદ્વૈત સાધવાથી આપણે પરમ સત્તાના વિશિષ્ટ, અનંત તપઃશક્તિમાં તાદાત્મ્ય સાધી શકીએ છીએ તોપણ એ સંકલ્પનાં સર્વે કર્મોનો આરંભ છે આનંદ, નિવાસ છે આનંદ, અને આનંદ એ જ છે તેમનું લક્ષ્ય અને પૂર્ણવિરામ; પરમ સત્તાનો પોતાનો તેમ જ તેની ચિદ્-શક્તિ જે કાંઈ પ્રગટ કરે છે તે સર્વેનો પણ પ્રેમ, એ જ છે પરમ આનંદની પૂર્ણ વિશાળતાને પામવાનો માર્ગ. પ્રેમ એ જ છે દિવ્ય આત્માનંદનો આવેગ અને સામર્થ્ય, અને પ્રેમ વિના ભલે મળતી હોય તેની અનંતતામાં પ્રસન્ન શાંતિ, આનંદપુરુષની તલ્લીન નીરવતા, પણ નથી મળી શકતી તેની સમૃદ્ધિ અને સંપૂર્ણતાની નિરપેક્ષ અગાધતા. પ્રેમ આપણને અલગતાની યાતનામાંથી પરિપૂર્ણ અદ્વૈતના પરમાનંદમાં ઉઠાવી જાય છે, અને તે પણ, આત્માની જે પરમ શોધ છે અને જેને માટે વિશ્વની લાંબી જીવનયાત્રાનો આરંભ થએલો છે તે, અદ્વૈતને માટેની સાધનાનો આનંદ ગુમાવ્યા વિના. એટલે જ, પ્રભુ પ્રત્યેનો પ્રેમમાર્ગ એટલે મહાનમાં મહાન આધ્યાત્મિક કૃતાર્થતા માટેની પૂર્વતૈયારી.

પ્રેમ કૃતાર્થ થતાં તે જ્ઞાનને બકાત કરતો નથી પણ તેને પોતાની સાથે લઈ આવે છે; વળી જ્ઞાન જેમ વધારે પરિપૂર્ણ તેમ પ્રેમની સંભવિતતા પણ વધારે સમૃદ્ધ. ગીતામાં ભગવાન કહે છે, "ભક્તિ વડે માણસ મારા પૂર્ણ વિસ્તાર તથા મહિમાને અને મારા સ્વરૂપનાં અસલ તત્ત્વોને જાણી જ શકે છે, અને જ્યારે એ એમ મારાં અસલ તત્ત્વોને જાણી લે છે ત્યારે મારામાં પ્રવેશ કરે છે." જ્ઞાન વિનાનો પ્રેમ હોય છે આવેગભર્યો અને ઉત્કટ, પણ અંધ, અપક્વ અને ઘણી વાર તો જોખમકારક; એ એક પ્રબળ શક્તિ છે,

૨. ગીતા

તો ઠોકર ખવડાવતો અંતરાય પણ છે. જ્ઞાનને સંકોડી રાખતો પ્રેમ પોતાની ધગશમાં, અને ઘણી વાર તો એ ધગશને લઈને જ, સંકુચિતતામાં દબાઈ મરે છે; પણ પૂર્ણજ્ઞાનમાં દોરી જતો પ્રેમ અનંત અને નિરપેક્ષ અદ્વૈત લાવી આપે છે. આવો પ્રેમ દિવ્ય કર્મોનો વિરોધી નથી હોતો, પણ ઊલટાનો તેમાં આનંદભેર ઝંપલાવે છે; કારણકે તે પ્રભુને પ્રેમ કરે છે અને તેના સમગ્ર સ્વરૂપમાં (તેથી તેનાં સર્વે સ્વરૂપોમાં પણ) એકરૂપ હોવાથી દુનિયા માટેનાં કર્મો તેને માટે, પોતાના પ્રભુ-પ્રેમનો જ અનુભવ અને તેની અનેકમુખી સાર્થકતા બની રહે છે. તો, આપણે જ્યારે પરમ પ્રિયતમ પ્રભુના દિવ્ય પરમાનંદની મસ્તીમાં આપણી પોતાની સાર્થકતા, આપણું નિર્ભય નિકેતન અને આનંદપૂર્ણ આશ્રયસ્થાન, તથા વિશ્વપ્રસાર માટેનું આપણું કેન્દ્ર પામવા, પ્રેમને આપણો માર્ગદર્શક દેવદૂત બનાવી, આપણી યાત્રાનો આરંભ ભક્તિ-માર્ગથી કરીએ છીએ ત્યારે આપણે પામીએ છીએ આપણી શક્તિઓનો આ ત્રિવેણીસંગમ, એ ત્રણેયનું ભગવાનમાં મિલન.

તો, આ ત્રિવિધ શક્તિઓના સંગમમાં આપણી પરિપૂર્ણતાનો પાયો હોવાથી પ્રભુમાં પૂર્ણ આત્મકૃતાર્થતા ઝંખતા સાધકે, આ ત્રણ માર્ગના અનુયાયીઓમાં જે ઘણી વાર જોવા મળે છે તે ગેરસમજૂત તથા પરસ્પર માટેની દ્વેષદૃષ્ટિથી દૂર રહેવું જ જોઈએ, અને જો પોતાનામાં એ હોય તો તેને ફેંકી દેવી જ જોઈએ. ઘણી વાર જોવા મળે છે કે જ્ઞાનસંપ્રદાયના સાધકો ભક્તિમાર્ગને ધિક્કારતા ના હોય તોપણ ચક્કર ચડે તેવા કોઈક ઉચ્ચ શિખર પર બેસી તેઓ, ભક્તિમાર્ગ જાણે કે કોઈ ઊતરતી અને અજ્ઞાનભરી વસ્તુ હોય, અને પરમ સત્યના શિખર માટે હજી જેઓ અન-ધિકારી હોય તેવા જીવોને માટે જ યોગ્ય હોય તેમ તેને ઉતારી પાડે છે. એ સાચું છે કે જ્ઞાન વિનાની ભક્તિ ઘણી વાર કઢંગી, અપક્વ, અંધ અને જોખમકારક હોય છે; અને ધાર્મિક વૃત્તિના માણસોનાં સ્ખલનો, ગુનાઓ અને મૂર્ખાઈઓનાં આવાં ઢગલાબંધ ઉદાહરણો પણ જોવા મળે છે. પણ તેનું કારણ એ છે કે તેમનામાં જાગેલી ભક્તિને હજી સુધી પોતાનો માર્ગ, પોતાનું સાચું તત્ત્વ મળ્યું નથી હોતું, અને તેથી, ખરેખર તો, તે પાટે નથી ચડી હોતી, પણ માર્ગ ફંફોળતી હોય છે અને રાજમાર્ગ તરફ જતા કોઈક આડમાર્ગ પર આથડતી હોય છે; અને આવી ભૂમિકા પરનું જ્ઞાન પણ ભક્તિની માફક જ અપૂર્ણ, મતાંધ, વિરોધવાદી, અસહિષ્ણુ અને કોઈ એકાકી અને અલગ સિદ્ધાંતના વાડામાં – અને તે પણ, ઘણી વાર તો પૂરું સમજ્યા વિના – બંધાઈ ગએલ હોય છે. જ્યારે ભક્તજનને

ઉદ્ધારક શક્તિ હાથ લાગી જાય છે, પ્રેમ ઈશ્વર હાથ ચડી જાય છે. ત્યારે તો પ્રેમશક્તિ પણ છેવટે તેને, જ્ઞાનના જેટલી જ અસરકારક રીતે, વિશુદ્ધ કરે છે અને વિશાળ બનાવે છે; એક જ ધ્યેય પર પહોંચાડતી જ્ઞાન અને પ્રેમની આ બે શક્તિઓની પદ્ધતિમાં ભેદ હોવા છતાં તેઓ બંને એકસરખી સમર્થ શક્તિઓ છે. ભક્તોની લાગણીવશતાને ઉતારી પાડતા તત્ત્વચિંતકના અભિમાનના મૂળમાં, બધાં જ અભિમાનની માફક, પોતાની પ્રકૃતિની કાંઈક ખામી રહેલી હોય છે; કારણકે વધારે પડતી અતડી રહી વિકાસ પામેલી બુદ્ધિ હૃદયના કેટલાક લાભ ગુમાવી બેસે છે. બુદ્ધિ બધી જ રીતે કાંઈ હૃદયના કરતાં ચડિયાતી નથી; કેટલાંક એવાં બારણાં હોય કે જે ખોલવા જતાં હૃદયને વ્યર્થ ફાંફાં મારવાં પડે તેમ હોય, તે જો બુદ્ધિ સરળતાથી ખોલી નાખી શકતી હોય તો એવાં પણ સત્યો છે કે જે હૃદયની અતિ નિકટ અને સહજસાધ્ય હોવા છતાં બુદ્ધિને હાથ ના પણ લાગતાં હોય. અને, બૌદ્ધિક પદ્ધતિને આધ્યાત્મિક અનુભૂતિનાં ઊંડાણ હાથ લાગવાથી તે ગગન-ભેદી ઊર્ધ્વ સ્તરો અને શિખરો તથા આકાશ-આંબી વિશાળતાઓને સરળતાથી ભલે પહોંચી જાય પણ હૃદયની સહાય વિના તે, દિવ્ય સત્તા અને દિવ્ય આનંદની ગહન અને સમૃદ્ધ અગાધતાઓ અને સાગર-તળશાં ઊંડાણોનો તાગ લઈ શકતી નથી.

ભક્તિમાર્ગ ઊતરતી કોટિનો જ છે એમ ઘણી વાર માનવાનું કારણ એ હોય છે કે તેની શરૂઆત પૂજાવિધિથી થાય છે અને એ તો આધ્યાત્મિક અનુભૂતિની એ કક્ષાની વાત થઈ કે જેમાં માનવ-આત્મા અને પરમાત્મા એ બેની વચ્ચે એક જાતના ભેદનો, એક અધૂરા અદ્વૈતનો સ્વીકાર કરવામાં આવે છે; કારણકે તેનો મૂળ સિદ્ધાંત છે પ્રેમ, અને પ્રેમમાં તો હંમેશાં બે પક્ષ હોય : પ્રેમી અને પ્રેમપાત્ર, એટલે જ દ્વૈત; જ્યારે સર્વોચ્ચ આધ્યાત્મિક અનુભૂતિ તો છે અદ્વૈત; વળી, ભક્તિમાં સાકાર ભગવાનની કલ્પના હોય છે જ્યારે નિરાકાર બ્રહ્મ એ જ, એકમાત્ર સત્ય નહિ તોપણ સર્વોચ્ચ અને સનાતન સત્ય છે. આ બધું સાચું, પણ પૂજા એ તો ભક્તિમાર્ગની માત્ર શરૂઆત જ છે. જ્યારે બાહ્ય પૂજા આંતરિક આરાધના બની જાય છે ત્યારે જ સાચી ભક્તિ શરૂ થાય છે; તે અગાધ થઈ પ્રભુપ્રેમની ઉત્કટતા બની જાય છે; એ પ્રેમથી ભગવાન સાથેનો આપણો સંબંધ ગાઢ થતાં આનંદ આવી મળે છે; અને સામીપ્યનો આનંદ જ મિલનના પરમાનંદમાં પરિણમે છે. જ્ઞાનની માફક જ પ્રેમ પણ આપણને સર્વોચ્ચ અદ્વૈત સાધી આપે છે; વળી, એ અદ્વૈતમાં તે ગાઢતા અને ઉત્કટતાની માત્રાનો શક્ય

તેટલો વધારો કરે છે. એ સાચું છે કે પ્રેમ અદ્વૈતમાં જઈને પણ ભેદનો સ્વીકાર કરવામાં આનંદ અનુભવે છે, અને તેથી તો અદ્વૈત પોતે જ વધારે મધુર અને વધારે સમૃદ્ધ બને છે. અને અહીં એમ પણ કહી શકાય કે આ બાબતમાં હૃદય એ બુદ્ધિના કરતાં વધારે સમજુ છે,— જે બુદ્ધિ ભગવાન વિશેના વિરોધદર્શી ખ્યાલોને વળગી રહે છે અને એક ખ્યાલ પર એકાગ્ર થઈ બીજાને બકાત કરી દે છે (કારણકે તે તેનાથી વિરુદ્ધનો હોય છે) તે બુદ્ધિના કરતાં તો તે વધારે સમજદાર ખરું જ—, કારણકે જે ખ્યાલને તે વિરુદ્ધનો ગણે છે તે હકીકતમાં તો પૂરક હોય છે, અને વધારે મોટી સાર્થકતાનું સાધન હોય છે. મનની ખામી જ એ છે કે તે વિચારોમાં જ, ભાવાત્મક અને અભાવાત્મક ખ્યાલોમાં જ અને દિવ્ય સત્યનું જે એક પાસું તેને દેખાય તેમાં જ મર્યાદિત થઈ જાય છે અને તેમાંના એકને બીજાના વિરોધમાં ઊભો કરવાનું વધારે પડતું વલણ દેખાડે છે.

વિચારશક્તિમાં એટલે કે મનોમય જ્ઞાનનો આશરો લઈ પ્રભુ પ્રત્યે વળતી ચિંતનવૃત્તિમાં નક્કરના કરતાં અમૂર્તને, પરિચિત અને પાસેની બાબતો કરતાં ઊર્ધ્વ અને દૂરની બાબતોને, વધારે અગત્યની ગણવાની સહજવૃત્તિ હોય છે. તેને લાગે છે કે એકમેવ બ્રહ્મમાં પોતાનામાં રહેલા આનંદના કરતાં અનેક રૂપધારી એકમેવ બ્રહ્મમાં તથા એકમેવ બ્રહ્મમાં વસતાં અનેક રૂપોમાં રહેલો આનંદ ઊતરતો છે,– અથવા તો તેને તે ખુદ અસત્ય પણ લાગે છે; તેને નિરાકાર, નિર્ગુણ બ્રહ્મમાં વધારે સત્ય દેખાય છે અને સાકાર, સગુણ ઈશ્વરમાં ઓછું સત્ય, કે અસત્ય દેખાય છે. પણ ભગવાન તો આપણા વિરોધદર્શી ખ્યાલોથી અને તેનાં વિવિધ સ્વરૂપોમાં આપણી તર્કશક્તિ જે વિરોધાભાસ ઊભા કરે છે તેનાથી પર છે. આપણે જોઈ ગયા છીએ કે તે તેની નરી અદ્વૈતતાથી બંધાએલો અને મર્યાદિત થએલો નથી; તેનું અદ્વૈત અનંતવિધ અનેકતામાં આવિર્ભાવ પામે છે અને તેથી તેમાં રહેલો પ્રેમાનંદ એ જ તેની પૂર્ણ ચાવી છે; અને તેથી જ, તેમાં અદ્વૈતનો આનંદ અટકી પડતો નથી. પરમ જ્ઞાન અને જ્ઞાન વડે મળતી પરમ આધ્યાત્મિક અનુભૂતિને તો, પોતાનાં અનેક સ્વરૂપો સાથેના અનેકવિધ સંબંધમાં રહેલું એકમેવ બ્રહ્મનું અદ્વૈત તેના આત્મલીન આનંદના જેટલું જ પરિપૂર્ણ લાગે છે. ચિંતનશક્તિને ભલે એમ લાગતું હોય કે નિરાકાર બ્રહ્મ એ વધારે વિશાળ અને ઉચ્ચ સત્ય છે અને સાકાર એ એક સાંકડી અનુભૂતિ છે પણ આત્મા તો જુએ છે કે એ બંને એક જ બ્રહ્મનાં એવાં બે પાસાં છે કે જે બંનેમાં તે હયાત છે; અને જો ચિંતનશક્તિ અનંત નિરાકારતા માટેનો જ આગ્રહ

રાખીને જે પ્રાપ્ત કરે છે તે બ્રહ્મ એ એક જ્ઞાન છે તો અનંત સાકાર–પ્રભુ માટેનો આગ્રહ રાખીને પ્રેમ જે પ્રાપ્ત કરે છે તે પણ જ્ઞાન જ છે. એ બંનેની આધ્યાત્મિક અનુભૂતિને જો છેવટ સુધી વળગી રહીએ તો અંતે તો એક જ પરબ્રહ્મ પ્રાપ્ત થાય છે. ગીતામાં કહ્યું છે તે પ્રમાણે શું ભક્તિથી કે શું જ્ઞાનથી આપણે એવા પુરુષોત્તમ સાથે, એવા પરબ્રહ્મ સાથે અદ્વૈત સાધીએ છીએ કે જે પોતાનામાં નિરાકારને તેમ જ અગણિત સાકારને, નિર્ગુણને તેમ જ અનંત ગુણોને, શુદ્ધ સત્, ચિત્ અને આનંદને તેમ જ તેમના સંબંધોની અનંત લીલાને પણ સમાવે છે.

તો વળી, સામી બાજુએ ભક્તજન નર્યા જ્ઞાનની, રણ જેવી શુષ્કતાને ઉતારી પાડવાની વૃત્તિ દેખાડે છે. અને એ પણ સાચું જ છે કે આધ્યાત્મિક અનુભૂતિની રસમસ્તી વિનાનું નર્યું તત્ત્વચિંતન જેટલું સ્પષ્ટ હોય છે તેટલું જ શુષ્ક હોય છે અને આપણને પૂરો સંતોષ નથી આપી શકતું; વળી, તેની આધ્યાત્મિક અનુભૂતિ પણ જો તાર્કિક ટેકાઓને તજીને અને મનને ભેદીને ઊર્ધ્વમાં ભાગી ના છૂટે તો વધારે પડતા હવાઈ આનંદમાં જ અટવાએલી રહે છે; અને તે જે સિદ્ધ કરે છે તે, હૃદયના આવેગોને લાગે છે તેવી શૂન્યતા ભલે ના હોય, તોપણ શિખરો પર અટકી ગએલું તો હોય છે જ. તો તેનાથી ઊલટું, એકલો પ્રેમ, જ્ઞાન વિના સંપૂર્ણ નથી બનતો. ગીતામાં, ભક્તિની પ્રાથમિક ભૂમિકાના ત્રણ ભેદ દેખાડેલા છે ખરા : આર્ત, એટલે કે દુનિયાનાં દુઃખોમાંથી છુટકારો શોધવા પ્રભુનું શરણ સ્વીકારતી ભક્તિ; અર્થાર્થી, એટલે કે ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિને ખાતર પ્રભુનો માર્ગ લેતી ભક્તિ; અને જિજ્ઞાસુ એટલે કે પ્રભુ પ્રત્યે પ્રેમાકર્ષણ હોવા છતાં હજી સુધી તે અજ્ઞાત રહેલ હોવાથી તેને જાણવા ઝંખતી ભક્તિ. છતાં, ગીતામાં જ્ઞાનસંપન્ન ભક્તિને એ ત્રણેના કરતાં ઊંચી ગણી છે. એ તો દેખીતું જ છે કે જ્યારે પ્રેમ આવેશથી એમ કહેતો હોય કે, "હું તો માત્ર ચાહું છું, જાણતો કાંઈ નથી; અને ચાહું છું પછી જાણવાની મને શી તમા ?" ત્યારે એ, પ્રેમની અંતિમ નહિ પણ પ્રાથમિક દશા છે, અને પ્રેમની એ પરમ ઉત્કટતા પણ નથી જ. ઊલટાનું, ભગવાનનું જ્ઞાન જેમ જેમ વધતું જાય તેમ તેમ તેનો આનંદ અને તેને માટેનો પ્રેમ પણ વધતાં જ જાય. વળી જ્ઞાનના પાયા વિનાની નરી પ્રેમમસ્તી સુરક્ષિત પણ ના રહી શકે; પ્રેમપાત્રમાં સ્થાયી વાસ કરવાથી જ એ સુરક્ષિત થઈ શકે; અને તેમાં વાસ એટલે તો તેની ચેતના સાથે અદ્વૈત, અને એવું અદ્વૈત એ જ છે જ્ઞાનની પૂર્ણ અવસ્થા. ભગવત્–જ્ઞાન ભગવત્–પ્રેમને પાકું સુરક્ષિત કરે છે, તેની

સાથે અનુભૂતિના આનંદ-સ્રોત ખુલ્લા કરી આપે છે, અને તેને દર્શનનાં સર્વોચ્ચ શિખરો પર પહોંચાડી દે છે.

જ્ઞાન અને ભક્તિ એ બેની વચ્ચે થતી આવી ગેરસમજૂત એ જો એક અજ્ઞાન જ છે તો પોતાની આધ્યાત્મિક સિદ્ધિઓની ઉચ્ચતાની સરખામણીમાં કર્મયોગને ઊતરતો ગણવાનું એ બંનેનું વલણ એ પણ કાંઈ ઓછું અજ્ઞાત નથી. જ્ઞાનની ઉત્કટતાની જેમ ભક્તિમાં પણ એવી ઉત્કટતા છે કે જેનો ખ્યાલ કરતાં કર્મો બાહ્ય, અને બાહ્યતામાં ઢસડી જતી વસ્તુ, લાગે. પણ જ્યાં સુધી આપણે સંકલ્પ અને ચેતના એ બંનેની એકરૂપતા ભગવાનમાં ના પામીએ ત્યાં સુધી જ કર્મો આવાં બાહ્ય અને બાહ્યતામાં ઢસડી જનારાં રહે છે. એક વાર એ પ્રાપ્ત થઈ જતાં કર્મો તો જ્ઞાનનું ખરેખરું સામર્થ્ય અને પ્રેમનો ખરો પ્રવાહ બની જાય છે. જો જ્ઞાન એ એકરૂપતાની સ્વયં અવસ્થા છે અને પ્રેમ એ તેનો જ આનંદ છે તો દિવ્ય કર્મો એ તેના પ્રકાશ અને માધુર્યની જીવંત શક્તિ છે. માનવ-પ્રેમની અભીપ્સાની માફક દિવ્ય પ્રેમમાં પણ એક વલણ એ હોય છે કે તે પ્રેમી અને પ્રેમપાત્રને, તેમના એકાકી અદ્વૈતાનંદના ઉપભોગને ખાતર, દુનિયા અને અન્ય સહુ કોઈથી અલગ કરી, હૃદયના મિલન-મંડપના એકાંતમાં લઈ જવા ઇચ્છે છે. ભક્તિમાર્ગના આ વલણને એક અનિવાર્યતા ગણી શકાય. પણ જ્ઞાનમય બની સાર્થક થતો વિશાળતમ પ્રેમ દુનિયાને આ આનંદની બહારનું કે તેનું વિરોધી નહિ પણ પરમ પ્રિયતમના જ અંગરૂપ અને તેમાનાં પ્રાણીમાત્રને તેનાં જ સ્વરૂપો તરીકે જુએ છે; અને એ દૃષ્ટિમાં દિવ્ય કર્મોને મળી રહે છે તેમનો આનંદ અને ઔચિત્ય.

પૂર્ણયોગે જેના વડે જીવંત રહેવાનું જ છે તે જ્ઞાન આ છે. આપણે આપણી પ્રભુપંથની યાત્રાનો આરંભ કરવાનો છે બુદ્ધિ, સંકલ્પ અને પ્રેમની મનોમય શક્તિઓમાંથી; અને મનમાં તો છે સર્વ કાંઈ મર્યાદિત. તેથી આપણી યાત્રાના આરંભમાં, અને તે પછી પણ ક્યાંય સુધી, આ મર્યાદાઓ અને અતડાપણું કાંઈ આપણને છોડશે નહિ. પણ પૂર્ણયોગ તેમનો સ્વીકાર અન્ય એકમાર્ગી યોગોના કરતાં વધારે છૂટછાટથી કરશે, અને તેમની માનસિક અનિવાર્યતામાંથી જલદીથી મુક્ત થઈ જશે. તે ભલે ભક્તિમાર્ગથી, જ્ઞાનમાર્ગથી કે કર્મમાર્ગથી આરંભ કરે પણ જ્યારે તેમનો સંગમ થશે ત્યારે જ તેની કૃતાર્થતાનો આનંદ શરૂ થશે. તે પ્રેમથી આરંભ નહિ કરે તોપણ કાંઈ પ્રેમ ચૂકશે નહિ કારણકે પ્રેમ એ તો છે કર્મોનો મુકુટમણિ અને જ્ઞાનની મંજરી.

પ્રકરણ : ૨

# ભક્તિના હેતુઓ

ધર્મ માત્રના મૂળમાં નીચેના ખ્યાલોનો સ્વીકાર થએલો જોવા મળે છે : આપણી આ મર્યાદિત અને મર્ત્ય જાતના કરતાં ઘણી મહાન અને ઉચ્ચ એવી કોઈ એક પરમ સત્તા કે અસ્તિત્વ; એ સત્તાની પૂજાને માટેના આચાર અને વિચાર; તથા તેની ઇચ્છા, તેના નિયમો કે તેની આજ્ઞાને આધીનતા. પણ આમ સ્વીકારાતી, પૂજાતી અને અનુસરાતી આ પરમ સત્તા અને તેના પૂજક એ બેની વચ્ચે ધર્મ પહેલેથી જ એક અમાપ અંતર ઊભું કરી દે છે. આ અંતરનો અંત એ યોગની અંતિમ અવસ્થા છે; કારણકે યોગ એટલે જ ઐક્ય. તેની સાથેનું આ ઐક્ય જ્ઞાન દ્વારા સ્થાપી શકાય છે; કારણકે તેને માટેના આપણા પ્રાથમિક અને અસ્પષ્ટ ખ્યાલ સ્પષ્ટ થાય, વિશાળ અને ઊંડા થાય ત્યારે આપણે જાણવા લાગીએ છીએ કે એ જ તો છે આપણી પોતાની સાચી, સર્વોચ્ચ જાત, આપણી સત્તાનું આદિ મૂળ, અને તેનો પોષક : અને એને જ પંથે એ આગળ વધી રહ્યું છે. તેની સાથેનું એ ઐક્ય કર્મ દ્વારા પણ સ્થાપી શકીએ છીએ કારણકે તેને માત્ર આજ્ઞાધીન થતાં થતાં આપણે તેની સંકલ્પશક્તિ સાથે આપણા સંકલ્પને એકરૂપ કરવા લાગીએ છીએ, કારણકે આપણા સંકલ્પ જેટલે અંશે, તેમના મૂળરૂપ અને આદર્શરૂપ આ પરમ સત્તા સાથે એકરૂપ થાય તેટલે જ અંશે તેઓ પૂર્ણ અને દિવ્ય બનવાના. વળી તેની સાથેનું એ ઐક્ય આપણે પૂજા વડે પામી શકીએ છીએ; કારણકે આપણી દૂરલક્ષી પૂજાના આચાર અને વિચાર, એક નિકટવર્તી આરાધનાની ઉત્કંઠામાં પરિણમે છે, અને એ ઉત્કંઠા પ્રેમની ગાઢતામાં પરિણમે છે; અને પ્રેમની પરાકાષ્ઠા એટલે પ્રિયતમ સાથે ઐક્ય. એટલે પૂજાના આ વિકાસમાં જ ભક્તિયોગનાં મંડાણ છે અને પ્રિયતમ સાથેના આ ઐક્યમાં જ તેને પ્રાપ્ત થાય છે તેની પરાકાષ્ઠા અને અંતિમ અવસ્થા.

આપણામાં જાગતી બધી જ સહજ-વૃત્તિઓ અને આપણી બધી પ્રવૃત્તિઓની શરૂઆત આપણી નિમ્ન માનવપ્રકૃતિના સામાન્ય હેતુઓથી જ

થાય છે; એ હેતુઓ શરૂઆતમાં અશુદ્ધ અને અહમ્‌પ્રધાન હોય છે પણ પછીથી તેઓ વિશુદ્ધ થાય છે, ઉચ્ચ બને છે, અને પોતાનાં કર્મનાં પરિણામો શું આવે છે તે વિશે બેપરવા બની, આપણી ઊર્ધ્વ પ્રકૃતિની એક ઉત્કટ અને વિશિષ્ટ જરૂરિયાત બની રહે છે; અને છેવટે આપણી એક જાતની અદમ્ય, અપરિહાર્ય ઝંખના જેટલી ઉચ્ચ કક્ષાએ પહોંચી જાય છે. અને એ આ જ ઝંખના છે કે જેને અનુસરવાથી આપણી અંદર રહેલ કાંઈક એક એવા સ્વયંભૂ પરમ તત્ત્વને આપણે પામીએ છીએ કે જે આપણને સતત પોતાની પ્રત્યે ખેંચી રહ્યું હતું,– શરૂઆતમાં આપણી અહમ્‌પ્રધાન પ્રકૃતિનાં પ્રલોભનો દ્વારા, અને પછીથી કાંઈક ખૂબ ઉચ્ચ, વિશાળ, વિશ્વમય વસ્તુ દ્વારા આકર્ષી રહ્યું હતું કે જેથી છેવટે આપણે એની પોતાની પ્રત્યક્ષ મોહિની અનુભવી શકીએ,– અને એ મોહિની હોય છે બીજાં બધાં જ આકર્ષણો કરતાં વધારે પ્રબળ અને અદમ્ય. ધાર્મિક જાતની સામાન્ય પૂજાઓના શુદ્ધ ભક્તિ–યોગરૂપ આવા રૂપાંતરમાં આપણને જોવા મળે છે સામાન્ય, ધર્મપરાયણ, સહેતુક અને સકામ પૂજાઓનો નિષ્કામ અને સ્વયંભૂ પ્રેમમાં થતો જતો પલટો. હકીકતમાં તો આ છેવટે જણાવેલી અવસ્થા એ જ છે સાચી ભક્તિની કસોટી, એ જ દેખાડે છે કે આપણે ખરેખર ક્યાં છીએ: રાજમાર્ગ પર કે ત્યાં દોરી જતા કોઈક આડમાર્ગ પર. પ્રભુમિલન માટેની લાયકાત પામવા, પહેલાં તો અશક્તિના આધારો, અહમ્‌ભર્યા હેતુઓ, નિમ્ન પ્રકૃતિનાં પ્રલોભનો છોડવાં જ પડે છે.

માનવમાં જ્યારે કોઈ એવી એક પરમ સત્તા અથવા અનેક સત્તાઓનું ભાન જાગે છે કે જે તેના પ્રાકૃત જીવનને આવરી લેતી હોય, અસર કરતી હોય, ચલાવતી હોય, ત્યારે, સ્વાભાવિક રીતે જ, તે પોતાના પ્રાકૃત જીવનમાં રહેલી મુશ્કેલીઓ, કામનાઓ અને જોખમો વચ્ચે જીવતા એક પ્રાકૃત પ્રાણી તરીકેની પ્રથમ અને પ્રાકૃત લાગણીઓ, ભય અને સ્વાર્થનો દોર્યો તેની, કે તેમની, સમક્ષ જાય છે. ધાર્મિકતાની સહજ–વૃત્તિના વિકાસમાં આ બે હેતુઓએ જે જબરજસ્ત ભાગ ભજવ્યો છે તેનો ઇન્કાર થઈ શકે તેમ નથી,– અને માણસની અવસ્થા જોતાં, એ ભાગ ઓછો પણ ભાગ્યે જ થઈ શક્યો હોત–. અને ધર્મભાવનાનો આજે ઠીક ઠીક વિકાસ થયો હોવા છતાં આપણે જોઈએ છીએ કે આ હેતુઓ હજી ય હયાત છે, જીવંત છે, સારો એવો ભાગ ભજવી રહ્યા છે: અને બધા ધર્મો પોતે પણ માણસજાત પરના તેમના હક્કના સમર્થન માટે તેમને હજી ય ઉચિત માની રહ્યા છે અને આગળ કરી રહ્યા છે. એમ કહેવામાં આવે છે કે ભગવાનનો ભય – અથવા તો,

ઇતિહાસને ન્યાય આપવા ખાતર એમ કહેવું જોઈએ કે, દેવોનો ભય – એ જ છે ધર્મભાવનાની શરૂઆત. પણ આ તો છે એક અર્ધ–સત્ય, એવું અર્ધ–સત્ય કે જેની ઉપર, ધર્મભાવનાનો ઇતિહાસ ઉકેલવા મથતા વૈજ્ઞાનિકોએ (અલબત્ત એ વૈજ્ઞાનિકોનું વલણ સહાનુભૂતિભર્યું હોવાને બદલે, સામાન્ય રીતે તો દોષદર્શી, અને ઘણી વાર તો નર્યું વિરોધી હોય છે) અઘટિત ભાર મૂક્યો છે; પણ ભગવાનનો ભય એ કાંઈ એકમાત્ર હેતુ નથી હોતો; કારણકે તદ્દન આદિવાસી અવસ્થામાં પણ માનવ કાંઈ એકમાત્ર ભયનો પ્રેર્યો કાર્ય નથી કરતો, પણ તેમાં ભય અને કામનાના જોડિયા હેતુઓ હોય છે,– ભય હોય છે અણગમતી અને અનિષ્ટ વસ્તુઓનો અને કામના હોય છે મનગમતી અને કલ્યાણકારી વસ્તુઓની –; એટલે કે, તે કાર્ય કરતો હોય છે ભયનો માર્યો અને સ્વાર્થનો પ્રેર્યો. માણસ જ્યાં સુધી મુખ્યત્વે આત્મ-નિર્ભર રહીને અને ગૌણ રીતે બાહ્ય વસ્તુઓ પ્રત્યેના કાર્ય–પ્રતિકાર્યમાં રસ લઈને, જીવતાં ના શીખે ત્યાં સુધી તેને મન જીવન એટલે મુખ્યત્વે અને વ્યાપક રીતે કર્મ અને તેમનાં પરિણામની પરંપરા; ઇચ્છેલી, શોધેલી અને કર્મ વડે મેળવેલી વસ્તુઓની તથા ભયપ્રેરક અને દૂર ધકેલેલી (છતાં કર્મનાં પરિણામે કદાચ આવી જ ચડે એવી) વસ્તુઓની પરંપરા. અને આ બધી વસ્તુઓ કાંઈ માત્ર પોતાનાં જ નહિ પણ બીજાઓનાં અને પોતાની આસપાસની પ્રકૃતિનાં કાર્યો વડે પણ આવી મળે છે. એટલે આ બધાંની પાછળ રહેલી કોઈ એક એવી સબળ સત્તા કે જે તેનાં કર્મો અને પરિણામો પર અસર કરે છે અને તેમને નક્કર કરે છે તેનું જ્યારે તેને ભાન થાય છે ત્યારે તે એવો ખ્યાલ કરે છે કે એ સત્તા તેને વરદાન દેનારી અને શાપ દેનારી પણ છે, તેને સહાય કરવા, તો શિક્ષા કરવા, તેને બચાવવા, તો નાશ કરવા પણ શક્તિશાળી અને, કેટલાક સંજોગોમાં તો, તૈયાર પણ હોય છે.

પોતાનામાં રહેલા પૂરા પ્રાકૃત ભાગોને લીધે માણસ તેને પોતાના જેવી, અહંતામય કુદરતી આવેગોથી ભરેલી, ત્રૂઠે ત્યારે વરદાન દેનારી અને રૂઠે તો દુઃખ દેનારી કોઈ શક્તિ તરીકે કલ્પે છે. એટલે પૂજા એ, ભેટ ધરી તેને પ્રસન્ન કરવાની અને પ્રાર્થના દ્વારા યાચના કરવાની વસ્તુ થઈ પડે છે. તે પ્રાર્થના અને ખુશામત દ્વારા ભગવાનને પોતાનો ટેકેદાર બનાવી દે છે. મનોવૃત્તિ જરા વધારે વિકાસ પામેલી હોય તો તે એમ માને છે કે જીવનના વ્યાપારો કોઈ એક દૈવી ન્યાય ઉપર આધાર રાખે છે; અને આ ન્યાયવૃત્તિને તે હમેશાં પોતાના ખ્યાલ અને ખાસિયતવાળી, પોતાની જ માનવીય ન્યાય-વૃત્તિની કોઈ એક વિશાળ આવૃત્તિ જેવી ચીતરે છે; તે નૈતિક સારાંનરસાંનો

ખ્યાલ ઊભો કરે છે અને પોતાનાં દુઃખો અને આપત્તિઓ તથા સર્વે અણગમતી વસ્તુઓને પોતાનાં પાપની શિક્ષા ગણે છે, અને સુખ, સદ્‌ભાગ્ય તથા સર્વે મનગમતી વસ્તુઓને પોતાનાં પુણ્યનો બદલો ગણે છે. તેને મન ભગવાન એટલે કોઈ રાજા, ન્યાયાધીશ, કાયદાઓનો ઘડનાર અને ન્યાયનો તોળનાર. પણ હજી ય તે તેને એક માણસ જ, પણ એક અતિ મોટો માનવ ગણતો હોવાથી એમ કલ્પના કરે છે કે પોતાની ન્યાયવૃત્તિને જેમ કાલાંવાલાં અને ખુશામત દ્વારા ચલિત કરી શકાય છે તેમ દૈવી ન્યાયને પણ કરી જ શકાય. તેને મન ન્યાય એટલે ઇનામ અને દંડ; અને દંડનો ચુકાદો યાચકની દયા-યાચનાથી હળવો કરી શકાય છે તો પ્રભુની પરમ સત્તાને ખુશ કરવાથી તેના ઉપાસકો અને અનુયાયીઓને અપાતા અનુગ્રહમાં દયા-માયાનો ખાસ વધારો પણ કરાવી શકાય છે. તો વળી, ભગવાન પણ આપણી માફક કોપ કરી શકે છે અને વેર વાળી શકે છે, અને તેના આ કોપ અને વેરને, ભેટ, યાચના અને પ્રાયશ્ચિત વડે વાળી લઈ પણ શકાય છે. વળી એ પક્ષપાત પણ કરી શકે છે અને ભેટ, પ્રાર્થના અને સ્તુતિ દ્વારા એનો પક્ષપાત પણ પામી શકાય છે. આથી, માત્ર નૈતિક નિયમોને જ વળગી ના રહેતાં પૂજા, અર્ચના અને યાચનાનો વ્યવહાર પણ ચાલુ રહેલો છે.

આ હેતુઓની સાથે જ અંગત લાગણીઓના વિકાસરૂપે એક બીજો ઉમેરો થાય છે. તેમાં પહેલો છે અહોભાવ,- જે કાંઈ અતિ વિશાળ અને સમર્થ હોય, જેના કાર્યક્ષેત્રનાં મૂળ અને વિસ્તાર અકલિત હોવાને લીધે આપણી પ્રકૃતિ માટે જે અતાગ હોય એવી વસ્તુને માટે આપણી અંદર સ્વાભાવિક રીતે જ જાગી ઊઠતો અહોભાવ. અને બીજો હોય છે એવો આદર-ભાવ અને પૂજ્ય ભાવ કે જે, આપણા કરતાં જેની પ્રકૃતિ કે પૂર્ણતા ખૂબ ઉચ્ચ હોય તેને માટે આપણી અંદર જાગી ઊઠે છે. કારણકે, ભગવાનમાં માનવ-પ્રકૃતિના જ ગુણોનું આરોપણ હજી પણ ચાલુ હોવા છતાં, તેની સાથે સાથે, તેમાં ભળી જઈને અથવા તેમાં ઉમેરારૂપે, આપણી પ્રકૃતિના કરતાં તદ્દન જુદી જ જાતની એક સર્વજ્ઞતાનો, એક સર્વશક્તિમત્તાનો, એક ગહન પરિપૂર્ણતાનો, તેમાં વધારો થાય છે. આ બધા હેતુઓનું ગોટાળાભર્યું મિશ્રણ, તેનો વિવિધ વિકાસ, કે જે ઘણી વાર પરિવર્તન પામે છે. સૂક્ષ્મ બને છે અથવા જેની ઉપર ચળકાટ પણ ચડે છે, તેના વડે જ આપણા પ્રચલિત ધર્મોનો નેવુ ટકા ભાગ બનેલો હોય છે; બાકીના દશ ટકા ભાગમાં આ જ નેવુ ટકા ભાગ ભળી ગએલો હોય છે. પણ તેમાં ભગવાન વિશેના એવા તો ઉમદા, સુંદર અને ઊંડા વિચારો આછા આછા ઝમેલા હોય છે

કે જે મહાન, આધ્યાત્મિક, મેધાવી પુરુષો માણસજાતના ગામઠી, ધાર્મિક ખ્યાલોમાં ઉમેરી શકયા હોય છે. આના પરિણામે ઊપજતું ધર્મ-સ્વરૂપ સામાન્ય રીતે કઢંગું જ રહે છે, અને તેથી સંશયવાદ અને નાસ્તિકતાના પ્રહારોનું મઝાનું લક્ષ્ય બની જાય છે; સંશયવાદ અને નાસ્તિકતારૂપ માનવ-મનની આ બે શક્તિઓ ખુદ શ્રદ્ધા અને ધર્મને ખાતર પણ ઉપયોગી છે, કારણકે તેથી, પોતાના ખ્યાલોમાં જે કાંઈ કઢંગું અને ખોટું હોય તેને ધીમે ધીમે વિશુદ્ધ કરવાની ધર્મને ફરજ પડે છે. પણ પૂજાની ધાર્મિક સહજ-પ્રેરણાને વિશુદ્ધ અને ઉચ્ચ કરવા જતાં ધ્યાનમાં એ રાખવાનું છે કે આ પ્રાથમિક હેતુઓ પૈકીના કયા કયાને કેટલે અંશે જાળવવાનું જરૂરી છે અને તેમને ભક્તિયોગમાં (કે જેની શરૂઆત પણ પૂજાથી જ થાય છે) કેટલે અંશે સામેલ કરી શકાય છે. અને તેનો આધાર, તેઓ કેટલે અંશે પરમાત્માના કોઈક સત્ય, તથા માનવ-આત્મા સાથેના તેના સંબંધ સાથે મેળમાં છે, તેની ઉપર છે. કારણકે ભક્તિ દ્વારા આપણે જે પામવા મથીએ છીએ તે છે ભગવાન અને તેના સત્ય સાથેની (આપણી નિમ્ન પ્રકૃતિ, તથા તેના અહંતાપૂર્ણ આવેગો અને અજ્ઞાનભર્યા ખ્યાલોરૂપી મૃગજળશા મિથ્યાભાસો સાથેની નહિ) એકતા અને તેની સાથે સાચો સંબંધ.

સંશયવાદી નાસ્તિકતાનો, ધર્મ પર પ્રહાર કરવાનો મુદ્દો એ છે કે હકીકતમાં આ દુનિયા પર એવી કોઈ સચેતન શક્તિ કે સત્તા છે જ નહિ કે જે આપણા કરતાં વધારે મહાન અને ઉચ્ચ હોય, અથવા તો આપણા અસ્તિત્વ પર જે કોઈ જાતની અસર કરતી હોય કે તેનું નિયંત્રણ કરતી હોય. પણ તેમની આ વાતનો યોગ સ્વીકાર કરી શકે તેમ છે જ નહિ, કારણકે તેથી તો સર્વે આધ્યાત્મિક અનુભૂતિનો જ ઇન્કાર થઈ જાય અને યોગ પોતે જ અસંભવિત થઈ જાય. તત્ત્વચિંતન કે પ્રચલિત ધર્મોની માફક યોગ એ કોઈ સિદ્ધાંત કે મતાગ્રહની વસ્તુ નથી; એ તો અનુભવવાની વસ્તુ છે. અને એનો અનુભવ છે એક એવી વિશ્વવ્યાપી અને વિશ્વાતીત સચેતન સત્તાનો કે જેની સાથે તે આપણને એક કરી દે છે; અને એ અદૃશ્ય સત્તા સાથેની એકતાની આ સચેતન અનુભૂતિ (કે જેની ગમે ત્યારે પુનઃપ્રાપ્તિ અને ખાતરી કરી શકાય છે) એ આ ભૌતિક જગત અને તેના દૃશ્ય દેહો (કે જેમાં રહેલા અદૃશ્ય મન સાથે આપણે રોજ રોજ વ્યવહાર કરીએ છીએ) તેના સજાગ અનુભવના જેટલી જ પ્રમાણ-પુરઃસરની છે. યોગ સચેતન એકતા વડે આગળ વધે છે, સચેતન સત્તા એ તેનું સાધન છે; અને કોઈ સમૂળી અચેતનતા સાથે સચેતન એકતા તો સંભવે

જ નહિ. એ સાચું કે તે માનવીય સચેતનતાથી પર થઈ જાય છે અને સમાધિ-અવસ્થામાં તો ચેતના માત્રથી પર થઈ જાય છે; પણ એનો અર્થ આપણા સચેતન અસ્તિત્વનો નાશ નહિ પણ આપણી જાતનું અતિક્રમણ, તેની હાલની સપાટીનું અને સામાન્ય મર્યાદાઓનું ઉલ્લંઘન.

આટલે સુધી તો બધા જ યોગમાર્ગોનો અનુભવ એકસરખો છે; પણ ધર્મ અને ભક્તિયોગ આનાથી આગળ વધીને એમ કહે છે કે એ પરમ સતતા સાકાર પણ છે અને માનવ સાથે માનવીય સંબંધો પણ તે રાખી શકે છે. તે બંનેમાં, માનવ પોતાના અન્ય માનવબંધુઓની માફક ભગવાન સાથે પણ માનવતાના, માનવ-સહજ ભાવોના સંબંધ બાંધે છે, પણ એ ભાવો વધારે ઉત્કટ અને ઉચ્ચ હોય છે; એટલું જ નહિ પણ ભગવાન પણ આ ભાવોને અનુરૂપ ઉત્તર આપે છે. આખો પ્રશ્ન આ પ્રત્યુત્તરની સંભવિતતાનો જ છે; કારણકે જો ભગવાન નિરંજન અને નિરાકાર જ હોય, લક્ષણો અને સંબંધોથી પર હોય તો આવો પ્રત્યુત્તર સંભવે જ નહિ; અને તેથી તેની સાથે માણસ સંબંધ બાંધવા જાય તે અર્થહીન બની જાય; ઊલટાનું આપણે જેટલે અંશે માનવ-જાત (કે કોઈ પણ જાત) હોઈએ તેટલે અંશે આપણે માનવ મટી જવું જોઈએ, વ્યક્તિત્વહીન થઈ જવું જોઈએ, જાતને શૂન્ય કરી દેવી જોઈએ; ભગવાનને પામવાનો બીજો કોઈ માર્ગ કે બીજું કોઈ સાધન સંભવે જ નહિ. જે નિરાકારતા, વ્યક્તિત્વ-હીનતાને આપણી સાથે કે વિશ્વમાં શેનીય સાથે કાંઈ સંબંધ જ ના હોય, કે જેનામાં આપણું મન પકડી શકે એવું કાંઈ લક્ષણ જ ના હોય તેની બીક, પ્રેમ, પ્રાર્થના, સ્તુતિ, પૂજા એ બધું જ ચોખ્ખેચોખ્ખી બુદ્ધિહીન બેવકૂફી જ થઈ જાય. આ રીતે તો ધર્મ અને ભક્તિનો એકડો જ ઊડી જાય છે. પણ ખુદ અદ્વૈતવાદીઓને પણ પોતાના શુષ્ક અને વંધ્ય તત્ત્વજ્ઞાનમાં, ધાર્મિકતાનો પાયો રાખવા માટે ભગવાનનું અને દેવોનું વ્યવહારુ અસ્તિત્વ સ્વીકારવું પડ્યું છે અને માયાની વાતથી મનમાં ભ્રમ ઊભો કરવો પડ્યો છે. અને બૌદ્ધવાદે પણ જ્યારે બુદ્ધને પરમાત્માને સ્થાને સ્થાપી તેને આરાધ્ય દેવ બનાવ્યો ત્યારે જ તે એક પ્રચલિત ધર્મ બની શક્યો.

જો પરમાત્મા આપણી સાથે સંબંધ રાખી શકે તેમ હોય પણ માત્ર બિન-અંગત સંબંધો જ રાખી શકે તેમ હોય તો તેથી ય ધર્મમાંથી જીવંત માનવીય તત્ત્વો ઊડી જાય છે અને ભક્તિયોગ અસરકારક, કે ખુદ શક્ય પણ, નથી રહેતો. અલબત્ત, આપણે તેની સાથે માનવીય સંબંધો બાંધી તો શકવાના જ પણ તે આછા અને અસ્પષ્ટ રહેવાના; તેમને માનવ જેવા

પ્રત્યુત્તર મળવાની આશા ના રાખી શકાય. પરમાત્મા તેમને એક જ પ્રત્યુત્તર આપી શકે : તે આપણા ભાવોને શાંત પાડી દઈ શકે અને આપણી ઉપર પોતાની બિન-અંગત શાંતિ અને નિશ્ચલ સમતા પાથરી દઈ શકે; અને ભગવાનના શુદ્ધ નિરાકાર સ્વરૂપને પામતાં આપણને, ખરેખર, આ જ મળે છે. આપણે તેને ધર્મ તરીકે શિરોમાન્ય કરી શકીએ છીએ; તેના અચલ સ્વરૂપ માટેની અભીપ્સા સેવતા, તેના તરફ આપણા આત્માને ઊર્ધ્વમાં લઈ જઈ શકીએ છીએ, આપણી ભાવશીલ પ્રકૃતિમાંથી મુક્ત બનીને તેનામાં વિકાસ પામી શકીએ છીએ; તેથી આપણામાં રહેલ માનવતત્ત્વ સંતોષ પામ્યા વિના શાંત, સમતોલ અને અચલ થઈ જાય છે. પણ આ બાબતમાં ધર્મની માફક, ભક્તિયોગ પણ આવી બિન-અંગત અભીપ્સાના કરતાં વધારે નિકટની અને વધારે ઉમળકાભરી આરાધનાનો આગ્રહ રાખે છે. તેનો આશય આપણાં બિન-અંગત તત્ત્વોની સાથે માનવીય તત્ત્વોને પણ એક દિવ્ય સાર્થકતામાં લઈ જવાનો છે; તેનું ધ્યેય માણસમાંના ઊર્મિમય પુરુષને દિવ્ય સંતોષ આપવાનો છે; તે પ્રભુ પાસે માગણી કરે છે આપણા પ્રેમનો સ્વીકાર કરવાની અને તેનો તેવો જ પ્રત્યુત્તર આપવાની; તે એમ માને છે કે જેમ આપણે તેનાથી આનંદ પામીએ છીએ અને તેને ઝંખીએ છીએ તેમ તે પણ આપણાથી આનંદ પામે છે અને આપણને ઝંખે છે. અને તેની આ માગણીને બુદ્ધિહીન કહીને કાઢી નાખી શકાય તેમ પણ નથી, કારણકે જો પરમ તેમ જ વિશ્વવ્યાપી સતતાને આપણાથી આનંદ ના જ થતો હોત તો આપણે અસ્તિત્વમાં કેમ આવ્યા અને કેમ રહીએ છીએ તે જલદી સમજાય તેવું નથી; અને જો તે આપણને પોતાના તરફ આકર્ષતો ના હોય —એટલે કે આપણે માટે દિવ્ય ઝંખના કરતો ના હોય — તો આપણા આ સામાન્ય અસ્તિત્વના ચકરાવામાંથી બહાર નીકળી આપણે શા માટે તેને શોધવા જવું જોઈએ તેને માટે કોઈ કુદરતી કારણ જણાતું નથી.

એટલે, જો ભક્તિયોગની જરા પણ શક્યતા આપણે સ્વીકારવી હોય તો સહુથી પહેલાં તો આપણે એ સ્વીકારી લેવું પડશે કે એ પરમ અસ્તિત્વ એ કોઈ અમૂર્તતા કે અસ્તિત્વની કોઈ અવસ્થા નહિ પણ એક સચેતન સતતા, સચેતન પુરુષ છે. બીજું એ કે તે આપણને આ વિશ્વમાં આવીને મળે છે; અને કોઈ પણ રીતે તે આ વિશ્વમાં વસેલો છે અને તેનું મૂળ કારણ પણ એ જ છે,– નહિ તો તેને મળવા માટે આપણે આ વિશ્વજીવનને છોડી જવું પડત. ત્રીજું એ કે તે આપણી સાથે અંગત સંબંધ રાખી શકે તેમ છે, અને તેથી તેને માટે વ્યક્તિ-સ્વરૂપ અશક્ય ના જ હોઈ શકે.

છેલ્લું એ કે આપણે જ્યારે આપણા માનવીય ભાવો વડે તેની પાસે જઈએ છીએ ત્યારે આપણને તે તેવો જ પ્રત્યુત્તર આપે છે. પણ આનો અર્થ એ નહિ કે ભગવાનની પ્રકૃતિ બરાબર આપણી માનવપ્રકૃતિના જેવી જ (જોકે તેના કરતાં ઘણી મોટી અને આપણી પ્રકૃતિની અમુક વિકૃતિઓ વિનાની) છે, અને ભગવાન એ એક અતિ વિશાળ માણસ કે આદર્શ માનવી છે. આપણે આપણી સામાન્ય ચેતનામાં, ત્રિ–ગુણથી મર્યાદિત થએલ એક અહમ્‌માત્ર છીએ; ભગવાન તેવો નથી, અને હોઈ પણ ના શકે; ઊલટાનું આપણી માનવચેતના ખાતરીબંધ ભગવાનમાંથી જ શરૂ થએલી અને તેનામાંથી જ નીસરી આવેલી હોવી જોઈએ. એ ભાગવત ચેતના આપણી અંદર જે આકાર ધારણ કરે છે તે આકારો તેની મૂળ ચેતનાના કરતાં જુદા જ હોઈ શકે, અને હોવા જ જોઈએ (કારણકે આપણે અહંતાથી મર્યાદિત બનેલા છીએ તથા, તેની માફક વિશ્વમય નથી, આપણી પ્રકૃતિથી ચડિયાતા નથી, કે આપણા ત્રિ–ગુણથી અને તેની ગતિઓથી પર નથી); છતાં પણ આપણા માનવીય ભાવો અને આવેગોની પાછળ તેનું પરમ સત્ય હોવું જ જોઈએ કે જેનાં તે બધાં મર્યાદિત, અને તેથી જ, ઘણી વાર વિકૃત અને ખુદ અધોગામી સ્વરૂપો છે. આપણે જ્યારે આપણી ભાવપ્રધાન જાત વડે પ્રભુ પ્રત્યે વળીએ છીએ ત્યારે આપણે એ પરમ સત્ય પ્રત્યે વળીએ છીએ; ત્યારે એ સત્ય આપણા ભાવોને ભેટવા અને તેમને પોતામાં ઊંચે ઉઠાવી જવા નીચે ઊતરી આવે છે; તેની દ્વારા આપણી ભાવપ્રધાન જાત ભગવાન સાથે એક બને છે.

અને બીજી વાત એ કે આ પરમપુરુષ એ વિશ્વમય પુરુષ પણ છે અને વિશ્વ સાથેના આપણા સર્વ સંબંધો એ એવાં સાધનો છે કે જેના વડે આપણને તેની સાથેના સંબંધ માટે તૈયાર કરવામાં આવે છે. વિશ્વ–અસ્તિત્વનાં આપણી ઉપર થતાં કાર્યો પ્રત્યે આપણે જે કાંઈ ભાવ દેખાડીએ છીએ તે બધા ખરેખર તો તેના પ્રત્યે જ વળતા હોય છે. શરૂઆતમાં તે આપણે જાણીએ નહિ તેમ વળતા હોય છે, પણ પછીથી તેમને વધારે ને વધારે જાણીબૂઝીને તેની તરફ વાળવાથી આપણે તેની સાથે વધારે નિકટના સંબંધમાં આવતા જઈએ છીએ અને તેની સાથેની એકતામાં આપણે જેમ જેમ વધારે ખેંચાતા જઈએ છીએ તેમ તેમ તેમનામાં જે કાંઈ ખોટું અને અજ્ઞાનભર્યું હોય છે તે બધું ખરી પડતું જાય છે. આપણા વિકાસની કક્ષાને ધ્યાનમાં રાખી તે દરેકનો તે પ્રત્યુત્તર વાળે છે; કારણકે આપણી તૈયારી કાચી હોય તેથી જો આપણને કાંઈ જ પ્રત્યુત્તર કે સહાય ના મળે તો વધારે સાચા સંબંધો કદી પણ સ્થપાય જ નહિ માનવ જે રીતે તેની તરફ વળે

છે તે રીતે તે તેનો સ્વીકાર કરે છે અને તેની ભક્તિનો દિવ્ય પ્રેમ વડે પ્રત્યુત્તર આપે છે.[૧] તેને ભજનારા જે જાતના હોય અને જે જાતના ગુણની ભેટ ધરતા હોય તે જાત અને તે ગુણોની દ્વારા તે તેમને વિકાસ સાધવામાં સહાય કરે છે, તેમને આગળ વધવા પ્રેરે છે કે દોરે છે અને તેમણે લીધેલા સીધા, કે વાંકાચૂકા રસ્તે પણ તેમને પોતાની તરફ ખેંચે છે. તેઓ તેનું જે સ્વરૂપ જુએ છે તે હોય છે તો સાચું જ પણ તેમની પોતાની જાત અને ચેતના અનુસાર આંશિક કે વિકૃત થએલું હોય છે, – તેનું પોતાનું ઊર્ધ્વ, વાસ્તવિક સ્વરૂપ નથી હોતું, આપણે જ્યારે તેની પૂર્ણ દિવ્યતા પિછાનીએ ત્યારે તે જેવું સ્વરૂપ ધારણ કરે તેવું તે નથી હોતું. ધર્મમાં જણાતાં કાચાં, નીચાં, કે ગામડી તત્ત્વોની ઉચિતતા આને લીધે જ છે; અને આને જ લીધે તેઓ ક્ષણિક અને કામચલાઉ તરીકે નકામાં થઈ જાય છે. તેમની ઉચિતતા એટલા માટે છે કે તેમની પાછળ પણ ભગવાનનું સત્ય હોય છે અને માનવ–ચેતનાના વિકાસની તે કક્ષાએ તે સત્યને તે રીતે જ પહોંચીને આગળ વધવામાં સહાય કરી શકાય છે; અને તેઓ નકામાં એટલા માટે થઈ જાય છે કે ભગવાનના આવા કાચા ખ્યાલ અને સંબંધમાં જ કાયમ પડ્યા રહેવાથી તો આવી કાચી શરૂઆત એ જેનું પહેલું (જોકે ઠોકર ખવડાવતું) પગથિયું છે તે ગાઢ મિલનનો માર્ગ ચૂકી જ જવાય.

આપણે એમ કહ્યું છે કે સમસ્ત જીવન પ્રકૃતિનો યોગ છે; આ ભૌતિક દુનિયામાં જીવન એટલે પોતાની આદિ અચેતનતામાંથી બહાર નીકળી, જે સચેતન ભગવાનમાંથી પ્રકૃતિએ પોતાની શરૂઆત કરી તેને જ પહોંચવાનો તેનો પ્રયત્ન. માનવીનું મન કે જે પ્રકૃતિનું આજે સુસ્થાપિત સાધન છે તે, ધર્મના માર્ગે જતાં પોતાનામાં રહેલાં તેનાં ધ્યેય વિશે જાગ્રત થાય છે અને તેની અભીપ્સાને અનુકૂળ થાય છે. ખુદ પ્રચલિત ધર્મ એ પણ એક જાતનો, અજ્ઞાનભર્યો ભક્તિયોગ છે. પણ જ્યાં સુધી તેનો હેતુ પૂરતો સ્પષ્ટ ના હોય, જ્યાં સુધી એકતા એ જ ધ્યેય છે, અને પ્રેમ એ એકતાનો સિદ્ધાંત છે એ એ જાણે નહિ, અને તેથી જ્યાં સુધી એ પ્રેમને સાક્ષાત કરવાનો તથા પોતાની દ્વૈતભાવી ખાસિયતને પ્રેમમાં ડુબાડી દેવાનો પ્રયત્ન ના કરે ત્યાં સુધી તેને સાચા અર્થમાં યોગ કહેવાય નહિ. આ વસ્તુઓ જ્યારે બરાબર પાકી થાય ત્યારે જ યોગે સાચું, મક્કમ પગલું ભર્યું કહેવાય અને ત્યારે જ સિદ્ધિ નિશ્ચિત થઈ ચૂકી ગણાય. આમ, ભક્તિ પાછળના હેતુઓએ

---

૧. ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम् । –ગીતા

– અનુવાદક

પ્રથમ તો, એકાગ્ર ભાવે અને પૂરતી સબળતાથી પ્રભુ પ્રત્યે વળવું જોઈએ અને પછી એવી કાયાપલટ કરવી જોઈએ કે જેથી તે પોતાનાં વધુ પડતાં પાર્થિવ તત્ત્વોમાંથી શુદ્ધ બને અને છેવટે, શુદ્ધ અને સંપૂર્ણ પ્રેમમાં નિશ્ચલ બને. જે હેતુઓ પ્રેમની પૂર્ણ એકતાની સાથે મેળમાં ના હોય તે છેવટે છૂટી જવા જોઈએ અને માત્ર તે જ હેતુઓ કે જે દિવ્ય પ્રેમના આવિર્ભાવનાં અંગ અને દિવ્ય પ્રેમના ઉપભોગનાં કરણ બની શકે તેમ હોય તે જ ટકવા જોઈએ. કારણકે આપણી અંદર પ્રેમ એ જ એકમાત્ર એવું તત્ત્વ છે કે જે સંપૂર્ણપણે નિર્બીજ અને સ્વયંભૂ બની શકે છે; પ્રેમને પ્રેમ સિવાય બીજા કોઈ હેતુની જરૂર રહેતી નથી. કારણકે આપણા સર્વે ભાવોનું મૂળ હોય છે : કાં તો આનંદની ખોજ અને આનંદની પ્રાપ્તિ, અથવા તો એ ખોજમાં થતી અટકાયત, અથવા તો આપણને મળેલા કે મળવા ધારેલા આનંદની નિષ્ફળતા; પણ પ્રેમ એ જ એવો ભાવ છે કે જેના વડે ભગવાનના સ્વયંભૂ આનંદની પ્રાપ્તિમાં આપણે સીધેસીધો પ્રવેશ પામી શકીએ છીએ. ખરેખર તો દિવ્ય પ્રેમ પોતે જ એ પ્રાપ્તિ છે, જાણે કે એ એ આનંદનો દેહ છે.

તો, ભક્તિયોગની શરૂઆત કેવી રીતે કરવી તથા તે માર્ગે કેવી રીતે આગળ વધવું તે આ સત્યો પરથી નક્કી થાય છે. બીજા એવા કેટલાક પ્રશ્નો ઊભા થાય છે ખરા કે જે આપણી બુદ્ધિને મૂંઝવે; તેને પણ આપણે ઉકેલવા પડશે ખરા પણ તે બધા તાત્ત્વિક નથી. ભક્તિયોગ એ હૃદયની વાત છે, બુદ્ધિની નહિ. કારણકે આ યોગમાં જે જ્ઞાન આવી મળે છે તેની શરૂઆત પણ હૃદયમાંથી જ થાય છે, બુદ્ધિમાંથી નહિ. એટલે હૃદયમાંથી ઊઠતી ભક્તિની પાછળના હેતુઓ અને તે હેતુઓનું પ્રેમના સર્વોચ્ચ અને સ્વયંભૂ એવા એકમાત્ર હેતુમાં આખરી સ્થાન તથા કોઈક રીતે તેમાં તેમની વિલીનતા, એ જ એકમાત્ર એવું સત્ય છે કે જેની સાથે આપણને મૂળભુત અને તાત્ત્વિક નિસ્બત છે. ભગવાનનું એવું કોઈ આદિ, આધિભૌતિક સ્વરૂપ કે સ્વરૂપવાળી શક્તિ છે ખરી કે જેમાંથી બીજાં સર્વે સ્વરૂપો ઉદ્‌ભવતાં હોય ? કે પછી તે તો સદાય નિરાકાર જ છે ?—આવા મુશ્કેલ પ્રશ્નોને પણ સ્થાન છે જ. હાલ પૂરતું તો એટલું જ કહેવું બસ છે કે ભક્તો ભગવાનને જે જે કાંઈ સ્વરૂપો આરોપે છે તેનો તે સ્વીકાર કરે જ છે અને તે સ્વરૂપોથી તે તેમને પ્રેમપૂર્વક મળે છે. જોકે ભક્તનો આત્મા પરમાત્મામાં લીન થઈ જાય એ ભક્તિયોગની સિદ્ધિ માટે અગત્યનું તો છે જ પણ કેટલાક ધર્મો અને ધાર્મિક તત્ત્વજ્ઞાનો ભક્તોને એવા ખ્યાલમાં જ બાંધી રાખવા માગે છે કે માનવ-આત્મા અને પરમાત્મા વચ્ચે એક સનાતન દ્વૈત છે; તેઓ કહે છે

કે તે સિવાય પ્રેમ અને ભક્તિ સંભવે જ નહિ. ત્યારે, એકમાત્ર ભગવાનનું જ અસ્તિત્વ છે એમ માનનાર તત્ત્વજ્ઞાન પ્રેમ અને ભક્તિને અજ્ઞાનમય ક્રિયા જ ગણી કાઢે છે; જ્યાં સુધી અજ્ઞાન–અવસ્થામાં હોઈએ ત્યાં સુધી કદાચ તે જરૂરી કે, બહુ બહુ તો, તૈયારી કરવા માટે ઉપયોગી હશે પણ દ્વૈતભાવનો સંપૂર્ણ લય થતાં તે ટકી શકે જ નહિ, અને તેથી છેવટે તો તેને ઓળંગી જવાની અને ફેંકી દેવાની છે એમ તેઓ કહે છે. તે છતાં આ અદ્વૈતવાદના સત્યને આપણે એ અર્થમાં જ સ્વીકારી શકીએ કે સમગ્ર પ્રકૃતિના કરતાં પણ ભગવાન વિશેષ છે; છતાં પ્રકૃતિમાં જે કાંઈ છે તે સર્વે પણ ભગવાન જ છે; અને તેથી પ્રેમ એ એક એવી ક્રિયા છે કે જેના વડે પ્રકૃતિમાં અને માનવમાં રહેલ ભગવાન, વિશ્વવ્યાપી અને પરાત્પર ભગવાનને પામે છે અને તેના આનંદને માણે છે. તે ગમે તેમ હોય પણ પ્રેમનો પોતાનો સહજધર્મ એવો છે કે તે બેવડી કૃતાર્થતા પામે છે : એક તો, પ્રિયતમ અને પ્રિયતમા બે રહી એકતાનો ઉપભોગ કરે તથા વિવિધ રીતે થતી એકતાના આનંદમાં જેના જેનાથી વધારો થાય તે સર્વેને પણ માણે; અને બીજું, તેઓ બંને પોતપોતાને પરસ્પરમાં ભેળવી દે અને એકરૂપ બની રહે. ભક્તિયોગની શરૂઆતમાં આટલું સત્ય પૂરતું છે, કારણકે એ જ છે પ્રેમનો સહજધર્મ; અને પ્રેમ એ જ ભક્તિયોગનો મૂળભૂત હેતુ હોવાથી : જેવો પ્રેમ તેવી જ ભક્તિયોગની પરાકાષ્ઠા અને કૃતાર્થતા.

પ્રકરણ : ૩

# ભગવાન પ્રત્યેના ભાવ

યોગનો મુખ્ય સિદ્ધાંત એ છે કે માનવ–ચેતનાની બધી જ અથવા તો કોઈ એક શક્તિને પ્રભુ પ્રત્યે વાળવી, કે જેથી કરીને આપણી એ પ્રવૃત્તિને પરિણામે પ્રભુનો સંપર્ક, સંબંધ અને એકતા પ્રાપ્ત થાય. ભક્તિયોગમાં જેને સાધન બનાવવામાં આવે છે તે છે ઊર્મિ–પ્રધાન, ભાવમય પ્રકૃતિ. તેનો મુખ્ય સિદ્ધાંત છે મનુષ્ય અને ભગવાન વચ્ચેના કોઈ એક માનવીય સંબંધને સ્વીકારવાનો, કે જેથી હૃદયની ઊર્મિઓના ભગવાન તરફ વધારે ને વધારે ઉત્કટ થતા જતા વહેણને લીધે, છેવટે, માનવ–આત્મા દિવ્ય પ્રેમના આવેગ વડે તેને વરે અને તેની સાથે એક બની રહે. યોગ કરવા પાછળ ભક્તની આખરી ઝંખના નથી હોતી એકતાની શુદ્ધ શાંતિ, કે એકતાની શક્તિ અને કોઈ કામના–હીન સંકલ્પ; એ તો ઝંખે છે એકતાની આનંદ–મસ્તી. જે કોઈ ભાવ વડે હૃદયને આ રસમસ્તી માટે તૈયાર કરી શકાય તેને યોગ આવકારે છે; તો પ્રેમના ઐક્યની ગાંઠ જેમ જેમ ગાઢ અને પરિપૂર્ણ થતી જાય તેમ તેમ, તેમાંથી આડ–રસ્તે દોરી જતું સર્વ કાંઈ છોડવાનું જ હોય છે.

ધર્મ જે કોઈ ભાવ વડે ભગવાનની પૂજા, સેવા અને પ્રેમને પંથે વળે છે તે સર્વેને યોગ અપનાવે છે,– આખરી સાધન તરીકે નહિ તોપણ ભાવમય પ્રકૃતિને ઘડનાર પ્રાથમિક ક્રિયા તરીકે તો ખરી જ. તે છતાં એક ભાવ એવો છે કે જેને યોગ (બીજો કોઈ નહિ તો છેવટે ભારતીય યોગ તો ખરો જ) લગભગ દૂર રાખે છે. કેટલાક ધર્મોમાં – કદાચ મોટા ભાગના ધર્મોમાં–ભગવાનનો ભય ઘણો મોટો ભાગ – કેટલીક વાર તો મોટામાં મોટો ભાગ–ભજવે છે; ભગવાનથી ડરીને ચાલનાર માણસને આવા ધર્મોનો નમૂના-રૂપ પૂજક ગણી શકાય. અલબત્ત, અમુક જાતની ભક્તિમાં, અને અમુક હદ સુધી, ભયની લાગણી પૂરેપૂરી બંધબેસતી હોય છે; તે લાગણી ઊંચે ચડતાં ચડતાં છેવટે દૈવી સત્તાની, દૈવી ન્યાયની, દૈવી ધર્મની, દૈવી સદાચારની પૂજા બની રહે છે, સર્વ શક્તિમાન સર્જક અને સત્તાધીશનું નૈતિક આજ્ઞા-

પાલન તથા અહોભાવયુક્ત આદરભાવ બની રહે છે. એટલે, એનો હેતુ નીતિપ્રધાન ધર્મભાવનાવાળો હોય છે અને આવો હેતુ કોઈ ભક્તનો નહિ, પણ પોતાનાં કર્મોના કોઈ દૈવી નિર્માતા અને ન્યાયાધીશ માટેના ભક્તિ-ભાવથી પ્રેરાએલા કોઈ કર્મપ્રિય માણસનો હોય છે. એવો ભાવ ભગવાનને કોઈ રાજાધિરાજ ગણે છે; અને જ્યાં સુધી, સદાચારનાં બળે યોગ્યતા ના મળે, અથવા એવો કોઈ અધિકારી પુરુષ (કે જે તેનાથી થઈ જતાં પાપ પ્રત્યેનો પ્રભુનો મહાકોપ નિવારી શકે તેમ હોય) તેને દોરી ના જાય ત્યાં સુધી તે પ્રભુના સિંહાસનની બહુ પાસે નથી જઈ ચડતો. તેને જ્યારે બહુ પાસે જવું પડે ત્યારે પણ તે પોતાની અને પોતાના અતિ પૂજ્ય પ્રભુની વચ્ચે અદબભર્યું અંતર રાખે છે. ભય વિનાનો જે વિશ્વાસ બાળક પોતાની મા પ્રત્યે કે પ્રણયી પોતાની પ્રિયતમા પ્રત્યે રાખે છે, અથવા જે, પૂર્ણ પ્રેમની ગાઢ ઐક્ય-ભાવનામાંથી જાગે છે, તે નિર્ભય વિશ્વાસથી તે ભગવાનને ભેટી શકતો નથી.

ભગવાનના આ ડરનાં પ્રાથમિક દશાનાં મૂળ આદિકાળના કેટલાક પ્રચલિત ધર્મોમાં જોવા મળે છે. એનાં મૂળમાં એવો ખ્યાલ રહેલો છે કે આ દુનિયામાં માનવના કરતાં વિશાળ, છતાં સ્વભાવમાં અને કાર્ય કરવામાં આંધળી, એવી શક્તિઓ છે કે જે સમૃદ્ધિમાં રાચતા માણસને રોળી નાખવા અને જો તે તેમને નાપસંદ હોય તેવું કાંઈ કરે તો તેને ખલાસ કરી નાખવા હમેશાં તૈયાર જ હોય છે. દેવોની બીક રાખવા પાછળ ભગવાન વિશેનું અને વિશ્વનું સંચાલન કરતા નિયમો વિશેનું, માણસનું અજ્ઞાન રહેલું છે. માણસે ઊર્ધ્વ શક્તિઓમાં તરંગીપણાનું અને માનવ-સહજ વૃત્તિઓનું આરોપણ કર્યું; તેણે દુનિયાના મોટા માણસોના રંગઢંગ ખ્યાલમાં રાખી દેવોમાં પણ એવા જ ગુણ બંધ બેસાડ્યા; ધૂન, બળજબરી, અંગત વેરઝેર અને, જો માણસ ભૌતિક પ્રકૃતિની ક્ષુદ્રતામાંથી ઊંચે ચડીને દિવ્ય પ્રકૃતિની પાસે પહોંચવા જેટલી મહાનતા પ્રાપ્ત કરે તો તેની અદેખાઈ કરવા જેવી વૃત્તિઓ પણ તેણે તેમનામાં આરોપી. આવા બધા ખ્યાલોને લીધે તેનામાં સાચી ભક્તિ ઊગી ના શકી; જે ઊગી તે હતી બહુ જ શંકાસ્પદ જાતની, જેવી કે : નબળા માણસો જ્યારે એવા બળવાન માણસોને જુએ કે જેમની સેવા-ચાકરી કરીને, જેમને ભેટ-સોગાદો આપીને, યાચના કરીને, તેમના કાયદા-ઓને (કે જે તેમણે તેમના હાથ નીચેના માણસો માટે ઘડ્યા હોય અને ઇનામ કે દંડ દઈને પરાણે પળાવી શકે તેમ હોય તેવા કાયદાઓને) શિરો-માન્ય કરીને, પોતે તેમનું સંરક્ષણ ખરીદી શકે તેમ હોય તેવી જાતની;

અથવા તો ખુશામત કરનારા અને પગે પડનારા આદર-ભાવ અને પૂજ્ય ભાવની જાતની કે જે, દુનિયાથી પરની તથા તેનાં મૂળરૂપ (વધારે નહિ તો, દુનિયાના નિયમો અને બનાવોનું નિયંત્રણ કરનારી) એવી કોઈક મહાન, ભવ્ય, શાણી અને સત્તાશીલ શક્તિને જોવાથી જાગી ઊઠે તેવી જાતની.

જ્યાંથી ભક્તિમાર્ગની હજી તો શરૂઆત જ થાય છે તેની વધારે પાસે પહોંચવું હોય તો આ દિવ્ય શક્તિના ખ્યાલને આવી બધી પ્રાકૃતતા-માંથી મુક્ત કરવો જોઈએ અને એવો ખ્યાલ સ્થિર કરવો જોઈએ કે તે આ પૃથ્વીની એક એવી શાસક અને સર્જક તથા તેના નિયમોની ધારક શક્તિ છે કે જે પૃથ્વી અને સ્વર્ગનું સંચાલન કરે છે તથા પોતાનાં સર્જેલાં પ્રાણીઓની ગુરુ, સહાયક અને તારક છે. દિવ્ય સત્તાના આ વધારે વિશાળ અને ઉચ્ચ ખ્યાલમાં જૂની પ્રાકૃતતાનાં ઘણાં તત્ત્વો ઘણા વખત સુધી ચાલુ રહ્યાં હતાં અને કેટલાંક તો હજી પણ પ્રચલિત છે. આ ખ્યાલને ખૂબ આગળ પડતો કરનાર યહૂદી લોકો હતા અને તેમની દ્વારા જ દુનિયાના મોટા ભાગમાં તે પ્રચાર પામ્યો; જે સંકુચિત, સ્વેચ્છાચારી, ક્રોધી, અદેખો, ઘણી વખત ક્રૂર અને ખુદ લાગણી-શૂન્ય જલ્લાદ પણ હોય એવા એક ન્યાય-પરાયણ ભગવાનમાં તેઓ માની શકતા હતા. હજી આજે પણ કેટલાક લોકો એક એવા સર્જનહારમાં માની શકે છે કે જેણે સ્વર્ગ અને નર્ક, (પોતાનાં સર્જનના બે છેડારૂપ સનાતન સ્વર્ગ અને સનાતન નર્ક) સર્જ્યાં છે,– અને કેટલાક ધર્મના મત પ્રમાણે તો તેણે પોતાના જ સર્જેલા આત્માઓને પહેલેથી, માત્ર પાપ અને શિક્ષા માટે જ નહિ પણ કાયમી નર્કવાસ માટે પણ નિર્માણ કરેલા છે. પણ અતિશયતાવાળી આવી બાલિશ ધાર્મિક માન્યતાઓને જવા દઈએ તોપણ ભગવાનને આવો એક સર્વ-શક્તિમાન ન્યાયાધીશ, સત્તાધીશ અને શાસક ગણતો ખ્યાલ પોતે પણ પ્રાકૃત અને અપૂર્ણ છે, કારણકે તે એક નીચલી કક્ષાના અને બાહ્ય સત્યને મૂળ સત્ય માની લે છે અને વધારે સાચા સત્ય પ્રત્યેના ઊર્ધ્વ માર્ગમાં અંતરાયરૂપ બનવા લાગે છે. તે પાપના ભાનની અગત્યને અતિશય વધારી મૂકે છે અને તેથી આત્મામાં બીક, અશ્રદ્ધા, અને અશક્તિને દીર્ઘાયુ અને વધારે મોટાં બનાવી મૂકે છે; તે સદ્‌ગુણના સેવનને તથા પાપના ત્યાગને, જીવન દરમિયાન નહિ તો તે પછી, આપણને મળતી ભેટ કે સજા સાથે જોડી આપે છે તથા તેમને નીતિમત્તાના અનુસરણની ઉચ્ચ ભાવનાને આધીન રાખવાને બદલે બીક અને સ્વાર્થ જેવા હલકા હેતુઓને આધીન બનાવી દે છે. ધાર્મિક જીવન પાછળનાં આત્માનાં લક્ષ્ય તરીકે તે ભગવાનને

પોતાને નહિ પણ સ્વર્ગ અને નર્કને રજૂ કરી દે છે. આવી પ્રાકૃતતાઓએ પણ માનવના મનને ઘડવામાં પોતાનો ફાળો આપ્યો છે, પણ યોગીઓ માટે તે કામની નથી કારણકે તેઓ જાણે છે કે તેમાં જે કાંઈ સત્ય છે તે વિકસ્યે જતો આત્મા અને વિશ્વનો સનાતન ધર્મ એ એની વચ્ચેનો માત્ર બાહ્ય સંબંધ દેખાડે છે,– માનવ-આત્મા અને ભગવાન વચ્ચેના આંતરિક સંબંધનું કેન્દ્રવર્તી સત્ય તેમાં નથી.

છતાં પણ આવા ખ્યાલમાંથી કેટલીક એવી બાબતો વિકાસ પામે છે કે જે આપણને ભક્તિયોગનાં પ્રવેશદ્વારની વધારે પાસે લઈ જાય છે. આમાંથી સહુથી પહેલાં એવો ખ્યાલ ઊગી આવી શકે છે કે ભગવાન એ આપણી નીતિમત્તાનું મૂળ, તેનો ધર્મ તથા તેનું લક્ષ્ય છે; અને આમાંથી એમ જાણવા મળી શકે કે તે એવું સર્વોચ્ચ પુરુષ-સ્વરૂપ છે કે જેની આપણી સક્રિય પ્રકૃતિ અભીપ્સા કરી રહી છે; તે એવો પરમ સંકલ્પ છે કે જેમાં આપણે આપણી સંકલ્પશક્તિને ભેળવી દેવાની છે, તે એવો સનાતન અને પરમ ધર્મ અને પવિત્રતા અને સત્ય અને જ્ઞાન છે કે જેની સાથે આપણી પ્રકૃતિએ વધારે ને વધારે સુમેળ સાધવાનો છે તથા જેની સત્તા આપણી સત્તાને આકર્ષી રહી છે. આ રીતે આપણે કર્મયોગમાં પ્રવેશ કરીએ છીએ; અને આ કર્મયોગમાં ભગવાનને માટેની અંગત ભક્તિને સ્થાન છે, કારણકે દિવ્ય સંકલ્પ આપણાં કર્મોના એવા સ્વામી તરીકે દેખા દે છે કે જેનો સાદ આપણે સાંભળવો જ પડે છે, જેના દિવ્ય આવેગને આપણે આધીન થવું જ પડે છે, અને જેનું કાર્ય કરવું એ જ આપણા સક્રિય જીવન અને સંકલ્પનો એકમાત્ર વ્યવસાય છે. જે બીજી બાબત ઊગી આવે છે એ છે ભગવાનનો પરમ આત્મતત્ત્વ તરીકેનો, જગત-પિતા પ્રભુ તરીકેનો ખ્યાલ કે જે મંગલમય સંરક્ષણ અને પ્રેમરૂપી પોતાની બે પાંખો પોતાનાં સર્જેલાં સર્વે પ્રાણીઓ ઉપર પ્રસારે છે; અને આમાંથી, આત્મા અને પરમાત્મા વચ્ચે બાળક અને પિતાનો સંબંધ, પ્રેમસંબંધ વિકાસ પામે છે તથા તેના પરિણામે આપણા માનવબંધુ પ્રત્યે ભ્રાતૃભાવ જન્મે છે. ભગવાન કે જેની પ્રકૃતિના શાંત અને શુદ્ધ પ્રકાશમાં આપણે વિકાસ પામવાનો છે, સ્વામી કે જેની સમીપ કર્મો અને સેવા દ્વારા આપણે જઈ રહ્યા છીએ, જગત-પિતા કે જે પોતાને પંથે પળતા બાલાત્માના પ્રેમને પ્રત્યુત્તર આપે છે: તેની સાથેના આ સંબંધો એ ભક્તિયોગે સ્વીકારેલાં તત્ત્વો છે.

આવી વિકાસ-કક્ષામાં, અને તેમના ઊંડા આધ્યાત્મિક અર્થમાં, આપણે ઠીક ઠીક આગળ વધીએ એ જ વખતથી ભગવાનનો ડર નક્કામો,

નિરર્થક અને ખુદ અસંભવિત થઈ પડે છે. આવા ડરની અગત્ય ખાસ કરીને તો નીતિના પ્રદેશમાં જ રહે છે કે જ્યારે આત્મા હજી એટલો વિકાસ ના પામ્યો હોય કે જ્યારે તે શુભ કર્મોની પોતાની જ અગત્ય સમજીને તેમને અનુસરી શકે અને તેને પોતાની ઉપર કોઈ એવી સત્તાની જરૂરિયાત જણાતી હોય કે જેના કોપ અથવા કડક, નિષ્પક્ષ ચુકાદાનો તેને ડર રહેતો હોય, તથા તે ડરને લીધે જ તે સદાચારને વળગી રહી શકે તેમ હોય. આપણે જ્યારે આધ્યાત્મિકતામાં આવી જઈએ છીએ ત્યારે આવા હેતુનું સ્થાન ચાલ્યું જાય છે (સિવાય કે મનમાં કોઈક ગૂંચ રહી ગઈ હોય, જૂની માનસિકતા હજી હઠતી ના હોય). વળી યોગમાં રહેલું નૈતિક લક્ષ્ય સદાચારના બાહ્ય ખ્યાલના કરતાં જુદી જ જાતનું છે. સામાન્ય રીતે નીતિશાસ્ત્રને સદાચાર માટેની એક જાતની યંત્રવત્-ગતિ ગણવામાં આવે છે, તેમાં કર્મ એ જ એકમાત્ર અગત્યની વસ્તુ હોય છે અને યોગ્ય કર્મ કેવી રીતે કરવું એ જ એકમાત્ર પ્રશ્ન અને ચિંતાનો વિષય હોય છે. પણ યોગીને માટે કર્મની અગત્ય એને પોતાને ખાતર એટલી બધી નથી હોતી, પણ તેનાથી આત્મા પ્રભુ પ્રત્યે કેટલો વિકાસ પામી શકે છે તેની ઉપર હોય છે. એટલે જ ભારતના આધ્યાત્મિક ગ્રંથોમાં કરવાનું કામ કઈ જાતનું છે તેની ઉપર નહિ પણ તે જેના વડે થઈ આવતું હોય તે આત્માની કક્ષા ઉપર, તે આત્માની સત્યતા, તેની નીડરતા, શુદ્ધિ, પ્રેમ, કરુણા, શુભેચ્છા, અશુભ કરવાની અનિચ્છા વગેરેની ઉપર જ ખરો ભાર મૂકવામાં આવ્યો છે, અને કર્મને તો તેમના પરિણામરૂપે અગત્યનાં ગણવામાં આવે છે. જૂનો પાશ્ચાત્ય ખ્યાલ કે માનવપ્રકૃતિ પોતે તો મૂળથી જ ખરાબ છે અને આપણી પ્રકૃતિ પતિત હોવા છતાં સદાચાર – કે જે એ પતિત પ્રકૃતિથી ઊલટી જ વસ્તુ છે – તેનું અનુશીલન આપણે કરતા રહેવાનું છે એવો ખ્યાલ ભારતીય મનોવૃત્તિને તદ્દન પરાયો લાગે છે કારણકે તે પ્રાચીન કાળથી યોગીઓના ખ્યાલ વડે ઘડાએલી છે. આપણી પ્રકૃતિમાં કામનાભર્યો રજોગુણ તથા અધોમુખી તમોગુણ છે તો તેની સાથે સાથે સાત્ત્વિકતાનું શુદ્ધતર તત્ત્વ પણ છે જ; અને પ્રકૃતિના આ ઉત્તમાંગને પ્રોત્સાહન આપવું એ જ નૈતિકતાનું કર્તવ્ય છે. તેમ કરવાથી આપણામાં રહેલી દૈવી પ્રકૃતિને આપણે વિકસાવીએ છીએ અને આસુરી અને રાક્ષસી તત્ત્વોથી મુક્ત બનીએ છીએ. એટલે આ ખ્યાલ પ્રમાણે નૈતિક વિકાસનું લક્ષ્ય પેલો, યહુદી ખ્યાલવાળો, ભગવાનથી ડરી ચાલનાર માણસનો સદાચાર નહિ પણ પ્રભુપ્રેમી સંતની પવિત્રતા, પ્રેમ, શુભ વૃત્તિ, સત્ય-પરાયણતા, નીડરતા, અહિંસાવૃત્તિ વગેરે છે. અને

વધારે વિશાળ દૃષ્ટિથી જોતાં દૈવી પ્રકૃતિમાં વિકસવું એ નીતિ-પરાયણતાની પરાકાષ્ઠા છે. આને માટે સર્વોત્તમ ઉપાય એ છે કે પ્રભુનો આપણા ઊર્ધ્વ સ્વરૂપ તરીકે, આપણને દોરતી અને ઊર્ધ્વ માર્ગે લઈ જતી પરમ તપઃ-શક્તિ તરીકે અથવા આપણા પ્રેમપાત્ર અને સેવ્ય સ્વામી તરીકે સાક્ષાત્કાર કરવો. તેની બીક નહિ પણ તેને માટેનો પ્રેમ અને તેની સત્તામાં રહેલ મુક્તિ અને સનાતન શુદ્ધિ માટેની અભીપ્સા એ જ સાચો હેતુ બની રહેવો જોઈએ.

અલબત્ત, સ્વામી અને સેવકના સંબંધમાં, તથા ખુદ પિતા અને બાળકના સંબંધમાં પણ ડરને સ્થાન છે. પણ તે તો જ્યારે તે સંબંધો માનવ-કક્ષાના હોય ત્યારે, જ્યારે તેમાં હકૂમત અને આધીનતા અને શિક્ષાનાં તત્ત્વો જોરદાર રહ્યાં હોય અને પ્રેમને અધિકારના ઓઠા નીચે સંતાતા રહેવાની ફરજ પડતી હોય ત્યારે. ભગવાન તો માલિક તરીકે પણ શિક્ષા કરતો નથી, ધમકાવતો નથી, આજ્ઞાપાલન માટે આગ્રહ કરતો નથી. માનવ-આત્માએ પોતે જ રાજીખુશીથી પ્રભુ પાસે જવાનું છે અને તેની વિજય-શીલ શક્તિ પાસે પોતાની જાતને ધરી દેવાની છે કે જેથી તે તેને પકડે, અને પોતાના દિવ્ય પ્રદેશોમાં ઊંચે ઉઠાવે તથા તેને તેની સાંત પ્રકૃતિ ઉપર અનંત પ્રભુના સ્વામિત્વનો તથા સર્વોચ્ચ સત્તાની સેવાનો એવો આનંદ આપે કે જેના વડે તે તેની અહંતામાંથી અને નિમ્ન પ્રકૃતિમાંથી મુક્ત બને. આવા સંબંધનું રહસ્ય છે પ્રેમ; અને સેવા, દાસત્વ એ તો છે, ભારતીય યોગમાં જણાવેલ, દિવ્ય સખાની સુખ-સભર સેવા, કે દિવ્ય પ્રિયતમની આવેગપૂર્ણ સેવા. સકળ વિશ્વોનો સ્વામી ગીતામાં જ્યારે પોતાના સેવકને, ભક્તને, પોતાનું એક સાધનમાત્ર થઈ જવાનું ફરમાવે છે ત્યારે તે આ ફરમાન એક સખા તરીકે, ગુરુ તરીકે, ઊર્ધ્વ આત્મ-સ્વરૂપ તરીકે કરે છે અને પોતાને સર્વે લોકોના એવા સ્વામી તરીકે ઓળખાવે છે કે જે પ્રાણી માત્રનો મિત્ર છે,– **सर्वलोकमहेश्वरं – सुहृदं सर्वभूतानाम्।** હકીકતમાં તો આ બંને સંબંધો એકસાથે જ રહેવા જોઈએ; અને તેમાંના ગમે તે એકના વિના બીજો સંપૂર્ણ થઈ શકતો નથી. અને ભગવાન જ્યારે આજ્ઞા-પાલનનો આગ્રહ કરે છે ત્યારે પણ આપણને સર્જનાર સર્જક-પિતા તરીકે નહિ પણ યોગના ગાઢ આત્મ-મિલનમાં આપણને દોરી જનાર વત્સલ પિતા તરીકે એ આગ્રહ કરે છે. એ બંને સંબંધનું સાચું રહસ્ય છે પ્રેમ; અને પૂર્ણ પ્રેમ એ ભયભર્યા હેતુનો પૂરો વિરોધી છે. લક્ષ્ય છે માનવ-આત્મા અને પરમાત્મા વચ્ચેની નિકટતા; પણ ભય તો ઊભો કરે છે અંતરાય

અને અંતર; પ્રભુ પ્રત્યેનો ખુદ આદરભાવ અને પૂજ્યભાવ પણ અંતર અને અલગતાની નિશાની છે; પ્રેમપૂર્ણ મિલનની ગાઢતા સ્થપાતાં તેમનો લય થઈ જાય છે. વળી ભય એ નિમ્ન પ્રકૃતિ અને નિમ્ન પુરુષના પ્રદેશની વસ્તુ છે, અને ઊર્ધ્વ પુરુષને પામવો હોય તો તેના સાન્નિધ્યમાં જતાં પહેલાં તેનો ત્યાગ કરવો જ પડે.

પ્રભુને પિતા તરીકે સ્વીકારતો આ સંબંધ તથા તેના કરતાં પણ વધારે ગાઢ એવો વિશ્વજનની, જગદંબા તરીકેનો સંબંધ એ એક જુદા જ, અને જૂના, ધાર્મિક હેતુમાંથી ઉદ્ભવેલો છે. ગીતામાં કહ્યું છે કે ભગવાનને પોતાના નિર્વાહના દાતા તરીકે, પોતાને ક્ષેમકુશળ રાખનાર તરીકે, પોતાની આંતરિક અને બાહ્ય જરૂરિયાતો પૂરી પાડનાર તરીકે ગણીને તેને જે ભજે છે તે પણ તેનો એક જાતનો ભક્ત જ છે. ભગવાન કહે છે કે, "તેમનો નિર્વાહદાતા અને તેમને ક્ષેમકુશળ રાખનાર હું છું"– **યોગક્ષેમં વહામ્યહમ્।** માણસનું જીવન એટલે જરૂરિયાતોથી ભરેલું જીવન; એટલે જ ઇચ્છાઓથી ભરેલું જીવન; અને આ ઇચ્છાઓ અને જરૂરિયાતો માત્ર શારીરિક કે જીવન અંગેની જ નહિ પણ માનસિક અને આધ્યાત્મિક પણ ખરી. માણસને જ્યારે વિશ્વનું સંચાલન કરી રહેલી કોઈક મહાશક્તિનું ભાન થાય છે ત્યારે તે પોતાની જરૂરિયાતો પૂરી પાડવા માટે, પોતાની કઠિન યાત્રામાં મદદ માટે, સંગ્રામમાં સંરક્ષણ અને સહાય માટે તેની સમક્ષ પ્રાર્થનાપૂર્વક ખડો થાય છે. ભગવાન સમક્ષ પ્રાર્થનાપૂર્વક પહોંચવાના સામાન્ય ધાર્મિક વલણમાં ભલે ગમે તેટલી પ્રાકૃતતા હોય (અને ઘણી હોય છે, ખાસ કરીને એવું વલણ કે જે એમ માને છે કે ભગવાનને સ્તુતિ, યાચના અને ભેટની લાંચ આપીને, તેની ખુશામત કરીને, તેને રીઝવીને શાંત કે પ્રસન્ન કરી શકાય છે અને જે, ભગવાન પાસે જવા પાછળની ભાવનાનો ભાગ્યે જ વિચાર કરે છે તે પ્રાકૃત જ છે) તેમ છતાં ભગવાન પ્રત્યે અભિમુખ થવાની આ રીત એ આપણી ધર્મપરાયણ જાતની એક તાત્ત્વિક વૃત્તિ છે અને તે એક વિશ્વવ્યાપી સત્ય ઉપર મંડાએલી છે.

પ્રાર્થનાની અસરકારકતા વિશે ઘણી વાર શંકા ઉઠાવવામાં આવે છે અને પ્રાર્થનાનો સ્વીકાર જ તર્કહીન છે, તથા તે અર્થહીન અને પરિણામશૂન્ય તો છે જ એમ પણ માનવામાં આવે છે. એ વાત સાચી છે કે વિશ્વવ્યાપી સંકલ્પશક્તિ પોતાના હેતુને હમેશાં બર લાવે જ છે અને અહંતાભરી યાચના કે રીઝવણી વડે તેમાં વિક્ષેપ કરી શકાતો નથી; વળી પરાત્પર ચેતના કે જે વિશ્વ–વ્યવસ્થામાં પોતાને વ્યક્ત કરે છે તે સર્વજ્ઞ હોવાથી

તેનું સર્વવ્યાપી જ્ઞાન પોતાને કરવાનાં કાર્યને અગાઉથી જોઈ જ શકતી હોય છે અને તેને માનવીય વિચારોનાં માર્ગદર્શન અને પ્રોત્સાહનની જરૂર નથી પડતી તથા માનવ–વ્યક્તિની ઇચ્છાઓ વિશ્વ–વ્યવસ્થામાં કોઈ પણ જગ્યાએ સાચું નિર્ણાયક તત્ત્વ છે પણ નહિ અને હોઈ પણ ના શકે એ પણ સાચું જ છે. પણ એ વિશ્વ–વ્યવસ્થા, કે વિશ્વ–સંકલ્પનો વહીવટ કોઈ યંત્રવત્ કાનૂન વડે જ પૂરેપૂરો પાર નથી પડતો; પણ એવી શક્તિઓ અને પરિબળો વડે પાર પડે છે કે જેમાં માનવના સંકલ્પ, અભીપ્સા અને શ્રદ્ધા એ પણ કાંઈ બિલકુલ મહત્ત્વ વિનાનાં નથી,– માનવજીવન માટે તો મહત્ત્વનાં ખરાં જ. પ્રાર્થના એ આ સંકલ્પ, અભીપ્સા અને શ્રદ્ધાને અપાતું એક ખાસ સ્વરૂપ છે. એમ અપાતાં સ્વરૂપ ઘણી વાર પ્રાકૃત અને, માત્ર બાલસહજ જ નહિ (જોકે એ પોતે કાંઈ એક ખામી નથી) પણ બાલિશ પણ હોય છે; છતાં પણ તેમાં સામર્થ્ય હોય છે, – અને તેનો અર્થ પણ છે. તેનું સામર્થ્ય અને અર્થ એ છે કે તે માનવના સંકલ્પ, અભીપ્સા અને શ્રદ્ધાને સચેતન સ્વરૂપના એક એવા દિવ્ય સંકલ્પ સાથે સંપર્કમાં મૂકી આપે છે કે જેની સાથે આપણે સચેતન અને જીવંત સંબંધ સાધી શકીએ છીએ. કારણકે આપણી સંકલ્પશક્તિ અને અભીપ્સા કાં તો,માત્ર આપણી પોતાની જ શક્તિ અને પુરુષાર્થના જોરે કાર્ય કરી શકે છે (અને તેમને, હલકા યા તો ઉચ્ચ હેતુઓ માટે, અતિ બળવાન અને અસરકારક કરી શકાય છે),– અને એવા ઘણા સાધન–માર્ગ છે કે જે તેમને જ એકમાત્ર સ્વીકાર્ય શક્તિ ગણે છે –, અથવા તો, તે શક્તિ અને પુરુષાર્થ દિવ્ય કે વિશ્વવ્યાપી સંકલ્પશક્તિનો આશરો લઈને કે તેને આધીન થઈને પણ કાર્ય કરી શકે છે. અને આ બીજી રીતમાં પણ બે દૃષ્ટિબિંદુ છે. એક દૃષ્ટિબિંદુ એવું છે કે જે આ પરમ સંકલ્પશક્તિને, આપણી અભીપ્સાનો પ્રત્યુત્તર આપતી તો માને જ છે પણ લગભગ યાંત્રિક રીતે, શક્તિના કોઈક નિયમને અનુસરીને, – બીજું કાંઈ નહિ તો વ્યક્તિત્વહીન રીતે તો ખરી જ. તો બીજું દૃષ્ટિબિંદુ એમ માને છે કે તે પરમ સંકલ્પશક્તિ માનવ–આત્માની દિવ્ય અભીપ્સા અને શ્રદ્ધાને સચેતન રીતે જવાબ આપે છે અને તેણે માગેલ મદદ, માર્ગદર્શન, સંરક્ષણ અને સિદ્ધિ સચેતન રીતે તેને આપે છે, 'યોગક્ષેમનું વહન' કરી લાવે છે.

પ્રાર્થના આપણે માટે આ સંબંધ તૈયાર કરવામાં સહાયરૂપ થાય છે; શરૂઆતમાં એટલે કે જ્યારે, જે કાંઈ નરી અહંતા અને આત્મવંચના જ હોય તેની સાથે તે બંધબેસતી થઈ ગએલી હોય છે ત્યારે પણ તે આવી સહાય તો કરે જ છે પણ નીચલી કક્ષામાં; પણ પછીથી, તેની પાછળ

રહેલા આધ્યાત્મિક સત્ય પ્રત્યે આપણે ગતિ કરી શકીએ છીએ. ત્યારે માગેલી વસ્તુઓ તે આપણને આપે તે અગત્યનું નથી રહેતું, પણ સંબંધ પોતે, માનવજીવનનો પ્રભુ સાથેનો સંપર્ક, સચેતન આપ-લે એ જ અગત્યનાં બની જાય છે. આધ્યાત્મિક બાબતોમાં અને આધ્યાત્મિક ફળપ્રાપ્તિમાં આ સચેતન સંબંધ મહાસમર્થ વસ્તુ છે; તે આપણી નરી આત્મનિર્ભર મથામણ અને પુરુષાર્થના કરતાં અનેકગણો સમર્થ છે, અને તે આધ્યાત્મિક વિકાસ અને અનુભૂતિને વધારે પૂર્ણ રીતે આણી આપે છે. ખચીત, અંતે તો, પ્રાર્થના આપણને જેને માટે તૈયાર કરી રહી હતી તે વધારે વિશાળ વસ્તુમાં પોતે અલોપ થઈ જાય છે,– હકીકતમાં તો જ્યાં સુધી શ્રદ્ધા, સંકલ્પ અને અભીપ્સા મોજૂદ હોય ત્યાં સુધી આપણે જેને પ્રાર્થના કહીએ છીએ તેવું કોઈ સ્વરૂપ પોતે અનિવાર્ય નથી હોતું–; અથવા, અલોપ ના થઈ જાય તોપણ તે સંબંધના ઉપભોગને ખાતર જ ટકી રહે છે. વળી, તેણે ઝંખેલી વસ્તુઓ, 'અર્થો', 'સ્વાર્થો', વધારે ને વધારે ઊર્ધ્વ જાતના થતા જાય છે; અને છેવટે, અન્ય કોઈ પણ ઝંખના કે માગણી વિનાની, શુદ્ધ અને સરળ દિવ્ય પ્રેમરૂપ, સર્વોચ્ચ, નિષ્કામ, નિઃસ્વાર્થ ભક્તિ બની જાય છે.

આવાં વલણને પરિણામે પ્રભુ સાથે જે સંબંધ વિકાસ પામે છે તે એક બાળક પ્રત્યે હોય તેવો દિવ્ય પિતા કે માતાનો સંબંધ હોય છે, અથવા એક દિવ્ય સખા તરીકેનો પણ હોય છે. આવાં ભગવત્-સ્વરૂપો પ્રત્યે માનવ-આત્મા જે વિવિધ ભાવે જાય છે તે હોય છે : એક તો, સહાય માટે, સંરક્ષણ માટે, માર્ગદર્શન માટે, સિદ્ધિ માટે; અથવા તો, જો તેને જ્ઞાન જોઈતું હોય તો તે ભગવાનને ગુરુ કે પ્રકાશદાતા તરીકે સ્વીકારીને જાય છે (કારણકે ભગવાન જ્ઞાનના સૂર્યરૂપે પણ છે જ); અથવા તો, તે દુઃખ અને યાતનાથી પીડાતો સુખ, શાંતિ અને મુક્તિ માટે જાય છે,– એ મુક્તિ, યાતનામાંથી હોય, કે પછી યાતનાના નિવાસરૂપ જગતમાંથી હોય, કે પછી આંતરિક અને સાચાં કારણોમાંથી પણ હોય–.[1] આ ભાવોમાં એક જાતની, ચડતી જતી કક્ષાઓ છે તે જોઈ શકાશે. કારણકે પિતા તરીકેના સંબંધમાં હમેશાં નિકટતા, ઉત્કટતા, ઉષ્મા અને ગાઢતા ઓછી હોય છે. અને તેથી જે યોગમાર્ગો ગાઢ એકતા ઝંખતા હોય છે તે આ ભાવનો ઓછો સ્વીકાર કરે છે. સખાભાવ વધારે મધુર અને ગાઢ હોય છે, ભગવાન સાથે

૧. આ ત્રણ તે ગીતામાં જણાવેલા ચાર જાતના ભક્તો પૈકીના ત્રણ છે : આર્ત, એટલે કે દુઃખથી પીડાતા; અર્થાર્થી, એટલે કે અંગત લાભની ઝંખના કરનારા; અને જિજ્ઞાસુ, એટલે કે ભગવત્-જ્ઞાનની ઈચ્છા રાખનારા.

સમોવડિયાનો ભાવ ના રાખવા છતાં એક જાતની સમાનતા અને નિકટતાનો તથા પરસ્પર આત્મપ્રદાનની શરૂઆતનો સ્વીકાર કરે છે; આ સંબંધમાં જ્યારે બીજી સર્વે આપ-લેનો લય થઈ જાય છે, જ્યારે એકમાત્ર, સ્વયં-પર્યાપ્ત પ્રેમના હેતુ સિવાય બીજો કોઈ હેતુ રહેતો નથી, ત્યારે આ ભાવ અતિ ગાઢ બની જઈને વિશ્વલીલામાં સાથે રમતા સખા તરીકેનો મુક્ત અને સુખપૂર્ણ સંબંધ થઈ જાય છે. પણ મા અને બાળક તરીકેનો સંબંધ આના કરતાં પણ વધારે નિકટનો અને ગાઢ હોય છે. અને તેથી જ્યાં જ્યાં ધાર્મિક વૃત્તિ ખૂબ જ ઉષ્માભરી હોય છે અને માનવહૃદયમાંથી ઊર્મિ તરીકે ઊછળી આવતી હોય છે ત્યાં ત્યાં તે ખૂબ જ મોટો ભાગ ભજવે છે. માનવ-આત્મા, સુખમાં અને દુઃખમાં જગદંબા પ્રત્યે દોડી જાય છે અને મા ભગવતી પણ એમ જ ઇચ્છતી હોય છે કારણકે તેથી તે પોતાના પ્રેમપૂર્ણ હૃદયનો સ્રોત વહેતો મૂકી શકે છે. માનવ-આત્મા પણ તેની પ્રત્યે દોડી જાય છે કારણકે આવો પ્રેમ સ્વયંભૂ હોય છે અને તે આપણને, આ ભવરણની રઝળપાટ પછી આપણા પોતાના ઘરનો, અને આપણા આશ્રયસ્થાન-રૂપ માતૃહૃદયનો માર્ગ દેખાડે છે.

પરંતુ જે સંબંધ સહુથી ઊંચો અને મહાન છે એ ધાર્મિક જાતના આવા સામાન્ય હેતુઓમાંથી ઉદ્ભવતો નથી; એ સંબંધ જાણે કે યોગનો અસલ સાર છે, અને એ પ્રેમની પોતાની અસલિયતમાંથી બહાર ઊભરાઈ આવે છે. એ છે : પરમ પ્રેમી અને પ્રિયતમાનો ઉષ્માભર્યો અનુરાગ. જ્યારે જ્યારે આત્મામાં પ્રભુ સાથે નખશિખ એકતાની ઇચ્છા જાગે છે ત્યારે ત્યારે આવી જાતની દિવ્ય ઝંખના ખુદ એવા ધર્મોમાં પણ પોતાનો માર્ગ મોકળો કરી દે છે કે જે તેના વિના પણ નભ્યે જતા જણાતા હોય છે અને જે પોતાની ચાલુ વ્યવસ્થામાં તેને સ્થાન નથી દેતા હોતા. અહીં જે એક-માત્ર વસ્તુની માગણી હોય છે તે છે પ્રેમ, જે એકમાત્ર બીતિ હોય છે તે છે પ્રેમનો લોપ; એકમાત્ર શોક હોય છે વિયોગનો શોક. કારણકે આના સિવાયની બીજી કોઈ પણ વસ્તુનું પ્રણયી સમક્ષ અસ્તિત્વ જ નથી હોતું અને હોય છે તોપણ માત્ર તેની એક ઘટના તરીકે કે તેનાં પરિણામ તરીકે,– પ્રેમનાં લક્ષ્ય તરીકે કે તેની શરત તરીકે કદી નહિ. પ્રેમમાત્ર, મૂળથી જ, સ્વયંભૂ હોય છે કારણકે તે જાગી ઊઠે છે આત્માઓના અસલ સ્વરૂપમાં રહેલી ગુપ્ત એકતામાંથી, અને તેમના હૃદયમાં રહેલા એકતાના ભાનમાંથી કે એકતાની ઝંખનામાંથી; અને તે છતાં આવા આત્માઓ એમ માની લઈ શકતા હોય છે કે તેઓ જાણે કે અલગ છે, વિયોગી છે. પેલા અન્ય સંબંધો

પણ એવા આનંદને પામી શકે છે કે જે, માત્ર પ્રેમને ખાતરના જ અસ્તિત્વનો સ્વયંભૂ અને હેતુહીન આનંદ હોય; તેમ છતાં તેઓ અન્ય હેતુઓમાંથી ઉદ્દ્ભવે છે અને, કેટલેક અંશે, અંત સુધી એ હેતુઓમાં જ રમતા રહેવાનો સંતોષ માણે છે. જ્યારે આવો પ્રેમ તો પ્રેમમાંથી જ જન્મે છે, પ્રેમમાં જ વિરમે છે; અને તેનું સમગ્ર લક્ષ્ય પણ હોય છે પ્રેમ. અલબત્ત, અહીં પણ પ્રેમીને પોતાનો કરવાની કામના પ્રેમીમાં હોય છે; પણ એ કામના, સ્વયંભૂ પ્રેમીની પૂર્ણતામાં લય પામે છે અને ભક્તની આખરી માગણી માત્ર એટલી જ રહે છે કે તેની ભક્તિ ન તો અટકે, ના ઓછી થાય. એ નથી માગતો સ્વર્ગ, કે પુનર્જન્મમાંથી મુક્તિ, કે બીજું કાંઈ પણ; એ માગે છે માત્ર એટલું કે પ્રેમ ટકે સદાકાળ, [illegible]ને અને નિરપેક્ષ.

પ્રેમ એ એક આવેગ છે, તે ઝંખે છે બે વાનાં : સનાતનતા અને ઉત્કટતા; અને પ્રેમી અને પ્રિયતમાના સંબંધમાં સનાતનતા અને ઉત્કટતાની આ ઝંખના હોય છે સહજ અને સ્વયંભૂ. પ્રેમ એ પરસ્પરને પોતાનો કરવાની ઝંખના છે; અને પ્રેમી-પ્રિયતમાનો સંબંધ જ એવો છે કે જેમાં આ ઝંખના નિરપેક્ષ બની જાય છે. પરસ્પરને પોતાનો કરવાની ઇચ્છા ( કે જેનો અર્થ થાય છે અલગતા ) તેને વટાવી જતાં તે બની જાય છે એકતાની ઝંખના; અને અહીં આવતાં જ એકતાનું, બે આત્માઓની એકબીજામાં વિલીનતાનું, બેમાંથી એક થઈ જવાનું સ્વપ્ન પોતાની ઝંખનાની પરાકાષ્ઠા પામે છે, નિરપેક્ષ સંતોષ પામે છે. વળી પ્રેમ એ સૌંદર્યની ખોજ પણ છે. અને આ ખોજ પણ અહીં જ, નિખિલ – સૌંદર્ય–સ્વામીનું દર્શન, અને સ્પર્શ અને આનંદ પામીને સનાતન સંતોષ મેળવે છે. પ્રેમ એ છે પરમાનંદનું સંતાન અને તેનો યાત્રી; અને તેને પણ અહીં જ મળે છે હૃદયને, અને સમસ્ત જાતની રગ રગને, ભરી દેતી સર્વોચ્ચ રસમસ્તી. વળી, પ્રેમી–પ્રિયતમાનો આ સંબંધ એવો છે કે જે, જ્યાં સુધી તે માનવ માનવ વચ્ચે જ રહે ત્યાં સુધી વધુમાં વધુ માગણી કરે છે અને, ખૂબ ખૂબ ઉત્કટતા પામવા છતાં, ઓછામાં ઓછો સંતોષ મેળવે છે. તેનું કારણ એ છે કે સાચો અને સંપૂર્ણ સંતોષ તો તેને માત્ર પ્રભુ પાસેથી જ મળી શકે તેમ છે. તેથી જ માનવીના ભાવ જ્યારે ભગવાન તરફ વળે છે ત્યારે જ તેમને સંપૂર્ણ સાર્થકતા મળે છે અને તેને એવું સંપૂર્ણ સત્ય હાથ લાગે છે કે જેનું, પ્રેમ એ માનવીય પ્રતીક છે; તેની સર્વે સહજ–પ્રેરણાઓ દિવ્ય બનતાં, ઉચ્ચ બનતાં, તે એક એવા પરમાનંદથી તૃપ્ત થાય છે કે જેમાંથી આપણું જીવન શરૂ થયું હતું; અને અદ્વૈત પામીને એ દિવ્ય અસ્તિત્વના એ જ

આનંદમાં તે પહોંચે છે કે જ્યાં પ્રેમ હોય છે નિરપેક્ષ, સનાતન અને, અશુદ્ધિ માત્રમાંથી સંપૂર્ણપણે મુક્ત.

## પ્રકરણ : ૪

# ભક્તિનો પંથ

ભક્તિ પોતે, ભગવાન માટેની આત્માની હૃદય-ઝંખનાના જેટલી વિશાળ હોય છે, અને પોતાના લક્ષ્ય પ્રત્યે એકદમ સીધો માર્ગ લેતા પ્રેમ અને કામનાના જેટલી જ તે સરળ અને સીધીસાદી હોય છે. એટલે તેને કોઈ પદ્ધતિસરના સાધનમાર્ગમાં બંધ બેસાડી શકાતી નથી; તેને રાજયોગની માફક કોઈ માનસશાસ્ત્રના કે હઠયોગની માફક કોઈ મન અને શરીરના સંયુક્ત શાસ્ત્રના પાયા ઉપર સ્થિર સ્વરૂપ આપી શકાતું નથી; કે જ્ઞાનયોગની પ્રચલિત પદ્ધતિની માફક કોઈ નિશ્ચિત બૌદ્ધિક પ્રક્રિયાઓથી તેની શરૂઆત કરી શકાતી નથી. તેમાં વિવિધ સાધનોનો કે સહાયરૂપ ટેકાઓનો આશરો લઈ શકાય છે; અને, માણસના મનમાં વ્યવસ્થા, ક્રિયાક્રમ અને પદ્ધતિ માટેનું વલણ હોવાથી પોતે આવા જે ટેકાઓનો આશરો લે છે તેમને પદ્ધતિસર ગોઠવવાનો પ્રયત્ન કરી શકે છે. પણ એમાં ય જે અનેકવિધતા ઊભી થએલી છે તેની ગણતરી કરવા જતાં તો અસંખ્ય માનવધર્મોએ પોતપોતાના ઇષ્ટ-દેવતા પ્રત્યે જે આંતરિક વલણ લીધેલાં છે તે બધાંનું અવલોકન કરવું પડે. તેમ છતાં, તે બધાંના કરતાં વધારે ઘનિષ્ટ એવા ભક્તિયોગને તપાસીએ તો હકીકતરૂપે જણાશે કે તેને ચાર જાતની ક્રિયામાં સરળતાથી વહેંચી શકાય તેમ છે. એ છે : ઈશ્વરાભિમુખ થતા આત્મામાં જાગતી ઇચ્છા, અને પ્રભુ પ્રત્યે આકર્ષાતા તેના ભાવો; પ્રેમની વ્યથા, અને પ્રભુના પ્રેમનો પ્રત્યુત્તર; પ્રેમપ્રાપ્તિનો આનંદ અને એ આનંદની લીલા; તથા, સ્વર્ગીય આનંદના હાર્દરૂપ દિવ્ય પ્રિયતમનો સનાતન ઉપભોગ. આ ચાર બાબતો એવી તો સરળ અને તે સાથે જ એવી તો અગાધ છે કે ન તો તેમને પદ્ધતિબદ્ધ કરી શકાય, કે ના કરી શકાય તેમનું વિશ્લેષણ. બહુ બહુ તો માત્ર એમ કહી શકાય, કે જુઓ, આ રહ્યાં સિદ્ધિનાં, જાણે કે ચાર ક્રમિક તત્ત્વો, કે ચાર પગથિયાં, અને આ રહ્યાં તેમાં ઠીક ઠીક કામ લાગતાં કેટલાંક સાધનો, વળી આવાં છે ભક્તિમાર્ગની સાધનાનાં કેટલાંક પાસાંઓ અને કેટલીક અનુભૂતિઓ. સમન્વય સાધતા પૂર્ણયોગમાં ભક્તિયોગ કેવી રીતે

પ્રવેશે છે, તેમાં તેનું સ્થાન શું છે અને તેના સિદ્ધાંતો દિવ્ય જીવનના અન્ય સિદ્ધાંતો પર કેવી અસર કરે છે તેનો વિચાર કરતાં પહેલાં ઉપર જણાવેલી બાબતોના મુખ્ય મુખ્ય મુદ્દાઓ પર ઊડતી નજર નાખવી બસ થશે.

યોગમાત્ર એટલે, સાક્ષાત્કાર પામી હજી જે દિવ્ય નથી થયાં પણ જેનામાં ભગવાન માટે આવેગ અને આકર્ષણ તો જાગેલાં છે એવાં માનવ-મન અને માનવ-આત્માનું ભગવાન તરફનું વલણ, કે જેના વડે તે પોતાનું જ વિશાળ અસ્તિત્વ પ્રાપ્ત કરે છે. આ વલણ ભાવપ્રધાન રીતે આગળ વધે ત્યારે તે સહુથી પહેલાં આરાધનાનું જ સ્વરૂપ લે છે. સામાન્ય ધર્મોમાં આ આરાધના બાહ્ય પૂજાનું સ્વરૂપ ધારણ કરે છે અને પાછી તે પૂજા એનાથી ય વધારે બાહ્ય એવી પૂજાવિધિ બની જાય છે. આવી જાતની બાહ્યતા સામાન્ય રીતે જરૂરી પણ હોય છે; કારણકે સામાન્ય જનસમૂહ ભૌતિક મનમાં જ જીવતો હોય છે. ભૌતિક પ્રતીકના દબાણ વિના તેને કોઈ પણ વસ્તુ સાક્ષાત નથી થતી અને ભૌતિક કર્મોના દબાણ વિના, તે જીવી રહ્યો છે તેવું તેને ભાન નથી થતું. આ કક્ષાને આપણે તંત્રસાધનામાં જણાવેલ છેક નીચલી પાયરીનો સાધનમાર્ગ, "પશુ"નો માર્ગ, એટલે કે પશુનો, ટોળાંનો અથવા ભૌતિક પ્રાણીનો માર્ગ, કહી શકીએ; અને એમ પણ કહી શકીએ કે આવી ચોખ્ખેચોખ્ખી, કે મોટા ભાગની, વિધિપ્રધાન આરાધના એ સાધનાના સહુથી નીચલા ભાગનું પહેલું પગથિયું છે. એ તો દેખીતું છે કે ખરેખરો ધર્મ પણ – અને યોગ એ તો ધર્મ કરતાં પણ અધિક જ છે,– માત્ર ત્યારે જ શરૂ થયો ગણાય કે જ્યારે આવી તદ્દન બાહ્ય પૂજાનો સંબંધ મનમાં ખરેખર જાગતી કોઈક લાગણી સાથે, કોઈક સાચા શરણભાવ, અહોભાવ કે આધ્યાત્મિક અભીપ્સા સાથે હોય અને જેને માટેનું તે એક સહાયરૂપ સાધન, એક બાહ્ય અભિવ્યક્તિ હોય, તથા એક એવી અવારનવાર જાગી જતી કે સતત જાગતી રહેતી યાદ હોય કે જે, સામાન્ય જીવનમાં રચ્યાપચ્યા રહેતા મનને તેમાંથી પાછા હઠી જવામાં મદદરૂપ થતી હોય. પણ જ્યાં સુધી કોઈક દેવતાના ખ્યાલને જ આવો પૂજ્યભાવ કે અંજલિ અર્પણ થએલાં હોય ત્યાં સુધી આપણે યોગની શરૂઆત કરી ના ગણાય. યોગનું લક્ષ્ય એકતા છે, તેથી તેની શરૂઆત માત્ર ભગવાનની જ ખોજથી, તેના કોઈ જાતના સ્પર્શ, સાન્નિધ્ય કે સ્વામિત્વની ઝંખનાથી જ થઈ શકે. જ્યારે જ્યારે આ બાબત જાગી ઊઠે ત્યારે ત્યારે આરાધના મુખ્યત્વે આંતરિક પૂજા બની જાય છે, આપણે આપણી જાતને ભગવાનનું મંદિર, આપણા વિચારો અને લાગણીઓને અભીપ્સા

અને ઝંખનાથી ભરેલી વણથંભી પ્રાર્થના બનાવવાનું તથા આપણા સમગ્ર જીવનને સેવાપૂજાનું બાહ્ય સ્વરૂપ બનાવી દેવાનું શરૂ કરીએ છીએ. આવો પગટો, આવું આત્મ-વલણ વિકાસ પામે તેમ તેમ ભક્તની ધાર્મિકતા યોગ બનતી જાય છે, પ્રભુનો સંપર્ક અને એકતા બનતી જાય છે. આનો અર્થ એવો નહિ કે બાહ્ય પૂજા બંધ જ થઈ જવાની; પણ તે, આંતરિક આરાધના અને ભક્તિનો માત્ર ભૌતિક આવિષ્કાર કે ઊભરો, વાણી અને પ્રતીકરૂપ કર્મો દ્વારા પોતાને બહાર વહાવતા આત્માના ઊર્મિ-તરંગો બન્યે જશે.

આરાધનાએ પ્રેમ-પુષ્પની એક પાંખડી બની જઈને, સૂર્યરૂપ પ્રભુ પ્રત્યે એક અર્ઘ્ય અને ઉત્થાન બની જઈને, ઊંડા ભક્તિયોગના એક અંગ તરીકે પલટાઈ જવાનું છે; પણ તે પહેલાં (જો તે અગાધ જ હોય તો) તેણે પોતાની સાથે સાથે, આપણી અંદર પોતાના આરાધ્ય ભગવાન પ્રત્યે આપણી જાતનું આત્મનિવેદન જાગ્રત કરી, વધારતા જવું જોઈએ. અને આ નિવેદન-ભાવનું એક અંગ હોવું જોઈએ જાતની વિશુદ્ધિ, કે જેથી કરીને પ્રભુના સ્પર્શને માટે, કે આપણા અંતરમાં પ્રભુના પ્રવેશને માટે, કે હૃદયમંદિરમાં તેના પ્રાગટ્ય માટે આપણી જાત લાયક બને. આ વિશુદ્ધિનું સ્વરૂપ નૈતિક હોઈ શકે છે; પણ નીતિપ્રધાન માણસોની, યોગ્ય અને અનિંદ્ય કર્મોને માટેની ખોજના જેવી જ તે નહિ હોય; અથવા, આગળ જતાં આપણે જ્યારે યોગના ઉંબર સુધી પહોંચી જઈએ ત્યારે પણ વિધિપ્રધાન ધર્મોએ જણાવેલા કોઈક દૈવી નિયમોના પાલન જેવી પણ તે નહિ હોય; પણ તે એવી ચિત્તશુદ્ધિ હશે કે જે, કાં તો પ્રભુના પોતાના વિશેના ખ્યાલની કે આપણી અંદર રહેલા પ્રભુ વિશેના ખ્યાલની, વિરુદ્ધ જે બાબતો જતી હશે તે સર્વે બાબતોનો ત્યાગ કરતી હશે. જો આ શુદ્ધિ આમાંની પહેલી જાતની હશે તો આપણી આંતરિક લાગણીઓ અને બાહ્ય કર્મોને ભગવાનના અનુકરણની ટેવ પડવા માંડશે અને જો બીજી જાતની હશે તો આપણી પ્રકૃતિમાં તેનું સામ્ય વિકસવા માંડશે. આંતરિક આરાધનાનો પૂજાવિધિ સાથે જેવો સંબંધ છે તેવો જ સંબંધ છે આ દિવ્ય સામ્યતાના વિકાસનો બાહ્ય નૈતિક જીવન સાથે. તે એક જાતની સાદૃશ્ય-મુક્તિમાં, આપણી નિમ્ન પ્રકૃતિમાંથી મુક્ત થવામાં અને દિવ્ય પ્રકૃતિમાં પલટાઈ જવામાં પરિણમે છે.

આત્મનિવેદન પૂર્ણતા પામે એટલે આપણી સમસ્ત જાત – અને તેથી આપણા વિચાર અને કર્મો પણ – પ્રભુને જ માટે કામે લાગી જાય છે. આમ કર્મયોગ અને જ્ઞાનયોગનાં પણ મૂળ તત્ત્વો ભક્તિયોગ પોતાનામાં

સમાવી લે છે, પણ પોતાની આગવી રીતે અને પોતાની વિશિષ્ટ ભાવનાથી. ભક્તિયોગ પણ જીવન અને કર્મોના યજ્ઞરૂપ છે; પણ તે યજ્ઞ એટલે આપણી સંકલ્પશક્તિને ભગવાનની તપોશક્તિ તરફ વાળવાના કરતાં વધારે તો એક પ્રેમયજ્ઞ હોય છે. ભક્ત પોતાનું સમગ્ર જીવન અને પોતે જે કાંઈ છે, અને પોતાની પાસે જે કાંઈ છે અને પોતે જે કાંઈ કરે છે તે સર્વસ્વ ભગવાનને સમર્પણ કરે છે. આવું સમર્પણ સંન્યાસ-સ્વરૂપનું પણ હોઈ શકે; દાખલા તરીકે તે સામાન્ય માનવજીવનનો ત્યાગ કરીને નિશદિન પ્રાર્થના, ભજન-કીર્તન અને પૂજામાં કે મસ્તીભર્યા ધ્યાનમાં જ લાગી રહે; અથવા પોતાની અંગત મિલકત વગેરે ત્યજી દે અને એક એવો સાધુ કે ભિક્ષુ થઈ રહે કે જેની એકમાત્ર મિલકત ભગવાન જ હોય; અથવા જીવનનાં અન્ય સર્વે કર્મો છોડી દઈને માત્ર એવાં જ કર્મો સ્વીકારે કે જે ભગવાન સાથે કે અન્ય ભક્તો સાથે સંબંધિત હોય કે સંબંધ રાખવામાં સહાયરૂપ હોય; અથવા, બહુ બહુ તો, સંન્યાસ-જીવનના કિલ્લામાં સલામત રહી માનવ-સેવાનાં એવાં કર્મો કરતો રહે કે જે પ્રેમ, કરુણા અને શુભ ભાવનામય દિવ્ય પ્રકૃતિના વિશિષ્ટ વહેણરૂપ જણાતી હોય. પણ પૂર્ણયોગને અનુરૂપ એક એવું વિશાળ આત્મ-સમર્પણ પણ છે કે જે સમસ્ત જીવન અને દુનિયાનો ભગવાનની લીલા તરીકે સંપૂર્ણ સ્વીકાર કરીને પોતાની સમસ્ત જાત ભગવાનને આધીન કરી દે છે; એમાં, પોતે જે કાંઈ છે અને પોતાની પાસે જે કાંઈ છે તે સર્વેનો માત્ર ભગવાનની જ – પોતાની જરા પણ નહિ – મિલકત તરીકે સ્વીકાર હોય છે અને સર્વે કર્મોને ભગવાનની ભેટ તરીકે કરવાનાં હોય છે. આમ કરવાથી, આંતર-બાહ્ય બંને જીવનનું સંપૂર્ણ અને સક્રિય સમર્પણ, અક્ષત આત્મ-સમર્પણ થાય છે.

વળી વિચારોનું પણ ભગવાનને સમર્પણ થાય છે. શરૂઆતમાં, મનને આરાધ્ય પ્રભુ પર નિશ્ચલ કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે (કારણકે, ચંચળ માનવ-મન સ્વાભાવિક રીતે જ અનેક બાબતોમાં અટવાયા કરતું હોય છે અને તેને ઊર્ધ્વ ગતિ આપવામાં આવે ત્યારે પણ તે દુનિયા તરફ ખેંચાઈ આવતું હોય છે) કે જેથી કરીને છેવટે તેને માત્ર પ્રભુના જ વિચારો કરવા-ની ટેવ પડે છે અને બીજું બધું ગૌણ બની જાય છે તથા તેમને અંગેના વિચાર પ્રભુ પરત્વે જ કરે છે. આવી નિશ્ચલતા ઘણી વાર કોઈક મૂર્તિની સહાયથી સાધવામાં આવે છે; અથવા વધારે ગાઢતાથી અને વિશિષ્ટ રીતે કરવા માટે, જેના વડે ભગવાનનો સાક્ષાત્કાર કરવાનો હોય તેવા કોઈક મંત્ર કે નામનો આશ્રરો લેવામાં આવે છે. પદ્ધતિ-પ્રિય લોકો એમ માને

છે કે માનસિક ભક્તિની સાધનાના ત્રણ તબક્કા છે : એક તો શ્રવણ, પ્રભુનું નામ, ગુણ અને લક્ષણોને સતત સાંભળવાં તે; બીજું મનન, તેમના વિશે અથવા પ્રભુના સ્વરૂપ વિશે સતત વિચાર કરવા તે; અને ત્રીજું નિદિધ્યાસન, મનને તેના લક્ષ્ય પર સ્થિર અને દૃઢ કરવું તે; આમ કરવાથી સંપૂર્ણ સાક્ષાત્કાર થાય છે. વળી આમ કરવાથી, તથા તેની સાથેની લાગણીઓ અને એકાગ્રતા જ્યારે ખૂબ તીવ્ર થઈ જાય ત્યારે સમાધિ, એટલે કે મસ્તીભરી એક એવી તલ્લીનતા, પણ થઈ જાય છે કે જેમાં ચેતના બાહ્ય પદાર્થોથી સમૂળગી દૂર ચાલી જાય છે. પણ ખરી રીતે, આ બધી તો, બની આવતી ઘટનાઓ છે; એકમાત્ર મુખ્ય અને મૂળ વસ્તુ છે : મનના વિચારોની, તેના આરાધ્ય લક્ષ્ય પ્રત્યે તીવ્ર ભક્તિ. આ ક્રિયા જ્ઞાનયોગના ધ્યાનને મળતી લાગે છે ખરી પણ તે બંનેની ભાવના તદ્દન જુદી છે. અહીંનું ધ્યાન નિસ્પંદ નહિ પણ ભાવ-મસ્ત હોય છે. અહીં ભગવાનની સત્તામાં ચાલ્યા જવાનો નહિ પણ ભગવાનને આપણી અંદર લઈ આવવાનો અને તેની હાજરી કે તેના કબજાથી મળતી ઊંડી આનંદમસ્તીમાં આપણી જાતને ડુબાડી દેવાનો આશય હોય છે; અને અહીંનો આનંદ એ અદ્વૈતની શાંતિ નહિ પણ મિલનની મસ્તી હોય છે. અહીં પણ આત્મ-સમર્પણ અલગ-ભાવી હોઈ શકે છે કે જે આ મસ્ત આનંદની પ્રાપ્તિને ખાતર જીવનના બીજા બધા વિચારોને જતા કરે છે અને છેવટે જે પરલોકના પરમાનંદને પ્રાપ્ત કરે છે; અથવા આ આત્મ-સમર્પણ એવું સર્વગ્રાહી પણ હોઈ શકે છે કે જેમાં સર્વે વિચારો ભગવાન વડે સભર બની જાય છે અને જીવનમાં ભાગ લેતી વખતે પણ બધા વિચારોમાં તેનું જ સ્મરણ રહે છે. બીજા યોગોની માફક અહીં પણ સર્વત્ર અને સર્વેમાં ભગવાનનાં દર્શન થવા માંડે છે અને સર્વે આંતરિક વૃત્તિઓમાં અને બાહ્ય પ્રવૃત્તિઓમાં ભગવાનનો સાક્ષાત્કાર રેલાવા માંડે છે. પણ અહીં આ બધાના આધારરૂપ મૂળ શક્તિ હોય છે ભાવમય મિલનની; કારણકે સમગ્ર આત્મ-સમર્પણ અને સમગ્ર પ્રાપ્તિ પ્રેમ વડે સિદ્ધ થઈ હોય છે અને વિચારો અને કર્મો એ, આત્મા અને તેનાં અંગોને ભરી દેતા દિવ્ય પ્રેમનાં જ સ્વરૂપો અને આકૃતિઓ હોય છે.

આ એક સામાન્ય પ્રકારનો માર્ગ છે; એમાં ભગવાન માટેનો કોઈ એક ખ્યાલ તથા તેને માટે જાગેલી આછી-પાતળી આરાધના આગળ વધીને દિવ્ય પ્રેમના રૂપરંગ ધારણ કરવા માંડે છે અને જ્યારે તે યોગનાં અંગરૂપ બની આગળ વધે છે ત્યારે તો, દિવ્ય પ્રેમમાં છુપાએલી વાસ્ત-

વિકતા અને તેની ઉત્કટ અનુભૂતિને પણ ધારણ કરે છે. પણ એવો બીજો, યોગ સાથે વધારે સંકળાએલો પંથ પણ છે કે જે દિવ્ય પ્રેમથી જ સીધે-સીધી શરૂઆત કરે છે અને બીજી કોઈ પદ્ધતિ કે રીતનો આશરો લીધા વિના માત્ર પોતાની ઝંખનાની ઉત્કટતાને જોરે જ પાર પડે છે. તેમાં બીજી બાબતો આવે છે ખરી, પણ બીજમાંથી ઊગી આવતાં પત્ર અને પુષ્પની માફક તે બધી તેમાંથી આપોઆપ જ આવી મળે છે; તે બધી બીજી બાબતો પ્રેમના વિકાસ અને સિદ્ધિ માટેનાં સાધનરૂપ નથી હોતી, પણ આત્મામાં ક્યારના વધવા માંડેલા પ્રેમના પ્રસારણરૂપ હોય છે. આત્મા હજી, કદાચ, સામાન્ય માનવ-જીવનમાં જ રચ્યોપચ્યો હોવા છતાં જ્યારે તેને, કોઈ છૂપા વૃંદાવનની ઓથેથી પ્રભુની બંસરી સંભળાવા માંડે છે અને પોતાનું જાતભાન ભૂલી જાય છે, તથા એ દિવ્ય બાંસુરીના બજાવ-નારને શોધે, પકડે અને ભેટે નહિ ત્યાં સુધી તેને સંતોષ કે જંપ વળે નહિ એવી સ્થિતિ થાય છે ત્યારે એ આ જ માર્ગ ગ્રહણ કરે છે. તત્ત્વતઃ આ જ છે, પાર્થિવ પદાર્થોથી વિમુખ થઈ નિખિલ સૌંદર્ય અને આનંદના દિવ્ય ધામરૂપ પ્રભુ પ્રત્યે વળતા હૃદય અને આત્મામાં રહેલું પ્રેમનું પોતાનું સામર્થ્ય. આવી જ ઝંખનામાં આવી રહેલી છે : કામનાઓના પરમ લક્ષ્ય ઉપર એકાગ્ર થએલા, અને માનવ-પ્રેમમાં રહેલી ઊંચામાં ઊંચી ઉત્કટતાના કરતાં પણ સેંકડો ગણી ઉત્કટતા ધરાવતા, પ્રેમની સર્વે ઊર્મિઓ અને આવેગો, અને સર્વે ભાવો અને અનુભૂતિઓ. આમાંથી જ જાગે છે જીવનવ્યાપી અજંપો, એક અદષ્ટ દર્શનનો ઝળહળાટ, હૃદય-ઝંખનાના એકમાત્ર લક્ષ્ય માટેની વણછીપી તૃષા, એકમાત્ર સીધી દોટમાંથી જરા પણ આડરસ્તે જવાઈ જતાં જાગતી ઉત્કટ અધીરપ, મિલનના માર્ગમાં આવતા અંતરાયથી ઊઠતી તીવ્ર વ્યથા, સર્વ સુંદરતા અને આનંદનું એકમાત્ર સ્વરૂપમાં સંપૂર્ણ દર્શન. અને આમાં જ રહેલી છે બીજી અનેક પ્રેમ-અવસ્થાઓ : પ્રેમીના વિચાર અને તેમાં મગ્નતાનો આનંદ, સાન્નિધ્ય, મિલન અને આલિંગનનો રોમાંચ, વિરહની વ્યથા, પ્રણય-રોષ, વિયોગનો વિલાપ, પુનર્મિલનનો અત્યાનંદ. આંતર-ચેતનામાં રચાતા, પ્રણયના આ પરમ કાવ્ય-ચિત્રની રંગભૂમિ છે હૃદય; પણ એ હૃદય વેગપૂર્વક ઉત્કટ આધ્યાત્મિક પરિવર્તન પામ્યે જાય છે, અને બની રહે છે ઊઘડ્યે જ જતું જ્યોતિર્મય આત્મ-કમળ. અને, તેની ઝંખનામાં રહેલી તીવ્રતા, જેમ સામાન્ય માનવ-ભાવોની સર્વોચ્ચ શક્તિથી પણ પામી શકાતી નથી તે જ પ્રમાણે તેના આનંદ અને અંતિમ આનંદ-મસ્તીને પણ કલ્પનાથી પહોંચી શકાતું નથી અને વાચાથી વર્ણવી શકાતું

નથી. કારણકે એ આનંદ તો છે માનવ-બુદ્ધિથી અગોચર દેવલોકનો આનંદ.

ભારતીય ભક્તિ–ભાવનાએ આ દિવ્ય પ્રેમને અનેક સમર્થ સ્વરૂપોમાં અને એવાં કાવ્યમય પ્રતીકોમાં રજૂ કરેલો છે કે જે ખરી રીતે તો પ્રતીકો નહિ પણ સત્યની એવી ગાઢ અભિવ્યક્તિઓ છે કે જેને અન્યથા વ્યક્ત કરી જ ના શકાય. તેમાં તે માનવ–સંબંધોની વાત કરે છે અને ભગવાનને એક વ્યક્તિ તરીકે રજૂ કરે છે; પણ તે માત્ર રૂપક જ નથી; પણ એવી રજૂઆત તે એટલા માટે કરે છે કે પરમ આનંદ અને સૌંદર્ય માનવ–આત્મા સાથે જે દિવ્ય સંબંધો રાખે છે તેના અપૂર્ણ, છતાં સાચા, ઢાળા–રૂપ હોય છે માનવ–સંબંધો; અને એટલા માટે કે એ આનંદ અને સૌંદર્ય એ કોઈ હવાઈ અમૂર્તતાઓ કે કોઈ અગ્રાહ્ય, આધિભૌતિક તત્ત્વોના ગુણધર્મો નથી,– પણ એ તો છે પરમપુરુષનો પોતાનો દેહ અને રૂપ. ભક્તનો આત્મા જેને ઝંખે છે તે છે એક જીવંત પરમાત્મા; કારણકે જીવન માત્રનું મૂળ, એ નથી કોઈ ખ્યાલ કે ધારણા કે અસ્તિત્વની કોઈ અવસ્થા; પણ એ તો છે એક સાચે-સાચો પુરુષ. તેથી, દિવ્ય પ્રિયતમનું મિલન થતાં સમગ્ર આત્મજીવન પૂર્ણ સંતોષ અનુભવે છે અને જે સંબંધો વડે તે પોતે પોતાને પામે છે અને પોતાને વ્યક્ત કરે છે તે સર્વે સંબંધો સાર્થક બને છે; અને તેથી જ તેમાંના ગમે તે એક વડે, અને તે બધા જ વડે, પ્રિયતમને ઝંખી શકાય છે, હા, એટલું ખરું કે વધારેમાં વધારે ઉત્કટતા તો તેમાંથી જ પામી શકાય છે કે જેના વડે તેને વધારેમાં વધારે ઉત્કટતાથી શોધી શકાય અને ઊંડામાં ઊંડા આનંદથી ભેટી શકાય. તેને આપણી અંદર, હૃદયમાં પામી શકાય છે; અને તેમ કરવા માટે આપણી જાતને અંતરમાં લઈ જઈ આત્માની પોતાની ઉપર એકાગ્ર કરવામાં આવે છે; પણ એ એની જાતને જ્યાં જ્યાં પ્રગટ કરે છે ત્યાં ત્યાં સર્વત્ર પણ તેને જોઈ શકાય છે, અને ચાહી શકાય છે. અસ્તિત્વમાં રહેલું સમસ્ત સૌંદર્ય અને આનંદ એ એનાં જ સૌંદર્ય અને આનંદ તરીકે દેખાય છે; આત્મા પ્રાણીમાત્રમાં એને જ ભેટે છે; સમસ્ત અસ્તિત્વ તેના જ આનંદનું પ્રસારણ બની રહે છે અને એ અસ્તિત્વના ખુદ બાહ્ય આભાસો પણ તેના બાહ્ય આભાસો સિવાયની બીજી કોઈક વસ્તુમાં પલટાઈ જાય છે. ખુદ જગત પણ દિવ્ય આનંદની લીલા તરીકે અનુભવાય છે; અને એ જગત જેમાં ગુમ થઈ જાય છે એ તો બની રહે છે સનાતન મિલનના પરમાનંદનું સ્વર્ગ.

## પ્રકરણ : ૫

# ભગવાનનું વ્યક્તિ-સ્વરૂપ

જેમાં જ્ઞાન અને ભક્તિ એ બંનેનો સમાવેશ કરવાનો છે એટલું જ નહિ પણ તેમને એકબીજામાં મેળવી આપવાનાં છે, એવા સમન્વય સાધતા યોગમાં જે એક મુશ્કેલ અને મૂંઝવતો પ્રશ્ન સામે આવી ઊભો રહે છે તે છે ભગવાનના વ્યક્તિ-સ્વરૂપનો. હાલના વિચારકોનું સમગ્ર વલણ વ્યક્તિ-સ્વરૂપને ઉતારી પાડવાનું રહ્યું છે; અસ્તિત્વની અટપટી હકીકતોની પાછળ તેમને માત્ર એક વિશાળ, વ્યક્તિત્વહીન શક્તિ, એક અંધ ઘટનાપ્રવાહ જ દેખાય છે અને તે પણ વ્યક્તિત્વહીન શક્તિઓ અને વ્યક્તિત્વહીન નિયમો દ્વારા જ પાર પડતો જણાય છે; જ્યારે વ્યક્તિત્વ તો આ વ્યક્તિત્વહીન પ્રવાહની સપાટી ઉપર બની આવતી માત્ર એક આનુષંગિક, આંશિક, ગૌણ અને ક્ષણભંગુર ઘટના તરીકે જ રજૂ થાય છે. આ મહાન શક્તિ સચેતન પણ છે એમ સ્વીકારી લઈએ તોપણ તે વ્યક્તિત્વહીન અને અચોક્કસ સ્વરૂપની જ જણાય છે, તથા તેના અસલ સ્વરૂપમાં નર્યાં હવાઈ લક્ષણો કે શક્તિઓ સિવાય બીજું કાંઈ નથી હોતું, કારણકે બીજું બધું તેના પરિણામ-રૂપ હોય છે, મામૂલી ઘટનાઓ હોય છે. પ્રાચીન ભારતની તત્ત્વમીમાંસામાં શરૂઆત તો આનાથી બિલકુલ સામેની બાજુથી કરવામાં આવી છે, છતાં તેના ઘણાખરા મુદ્દામાં નિર્ણય તો આવો જ આવેલો છે. તેમાં આદિ અને સનાતન સત્યને વ્યક્તિત્વહીન અસ્તિત્વ તરીકે ગણવામાં આવ્યું છે, અને વ્યક્તિત્વને કેવળ માયા, અથવા બહુ બહુ તો કપોલ-કલ્પિત ઘટના તરીકે ગણવામાં આવી છે.

ત્યારે બીજી બાજુએ, જો ભગવાનના વ્યક્તિ-સ્વરૂપને એક સત્ય તરીકે, કોઈ માયાવી પદાર્થ તરીકે નહિ પણ એક સાચી વાસ્તવિકતા તરીકે સ્વીકારી ના શકાય તો ભક્તિયોગ અસંભવિત થઈ જાય છે. પ્રેમી અને પ્રેમપાત્ર વિના પ્રેમ સંભવે જ કેવી રીતે ? જો આપણું વ્યક્તિ-સ્વરૂપ એક ભ્રમણા હોય અને આપણા આરાધ્ય ભગવાનનું વ્યક્તિ-સ્વરૂપ એ, માયાનું એક પ્રાથમિક સ્વરૂપ હોય અને જો આપણે તે સ્વીકારીએ તો પ્રેમ અને પૂજાનું

તરત જ નિકંદન નીકળી જાય, અથવા તો, હૃદયના એવા અ-તાર્કિક આવેગ તરીકે જ તેમનું અસ્તિત્વ રહે કે જે પોતાના જોરદાર અને જીવંત ધબકાર વડે બુદ્ધિના સ્પષ્ટ અને સુક્કા સત્યનો ઇન્કાર કરતો હોય. આપણા મનના કોઈ પડછાયાને કે કોઈ એવી તેજસ્વી વિશ્વઘટના (કે જે અસલ સત્યની દૃષ્ટિ પડતાં જ અલોપ થઈ જતી હોય) તેને પ્રેમ કરવો કે તેને આરાધવી તે કદાચ સંભવે, પણ, મુક્તિનો માર્ગ તો, જાણીબૂઝીને ઊભી કરેલી આત્મ-વંચનાના પાયા પર કદી ના ચણી શકાય. અલબત્ત, બુદ્ધિની આવી શંકાઓને ભક્ત પોતાના માર્ગમાં આડે આવવા દેતો નથી; તેના હૃદયમાં તો સત્યના ચમકાર પહેલેથી જ હોય છે; અને તેને માટે એ પૂરતું હોય છે. પણ પૂર્ણ-યોગના સાધકે તો સનાતન અને અંતિમ સત્યને જાણવાનું જ છે; તે કોઈ પરમ પડછાયાના આનંદમાં આખર સુધી પડ્યો રહી ના શકે. જો વ્યક્તિત્વ-હીનતા એ જ એકમાત્ર આખરી સત્ય હોય તો કોઈ સુદૃઢ સમન્વય શક્ય જ નથી. તો, બહુ બહુ તો, ભગવાનના વ્યક્તિ-સ્વરૂપને તે એક પ્રતીક તરીકે, એક જોરદાર અને અસરકારક કલ્પના-કૃતિ તરીકે સ્વીકારી શકે; પણ છેવટે તો તેણે તેને પાછળ મૂકી દેવી પડે, અને માત્ર અંતિમ જ્ઞાનની જ ખોજ ખાતર ભક્તિને તિલાંજલી દેવી પડે. તેણે પોતાની જાતમાંથી સર્વ પ્રતીકો, મૂલ્યો, તથા સર્વ સામગ્રીને ખાલી કરી નાખવી પડે કે જેથી કરીને લક્ષણહીન અસલ સત્યને તે પામી શકે.

પણ આપણે જોઈ ગયા છીએ કે બુદ્ધિ જેને વ્યક્તિત્વહીનતા અને વ્યક્તિ-સ્વરૂપ તરીકે ઓળખે છે તે બંને, ભગવાનનાં માત્ર બે પાસાં છે અને તેની સત્તામાં તે બંનેનો સમાવેશ થએલો છે; તે બંને એવી એક જ વસ્તુ છે કે જેને આપણે બે સામસામેની બાજુએથી જોઈએ છીએ અને જેમાં એ સામસામાં બારણેથી દાખલ થઈએ છીએ. આપણે જ્યારે ભક્તિના આવેગનું કે પ્રેમની અંતઃસ્ફુરણાનું અનુસરણ કરીએ ત્યારે જે શંકાઓ વડે બુદ્ધિ આપણી ઉપર હુમલાઓ કરે અથવા, આપણે જ્યારે પ્રભુમિલન-નો આનંદ પામીએ ત્યારે ત્યાં પણ આપણો પીછો પકડે તે શંકાઓમાંથી મુક્ત થઈ જવા માટે આ પ્રશ્નને હજી ય વધારે સ્પષ્ટ કરવો પડશે. અલબત્ત પ્રભુમિલનનો આનંદ મળતાં આ શંકાઓ ખરી જ પડવાની છે પણ, જો આપણે ચિંતનપ્રધાન મનનો વધારે પડતો બોજો ઉઠાવેલો હશે તો એ આનંદનાં છેક પ્રવેશદ્વાર સુધી પણ તે શંકાઓ આપણી પાછળ પડશે. એટલે એ શંકાઓનું આપણે જેમ બને તેમ જલદી નિરાકરણ કરી નાખીએ તે સારું છે. એના માટે બુદ્ધિની, તર્કપ્રધાન અને મીમાંસાપ્રિય મનની

સત્યપ્રાપ્તિ માટેની જે વિશિષ્ટ રીત છે તેની મર્યાદાઓ, તથા આવા બુદ્ધિ-પ્રધાન માર્ગે મળતી ખુદ આધ્યાત્મિક અનુભૂતિની મર્યાદાઓને પણ આપણે જોઈ લેવાની છે, કે જેથી આપણને સમજાઈ જાય કે આમ મળતી અનુભૂતિ એ કાંઈ હમેશાં ઉચ્ચતમ અને વિશાળતમ આધ્યાત્મિક અનુભૂતિની સંપૂર્ણ પૂર્ણતા નથી હોતી. આધ્યાત્મિક અંતઃસ્ફુરણા એ હમેશાં વિવેક-બુદ્ધિના કરતાં વધારે પ્રકાશદાયક માર્ગદર્શન આપે છે, અને, તે, માત્ર બુદ્ધિ દ્વારા જ નહિ પણ આપણાં અન્ય અંગો દ્વારા, આપણાં હૃદય અને પ્રાણ દ્વારા પણ આપણી સમક્ષ રજૂ થાય છે. એટલે, આ બધાંયને જે ધ્યાનમાં લે અને તેમાં રહેલાં અનેક-માર્ગી સત્યોને એકતામાં સાંકળી લે તે જ જ્ઞાન પૂર્ણજ્ઞાન કહેવાય. અને બુદ્ધિ પણ જો માત્ર પોતાની જ સામગ્રીમાં સંકોચાઈ ના રહેતાં હૃદય અને પ્રાણનાં સત્યોને પણ સ્વીકારે અને તેમનું નિરપેક્ષ આધ્યાત્મિક મૂલ્યાંકન કરે તો ખુદ તેને પોતાને પણ વધારે ઊંડો સંતોષ પ્રાપ્ત થશે.

મીમાંસાપ્રિય બુદ્ધિની ખાસિયત હોય છે વિચારોના પ્રદેશમાં વિહરવાની, તથા આપણા જીવનમાં અને વ્યક્તિગત ચેતનામાં ભાગ ભજવતી, તે વિચારોની નક્કર રજૂઆતોને જતી કરીને, તેમને માટે એક જાતની અમૂર્ત વાસ્તવિકતા ઊભી કરવાની. આ નક્કર રજૂઆતોને ઓછામાં ઓછા અને સર્વસામાન્ય જાતના ખ્યાલોમાં ઉતારી લાવવાનું અને, જો શક્ય હોય તો, તેમને પણ પાછું એક આખરી અમૂર્તતાનું સૂક્ષ્મ સ્વરૂપ આપી દેવાનું તેનું વલણ હોય છે. નરી બુદ્ધિ જીવનથી દૂર ચાલ્યા જવાનો માર્ગ ગ્રહણ કરે છે. કોઈ પણ વસ્તુની કિંમત આંકવી હોય તો આપણી ઉપર થતી તેની અસરોને પડતી મૂકીને તથા, તેમની પાછળ ચાલ્યા જઈને, ત્યાં જે કાંઈ સર્વસામાન્ય અને બિન-વ્યક્તિગત સત્ય હોય તેને પામવાનો તે પ્રયત્ન કરે છે; આવા સત્યને તે વસ્તુનું એકમાત્ર સાચું સત્ય ગણવાનું, અથવા તો, તેને સત્યની ઉચ્ચ અને કાયમી શક્તિ ગણવાનું તે પસંદ કરે છે. તેની અસલ પ્રકૃતિ જ આવી હોવાથી તે જ્યારે જ્યારે આત્યંતિક નિર્ણય કરે ત્યારે ત્યારે કોઈ નરી વ્યક્તિત્વહીનતા અને નરી અમૂર્તતામાં જ જઈ ચડવાની. પ્રાચીન મીમાંસાઓ પણ ત્યાં જ જઈ ચડેલી છે. તેમણે પદાર્થ માત્રને ત્રણ અમૂર્તતામાં લાવી મૂક્યા : સત્, ચિત્ અને આનંદ; અને પછી, આમાંની પહેલી અમૂર્તતા ઉપર બાકીની બે આધારિત લાગવાથી એ બેને જતી કરવાનો તથા સર્વ કાંઈને એક એવા શુદ્ધ, નિરંજન, નિરાકાર અસ્તિત્વમાં લાવી મૂકવાનો પ્રયત્ન કર્યો કે જેમાંથી બીજું બધું જ ગાળી નાખવામાં આવ્યું હતું,—બધું જ,

બધાં જ નિરૂપણો, બધાં જ મહત્ત્વો, બધાં જ મૂલ્યો,– બાકી રાખ્યું હતું સત્, એકમાત્ર અસ્તિત્વ, અનંત અને અ-કાલ. પણ હજી આનાથી પણ આગળ એક પગલું બુદ્ધિએ ભરવું જોઈતું હતું,– અને બૌદ્ધમાર્ગીય મીમાંસાએ તે ભર્યું પણ ખરું. તેને જણાયું કે નર્યા અસ્તિત્વરૂપ આ સત્ એ પણ એક નિરૂપણ જ હતું; તેણે તેને પણ અમૂર્તતા આપી; અને છેવટે તેને મળી ગયું અનંત શૂન્ય કે જે હોય કાં તો એક નરી શૂન્યતા કે પછી એક સનાતન અવર્ણનીયતા.

આપણે જાણીએ જ છીએ કે હૃદય અને પ્રાણના ગુણધર્મ આના કરતાં તદ્દન વિરુદ્ધના છે. અમૂર્તતાઓમાં તેઓ રહી નથી શકતા. જે વસ્તુઓ નક્કર હોય કે જેમને ગ્રાહ્ય કરી શકાય તેમ હોય તેમનાથી જ તેમને સંતોષ થાય છે; બાબત ભૌતિક, માનસિક કે આધ્યાત્મિક હોય પણ તે દરેકમાં તેમના લક્ષ્યરૂપે કોઈ ભેદાભેદની તારવણીભરી ખોજ અને કોઈ બૌદ્ધિક અમૂર્તતાઓ નથી હોતી; તેમની ઝંખના હોય છે જીવંત રૂપે તે લક્ષ્યમય બની જવાની કે સચેતન રીતે તેને અને તેના આનંદને પામવાની. વળી તેઓ જેને પ્રત્યુત્તર આપે છે તે કોઈ હવાઈ માનસિકતાનો કે વ્યક્તિત્વહીન અસ્તિત્વનો સંતોષ નથી હોતો, પણ આપણામાં રહેલ કોઈ એવી સતતા, કોઈ એવા સચેતન પુરુષ (પછી ભલેને તે મર્યાદિત હોય યા અનંત હોય), તેવા સતતાનો આનંદ અને તેની સક્રિયતા હોય છે, કે જેને મન પોતાના અસ્તિત્વનો આનંદ અને સામર્થ્ય એ એક ચોખ્ખી વાસ્તવિકતા હોય છે. તેથી જ્યારે હૃદય અને પ્રાણ સર્વોચ્ચતા કે પરમ અનંતતાની ખોજ આદરે છે ત્યારે તેઓ કોઈ અમૂર્ત અસ્તિત્વ કે કોઈ અસ્તિત્વહીનતા, કોઈ શુદ્ધ સત્ કે કોઈ નિર્વાણને પામતાં નથી પણ કોઈ એક હયાત વસ્તુ, કોઈ સત્–પુરુષને પામે છે; માત્ર કોઈ સત્ કે ચેતનાને નહિ પણ એક સચેતન પુરુષ, ચૈતન્ય પુરુષને પામે છે, કોઈક તત્–સત્ના નર્યા, વ્યક્તિત્વહીન આનંદને નહિ પણ એક આનંદ–પૂર્ણ, અનંત સોઽહમ્‌ને પ્રાપ્ત કરે છે. વળી તેઓ પોતાની ચેતના અને આનંદને કોઈ નિર્ગુણ, લક્ષણહીન અસ્તિત્વમાં લીન કરીને પોતાનો લોપ કરી શકતાં નથી, પણ સત્, ચિત્ અને આનંદને એકત્ર રીતે પામવાનો આગ્રહ રાખે છે, કારણકે તેમની સર્વોચ્ચ શક્તિ છે અસ્તિત્વનો આનંદ, અને ચેતના વિના આનંદને પામી શકાય નહિ. આ જ છે ભારતના પ્રબળતમ પ્રેમધર્મના પરમ સ્વરૂપ–રૂપ, પૂર્ણ–આનંદમય, સર્વ–સૌંદર્ય–ધામ "શ્રીકૃષ્ણ"-નું રહસ્ય.

બુદ્ધિ પણ આવું વલણ સ્વીકારી શકે છે; પણ તો એ શુદ્ધ બુદ્ધિ રહેતી

નથી; તે પોતાની કલ્પનાશક્તિનો આશરો લે છે, તે શિલ્પી બની જાય છે, પ્રતીકો અને મૂલ્યોની સર્જક બની જાય છે, આધ્યાત્મિક કલાકાર અને કવિ બની જાય છે. તેથી, ચુસ્ત બૌદ્ધિક મીમાંસા જ્યારે સગુણ બ્રહ્મનો, દિવ્ય પુરુષનો સ્વીકાર કરે છે ત્યારે તેનો માત્ર એક પરમ, વૈશ્વિક પ્રતીક તરીકે જ સ્વીકાર કરે છે અને કહે છે કે તેનાથી પણ પર પરમ વાસ્તવિકતામાં ચાલ્યા જાઓ, એટલે છેવટે તમને નિર્ગુણ બ્રહ્મ, શુદ્ધ વ્યક્તિવિહીનતા મળશે. તેનો મુકાબલો કરતી મીમાંસા સગુણ બ્રહ્મને ચડિયાતો ગણે છે; તે કદાચ એમ કહેશે કે જે નિર્ગુણ છે એ તો સગુણ બ્રહ્મની આધ્યાત્મિક પ્રકૃતિનો માત્ર એવો પદાર્થ, એવી સામગ્રી છે કે જેમાંથી પોતાને વ્યક્ત કરતી સત્, ચિત્ અને આનંદની શક્તિઓને તે પ્રગટ કરે છે; નિર્ગુણ બ્રહ્મ એ તો માત્ર એક એવો ન-કારપણાનો દેખાવ છે કે જેમાંથી તે તેના સગુણાત્મક, સનાતન હકારપણાની કાલાધીન વિવિધતાઓને છૂટી મૂકયા કરે છે. આમ અહીં તદ્દન સ્પષ્ટ એવી બે અંધ પ્રેરણાઓ રહેલી છે, અથવા તો, (બુદ્ધિની બાબતમાં જો "અંધ પ્રેરણા" જેવો શબ્દ વાપરવાનું મન ના થતું હોય તો) એવી બે અંતર્ગત શક્તિઓ રહેલી છે કે જે એક જ વાસ્તવિકતાને, બ્રહ્મને, પોતપોતાની રીતે તપાસી રહી છે.

બુદ્ધિના ખ્યાલ અને તેની ભેદ પારખવાની શક્તિ તથા હૃદય અને પ્રાણની અભીપ્સાઓ અને તેમની નિકટ જવાની શક્તિ એ બંનેની પાછળ એવી વાસ્તવિકતાઓ રહેલી છે કે જેમને પહોંચવા માટેનાં તેઓ સાધનો છે. આધ્યાત્મિક અનુભૂતિ તેમને બંનેને સકારણ ઠરાવે છે; તેઓ જે દિવ્યતાની ખોજ કરે છે તે દિવ્યતાની નિરપેક્ષતાને તેઓ બંને પામે છે. તેમ છતાં, જો તેઓ એકબીજાનો વધારે પડતો અનાદર કરે તો, પોતપોતાનાં સહજ ગુણ અને વિશિષ્ટ કરણોની મર્યાદાઓને પ્રતાપે અંતરાય ઊભા થવાનો સંભવ રહે છે. એ તો અનુભવની વાત છે કે આપણા આ ભૌતિક જીવનમાં આપણે જો એકલાં હૃદય અને પ્રાણને જ અનુસરીએ તો તેઓ આપણને કોઈ પ્રકાશપૂર્ણ પરિણામ આપી શકતાં નથી; તો વળી, નરી બુદ્ધિ કાં તો હવાઈ, વેગળી કે વીર્યહીન થઈ જાય છે, અથવા તો વંધ્ય વિવેચક કે શુષ્ક યંત્રકાર-શી બની જાય છે. તેમનામાં પૂરતો મેળ બેસાડવો અને યોગ્ય સમાધાન સાધવું એ, આપણા માનસની તેમ જ આપણાં કર્મોની દૃષ્ટિએ એક અતિ વિકટ પ્રશ્ન છે.

સુમેળ અને સમાધાન સાધનારી શક્તિ તેમનાથી પર સ્ફુરણાત્મક જ્ઞાનના પ્રદેશમાં રહેલી છે. પણ બુદ્ધિને દોરતું સ્ફુરણાત્મક-જ્ઞાન એક છે તો હૃદય

અને પ્રાણને દોરતું સ્ફુરણાત્મક જ્ઞાન બીજું છે; તેથી જો અહીં પણ આપણે ગમે તે એક જ સ્ફુરણાત્મક જ્ઞાનને અનુસરીશું તો પહેલાંના કરતાં કાંઈ વધારે સારું પરિણામ નહિ આવે; આપણે પહેલાં ઊતરતી શક્તિઓ વડે જે જ્ઞાન મેળવતા હતા તેના કરતાં હવે વધારે નિકટનું સત્ય પામીશું ખરા પણ તે રહેવાનું તો અલગ અલગ જ. પણ સ્ફુરણાત્મક જ્ઞાનની શક્તિ આપણાં સર્વે કરણોને તટસ્થ રીતે પોતાનો લાભ આપી શકે છે (કારણકે ખુદ શરીરમાં પણ તેની આગવી અંતઃસ્ફુરણા રહેલી છે); આ હકીકત એમ દેખાડે છે કે અંતઃસ્ફુરણા એ કોઈ અલગતા–પ્રેમી શક્તિ નથી પણ સત્ય–શોધનની પૂર્ણતા–પ્રેમી શક્તિ છે. આપણે આપણી જાતનાં અલગ અલગ કરણમાં નહિ, કે તે બધાંનાં અલગ પરિણામોના એકત્ર સમૂહમાં રહીને નહિ પણ આ બધાં નિમ્ન કરણોથી ઉપર ચાલ્યા જઈને, ખુદ તેમના પ્રાથમિક આધ્યાત્મિક અંશોની પણ ઉપર ચાલ્યા જઈને, અંતઃસ્ફુરણાના પોતાના પ્રદેશમાં કે જે અનંત અને અપરિમેય સત્યનો પણ પોતાનો પ્રદેશ છે તેમાં, ऋतस्य स्वे दमे[1] (કે જ્યાં સર્વ અસ્તિત્વને પોતાની પૂર્ણ એકતા પ્રાપ્ત થાય છે) ત્યાં ચાલ્યા જઈને આપણી સમગ્ર જાતની અંતઃસ્ફુરણા સમક્ષ આપણો પ્રશ્ન રજૂ કરવાનો છે. પ્રાચીન વેદમાં[2] એક ઉદ્દ્ગાર છે: “ऋतेन ऋतमपिहितं ध्रुवं ...दश शता सह तस्थुस् तदेकम् ।” એટલે કે “એક એવું ધ્રુવ સત્ય છે કે જે સત્ય વડે ઢંકાએલું છે (એક એવું સનાતન સત્ય છે કે જે બીજાં, નિમ્ન અંતઃસ્ફુરણાઓ વડે પ્રાપ્ત થતાં, સત્ય વડે ઢંકાએલું છે); ત્યાં એક હજાર રશ્મિઓ એકત્ર થઈને ઊભેલી છે; તે એક છે.” આ ઉદ્દ્-ગારનો અર્થ પણ એ જ છે.

આધ્યાત્મિક અંતઃસ્ફુરણા હમેશાં સીધેસીધું સત્યને જ પકડી પાડે છે; તે આધ્યાત્મિક સાક્ષાત્કારનો પુરોગામી પ્રકાશ–દૂત છે; અથવા, તેનો સત્ય-દ્યોતક પ્રકાશ છે; આપણાં અન્ય કરણો જેની શોધખોળ માટે મથી રહ્યાં છે તે તેની નજર સમક્ષ ખડું હોય છે. તે આપણી બુદ્ધિની અમૂર્ત રજૂ-આતોની પાછળ રહેલા તથા હૃદય અને પ્રાણની ઘટનાત્મક રજૂઆતોની પણ પાછળ રહેલા, સુદૃઢ પડેલા સત્યને પકડી પાડે છે; તે સત્ય ન તો વાદળમાં વસતી અમૂર્તતા છે કે ન તો બહાર ફેંકાએલી નક્કરતા છે, પણ એક એવી બીજી જ વસ્તુ છે કે જેની નજરે આ બંને તો આપણી ચેતના સમક્ષ પ્રગટ થતાં તેનાં પોતાનાં માત્ર બે પાસાં છે. આપણાં કરણો સામસામે મેદાને પડવાનું છોડી દે અને ઊર્ધ્વનું માર્ગદર્શન સ્વીકારવા માંડે ત્યારે આપણી

---

૧. અને ૨. ઋગ્વેદ —અનુવાદક

સર્વાંગી અંતઃસ્ફુરણા આપણને સ્પષ્ટપણે દેખાડે છે કે આપણી સમસ્ત જાત એક જ સત્યની પાછળ પડેલી છે. વ્યક્તિત્વહીનતા એક સત્ય છે, અને વ્યક્તિ–સ્વરૂપ પણ એક સત્ય છે; તેઓ બંને એક જ સત્ય છે, કે જેને આપણી ચંચળ ચેતના બે જુદી જુદી બાજુઓથી જોઈ રહી છે. તેમાંની ગમે તે એક બાજુ સત્યની સંપૂર્ણ રજૂઆત કરી શકતી નથી; છતાં ગમે તે એક વડે આપણે તેને પહોંચી શકીએ છીએ ખરા.

એ સમગ્ર સત્યને એક બાજુએથી જોતાં એમ લાગી જાય છે કે જાણે કે એક વ્યક્તિત્વહીન, પરમ ચિંતન એ જ કર્તાહર્તા છે અને તેણે જ, પોતાનાં કાર્યને સરળ કરવા, ચિંતક નામની એક કલ્પના–કૃતિ ઊભી કરી છે; જાણે કે કામે લાગેલી એક વ્યક્તિત્વહીન, પરમ શક્તિએ કાર્યકર્તા નામની કલ્પના–કૃતિ ઊભી કરી છે; જાણે કે સક્રિય થએલ એક એવું વ્યક્તિત્વહીન અસ્તિત્વ છે કે જે એક અંગત વ્યક્તિ નામની કલ્પના–કૃતિને કામમાં લે છે, અને જાણે કે એણે જ સચેતન વ્યક્તિ–સ્વરૂપ અને વ્યક્તિગત આનંદ ધારણ કરેલાં છે. તો વળી, બીજી બાજુએથી જોતાં ચિંતક જ સાચો લાગે છે, કે જે એવાં ચિંતનોમાં પોતાની અભિવ્યક્તિ કરે છે કે જેની હયાતી તેના સિવાય સંભવે જ નહિ, અને જાણે કે ચિંતન વિશેનો આપણો સામાન્ય ખ્યાલ એ તો ચિંતકની પ્રકૃતિના સામર્થ્યનું પ્રતીક માત્ર છે; જાણે કે ઈશ્વર જ સંકલ્પ, અને શક્તિ અને સામર્થ્ય વડે પોતાને વ્યક્ત કરી રહ્યો છે; જાણે કે પરમ સ્વયંભૂ જ પોતાનાં સત્, ચિત્ અને આનંદનાં આ બધાં, આખાં અને અધૂરાં, સવળાં, અવળાં અને વિરૂપ રૂપો દ્વારા પોતાની જાતને વિસ્તારી રહ્યો છે, અને આ બધાં અંગેનો આપણો અમૂર્ત, સામાન્ય ખ્યાલ એ તો જાણે કે તેની પોતાની પ્રકૃતિમાં રહેલી ત્રિ–વિધ શક્તિની બૌદ્ધિક રજૂઆત માત્ર છે. તેથી, અહીં, સર્વ વ્યક્તિત્વહીનતા એ એક કલ્પના–કૃતિ થઈ જતી લાગે છે અને અસ્તિત્વની દરેક ગતિ તથા તેનો કણેકણ એ, એકમાત્ર–છતાં અસંખ્ય–પરમ વ્યક્તિ–સ્વરૂપનાં, અનંત દેવતાનાં, આત્મ–જાગ્રત અને આત્મ – વિસ્તરતા પુરુષનાં માત્ર જીવન, સત્, ચિત્ અને આનંદ જ બની જતાં લાગે છે. આ બંને દૃષ્ટિ સાચી છે; ખોટો છે માત્ર આપણો કલ્પના–કૃતિનો ખ્યાલ; એ આપણે આણી લાવ્યા છીએ આપણા પોતાના બૌદ્ધિક કારખાનામાંથી; એને જ આપણે દેશવટો દેવાનો છે અને પછી બંનેને પોત-પોતાની સત્યતા આપવાની છે. સમગ્રતા ઝંખતા સાધકે આવા જ્ઞાનના પ્રકાશમાં પ્રત્યક્ષ કરવાનું છે કે આ બંને માર્ગે, એક જ પરમ સત્યને એક પછી એક, અથવા તો એકસાથે જ તે મેળવી શકે તેમ છે,– જાણે કે એક જ

ધરી સાથે જોડાએલાં બે પૈડાં, બે સમાંતર પાટા પર આગળ વધી રહેલાં છે; અને એ બે સમાંતર પાટા બુદ્ધિની તાર્કિકતાને તોડીને, પણ એકતાના પોતાના આંતરિક સત્યને શિરોમાન્ય કરીને અનંતતાને આરે એક થઈ જાય છે.

ભગવાનના દિવ્ય વ્યક્તિ–સ્વરૂપને આપણે આ રીતે જોવાનું છે. આપણે જ્યારે વ્યક્તિ–સ્વરૂપની વાત કરીએ છીએ ત્યારે, સૌથી પહેલાં તો આપણને કોઈક મર્યાદિત, બાહ્ય અને અન્યથી અલગ વસ્તુનો ખ્યાલ આવે છે, અને ભગવાન નામની વ્યક્તિનો આપણો ખ્યાલ પણ આવી જ જાતનો કાચો ખ્યાલ રહે છે. આપણું પોતાનું વ્યક્તિત્વ એ પણ આપણને શરૂઆતમાં એક, મર્યાદિત મન, શરીર અને વિશિષ્ટતાવાળા એક અલગ માનવ (કે જેને આપણે એક "વ્યક્તિ" માનીએ છીએ) તરીકેનો એક નિશ્ચિત કદ–માપનો પિંડ લાગે છે; આ વ્યક્તિત્વ ખરેખર તો હમેશાં બદલાતું જ રહેતું હોય છે, પણ તેમાં સ્થિર તત્ત્વ પણ એટલું તો હોય છે જ કે જેથી કરીને તેનો નિશ્ચિતતાનો ખ્યાલ વ્યવહારમાં વાજબી લાગે છે. આપણે ભગવાનને પણ આવી જ, બીજી વ્યક્તિઓના કરતાં અલગ એવી એક વ્યક્તિ, પણ દેહ વિનાની, છતાં નિશ્ચિત લક્ષણોવાળાં મન અને વિશિષ્ટતાવાળી વ્યક્તિ કલ્પીએ છીએ. શરૂઆતમાં, જ્યારે આદિ–માનવ જેવા ખ્યાલ હોય ત્યારે દેવતાઓ અસ્થિર, તરંગી અને ધૂની, માણસની જ મોટી આવૃત્તિ જેવા લાગે છે; પણ પછીથી આપણે ભગવાનના વ્યક્તિત્વની પ્રકૃતિમાં નિશ્ચિત કદ–માપની કલ્પના કરીએ છીએ અને જે ગુણ આપણને દિવ્ય અને આદર્શરૂપ લાગે તેનું જ તેમાં આરોપણ કરીએ છીએ તથા અન્ય ગુણોને બાકાત કરી નાખીએ છીએ. આવી કાપકૂપના પરિણામે બીજા સર્વે ગુણો શયતાનને નામે ચડાવી દેવાનું અનિવાર્ય બને છે; અથવા તો, આપણે જેને દુષ્ટતા કહીએ એવા ગુણોને માટેની અસલ અને સર્જકશીલ પાત્રતા માનવમાં ઊભી કરવી પડે છે; અથવા તો જ્યારે એમ લાગે કે આ પણ બરાબર બંધ નથી બેસતું ત્યારે "કુદરત" નામની વસ્તુ ઊભી કરવી પડે છે અને ભગવાનને નામે ન ચડાવવા જેવા સર્વે ગુણો અને કર્મોનો ભાર તેને માથે ચડાવવો પડે છે તેનાથી ઊંચી કક્ષાએ જતાં, ભગવાન પર આરોપિત માનસ અને વિશિષ્ટતાઓ માનવીય નહિ રહેવાથી આપણે તેને એક અનંત આત્મતત્ત્વ ગણવા માંડીએ છીએ; છતાં તેને એક અલગ, સ્વતંત્ર વ્યક્તિ જ ગણીએ છીએ અને અમુક નિશ્ચિત દિવ્ય ગુણોથી વિભૂષિત એક આત્મા તરીકે સ્વીકારીએ છીએ કે જે જુદા જુદા ધર્મોમાં વ્યક્તિરૂપ ભગવાન તરીકે વિવિધ સ્વરૂપો ધારણ કરે છે.

પહેલી નજરે એમ લાગે પણ ખરું કે આ બધાંનાં મૂળમાં, દેવદેવીઓમાં માનવ-ગુણધર્મોનું આરોપણ કરવાની વૃત્તિ પડી છે અને પછીથી તેણે તેમનો એવો બૌદ્ધિક ખ્યાલ ઊભો કર્યો છે કે જે દશ્ય જગતની હકીકતો સાથે બંધબેસતો નથી થતો. આવા ખ્યાલને ચિંતનપ્રધાન અને સંશયવાદી ભેજાંઓએ વગર મુશ્કેલીએ ઉડાડી મૂક્યો હોય તો તેમાં નવાઈ પામવા જેવું નથી; આ માટે તેઓ કાં તો વ્યક્તિરૂપ ભગવાનનો જ ઇન્કાર કરે તથા કોઈક વ્યક્તિત્વહીન શક્તિનો અથવા આવિર્ભાવનો સ્વીકાર કરે, અથવા તો, કોઈક વ્યક્તિત્વહીન અસ્તિત્વનો સ્વીકાર કરીને કે અસ્તિત્વ માત્રનો ઇન્કાર કરીને બીજા બધાંને માયારૂપ પ્રતીકો ગણી કાઢે અથવા કાલ-ચેતનામાં બનતાં ઘટનાત્મક સત્યો ગણી કાઢે એમ પણ બને. પણ આ બધાં તો એકેશ્વરવાદે ઊભાં કરેલાં વ્યક્તિ-સ્વરૂપો છે. જ્યારે અનેકેશ્વરવાદી ધર્મોને એમ લાગે છે (આવા ધર્મો કદાચ બહુ ઉન્નત નહિ હોય પણ વધારે વિશાળ હોય છે અને વિશ્વ-જીવન પ્રત્યે વધારે સંવેદનશીલ પણ હોય છે) કે વિશ્વમાંની દરેક બાબતનું મૂળ ભગવાન છે; એટલે તેમણે એવાં અનેક દેવદેવીઓમાં માનવાનું શરૂ કર્યું કે જેમની પાછળ વ્યાખ્યાથી પર એવા એક ભગવાનનો ઝાંખો ઝાંખો ખ્યાલ હતો; વળી એ ભગવાનના આ દેવદેવીઓ સાથેના સંબંધો અંગેનો તેમનો ખ્યાલ તદ્દન સ્પષ્ટ નહોતો. વળી આ દેવદેવીઓનાં વધારે બાહ્ય સ્વરૂપો ગ્રામ્ય હોઈ માનવ-ગુણધર્મવાળાં જ હતાં; પણ તેમની અંદર રહેલ આધ્યાત્મિક અંશ જ્યારે સુ-સ્પષ્ટ બન્યો ત્યારે એ બધાં વિવિધ દેવદેવીઓ એ એક જ ભગવાનનાં વિવિધ વ્યક્તિત્વો બની રહ્યાં, (પ્રાચીન વેદનું આ સુવિદિત દૃષ્ટિબિંદુ છે). આ ભગવાન એક એવી પરમ સત્તા હોઈ શકે કે જે પોતાને વિવિધ દિવ્ય વ્યક્તિ-સ્વરૂપો તરીકે પ્રગટ કરી શકે અથવા એક એવા વ્યક્તિત્વહીન અસ્તિત્વ તરીકે પ્રગટ કરી શકે કે જે માનવ-મનની સમક્ષ આ વિવિધ સ્વરૂપે રજૂ થતી હોય. અથવા તો, આ બંને મત, કોઈ પણ જાતના બૌદ્ધિક સમાધાનની જરૂર વિના, એકસાથે પણ સ્વીકારી શકાય છે; કારણકે આધ્યાત્મિક અનુભૂતિમાં બંનેને સત્ય તરીકે અનુભવી શકાય છે.

ભગવાનના વ્યક્તિ-સ્વરૂપ વિશેના આ ખ્યાલોને જો આપણે બુદ્ધિની વિવેકશક્તિને આધીન કરીશું તો, આપણા અંગત વલણ અનુસાર તેમને કાં તો કલ્પના-કૃતિઓ તરીકે કે પછી ચિત્તને સંતોષતાં પ્રતીકો તરીકે ગણી કાઢવાનું મન થશે; અને એ બેમાંથી ગમે તેનો સ્વીકાર કરીએ તોપણ, જે પોતે વ્યક્તિસ્વરૂપ છે જ નહિ પણ સોએ સો ટકા વ્યક્તિત્વહીન જ છે તેનો આપણે એક સંવેદનશીલ વ્યક્તિ તરીકે પાડેલો તે એક પડઘો છે એમ

તો લાગી જ જશે. આપણે એમ કહી શકીએ કે તે "તે" તત્, એ ખરી રીતે તો આપણા માનવપણા અને વ્યક્તિપણાના કરતાં બિલકુલ વિરુદ્ધની વસ્તુ છે, અને તેથી તેની સાથે કોઈ પણ જાતનો સંબંધ બાંધવા માટે આવી માનવીય કલ્પનાઓ અને આવાં વ્યક્તિગત પ્રતીકો ઊભાં કરવાની આપણને ફરજ પડે છે કે જેના વડે આપણે તેને આપણી વધારે સમીપ લાવી શકીએ. પણ આનો નિર્ણય તો માત્ર આધ્યાત્મિક અનુભૂતિને આધારે જ આપી શકાય; અને એક પૂર્ણ, આધ્યાત્મિક અનુભૂતિ થતાં આપણને જણાય છે કે આ બધી માત્ર કલ્પનાઓ કે પ્રતીકો નથી, પણ, (આપણે કરેલી તેમની આવી રજૂઆતો ભલે ગમે તેટલી અપૂર્ણ હોય તે છતાં) તાત્ત્વિક રીતે તો તેઓ દિવ્ય સત્તાનાં સત્યો જ છે. ખુદ આપણા પોતાના વ્યક્તિત્વ અંગેનો આપણો પ્રાથમિક ખ્યાલ એ પણ કાંઈ એક નરી ભૂલ નથી, પણ એક એવો અધૂરો અને ઉપરછલ્લો ખ્યાલ છે કે જેમાં ઘણી માનસિક ભૂલો ઘૂસી ગએલી છે. ઊર્ધ્વ આત્મ-જ્ઞાનમાં આપણને દેખાય છે કે મૂળમાં આપણે કોઈ શક્તિઓ અને ગુણધર્મોનું આકાર પામેલું એક એવું પૂતળું નથી કે જેમાં આ બધાં સાથે પોતાને એકરૂપ ગણતો કોઈક સચેતન "હું" આવી બેઠો હોય (જોકે શરૂઆતમાં તો આપણને આમ જ લાગતું હોય છે). આ તો આપણી ચંચળ ચેતનાની સપાટી ઉપરની, આંશિક જાતની માત્ર એક કામચલાઉ હકીકત જ છે,– અને છતાં હકીકત છે. અંતરમાં આપણને એક એવી અંતહીન જાત જાણવા મળે છે કે જેમાં સર્વે ગુણોની, અનંત ગુણોની શકયતા ભારેલી પડી છે, અને તેમને ગમે તેટલી રીતે જોડવાનું શકય છે; અને એમ જોડાએલો દરેક સમૂહ તે આપણી જાતનો એક એક આવિર્ભાવ હોય છે. કારણકે આવું એક એક સમગ્ર વ્યક્તિત્વ એ એક પરમ વ્યક્તિનો, એટલે કે પોતાના આવિર્ભાવ વિશે સચેતન એવી એક સત્તાનો આત્મ આવિર્ભાવ છે.

પણ આપણે એ પણ જોઈએ છીએ કે આ સત્તા અનંત ગુણોથી પણ રચાએલી લાગતી નથી, પણ તેને પોતાની જટિલ વાસ્તવિકતાની એક એવી અવસ્થા છે કે જેમાં તે, તે ગુણોમાંથી પાછી હટી જઈને નિર્દેશ ન કરી શકાય તેવું એક સચેતન અસ્તિત્વ, અનિર્દેશ્યતા, अनिर्देश्यम् બની જતી લાગે છે. ખુદ ચેતના, ચિત્, પણ હટી જઈને માત્ર એક કાલાતીત, શુદ્ધ અસ્તિત્વ, સત્, જ બાકી રહી જતું લાગે છે. વળી, આપણી સત્તા-નું ખુદ આ શુદ્ધ આત્મ-સ્વરૂપ પણ એક વિશિષ્ટ કક્ષાએ ખુદ પોતાની વાસ્તવિકતાનો પણ ઇન્કાર કરતું લાગે છે, અથવા કોઈ એક આત્મહીન

અને સ્થાનહીન, અનાત્મ્ય અને અનિલયન[3] અજ્ઞેયમાંથી થતું પ્રસારણ લાગે છે કે જેનો આપણે એક નામહીન "કાંઈક" તરીકે અથવા એક શૂન્ય તરીકે ખ્યાલ કરીએ છીએ. એક માત્ર આમાં જ જ્યારે આપણે નિશ્ચલ થઈ જઈએ અને, તે જેમાંથી પાછું હઠી ગયું છે તે બધું જ ભૂલી જઈએ ત્યારે જ આપણે શુદ્ધ વ્યક્તિત્વહીનતાને અથવા ખાલી શૂન્યતાને પરમ સત્ય કહીએ છીએ. પણ વધારે પૂર્ણતાભરી રીતે જોતાં દેખાય છે કે પેલું પરમ વ્યક્તિ-સ્વરૂપ અને તેનું વ્યક્તિત્વ અને તેણે જે કાંઈ પ્રગટ કરેલું તે પોતે જ ઉપર ફેંકાઈ અને ફેલાઈ જઈને પોતાની આ અ-વ્યક્ત નિરપેક્ષતા બની ગએલું છે. અને જો આપણે આપણા હૃદયને તેમ જ આપણા તર્ક-પ્રધાન મનને આ સર્વોચ્ચતા સુધી ઊંચે ઉઠાવી જઈ શકીએ તો આપણ-ને જણાશે કે આપણે તેને શુદ્ધ વ્યક્તિ-સ્વરૂપ દ્વારા તેમ જ એક નિરપેક્ષ વ્યક્તિત્વહીનતા દ્વારા પણ પહોંચી શકીએ છીએ. પણ આ બધું આત્મ-જ્ઞાન એ વિશ્વમય બનેલા ભગવાનનાં સત્યનું આપણી અંદર ઊઠતું એક પ્રતિબિંબ માત્ર છે. ત્યાં પણ આપણને ભેટો તો તેનો જ થાય છે, તેનો જ, દિવ્ય વ્યક્તિત્વના વિવિધ આકારોમાં, અને, ગુણોની એવી રચનાઓમાં કે જે આપણી સમક્ષ, તેની પ્રકૃતિ દ્વારા, તેને જ રજૂ કરે છે; અને અનંત ગુણોમાં એ અનંત ગુણનો જ ભેટો થાય છે; તો વળી અનંત ગુણ દ્વારા પોતાને વ્યક્ત કરતા દિવ્ય પુરુષમાં પણ તેનો જ ભેટો થાય છે; અને તેનો જ ભેટો થાય છે નિરપેક્ષ વ્યક્તિત્વહીનતામાં, નિરપેક્ષ અસ્તિત્વમાં, કે એક એવી નિરપેક્ષ અસ્તિત્વ-શૂન્યતામાં કે જે સદાય આ જ દિવ્ય પુરુષની અવ્યક્ત નિરપેક્ષતા હોય છે, જે આ જ સચેતન પુરુષ હોય છે, કે જે આપણી દ્વારા અને વિશ્વ દ્વારા પોતાને જ પ્રગટ કરતો હોય છે.

ખુદ વિશ્વના વિસ્તારમાં પણ આ બેમાંથી ગમે તે એક પાસા દ્વારા આપણે ભગવાનને રસ્તે આગળ વધતા હોઈએ છીએ. ભગવાન એ સત્ય છે, ન્યાય, સદાચાર અને શક્તિ છે, પ્રેમ, આનંદ અને સૌંદર્ય છે એમ આપણે વિચારીએ, અનુભવીએ અને કહીએ પણ ખરા; આપણે તેને વિશ્વ-વ્યાપી શક્તિ તરીકે અને વિશ્વવ્યાપી ચેતના તરીકે પણ જોઈએ. પણ આ તો તેનો માત્ર અમૂર્ત રીતનો અનુભવ છે. આપણે પોતે પણ જેમ ગુણો કે શક્તિઓની અમુક સંખ્યા માત્ર નથી, કે નથી કોઈ ચિત્ત-શાસ્ત્રીય વસ્તુ-ઓનો જથ્થો, પણ એક એવી જાત કે વ્યક્તિ છીએ કે જે આ બધાં દ્વારા પોતાની પ્રકૃતિને વ્યક્ત કરે છે, એ જ પ્રમાણે ભગવાન પણ એક સચેતન

3. તૈત્તિરીય ઉપનિષદ

જાત છે, એક પરમ વ્યક્તિ છે, પુરુષોત્તમ છે, કે જે પોતાની પ્રકૃતિને પેલા ગુણો દ્વારા આપણી સમક્ષ વ્યક્ત કરે છે. અને તેની પ્રકૃતિના વિવિધ સ્વરૂપ દ્વારા આપણે તેની આરાધના કરી શકીએ છીએ; ન્યાય અને ધર્મના અધિષ્ઠાતા રૂપ, પ્રેમ અને દયાના સાગરરૂપ, શાંતિ અને શુદ્ધિના દાતારૂપ ભગવાનને પૂજી શકીએ છીએ. પણ આ ઉપરાંત પણ તેની પ્રકૃતિના એવા બીજા ગુણો છે કે જેને આપણે આ આપણા પૂજાપાત્ર વ્યક્તિ-સ્વરૂપમાંથી બાકાત રાખેલા છે. જો આધ્યાત્મિક દૃષ્ટિ અને અનુભૂતિની સાથે અડગ હિંમત પણ રાખી શકાય તો વધારે રુદ્ર અને ભયાનક સ્વરૂપમાં પણ તેનો ભેટો કરી શકાય છે; આમાંનું કોઈ ભગવાનનો સંપૂર્ણ સમાવેશ નથી કરતું; તેમ છતાં તેના વ્યક્તિત્વનાં આ બધાં એવાં સ્વરૂપો, તેનાં એવાં વાસ્તવિક સત્યો છે કે જેનો આશરો લઈને તે આપણને આવી મળે છે અને આપણી સાથે એવો વ્યવહાર કરે છે કે જાણે તેના સિવાયનું બીજું બધું તેણે ત્યજી દીધું હોય. તે દરેક સ્વરૂપમાં અલગ અલગ રીતે તે રહેલો છે તો બધાં સ્વરૂપમાં એકસાથે પણ રહેલો છે. તે વિષ્ણુ છે, કૃષ્ણ છે, કાલી છે; તે આપણને ક્રાઈસ્ટનાં માનવ-સ્વરૂપે, તો બુદ્ધનાં પણ માનવ-સ્વરૂપે દર્શન દે છે. આપણને શરૂઆતમાં જે અલગ અને એકાગ્ર દર્શન લાધ્યું હોય તેની પાછળ નજર નાખતાં, વિષ્ણુની પાછળ શિવનું અને શિવની પાછળ વિષ્ણુનું સમગ્ર સ્વરૂપ આપણને દેખાય છે. એ જ છે અનંત ગુણ અને એ જ છે અનંત દિવ્ય પુરુષ કે જે તેની દ્વારા પોતાને જ પ્રગટ કરે છે. તો વળી એ એક નરી આધ્યાત્મિક વ્યક્તિત્વહીનતામાં વિલીન થઈ જતો કે ખુદ વ્યક્તિત્વહીન આત્મ-તત્ત્વના બધા ખ્યાલથી પણ પર થઈ જતો લાગે છે, અને આધ્યાત્મિકતા ભરેલા નાસ્તિકવાદ કે અજ્ઞેયવાદને પણ સકારણ ઠરાવતો લાગે છે; તે માનવ-મન માટે અ-નિર્દેશ્ય, અવર્ણનીય બની જાય છે. તેમ છતાં, અહીં પ્રગટ થયેલ સચેતન સત્તા, દિવ્ય પુરુષ આ અજ્ઞેયમાંથી જ બોલી ઊઠે છે: "આ પણ હું જ છું; અહીંયાં, મનની દૃષ્ટિને પેલે પાર પણ, હું "તે" છું. પુરુષોત્તમ છું."

કારણકે, બુદ્ધિની ભેદ-દૃષ્ટિ અને વિરોધ-દૃષ્ટિને પેલે પાર એક પ્રકાશ છે અને ત્યાં સત્યનું એક એવું દર્શન સન્મુખ થઈ રહે છે કે જે આપણી બુદ્ધિ-પ્રેર્યાં આવાં સ્વરૂપોમાં પણ વ્યક્ત થવાના પ્રયત્ન કરે. ત્યાં તો આ બધાં સત્યોનું પણ એક જ સત્ય છે; કારણકે ત્યાં દરેક સત્ય અન્ય સર્વે સત્યોમાં મોજૂદ હોય છે અને અન્ય સર્વે સત્યો દ્વારા સકારણ બનતું હોય છે. એ પ્રકાશમાં આપણી આધ્યાત્મિક અનુભૂતિ એક, એકરૂપ અને સળંગ

બની રહે છે; ત્યાં એક વાળ જેટલો પણ વાસ્તવિક ભેદ નથી રહેતો; અને નથી રહેતો, વ્યક્તિત્વહીનની ખોજ અને વ્યક્તિ-સ્વરૂપની આરાધનાની વચ્ચે, કે જ્ઞાનયોગ અને ભક્તિયોગની વચ્ચે ચઢિયાતા-ઊતરતા ભાવનો આછો સરખો ઓછાયો.

## પ્રકરણ : ૬

# પ્રભુનો આનંદ

તો આવો છે ભક્તિનો માર્ગ અને આવું છે ઉચ્ચતમ, વિશાળતમ અને પૂર્ણતમ જ્ઞાનમાં, તેનું સ્થાન. અને હવે આપણે એ પણ જોઈ શકીશું કે પૂર્ણયોગમાં તેનું સ્વરૂપ અને સ્થાન કેવું હશે. યોગનું અસલ સ્વરૂપ એટલે : પ્રભુનાં અમર સત્, ચિત્ અને આનંદ સાથે આત્માનું મિલન; તે હોય માનવ-પ્રકૃતિ દ્વારા સધાએલું; અને તેનું પરિણામ હોય, આપણે મનમાં કલ્પી શકીએ અને આધ્યાત્મિક યત્નમાં સાક્ષાત કરી શકીએ તેટલા પ્રમાણમાં, આપણી જાતનો દિવ્ય પ્રકૃતિમાં પલટો (પછી ભલેને હોય તે ગમે તેવા સ્વરૂપનો). આપણે પ્રભુને જેવો જોઈશું અને જેની ઉપર આપણા યત્નોને એકાગ્ર કરીશું તેવા જ આપણે બની જઈશું, કે તેની જ સાથે આપણે કોઈક જાતની એકતા સાધીશું, અથવા ઓછામાં ઓછું, તેની સાથે એકરાગ અને એકતાલ તો થઈશું જ. તેના સર્વોત્તમ સ્વરૂપને સુસ્પષ્ટ રીતે રજૂ કરતાં પ્રાચીન ઉપનિષદ[1] કહે છે : " જે કોઈ તેને પરમ સત્ તરીકે જુએ છે તે, તે સત્-રૂપ બની જાય છે અને જે કોઈ તેને પરમ અ-સત્ તરીકે જુએ છે તે, તે અસત્-રૂપ બની જાય છે." અને એટલી જ સાચી વાત છે ભગવાનનાં અન્ય સ્વરૂપોની; એમ કહી શકાય કે એ જ છે દેવત્વનું તાત્ત્વિક તેમ જ વ્યવહાર-લક્ષી સત્ય. જે આપણાથી પર છે એ, ખરેખર તો, આપણી અંદર આવી વસેલું છે જ; પણ હજી આપણા માનવ-અસ્તિત્વમાં આપણે તે પ્રગટ-રૂપે બનેલા નથી, અથવા તો જરાતરા જ બનેલા છીએ; પણ આપણને તે જેવું દેખાય તેવું આપણે તેને આપણી સચેતન પ્રકૃતિમાં અને જાતમાં ઊભું કરી શકીએ છીએ અને પ્રત્યક્ષ પણ કરી શકીએ છીએ, અને, વિકાસ પામતાં પામતાં, તેનામય પણ બની શકીએ છીએ; તેથી જ એ ભગવાનનું આપણી અંદર વ્યક્તિગત રીતે સર્જન કરવું અથવા તેને પ્રગટ કરવું અને તેની વિશ્વવ્યાપકતામાં અને પરાત્પરતામાં વિકાસ પામવું એ જ છે આપણું આધ્યાત્મિક નિર્માણ. અથવા તો, આપણી નિર્બળ પ્રકૃતિને

---

૧. કઠોપનિષદ — અનુવાદક

આ નિર્માણ અતિશય ઊંચું લાગતું હોય તોપણ, તેને પહોંચવું, ઝીલવું અને તેની સુદૃઢ સાથે રીતે જોડાવું એ તો એક સમીપનું અને શક્ય શિખર છે જ.

આપણે જેની વાત હાથ ધરી છે તે આ સમન્વય સાધતા યોગના, એટલે કે પૂર્ણયોગના ધ્યેય તરીકે ભગવાનનાં સત્, ચિત્, અને આનંદ સાથે જે એકરૂપતા સાધવાની છે તે આપણી માનવ–પ્રકૃતિનાં બધાં જ અંગો દ્વારા અલગ અલગ સાધીએ કે એકસાથે સાધીએ, પણ છેક છેવટે તો એ બધાંયમાં સુમેળ સાધવાનો છે અને તેમને એકત્ર કરી નાખવાનાં છે કે જેથી કરીને સમગ્ર જાતનું દિવ્ય પ્રકૃતિમાં રૂપાંતર થઈ જાય. પૂર્ણ દૃષ્ટિવાળા સાધકને આનાથી ઊતરતી કોઈ પણ વસ્તુથી સંતોષ થઈ શકે જ નહિ, કારણકે તેની નજર તો માત્ર તેની જ ઉપર હોઈ શકે કે જે, તે આધ્યાત્મિક રીતે મેળવવા મથે છે, અને, શક્ય તેટલે અંશે, તેનામય બની જવા ઇચ્છે છે. પોતાની માત્ર જ્ઞાનપિપાસા વડે, કે માત્ર સંકલ્પશક્તિ વડે, કે માત્ર હૃદય વડે નહિ પણ આ બધાંને સમાન રીતે સાથે રાખીને તથા સમગ્ર મનોમય તેમ જ પ્રાણમય જાત વડે તે ભગવાનને પામવાની અભીપ્સા રાખે છે અને તે દરેકની પ્રકૃતિને દિવ્ય પ્રકૃતિમાં પલટી નાખવા મથે છે. અને ભગવાન તો પોતાનાં અનેક સ્વરૂપે અને અનેક રીતે આપણને આવી મળે છે, અને એ દરેક વખતે (તેમ જ જ્યારે આપણને હાથતાળી દઈ સરકી જતો લાગે ત્યારે પણ) આપણને મોહી રહ્યો હોય છે; વળી, પ્રભુ–પ્રાપ્તિની શક્યતા સ્વીકારવામાં તથા તેમાં નડતા અંતરાયો–રૂપ રમતને પાર પાડવામાં જ માનવ–જીવનનું બધું રહસ્ય અને મહત્તા છુપાએલાં છે; તેથી તેની આ દરેકેદરેક રીતની સર્વોચ્ચ અવસ્થામાં પહોંચી જઈને, અથવા તે બધાંની એકતા સાધીને (અલબત્ત, તેમની એકતા મેળવવાનું રહસ્ય હાથ લાગે તો જ) આપણે તેનો પીછો પકડવાની, તેને શોધી કાઢવાની અને તેને પકડી પાડવાની અભીપ્સા રાખવાના જ. તેને વ્યક્તિત્વ વિનાની અવસ્થામાં છુપાઈ જવાની ટેવ છે તો આપણે તેની એ વ્યક્તિત્વ–વિહીનતાનો તથા તેના આનંદનો જરૂર પીછો પકડીશું; પણ એ આપણા વ્યક્તિ–સ્વરૂપમાં, તેમ જ માનવ અને ભગવાન વચ્ચેના વ્યક્તિગત સંબંધ દ્વારા પણ આપણને આવી જ મળે છે, તેથી તેનો પણ આપણે ઇન્કાર કરવાના નથી; આપણે તો બંનેનો, પ્રેમ અને આનંદભરી રમતનો તેમ જ તેના અકથનીય અદ્વૈતનો પણ સ્વીકાર કરીશું.

જ્ઞાન વડે આપણે ભગવાન સાથે જે અદ્વૈત ઝંખીએ છીએ તે તેના સત્‌માં, તેની સચેતન સત્તામાં હોય છે; કર્મો વડે પણ આપણે ઝંખીએ

છીએ તો ભગવાન સાથેની જ અને તેની સચેતન સત્તામાં જ એકતા; પણ તે સુસ્થિર નહિ પણ સક્રિય હોય છે, ભગવાનના દિવ્ય સંકલ્પ સાથેની સચેતન એકતા હોય છે; પણ પ્રેમ વડે જે એકતા ઝંખીએ છીએ તે હોય છે તેની સત્તાના સમસ્ત આનંદમાં એકતા. તેથી જ પ્રેમમાર્ગની કેટલીક પ્રારંભિક ક્રિયાઓ ભલે ગમે તેટલી સાંકડી લાગતી હોય તેમ છતાં અંતમાં તો, બીજા કોઈ પણ યોગમાર્ગના હેતુઓ કરતાં તેના હેતુઓને વધારે સર્વ-ગ્રાહક બનવાનું અપરિહાર્ય છે. જ્ઞાનમાર્ગ સહજ રીતે જ વ્યક્તિત્વહીનતા અને નિરપેક્ષતા તરફ વળે છે; અને બીજાઓથી તરત જ અલગ પડી જાય પણ ખરો. એ ખરું કે આમ બનવું જ જોઈએ એમ નથી; ભગવાનની સચેતન સત્તા જો પરાત્પર અને નિરપેક્ષ છે તો વિશ્વરૂપ અને વ્યક્તિરૂપ પણ છે જ, અને તેથી અહીં પણ અદ્વૈતના સર્વાંગી સાક્ષાત્કારની શક્યતા છે (અને તેમ થવું પણ જોઈએ); અને એ માર્ગે પણ પરાત્પર સાથેના અદ્વૈતના કરતાં જરા પણ અધૂરી નહિ એવી, વિશ્વવ્યાપી ભગવાન સાથેની તેમ જ માનવરૂપ ભગવાન સાથેની એકતા પણ આપણે સાધી જ શકીએ છીએ. પણ તો ય એમ કરવાનું ફરજિયાત નથી. કારણકે એમ કહી શકાય કે જ્ઞાનમાં ઊર્ધ્વ જ્ઞાન પણ છે અને નિમ્ન જ્ઞાન પણ છે, ઊર્ધ્વ આત્મ-જાગ્રતિ છે અને નિમ્ન આત્મ-જાગ્રતિ પણ છે; વળી એમ પણ કહી શકાય કે: "જથ્થાબંધ જ્ઞાનનો ભાર જતો કરીને માત્ર જ્ઞાનના શિખરે પહોંચવું એ જ વધારે સારું છે; પસંદ કરવા જેવી રીત પૂર્ણતાની નહિ પણ અલગ-તાની છે"; અથવા તો, માનવ-જાત સાથેના અને વિશ્વલીલા સાથેના સર્વ સંબંધોના ત્યાગને વાજબી ઠરાવવા માયાવાદ પણ ઊભો કરી શકાય છે. કર્મમાર્ગ પણ આપણને એવી પરાત્પરતામાં લઈ જાય છે કે જેની ચિદ્-શક્તિ એક સંકલ્પરૂપે આપણામાં અને સર્વમાં એકસરખી, આ વિશ્વમાં પ્રગટ થઈ રહી છે, અને જેની સાથેના અદ્વૈતને પરિણામે, અને એ અદ્વૈત-ની શરતોના જ ભાગરૂપે, આપણે સર્વાત્મારૂપ, વિશ્વાત્મારૂપ અને વિશ્વના સ્વામીરૂપ ભગવાનની સાથે પણ એકતા પામીએ જ છીએ. આથી એમ પણ લાગે કે અદ્વૈતના આપણા સાક્ષાત્કારમાં એક જાતની સર્વાંગતાને દાખલ કરવી જ પડવાની. પણ આમ બનવું કાંઈ તદ્દન અનિવાર્ય નથી. કારણકે આવા હેતુને પરિણામે વ્યક્તિત્વથી પૂરેપૂરા પર થઈ જવાનું વલણ આવે પણ ખરું; અને કદાચ વિશ્વવ્યાપી ભગવાનની લીલામાં સતત સામેલ રહેવાના માર્ગે આપણને તે લઈ જાય તોપણ તાત્ત્વિક રીતે તો તેમાં પૂરેપૂરો રસનો અભાવ અને નિષ્ક્રિયતા જ રહેવાના. એ તો જ્યારે આનંદનું તત્ત્વ આગળ

આવે ત્યારે જ સર્વાંગી એકતાની લગન અનિવાર્ય બની જાય છે.

આ આનંદતત્ત્વ કે જે આવી અનિવાર્યતા ઊભી કરે છે તે છે ભગવાનમાં, ભગવાન ખાતર આનંદ,– બીજા શેને ય ખાતર નહિ, તેના સિવાય બીજા કોઈ કારણથી નહિ, બીજા કોઈ લાભ ખાતર નહિ. એ આનંદ ભગવાનને ઝંખે છે તે તેના કોઈ વરદાનને ખાતર નહિ કે તેના કોઈ વિશિષ્ટ ગુણને લીધે નહિ, પણ માત્ર એટલા જ માટે, ચોખ્ખેચોખ્ખું એટલા માટે, કે તે છે આપણો આતમરામ, તે જ છે આપણી સમસ્ત જાત, તે જ છે આપણું સર્વસ્વ. પરાત્પરના આનંદને એ બાથમાં લે છે તે પરાત્પરને ખાતર નહિ, પણ એટલા માટે કે પરાત્પરરૂપે તે જ છે; એ વિશ્વમયતાના આનંદને બાથમાં લે છે તે વિશ્વમયતાને ખાતર નહિ પણ એટલા માટે કે વિશ્વરૂપે તે જ છે; અને વ્યક્તિગત આનંદને બાથમાં લે છે તે વ્યક્તિગત સંતોષને ખાતર નહિ પણ એટલા માટે કે વ્યક્તિરૂપે તે જ છે. એ તેના સર્વે ભેદભાવોને અને આભાસોને ભેદી જાય છે; એ તેનામાં વત્તા કે ઓછાની ગણતરી કરતો નથી; પણ જ્યાં જ્યાં તે હોય છે ત્યાં ત્યાં, એટલે કે સર્વત્ર, તેને બાથમાં લે છે; તે વધારે લાગતો હોય ત્યાં, તો ઓછો લાગતો હોય ત્યાં પણ તેને એ પૂરેપૂરો બાથમાં લે છે; મર્યાદાઓના આભાસમાં તો તેનાં અમર્યાદ દર્શનમાં પણ એ તેને બાથમાં લે છે; એને સર્વત્ર તેની એકતા અને સંપૂર્ણતાની સ્ફુરણા પણ થાય છે અને અનુભૂતિ પણ થાય છે. તેની માત્ર નિરપેક્ષ સત્તાને ખાતર જ તેને શોધવો એનો ખરેખરો અર્થ એટલો જ કે આપણા અંગત લાભની પાછળ, નિરપેક્ષ શાંતિને ખાતર દોટ મૂકવી. અલબત્ત તેને નિરપેક્ષપણે પ્રાપ્ત કરવો એ આ આનંદનું ખરેખરું ધ્યેય છે જ, પણ એ તો ત્યારે જ સિદ્ધ થાય કે જ્યારે આપણે તેને પૂરેપૂરો પ્રાપ્ત કરીએ અને તે આપણને પૂરેપૂરો પ્રાપ્ત કરે, અને જ્યારે, એ પ્રાપ્તિને કોઈ પણ અવસ્થાની કે કોઈ પણ શરતની મર્યાદા નડે નહિ. કોઈક આનંદમય સ્વર્ગમાં તેની શોધ એટલે, તેને પોતાને ખાતર નહિ પણ સ્વર્ગના આનંદને ખાતર તેની શોધ; આપણે તેના અસ્તિત્વનો પૂરેપૂરો આનંદ પામ્યા એટલે સ્વર્ગ પોતે જ આપણી અંદર આવી જવાનું, અને જ્યાં જ્યાં તે અને જ્યાં જ્યાં આપણે ત્યાં ત્યાં તેના સામ્રાજ્યનો આનંદ આવી જવાનો. એ જ પ્રમાણે તેને માત્ર આપણી અંદર અને આપણી ખાતર શોધવો એટલે આપણી જાતને, અને તેની અંદરના આપણા આનંદને, એ બંનેને મર્યાદિત કરી નાખવાં. પૂર્ણ–આનંદ તો તેને માત્ર આપણી પોતાની અંગત જાતની અંદર નહિ પણ સર્વે માણસોમાં અને સર્વે પ્રાણીઓમાં સમાન રીતે પકડી પાડે છે.

અને તેની અંદર પ્રવેશવાથી આપણે સર્વ કોઈ સાથે એકરૂપ બની જતા હોવાથી માત્ર આપણે ખાતર નહિ પણ સર્વ કોઈને ખાતર એની પ્રાપ્તિ થાય છે. પૂર્ણયોગના સાધકની નજરે ભક્તિયોગનો માત્ર એક જ અર્થ છે : ભગવાનમાં પરિપૂર્ણ અને સંપૂર્ણ આનંદ, – પરિપૂર્ણ એટલા માટે કે એ શુદ્ધ અને સ્વયં-ભૂ હોય છે, સંપૂર્ણ એટલા માટે કે એ સર્વસ્વને સ્વીકારે છે અને સર્વસ્વને પોતાનામાં સમાવી લે છે.

એકવાર આવી ભક્તિ કામ કરતી થઈ ગઈ એટલે બીજા માર્ગો પણ જાણે કે તેના જ નિયમાનુસાર કામ કરતા થઈ જાય છે અને તેમ કરવાથી પોતાની જ સાર્થકતાને સમૃદ્ધતમ બનાવે છે. આપણી જાતમાંથી ઊઠતી, આવી પૂર્ણ-ભક્તિ જ્ઞાનથી વિમુખ થતી નથી; આ માર્ગનો ભક્ત એવો પ્રભુપ્રેમી હોય છે કે જે દિવ્ય-જ્ઞાની પણ હોય છે, કારણકે તેના જ્ઞાનથી તે તેનો પૂર્ણ-આનંદ પામે છે; પણ જ્ઞાન પોતે પણ આનંદમાં જ કૃતાર્થ થાય છે, પરાત્પરનું જ્ઞાન પરાત્પરના આનંદમાં, વિશ્વમયતાનું જ્ઞાન વિશ્વવ્યાપી ભગવાનના આનંદમાં, વ્યક્તિગત આવિર્ભાવનું જ્ઞાન વ્યક્તિમાં રહેલા ભગવાનના આનંદમાં, વ્યક્તિત્વહીનતાનું જ્ઞાન તેની વ્યક્તિત્વહીન સત્તાના શુદ્ધ આનંદમાં, વ્યક્તિસ્વરૂપનું જ્ઞાન તેના વ્યક્તિત્વના પૂર્ણ-આનંદમાં, તેના ગુણ અને એ ગુણોની લીલાનું જ્ઞાન તેના આવિર્ભાવના આનંદમાં, ગુણાતીતનું જ્ઞાન તેના નિરંજન અસ્તિત્વના અને તેની પ્રાગટ્ય-હીનતાના આનંદમાં કૃતાર્થ થાય છે.

એ જ પ્રમાણે આવો પ્રભુપ્રેમી દિવ્ય કર્મોનો કર્તા પણ થવાનો જ; તે કર્મો કરશે તે કર્મોને ખાતર નહિ કે કર્મોમાં અંગત રીતે પડતી મઝાને ખાતર પણ નહિ, પણ એટલા માટે કે એની દ્વારા પ્રભુ પોતાની નિજી શક્તિને કામે લગાડે છે અને તેની એ કાર્ય-શક્તિઓમાં, તેનાં એ લક્ષણોમાં આપણે તેને જોવા પામીએ છીએ. કારણકે કાર્ય-શીલ થએલી દિવ્ય સંકલ્પશક્તિ એ તો, પોતાની શક્તિના આનંદ દ્વારા ઊભરાતો ભગવાન પોતે જ છે, દિવ્ય ચિદ્‌ના આનંદ દ્વારા ઊભરાતું દિવ્ય સત્ છે. ભક્ત પોતાના પ્રિયતમનાં કર્મો અને ક્રિયાઓમાં પૂર્ણ-આનંદ અનુભવશે, કારણકે તે બધાંમાં પણ તેને તેનો પ્રિયતમ જ દેખાય છે. બધાં જ કર્મો તે પોતે એટલા માટે કરશે કે એ કર્મો દ્વારા પણ તેનો પ્રભુ, તેનો સ્વામી પોતાનામાં તેનો દિવ્ય આનંદ પ્રગટ કરતો હોય છે : તે જ્યારે કર્મો કરતો હોય છે ત્યારે તેને એમ લાગે છે કે તે કર્મો અને શક્તિ દ્વારા પોતાના આરાધ્ય અને પ્રેમીનું મિલન જ તે પ્રગટ કરતો હોય છે; જે સંકલ્પને તે આધીન બને છે અને જેની સાથે પોતાની સમસ્ત શક્તિ આનંદપૂર્ણ એકતા પામી

ગઈ છે તેની આનંદમસ્તી તે માણે છે. અને, એ જ પ્રમાણે આ પ્રભુપ્રેમી પરિપૂર્ણતાને પણ ઝંખશે જ, કારણકે પરિપૂર્ણતા એ તો ભગવાનની પ્રકૃતિ છે અને એ જેમ જેમ પરિપૂર્ણતા પામે છે તેમ તેમ તેની પ્રાકૃતિક જાતમાં તેના પ્રિયતમને તે પ્રગટ થતો અનુભવે છે. અથવા તો એ સહજ રીતે જ, ખીલી ઊઠતાં ફૂલની જેમ, પરિપૂર્ણતા સાધ્યે જશે; કારણકે ભગવાન પોતે અને ભગવાનનો આનંદ હવે તેની અંદર આવી બેઠેલો છે, અને એ આનંદ જેમ જેમ ખીલતો જાય છે તેમ તેમ તેનો આત્મા અને મન અને પ્રાણ પણ, તદ્દન સહજ રીતે, દેવત્વમાં ખીલતાં જાય છે. તો વળી, તેને બધામાં જ ભગવાનનો અનુભવ થતો હોવાથી, મર્યાદાશીલ આભાસોમાં પણ ભગવાનનો જ પરિપૂર્ણ અનુભવ થતો હોવાથી, તેને પોતાની અપૂર્ણતાનો રંજ પણ કદી થવાનો નહિ.

તો વળી, જીવન દ્વારા પણ ભગવાનને શોધવાનું અને પોતાની તેમ જ વિશ્વમય સત્તાની સર્વે પ્રવૃત્તિઓમાં પણ ભગવાનને મેળવવાનું તેની પૂજામાંથી બાકી નહિ રહી જાય. સમસ્ત પ્રકૃતિ અને સમસ્ત જીવન તેને મન, પ્રભુનું જ એક દર્શન અને, સાથે સાથે, તેનું જ મિલનસ્થાન પણ બની રહેશે. બુદ્ધિપ્રધાન અને રસપ્રધાન અને કર્મપ્રધાન પ્રવૃત્તિઓ, તો ભૌતિક જ્ઞાન અને તત્ત્વજ્ઞાન, વળી જીવન અને ચિંતન, તેમ જ કળાઓ અને કર્મો એ સર્વેમાં હવે દિવ્યતર સંમતિ આવી મળશે, એ સર્વે મહત્તર અર્થ ધારણ કરશે. તે તેમને એટલા માટે હાથ ધરશે કે તેમની આરપાર તેને ભગવાનનું જ સ્પષ્ટ દર્શન થશે અને તેમનામાં તેને ભગવાનનો જ આનંદ લાધશે. અલબત્ત, તેમના બાહ્ય આભાસોમાં એ આસક્ત નહિ જ રહે; અને તે એટલા માટે કે આસક્તિ એ આનંદમાં અંતરાયરૂપ છે, અને તેને તો હવે એવો શુદ્ધ, સમર્થ અને સંપૂર્ણ આનંદ આવી મળેલો છે કે જે સર્વ કાંઈનો સ્વીકાર કરે છે અને શેને ય આધીન નથી; અને હવે તો તેને તેમનામાં તેના પરમ પ્રિયતમનાં કાર્યો અને કાર્યપદ્ધતિ, સંકેતો અને સંભૂતિ, પ્રતીકો અને પ્રતિમાઓ જ દેખાય છે, અને તેમનામાંથી તે એવો તો આનંદરસ લૂંટે છે કે જે, તેમની પાછળ ભમતા પેલા સામાન્ય મનને મળે તેમ નથી,– ના, તેનું સ્વપ્ન સરખું નહિ. આ બધું (અને બીજું ઘણું ય) પૂર્ણયોગના સર્વાંગી માર્ગના અંગરૂપ અને સિદ્ધિરૂપ બની રહે છે.

આનંદની વ્યાપક શક્તિ છે પ્રેમ, અને પ્રેમનો આનંદ જે વિશિષ્ટ રૂપ ધારણ કરે છે તે છે સૌંદર્ય–દર્શન. પ્રભુ–પ્રેમી હોય છે વિશ્વ સમસ્તનો ગ્રાહક અને એ પોતાની બાથમાં લે છે સમસ્ત આનંદનિધિને અને સર્વ–

સૌંદર્યસ્વામીને. વિશ્વવ્યાપક પ્રેમ તેના હૃદયનો કબ્જો લે એ છે અચૂક એંધાણ કે પ્રભુએ તેને કબ્જે કર્યો છે; અને તેને સર્વત્ર સૌંદર્યસ્વામીનું જ દર્શન થાય અને તે સર્વદા તેના આલિંગનનો આનંદ અનુભવે એ છે અચૂક એંધાણ કે તેણે પ્રભુને કબ્જે કર્યો છે. એકતા એ જ છે પ્રેમની પરાકાષ્ઠા, પણ આ પરસ્પરનો કબ્જો જ એ પરાકાષ્ઠાને આપે છે પોતાની ઉત્કટતાની ઊર્ધ્વતમ ઉચ્ચતા અને વિશાળતમ વ્યાપકતા. એ જ છે આનંદપૂર્ણ અદ્વૈતનો આધાર.

## પ્રકરણ : ૭

# આનંદ બ્રહ્મ

સમન્વય સાધતા પૂર્ણયોગમાં ભક્તિમાર્ગનું સ્વરૂપ કેવું હશે ? ત્યાં, તે બની રહેશે પ્રેમ અને આનંદ દ્વારા ભગવાનની ખોજ અને તેની સત્તાના સર્વે પ્રકારોની આનંદપૂર્વક પ્રાપ્તિ. ત્યાં તે પોતાની પરાકાષ્ઠા પામશે પ્રેમના એક પરિપૂર્ણ અદ્વૈતમાં અને, ભગવાન સાથેનો આત્માનો ગાઢ પરિચય જે કોઈ પ્રકાર ધારણ કરે તે સર્વેના ઉપભોગમાં. તેની શરૂઆત જ્ઞાન દ્વારા થઈ શકે કે કર્મો દ્વારા પણ થઈ શકે; પણ જ્ઞાનથી થતાં, જ્ઞાનને પરમ પ્રિયતમ સાથેના એક પ્રકાશપૂર્ણ અદ્વૈતના આનંદમાં તે પલટી નાખશે; અને કર્મોથી થતાં, કર્મોને પરમ પ્રિયતમના સંકલ્પ અને સામર્થ્ય સાથેના આપણા સક્રિય અદ્વૈતના આનંદમાં પલટી નાખશે. અથવા તેની શરૂઆત સીધેસીધી જ પ્રેમ અને આનંદ દ્વારા પણ થઈ શકે; એમ થતાં તે જ્ઞાન અને કર્મો એ બંનેનો પોતાનામાં સ્વીકાર કરશે અને અદ્વૈતના પૂર્ણ-આનંદનાં અંગ તરીકે તેમને વિકસાવ્યે જશે.

ભગવાન પ્રત્યેના હૃદયના આકર્ષણની શરૂઆત બિન-અંગત રીતની હોઈ શકે, તે કોઈ એક એવી વિશ્વવ્યાપી કે પરાત્પર વસ્તુમાં રહેલા બિન-અંગત આનંદનો સ્પર્શ હોઈ શકે કે જે વસ્તુ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આપણી ઊર્મિપ્રધાન કે રસપ્રધાન સત્તાની સમક્ષ કે આપણી આધ્યાત્મિક સુખ-ગ્રાહકતાની સમક્ષ પ્રગટ થઈ હોય. આ રીતે આપણે જેના વિશે સચેતન થઈએ છીએ એ જ છે આનંદ બ્રહ્મ, આનંદમય અસ્તિત્વ. વ્યક્તિત્વહીન એક પરમ આનંદ અને પરમ સૌંદર્ય માટેની આરાધના, એક એવી શુદ્ધ અને અનંત પરિપૂર્ણતા ( કે જેને આપણે કોઈ નામરૂપ આપી શકતા નથી ) તેને માટેની આરાધના, શક્ય છે; કોઈ એક એવો આદર્શ અને, વિશ્વમાં કે તેનાથી પર રહેલ, કોઈ એક એવી અનંત સંનિધિ, શક્તિ, અસ્તિત્વ કે જે કોઈક રીતે, ચિત્ત દ્વારા કે આત્મા દ્વારા આપણા અનુભવ-પથમાં આવી ચડે છે અને પછી વધારે ને વધારે પરિચિત અને વાસ્તવિક થતી જાય છે તેને માટે આપણા આત્મામાં કોઈક આકર્ષણ જાગી જાય તે શક્ય છે. એ

આરાધના, એ આકર્ષણ, એ જ છે આનંદ બ્રહ્મનો આપણને સાદ અને સ્પર્શ. તે પછી તેની સંનિધિનો આનંદ અને સમીપતા નિત નિત પામતા રહેવાની ઇચ્છા, તે શું છે એ જાણવાની ઇચ્છા (કે જેથી આપણી બુદ્ધિ અને સ્ફુરણાત્મક મનને તેની કાયમી વાસ્તવિકતા પામ્યાનો સંતોષ થાય), આપણી નિષ્ક્રિય જાતને અને, શક્ય તેટલે અંશે, આપણી સક્રિય જાતને, આપણી આંતરિક અમર જાતને, અને ખુદ આપણી બાહ્ય નાશવંત જાતને પણ તેની સાથે સંપૂર્ણ મેળમાં મૂકી દેવાની ઇચ્છા એ બધું આપણા જીવનની એક જરૂરિયાત બની જવા માંડે છે. અને આપણી જાતને તેના પ્રત્યે ખુલ્લી કરી દેવી એ જ એકમાત્ર સાચું સુખ, તથા તેમાં જીવન ધારણ કરવું એ જ એકમાત્ર સાચી પરિપૂર્ણતા લાગવા માંડે છે.

મન અને વાચા જેને કલ્પી અને વર્ણવી ના શકે એવો એક પરાત્પર આનંદ એ જ છે એ "અનિર્વચનીય"ની પ્રકૃતિ. એ સમગ્ર વિશ્વમાં અને વિશ્વની પ્રત્યેક વસ્તુમાં, અંદર ઊતરીને અને છૂપી રીતે, વ્યાપી રહેલો છે. તેની હાજરીને સત્‌ના છૂપા આનંદાકાશ તરીકે વર્ણવવામાં આવી છે; તેના વિશે શાસ્ત્રોમાં કહ્યું છે કે જો તે ના હોત તો એક ક્ષણ માટે પણ કોઈ જીવી કે ટકી ના શકત[1]. આ આધ્યાત્મિક આનંદ આપણા હૃદયમાં પણ રહેલો છે. તે તેની અંદર, બાહ્ય મનની મથામણોથી દૂર, છુપાઈ રહેલો છે; અસ્તિત્વના એ આનંદનાં જે નબળાં અને ભાંગ્યાંતૂટ્યાં આવર્તનો મનોમય, પ્રાણમય અને ભૌતિક સ્વરૂપે બહાર પડે તેમને જ બાહ્ય મન પકડી શકે છે. પણ જો મન તેમને ગ્રહણ કરવા પૂરતું એકવાર સૂક્ષ્મ અને શુદ્ધ બની જાય અને વિશ્વ પ્રત્યે થતા આપણા બાહ્ય પ્રત્યાઘાતોની સ્થૂળતામાં મર્યાદિત ના રહે તો આપણે તેનું પ્રતિબિંબ પામી શકીએ ખરા કે જે, આપણી પ્રકૃતિનાં જોરદાર તત્ત્વોના રંગે કદાચ પૂરેપૂરું કે ઘણું બધું રંગાઈ ગએલું હોય. તે શરૂઆતમાં આપણી સમક્ષ, પ્રકૃતિમાં અને માનવમાં અને આપણી આજુબાજુની સર્વે વસ્તુઓમાં આપણને જણાતા કોઈક વિશ્વવ્યાપી સૌંદર્યની ઝંખનારૂપે પણ ખડો થાય; અથવા આપણને કોઈ એક એવા પરાત્પર સૌંદર્યની અંતઃસ્ફુરણા પણ થાય કે જેના માત્ર એક પ્રતીકરૂપે જ આપણને અહીં દેખાતું આ બધું સૌંદર્ય લાગે. જે લોકોમાં રસમય સત્તા વિકાસ પામેલી હોય અને જોરદાર પણ હોય તથા અભિવ્યક્તિરૂપે સાકાર થવા તૈયાર થઈ ચૂકેલી, કવિ અને કલાકારને ઘડતી અંતઃપ્રેરણા આગળ પડતી હોય તેવા

---

૧. को ह्येवान्यात्कः प्राण्यात् यदेष आकाश आनंदो न स्यात् ।

– અનુવાદક

લોકો સમક્ષ તે આવી રીતે આવી ચડે પણ ખરી. અથવા તો, પ્રેમની કોઈ એક એવી દિવ્ય ભાવનાના ભાન તરીકે કે વિશ્વમાં, વિશ્વની પાછળ કે વિશ્વથી પર રહેલી, એક એવી સહાયકારી અને કરુણામય અંતહીન સંનિધિના ભાન તરીકે તે આવી ચડે કે જે, જ્યારે આપણો આત્મા પોતાની જરૂરિયાતના હાથ તેના પ્રત્યે લંબાવે ત્યારે આપણને પ્રત્યુત્તર આપે છે. જ્યારે ઊર્મિમય સત્તાનો પ્રબળ વિકાસ થએલો હોય ત્યારે તે પોતાનું પ્રથમ દર્શન આ રીતે આપે છે. અન્ય રીતે પણ એ આપણને આવી મળી શકે છે, પણ તે હમેશાં આનંદ, સૌંદર્ય, પ્રેમ, કે શાંતિના એક એવા પરમ સામર્થ્ય કે સંનિધિરૂપે જ આવે છે કે જે આપણા મનને સ્પર્શે છે જરૂર, પણ આપણા મનમાં તેનાં જે કાંઈ સ્વરૂપો સામાન્ય રીતે રચાય છે તેમનાથી તે પર હોય છે.

કારણકે બધાં જ ઉલ્લાસ, સૌંદર્ય, પ્રેમ, શાંતિ, આનંદ એ બધાં જ આનંદ બ્રહ્મનાં ઊભરાતાં વહેણ છે, – પછી ભલેને એ આનંદ આત્માનો, બુદ્ધિનો, કલ્પનાનો, રસવૃત્તિનો, નૈતિક અભીપ્સા અને સંતોષનો, કર્મોનો, જીવનનો, કે શરીરનો પણ હોય. અને આપણા અસ્તિત્વના દરેકેદરેક રસ્તે ભગવાન આવીને આપણને સ્પર્શી શકે છે અને આત્માને જાગ્રત કરવા અને મુક્ત કરવા તેમને કામમાં લઈ શકે છે. પણ આનંદ બ્રહ્મને પોતાને પામવો હોય તો આપણા મનની ગ્રહણશક્તિને સૂક્ષ્મ, આધ્યાત્મિક, વિશ્વશી વિશાળ બનાવવી પડે, તેમાં જે કાંઈ મલિન અને મર્યાદિત હોય તે સર્વેને છોડવું પડે. કારણકે તેની તદ્દન પાસે જવાનું કે તેની અંદર પ્રવેશ પામવાનું તો એક એવા પરાત્પર અને વિશ્વવ્યાપી આનંદ (કે જે આ દુનિયાના વિરોધાભાસોની વચ્ચે, અને છતાં, તેમની પાછળ અને તેમનાથી પર અસ્તિત્વ ધરાવે છે અને જેની સાથે આપણે વિકસ્યે જતા વિશ્વવ્યાપી અને આધ્યાત્મિક કે પરાત્પર આનંદ–બોધ દ્વારા મિલન સાધી શકીએ છીએ) તે આનંદના આધ્યાત્મિક ભાન વડે જ શક્ય છે.

સામાન્ય રીતે આપણને જોવા મળતી અનંતતાનું પ્રતિબિંબ પ્રાપ્ત થતાં, અથવા, આપણી અંદર અને આજુબાજુ તેની પ્રત્યક્ષતાનું જરાતરા ભાન થતાં મનને સંતોષ થઈ જાય છે; આવી પ્રત્યક્ષતાની અનુભૂતિ વારંવાર થઈ આવતી હોય તોપણ અપવાદરૂપ જ રહે છે. એ અનુભૂતિ થઈ આવે ત્યારે એટલો તો સંતોષ થાય છે અને તે એવી તો અદ્ભુત લાગે છે તથા આપણું સામાન્ય મન અને સામાન્ય જીવન એ અનુભૂતિ સાથે એટલાં તો મેળ વિનાનાં લાગે છે કે એ સંતોષ અને અદ્ભુતતાથી વિશેષની આશા

રાખવી એ વધુ પડતું જણાય છે. પણ યોગની પાછળની મુખ્ય ભાવના જ એ છે કે જે અપવાદરૂપ હોય તેને રોજિંદું બનાવી દેવું તથા જે આપણાથી ઊર્ધ્વમાં હોય અને આપણી સામાન્ય જાતના કરતાં ઘણું મહાન હોય તેને આપણી ચાલુ ચેતનારૂપે સ્થાપી દેવું. તેથી, જરા પણ ખચકાયા વિના આપણને થતી અનંતતાની અનુભૂતિ સમક્ષ આપણી જાતને ખુલ્લી મૂકી દેવી જોઈએ, એ અનુભૂતિને શુદ્ધ અને તીવ્ર બનાવતા રહેવું જોઈએ, તેને આપણા વણથંભ્યા વિચારો અને ધ્યાનનું લક્ષ્ય બનાવવું જોઈએ કે જેથી અંતે તે આપણી અંદર કાર્ય કરતી અસલ શક્તિ બની રહે, આપણે આરાધેલો, આપણને આલિંગતો ભગવાન બની રહે, આપણી સમસ્ત જાત તેની સાથે એકતાલ બની રહે અને તે જ આપણી જાતની અસલ જાત બની રહે.

આપણને થતી તેની અનુભૂતિમાંથી બધાં જ માનસિક મિશ્રણોને ધોઈ નાખવાનાં છે; નહિતર એ અનુભૂતિ ચાલી જાય છે, તેને ધારણ કરી રાખી શકાતી નથી. અને આ જાતની શુદ્ધિનો એક ભાગ એ છે કે તેને મનની કોઈ પણ ઉત્તેજક અવસ્થા ઉપર કે બીજા કોઈ પણ કારણ ઉપર આધારિત ના રાખવી જોઈએ; તે પોતે જ પોતાનું કારણ, તથા, સ્વયં-ભૂ બની રહેવી જોઈએ; તે બીજા સર્વે ઉલ્લાસોનું એવું મૂળ બની રહેવી જોઈએ કે જે સ્વયંપર્યાપ્ત હોય; અને, આપણને તેનો પ્રથમ સ્પર્શ જેની દ્વારા થયો હોય તેવા કોઈ પણ વિરાટ (કે અન્ય) પ્રતીક કે પ્રતિમાને વળગી રહેલી ના હોવી જોઈએ. આપણી તે અનુભૂતિને સતત તીવ્ર તથા વધુ ને વધુ એકાગ્ર બનાવતા રહેવાનું છે. નહિતર આપણે આપણા અપૂર્ણ મન-દર્પણમાં માત્ર તેનું પ્રતિબિંબ જ પામીશું અને ઊર્ધ્વીકરણ તથા રૂપાંતર સાધી આપતી એક એવી અવસ્થાને નહિ પહોંચીએ કે જે આપણને મનથી પર, અવર્ણનીય આનંદમાં ઉઠાવી જાય. આપણા વણથંભ્યા વિચારો અને ધ્યાનનું લક્ષ્ય થતાં એ સર્વસ્વને પોતાનામાં પલટી નાખશે, વિશ્વમય આનંદ બ્રહ્મ તરીકે પ્રત્યક્ષ થશે અને સમસ્ત અસ્તિત્વને પોતાનાં ઊભરાતાં વહેણ-રૂપ બનાવી દેશે. જો આપણે આપણાં સર્વે આંતર-બાહ્ય કર્મોની પ્રેરણાની તેની તરફથી આશા રાખતા રહીશું તો તે આપણી દ્વારા જીવન ઉપર અને સર્વે જીવિતો ઉપર પ્રકાશરૂપે, પ્રેમરૂપે અને શક્તિરૂપે વહેતો ભગવાનનો ઉલ્લાસ બની જશે. જો આત્માની આરાધના અને પ્રેમ વડે તેને ઝંખીશું તો તે પરમાત્મારૂપે પ્રત્યક્ષ થશે, તેનામાં આપણને પ્રભુનું મુખદર્શન થશે અને આપણા પ્રિયતમનો આનંદ અનુભવવા મળશે. અને જો આપણી

સમસ્ત જાતને તેની સાથે એકસૂર બનાવીશું તો તેના જેવી જ સુખસભર પરિપૂર્ણતામાં વિકસી જઈશું, દિવ્ય પ્રકૃતિનું માનવીય સ્વરૂપ બની જઈશું. અને જ્યારે તે સમગ્ર રીતે આપણી જાતની અસલ જાત બની જશે ત્યારે આપણું અસ્તિત્વ સાર્થક થશે અને આપણે પૂર્ણ ઐશ્વર્ય પ્રાપ્ત કરીશું.

બ્રહ્મ હમેશાં આપણને ત્રણ રીતે પ્રત્યક્ષ થાય છે: આપણી અંદર, આપણા સ્તરથી ઉપર અને આપણી આજુબાજુ વિશ્વમાં. આપણી અંદર પુરુષ બે કેન્દ્રમાં વસેલો છે. એક તો, અંતરાત્મા તરીકે, કે જેના વડે તે આપણને જાગ્રત કરવા ઢંઢોળે છે; ત્યાં પુરુષ જે હૃદય-કમળમાં રહેલો છે તે હૃત્-પદ્મ આપણી સર્વે શક્તિઓને ઊર્ધ્વ પ્રત્યે ખુલ્લી કરે છે. અને પુરુષના નિવાસરૂપ બીજું કેન્દ્ર તે સહસ્રદલ કમળ કે જ્યાંથી વિચારશક્તિ અને સંકલ્પશક્તિની દ્વારા, તથા આપણા ત્રીજા નેત્રને ખોલી આપીને, જ્ઞાન-દૃષ્ટિની વિદ્યુત અને દિવ્ય શક્તિનો અગ્નિ ઊતરી આવે છે. આ બેમાંથી ગમે તે એક કેન્દ્ર દ્વારા આનંદ-બ્રહ્મ આપણી સમક્ષ આવી શકે છે. જ્યારે હૃદય-કમળ ખૂલી જાય છે ત્યારે આપણી અંદર દિવ્ય આનંદ, પ્રેમ અને શાંતિ, એક એવા પ્રકાશપૂર્ણ પુષ્પની માફક ખીલી ઊઠતાં અનુભવાય છે કે જે આપણી સમસ્ત જાતમાં પ્રકાશ પ્રસારે છે. તે પછી તેઓ પોતાના ગુપ્ત ઉદ્ભવ-સ્થાનરૂપ હૃદયસ્થ ભગવાન સાથે એક થઈ શકે છે અને હૃદયમંદિર-માં તેની આરાધના કરી શકે છે; તેઓ ઊર્ધ્વમાં ફેલાઈને વિચારશક્તિ અને સંકલ્પશક્તિને પકડમાં લઈ શકે છે અને તેથી ઉપર પરાત્પરતામાં પણ મુક્ત થઈ શકે છે; તેઓ વિચારરૂપે, લાગણીરૂપે અને કર્મરૂપે આપણી આજુબાજુ સર્વત્ર વહેવા માંડે છે. પણ જ્યાં સુધી આપણી સામાન્ય જાતમાંથી કાંઈક અંતરાય ઊઠ્યા કરતો હોય અથવા આ દિવ્ય પ્રભાવના પ્રત્યુત્તર તરીકે કે આ દિવ્ય કબજાના કરણ તરીકે તે એક સંપૂર્ણ ઘાટ ના પામી હોય ત્યાં સુધી આ અનુભૂતિ તૂટક તૂટક જ થવાની; અને આપણે આપણા જૂના મર્ત્ય હૃદયમાં ફરી પાછા આવી પડીએ પણ ખરા. પણ પ્રયત્ન એટલે કે અભ્યાસના જોરે, અથવા ભગવાન માટેની આપણી ઇચ્છા અને આરાધના-ના જોરે આપણી જાત ધીમે ધીમે એ ઘાટ ધારણ કરશે કે જેના અંતે આ અસાધારણ અનુભૂતિ આપણી સામાન્ય ચેતનારૂપ બની રહેશે.

જ્યારે બીજું, ઊર્ધ્વમાં આવેલું કમળ ખૂલે છે ત્યારે સમસ્ત મનમાં એક એવા દિવ્ય પ્રકાશ, આનંદ અને શક્તિ વ્યાપી જાય છે કે જેની પાછળ આપણા અસ્તિત્વનો સ્વામી, ભગવાન પોતે, આપણા આત્માને પોતાની બાજુમાં રાખીને કે પોતાનાં કિરણોમાં તેને સમાવી લઈને, સિંહાસન પર

બિરાજતો હોય છે. ત્યારે સમગ્ર વિચારશક્તિ અને સંકલ્પશક્તિ બની જાય છે પ્રકાશ-મયતા, સામર્થ્ય અને પરમાનંદ. પરાત્પરતા સાથે સંબંધિત થઈ તેઓ આપણાં મર્ત્ય અંગો તરફ નીચે રેલાઈ શકે છે અને તેમની દ્વારા દુનિયામાં આજુબાજુ ફેલાઈ શકે છે. વૈદિક ઋષિઓએ જણાવ્યા પ્રમાણે, ઉપરાંત આ અનુભૂતિમાં પણ દિવસ અને રાત-શા પલટાઓ આવવાના, અને પ્રકાશ-પ્રદેશમાંથી હદપારી પણ મળવાની. પણ આ નૂતન અસ્તિત્વને ધારણ કરવાની શક્તિ વધારતા જવાથી પ્રકાશ પ્રસારતા આ સૂર્યની સામે આપણે સતત મીટ માંડી શકીએ છીએ અને આપણા આંતર અસ્તિત્વને તેની સાથે એકાકાર કરી શકીએ છીએ. આવા પરિવર્તનની ઝડપનો આધાર આમ આવી મળેલા ભગવાનને પામવાની આપણી ઇચ્છાના જોર ઉપર અને પ્રબળ ઝંખનાની તીવ્રતા ઉપર કેટલીક વાર હોય છે. પણ કેટલીક વાર તેની શરૂઆત થાય છે ભગવાનની પેલી પ્રજ્ઞાપૂર્ણ કાર્યશક્તિના છંદને નિષ્ક્રિય રીતે સમર્પણ કરવાથી કે જે હમેશાં એવી રીતે કાર્ય કરતી હોય છે કે જે શરૂઆતમાં આપણે માટે ગહન હોય છે; પણ આવી શરૂઆત પાયારૂપ તો ત્યારે જ બને કે જ્યારે પ્રભુ પર આપણો પ્રેમ અને વિશ્વાસ સંપૂર્ણ હોય અને પૂર્ણ પ્રેમ તથા પૂર્ણ પ્રજ્ઞારૂપ મહાશક્તિના હાથમાં આપણી સમસ્ત જાત મુકાઈ ગએલી હોય.

આપણે જ્યારે વસ્તુમાત્રમાં ભગવાનને શોધતી એક આધ્યાત્મિક આનંદેચ્છાથી દુનિયાને જોવા માંડીએ છીએ ત્યારે ભગવાન આપણી આજુ-બાજુની દુનિયામાં પ્રત્યક્ષ થાય છે. ઘણી વાર ઓચિંતાનું બારણું ખૂલી જાય છે અને બાહ્ય આકારનો અંચળો પોતે જ પ્રત્યક્ષ દર્શન બની જાય છે. અને એક વિશ્વવ્યાપી આધ્યાત્મિક સંનિધિ, વિશ્વવ્યાપી શાંતિ, વિશ્વવ્યાપી અનંત આનંદ સર્વેમાં વ્યાપેલો, સર્વેને સમાવતો, સર્વેને ભેદતો પ્રગટ થઈ જાય છે. તેના પરના આપણા પ્રેમના પરિણામે, તેનામાં જાગેલા આનંદને પરિણામે, તેના સતત ચિંતનને પરિણામે આ સંનિધિ આપણને ફરી પાછી મળે છે, અને વધતી જાય છે; એ જ એકમાત્ર દશ્ય વસ્તુ બની રહે છે અને બીજું બધું તેનું નિવાસસ્થાન, તેનું સ્વરૂપ, તેનું પ્રતીક બની રહે છે. ખુદ પૂરેપૂરી બાહ્યતા, દેહ, આકાર, અવાજ અને બધી જ ઇન્દ્રિયગ્રાહ્ય બાબતો પણ તેની સંનિધિરૂપે જ દેખાય છે; તે બધું જ ભૌતિક મટીને આત્મ-પદાર્થમાં પલટાઈ જાય છે. આ પલટો એટલે આપણી પોતાની જ આંતર ચેતનાનું રૂપાંતર; આજુબાજુ વ્યાપેલી સંનિધિએ આપણને તેનામાં સમાવી લીધા છે અને આપણે તેના જ અંગરૂપ બની ગયા છીએ આપણાં

પોતાનાં મન, પ્રાણ, શરીર હવે આપણે માટે તો તેનું નિવાસસ્થાન, તેનું મંદિર તેના કાર્ય માટેનું તંત્ર તેની અભિવ્યક્તિ માટેનું કરણ બની ગયાં છે. હવે સર્વ કાંઈ આ આનંદનો આત્મા અને આનંદનો દેહ બની ગયું છે.

આમ ભગવાન આપણને આપણી આજુબાજુ અને આપણા પોતાના ભૌતિક સ્તર પર દેખાય છે. પણ તે આપણી ઉપરના સ્તર પર પણ પ્રત્યક્ષ થઈ શકે છે, અને આપણે તેને ઊર્ધ્વમાં જઈ વસેલી એક સંનિધિ તરીકે, આપણી ઉપર વસતી આનંદની એક અનંતતા તરીકે, અથવા તેમાં વસતા દિવ્ય પિતા તરીકે જોઈએ છીએ, અનુભવીએ છીએ; આપણી અંદર કે આપણી આજુબાજુ જોતા – અનુભવતા નથી. જ્યાં સુધી આવું દર્શન ટકી રહે ત્યાં સુધી આપણી મર્ત્યતાનો એ અમરતા નાશ કરી નાખે છે; ખુદ એ મર્ત્યતા પણ પ્રકાશ, સામર્થ્ય અને આનંદનો અનુભવ કરે છે અને પોતાની શક્તિ અનુસાર તેનો પ્રત્યુત્તર વાળે છે; અથવા તો તે આત્મ-તત્ત્વનું અવતરણ અનુભવે છે અને, તેમ થતાં, કેટલાક સમય માટે, પ્રકાશ અને સામર્થ્યના પ્રતિબિંબિત ઝળહળાટમાં પલટાઈ જાય છે, કે એ પ્રદેશમાં ઊંચે જઈ ચઢે છે; તે આનંદને ધારણ કરતું પાત્ર બની રહે છે. પણ અન્ય પળોમાં તે જૂની મર્ત્યતામાં આવી પડે છે અને પોતાની પાર્થિવ ટેવોની ઘરેડમાં જઈ રસ વિના કે અલ્પતાથી જીવે છે કે કાર્યો કરે છે. સંપૂર્ણ ઉદ્ધાર તો માત્ર ત્યારે જ થાય છે કે જ્યારે દિવ્ય મહાશક્તિ માનવનાં મન અને દેહમાં અવતરણ કરે અને તેમનાં આંતર-જીવનની દિવ્ય સ્વરૂપમાં પુનર્ઘટના કરે; વેદના ઋષિઓએ આને જ યજ્ઞનાં પરિણામે થતો પુત્રજન્મ[૨] કહ્યો છે. હકીકતમાં તો એક વણથંભ્યા યજ્ઞ કે અર્પણને પરિણામે જ, આરાધના અને અભીપ્સા-ભર્યા યજ્ઞને પરિણામે, કર્મો, વિચારો અને જ્ઞાનના યજ્ઞને પરિણામે, પ્રભુ પ્રત્યે આરોહણ કર્યે જતી સંકલ્પ-જ્યોતિના યજ્ઞના પરિણામે જ આપણે આપણી જાતની અનંત-પ્રભુના સ્વરૂપમાં પુનર્ઘટના કરી શકીએ છીએ.

આ આનંદ બ્રહ્મના જે ત્રણ આવિર્ભાવો – ઊર્ધ્વ, આંતરિક અને વ્યાપક – એ ત્રણેયને જ્યારે આપણે આપણી ચેતનામાં પાકા સ્થાપિત કરીએ ત્યારે આપણે તેનું પૂર્ણ અદ્વૈત પામીએ છીએ અને તેના આનંદ, શાંતિ, પ્રસન્નતા અને પ્રેમપૂર્વક સમસ્ત અસ્તિત્વને બાથમાં લઈએ છીએ. ત્યારે સર્વે જગતો આ આનંદ બ્રહ્મનો દેહ બની રહે છે. પણ જો આપણે માત્ર તેની વ્યક્તિત્વહીન સંનિધિ, વિશાળતા કે આંતર-વ્યાપકતાને જ અનુભવતા

---

૨. यज्ञसाघनः...शिशुः : ઋગ્વેદ —અનુવાદક

હોઈએ, જો આપણી આરાધના એટલી ગાઢ ના બની હોય કે જેથી આ પરમપુરુષ પોતાના વિશાળ, વ્યાપક આનંદમાંથી પોતાના મુખ અને દેહનું આપણને દર્શન ના કરાવે અને એને એ દિવ્ય સખા અને પ્રિયતમના હાથને કાર્ય કરતો ના દેખાડે તો એ પરમ આનંદનું આપણું જ્ઞાન પૂર્ણ સમૃદ્ધિ પામ્યું ના ગણાય. તેનું વ્યક્તિત્વવિહીન અસ્તિત્વ એ બ્રહ્મની આનંદ-પૂર્ણ મહત્તા છે જ; પણ તેમાંથી વ્યક્તિરૂપ ભગવાનના માધુર્ય અને ગાઢ નિયંત્રણ પણ આપણી ઉપર મીટ માંડી શકે છે. કારણકે આનંદ તો છે આપણા પરમ–આત્માની અને આપણી સત્તાના સ્વામીની પ્રત્યક્ષ હાજરી અને તેનો ઊભરાઈ આવતો પ્રવાહ એ જ છે, તેની લીલા તરીકે પ્રત્યક્ષ થએલો તેનો વિશુદ્ધ આનંદ.

## પ્રકરણ : ૮

# પ્રેમનું પરમ રહસ્ય

પ્રચલિત અર્થ પ્રમાણે, જેને વ્યક્તિ–સ્વરૂપ ના હોય તેવા ભગવાનની આરાધના કરવી એ ખરેખરો ભક્તિયોગ નથી; કારણકે યોગના પ્રચલિત પ્રકારો એમ માને છે કે વ્યક્તિત્વહીન બ્રહ્મની ખોજ તો માત્ર એવા સંપૂર્ણ અદ્વૈત માટે જ કરવાની છે કે જેમાં ભગવાન અને આપણી જાત એકાકાર થઈ જાય અને આરાધ્ય કે આરાધક જેવું કાંઈ રહે જ નહિ; રહે માત્ર અદ્વૈત અને અનંતતાની અનુભૂતિનો આનંદ. પણ સાચી વાત એમ છે કે આધ્યાત્મિક ચેતનાના ચમત્કારોને આવી અક્કડ તાર્કિકતા પર આધારિત રાખી શકાય નહિ. આપણે જ્યારે પહેલી જ વાર અનંતતાની હાજરી અનુભવીએ છીએ ત્યારે આપણું સાંત વ્યક્તિત્વ તેનો સ્પર્શ પામતું હોવાથી તેના સ્પર્શ અને સાદનો જવાબ એ જ, એક જાતની આરાધના વડે આપે તે બરાબર જ છે. વળી, આપણે અનંત બ્રહ્મને અદ્વૈત અને આનંદની એક આધ્યાત્મિક અવસ્થા તરીકે, અથવા તેના એક ઘાટ અને વાહન તરીકે એટલી બધી ના ગણીએ પણ, વધારે તો, અવર્ણનીય ભગવાનની આપણી ચેતના સમક્ષની હાજરી તરીકે ગણીએ તોપણ પ્રેમ અને આરાધના માટે અવકાશ રહે જ છે. અને જ્યારે આપણું વ્યક્તિ–સ્વરૂપ તેના અદ્વૈતમાં વિલીન થઈ જતું લાગે ત્યારે પણ એમ બને – અને બને જ છે – કે વ્યક્તિભૂત ભગવાન જ એક એવા અદ્વૈત દ્વારા વિશ્વવ્યાપી અને પરાત્પર ભગવાનમાં ભળી જાય છે કે જેમાં પ્રેમ, પ્રેમી અને પ્રિયતમ પરમ–આનંદની એકાકાર અનુભૂતિમાં ભુલાઈ જતા હોવા છતાં એ એકાકારતામાં પણ એક શક્યતારૂપે છુપાએલાં હોય અને તેથી ત્યાં પણ મોજૂદ રહેતાં હોય. પ્રેમ દ્વારા સધાતાં બધાં જ આત્મ–અદ્વૈત આ જ જાતનાં હોઈ શકે. એક રીતે તો એમ પણ કહી શકાય કે વ્યક્તિભૂત આત્મા અને પરમાત્મા વચ્ચેના આધ્યાત્મિક સંબંધની અનેકવિધ અનુભૂતિની આખરી પરાકાષ્ઠારૂપ આ અદ્વૈતાનંદને માણવા માટે જ એક અને અદ્વિતીય બ્રહ્મે વિશ્વમાં આ અનેકરૂપ ધારણ કર્યાં છે.

તેમ છતાં, દિવ્ય પ્રેમની વધારે વિવિધ અને પૂરી ગાઢ અનુભૂતિ માત્ર વ્યક્તિત્વહીન અનંત બ્રહ્મનું જ અનુસરણ કરવાથી મળતી નથી; એને માટે તો આપણા આરાધ્ય દેવે આપણી સાથે નિકટ અને અંગત બનવું જ પડે. આપણે જ્યારે વ્યક્તિત્વહીન બ્રહ્મના હાર્દમાં પ્રવેશીએ ત્યારે તે પોતાની અંદર વ્યક્તિ-સ્વરૂપના ભંડાર આપણને દેખાડી શકે છે અને અનંત સાંનિધ્ય માત્રમાં જ પ્રવેશવા કે તેને જ માત્ર પામવા ઇચ્છનારને ત્યાં નહિ કલ્પેલી વસ્તુઓ પણ જોવા મળે તે શક્ય છે; ભગવાનની સત્તામાં તો એવાં અચરજ ભરેલાં છે કે જે નાનીશી બુદ્ધિના ખ્યાલોને મૂંઝવી જ નાખે. પણ ભક્તિ, સામાન્ય રીતે, સામેને છેડેથી શરૂઆત કરે છે; તે ભગવાનના વ્યક્તિ-સ્વરૂપની આરાધનાથી શરૂઆત કરે છે, અને તેમાં જ પ્રગતિ અને વિકાસ સાધે છે. ભગવાન એ એક સત્તા, એક પુરુષ છે, કોઈ અમૂર્ત અસ્તિત્વ નહિ, શુદ્ધ, કાલાતીત અનંતતાની કોઈ અવસ્થા નહિ; એ પેલું અસલ અને વિશ્વવ્યાપક અસ્તિત્વ છે જ, પણ એ અસ્તિત્વને, સત્‌નાં ચિત્ અને આનંદમાંથી અલગ કરી શકાય તેમ છે જ નહિ; અને પોતાના સત્ અને પોતાના આનંદ વિશે સચેતન એવું જે અસ્તિત્વ એને જ આપણે દિવ્ય, અનંત પુરુષ કહીએ છીએ. વળી ચેતના માત્રમાં શક્તિ સમાએલી, એટલે કે અંતર્ગત હોય છે જ; જ્યાં જ્યાં સત્‌ની અનંત ચેતના ત્યાં ત્યાં સત્‌ની અનંત શક્તિ; અને વિશ્વમાં સર્વ કાંઈ અસ્તિત્વ ધરાવે છે એ એ શક્તિને લીધે જ. સર્વે સત્‌સ્વરૂપો આ પરમ સત્‌ને લીધે જ અસ્તિત્વ ધરાવે છે; વસ્તુમાત્ર એક ભગવાનનાં અનેક મુખ છે; વિચારમાત્ર, કર્મમાત્ર, ભાવમાત્ર, પ્રેમમાત્ર તેમાંથી જ ઉદ્ભવે છે અને તેમાં જ જઈ મળે છે; તેમનાં સર્વે પરિણામોનું મૂળ અને આધાર અને છૂપું ધ્યેય પણ એ જ છે. આ જ ભગવાન પ્રત્યે, આ જ પુરુષોત્તમ પ્રત્યે પૂર્ણયોગની ભક્તિ વળ્યા કરશે, ઊંચે ચઢ્યા કરશે. પરાત્પરતામાં પહોંચતાં તે નિરપેક્ષ અદ્વૈતના પરમાનંદમાં તેને જ ઝંખશે; તો વિશ્વ-વ્યાપકતામાં પહોંચતાં અનંત ગુણોમાં અને પ્રત્યેક સ્વરૂપમાં અને સર્વે ભૂતોમાં, વિશ્વવ્યાપી આનંદ અને પ્રેમ વડે તે તેને જ ઝંખશે; અને વ્યક્તિરૂપે તે વ્યક્તિ વ્યક્તિની વચ્ચે સર્જાતા સર્વે માનવ-સંબંધો તેની સાથે જ બાંધશે.

હૃદય જે ઝંખે છે તેની સમસ્ત અને સંપૂર્ણ સમગ્રતાને પહેલેથી જ પકડી પાડવાનું શક્ય ના પણ બને; હકીકતમાં તો, જો આપણા પૂર્વ જીવનના પરિણામે આપણી બુદ્ધિ, મનોવૃત્તિ અને ઊર્મિભર્યું ચિત્ત વિકાસ સાધીને વિશાળ અને સૂક્ષ્મ બનેલાં હોય તો જ એ શક્ય છે. અને આપણા સામાન્ય

જીવનની રહેણીકરણીએ આપણી બુદ્ધિને, રસવૃત્તિને, ઊર્મિભર્યા ચિત્તને તેમ જ આપણાં સંકલ્પ-સાધક અને સક્રિય અંગોને પણ વિશાળ બનવાની તાલીમ આપીને આ જ પરિણામ લાવવાનું છે. આવી તાલીમ આપણી સામાન્ય જાતને વિશાળ અને સંસ્કારી બનાવે છે કે જેથી, જે પેલો પરમપુરુષ પોતાના પ્રાગટ્ય માટેના મંદિર તરીકે તેને તૈયાર કરી રહ્યો હતો તેના સમગ્ર સત્ય પ્રત્યે તે સરળતાથી ખૂલી જાય. સામાન્ય રીતે માનવનાં આ બધાં અંગો ઘણાં પરિમિત હોય છે અને પોતાની પ્રકૃતિ તથા તેના પૂર્વ-વિકાસ અને પૂર્વ-સંસ્કારની સાથે ઠીક ઠીક બંધબેસતું હોય તેટલી માત્રામાં જ દિવ્ય સત્યને શરૂઆતમાં પકડી શકે છે. તેથી ભગવાન પણ, શરૂઆતમાં, આપણને પોતાના દિવ્ય ગુણો અને પ્રકૃતિમાંથી પરિમિત અભિવ્યક્તિવાળાં જ વિવિધ સ્વરૂપે આવી મળે છે. સાધક સમજી શકે તથા તેની સંકલ્પ-શક્તિ અને હૃદય ઝીલી શકે તેવી જે બાબતો હોય તેની નિરપેક્ષતાને ધારણ કરીને તે તેની સમક્ષ પ્રત્યક્ષ થાય છે, તેના ભગવાન-સ્વરૂપના કોઈક નામરૂપને તે પ્રગટ કરે છે. યોગમાં તેને જ ઇષ્ટ-દેવતા, એટલે કે આપણી પ્રકૃતિએ પોતાના પૂજા-પાત્ર તરીકે પસંદ કરેલ ભગવાનનું કોઈક નામ અને સ્વરૂપ કહે છે. માનવ, ભગવાનના સ્વરૂપને પોતાના પ્રત્યેક અંગથી ભેટી શકે એટલા માટે તે એવું રૂપ ધારણ કરે છે જેમાં તેના પૂજકે ઇચ્છેલા ગુણ અને સ્વરૂપ રજૂ થતાં હોય અને જે, તેને મન, ભગવાનનો જીવંત દેહ હોય. આ જ હોય છે વિષ્ણુ, શિવ, કૃષ્ણ, કાલી, દુર્ગા, ક્રાઈસ્ટ કે બુદ્ધનાં સ્વરૂપો કે જેને માનવ-મન પોતાના આરાધ્ય દેવ તરીકે સ્વીકારે છે. માત્ર એક જ પ્રભુમાં માનનારા સંપ્રદાયવાળા લોકો કે જે ભગવાનનું કોઈ પણ મૂર્ત સ્વરૂપ સ્વીકાર્યા વિના તેની પૂજા કરે છે તેઓ પણ તેનું કોઈક ગુણપ્રધાન સ્વરૂપ, કોઈક માનસ-સ્વરૂપ, પ્રકૃતિનું કોઈક સ્વરૂપ સ્વીકારે છે કે જેના વડે તે તેને આંખ સામે રાખી શકે, તેની સમીપ જઈ શકે પણ ભગવાનના કોઈ એક જીવંત મૂર્ત સ્વરૂપને, જાણે કે તેના કોઈ મન-કલ્પિત દેહને નજર સમક્ષ રાખી શકવાથી સાધનામાં અંગતતા અને મધુરતાનો ઓર વધારો થાય છે.

ભક્તિ દ્વારા થતા પૂર્ણયોગની રીત આવી છે: ઇષ્ટ-દેવતા અંગેના આ ખ્યાલને પૂરો વ્યાપક બનાવવો; તેની સાથે અનેક ગણો અને સર્વાંગી સંબંધ બાંધીને તેને અતિ ગાઢ રીતે અંગત બનાવવો; આપણી સમસ્ત જાત સમક્ષ તેને સતત રીતે ધ્યાનમાં રાખવો; તથા આપણી સમસ્ત જાત તેને જ અર્થે વાપરવી, તેને સોંપી દેવી, તેને સમર્પણ કરવી, કે જેથી તે આપણી સમીપ

અને આપણી અંદર નિવાસ કરે અને આપણે નિવાસ કરીએ તેની સમીપ અને તેની અંદર. મનન અને દર્શન; એટલે કે દરેક બાબતમાં તેને જ અંગેના વિચાર કરવા તથા સદા અને સર્વદા તેને જ જોતા રહેવો એ આ જાતના ભક્તિમાર્ગમાં બિલકુલ જરૂરી છે. આપણે જ્યારે ભૌતિક પ્રકૃતિના પદાર્થોને જોઈએ ત્યારે તેમાં આપણે આપણા દિવ્ય પ્રિયતમને જોવાનો છે; જ્યારે મનુષ્યો અને પ્રાણીઓને જોઈએ ત્યારે તેમનામાં અને તેમની સાથેના આપણા સંબંધોમાં આપણે તેને જ જોવાનો છે, કે જેથી આપણે જોઈ શકીએ કે આપણે તેનાં જ સ્વરૂપો સાથે સંબંધ બાંધી રહ્યા છીએ; આપણા જાણીતા ભૌતિક જગતમાંથી બહાર નીકળી તેની ઉપર ચાલ્યા જઈએ, અથવા તો અન્ય જગતોની સત્તાઓ સાથે સંબંધમાં આવીએ ત્યારે પણ આ જ મનન અને દર્શનને આપણા મન સમક્ષ પ્રત્યક્ષ રાખવાનું છે, જે મન ભૌતિક અને દૃશ્ય પદાર્થોને જ તથા સામાન્ય અને પાંગળા સંબંધોને જ સ્વીકારે છે અને તેમની અંદર છુપાએલા ભગવાનને સ્વીકારી શકતું નથી તે મનની આ સામાન્ય ટેવને, વ્યાપક પ્રેમ અને આનંદના સતત મારાથી કાઢી નાખવાની છે, જેથી તેની જગ્યાએ આ ઊંડી અને વિશાળ સમજ તથા આ ઉચ્ચ સંબંધ સ્થાપિત થાય. જે એકમાત્ર દેવતાને આપણે આપણા દિલથી અને સમસ્ત જાતથી પૂજીએ છીએ તેને જ સર્વે ઇષ્ટ-દેવતાઓમાં જોવાનો છે; કારણકે તેના જ દેવત્વનાં તેઓ વિવિધ સ્વરૂપો છે. આપણી આધ્યાત્મિક બાથને આમ વિશાળ કરવાથી આપણે એવી કક્ષાએ પહોંચી જઈએ છીએ કે જ્યાં સર્વ કાંઈ "તે" પોતે જ હોય છે અને જ્યાં આ ચેતનાનો આનંદ એ જ બની રહે છે દુનિયાને જોવાની આપણી સહજ અને સતત રીત. એથી આપણને મળી રહે છે તેની સાથેની આપણી એકરૂપતાની બાહ્ય અને પરલક્ષી, વિશ્વવ્યાપી વિશાળતા.

અને આંતરિક રીતે આપણા આ જ પ્રિયતમની પ્રતિમા આપણાં આંતર-ચક્ષુ સમક્ષ ખડી થવી જોઈએ કે જે આપણને તેનો નિવાસ બનાવી તેમાં વસેલો છે; તે જ આપણા હૃદય સમક્ષ પોતાના માધુર્ય વડે પોતાની પ્રત્યક્ષતા છતી કરતી હોય, આપણી જાતનાં શિખર-સિંહાસન પર એક સખા, સ્વામી અને પ્રિયતમ તરીકે બેસી આપણાં મન અને પ્રાણની સર્વે પ્રવૃત્તિઓનો અધિષ્ઠાતા બન્યો હોય, ઊર્ધ્વમાં રહીને પોતાના વિશ્વવ્યાપી સ્વરૂપ સાથે આપણને સાંકળી રહ્યો હોય. સતત, આંતરિક આપ-લેને એક ગાઢ અને સ્થાયી અને સદા-મોજૂદ આનંદ બનાવી દેવાનો છે. આપ-લેના આ સંબંધને એક એવી અપવાદરૂપ સમીપતા અને આરાધાના તરીકે મર્યાદિત નથી

કરી નાખવાની કે જે, આપણે જ્યારે સામાન્ય પ્રવૃત્તિઓમાંથી પૂરા પાછા હઠી આપણા અંતરમાં પ્રવેશીએ ત્યારે જ મળે; કે તેમને નથી પામવાની આપણા માનવ-વ્યાપારોનો પરિત્યાગ કરીને. આપણા સર્વે વિચારો, આવેગો, લાગણીઓ, કર્મો એ બધું જ, તેની હા કે ના મેળવવા તેની સમક્ષ રજૂ કરવાનું છે; અથવા તો, હજી જો આપણે એટલે ઊંચે ના પહોંચી શકતા હોઈએ તો, એ બધું જ આપણા અભીપ્સા-યજ્ઞ દ્વારા તેને અર્પણ કરવાનું છે કે જેથી તે આપણામાં વધુ ને વધુ ઊતરતો રહે, તે બધાંમાં વધુ ને વધુ પ્રત્યક્ષ થતો રહે, અને પોતાના પૂરા સામર્થ્ય અને સંકલ્પ સાથે, પ્રકાશ અને જ્ઞાન સાથે, પ્રેમ અને આનંદ સાથે તેમનામાં વધુ ને વધુ પ્રસરતો રહે. છેવટે આપણા સર્વે વિચારો, આવેગો, લાગણીઓ, અને કર્મો તેનામાંથી જ ઉદ્‌ભવતાં જશે અને પોતાનાં દિવ્ય બીજ અને સ્વરૂપમાં પલટાતાં જશે. આપણા સમગ્ર આંતર-જીવનમાં આપણે એટલા સચેતન થઈ ગયા હોઈશું કે જેથી આપણી જાત તેનાં જ અંગરૂપ લાગતી હશે, અને છેવટે તો આપણા આરાધ્ય ભગવાનના અસ્તિત્વની અને આપણા પોતાના જીવનની વચ્ચે કોઈ ભેદભાવ રહ્યો નહિ હોય. એ જ પ્રમાણે જે કાંઈ બને તે સર્વમાં આપણા દિવ્ય પ્રિયતમના આપણી સાથેના વ્યવહારને જોતાં શીખવાનું છે અને તેમને એવા તો માણતાં શીખવાનું છે કે જેથી ખુદ દુઃખ અને યાતનાઓ અને શારીરિક દર્દ સુદ્ધાં તેની બક્ષિસ-રૂપ બની રહે, આનંદ પ્રત્યે દોરતાં રહે અને છેવટે, પ્રભુના દિવ્ય સંપર્કના ભાનનો પ્રહાર પામી ખુદ પોતે જ આનંદમાં પલટાઈ જાય; કારણકે તેનો હસ્તસ્પર્શ એ તો ચમત્કારપૂર્ણ રૂપાંતર કરી નાખતો જાદુઈ કિમિયો છે. કેટલાક લોકો જીવનનો ત્યાગ એટલા માટે કરે છે કે તે શોક અને દુઃખથી દૂષિત છે, પણ પ્રભુપ્રેમી સમક્ષ તો શોક અને દુઃખ એ તેનાં મિલનનાં સાધન બની જાય છે, તેના દબાણની નિશાની બની જાય છે, અને છેવટે, જ્યારે પ્રભુની પ્રકૃતિ સાથેનું આપણું અદ્વૈત એટલું તો પરિપૂર્ણ થઈ જાય કે જેથી વિશ્વવ્યાપી આનંદની ઉપરના આ અંચળાઓ તેને જરા પણ ઢાંકી ના શકે ત્યારે તેમનો તુરત જ અંત આવી જાય છે; તેઓ જ પરમ-આનંદમાં પલટાઈ જાય છે.

જે સંબંધોને પરિણામે આવું અદ્વૈત સિદ્ધ થાય છે તે સર્વે, આ યોગ-માર્ગમાં, આનંદપૂર્ણ અને ગાઢ, એવા અંગત સંબંધો બની રહે છે. તે સર્વે સંબંધોને પોતાનામાં સમાવી લેનાર, ઉઠાવી લેનાર અને તેમને સર્વેને એકાકાર કરી નાખનાર આખરી સંબંધ છે પ્રેમી અને પ્રિયતમાનો; કારણકે એ જ છે સૌથી વધારે આનંદપૂર્ણ અને ગાઢ; એ જ બીજા સર્વેને

પોતાનાં શિખર સુધી ઉઠાવી જાય છે; અને તે પોતે તો તેનાથી પણ ઊંચે ચડી જાય છે. પ્રભુ જ છે માર્ગદર્શક અને ગુરુ, તે જ આપણને જ્ઞાનદાન દે છે; આંતરિક પ્રકાશ અને આંતરિક દૃષ્ટિના વિકાસમાં ડગલે ને પગલે આપણે તેનો સ્પર્શ અનુભવીએ છીએ,–જાણે કે કોઈ શિલ્પીનો સ્પર્શ આપણી મન-માટીને ઘાટ આપી રહ્યો છે; તેનો કંઠ આપણને સત્ય અને શબ્દ સંભળાવી રહ્યો છે; તે આપણા વિચારોને પ્રેરી રહ્યો છે અને આપણે તેને અનુસરી રહ્યા છીએ,– જાણે કે તેની વિદ્યુતના શમશેર-શા ઝબકારા આપણા અજ્ઞાન-અંધકારને નસાડી રહ્યા છે. ખાસ કરીને, મનનાં અધૂરિયાં અજવાળાં જેટલે અંશે વિજ્ઞાનના પ્રકાશમાં રૂપાંતર પામે છે (પછી તે જરાતરા જ હોય કે ભરપટે હોય) તેટલે અંશે આપણને તે આપણી મનોમયતાનું ભગવાનની મનોમયતામાં થએલું રૂપાંતર લાગે છે; અને ભગવાન પોતે જ આપણી અંદર ચિંતક અને દ્રષ્ટા બની રહે છે. આપણે આપણી મેળે ન તો વિચાર કરીએ છીએ કે ના જોઈએ છીએ; પણ આપણે તો માત્ર તે જ વિચારીએ છીએ જે તેણે આપણા વિશે નિરધાર્યું હોય, અને માત્ર તે જ જોઈએ છીએ જે તે આપણા વતી જોતો હોય. અને ત્યારે ગુરુ પોતાની સાર્થકતા અનુભવતો પ્રિયતમરૂપે પ્રત્યક્ષ થાય છે; તે આપણા સમગ્ર મનને પકડી લે છે કે જેથી તે તેને બાથમાં લઈ શકે, કબજે કરી શકે, તેનો ઉપભોગ અને ઉપયોગ કરી શકે.

તે સ્વામી પણ છે જ; પણ જો આ રીતે તેની સમક્ષ જઈએ તો સર્વે અંતર અને અલગતા, સર્વે ભભક અને ભય અને નરી આજ્ઞાંકિતતા અદૃશ્ય થઈ જાય છે, કારણકે આપણે એટલા તો તેની નિકટ અને એક થઈ જઈએ છીએ કે એ બધું ટકી જ ના શકે; વળી આપણો પ્રેમી જ આપણી સમસ્ત જાતને સંભાળી લે છે, કબજે કરે છે, કામમાં લે છે, અને તેને જે કાંઈ કરવું હોય તે કરે છે. આજ્ઞાંકિતતા એ છે તો સેવકની જ નિશાની પણ તે આવા સંબંધની, દાસ્યની, છેક નીચેની કક્ષા છે. પછીથી આપણે આજ્ઞાપાલન નથી કરતા પણ તેની ઇચ્છાનુસાર ચાલીએ છીએ,– જાણે કોઈ વીણાવાદકના સ્પર્શે રણઝણતો તાર. આવાં કરણરૂપ થઈ જવું એ જ છે આત્મ-સમર્પણની અને શરણાગતિની ઉચ્ચ કક્ષા. પણ આવું કરણ એટલે જીવંત અને પ્રેમપૂર્ણ કરણ, અને તેની પરાકાષ્ઠા એટલે આપણી સમગ્ર પ્રકૃતિનો પ્રભુના એવા ગુલામમાં પલટો કે જે તેની જોહુકમીથી ખુશ થાય છે, અને તેના કબજા અને સ્વામિત્વને આનંદથી આધીન થવામાં મોજ માણે છે. એક હરફ સરખો કાઢ્યા વિના તેની કોઈ પણ ઇચ્છાને પાર

પાડતાં તથા તે તેને જે કાંઈ સહન કરાવે તે સહન કરતાં તે આનંદથી ઊભરાઈ જાય છે કારણકે એ તો છે એના પ્રિયતમનો બોજ.

તો વળી, પ્રભુ આપણો મિત્ર અને મંત્રી, સખા અને સહાયક, ઉપાધિ અને આપત્તિમાં રક્ષક, શત્રુ સામે સંરક્ષક, સંગ્રામમાં આપણો યોદ્ધો કે રક્ષણહાર કે સારથી, અને પ્રવાસમાં આપણો પુરોગામી બની રહે છે. અને અહીં તો આપણને તેનો વધારે ગાઢ સહવાસ મળી રહે છે; કારણકે તે જીવનના ક્રીડાંગણમાં બન્યો હોય છે આપણો જોડીદાર ભિલ્લુ, સનાતન સાથી. છતાં હજી ય કાંઈક ભેદભાવ – ભલેને મનગમતો – વચ્ચે ઊભો હોય છે, અને ઉપકાર-ભાવનો ઓછાયો મૈત્રીને અતિ મર્યાદિત રાખે છે. પ્રેમી તો પ્રહાર પણ કરે અને ત્યાગ પણ કરે, ક્રોધ પણ કરે અને દગાનો દેખાવ પણ કરે; તેમ છતાં, આવા વિરોધો છતાં, પ્રેમ તો ટકી જ રહે, અરે, વધે પણ છે. આવા વિરોધોથી પુનર્મિલનનો આનંદ, પકડાપકડીનો આનંદ ઓર વધે છે; આવા વિરોધો દરમિયાન પણ આપણો પ્રિયતમ તો મિત્ર જ રહે છે; અને, છેવટે ખબર પડે છે કે તેણે જે કાંઈ કર્યું છે તે એક પ્રેમી અને સહાયક તરીકે કર્યું છે, આપણા આત્માની પરિપૂર્ણતાને ખાતર તથા આપણામાં તેને પડતા આનંદને ખાતર કર્યું છે. અને આવા વિરોધોથી તો નિકટતા ઊલટાની વધારે ગાઢ બને છે. તે જ આપણા અંતરાત્માનો પિતા અને માતા, તેનો જનેતા અને ભયત્રાતા, તેનો વહાલસોયો લાલક અને કામનાઓનો દાયક છે. તો વળી એ જ છે આપણો માગી લીધેલો લાલ, કે જેને આપણે વહાલ કરીએ છીએ, ઉછેરીએ છીએ. પ્રેમી આ સર્વે સંબંધોને આવરી લે છે. તેના પ્રેમમાં એટલી તો ગાઢતા અને એકતા છે કે તે માબાપ જેવી સંભાળ પણ લે છે તો કલાગરો બની આપણી ઇચ્છાઓ પાર પણ પાડે છે. આવા અગાધ અને અનેકરંગી સંબંધમાં સર્વ કાંઈ એકાકાર બની રહે છે.

બિલકુલ શરૂઆતથી પણ પ્રેમી અને પ્રિયતમાનો આ ગાઢ સંબંધ સંભવિત છે. પણ પૂર્ણયોગી તેને, નરી પ્રેમમસ્તી જ ઝંખતા કેટલાક ભક્તિ-યોગના જેવો એકલ-રંગી નહિ રાખે. તે શરૂઆતથી જ અન્ય સંબંધોના વિવિધ રંગોનો પણ સ્વીકાર કરશે જ, કારણકે તે જ્ઞાન અને કર્મોને પણ સ્વીકારે જ છે, અને તેથી તેને ભગવાનની ગુરુ, સખા અને સ્વામી તરીકે પણ જરૂર રહે છે. પ્રભુપ્રેમના વિકાસની સાથે સાથે તેનામાં પ્રભુનું તથા, તેની પ્રકૃતિમાં અને જીવનમાં થઈ રહેલાં દિવ્ય સંકલ્પ-શક્તિનાં કર્મોનું જ્ઞાન પણ વિસ્તરવું જ જોઈએ. દિવ્ય પ્રેમી પ્રત્યક્ષ થાય છે જ અને જીવનને તે પોતાને કબજે પણ કરે છે; છતાં અસલ સંબંધ તો રહેશે પ્રેમનો જ,

એવા પ્રેમનો કે જેમાંથી અન્ય સર્વ બાબતો ઉદ્‌ભવશે, એવો પ્રેમ કે જે હશે આવેગપૂર્ણ, પરિપૂર્ણ, સાર્થકતાના સેંકડો માર્ગ શોધતો, પરસ્પરના કબજાના દરેક સાધનને હાથ કરતો, અદ્વૈતના આનંદના લખ લખ રસ્તા અજમાવતો. આવો પ્રેમ મન-ઘડ્યા સર્વે ભેદભાવોને, તેના સર્વે અંતરાયોને, "આમ તો બને જ નહિ" એવા તેના સર્વે સિદ્ધાંતોને તો હસી કાઢશે, અથવા તો તેમને અદ્વૈતની કસોટીઓ અને ક્રીડાંગણો અને પ્રવેશદ્વારો બનાવી મૂકશે. પ્રેમ તો આપણને અનેક રીતે આવી મળે છે; તે, પ્રિયતમના સૌંદર્યના ભાનરૂપે જાગી ઊઠે, કે તેની આદર્શ મૂરત કે મૂર્તિરૂપે દર્શન દે, કે દુનિયાનાં હજાર હજાર વસ્તુ-મુખની પાછળથી પોતાનો ટહુકાર સંભળાવે, કે હૃદયની ધીમે ધીમે ઊઘડતી કે ઓચિંતી ઊઘડી જતી ભૂખરૂપે જાગી જાય, કે આત્મામાં કોઈક અસ્પષ્ટ તૃષા જગાડે, કે કોઈક આપણી પાસે ઊભું રહીને આપણને પ્રેમપૂર્વક બોલાવી રહ્યું છે કે પાછળ પડી રહ્યું છે, અથવા, આપણે જેને શોધવી જ પડશે એવી કોઈક આનંદમૂર્તિ કે સૌંદર્ય-મૂર્તિ પાસે જ ફરી રહી છે એવું ભાન જગાડે.

આપણે તેને ઊછળતા આવેગથી શોધીએ અને એ વણદેખ્યા પ્રિયતમનો પીછો પકડીએ તે શક્ય છે; પણ એ પણ શક્ય છે કે જેનો આપણે વિચાર સરખો ય ના કરતા હોઈએ તેવો પ્રેમી પોતે પણ આપણને શોધતો ફરતો હોય અને દુનિયાના ભરબજાર વચ્ચે આપણને પકડી પાડે, અને પહેલાં તો આપણને ના પણ ગમે (કે ગમે ય ખરું) તો ય આપણને બાઝી જ પડે. અરે, એ તો પહેલાં આપણી સમક્ષ એક દુશ્મન તરીકે પણ આવે – ક્રોધથી ભર્યો ભર્યો – પ્રેમનો ક્રોધ, અને આપણો તેની સાથેનો સંબંધ શરૂ થાય ઝપાઝપી અને મારંમારીથી. અને પ્રેમ અને આકર્ષણથી શરૂઆત થઈ હોય તોપણ ભગવાન સાથેના આત્માના સંબંધમાં ગેરસમજૂતી અને રીસ, ઇર્ષ્યા અને ક્રોધ, તકરાર અને પ્રેમકલહ, આશા અને નિરાશા અને અદર્શન અને વિરહની વેદના ઘણા વખત સુધી વચ્ચે આવ્યા કરે પણ ખરાં. આપણે આપણા હૃદયના સર્વે આવેગોને તેની તરફ ઊભરાવા જ દઈએ કે જેથી છેવટે તેઓ આનંદ અને અદ્વૈતની નરી મસ્તીનું શુદ્ધ સ્વરૂપ ધારણ કરી લે. પણ તો ય તે બની રહે છે એક એકધારી અવસ્થા. પણ દિવ્ય પ્રેમના આનંદમાં જે સમગ્ર નિરપેક્ષ અદ્વૈત તથા જે સનાતન વિવિધતાઓ રહેલી છે તેનું વર્ણન કરવું એ માનવવાણી માટે અસંભવિત છે. આપણાં ઊર્ધ્વ તેમ જ નિમ્ન, બંને જાતનાં અંગો તેનાથી ઊભરાઈ જાય છે; અને આત્માના કરતાં મન અને પ્રાણ કાંઈ

ઓછાં ઊભરાઈ જતાં નથી; ખુદ ભૌતિક દેહને પણ એ આનંદનો ભાગ મળે છે, તે પણ તેનો સ્પર્શ અનુભવે છે, તેનાં સર્વ અંગો, રગેરગ અને નાડીએ નાડી તેના આનંદના સોમરસથી, અમૃતથી ચકચૂર બની જાય છે. પ્રેમ અને આનંદ એ જ છે અસ્તિત્વની આખરી વાત, તેના ભેદનો પણ ભેદ, તેના રહસ્યનું પણ રહસ્ય.

પ્રેમ અને આનંદના આ માર્ગને જ્યારે વિશ્વ જેટલો વિશાળ અને વ્યક્તિ જેટલો અંગત બનાવવામાં આવે, તેની તીવ્રતમ અવસ્થાઓ સુધી ઊંચે ઉઠાવવામાં આવે, તેને સર્વ-ભેદક, સર્વ-વ્યાપક, સર્વ-સિદ્ધિદાયક બનાવવામાં આવે ત્યારે તેનું વરદાન હોય છે પરમ મુક્તિ. તેનું સર્વોચ્ચ શિખર એટલે અતિવૈશ્વિક અદ્વૈત. પણ પ્રેમ તો પૂર્ણ અદ્વૈતને જ ગણે છે મુક્તિ; તેને માટે મુક્તિનો અન્ય કોઈ અર્થ નથી; અને તે સર્વ મુક્તિઓને એકસાથે આવરી લે છે; આ મુક્તિઓ, કેટલાક લોકો ઝંખે છે તેવી, એક પછી એક આવી મળનારી નથી હોતી; તેથી તેઓ પરસ્પરથી અલગ પણ નથી હોતી. આપણને તો મળે છે ભગવાન સાથેનું માનવ-આત્માનું નિરપેક્ષ અદ્વૈત, સાયુજ્ય મુક્તિ; ભેદભાવ પર આધારિત અહીંની સર્વ બાબતો તેની અંદર સમાઈ ગએલી હોય છે તો ભેદભાવ એ પણ ત્યાં અદ્વૈતનું જ એક સ્વરૂપ હોય છે. તેમાં જ મળી રહે છે સમીપતા અને સંપર્ક અને પરસ્પરની હાજરીનો, એટલે કે સામીપ્ય અને સાલોક્ય મુક્તિનો આનંદ, તેમ જ પરસ્પરનાં પ્રતિબિંબ-શો, સાદૃશ્ય મુક્તિનો આનંદ. આ ઉપરાંત તેમાં એવી તો અદ્ભુત વસ્તુઓ ભરેલી હોય છે કે જેને ભાષા દ્વારા વર્ણવવા માટે હજી શબ્દો શોધાએલા નથી. એવું કાંઈ જ નથી કે જે પ્રભુપ્રેમીની પહોંચથી ઊંચે કે બહાર હોય, અથવા જે મેળવવાની તેને મનાઈ હોય. કારણકે તે દિવ્ય પ્રેમીનો લાડીલો છે, અને પ્રિયતમાનું પોતાનું જ આત્મ-સ્વરૂપ છે.

# ખંડ ૪થો

## આત્મ-પરિપૂર્ણતાનો યોગ

## પ્રકરણ : ૧

# પૂર્ણયોગનો પાયાનો સિદ્ધાંત

પેલી પરમ દિવ્યતાને પ્રાપ્ત કરવા માટે, માણસને મળેલી શક્તિઓમાંથી એક કે બધીને જ કામે લગાડવી એ જ છે યોગ માત્રનો સિદ્ધાંત. સામાન્ય યોગમાર્ગોમાં, ગમે તે એક મુખ્ય શક્તિને, કે એક જ જાતની શક્તિઓના જૂથને, સાધન, વાહન, કે માર્ગ બનાવવામાં આવે છે. પણ સમન્વય સાધતા યોગમાં તો બધી જ શક્તિઓને ભેગી કરવાની હોય અને રૂપાંતર સાધવામાં તે સર્વેનો સમાવેશ કરવાનો હોય.

હઠયોગમાં સાધન છે શરીર અને પ્રાણ. આસનો અને અન્ય શારીરિક ક્રિયાઓ દ્વારા શરીરની સમગ્ર શક્તિને શક્ય તેટલે અંશે – કહોને કે કોઈ જ સીમા વિના – શાંત, એકત્ર, શુદ્ધ, ઉચ્ચ અને એકાગ્ર કરવામાં આવે છે; એ જ પ્રમાણે આસન અને પ્રાણાયામ વડે શક્તિને પણ શુદ્ધ, ઉચ્ચ અને એકાગ્ર કરવામાં આવે છે. પછી આ એકાગ્ર શક્તિઓને, શરીરના જે કેન્દ્રમાં દિવ્ય ચેતના છુપાઈ બેઠેલી છે ત્યાં લાગુ પાડવામાં આવે છે. આથી પ્રકૃતિની જે પ્રાણશક્તિ સૌથી નીચેના નાડીચક્રમાં[1] પોતાની સર્વ ગુપ્ત શક્તિઓને સંકેલી લઈને નિદ્રાવસ્થામાં પડેલી છે (અને જેમાંથી માનવજીવનની મર્યાદિત જરૂરિયાતોને પહોંચી વળવા જેટલી જ શક્તિ આપણા દૈહિક ધર્મોની જાગ્રત ક્રિયાઓમાં બહાર નીસરી આવે છે) તે જાગ્રત થાય છે, એક પછી એક કેન્દ્રોમાં ઉપર ચડતી જાય છે અને ચડતાં ચડતાં માર્ગમાં આવતાં એ કેન્દ્રોની શક્તિઓને – પ્રાણપ્રધાન[2] જીવનની ઊર્મિપ્રધાન હૃદય અને સામાન્ય ચિત્તની[3], વાણીની[4], દૃષ્ટિની, સંકલ્પોની તથા ઉચ્ચ જ્ઞાનની[5] શક્તિઓને – જગાડતી જાય છે અને છેવટે મગજમાંથી પસાર થઈને તથા તેની પણ ઉપર જઈને[6] દિવ્ય ચેતનાને મળે છે અને તેથી સાથે એકરૂપ બની જાય છે.

રાજયોગ સાધન તરીકે પસંદ કરે છે મનને. આપણી સામાન્ય મનોમયતાને નિયંત્રિત અને શુદ્ધ કરીને દિવ્યતા તરફ વાળ્યા પછી આસન અને

---

૧. મૂલાધારમાં   ૨. સ્વાધિષ્ઠાનની   ૩. મણિપુરની   ૪. અનાહતની
૫. આજ્ઞાચક્રની   ૬. સહસ્રદલમાં   –અનુવાદક

પ્રાણાયામના ટૂંકા અભ્યાસની મદદ વડે શારીરિક શક્તિને શાંત અને એકાગ્ર કરવામાં આવે છે; પ્રાણશક્તિને તદ્દન રોકી પણ દઈ શકાય તેવી એક તાલબદ્ધ ગતિમાં મુક્ત કરવામાં આવે છે તથા ઊર્ધ્વમુખી શક્તિ તરીકે તેને એકાગ્ર કરવામાં આવે છે; મન કે જે શરીર અને પ્રાણના આધારે ઊભેલું છે તેને, તેમના આ કાર્ય અને એકાગ્રતાના પરિણામે સહાય અને શક્તિ મળતાં તે પોતે પણ તેની સર્વ ચંચળતા અને ઊર્મિઓ અને યંત્રવત વિચારતરંગોમાંથી વિશુદ્ધિ મેળવે છે, અથડામણો અને વ્યગ્રતાઓમાંથી મુક્ત બને છે, એકાગ્રતાની ઉચ્ચ શક્તિ પ્રાપ્ત કરે છે, અને તલ્લીનતામાં સર્વાંગી ડૂબકી મારી દે છે. આ સાધનાના પરિણામે બે હેતુઓ પાર પડે છે; એક છે તાત્કાલિક અને બીજો સનાતન. એક નવું જ એકાગ્ર કાર્ય, જ્ઞાન માટેની અસાધારણ શક્તિઓ, કાર્યસાધક સંકલ્પશક્તિ, ઊંડી ગ્રહણશક્તિ, વિચારનાં સૂક્ષ્મ મોજાં પ્રસારવાની તેજશક્તિ, આ બધાં કે જે સામાન્ય માનસની સીમાઓની પૂરેપૂરાં બહાર છે તે સર્વેનો વિકાસ થાય છે તથા એક બિનજરૂરી (છતાં, કદાચ લાભદાયક) રહસ્યમયતામાં જે ઢંકાયેલી છે એવી યૌગિક કે ગુહ્ય સિદ્ધિઓ પણ પ્રાપ્ત થાય છે. પણ અંતિમ પરિણામરૂપ અને સંપૂર્ણ અગત્યનો લાભ તો એ થાય છે કે નિશ્ચલ થઈ એકાગ્ર તલ્લીનતામાં ચાલ્યું ગયેલું મન દિવ્ય ચેતનામાં લય પામી શકે છે અને આત્મા દિવ્યતામાં એકરૂપ થઈ જવા માટે મુક્ત બને છે.

ત્રિ-માર્ગમાં માનવના મનોમય આત્મ-જીવનની ત્રણ મુખ્ય શક્તિઓને સાધન તરીકે પસંદ કરવામાં આવે છે. જ્ઞાનમાર્ગ તર્કશક્તિ અને બૌદ્ધિકદૃષ્ટિને પસંદ કરે છે અને તેમને શુદ્ધ તથા એકાગ્ર કરીને અને પ્રભુપ્રાપ્તિની નિશ્ચિત સાધનાથી તૈયાર કરીને સર્વોચ્ચ જ્ઞાન અને સર્વોચ્ચ દર્શનરૂપ પ્રભુજ્ઞાન અને પ્રભુદર્શનનું સાધન બનાવે છે. તેનું ધ્યેય છે, ભગવાનને જોવા, જાણવા અને તેનામય બની જવું. કર્મમાર્ગ કર્મના કર્તાની સંકલ્પ-શક્તિને સાધન તરીકે પસંદ કરે છે; તે જીવનને પ્રભુ માટેના યજ્ઞનો બલિ બનાવે છે અને શુદ્ધિ, એકાગ્રતા તથા દિવ્ય સંકલ્પ-શક્તિની નિશ્ચિત સાધના દ્વારા તેને, માનવ-આત્માનું વિશ્વના દિવ્ય માલિક સાથે મિલન અને એકરૂપતા સાધવા માટેનું સાધન બનાવે છે. ભક્તિ-માર્ગ આત્માની ઊર્મિમય અને ભાવપ્રધાન શક્તિઓને પસંદ કરે છે અને તેમને પૂરેપૂરી શુદ્ધિ, તીવ્રતા તથા ઝંખનાના અનંત આવેગથી પ્રભુ પ્રત્યે વાળીને એ દિવ્ય પુરુષનું એક કે અનેક ભાવથી ભરેલું મિલન પામવા માટેનું સાધન બનાવે આ છે. આ ત્રણેય માર્ગો પોતપોતાની રીતે માનવ-આત્માનું પરમાત્મા સાથે મિલન કે તન્મયતા

સાધવાનું ધ્યેય રાખે છે.

દરેક યોગમાર્ગને તેના સાધનની ખાસિયત અનુસાર પોતાની સાધના-પદ્ધતિ હોય છે. આમ હઠયોગની સાધના–પદ્ધતિ મનોભૌતિક છે, તો રાજયોગની માનસિક અને ચૈત્યસિક, જ્ઞાનયોગની આધ્યાત્મિક અને જ્ઞાનપ્રધાન, ભક્તિયોગની આધ્યાત્મિક, ઊર્મિમય અને ભાવપ્રધાન, અને કર્મયોગની આધ્યાત્મિક અને સક્રિય કર્મોથી ભરેલી. પણ બધી જ શક્તિઓ છેવટે તો એક જ શક્તિ છે; સર્વે શક્તિ, હકીકતમાં તો આત્મ–શક્તિ જ છે. આપણા સર્વે વ્યવહારના સામાન્ય આધારરૂપ પ્રકૃતિનું કાર્ય વ્યસ્ત, વિભાજક અને વિમાર્ગી હોવાથી જીવનના, દેહના અને મનના સામાન્ય વ્યાપારોમાં આ સત્ય તદ્દન ઢંકાઈ ગએલું હોય છે (જોકે ત્યાં પણ એ છેવટે તો બહાર આવે જ છે), કારણકે સર્વે ભૌતિક શક્તિ પોતાની અંદર પ્રાણમય, માનસિક, ચૈત્યસિક અને આધ્યાત્મિક શક્તિ સમાવી રાખે છે અને તેણે, છેવટે તો, મહાશક્તિનાં આ સર્વ સ્વરૂપોને છૂટાં મૂકવાં જ પડે છે; એ જ પ્રમાણે પ્રાણ–શક્તિએ પણ અન્ય સર્વ સ્વરૂપોને ઢાંકી રાખેલાં છે અને તે પણ તેમને છૂટાં મૂકે જ છે; અને શરીર તથા પ્રાણ અને તેમની શક્તિઓ તથા કાર્યો પર આધાર રાખતી માનસિક શક્તિ એ પણ અણવિકસિત કે અર્ધ-વિકસિત ચૈત્યસિક અને આધ્યાત્મિક શક્તિને પોતાનામાં સમાવેલી છે. પણ જ્યારે યોગ વડે આમાંની કોઈ પણ શક્તિને તેમનાં વ્યસ્ત અને વિમાર્ગી કર્મોમાંથી પકડી પાડીને તથા એકાગ્ર કરીને શક્ય તેટલી ઊંચે ઉઠાવવામાં આવે છે ત્યારે તે આત્મ–શક્તિ તરીકે પ્રગટ થાય છે અને સર્વે શક્તિની મૂળભૂત એકરૂપતા છતી કરે છે. તેથી જ હઠયોગની ક્રિયાઓ દ્વારા પણ શુદ્ધ ચૈત્યસિક અને આધ્યાત્મિક પરિણામો પ્રાપ્ત થાય છે અને રાજયોગની ચૈત્યસિક સાધના દ્વારા આધ્યાત્મિક સિદ્ધિ આવી મળે છે. ત્રિ–માર્ગની સાધના અને હેતુ પૂરેપૂરાં માનસિક અને આધ્યાત્મિક જ લાગતાં હોય તોપણ અન્ય માર્ગોથી મળતાં વિશિષ્ટ પરિણામો તેમની દ્વારા પણ, અને તે ય વણમાગ્યાં કે સહજ ફળરૂપે પ્રાપ્ત થઈ જઈ શકે છે; કારણકે સર્વે શક્તિઓ છેવટે તો આત્મ–શક્તિ જ હોવાથી ગમે તે એક માર્ગે શિખર પર પહોંચતાં તેની અન્ય સંભાવનાઓ સ્પષ્ટ રૂપે કે શક્યતાનાં દ્વાર તરીકે, દેખા દેવા માંડે છે – સર્વે શક્તિની આ એકરૂપતાને લીધે જ યોગમાર્ગોના સમન્વયની શક્યતા ઝળકી ઊઠે છે.

તંત્રની સાધના પોતે એક સમન્વય છે. તેણે આખા જગતને આવરી લેતું એક મહાન સત્ય પકડી પાડ્યું છે; એ છે : સમગ્ર અસ્તિત્વ એ છેડા-

વાળું છે અને તેમની મૂળભૂત એકતા એ જ એનું છૂપું રહસ્ય છે; એ બે છેડા છે બ્રહ્મ અને શક્તિ, આત્મતત્ત્વ અને પ્રકૃતિ; પ્રકૃતિ એ આત્માની શક્તિ છે,– ના, શક્તિસ્વરૂપે આત્મા જ છે. માનવમાં રહેલ પ્રકૃતિને આત્માની પ્રગટ શક્તિ સુધી ઊંચે લઈ જવી એ છે તેની સાધના–પદ્ધતિ, અને, આધ્યાત્મિક પરિવર્તનને માટે એ પકડમાં લે છે સમગ્ર પ્રકૃતિને. તે તેના અભ્યાસમાં હઠયોગની જોરદાર ક્રિયાઓનો, અને ખાસ કરીને તો, ચક્રોને ખુલ્લાં કરી નાખવાની અને જાગ્રત થએલી કુણ્ડલિની શક્તિને તેમનામાંથી પસાર કરી બ્રહ્મમાં લઈ જવાની ક્રિયાનો સમાવેશ કરે છે; રાજયોગે શુદ્ધિ, ધ્યાન અને એકાગ્રતા પર મૂકેલો સૂક્ષ્મ ભાર પણ સ્વીકારે છે; અને સંકલ્પ–શક્તિના ઉચ્ચાલનનો, ભક્તિના પ્રેરક બળનો અને જ્ઞાનરૂપ ચાવીનો પણ સ્વીકાર કરે છે. પણ આ વિશિષ્ટ યોગમાર્ગોની બહુવિધ શક્તિઓને અસરકારક રીતે એકત્ર કરીને ત્યાં જ એ અટકી પડતી નથી. તે પોતાના આ સમન્વય–સાધક વલણની દ્વારા યોગ–પદ્ધતિના પ્રદેશને બે વધુ દિશાઓમાં વિસ્તારી આ છે. તે, પહેલાં તો, માનવ–પ્રકૃતિના ગુણ, ઇચ્છાઓ અને કાર્યને મજબૂત રીતે પકડે છે, અને, આત્મા તેમની પર પોતાનું પ્રભુત્વ સ્થાપે એ પ્રાથમિક હેતુથી અને છેવટે એક દિવ્ય, આધ્યાત્મિક પ્રદેશ સુધી તેઓને ઊંચે ચડાવી શકાય તેટલા ખાતર, તેમને પ્રબળ સાધનામાંથી પસાર કરે છે. વળી, બીજા વિશિષ્ટ યોગમાર્ગોના એકમાત્ર આશયરૂપ એકલી મુક્તિ જ નહિ પણ આત્મ–શક્તિનો વિશ્વવ્યાપી ઉપભોગ, એટલે ભુક્તિ (કે જેને અન્ય માર્ગો સ્વીકારે છે ખરા પણ રસ્તે આવી મળતી અણધારી વસ્તુ તરીકે અને તે પણ અમુક અંશે અને ગૌણ સ્થાને જ – પણ એક સાધ્ય તરીકે તો નહિ જ) તેનો પણ તંત્રમાર્ગ એક સાધ્ય તરીકે સ્વીકારે જ છે. આમ તે એક વધારે હિંમતભરી અને વધારે વિશાળ પદ્ધતિ છે.

આપણે જે સમન્વય સાધવા માગીએ છીએ તેમાં, યોગ અંગેના એક બીજા જ દૃષ્ટિબિંદુવાળા ખ્યાલમાંથી ચાવીરૂપ સૂચન મેળવવામાં આવ્યું છે. એ છે : વેદાન્ત–માર્ગથી શરૂઆત કરવી, અને તંત્રના ધ્યેયને પાર પાડવું. તંત્રમાં એકમાત્ર અગત્યની બાબત છે શક્તિ, એ જ છે આત્મ–પ્રાપ્તિની ચાવી; આપણા સમન્વયમાં આત્મા, આત્મતત્ત્વ એ જ છે એકમાત્ર અગત્યની બાબત, એ જ છે શક્તિ મેળવવાનું રહસ્ય. તંત્ર શરૂઆત કરે છે છેક નીચેથી અને ગોઠવ્યે જાય છે છેક શિખર સુધીનાં સોપાન; તેથી તે શરૂઆતમાં ભાર મૂકે છે નાડીતંત્રમાં અને ચક્રો પર થતાં, જાગ્રત થએલ શક્તિનાં કાર્ય ઉપર; ષટ્ચક્રોને ભેદવાં એ જ છે આત્મ–શક્તિના પ્રદેશોમાં પ્રવેશ. આપણા

સમન્વયમાં માણસને એક દેહનિવાસી આત્માના કરતાં વધારે તો એક મન-નિવાસી આત્મા ગણવામાં આવ્યો છે અને સ્વીકારી લેવામાં આવ્યું છે કે તેનામાં, તે પ્રદેશમાંથી શરૂઆત કરી શકવાની, મનમાં વસતા આત્માને સીધો જ ઊર્ધ્વ આધ્યાત્મિક શક્તિ અને અસ્તિત્વમાં લઈ જઈ માનવજાતનું આધ્યાત્મિકરણ કરી શકવાની અને, એમ મેળવેલ તથા કામે લગાડેલ, ઊર્ધ્વ શક્તિ વડે પોતાની સમગ્ર પ્રકૃતિને પરિપૂર્ણ કરી શકવાની શક્તિ છે. આથી, શરૂઆતથી જ આપણો ઝોક રહ્યો છે મનમાં વસતા આત્માની શક્તિના ઉપયોગ પર અને જ્ઞાન-કર્મ-ભક્તિની ત્રિ-વિધ ચાવીને આત્માના તાળામાં ફેરવવા પર; હઠયોગની ક્રિયાઓને વેગળી મૂકી શકાય તેમ છે – જોકે તેમનો કેટલેક અંશે ઉપયોગ કરવામાં કાંઈ વાંધો પણ નથી-; અને રાજયોગનું સ્થાન પણ જેવુંતેવું જ હોઈ શકે. આધ્યાત્મિક શક્તિ અને અસ્તિત્વના વધુમાં વધુ વિકાસને ટૂંકામાં ટૂંકા રસ્તે પ્રાપ્ત કરવો અને, તેના વડે, માનવ-જીવનના સમગ્ર પ્રદેશમાં, મુક્ત પ્રકૃતિને દિવ્ય બનાવવી એ જ છે આપણો પ્રેરક ઉદ્દેશ.

આ જે સિદ્ધાંતની વાત છે એ છે એક આત્મ-સમર્પણ; માનવ-જાતનો દિવ્ય જાતને, તેની ચેતનાને, શક્તિને, આનંદને હવાલો; એક મિલન : મનોમય માનવ-આત્મામાં મિલનનાં દરેકેદરેક બિંદુએ એક એવું સં-મિલન કે જેના પરિણામે ભગવાન પોતે, સીધેસીધો જ કોઈ પણ જાતના આડ-અંચળા વિના તેના આ કરણનો માલિક અને લગામધરી બની, પોતાની હાજરીના પ્રકાશ અને માર્ગદર્શનથી માનવને અને તેની પ્રકૃતિની સર્વ શક્તિઓને એક દિવ્ય જીવન માટે પરિપૂર્ણ બનાવે. અહીં યોગના ધ્યેયને વિશાળતાનો એક નવો વિસ્તાર આપવામાં આવે છે. બધા જ યોગમાર્ગો-માં સામાન્ય, અને શરૂઆતનું ધ્યેય હોય છે મુક્તિ; માનવ-આત્માની તેનાં પ્રકૃતિગત અજ્ઞાન અને મર્યાદાઓમાંથી મુક્તિ; આધ્યાત્મિક અસ્તિત્વમાં તેનો છુટકારો; પરમ આત્મા અને દિવ્યતા સાથે તેની એકતા. પણ સામાન્ય રીતે, આ ધ્યેય માત્ર શરૂઆત પૂરતું જ ધ્યેય ના રહેતાં અંતિમ અને સમગ્ર ધ્યેય બની ગયું છે,– તેમાં આધ્યાત્મિક અસ્તિત્વના આસ્વાદને સ્થાન છે, પણ એ મળે છે કાં તો આત્મ-પ્રદેશની નીરવતામાં માનવના વ્યક્તિ-સ્વરૂપને ભેળવી દઈને, કે પછી કોઈ પારલૌકિક ઊર્ધ્વ પ્રદેશમાં. તંત્રની સાધનામાં પણ મુક્તિ એ અંતિમ ધ્યેય છે, પણ એકમાત્ર ધ્યેય નથી; એ પોતાની સાધના દરમિયાન માનવ-અસ્તિત્વમાં રહેલ આધ્યાત્મિક શક્તિ, પ્રકાશ અને આનંદની પૂર્ણ પરિપૂર્ણતા અને ઉપભોગ મેળવે છે; વળી, તેને એક એવી પરમ

અનુભૂતિની ઝાંખી પણ થાય છે કે જેમાં સર્વ વિરોધો અને વિસંવાદો પર આખરી વિજય સ્થાપી મુક્તિની સાથે વિશ્વગત કર્મ અને ઉપભોગ પણ એકત્ર થઈ જાય છે. આધ્યાત્મિક શક્યતાઓ તરફની આવી વિશાળ દૃષ્ટિ રાખીને આપણે શરૂઆત કરીએ છીએ, પણ તેની સાથે એક એવો વધારાનો ઝોક મૂકીએ છીએ કે જેના વડે તેનો સૂચક-અર્થ વધારે પરિપૂર્ણ બને છે. આપણે માનવ-આત્માને, પરાત્પરમાં ભગવાનનું મિલન માત્ર જ મેળવવા નીકળેલી એક વ્યક્તિ તરીકે નહિ પણ સર્વ આત્માઓમાં, અને સમગ્ર પ્રકૃતિમાં પણ, ભગવાનનું મિલન મેળવી શકનાર વિશ્વવ્યાપી સત્-તા તરીકે જોઈએ છીએ, અને આ વિસ્તૃત દૃષ્ટિને તેનાં સર્વ વ્યવહારુ પરિણામોમાં પૂર્ણ અવકાશ આપીએ છીએ. માનવ-આત્માની વ્યક્તિગત મુક્તિ અને સત્-ચિત્-આનંદ-સ્વરૂપ ભગવાનના મિલનનો ઉપભોગ, યોગ માત્રનું પહેલું ધ્યેય હોવું જ જોઈએ; ભગવાનના વિશ્વમય સ્વરૂપના મિલનનો આનંદ એ બની રહે છે બીજું ધ્યેય; પણ તેમાંથી એક ત્રીજું ધ્યેય પણ બહાર તરી આવે છે; એ છે : માનવતામાં રહેલ ભગવાનના આધ્યાત્મિક કાર્ય પ્રત્યે સહાનુભૂતિ દાખવીને, તથા તેમાં સામેલ થઈને સર્વ કોઈમાં દિવ્ય મિલન પામવાની સાર્થકતા. અને ત્યારે વ્યક્તિગત યોગ એક એકલ-માર્ગ મટીને માણસજાતની દિવ્ય પ્રકૃતિના સામુદાયિક યોગનું અંગ બની જાય છે. મુક્ત બનેલ વ્યક્તિ, જાત અને આત્મામાં ભગવાન સાથે એક થઈને, માનવતામાં રહેલ ભગવાનને પૂર્ણ રીતે ઊગવા દેવા માટેનું, પોતાની સ્વાભાવિક જાતને પરિપૂર્ણ બનાવતું એક કરણ બની રહે છે.

ભગવાનને ઊગવા દેવાના આ કાર્યનાં બે પગલાં છે; પહેલાં આવે છે અલગ-મૂલક આપણા અહમ્‌માંથી બહાર નીકળીને સાધવાની આત્મા સાથેની એકરૂપતા; અને પછીથી, માનસિક પ્રદેશના આજના નિમ્ન વ્યવહાર કે જે વિશ્વમાં સર્જાએલ વ્યક્તિની અંદર રહેલ દિવ્ય પ્રકૃતિના મૂળ ગ્રંથની સત્તાવાર આવૃત્તિ નહિ પણ એક ભાંગ્યોતૂટ્યો તરજુમો જ છે તેવા વ્યવહાર તજીને દિવ્ય પ્રકૃતિના પોતાના અસલ અને ઊર્ધ્વ વ્યવહારોની સ્થાપના. બીજી રીતે એમ કહી શકાય કે એક એવી પરિપૂર્ણતા પ્રાપ્ત કરવાની છે કે જેમાં મનોમય પ્રકૃતિને પૂર્ણ આધ્યાત્મિક અને અતિમાનસિક પ્રકૃતિ સુધી ઊંચે ચડાવવામાં આવી હોય. તેથી જ્ઞાન, પ્રેમ અને કર્મના આ પૂર્ણયોગને વિસ્તૃત કરી આધ્યાત્મિક અને અતિમાનસિક, એટલે કે વિ-જ્ઞાનમય પરિપૂર્ણતાનો યોગ બનાવવાનો છે. આ વિ-જ્ઞાનમય જ્ઞાન, સંકલ્પ અને આનંદ એ સીધેસીધાં જ આત્મતત્ત્વનાં કરણો હોવાથી અને આત્મતત્ત્વમાં, દિવ્ય

સ્વરૂપમાં વિકસવાથી જ તેમને મેળવી શકાય તેમ હોવાથી આ વિકાસ એ આપણા યોગનું પહેલું ધ્યેય બની રહે છે. ભગવાન વ્યક્તિના આત્મામાંથી વિજ્ઞાન–સ્વરૂપને બહાર વિકસાવી દે તે પહેલાં માનસિક જાતે ભગવાનને મળી શકાય તેટલા વિશાળ થવું જ પડશે. આ જ કારણથી આ સમગ્ર યોગની ચાવીરૂપ છે જ્ઞાન–કર્મ–પ્રેમનો ત્રિ–માર્ગ, કારણકે મનમાં વસતા આત્માને તેની સર્વોચ્ચ ઘનિષ્ઠતા, કે જ્યાં તે દિવ્ય એકતાને પામી શકે છે ત્યાં સુધી ઊંચે લઈ જવા માટેનાં એ જ પ્રત્યક્ષ સાધનો છે. અને તે જ કારણથી યોગને પણ પૂર્ણ–યોગ, સર્વાંગી યોગ, બનાવવો જ પડે છે. જો માત્ર અનંતતામાં વિલીન થઈ જવાનું કે ભગવાનનું ગાઢ મિલન પામવાનું ધ્યેય હોય તો સર્વાંગી યોગ નિરર્થક છે,– સિવાય કે આપણે આપણી સમગ્ર માનવીય જાતને તેનાં આદિકરણ તરફ ઊંચે ઉઠાવવાનો વધારાનો સંતોષ જોઈતો હોય, પણ મૂળ હેતુને ખાતર તો એ અનિવાર્ય નહિ જ રહે; કારણકે ગમે તે એક કે એકાંગી શક્તિ વડે પણ આપણે ભગવાન તો મેળવી જ શકવાના છીએ; ગમે તે એક શક્તિની ટોચે પહોંચતાં અનંતતા અને નિરપેક્ષતામાં જ પહોંચાય છે. તેથી ગમે તે એક રસ્તેથી શરૂઆત કરવી એ પૂરતું છે; અલગ અલગ સેંકડો રસ્તા છેવટે તો અનંત પ્રભુમાં જ પહોંચાડે છે. પણ વિજ્ઞાનમય પુરુષ એ તો સમગ્ર, દિવ્ય અને આધ્યાત્મિક પ્રકૃતિનો પૂરેપૂરો ઉપભોગ અને કબજો છે; અને એ છે સમગ્ર માનવીય પ્રકૃતિનું દિવ્ય અને આધ્યાત્મિક અસ્તિત્વની શક્તિમાં પૂરેપૂરું આરોહણ. તેથી જ સર્વાંગી સાધના એ આપણા યોગની અનિવાર્ય શરત થઈ પડે છે.

તો વળી આપણે એ પણ જોયું છે કે ત્રણમાંનો ગમે તે એક પણ માર્ગ જો ઠીક ઠીક વિશાળતાથી સ્વીકારવામાં આવે તો છેવટે તો તે બીજા બે માર્ગોની શક્તિને પણ પોતાનામાં સમાવી શકે છે અને તેમને કૃતાર્થ પણ કરી શકે છે. એટલે ગમે તે એક માર્ગે શરૂઆત કરીને, આગળ જતાં તે બીજા બે માર્ગોને જ્યાં મળે છે તે શોધી કાઢવું એ યોગ્ય જ ગણાય; શરૂઆતમાં, બીજા બે માર્ગોને પણ પોતાને સમાંતર આવતા તે જોઈ શકે છે અને પછી, પોતે વિશાળ બનતાં, તેમનામાં પોતે ભળી જતો જણાય છે. જો એકસાથે, જાણે કે ત્રણ રસ્તા પકડી શકાય, આત્મ–શક્તિનાં ત્રેવડાં ચક્રથી શરૂઆત કરી શકાય (જોકે એ વિશેષ મુશ્કેલ અને અટપટું તો છે જ) તો તે એક પૂરેપૂરી સમર્થ રીત બની જાય. પણ આપણે આત્મ–પરિપૂર્ણતાના યોગની શરતો અને સાધનો જોઈ લઈએ તે પછી જ આ જાતની શક્યતા વિષે વિચાર કરવાનું રાખવું પડશે, કારણકે, આમ પછીથી

વિચાર કરવાનું જોકે કંઈ પૂરેપૂરું ફરજિયાત તો નથી જ છતાં પણ, આપણે જોઈશું કે દિવ્ય કર્મ, પ્રેમ અને જ્ઞાનનો વિકાસ થતાં આત્મ-પરિપૂર્ણતા માટે અમુક ભૂમિકા તૈયાર થાય છે અને તેની અમુક શરૂઆત પણ તેમાંથી જ થાય છે.

## પ્રકરણ : ૨

# પૂર્ણ પરિપૂર્ણતા

**મા**નવજાતની એક દિવ્ય પરિપૂર્ણતા એ જ છે આપણું ધ્યેય; તો, પહેલાં તો આપણે એ જાણવું પડશે કે માનવની સંપૂર્ણ પરિપૂર્ણતાનાં ઘટકરૂપ સાચાં તત્ત્વો કયાં કયાં છે, અને, પછીથી એ પણ જાણવું પડશે કે આપણી જાતની માનવીય નહિ પણ દિવ્ય પરિપૂર્ણતા એટલે શું ? માનવ-જાતના સર્વે ચિંતનશીલ લોકો એક બાબત તો સ્વીકારે જ છે કે એક વ્યક્તિ તરીકે માણસ આત્મવિકાસ સાધી શકે તેમ છે અને જેનો માનસિક ખ્યાલ મેળવી શકાય, જે આંખ સામે રાખી શકાય અને જેને અનુસરી પણ શકાય એવા, પરિપૂર્ણતાના એક આદર્શ ધોરણને તે કેટલેક અંશે તો પહોંચી શકે તેમ છે જ (જોકે આ સંભાવનામાં જીવનનું એક ઉત્તમોત્તમ ધ્યેય છુપાએલું છે કે કેમ તેવી તપાસ બહુ ઓછા કરતા હશે). પણ કેટલાક લોકો દુન્યવી સુધારાઓને આદર્શ ધોરણ ગણે છે, તો કેટલાક લોકો જીવન-ના ધાર્મિક પલટાને.

કેટલાક લોકો દુન્યવી સુધારાઓનો બાહ્ય, સામાજિક અને કર્મપ્રધાન ખ્યાલ કરે છે, જેવો કે : આપણા માનવબંધુઓ અને સમાજ સાથે વધારે સમજભર્યું વર્તન કરવું, વધારે સારા અને લાયક નાગરિક થવું, ફરજો સારી રીતે અદા કરવી, વધારે સારી, સભર, સ્નેહાળ અને સુખી રીતે જીવન જીવવું, જીવનની ઉત્તમ તકોનો બધાયને ન્યાયી, સંવાદી અને સરખી રીતે લાભ આપવો વગેરે. તો વળી કેટલાક લોકો વધારે આંતરિક અને આત્મલક્ષી આદર્શને પસંદ કરે છે, જેવો કે : બુદ્ધિ, સંકલ્પ–શક્તિ અને તર્ક–શક્તિને વધારે સ્પષ્ટ અને ઉચ્ચ કરવી, સ્વભાવમાં રહેલ શક્તિ અને શક્યતાઓને વધારે ઊંચી જાતની અને વ્યવસ્થિત કરવી, નીતિમત્તાને વધારે ઉમદા, રસદૃષ્ટિને વધારે સમૃદ્ધ, ઊર્મિઓને વધારે લલિત અને પ્રાણ તથા શરીરને વધારે તંદુરસ્ત અને સંયમિત બનાવવાં. કદીક આમાંની માત્ર એકાદ વસ્તુ પર જ ભાર મૂકવામાં આવે છે, તો વળી કેટલાક વિશાળ અને સમ-તોલ સમજવાળા લોકો આ સર્વ વસ્તુઓના સુમેળને સમગ્ર પરિપૂર્ણતા

ગણે છે અને તેને માટે કેળવણીમાં અને સામાજિક વ્યવસ્થામાં ફેરફાર કરવા જેવી બાહ્ય રીતો અપનાવે છે કે આંતરિક વિકાસ અને આત્મ-નિયંત્રણ જેવી પદ્ધતિને સાચી રીત તરીકે પસંદ કરે છે. તો વળી, આ બંને ખ્યાલને, વ્યક્તિની આંતરિક પરિપૂર્ણતા તેમ જ બાહ્ય જીવનની પણ પરિપૂર્ણતા એ બંનેને સ્પષ્ટ રીતે ભેગાં પણ કરી શકાય તેમ છે.

પણ આવા દુન્યવી આદર્શમાં કાર્યક્ષેત્ર તો આ દુનિયા જ રહે છે; જ્યારે ધાર્મિક આદર્શ છે મૃત્યુ પછીના પરલૌકિક જીવનને માટે ભાથું બાંધવાનો. તેનો પ્રચલિત આદર્શ છે એક જાતનું શુદ્ધ સંતજીવન; અને તેની રીત છે : પ્રભુકૃપા મેળવીને કે શાસ્ત્રોક્ત કે કોઈ ધર્મગુરુએ ફરમાવેલા નીતિનિયમોનો આશરો લઈને આ અપૂર્ણ કે પાપભર્યા જીવનનો પલટો. આવા ધાર્મિક આદર્શમાં સામાજિક જાતના ફેરફારોને પણ સ્થાન હોઈ શકે, પણ એને માટે સ્વીકાર કરવાનો હોય છે કોઈક સર્વસામાન્ય ધાર્મિક આદર્શનો અને તેને અનુસરતા જીવનનો, સંત-ભાવી ભાઈચારાનો, પૃથ્વી પર સ્વર્ગીય રાજ્યનો ખ્યાલ આપતી કોઈક પ્રભુ-શાસિત ધર્મ-વ્યવસ્થાનો.

બીજી બાબતોની માફક આ બાબતમાં પણ સમન્વય-સાધક યોગનો હેતુ વધારે પૂર્ણ અને સર્વાંગી હોવાનો; એ આત્મ-પરિપૂર્ણતાનાં ઉપરનાં બધાં જ તત્ત્વોનો કે વ્યાપકતાપ્રિય વલણોનો પોતાનામાં સમાવેશ કરશે અને તેમને સુમેળમાં મૂકશે,- સાચી રીતે તો તેમને એકરૂપ બનાવશે. આ કામ સફળતાથી પાર પાડવા માટે તેણે એક એવું સત્ય પકડી પાડવું પડશે કે જે સામાન્ય ધાર્મિકતાના કરતાં વધારે વ્યાપક અને દુન્યવી સિદ્ધાંતના કરતાં વધારે ઉચ્ચ હોય. સમગ્ર જીવન એ એક છૂપો યોગ જ છે, એ પ્રકૃતિમાં છુપાઈ રહેલ એક દિવ્ય તત્ત્વને બહાર લાવવાનો અને કૃતાર્થ કરવાનો પ્રકૃતિનો અંધકારછાયો વિકાસક્રમ છે; આ દિવ્ય તત્ત્વ ક્રમે ક્રમે અંધકારના ઓછાયા ઓછા કરી રહેલ છે, વધારે સચેતન અને પ્રકાશમય બની રહેલ છે અને, માનવ-કક્ષાએ આવતાં, માનવનાં જ્ઞાન, સંકલ્પ, કર્મ, જીવન એ બધાં કરણોને, તેનામાં તેમ જ દુનિયામાં રહેલ આત્મતત્ત્વ પ્રત્યે વધારે ખુલ્લાં કરીને વધારે સ્વાયત્ત બનાવી રહેલ છે. મન, પ્રાણ, શરીર અને આપણી પ્રકૃતિનાં સર્વ સ્વરૂપો એ એ વિકાસનાં સાધનો છે; પણ જ્યારે તેમનાથી પર એવા એક "કાંઈક" તરફ તેઓ ખુલ્લાં થશે ત્યારે જ પોતાની આખરી પરિપૂર્ણતા પ્રાપ્ત કરી શકશે; તેનું પહેલું કારણ એ કે પ્રકૃતિનાં સર્વ સ્વરૂપો એ માણસની સમગ્રતા નથી. અને, બીજું, તેમના સિવાયનું પેલું "કાંઈક" (અને એ "કાંઈક" એટલે જ માણસ પોતે)

એ જ છે તેમની સમગ્રતાની ચાવી અને તેમાંથી જ વહી આવે છે એ પ્રકાશ કે જેના વડે તેને પોતાની જાતનું સમગ્ર, ઉચ્ચ અને વિશાળ સત્ય નજરે ચડે છે.

મન કૃતાર્થ થાય છે એક એવા વિશાળ જ્ઞાન વડે કે જેનો, પોતે તો, એક ધૂંધળો પ્રકાશ છે; જીવનને પોતાની સાર્થકતા જડે છે એક એવા વિશાળ સામર્થ્ય અને સંકલ્પ–શક્તિમાં કે જેનું તે પોતે એક બાહ્ય અને, આજ સુધી તો એક આંધળું કાર્ય માત્ર છે; શરીર જુએ છે કે એક એવી સાચી સત્–તાના સાધન તરીકે તેનો આખરી ઉપયોગ થઈ રહ્યો છે કે જેનો તે પોતે એક દૈહિક આધાર અને ભૌતિક શરૂઆત માત્ર છે. આ બધાંને પહેલાં તો વિકસાવવાં પડે છે અને તેમનામાં છૂપી પડેલી સામાન્ય શક્યતાઓને શોધવી પડે છે; આપણું સામાન્ય જીવન આખું જ આ શક્યતાઓની અજમાયશ છે, પ્રાથમિક તૈયારી જેવી, અને કામચલાઉ, સ્વ–શિક્ષણની એક તક છે. પણ આપણું જીવન સંપૂર્ણ સાર્થક તો માત્ર ત્યારે જ થશે કે જ્યારે તે પોતાની હયાતીના પેલા સાચા સત્ય પ્રત્યે ખૂલી જશે, અને એક વધારે સમૃદ્ધ શક્તિ અને વધારે સચેતન ઉપયોગિતા તથા લાયકાત કેળવીને એ જ સત્યનું કાર્યક્ષેત્ર બની જશે.

બુદ્ધિ, સંકલ્પો, નીતિ, ઊર્મિઓ, રસબોધ, સૌંદર્યદૃષ્ટિ, શરીર એ બધાંને કેળવવાં અને સુધારવાં એ ખરેખર સારું જ છે. પણ આ બધું છેવટે તો એક કૂંડાળામાં જ ફર્યા કરવા જેવું છે; તેમાંથી છૂટવાનું અને પ્રકાશ મેળવવાનું ત્યાં કોઈ ધ્યેય નથી; અને જ્યાં સુધી એક એવી હદ ના આવે કે જ્યારે આત્માની શક્તિ અને સત્–તા પ્રત્યે તેઓ ખૂલવા માંડે અને તેની સીધેસીધી કાર્યધારાનો સ્વીકાર કરે ત્યાં સુધી એ એમ જ રહેવાનું. તેના આ સીધા કાર્યને પરિણામે સમસ્ત જાતમાં એક એવું પરિવર્તન આવે છે કે જે આપણી સાચી પરિપૂર્ણતા માટે અનિવાર્ય પાયારૂપ છે. તેથી, માણસ આત્માનાં સત્ય અને શક્તિમાં વિકાસ પામે અને એ શક્તિના સીધા જ કાર્યથી તેની જ અભિવ્યક્તિ માટેનું એક લાયક વાહક બની રહે, એટલે કે માણસ દિવ્યતામાં જઈને જીવે અને આત્માનું દિવ્ય જીવન માનવતામાં ઊતરી આવે,– એ જ બની રહેશે આત્મ–પરિપૂર્ણતા માટેના પૂર્ણયોગનો સિદ્ધાંત અને તેનું સમગ્ર ધ્યેય.

આ જાતનું પરિવર્તન લાવવા માટે પ્રયત્ન કરવાની જરૂર રહેતી જ હોવાથી એ પરિવર્તનની આખી જ પ્રક્રિયાના બે તબક્કા પડી જાય છે. તેમાં પહેલો તબક્કો છે માનવના અંગત પ્રયત્નનો; માણસને જ્યારે તેના આત્માનું, મનનું, હૃદયનું, આ દિવ્ય શક્યતાનું ભાન થાય છે અને તેને

જીવનનું સાચું લક્ષ્ય ગણી તેની તરફ તે વળે છે ત્યારે તેને માટે પોતાની જાત તૈયાર કરવા તથા પોતાનામાં જે કાંઈ નીચલી કક્ષાનું બની રહ્યું હોય, આધ્યાત્મિક સત્ય અને તેની શક્તિ તરફ ખુલ્લા થવામાં જે કાંઈ વચ્ચે આવતું હોય તેમાંથી છૂટવા માટે તે પ્રયત્ન કરે છે, કે જેથી કરીને તે પોતાની આધ્યાત્મિક જાત પ્રાપ્ત કરી શકે અને પોતાની સર્વે પ્રાકૃતિક પ્રવૃત્તિઓને તેની અભિવ્યક્તિ માટેનું મુક્ત સાધન બનાવી શકે. આ જાતના ફેરફારથી જ, પોતાના ધ્યેય પ્રત્યે સજાગ એવો સચેતન યોગ શરૂ થાય છે, એક નવી જ જાગ્રતિ આવે છે અને જીવનના પ્રવાહમાં એક ઊર્ધ્વ વહેણ શરૂ થાય છે. મન, પ્રાણ અને શરીરની ક્રિયાઓના સામાન્ય કૂંડાળાની બહાર નહિ નીકળેલા સામાન્ય જીવનને માટે જરૂરી એવું, બૌદ્ધિક, નૈતિક કે અન્ય સ્વ-શિક્ષણ જ જ્યાં સુધી ચાલતું હોય ત્યાં સુધી આપણે પ્રકૃતિનો અભાન, અને હજી સુધી પ્રકાશહીન, યોગ જ કરતા હોઈએ છીએ. સામાન્ય માનવીય પરિપૂર્ણતા જ ઝંખતા હોઈએ છીએ. ભગવાનને માટેની, દિવ્ય પરિપૂર્ણતાને માટેની, તેની સાથે આપણી સમગ્ર જાતની એકતા માટેની અને આપણી સમગ્ર પ્રકૃતિમાં આધ્યાત્મિક પરિપૂર્ણતા માટેની એક આધ્યાત્મિક ઝંખના જાગે એ જ આ નવાં વહેણનું પરિણામ-સાધક લક્ષણ છે, એ જ આપણી જાત અને જીવનના મહાન અને સર્વાંગી પરિવર્તન માટેની પુરોગામી શક્તિ છે.

અંગત પ્રયત્ન વડે એક પ્રાથમિક પલટો, પરિવર્તનની શરૂઆત સાધી શકાય; આપણા માનસિક હેતુઓને, આપણા ચારિત્ર્ય અને માનસિક વલણોને વત્તોઓછો આધ્યાત્મિક પાસ આપવો તથા પ્રાણ અને શારીરિક જીવન પર કાબૂ મેળવવો અને તેમના કાર્યને શાંત કરવાં કે તેમને બદલી નાખવાં એ સર્વેનો આ પ્રાથમિક પરિવર્તનમાં સમાવેશ થાય છે. આવા આત્મલક્ષી પલટાને, આપણી માનસિક જાત અને ભગવાન વચ્ચેના એક જાતના વ્યવહાર કે એકતા માટેનો, તથા, માનવના માનસમાં દિવ્ય પ્રકૃતિનો ભાંગ્યોતૂટ્યો ખ્યાલ રજૂ કરવા માટેનો આધાર બનાવી શકાય. માણસ પોતાના એકલાના જ યત્નથી કે આડકતરી સહાયવાળા પ્રયત્નથી વધારેમાં વધારે આટલે સુધી જ જઈ શકે; કારણકે તે પ્રયત્ન મન વડે થતો હોય છે અને મન પોતાની જાતથી કાયમ માટે પર થઈ શકતું નથી,– બહુ બહુ તો એ આધ્યાત્મિકતાના કે આદર્શમયતાના પાસવાળી મનોમયતા સુધી ઊંચે ચડી શકે છે. જો આ સીમાની બહાર તે કૂદી પડે તો પોતાની ઉપરનું તેમ જ જીવનની ઉપરનું પ્રભુત્વ તે ગુમાવી બેસે છે અને સમાધિની તલ્લીન-તામાં કે નિષ્ક્રિયતામાં જઈ ચડે છે. આનાથી વધારે પરિપૂર્ણતા તો માત્ર

ત્યારે જ મળે કે જ્યારે એક ઊર્ધ્વ શક્તિ આપણા સમગ્ર કાર્ય-પ્રદેશમાં પ્રવેશે અને તેને પકડમાં લે. એટલે આ યોગનો બીજો તબક્કો બને છે: પ્રકૃતિનાં સઘળાં કાર્યોને મહાશક્તિના હાથમાં ખંતપૂર્વક સોંપતાં જવાં; અને અંગત પ્રયત્નની જગ્યાએ તેના જ પ્રભાવ, પકડ અને કાર્યને સ્થાપતાં જવાં, કે જેથી છેવટે આપણે જે ભગવાનને ઝંખીએ છીએ તે જ આપણા યોગનો પ્રત્યક્ષ અધિષ્ઠાતા બની રહે અને આપણી જાતનું આધ્યાત્મિક અને આદર્શ પરિવર્તન પૂરેપૂરું પાર પાડે.

આપણા યોગની આ બેવડી વિશિષ્ટતાને લીધે એ, પરિપૂર્ણતાના દુન્યવી આદર્શના કરતાં તો વધારે ઉચ્ચ બને જ છે પણ, સાથે સાથે ઉમદા, ઉચ્ચ અને જોરદાર (છતાં વધારે મર્યાદિત) એવા ધાર્મિક સ્વરૂપના કરતાં પણ વધારે આગળ વધી જ જાય છે. દુન્યવી આદર્શમાં માણસને મનોમય, પ્રાણમય અને ભૌતિક વ્યક્તિ જ ગણવામાં આવે છે, અને આ જ મર્યાદામાં પણ તેને પરિપૂર્ણ કરવા માગે છે; તેને મન પૂર્ણતા એટલે મન, પ્રાણ અને શરીરની પૂર્ણતા: બુદ્ધિ અને જ્ઞાન, સંકલ્પો અને સામર્થ્ય, નૈતિક ચારિત્ર્ય, ધ્યેય અને વર્તન, રસદૃષ્ટિ અને સર્જન-શક્તિ, સમતોલ અને સ્વસ્થ ઊર્મિઓવાળો ઉપભોગ, પ્રાણ અને શરીરની સદ્ધરતા, નિયંત્રિત કાર્યો અને યોગ્ય કાર્યક્ષમતા એ સર્વેની વ્યાપકતા અને વિશુદ્ધિ. એ એક વિશાળ અને સભર ધ્યેય છે, પણ તો ય પૂરતું વિશાળ અને સભર નહિ, કારણકે આપણું મન જેને આધ્યાત્મિક તત્ત્વ તરીકે આછુંપાતળું ઓળખે છે તેવા આપણા એક વધારે મોટા ભાગને તે ઉવેખે છે, અને તેને અણવિકસ્યું રાખે છે; અથવા તો, તેને માત્ર કોઈક ઊર્ધ્વ (પણ પ્રાસંગિક કે વધારાની અને ગૌણ) અનુભૂતિ ગણી, મનની કોઈક અસાધારણ અવસ્થામાં થઈ જતા કાર્યનું પરિણામ ગણી કે મનના આધારે જ થતો કે ટકતો અનુભવ ગણી, તેને જેવુંતેવું જ સંતોષે છે. મનના હજી વધારે ઊંચા અને વિશાળ વિસ્તારોને વિકસાવવાનું સ્વીકારવામાં આવે તો આ દુન્યવી આદર્શ વધારે ઉચ્ચ તો બની શકે પણ પૂરેપૂરો ઉચ્ચ તો નહિ જ; કારણકે મનથી પર જે પ્રદેશ છે (કે જેના બહુ જ આછા ઝરણરૂપે આપણી ઊંચામાં ઊંચી બુદ્ધિ, આપણા મનમાં થતાં તેજસ્વી સ્ફુરણો, આપણા મનની ઊંડી ઉકેલ-શક્તિ અને સૂઝ, આપણા પ્રબળ સંકલ્પો અને સામર્થ્ય કે આદર્શ સ્વપ્નો અને આદર્શો આપણને આવી મળે છે) તે પ્રદેશને માટે તેમાં ઝંખના નથી. વળી, તેનો હેતુ માનવની સામાન્ય જિંદગીને માત્ર આ પાર્થિવ જીવન પૂરતી જ પરિપૂર્ણ કરવામાં મર્યાદિત રહે છે.

પૂર્ણ પરિપૂર્ણતા માટેના આ યોગની દૃષ્ટિએ માણસ એટલે મન, પ્રાણ અને શરીરમાં, ગુપ્ત રીતે આવી વસેલ એક દિવ્ય, આધ્યાત્મિક વ્યક્તિત્વ; તેથી તેની દિવ્ય પ્રકૃતિને મુક્ત અને પરિપૂર્ણ કરવી એ છે તેનું ધ્યેય. તેની ઝંખના છે પૂર્ણવિકસિત આધ્યાત્મિક વ્યક્તિત્વના આંતરિક જીવનને માણસનું સતત અને સાચું જીવન બનાવવાની અને મન, પ્રાણ અને શરીરના, આધ્યાત્મિક બનેલાં કર્મોને માણસની બાહ્ય અભિવ્યક્તિ બનાવવાની. આ આધ્યાત્મિક વ્યક્તિત્વ અસ્પષ્ટ અને અણઘડ ના રહે કે માત્ર જેવો-તેવો આકાર પામેલું અને માનસિક આધાર અને માનસિક મર્યાદાઓ પર નભતું ના રહે, એટલા માટે મનને ઓળંગીને, મનથી પર રહેલ (એટલે કે અતિમાનસિક) કાર્યપ્રદેશમાં પહોંચવા તે ઝંખે છે; આ જ છે આધ્યાત્મિક વ્યક્તિત્વનો પોતાનો પ્રદેશ, એટલે કે, જ્ઞાન, સંકલ્પ-શક્તિ, સૂઝ, સંવેદન, સ્ફુરણ વગેરેનો તથા પ્રાણ અને શરીરને મળતી કર્મ માટેની શક્તિ-સભર પ્રેરણાનો પોતાનો નિજી પ્રદેશ. આ યોગ માનવજીવનનો પણ સ્વીકાર તો કરે જ છે પણ, સાથે સાથે, પાર્થિવ અને ભૌતિક જીવતરની પાછળ રહેલ વિશાળ, પૃથ્વીથી પરનાં કર્મને પણ ગણનામાં લે છે અને એક દિવ્ય પરમ વ્યક્તિત્વ (કે જે આ બધી આંશિક અને નિમ્ન અવસ્થાઓનાં પ્રસરણનું આદિ અને પરમ ઉગમસ્થાન છે) તેની સાથે જોડાઈ જાય છે, કે જેથી કરીને સમગ્ર જીવનને પોતાના દિવ્ય ઉગમસ્થાનનું ભાન થાય અને જ્ઞાનના, સંકલ્પના, સંવેદનના, પ્રાણ અને શરીરના દરેક કર્મમાં દિવ્યતામાંથી આવતા આવેગનો અનુભવ થાય. પૂર્ણ પરિપૂર્ણતા દુન્યવી ધ્યેયમાંની કોઈ મૂળભૂત બાબતનો અસ્વીકાર નથી કરતી પણ તેને વિશાળ બનાવે છે; તેને પોતાને ખબર નથી એવો તેનો સાચો અને મહાન અર્થ શોધી કાઢે છે અને તેમાં જીવનને ધારણ કરે છે; તેનું સાંકડી, દુન્યવી અને નાશવંત વસ્તુમાંથી રૂપાંતર કરી તેને અનંતતા, દિવ્યતા, અને અમરતાના પદે પહોંચાડે છે.

પૂર્ણયોગ ધાર્મિક આદર્શના કેટલાક મુદ્દાઓ સાથે સહમત છે પણ તેને વટાવીને વધારે વિશાળતા ધારણ કરે છે. ધાર્મિક આદર્શની નજર પૃથ્વીથી ઉપરના જ નહિ પણ તેનાથી ક્યાંક દૂરના સ્વર્ગ પર કે સ્વર્ગોથી પણ દૂરના કોઈક નિર્વાણ પર હોય છે. કોઈ પણ જાતનું આંતરિક કે બાહ્ય પરિવર્તન સાધીને આત્માને માનવજીવનમાંથી પરલોક પ્રત્યે વાળવાની મર્યાદામાં જ તેનો, પરિપૂર્ણતાનો આદર્શ પૂરો થાય છે. પરિપૂર્ણતા માટેનો તેનો સામાન્ય ખ્યાલ છે: ધાર્મિક અને નૈતિક પ્રકારનું પરિવર્તન, કર્મપ્રધાન અને ઊર્મિપ્રધાન અંગોની સંપૂર્ણ શુદ્ધિ (કેટલીક વાર તેની પરાકાષ્ઠારૂપ હોય

છે પ્રાણના સર્વે આવેગોની, સંન્યાસીઓને શોભે તેવી અવગણના અને અ-સ્વીકાર ), અને દયા અને સચ્ચરિત્રવાળી જિંદગી ગાળીને તેના પરિણામ તરીકે કે તેના બદલામાં મેળવવાની એક પારલૌકિકતા. જ્ઞાન સંકલ્પશક્તિ અને રસદૃષ્ટિના જે પરિવર્તનનો તે સ્વીકાર કરે છે તેનો અર્થ હોય છે : માનવજીવનના હેતુઓ સિવાયની બીજી બાબતો પ્રત્યે તેમને વાળવી અને, છેવટે, ઉપભોગ, સંકલ્પ અને જ્ઞાન માટેના સર્વ દુન્યવી પદાર્થોનો અસ્વીકાર કરવો. તેને પાર પાડવા માટે તે અંગત પ્રયત્ન ઉપર ભાર મૂકે કે પ્રભુની દયા પર, જ્ઞાન અને કર્મ પર કે કૃપા પર, પણ તેની પદ્ધતિ, દુન્યવી ખ્યાલના જેવી વિકાસવાદી નહિ પણ પલટ–વાદી હોય છે; અને આ પલટાનો છેવટનો હેતુ આપણી માનસિક કે ભૌતિક પ્રકૃતિનું રૂપાંતર નહિ પણ એક શુદ્ધ આધ્યાત્મિક પ્રકૃતિનો સ્વીકાર હોય છે; અને આમ કરવું એ આ પૃથ્વી પર શક્ય નહિ હોવાથી તે તેની સાર્થકતા માટે પરલોક–ગમન કે લખચોર્યાશીમાંથી મુક્તિ તરફ નજર રાખે છે.

પણ પૂર્ણયોગનો પાયો બીજો છે : આધ્યાત્મિક તત્ત્વ એ એક સર્વ-વ્યાપી અસ્તિત્વ છે, અને તેની પૂરેપૂરી પ્રાપ્તિ માટે પરલોકમાં જવાનું કે વિશ્વવ્યાપી શૂન્યતામાં ભળી જવાનું કાંઈ ફરજિયાત નથી; ફરજિયાત છે : આપણે આજે જે નામરૂપની ઘટનાઓ જોવા છીએ તેમાંથી વિકાસ પામી આપણી સાચી જાતનું (કે જે પેલી સર્વવ્યાપી સત્–તા પોતે જ છે) તેનું ભાન મેળવવું; આ ખ્યાલ એ જ પૂર્ણયોગનો પાયો છે. પૂર્ણયોગ ધાર્મિક ભાવનાની જગ્યાએ, તેના જ વધારે પરિપૂર્ણ સ્વરૂપ જેવી, દિવ્યતાની પ્રાપ્તિ માટેના આધ્યાત્મિક યત્નને મૂકે છે. તે અંગત પ્રયત્નથી શરૂઆત કરીને પ્રભુના પ્રભાવ અને પકડ દ્વારા પરિવર્તન પામવાનો માર્ગ લે છે; આ પ્રભાવ અને પકડને ભલે પ્રભુકૃપા કહેવામાં આવે પણ તે ઉપરથી વરસતી કોઈ ગૂઢ વર્ષા કે સ્પર્શ માત્ર જ નથી; એ તો, સાથે સાથે એક એવી દિવ્યતાની કર્મધારા છે કે જે સર્વત્ર હાજર છે અને જેને આપણા અંતરમાં પરમ–આત્મા તરીકે, અને આપણી જાતના સ્વામી તરીકે અનુભવાય છે; અને એ પણ અનુભવી શકાય છે કે તે આપણા આત્મામાં પ્રવેશ કરે છે, અને તેને એવી રીતે પકડમાં લે છે કે જેથી તે આપણને માત્ર આપણી પાસે વસતો જ અને આપણી નાશવંત પ્રકૃતિ પર દબાણ કરતો જ લાગતો નથી, પણ એમ અનુભવીએ છીએ કે આપણે તેના જ સ્વ–ધર્મમાં જીવીએ છીએ, તેના એ સ્વધર્મને જાણીએ છીએ અને આધ્યાત્મિક બનેલી આપણી પ્રકૃતિના સમગ્ર સામર્થ્ય તરીકે તેને આપણી પોતાની જ બનાવેલી છે.

તેના કાર્યને પરિણામે આપણે જે પરિવર્તન પામવાના છીએ તે હશે સર્વાંગી : આપણી નીતિ-મત્તાનું દિવ્ય પ્રકૃતિના શિવ અને સત્ય સ્વરૂપમાં; બુદ્ધિ-મત્તાનું દિવ્ય જ્ઞાનની પ્રકાશોજ્જ્વલતામાં; ભાવુકતાનું દિવ્ય પ્રેમ અને એકરૂપતામાં; સંકલ્પ-શક્તિ અને પ્રવૃત્તિશીલતાનું દિવ્ય શક્તિનાં કાર્યમાં; રસાર્દ્રતાનું દિવ્ય સૌંદર્યની સંપૂર્ણ ગ્રાહકતા અને સર્જનશીલ આસ્વાદમાં. અને, છેવટે, તે પરિવર્તન, આપણા પ્રાણ અને દેહને પણ બાકાત નહિ રાખે. પૂર્ણયોગ યોગ-સ્વીકાર પહેલાંના આપણા જીવનને એક અનૈચ્છિક અને અભાન, કે અર્ધ-ભાનવાળો પ્રારંભિક વિકાસકાળ ગણે છે અને યોગજીવનને એક એવો, સ્વેચ્છાએ સ્વીકારેલો અને સભાન થતો પરિવર્તન-પ્રવાહ ગણે છે કે જેના વડે, ખુદ એ પરિવર્તન-કાળમાં પણ, આપણું સમગ્ર અસ્તિત્વ અને તેનાં સર્વ અંગ પોતાના ધ્યેયનું સાફલ્ય અનુભવે છે. પૂર્ણયોગ પરલોકના વિશ્વાતીત અસ્તિત્વ અને જીવનનો સ્વીકાર તો કરે જ છે પણ, સાથે સાથે, પાર્થિવ જીવનનો એક સળંગ અસ્તિત્વના અંગ તરીકે, અને વ્યક્તિ તથા સમાજના દુન્યવી જીવનનો તેની દિવ્ય સાર્થકતાના એક અસ્વચ્છ અંગ તરીકે સ્વીકાર કરે છે.

આ પૂર્ણ પરિપૂર્ણતાની એક અનિવાર્ય શરત એ છે કે પોતાની જાતને વિશ્વાતીત ભગવાન પ્રત્યે ખુલ્લી કરવી, તો વળી બીજી અનિવાર્ય શરત એ છે કે વિશ્વવ્યાપી ભગવાન સાથે એક થવું. અહીં આત્મ-પરિપૂર્ણતાનો યોગ, જ્ઞાનયોગ, કર્મયોગ તથા ભક્તિયોગ સાથે સર્વ-સંમત છે; કારણકે જ્યાં સુધી પરમ-સત્-ચિત્-આનંદ સાથે જોડાણ ના થાય અને વસ્તુમાત્ર તથા જીવ માત્રમાં વસતા પરમાત્મા સાથે એક ના થવાય ત્યાં સુધી માનવપ્રકૃતિને દિવ્ય પ્રકૃતિમાં પલટી નાંખવાનું કે તેને દિવ્ય જ્ઞાન, સંકલ્પ કે આનંદનું કરણ બનાવવાનું અશક્ય છે. દિવ્ય પ્રકૃતિમાં લીન થયા વિના, તેનાથી પૂરેપૂરા અલગ રહીને તેને આપણી પોતાની બનાવવી એ શક્ય નથી. પણ જ્યાં સુધી આપણે માનવજીવન જીવતા હોઈએ ત્યાં સુધી મન, પ્રાણ અને શરીરના અલગ રહેતા અસ્તિત્વને લીધે આ એકતા ગહન આધ્યાત્મિક એકરૂપતા ના થઈ શકે; પૂર્ણ પરિપૂર્ણતા એ આ આધ્યાત્મિક એકતા દ્વારા સધાતી વિશ્વવ્યાપી મન, વિશ્વવ્યાપી પ્રાણ અને વિશ્વવ્યાપી રૂપમયતા (કે જે વિશ્વવ્યાપી અસ્તિત્વનાં બીજાં ત્રણ પાસાં છે) તેમની સાથેની એકતા પણ છે જ. વળી, માનવજીવનનો સ્વીકાર માણસમાં વસતા સાક્ષાત ભગવાનની પોતાની અભિવ્યક્તિ તરીકે કરેલો હોવાથી આપણા જીવનમાં સમગ્ર દિવ્ય પ્રકૃતિનું કાર્ય થવું જ જોઈએ;

આથી એવા અતિમાનસિક પરિવર્તનની જરૂર ઊભી થાય છે કે જે ઉપર-છલ્લી પ્રકૃતિના અધકચરા કાર્યની જગ્યાએ આધ્યાત્મિક તત્ત્વનું નિજી કાર્ય અમલમાં મૂકે અને તેના માનસિક, પ્રાણમય તથા ભૌતિક ભાગોનું આધ્યાત્મિક આદર્શતાથી આધ્યાત્મિકરણ અને રૂપાંતર કરે. આ ત્રણ બાબતો એટલે કે પરમ ભાગવત ચેતનાનું મિલન, પરમાત્મા સાથે એકરૂપતા, અને આ પરાત્પર આદિસ્થાનમાંથી અને વિશ્વમયતાની દ્વારા (છતાં વ્યક્તિગત જાતને આત્માનું વાહન અને સહજ સાધન રાખીને) થતું અતિમાનસિક જીવનકાર્ય એ ત્રણ બાબતો માનવજાતની પૂર્ણ દિવ્ય પરિપૂર્ણતાનાં મૂળ તત્ત્વો છે.

## પ્રકરણ : ૩

# આત્મ-પરિપૂર્ણતાનું ચેતના-તંત્ર

**મા**નવ-પ્રકૃતિને પલટીને તેને દિવ્ય પ્રકૃતિના જેવી બનાવવી અને પાયામાંથી જ તેને તેની સાથે એકરૂપ કરી નાખવી, પ્રભુની પ્રતિકૃતિ માણસમાં વેગપૂર્વક સાકાર કરવી અને તેની આદર્શ રૂપરેખાઓને તેમાં મૂકી આપવી એ જ છે દિવ્ય આત્મ-પરિપૂર્ણતાનો સાર. સામાન્ય રીતે જેને 'સાદૃશ્ય મુક્તિ' કહેવામાં આવે છે તે આ જ છે : માનવીય આભાસનાં બંધનમાંથી બહાર નીકળી પ્રભુ-સ્વરૂપમાં પમાતી મુક્તિ; અથવા તો, ગીતાના શબ્દોમાં 'સાધર્મ્ય ગતિ', એટલે કે વિશ્વાતીત, વિશ્વવ્યાપી અને અંતઃસ્થ ભગવાનના ગુણધર્મ સાથે આપણા ગુણધર્મની સં-ગતિ. આવા રૂપાંતર માટેનો રસ્તો કેવો હોય તે બરાબર જોવાજાણવા માટે અત્યારની આપણી અટપટી માનવ-પ્રકૃતિનાં વિવિધ અંગો કે જે ગૂંચવાએલાં કોકડાં જેવી સ્થિતિમાં છે તેનો, ઠીકઠાક કામ લાગે તેવો, ખ્યાલ મેળવવો અનિવાર્ય છે; કારણકે તેથી જ તે દરેક અંગનું કેવું પરિવર્તન કરવાનું છે તેની તથા તે પરિવર્તન સાધવા વધારેમાં વધારે અસરકારક ઉપાય કયો છે તેની આપણને બરાબર ખબર પડે. માણસની જાત અને તેના જીવનનો ખરેખરો પ્રશ્ન એ છે કે આ વિચાર-શીલ, નાશવંત ભૌતિકતાની ગંઠાએલી ગૂંચે જે અજર-અમરતાને બાંધી રાખી છે તેને, આ મનદોર્યા, પ્રાણપૂર્યા પશુ-માનવમાં ડૂબેલા દેવના જે અણસારા વરતાય છે તેની સંપૂર્ણ સુખમયતાને કેવી રીતે છૂટી કરવી. જીવનમાં દિવ્યતાના ઘણા પ્રાથમિક ઇશારા દેખા દે છે — જોકે તે પૂરેપૂરા છૂટા થતા નથી —; યોગ એ જીવનના આ મુશ્કેલ કોકડાંનો ઉકેલ છે.

સૌથી પહેલાં તો, આ પ્રશ્ન અને તેની સર્વે મુશ્કેલીઓનાં કારણરૂપ, આપણા ચિત્તના કોકડાનું મુખ્ય રહસ્ય હાથ લાગવું જોઈએ. પણ ઉપર-છલ્લાં મન અને તેની ઘટનાઓને જ સર્વસ્વ માની લેતાં સામાન્ય ચિત્ત-શાસ્ત્ર આપણને કામ નહિ લાગે; આ આત્મ-પ્રવાસ અને આત્મ-પરિ-વર્તનના માર્ગમાં તેઓ કાંઈ જ માર્ગદર્શન નહિ આપી શકે. તો વળી, શરીરશાસ્ત્ર અને જીવશાસ્ત્ર એમને માનસશાસ્ત્રનું માત્ર પ્રારંભિક બિંદુ જ

નહિ પણ સાચો પાયો જ માની લેતાં હોય અને મનને શરીર અને જીવનના માત્ર સૂક્ષ્મ વિકાસ તરીકે જ ગણતાં હોય તેવાં 'શાસ્ત્રીય' માનસશાસ્ત્રોમાંથી તો આપણને કાંઈ જ ઉકેલ નહિ મળે; હા, માનવ-પ્રકૃતિ અને માનવમનનાં પશુ જેવાં પાસાં (કે જે આપણી જાતના ભૌતિક ભાગની ઉપર આધાર રાખે છે અને તેમાં જ સમાઈ રહે છે) તેમની બાબતમાં તેઓ કદાચ પ્રત્યક્ષ સત્ય હોઈ શકે છે. પણ પશુ અને માનવમાં તો ખાસ્સો મોટો તફાવત છે: આપણે જાણીએ છીએ તે પ્રમાણે પશુ-માનસ તેનાં મૂળતત્ત્વોમાંથી એક ક્ષણ પણ અલગ થઈ શકતું નથી, આત્માની આજુબાજુ ભૌતિક જીવને જે કોશેટાના તાર ગૂંથી નાખ્યા છે તેનાથી તે બહાર નીકળી શકતું નથી અને તેની હાલની જાતના કરતાં વધારે મહાન બનવાનું, વધારે મુક્ત, ભવ્ય કે ઉમદા બનવાનું તેને માટે શક્ય નથી; પણ માણસના મને તો પ્રાણ અને શરીરના બાંધ્યા નિયમોની મર્યાદામાંથી બહાર નીકળી શકતી એક વધારે સમર્થ શક્તિ તરીકે પોતાને પ્રત્યક્ષ કર્યું છે. પણ માણસ જે છે, કે થઈ શકે છે, તે કાંઈ આટલામાં જ સમાઈ જતું નથી; તેનામાં તો એક મહત્તર આદર્શ શક્તિને વિકસાવવાનું અને મુક્ત કરવાનું સામર્થ્ય છે; આ શક્તિ તો પાછી તેની પ્રકૃતિના મન-બાંધ્યા નિયમોમાંથી બહાર નીકળીને આધ્યાત્મિક જાતનાં અતિ-માનસિક સ્વરૂપને, સર્વોચ્ચ શક્તિને બહાર લાવી આપે છે. યોગમાં તો માણસની પાર્થિવ પ્રકૃતિ અને ઉપરછલ્લા પ્રદેશથી પરનો પ્રવાસ કરવાનો છે, તેના સાચા વ્યક્તિત્વની સમગ્ર પ્રકૃતિનાં બધાં જ કર્મ-ધર્મ શોધવાનાં છે. બીજા શબ્દોમાં, આપણે આધ્યાત્મિકતાના પાયા પરના એક ચિત્તભૌતિક જ્ઞાનને મેળવવાનું અને કામમાં લેવાનું છે.

એક એવું સત્ય છે કે જે આપણી અત્યારની સમજ અને સચેતનતાના હિસાબે ભલે ગમે તેટલું અંધકાર-છાયું હોય છતાં યોગને ખાતર સ્વીકારવાનું જ છે (અને આગળ ઉપર વધારે અનુભવ અને આત્મ-જ્ઞાન મળતાં આપણને જણાશે કે આપણી એ શ્રદ્ધા વાજબી જ હતી) એ સત્ય એ છે કે માણસની સાચી પ્રકૃતિ જોતાં માણસ પોતે એક આત્મા છે અને મન, પ્રાણ તથા શરીર એ તો એના વ્યક્તિગત તથા સામુદાયિક અનુભવો મેળવવાનાં અને દુનિયામાં પોતાનો આવિર્ભાવ કરવાનાં સાધનો છે. આ આત્મા એ એક અનંત અસ્તિત્વ છે અને વ્યક્તિગત અનુભૂતિને ખાતર, આભાસાત્મક લાગતા વ્યક્તિ-સ્વરૂપે મર્યાદિત બનેલ છે. એ એક એવી અન્-અંત ચેતના છે કે જે વિવિધ જ્ઞાનનો અને અસ્તિત્વની વિવિધ શક્તિનો આનંદ માણવા સ-અંત નામરૂપમાં સાકાર બને છે. એ, અસ્તિત્વનો એક અનંત આનંદ

છે; પોતાની જાત અને પોતાની શક્તિનો વિસ્તાર અને સંકોચન કરી રહેલ છે; પોતાના અસ્તિત્વના આનંદનાં અનેક સ્વરૂપને છુપાવી રહેલ છે, તો વળી છતાં પણ કરી રહેલ છે અને સાકાર પણ કરી રહેલ છે,– અરે, પોતાના સાચા સ્વભાવનો દેખીતો ઓછાયો કે ખુદ ઇન્કાર પણ બની રહેલ છે. એ પોતે તો છે અનંત સચ્ચિદાનંદ, પણ એની અનંતતાએ આ સાંતતામાં જે ગૂંચ, ગાંઠ કે કોકડાનું સ્વરૂપ લીધેલું છે તેને આપણે વિશ્વવ્યાપી અને વ્યક્તિગત પ્રકૃતિ તરીકે જોઈએ છીએ. આ અનંત સચ્ચિદાનંદને, આપણા અસ્તિત્વના આ સાચા સ્વરૂપને આપણી અંદર શોધી કાઢવું અને તેમાં જીવનને સ્થાપિત કરવું એ જ છે આધ્યાત્મિક પરિપૂર્ણતાનો સાબૂત પાયો, અને એ સાચા સ્વરૂપની પ્રકૃતિને આપણા, અતિ–મનસ, મન, પ્રાણ અને શરીરનાં કરણોમાં સ્પષ્ટ રીતે બહાર આણવી અને તેને તેમની દ્વારા જીવનના એક દિવ્ય પ્રકારની સર્જક બનાવવી એ જ છે એ આધ્યાત્મિક પરિપૂર્ણતાનો સાકાર કરતો સિદ્ધાંત.

અતિમનસ, મન, પ્રાણ અને શરીર એ ચાર આત્માનાં કરણો છે; પ્રકૃતિના કર્મ–પ્રવાહમાં પોતાનો આવિર્ભાવ કરવા તે તેમનો ઉપયોગ કરે છે. અતિમનસ એ આધ્યાત્મિક ચેતના છે; તે એક સ્વયં–પ્રકાશિત જ્ઞાન, સંકલ્પશક્તિ, સૂઝ, રસબોધ, સામર્થ્ય તરીકે તથા પોતાના આનંદ અને જાતને બહાર આણતી અને સ્વસર્જન કરતી શક્તિ તરીકે કામ કરે છે. મન છે તો એ જ શક્તિઓની પ્રવૃત્તિ પણ મર્યાદિત, અને બહુ જ આડકતરી રીતે અને જરાતરા પ્રકાશ–મયતાથી જ દોરાતી. અતિમનસનું જીવન છે એકરૂપતામાં — જોકે એ અનેકરૂપતામાં લીલા તો કરે જ છે; મનનું જીવન છે અનેકવિધ અને અલગ અલગ કર્મોવાળું—' જોકે એ એકરૂપતા પ્રત્યે વળે ખરું. મન અજ્ઞાનને પાત્ર છે, એટલું જ નહિ પણ તેનાં કર્મો હમેશાં એકપક્ષી અને મર્યાદિત જ હોવાથી, અજ્ઞાનના જ વિશિષ્ટકરણ તરીકે તે કાર્ય કરે છે: તે પૂરેપૂરી અચેતનમાં જ નહિ પણ ચેતનના સંપૂર્ણ અભાવમાં પોતાની જાતને ડુબાડી પણ દે (અને, ખરેખર, ડુબાડે પણ છે જ), પછી જરાતરા જ્ઞાનવાળા અજ્ઞાન પ્રત્યે જાગ્રત થાય અને તે પછી એ અજ્ઞાનમાંથી પૂરા જ્ઞાન પ્રત્યે આગળ વધે (માનવકક્ષાએ આ જ છે તેનું સ્વાભાવિક કાર્ય); પણ પૂર્ણજ્ઞાન તો એ પોતે કદી જ મેળવી શકે તેમ નથી; અતિમનસ ખરેખરી અજ્ઞાન–મયતા પામી શકે તેમ નથી; કોઈ એક અમુક મર્યાદિત કાર્ય માટે એ અજ્ઞાનની પાછળ પોતાનાં સર્વ–જ્ઞાનને મૂકી શકે છે પણ ત્યારે ય તેનું પોતાનું કાર્ય તો પોતે તેની પાછળ જે સર્વ–જ્ઞાન મૂક્યું છે

તેની જ સાથે સંબંધિત હોય છે અને સર્વ કાંઈ તેની સ્વયં-પ્રકાશમયતાથી સહજ રીતે દોરાતું હોય છે; તે જડ તત્ત્વના જ્ઞાન-અભાવમાં પોતાને ભળવી દે તોપણ ત્યાં ય પરિપૂર્ણ સંકલ્પ અને જ્ઞાનનાં કર્મો જ અવિશુદ્ધ રીતે કરે છે. અતિમનસ નિમ્ન કરણોના કાર્યમાં પોતાને ભળવા દે છે; અને ખરેખર, તેમની ક્રિયાઓના કેન્દ્રમાં એક છૂપા સહારા તરીકે તે મોજૂદ હોય છે જ. જડ તત્ત્વમાં તે, પદાર્થમાં પડેલા ગુપ્ત ખ્યાલના એક આપમેળે થતાં કાર્ય અને અસર તરીકે રહે છે; જીવનતત્ત્વમાં તેનું સૌથી વધારે સ્પષ્ટ સ્વરૂપ છે અંધ-પ્રેરણા, તથા અવ-ચેતન કે અર્ધ-અવચેતનવાળાં, અંધ-પ્રેરણાભર્યાં જ્ઞાન અને કાર્ય; મનમાં તે સ્ફુરણાત્મક જ્ઞાન તરીકે, બુદ્ધિ, સંકલ્પ, સૂઝ, અને રસબોધને મળતા એક ઝડપી, સીધા અને અસરકારક ઝળહળાટ તરીકે દેખા દે છે. પણ આ બધાં તો હોય છે અંધ-કરણોનાં મર્યાદિત કાર્યોને અનુકૂળ થતાં, અતિમનસનાં, માત્ર આછાં આછાં ઝરણાંઓ; તેની પોતાની વિશિષ્ટ પ્રકૃતિ તો છે વિ-જ્ઞાન, કે જે મન, પ્રાણ અને શરીરની ચેતનાથી પર છે. અતિમનસ કે વિ-જ્ઞાન એ તો છે આત્માનું, એની પોતાની, નિજી વાસ્તવિકતામાંથી થતું વિશિષ્ટ પ્રકાશપૂર્ણ, અર્થસભર કાર્ય.

પ્રાણ એ આત્માની જ એક શક્તિ છે; તે મન અને શરીરની ક્રિયાઓને આધીન છે; તે મનોમયતા અને શારીરિકતાને સહારે જ સાર્થક બને છે અને એ બેની વચ્ચે એક કડી તરીકે કાર્ય કરે છે, તેને પોતાની વિશિષ્ટ પ્રક્રિયાઓ છે ખરી પણ મન અને દેહથી સ્વતંત્ર રીતે તે ક્યારેય કાર્ય કરતી નથી. સક્રિય બનતા આત્મતત્ત્વની શક્તિ સત્ અને ચિત્ની, અસ્તિત્વ અને ચેતનાની બેવડી રીતે કાર્ય કરે છે; સત્ને સાકાર થવા દેવા માટે અને ચિત્ને સક્રિય અને સાક્ષાત થવા દેવા માટે, સત્ના આનંદ માટે અને ચિત્ના પણ આનંદ માટે કાર્ય કરે છે. આપણી આ નિમ્ન આત્મ-રચના કે જેમાં હાલમાં આપણે જીવી રહ્યા છીએ તેમાં આત્માની પ્રાણશક્તિ મન અને પદાર્થરૂપી બે તત્ત્વોની વચ્ચે કાર્ય કરી રહી છે; તેમ કરવા માટે ભૌતિક શક્તિ બનીને જડ તત્ત્વના પદાર્થની રચનાને આધાર અને આકાર આપે છે; તથા મનોમય ચેતનાનો ઘાટ ધારણ કરવામાં તથા મનોમય શક્તિને સક્રિય થવામાં સહાય કરે છે; તથા ઇન્દ્રિય-પ્રધાન અને નાડી-પ્રધાન શક્તિ બનીને મન અને શરીર વચ્ચેના આંતર-કાર્યને આધાર આપે છે. આપણે જેને જીવન-શક્તિ તરીકે ઓળખીએ છીએ તે તો આપણા સામાન્ય માનવ-અસ્તિત્વના હેતુઓને પાર પાડવા માટેની, એક એવા સચેતન સત્ની

શક્તિ છે કે જે જડ તત્ત્વમાંથી બહાર આવી રહેલ છે તેમ જ તેમાંથી, અને તેમાં, મનતત્ત્વ તથા અન્ય ઊર્ધ્વ શક્તિઓને મુક્ત કરી રહેલ છે, અને ભૌતિક જીવનમાં તેમના મર્યાદિત કાર્યને ટેકો આપી રહેલ છે. બરાબર એ જ રીતે, આપણે જેને મનોમયતા કહીએ છીએ એ પણ પેલા જ સચેતન સત્‌ની શક્તિ છે કે જે શરીરસ્થ બનીને પોતાની જ ચેતનાના અને પોતાને અડોઅડ રહેલ અન્ય સર્વ અસ્તિત્વના પ્રકાશ પ્રત્યે જાગી રહેલ છે તથા જે શરૂઆતમાં તો પ્રાણ અને શરીરે તેના માટે નિશ્ચિત કરેલ મર્યાદિત જ કાર્યપ્રદેશમાં સક્રિય બને છે પણ, એક નિશ્ચિત હદે તથા નિશ્ચિત ઊર્ધ્વ કક્ષાએ પહોંચતાં, આ મર્યાદિત કાર્યપ્રદેશમાંથી આંશિક રીતે બહાર નીકળીને કાર્ય કરે છે. પણ પ્રાણશક્તિ કે મનશક્તિની તાકાત કાંઈ આટલામાં જ પૂરી થતી નથી; આ ભૌતિક સ્તર સિવાય પણ તેમના પોતાનાં, સચેતન અસ્તિત્વનાં આગવાં સ્તર છે કે જ્યાં તેઓ પોતાનું વિશિષ્ટ કાર્ય વધારે મુક્ત રીતે કરી શકે છે; જડ તત્ત્વ અથવા દેહ એ પણ આત્મ-તત્ત્વના પોતાના પદાર્થનો એક એવો મર્યાદા આંકતો ઘાટ છે કે જેમાં પ્રાણ અને મન અને આત્મા આવી બેઠેલાં છે, અવક્રાંત થએલાં છે, પોતાને બહિર્મુખ બનાવતાં પોતાનાં જ કર્મોમાં લીન બનીને પોતાનાથી જ છુપાઈ બેઠેલાં છે, પોતાને જ ભૂલી બેઠેલાં છે; પણ પોતાના જ ધક્કા વડે ઉત્ક્રાંત થઈને તેઓ તેમાંથી બહાર નીકળવાનાં જ છે. વળી જડ તત્ત્વ પોતે પણ પદાર્થના એવા સૂક્ષ્મ સ્વરૂપમાં વિશુદ્ધિ પામી શકે તેમ છે કે જેમાં એ પ્રાણ, મન અને આત્માની નરી નક્કરતાને તે પોતાના આકાર દ્વારા વધારે સુ-દર્શન બનાવી શકે. માણસને પોતાના સ્થૂળ ભૌતિક દેહ ઉપરાંત, વીંટાઈ વળેલું એક પ્રાણમય આવરણ, એક મનોમય દેહ, એક આનંદ અને વિજ્ઞાનમય દેહ પણ છે. પણ સમગ્ર જડ તત્ત્વે, પ્રત્યેક શરીરે, પોતાનામાં આ ઊર્ધ્વ તત્ત્વોની છૂપી શક્તિઓને ધારણ કરેલી છે; જડ તત્ત્વ એ પ્રાણતત્ત્વની એક એવી રચના છે કે જે તેને શક્તિ અને સ્થૂળ તત્ત્વ આપનારાં, પોષક અને પ્રેરક વિશ્વવ્યાપી આત્મ-તત્ત્વ વિના સાચું અસ્તિત્વ ધરાવી શકતું જ નથી.

તો આત્મા અને તેનાં કરણોના ગુણધર્મ આવા છે. પણ આત્માની કાર્ય કરવાની રીતને સમજવા માટે તથા આપણું જીવન જે જૂના ચીલાઓ-માં ચાલ્યા કરે છે તેમાંથી તે કરણોને ઊંચે ઉઠાવી લેવા માટેની ઉચ્ચાલન-શક્તિનું જ્ઞાન મેળવવા માટે એ સમજવાનું જરૂરી છે કે આત્માએ પોતાના સઘળા કારોબારને પુરુષ અને પ્રકૃતિ નામનાં પોતાનાં જ બે જોડિયાં સ્વરૂપો ઉપર સ્થાપેલો છે. આ બે છે તો એક જ વાસ્તવિકતાની બે બાજુઓ,

એક જ સચેતન સત્તાનો આ છેડો અને પેલો છેડો; તોપણ તેમની કાર્યશક્તિ જુદી જુદી અને દ્વિમુખી હોય તેમ જ આપણે તેમને સ્વીકારવાનાં છે, કારણકે ચેતનાના વ્યવહારમાં આવો ભેદભાવ વાજબી જ છે. પુરુષ એ પોતાની પ્રકૃતિના વહીવટને જાણતો, જ્ઞાતારૂપ આત્મા છે, પોતાના આનંદ-સ્વરૂપમાં રહીને એ વહીવટનો ઉપભોગ કરતો કે ઉપભોગનો ઇન્કાર કરતો, પોતાની સત્તા વડે તેમને આધાર આપતો ભર્તારૂપ આત્મા છે. તો પ્રકૃતિ એ એ આત્માની શક્તિ છે તથા તેની શક્તિનો એવો વહીવટ અને કારોબાર પણ છે કે જે સત્તાના નામરૂપની રચના કરે છે, ચેતનાની અને જ્ઞાનની ક્રિયાઓનો વિકાસ કરે છે, સંકલ્પો અને આવેગો, શક્તિ અને સામર્થ્ય વડે ઊછળતી રહે છે, ઉપભોગથી કૃતાર્થતા અનુભવે છે. પ્રકૃતિ એ જ માયા, એ જ શક્તિ. તે જ્યાં તદ્દન બાહ્ય બની બેઠેલી છે, જ્યાં તે પુરુષની પૂરેપૂરી વિરોધી લાગે છે ત્યાં જોઈએ તો તે છે પ્રકૃતિ; પ્રકૃતિ કે જે જડ યંત્રવત અને સ્વયં-સંચાલિત ક્રિયારૂપ છે, તદ્દન ચેતન-હીન (અથવા તો પુરુષના પ્રકાશ વડે જ ચેતનવંત) છે, પ્રાણ, મન અને અતિમનસ-રૂપ વિવિધ કક્ષાએ (કે જે તેના વહીવટને મળતા પુરુષના આત્મ-પ્રકાશની કક્ષાઓ છે) ચડ-ઊતર ગોઠવાએલી છે. તો વળી તેની બીજી આંતરિક બાજુ કે જ્યાં પુરુષ સાથેની તેની એકરૂપતાની તે વધારે નજીક ગએલી છે ત્યાં જોઈએ તો તે છે માયા; એવી માયા કે જે અસ્તિત્વ અને આવિર્ભાવનો સંકલ્પ છે અથવા અસ્તિત્વ અને આવિર્ભાવમાંથી નીકળી જવાનો સંકલ્પ છે, અને સાથે સાથે, ચેતના સમક્ષ રજૂ થતાં, અવક્રાંતિ અને ઉત્ક્રાંતિરૂપ પરિણામો પણ છે, જેને અસ્તિત્વ પણ છે અને જે અસ્તિત્વહીન પણ છે, જે આત્માની આત્મ-છુપામણી છે તો આત્માની આત્મ-શોધ પણ છે. અને આ બંને એ એક જ વસ્તુની, શક્તિની, બે બાજુઓ છે, એવી શક્તિની બે બાજુઓ કે જે આત્માના પોતાના સત્‌ની શક્તિ છે, અને જે આત્માની જ્ઞાન-શક્તિ, ઇચ્છા-શક્તિ, ક્રિયા-શક્તિ તરીકે એક અચેતન ભાસતી ચેતનામાં, ચેતનાથી પર રહીને, કે સચેતન રીતે, કે અવચેતન રીતે કાર્ય કરી રહી છે, – હકીકતમાં તો તેની આ ત્રણે ય ગતિઓ એકસાથે અને એક જ આત્મામાં ચાલી રહી હોય છે—. આ જ શક્તિ વડે આત્મા પોતાનામાં સર્વે વસ્તુઓ સર્જે છે અને, નામરૂપમાં રહીને તેમ જ પોતાના આવિર્ભાવના અંચળાની ઓથે છુપાઈને, પોતાના સમગ્ર સ્વરૂપને સંતાડે પણ છે અને શોધે પણ છે.

પોતાની પ્રકૃતિના આ સામર્થ્ય વડે આત્મા મનગમતી અવસ્થા ધારણ

કરી શકે છે અને કોઈ પણ આત્મ-રચનાના નિયત ગુણધર્મોને અનુસરી શકે છે. એ પોતાના આવિર્ભાવના અધિષ્ઠાતા અને નિયંતા તરીકેની આત્મ-અસ્તિત્વની શક્તિમાં અવસ્થિત હોય ત્યારે સનાતન આત્મા અને આત્મ-તત્ત્વ હોય છે; જ્યારે એ પોતાના અસ્તિત્વને આવિર્ભાવ આપવાની શક્તિમાં વિકાસ પામેલ સાંતમાં અનંતરૂપે હોય ત્યારે વિશ્વવ્યાપી આત્મા અને વિશ્વ-વ્યાપી આત્મતત્ત્વ હોય છે; જ્યારે તે પોતાના આવિર્ભાવ માટેના કોઈ એક ખાસ માર્ગે આગળ વધવામાં લીન થઈ, અનંતમાં વિકારમય સાંત બન્યાનો આભાસ આપે ત્યારે વ્યક્તિરૂપ આત્મા અને વ્યક્તિગત આત્મતત્ત્વ હોય છે. અને આ બધું તે એકસાથે હોઈ શકે છે: પોતાનાં સત્-સ્વરૂપો વડે વ્યક્તિ-રૂપો ધારણ કરેલ, વિશ્વમાં સર્વવ્યાપી બનેલ, સનાતન આત્મતત્ત્વ; તો વળી, પ્રકૃતિના કાર્યને અવગણીને કે તેને કાબૂમાં લઈને કે તેને આધીન થઈને તે આ ત્રણ પૈકી ગમે તે એક અવસ્થામાં પણ પોતાની ચેતનાને સ્થાપી શકે છે અને બાકી એને એની પાછળ, કે એનાથી દૂર પણ રાખીને પોતાને એક શુદ્ધ સનાતનતા, કે સ્વયં-ધારિત વિશ્વમયતા, કે અલગ વ્યક્તિ તરીકે પણ જાણી શકે છે. પોતાની પ્રકૃતિની જે કાંઈ રચના થઈ હોય તેનામય બની જવાનો આભાસ આત્મા ધારણ કરી શકે છે, અને પોતાની ચેતનાના બાહ્ય, સક્રિય ભાગમાં તો પોતાને માત્ર તે જ સ્વરૂપે જુએ છે; પણ તે જે અને જેટલો દેખાતો હોય તેટલો જ માત્ર તો કદી પણ નથી હોતો; તે જે કાંઈ બની શકે તેમ હોય છે તે અન્ય સમસ્ત સ્વરૂપે પણ તે મોજૂદ હોય છે જ; છૂપી રીતે તો, હજી સુધી જે કાંઈ છૂપું હોય તે સમગ્ર સ્વરૂપ પણ તે હોય છે જ. પોતાના કોઈ પણ કાલાધીન સ્વરૂપ વડે તે અબાધિત રીતે બાધિત નથી હોતો; તે તેને ભેદી શકે છે, તેનાથી પર થઈ શકે છે, તેને તોડી શકે છે, વિકસાવી શકે છે, હાથ ધરી શકે છે, ફગાવી દઈ શકે છે, તેનું નવસર્જન કરી શકે છે, કે તેમાંથી જ કોઈ મહાન આત્મ-સ્વરૂપ બહાર લાવી શકે છે. પોતાનાં કરણોમાં મૂકેલી ચેતનાની સમગ્ર, સક્રિય, સંકલ્પ-શક્તિના પ્રભાવ નીચે તે પોતાને જેવો ધારતો હોય તેવો જ તે હોય છે, કે તેવો તે થઈ જવાનો હોય છે. यो यच्छ्रद्धः स एव सः; તેને જે થઈ રહેવાની શ્રદ્ધા હોય છે તેમાં જ તે પ્રકૃતિને પલટી નાંખે છે, તેવો જ બની રહે છે, તે જ સ્વરૂપે તે આવી ઊભો રહે છે.

પોતાની પ્રકૃતિ ઉપરનો પુરુષનો આ પ્રભાવ એ પરિપૂર્ણતાના યોગમાં બિલકુલ અગત્યનો છે; જો એ ના હોત તો આપણે જાગ્રત યત્ન અને અભીપ્સાનો આશરો લઈને આપણા હાલના અપૂર્ણ માનવ-જીવનના રીઢા

ચીલાઓમાંથી કદી પણ બહાર નીકળી શકત નહિ; વધારે પૂર્ણતા પામવા માટે આપણે પ્રકૃતિના ધીમા કે ઝડપી, ઉત્ક્રાંતિ-માર્ગ પર જ આધાર રાખવો પડત. નીચલી યોનિઓમાં તો પુરુષ પ્રકૃતિ પરનું આ પૂરું દાસત્વ સ્વીકારી જ લે છે, પણ તે જેમ જેમ એક પછી એક ઊર્ધ્વ યોનિમાં આગળ વધતો જાય છે તેમ તેમ તેને ભાન થતું જાય કે પોતાનામાં કાંઈક એવું રહેલું છે કે જે પ્રકૃતિને વશ કરી શકે તેમ છે; પણ આ સ્વાયત્ત સંકલ્પ-શક્તિ અને કાબૂ એક પૂર્ણ સત્ય હકીકત તો માત્ર ત્યારે જ બની રહે છે કે જ્યારે પુરુષ આત્મ-જ્ઞાન પ્રાપ્ત કરે છે. આવું પરિવર્તન પ્રકૃતિની પ્રક્રિયાનો આશરો લઈને પાર પડે છે; અને તેથી તે કોઈ સ્વચ્છંદી જાદુ નહિ પણ એક વ્યવસ્થિત વિકાસ અને બુદ્ધિગમ્ય પ્રક્રિયા હોય છે. જ્યારે સંપૂર્ણ સ્વામિત્વ પ્રાપ્ત થાય ત્યારે આ પ્રક્રિયા આપબળે એટલા વેગથી પાર પડે છે કે તે બુદ્ધિની નજરે ચમત્કારિક પણ લાગે; તેમ છતાં તે બનતું હોય છે તો આત્માના સત્ય પ્રતિષ્ઠિત નિયમાનુસાર જ; ત્યારે ભગવાને પોતે જ આપણી સંકલ્પ-શક્તિને અને આપણી જાતને પોતાની સાથે એકરૂપ બનાવી દઈને યોગનો દોર પોતાને હાથ લીધો હોય છે અને પ્રકૃતિના સર્વ-શક્તિમાન સ્વામી તરીકે કાર્ય કરતો હોય છે. કારણકે ભગવાન જ છે આપણી સર્વોચ્ચ જાત, સમગ્ર પ્રકૃતિનો સ્વામી, સનાતન, વિશ્વમય પુરુષ.

પુરુષ અસ્તિત્વના કોઈ પણ સ્તર પર આસન લઈ શકે છે, કોઈ પણ તત્ત્વને પોતાના તાત્કાલિક નિયંત્રક તરીકે અપનાવી શકે છે. અને તેના ગુણ-ધર્માનુસારના સચેતન વહીવટ નીચે રહી શકે છે. તે આત્મ-અસ્તિત્વની અનંત એકતાના તત્ત્વમાં નિવાસ કરી શકે છે, અને સમસ્ત ચેતના, શક્તિ, આનંદ, જ્ઞાન, સંકલ્પ-શક્તિ, સક્રિયતા એ સર્વે આ સનાતન સત્‌નું, પરમ સત્યનું સચેતન સ્વરૂપ છે તે જોઈજાણી શકે છે. તો વળી તે અનંત સચેતન શક્તિનાં, તપસ્-તત્ત્વમાં પણ નિવાસ કરી શકે છે, અને તે તત્ત્વ જ આત્મ-અસ્તિત્વમાંથી જ્ઞાનમય કર્મો, સંકલ્પો અને આત્માના શક્તિ-સભર કર્મ-પ્રવાહને, અસ્તિત્વના અનંત આનંદના ઉપભોગને ખાતર, વહાવી રહેલ છે તે પણ જોઈજાણી શકે છે. તે જ પ્રમાણે તે અનંત, સ્વયં-ભૂ આનંદના તત્ત્વમાં પણ નિવાસ કરી શકે છે અને એ દિવ્ય આનંદ જ પોતાના આત્મ-અસ્તિત્વમાંથી અને પોતાની શક્તિ વડે અસ્તિત્વની કોઈ પણ સંવાદિતા સર્જી રહેલ છે એ પણ જોઈજાણી શકે છે. આ ત્રણ અવસ્થાઓમાં અદ્વૈત-મય ચેતના આગળ પડતી હોય છે; આત્મા પોતાની અનંતતા, વિશ્વમયતા તથા એકતાની સચેતનતામાં રહેતો

હોય છે, અને જે કાંઈ વિવિધતા ત્યાં હોય છે તે અલગતા-મૂલક ન હોતાં એકતાનું અનેકમયતાવાળું સ્વરૂપ હોય છે. તો વળી તે અતિમનસમાં એટલે કે, પ્રકાશમય, આત્મ-નિર્ણાયક જ્ઞાન, સંકલ્પ અને કર્મ-કે જે સચેતન સતતાના સંપૂર્ણ આનંદનો કોઈ એક સુમેળ સાધી શકે છે – તે તત્ત્વમાં પણ નિવાસ કરી શકે છે. આ વિ-જ્ઞાનલોકના ઊર્ધ્વ ભાગમાં એકતા જ પાયારૂપ હોય છે, પણ તે વિવિધતાને માણે છે; તો વળી તેના નિમ્ન ભાગમાં વિવિધતા પાયારૂપ હોય છે, પણ તે વિવિધતા હમેશાં એક સચેતન એકતાની સાથે સંબંધ રાખ્યા કરે છે અને એકતાને માણતી હોય છે. ચેતનાના આ પ્રદેશો આપણા અત્યારના સ્તરથી પર છે; આપણી સામાન્ય મનોમય ચેતનાથી તે અતીત છે. આપણી સામાન્ય મનોમય ચેતના અસ્તિત્વના નિમ્ન ગોળાર્ધમાં આવેલી છે.

જ્યાં પુરુષ અને પ્રકૃતિની વચ્ચે, અતિમનસ-નિવાસી આત્મા અને મન-પ્રાણ-શરીર-નિવાસી આત્માની વચ્ચે આવરણ આવી ગએલું છે ત્યાંથી આ નિમ્ન અસ્તિત્વની શરૂઆત થાય છે. જ્યાં આ આવરણ હજી આવી પડેલું નથી ત્યાં આ કરણ-રૂપ શક્તિઓ આપણી અંદરના તેમનાં સ્વ-રૂપરૂપે નથી હોતી; ત્યાં તેઓ અતિમનસ અને આત્માનાં એકરૂપ બનેલાં કર્મોના આલોકિત ભાગરૂપે હોય છે. મન જ્યારે પોતાની ક્રિયાઓને તેમના પ્રકાશમય ઉગમસ્થાન સાથે સંબંધિત રાખવાનું ભૂલી જાય છે અને પોતાની અલગતામૂલક ક્રિયાઓ અને ઉપભોગોની સંભાવનામાં તલ્લીન બની જાય છે ત્યારે તેની ક્રિયાઓ એ તેની પોતાની સ્વતંત્ર, આગવી ક્રિયાઓ છે એવા ખ્યાલમાં આવી પડે છે. આત્મા જ્યારે આવા મનમાં આવી નિવાસ કરે છે (પણ પ્રાણ તથા દેહનો હજી દાસ નહિ પણ નિયંત્રક રહેલો હોય છે) ત્યારે તે પોતાને એવા મનોમય પુરુષ તરીકે ઓળખે છે કે જે પોતાના વ્યક્તિગત જ્ઞાન, સંકલ્પ તથા સક્રિયતા વડે (અને આ બધાં, વિશ્વવ્યાપી મનમાં વસતા અન્ય જીવો અને શક્તિઓ સાથેના તેના સંબંધોને લીધે જરૂરી ફેરફાર પામેલું હોય છે) પોતાનાં માનસિક જીવન, સામર્થ્ય અને કલ્પનાઓ – કે જે સૂક્ષ્મ મનોમય પદાર્થથી રચાએલાં સ્વરૂપો હોય છે – તેમને પાર પાડતો હોય છે. આત્મા જ્યારે પ્રાણતત્ત્વમાં વસતો હોય છે ત્યારે તે પોતાને વિશ્વમય પ્રાણતત્ત્વનો એક જીવ જાણે છે કે જે પોતાની ઇચ્છાઓ વડે (અને આ ઇચ્છાઓ પાછી અનેક વ્યક્તિભૂત પ્રાણમય પુરુષો દ્વારા સક્રિય થતા વિશ્વમય પ્રાણ-પુરુષની શરતો અનુસાર જરૂરી ફેરફાર પામેલી હોય છે) કર્મો અને ચેતનાને પાર પાડતો હોય છે. જ્યારે તે જડ તત્ત્વમાં

વસતો હોય છે ત્યારે તે પોતાને જડ પુરુષની શક્તિના ગુણધર્મ અનુસાર કાર્ય કરતી જડ તત્ત્વની ચેતના તરીકે ઓળખે છે. તે જેટલે અંશે જ્ઞાનના પ્રકાશને સ્પર્શેલો રહે છે તેટલે અંશે તેને, પોતાની પ્રકૃતિને નિહાળતા તથા તેમાં રહીને કાર્ય કરતા કે તેના વડે દોરાતા એક મનોમય, પ્રાણમય કે અન્નમય પુરુષ તરીકેનું પોતાની જાત વિશેનું વત્તુંઓછું,- પણ સ્પષ્ટ ભાન હોય છે; પણ જ્યારે તે અજ્ઞાનના ઓછાયા તરફ વળેલો હોય છે ત્યારે તે પોતાને, મન, પ્રાણ કે શરીરની પ્રકૃતિ સાથે એકરૂપ બની ગએલ એક અહમ્ તરીકે, પ્રકૃતિના એક સર્જન તરીકે ઓળખે છે. પણ અન્નમય પુરુષની અસલ વૃત્તિ જ એવી છે કે જેથી આત્મ-શક્તિ ઘાટઘૂટ પામવામાં અને ભૌતિક ગતિઓ કરવામાં લીન થવા લાગે છે અને તેના પરિણામે સચેતન પુરુષને પોતાની જાતનું વિસ્મરણ થઈ જાય છે. ભૌતિક જગતની શરૂઆત થાય છે એ દેખીતી અચેતનતામાંથી.

વિશ્વમય પુરુષ આ સર્વે સ્તરો પર એક જાતની એક-સામટી રીતે વસી રહે છે, અને એ દરેક સ્તર પર એક એક એવું જગત, કે જગતની હારમાળા રચે છે કે જેમાં એ તત્ત્વની પ્રકૃતિમાં જીવતા જીવોનો વાસ હોય છે. મનુષ્ય, એક પિંડ, બ્રહ્માંડ સ્વરૂપ છે; આ સર્વે સ્તરો પોતાની જાતમાં તેના અવચેતન અસ્તિત્વથી માંડી અતિચેતન અસ્તિત્વ સુધીમાં આવી રહેલાં છે. યોગ-શક્તિનો વિકાસ કર્યે જવાથી તે આ સર્વે ગુપ્ત જગતો વિશે જાગ્રત થઈ શકે છે. (આ ગુપ્ત જગતો તેનાં ભૌતિક, જડતા ધારણ કરેલાં મન અને ઇન્દ્રિયો કે જે માત્ર ભૌતિક જગતને જ જાણી શકે છે – તેનાથી છૂપાં રહેલાં છે); અને તે પછી તે જાણતો થાય છે કે જેવી રીતે આ ભૌતિક જગત – કે જેમાં તે જીવી રહ્યો છે – તે કોઈ એક અલગ અને સ્વતંત્ર અસ્તિત્વવાળું જગત નથી તેવી રીતે તેનું પોતાનું ભૌતિક અસ્તિત્વ પણ કોઈ અલગ અને સ્વયંભૂ વસ્તુ નથી, પણ ઊર્ધ્વ સ્તરો સાથે તેનો સતત સંબંધ રહેલો છે અને તેની શક્તિઓ અને જીવો તેની ઉપર કાર્ય કરી રહેલાં છે. તે પોતાની અંદરનાં આ ઊર્ધ્વ સ્તરો પ્રત્યે ખૂલી જઈ શકે છે અને તેમનાં તેની ઉપરનાં કાર્યને વધારી દઈ શકે છે તથા અન્ય જગતો પરના જીવનમાં ભાગ લેવાનો લહાવો મેળવી શકે છે. આ અન્ય જગતો, મૃત્યુ પછી, કે મૃત્યુ અને પુનર્જન્મની વચ્ચેના ગાળામાં, તેનાં ધામરૂપ, પોતાના સચેતન નિવાસ-રૂપ હોય છે અથવા તેમને ધામરૂપ બનાવી શકાય છે. પણ તે ખરેખરી તો એ શક્તિ મેળવી શકે છે કે જેના વડે તે આ ઊર્ધ્વ સ્તરોની શક્તિઓને, પ્રાણની વિશાળ શક્તિને, મનના

વિશુદ્ધ પ્રકાશને, અતિમનસની પ્રકાશમયતાને, આત્માના સત્, ચિત્ અને આનંદને, પોતાનામાં વિકસાવી શકે છે. ઊર્ધ્વ આરોહણ કરતો રહીને તે પોતાની માનવીય અપૂર્ણતાને મહાન પૂર્ણતાના માર્ગે આગળ વધારતો રહી શકે છે.

પણ, તેનું ધ્યેય ગમે તે હો, તેની અભીપ્સા ગમે તેટલી ઉચ્ચ હો તોપણ તેણે શરૂઆત તો કરવી પડે છે તેની હાલની અપૂર્ણતાના જ ગુણધર્મ-માંથી; તેણે તેમને પૂરી ગણતરીમાં લેવા જ પડે છે; અને એ પણ જોવું જ પડે છે કે તેમને ભાવિ પૂર્ણતાના ગુણધર્મમાં કેવી રીતે પલટી શકાય. તેના આ હાલના સ્વ-ધર્મની શરૂઆત થાય છે ભૌતિક જગતમાંથી કે જ્યાં આત્મા દેહમાં અવક્રાંત થયો છે અને ભૌતિક પ્રકૃતિને આધીન બન્યો છે; અને આ પદાર્થ, પ્રાણ અને મનમાં તેમની પોતપોતાની શક્તિ વિકાસ પામી હોવા છતાં તેઓ હજી મર્યાદિત છે; અને તેઓ એવા નિમ્ન જડ તત્ત્વની ક્રિયાઓથી હજી બંધાઈ રહેલાં છે કે જે, માનવની વ્યવહારુ અને ઉપરછલ્લી ચેતનાની અજ્ઞાનમયતામાં તેને તેનું અસલ તત્ત્વ ભાસે છે. માનવ એ એક દેહધારી મનોમય પુરુષ હોવા છતાં તેના મને દેહ અને ભૌતિક જીવનનો ભાર ઉઠાવવો જ પડે છે, અને જ્યારે સામર્થ્ય અને એકાગ્રતા-પૂર્વક સારો એવો યત્ન કરે ત્યારે જ તે જીવન અને દેહને જાગ્રત રીતે કાબૂમાં લઈ શકે છે. આ કાબૂને વિકસાવવાથી જ તે પૂર્ણતા પ્રત્યે પ્રયાણ કરી શકે તેમ છે,– અને આત્મ-શક્તિને વિકસાવવાથી જ તે તેને પહોંચી શકે તેમ છે. તેનામાં રહેલી પ્રાકૃત-શક્તિએ વધારે ને વધારે પૂર્ણતાથી આત્માની સચેતન કર્મધારા બનતા રહેવાનું છે, આત્મતત્ત્વના સમગ્ર સંકલ્પ અને જ્ઞાનની સચેતન અભિવ્યક્તિ બનતા રહેવાનું છે. પ્રકૃતિએ પુરુષની શક્તિરૂપે બહાર આવવાનું છે.

પ્રકરણ : ૪

# મનોમય પુરુષની પરિપૂર્ણતા

તો આ સંજોગોમાં આત્મ-પરિપૂર્ણતા માટેના યોગનો મૂળભૂત ખ્યાલ એવો જ હોય કે માનવ-આત્માએ પોતાની મનોમય, પ્રાણમય અને ભૌતિક પ્રકૃતિ સાથે જે સંબંધો રાખેલા છે તેને ઉલટાવી નાખવા. માનવ એ હાલમાં એક અર્ધ-જાગ્રત તથા મન, પ્રાણ અને દેહને આધીન તથા તેમનાથી મર્યાદિત એવો એક આત્મા છે અને તેમાંથી તેણે એક પૂર્ણ-જાગ્રત અને પોતાનાં મન, પ્રાણ તથા દેહના સ્વામીરૂપ આત્મા બનવાનું છે. પૂરેપૂરો સચેતન આત્મા પોતાનાં આ કરણોની માગણીઓ અને દાવાઓથી બંધાએલો ના રહેતાં તેમનો ઉપરી અને મુક્ત માલિક બની રહેશે. માનવની ભૂતકાળની આધ્યાત્મિક, બૌદ્ધિક અને નૈતિક મથામણોના મોટા ભાગનો જો કાંઈ અર્થ હોય તો તે આ જ છે: પોતાની જાત પરના પ્રભુત્વ માટેનો પ્રયત્ન.

મુક્તિ અને માલિકીના સાચા અને પૂરા અર્થ પ્રમાણે જો માણસે પોતાની જાત પર પ્રભુત્વ મેળવવું હોય તો તેણે પોતાનું સર્વોચ્ચ સ્વરૂપ, સાચી જાત, ઊર્ધ્વતમ પુરુષ કે જે મુક્ત છે, પોતાની અવિભાજ્ય શક્તિનો માલિક છે તેને શોધી કાઢવો જ પડશે. તેણે મનોમય, પ્રાણમય, અન્નમય અહમ્ મટી જવાનું છે. કારણકે એ તો હમેશાં મનોમય, પ્રાણમય, અન્નમય પ્રકૃતિનું સર્જન છે, તેનું જ કરણ છે, તેને જ આધીન છે. અહમ્ એ તેની સાચી જાત નહિ પણ પ્રકૃતિનું એક એવું કરણ છે કે જેની મદદથી તેણે મન, પ્રાણ અને દેહમાં વસતી એક પરિમિત અને અલગ વ્યક્તિ તરીકેનું ભાન ઊભું કર્યું છે. આ કરણના ભાનથી, આ ભૌતિક જગતમાં પોતાનું કેમ જાણે એક અલગ અસ્તિત્વ હોય એમ એ વર્તે છે. પ્રકૃતિએ વિકસાવેલી આદત-શી કેટલીક સાંકડી શરતોને આધીન રહીને તેનાં કર્મો થયા કરતાં હોય છે. અહમ્ સાથેની આત્માની એકરૂપતા ઊભી કરીને પ્રકૃતિએ માનવ-આત્માને, આ કર્મોને અનુમતિ આપવાનું અને આ આદત-શી, સાંકડી શરતોને સ્વીકારવાનું સમજાવી દીધું છે. જ્યાં સુધી આ એકરૂપતા ચાલુ રહે છે ત્યાં સુધી આત્મા આ આદતભર્યા ચકરાવામાં અને સાંકડા

કર્મ-પ્રવાહમાં પુરાયેલો રહે છે; અને જ્યાં સુધી તે તેમાંથી બહાર ના નીકળી જાય ત્યાં સુધી આત્મા પોતાના વ્યક્તિભૂત જીવનનો મુક્ત ઉપયોગ કરી શકતો નથી,—તેને ઓળંગી જવાની તો વાત જ નહિ. આથી જ મન, પ્રાણ અને દેહનાં કર્મો સાથે આપણને એકરૂપ રાખતા બહિર્મુખ અહમ્-ભાવમાંથી પાછા હઠી જવું અને અંતર્મુખ બની આત્મામાં જીવવું એ યોગની એક ખૂબ જરૂરી ક્રિયા છે. બહિર્મુખ અહમ્-ભાવમાંથી છુટકારો એ આત્માની મુક્તિ અને પ્રભુત્વ માટેનું પહેલું પગથિયું છે.

આપણે જ્યારે આ પ્રમાણે અંદર આત્મામાં હઠી જઈએ ત્યારે, આપણે એક મન છીએ એમ લાગવાને બદલે એમ સમજાય છે કે આપણે દેહધારી મનનાં કર્મોની પાછળ રહેલ એક મનોમય પુરુષ છીએ, એક મન-પ્રધાન અને પ્રાણ-પ્રધાન વ્યક્તિત્વ નહિ (કારણકે વ્યક્તિત્વ એ તો પ્રકૃતિની એક રચના છે), પણ મનોમય પુરુષ છીએ. આપણે જોઈ-જાણી શકીએ છીએ કે આપણી અંદર એક એવી જાત, એવી સત્તા છે કે જે આત્મ-જ્ઞાન અને વિશ્વજ્ઞાનને ખાતર મન ઉપર પ્રતિષ્ઠિત થએલ છે, અને આત્માનુભૂતિ અને વિશ્વાનુભૂતિને ખાતર, આંતરિક કાર્ય અને બહિર્મુખ કર્મોને ખાતર પોતાને એક વ્યક્તિ-સ્વરૂપ માનવા છતાં જે મન, પ્રાણ અને દેહથી અલગ છે. પ્રાણનાં કર્મો અને દેહનાં અસ્તિત્વથી અલગ હોવાનું ભાન તો બહુ સ્પષ્ટ હોય છે, કારણકે મન એ પ્રાણ અને દેહમાં ઊતરી આવેલું છે એમ પુરુષને લાગતું હોવા છતાં તે જાણતો હોય છે કે ભૌતિક જીવન અને દેહ અટકી પડે અથવા તેમનો ત્યાગ કરવો પડે તે છતાં તે મનોમય પુરુષ તરીકે પોતાનું અસ્તિત્વ ચાલુ રાખી શકે તેમ છે. પણ મનથી અલગ હોવાનું ભાન વધારે મુશ્કેલ અને ઓછું સ્પષ્ટ હોય છે. તેમ છતાં એ ભાન હોય છે તો ખરું જ; આ ભાનની વિશિષ્ટતા-રૂપ એવી ત્રણ—કે ત્રણમાંથી ગમે તે એક—અંતઃસ્ફુરણાઓ હોય છે કે જેમાં મનોમય પુરુષ રહેતો હોય છે અને જેના વડે તે પોતાનાં વિશાળ અસ્તિત્વો વિશે સજાગ હોય છે.

તેને સૌથી પહેલી અંતઃસ્ફુરણા એ હોય છે કે તે પોતે મનનાં કર્મોને નિહાળનાર છે અને એ કર્મો તેની પોતાની અંદર થતાં હોવા છતાં પોતાની સમક્ષ થતાં, પોતાને જોવા માટેનાં જ્ઞેય-રૂપ હોય છે. આવી આત્મ-જાગૃતિ એ છે પુરુષોની સાક્ષી તરીકેની અંતઃસ્ફુરણા, સાક્ષીરૂપ પુરુષ એ એક એવી શુદ્ધ ચેતના છે કે જે પ્રકૃતિને નિહાળે છે અને તેને ચેતનાની ઉપર ઝિલાતાં અને ચેતના વડે આલોકિત થતાં કર્મો તરીકે જોવાં છતાં તેઓ પોતે તો પોતાના કરતાં અલગ છે એમ જાણે છે. મનોમય પુરુષોની નજરે પ્રકૃતિ એ માત્ર

એક કર્મ-પ્રવાહ છે, તારવણી કરતા અને સંયોજન કરતા વિચારોનો, સંકલ્પોનો, સંવેદનોનો, ઊર્મિઓનો સ્વભાવ અને ચારિત્ર્યનો અહમ્-ભાવનો એક એવો જટિલ કર્મ-પ્રવાહ છે કે જે, ભૌતિક દેહે ફરજિયાત બનાવેલી શરતો અનુસારના પ્રાણમય આવેગો, જરૂરિયાતો અને ઝંખનાઓના પાયા પર વહી રહ્યો હોય છે. પણ તે પોતે આ પ્રવાહથી મર્યાદિત નથી હોતો, કારણકે તે તેને નવે રસ્તે વાળી શકે છે, તેને વિવિધતા, વિશુદ્ધિ અને વિસ્તાર આપી શકે છે એટલું જ નહિ પણ વિચારોની અને કલ્પનાઓની દુનિયામાં તથા અતિ સૂક્ષ્મ અને મુલાયમ સર્જનોથી ભરેલાં મનોમય જગતમાં જઈને કાર્ય કરી શકે છે. મનોમય પુરુષને આના ઉપરાંત બીજી એક અંતઃસ્ફુરણા એ હોય છે કે એ હાલમાં જે કર્મ-વિસ્તારમાં જીવી રહ્યો છે તેના કરતાં ઘણો વિશાળ અને મહાન એવો કોઈક પ્રદેશ પણ છે, અનુભૂતિઓની એક એવી કોઈક હારમાળા છે કે જેની માત્ર એક મોઢા આગળની યોજનારૂપ કે એક નાનીશી ઉપરછલ્લી તારવણીરૂપ જ આ આખો કર્મ-વિસ્તાર છે. આ અંતઃસ્ફુરણાને લીધે તે એક એવી પ્રસન્ન જાતનાં પ્રવેશદ્વાર પાસે આવી પહોંચે છે કે જેમાં આ ઉપરછલ્લી મનોમયતાના જ્ઞાનના કરતાં અનેકગણા વિશાળ આત્મ-જ્ઞાનના ભંડારની શક્યતા ભરી પડી છે. છેલ્લી અને મહત્તમ અંતઃસ્ફુરણા-રૂપ એક એવી આંતરિક સભાનતા હોય છે કે એ પોતે, વધારે સાચી રીતે તો, એવું કાંઈક છે કે જે મનથી ખૂબ ઊંચે છે,– મન જેવી રીતે પ્રાણ અને દેહથી ઊર્ધ્વમાં આવેલું છે તે જ રીતે. આ આંતરિક સભાનતા એ તેનાં અતિમાનસિક અને આધ્યાત્મિક અસ્તિત્વની અંતઃસ્ફુરણા છે.

પણ જે સપાટી પરનાં કર્મોમાંથી મનોમય પુરુષ પાછો હઠી ગયો હતો તેમાં તે ફરી પાછો લપટાઈ જઈ શકે છે, મન, પ્રાણ અને શરીરની યંત્રમયતામાં પૂરેપૂરો એકરૂપ થઈ શકે છે અને અવારનવાર થયે આવતાં તેમનાં સામાન્ય કર્મોનું તલ્લીનતાથી પુનરાવર્તન કર્યા કરી શકે છે. પણ એકવાર પેલી અલગ થવાની ક્રિયા હાથ લાગી ગઈ અને તેમાં થોડોઘણો સમય પણ ટકી શકાયું એટલે તે ફરીથી પોતે પોતાની પૂરેપૂરી જૂની જાત કદી પણ રહેતો નથી. બાહ્ય કર્મોમાં હવે તે જે લપટાય છે તે માત્ર એક એવી ફરીથી જાગી જતી આત્મ-વિસ્મૃતિ હોય છે કે જેમાંથી પોતાની અસલ જાતમાં અને શુદ્ધ આત્માનુભૂતિમાં પાછા ચાલ્યા જવાનું વલણ સ્થપાઈ ગયું હોય છે. વળી એ પણ ધ્યાનમાં લેવા જેવું છે કે આ બાહ્ય ચેતનાનાં સામાન્ય કર્મોમાંથી પાછા હઠી જવાની ક્રિયાને પરિણામે પુરુષ આત્માનુભૂતિની જે હાલની સ્વાભાવિક અવસ્થા ધારણ કરી શક્યો છે તે

ઉપરાંત બીજી બે અવસ્થાઓ પણ તે ધારણ કરી શકે તેમ છે. તે એવી અંતઃસ્ફુરણા પણ મેળવી શકે છે કે પોતે એક એવો શરીરસ્થ આત્મા છે કે જે પોતાની પ્રવૃત્તિ તરીકે પ્રાણને અને એ પ્રવૃત્તિના પ્રકાશ તરીકે મનને બહાર ફેલાવી રહ્યો છે. આ શરીરસ્થ આત્મા એ જ છે શરીરમય સચેતન જાત, અન્નમય પુરુષ, કે જે પ્રાણ અને મનને ભૌતિક અનુભૂતિઓને ખાતર પોતાની વિશિષ્ટ રીતે કામે લગાડે છે (તેને મન બીજું બધું તો ભૌતિક અનુભૂતિઓનાં પરિણામરૂપ જ હોય છે), જે શારીરિક જીવનની બહાર નજર નાખતો જ નથી; અને, પોતાનાં ભૌતિક વ્યક્તિ-સ્વરૂપની બહાર કાંઈક છે એમ તેને લાગે ત્યારે પણ તે માત્ર ભૌતિક જગત વિશે જ – અને, બહુ બહુ તો, ભૌતિક પ્રકૃતિના આત્મા સાથે પોતાની એકતા વિશે જ – સચેતન હોય છે. પણ તે એવી અંતઃસ્ફુરણા પણ મેળવી શકે છે કે તે, કાલ-પ્રવાહમાં ચાલી રહેલ આવિર્ભાવનાં મહાન વહેણની સાથે એકરૂપ બનેલ એક જીવંત આત્મા છે કે જે શરીરને એક ઘાટ તરીકે કે પાયારૂપ ઇન્દ્રિય-પ્રાણ સ્વરૂપ તરીકે અને મનને પ્રાણના અનુભવોની સચેતન પ્રવૃત્તિ તરીકે ફેલાવી રહ્યો છે. આ જીવંત આત્મા એ જ છે પ્રાણમય સચેતન જાત, પ્રાણમય પુરુષ કે જેનામાં ભૌતિક દેહની કાલ-મર્યાદા અને શક્તિ-મર્યાદાથી પણ આગળ જોઈ શકવાની અને સપાટી પરનાં તથા તેની પાછળનાં જીવનની અનંતતાને તેમ જ વિશ્વવ્યાપી પ્રાણમય પુરુષ સાથેની પોતાની એકરૂપતાને પણ અનુભવવાની શક્તિ છે, પણ જે કાલ-પ્રવાહમાં સતત ચાલી રહેલા જીવનના આવિર્ભાવની પેલે પાર નજર નાખતો નથી. આ ત્રણ પુરુષો એ આત્મતત્ત્વનાં એવાં ત્રણ આત્મ-સ્વરૂપો છે કે જેના વડે તે પોતાનાં વિશ્વમય અસ્તિત્વનાં ત્રણ સ્તર કે તત્ત્વોની સાથે પોતાનાં સચેતન અસ્તિત્વનું તાદાત્મ્ય સાધે છે અને તેમની ઉપર પોતાના કર્મ-પ્રવાહને પ્રસ્થાપિત કરે છે.

પણ માણસની વિશિષ્ટતા એ કે એ એક મનોમય પુરુષ છે. વળી મનોમયતા એ તેની હાલની સર્વોચ્ચ અવસ્થા છે, ત્યાં તે પોતાની સાચી જાતની પાસેમાં પાસે હોય છે, અને આત્મા વિશે વધારેમાં વધારે સરળતાથી અને વિશાળતાથી સભાન હોય છે. બાહ્ય કે સપાટી પરનાં અસ્તિત્વમાં ગૂંચવાઈ જવું કે પ્રાણમય કે અન્નમય પુરુષના સ્થાને ચાલ્યા જવું એ, પરિપૂર્ણતા માટેનો તેનો માર્ગ નથી; પણ અન્નમય, પ્રાણમય અને મનોમય સ્તરોમાંથી જે તેને આખરે તો ઊંચે ઉઠાવી જ લે છે એવી પેલી ત્રણ અંતઃસ્ફુરણાઓનો આગ્રહ રાખવો એ જ છે તેનો પરિપૂર્ણતા માટેનો માર્ગ. આ આગ્રહ એવાં બે તદ્દન ભિન્ન સ્વરૂપો લઈ શકે છે કે જેમને

પોતપોતાનું આગવું લક્ષ્ય અને આગવો માર્ગ છે. એ, પ્રકૃતિમાં અસ્તિત્વ ધરાવવાને બદલે તેનાથી દૂર જવાનો, મન, પ્રાણ અને શરીરમાંથી પાછા હઠી જવાનો, અલગ થઈ જવાનો આગ્રહ રાખે એ શક્ય છે. તે, પ્રકૃતિનાં કર્મોને ઉદાસીનતાપૂર્વક અને અનુમતિ આપ્યા વિના નિહાળતા, તેનો સંપૂર્ણ અસ્વીકાર કરતા તથા શુદ્ધ સચેતન અસ્તિત્વમાં પાછા હઠી જતા સાક્ષીરૂપ પુરુષ બની રહેવાનો વધારે ને વધારે પ્રયત્ન કરે એમ પણ બને. આ જ છે સાંખ્ય માર્ગની મુક્તિ. તેને જેની અંતઃસ્ફુરણા છે તેવા વિશાળ આંતરિક અસ્તિત્વમાં તે ચાલ્યો જાય અને સપાટી પરની મનોમયતામાંથી દૂર જઈ, ચેતનાના વિશાળતર કે ઉચ્ચતર પ્રદેશોમાં દોરી જનાર સ્વપ્નાવસ્થા કે સુષુપ્તાવસ્થાનો આશરો લે એ પણ શક્ય છે. આ પ્રદેશોમાં ચાલ્યો જઈ તે પાર્થિવ અસ્તિત્વનો ત્યાગ કરી શકે છે. વળી, પ્રાચીન સમયમાં તો એમ પણ માનવામાં આવતું હતું કે અતિમાનસિક પ્રદેશોમાં એકવાર પ્રવેશ પામ્યા એટલે પછી પાર્થિવ ચેતનામાં પાછા આવવાનું શક્ય અથવા તો ફરજિયાત નથી રહેતું, પણ આવી મુક્તિ એ ચોક્કસ અને ખાતરીભરી આખરી અવસ્થા છે કે કેમ તેનો આધાર સમગ્ર મનોમયતામાંથી દૂર અને ઊર્ધ્વમાં નજર નાખતા મનોમય પુરુષને જે આધ્યાત્મિક પુરુષનું ભાન થાય છે તેમાં તે કેટલે અંશે ઊંચે ચડે છે તેની ઉપર રહેલો છે. તેને જ, શુદ્ધ સત્‌માં લીન થઈ જઈને અથવા વિશ્વાતીત અસ્તિત્વમાં સામેલ થઈ જઈને પાર્થિવ અસ્તિત્વમાંથી સંપૂર્ણપણે મુક્ત થઈ જવાની ચાવી ગણવામાં આવ્યું છે.

પણ જો આપણું ધ્યેય પ્રકૃતિથી આમ આત્મ–અલગતા પ્રાપ્ત કરી મુક્ત બનવાનું ના હોય પણ પ્રભુતા પ્રાપ્ત કરી પરિપૂર્ણ બનવાનું હોય તો આવો આગ્રહ પૂરતો નહિ ગણાય. તો આપણે મન, પ્રાણ અને શરીરનાં પ્રાકૃતિક કર્મોને અવલોકવાં પડશે, તેમને બાંધતી ગાંઠો શોધવી પડશે, તેમને છોડવા માટે ઢીલા કરવાના દોર પકડવા પડશે, તેની અપૂર્ણતાનાં બારણાં શોધવાં પડશે અને પૂર્ણતાની ચાવી હાથ કરવી પડશે. જ્યારે સાક્ષીરૂપ પુરુષ પોતાનાં પ્રાકૃતિક કર્મોમાંથી પાછો હઠી તેમને નિહાળવા લાગે છે ત્યારે તે જુએ છે કે એ કર્મો તેમની યંત્રમયતાના જોરે આપબળે જ, ચાલુ રહેતી ગતિ વડે જ, માનસિક વહેણના, પ્રાણના આવેગના તથા શરીરની જડ યંત્રમયતાના ચાલુ પ્રવાહને લીધે જ થયા કરે છે. શરૂઆતમાં તો આ બધું એક સ્વયં–સંચાલિત યંત્રની પુનરાવર્તન પામ્યા કરતી કર્મ–ગતિ લાગે છે; અલબત્ત તેને સરવાળે તો કાંઈક સતત સર્જાતું, વિકાસ પામતું, ઉત્ક્રાંત થતું હોય છે. આ ચકરાવામાં જાણે પુરુષ પકડાઈ જઈને, અહમ્‌ભાવ વડે

બંધાઈ જઈને યંત્રનાં ચક્રોમાં ઘૂમરાતો અને આગળ વધતો હોય એમ લાગે છે. પોતે આ ચકરાવામાં ઝડપાઈ ગયો છે અને તેની કર્મ-ગતિના ભાગરૂપ બની ગયો છે એમ માનવાને બદલે આત્મા જો એકવાર અલગ અને સુસ્થિર સ્થાનેથી તેને જોવા લાગે તો એમ લાગે છે કે એક પૂરેપૂરો યાંત્રિક નિર્માણ-વાદ કે પ્રકૃતિનાં પૂર્વ-નિર્માણોનો પ્રવાહ, કે જેને તેણે પોતાની ચેતનાનો પ્રકાશ વાપરવા દીધો છે, તે જ છે તેના મનોમય, પ્રાણમય અને ભૌતિક વ્યક્તિત્વનું સ્વાભાવિક સ્વરૂપ.

પણ આગળ નજર નાખતાં જણાય છે કે આ નિર્માણ-વાદ લાગતો હતો તેટલો પૂરો અને પાકો નથી; પ્રકૃતિનો કર્મ-પ્રવાહ વહી રહ્યો છે તેનું તથા તે જે રીતે વહે છે તેનું કારણ છે પુરુષની અનુમતિ. સાક્ષીરૂપ પુરુષ જોઈ શકે છે કે એ કર્મ-પ્રવાહને પોતે આધાર આપી રહ્યો છે અને તેમાં પોતાની સચેતન સત્તાને કોઈક રીતે પૂરી રહ્યો છે અને પ્રસારી રહ્યો છે. તેને જણાઈ આવે છે કે તેના વિના તે ચાલુ રહી શકે તેમ નથી અને જ્યારે તે પોતાની સંમતિને સતત પાછી ખેંચ્યા કરે છે ત્યારે તે યંત્રવત્ કર્મો ધીમે ધીમે નબળાં પડતાં જાય છે, લથડી પડે છે અને અંતે અટકી પડે છે. પોતાની સમગ્ર સક્રિય મનોમયતાને આ રીતે પૂરેપૂરી સ્થિર કરી શકાય છે. તે છતાં એ મનોમયતાનો એક એવો નિઃસહાય ભાગ બાકી રહે છે કે જે યંત્રવત્ ગતિ કર્યા કરે છે; પણ એ કર્મોમાંથી પોતાની જાતને પુરુષ પાછી ખેંચી લે તો તેમને પણ નિશ્ચલ કરી શકાય છે. ત્યારે પણ યાંત્રિક ભાગોમાં પ્રાણનાં કર્મો ચાલ્યા કરે છે; પણ તેમને પણ શાંત કરીને અટકાવી દઈ શકાય છે. ત્યારે એમ લાગે છે કે પુરુષ માત્ર ભર્તારૂપ નહિ પણ કોઈક રીતે પ્રકૃતિના માલિકરૂપ, ઈશ્વરરૂપ પણ છે. આ અનુમંતા તરીકેના કાબૂને લીધે, તેની અનુમતિની આ અનિવાર્યતાને લીધે જ, તે જ્યારે અહમ્‌ભાવમાં વસતો હતો ત્યારે તેને પોતાની જાત એક એવા આત્મા કે મનોમય પુરુષરૂપ લાગતી હતી કે જેનામાં પોતાના સર્વે આવિર્ભાવોને નિર્માણ કરતી આગવી સંકલ્પ-શક્તિ હતી. છતાં આ આગવી સંકલ્પ-શક્તિ અપૂર્ણ, લગભગ ખોટા આભાસ જેવી હતી, કારણકે તે સંકલ્પ-શક્તિ પોતે પણ પ્રકૃતિ-યંત્રનો જ એક ભાગ હતી, અને તેનો એકેએક સંકલ્પ ભૂતકાળના કર્મ-પ્રવાહ વડે તથા તેમાંથી ઊભી થતી સમગ્ર શરતો વડે નિર્માણ થતો હતો,– જોકે, આ પ્રવાહને પરિણામે, તેની સમગ્રતા ક્ષણે ક્ષણે એક નવા વિકાસરૂપ, નવાં નિર્માણરૂપ બનતી હોવાથી પેલો એક એક સંકલ્પ પણ ક્ષણે ક્ષણે આપમેળે ઊભો થતો, નવજાત સર્જન સમો લાગે

ખરો. આ બધો સમય પુરુષનો ફાળો હતો સંમતિ, પ્રકૃતિ જે કાંઈ કરે તેને અનુમતિ. તે તેનું પૂરેપૂરું નિયંત્રણ કરવા શક્તિમાન લાગતો નથી; કેટલીક, સ્પષ્ટ રીતે રજૂ થતી શક્યતાઓમાંથી માત્ર પસંદગી જ કરતો લાગે છે. પ્રકૃતિમાં પોતાના ભૂતકાળના વેગને પરિણામે પ્રતિકાર-શક્તિ હોય છે; અને તેના કરતાં પણ વધારે જોરદાર પ્રતિકાર-શક્તિ તો પોતે સર્જેલી શરતોના સમગ્ર સમૂહને પરિણામે આવેલી હોય છે; અને આ શરતોને, કાયમી બાધારૂપ નિયમાવલી તરીકે તે પુરુષ સમક્ષ રજૂ કરે છે. અને પુરુષ પણ તેની કાર્યરીતિને સમૂળી બદલી શકતો નથી, કે તેની હાલની ગતિમાં અંદરથી પોતાનો સંકલ્પ મુક્ત રીતે અજમાવી શકતો નથી કે, મનના પ્રદેશમાં વસતો હોવાથી, નથી જઈ શકતો પ્રકૃતિની બહાર કે ઉપર કે જેથી તેની ઉપર ખરેખરું અને યથેચ્છ નિયંત્રણ સ્થાપી શકે. અહીંયાં એક બેવડી પરતંત્રતા ઊભી થાય છે; પ્રકૃતિએ પુરુષની અનુમતિને આધીન થવું પડે છે અને પુરુષે પ્રકૃતિના નિયમો, કાર્યરીતિ અને કર્મોની મર્યાદાને આધીન થવું પડે છે; સ્વતંત્ર સંકલ્પ-શક્તિનું ભાન પૂર્વ-નિર્માણનો ઇન્કાર કરે છે અને હકીકતરૂપ પ્રકૃતિનું પૂર્વ-નિર્માણ સ્વતંત્ર સંકલ્પ-શક્તિનો છેદ ઉડાવી દે છે. પુરુષને પૂરી ખાતરી હોય છે કે પ્રકૃતિ એ તેની પોતાની જ શક્તિ છે; તેમ છતાં તે તેને આધીન હોય એમ લાગે છે. પુરુષ અનુમંતા ખરો પણ તેનો સંપૂર્ણ સ્વામી, ઈશ્વર હોય તેમ લાગતું નથી.

તે ગમે તેમ, પણ ક્યાંક એક પૂર્ણ નિયંત્રણ, એક સાચું ઈશ્વરત્વ હયાત છે જ. પુરુષને તેની ખબર છે અને તે જાણે છે કે જો તે એ મેળવી શકે તો એ નિયંત્રણ તે હાથ કરી શકશે અને માત્ર એક નિઃસહાય અનુમંતારૂપ સાક્ષી અને પ્રકૃતિના ભર્તારૂપ પુરુષ જ નહિ પણ તેની સર્વે ક્રિયાઓનો સ્વતંત્ર, સમર્થ કર્તા અને નિયંતા બની રહેશે. પણ આ નિયંત્રણ મનોમયતા સિવાયની બીજી કોઈક અવસ્થામાં રહેલું લાગે છે. કોઈક વાર આ નિયંત્રણનો તે ઉપયોગ કરી લે છે ખરો પણ માત્ર એક વાહન કે સાધન બનીને. એ નિયંત્રણ ઊર્ધ્વમાંથી તેને હાથ ચડે છે, એટલે એટલું તો સ્પષ્ટ જ કે એ નિયંત્રણ મનથી પર, અતિ-માનસિક, છે; તે મનોમય પુરુષના કરતાં વધારે મહાન એવા આત્મ-તત્ત્વની શક્તિ છે; અને પુરુષને ખબર છે જ કે પોતાના સચેતન સ્વરૂપના શિખર-સ્થાને તેમ જ ગુપ્ત કેન્દ્ર-સ્થાને એ પોતે જ એ આત્મ-તત્ત્વ છે. એટલે એ નિયંત્રણ અને ઈશ્વરત્વ હાથ કરવાનો ઉપાય એ જ કે એ આત્મતત્ત્વ સાથે અદ્વૈત સાધવું. પોતે શિથિલ રહીને પોતાની મનોમય ચેતનામાં તે તેનું પ્રતિબિંબ પામી

શકે છે અને તેને ઝીલી શકે છે ખરો, પણ તેથી તો તે માત્ર એક ઢાળો, વાહન કે સાધન જ રહી શકે છે, સામર્થ્યને હાથ કરી શકતો નથી, તેમાં સામેલ થઈ શકતો નથી. અને પોતાની મનોમયતાને આંતરિક આધ્યાત્મિક સત્તામાં લીન કરીને તે અદ્વૈત પામી શકે છે ખરો પણ તેમ કરતાં તેની સચેતન સક્રિયતા અદ્વૈતની સમાધી-અવસ્થામાં લય પામી જાય છે. પ્રકૃતિના સક્રિય સ્વામી થવા માટે તો કોઈક એવી ઊર્ધ્વ, અતિ-માનસિક અવસ્થામાં પહોંચવું જ પડે કે જ્યાં નિયંતારૂપ આત્મા સાથે માત્ર નિષ્ક્રિય જ નહિ પણ સક્રિય અદ્વૈત પણ શક્ય હોય. આ ઊર્ધ્વતર અવસ્થા પ્રાપ્ત કરવાનો તથા સ્વરાજ્ય પામવાનો, "સ્વરાટ" બનવાનો માર્ગ હાથ કરવો એ છે પરિપૂર્ણતાની શરત.

આવા ઊર્ધ્વ આરોહણમાં પડતી મુશ્કેલીનું કારણ છે સ્વભાવગત અજ્ઞાન. મનોમય પુરુષ એ મનોમય અને ભૌતિક પ્રકૃતિને જોનારો સાક્ષી ખરો પણ પોતાને અને પ્રકૃતિને પૂરેપૂરાં જાણનારો જ્ઞાતા નહિ. મનોમય જ્ઞાન એ પુરુષની ચેતનાનો પ્રકાશ પામે છે, ત્યાં મનોમય-જ્ઞાતા છે એ સાચું, પણ એ જાણે છે કે એ જ્ઞાન સાચું નથી, પણ અધૂરી શોધ અને અધૂરી પ્રાપ્ત છે, એક અતીતનો પ્રકાશ કે જે પોતે સાચું જ્ઞાન છે તેમાંથી ઊતરી આવતું અનિશ્ચિત પ્રતિબિંબ છે, કર્મો માટે કામે લાગતી તેની નાનીશી ઉપયોગિતા છે. આ પ્રકાશ એ પરમ-આત્મતત્ત્વની સ્વ-સભાનતા અને સર્વ-સભાનતા છે. મનોમય પુરુષમાં પ્રતિબિંબ ઝીલીને કે આત્મતત્ત્વમાં લીન બનીને મનોમય સ્તર પર પણ આ સ્વ-સભાનતાને તાત્ત્વિક રીતે મેળવી શકાય છે ખરી (અને એ જ પ્રમાણે પ્રાણમય પુરુષમાં અને અન્નમય પુરુષમાં પણ તેને, ઝીલીને કે લીન બનીને, મેળવી જ શકાય છે), પણ આ તાત્ત્વિક સ્વ-સભાનતાને પોતાનાં કર્મોના આત્મ-કેન્દ્ર તરીકે રાખીને કાર્ય-સાધક સર્વ-સભાનતામાં સામેલ થવું હોય તો પુરુષે અતિ-માનસિક અવસ્થામાં આરોહણ કરવું જ પડે. પોતાની જાતના સ્વામી થવા માટે તેણે પોતાના અને પ્રકૃતિના જ્ઞાતા અને ઈશ્વર થવું જ પડે. મન જ્યાં અતિમનસને પ્રત્યુત્તર આપી શકે છે તેવા ઊર્ધ્વ મનોમય સ્તર પર પણ કેટલેક અંશે આ સિદ્ધ કરી શકાય છે પણ આ પરિપૂર્ણતા ખરેખરી અને પૂરેપૂરી તો મનોમય પુરુષના પ્રદેશમાં નહિ પણ વિજ્ઞાનમય પુરુષના પ્રદેશમાં આવેલી છે. મનોમય પુરુષને મહત્તર વિજ્ઞાનમય પુરુષમાં અને વિજ્ઞાનમય પુરુષને આનંદમય પુરુષમાં આરોહણ કરાવવું એ જ આ પરિપૂર્ણતાનો બિલકુલ સાચો અને સચોટ ઉપાય છે.

પણ, હાલની પ્રકૃતિને છેક મૂળમાંથી હાથ ધર્યા વિના અને મનોમય, પ્રાણમય તથા અન્નમય પુરુષને અટપટી ગાંઠથી બાંધતા, લોખંડી લાગતા તેના ધર્મના મોટા ભાગને હડસેલી દીધા વિના આવી પરિપૂર્ણતા તો શું પણ કોઈ પણ પરિપૂર્ણતા સિદ્ધ થઈ શકે તેમ નથી. આ ગાંઠ–ધર્મ એક ચોક્કસ પણ મર્યાદિત હેતુને ખાતર, જીવંત દેહના માનસિક અહમ્ભાવને કામચલાઉ પોષવા, ટકાવવા, પકડમાં રાખવા, વિસ્તારવા, તથા તેના ઉપભોગ, અનુભવ, જરૂરિયાતો અને કર્મોને પાર પાડવા ખાતર, ઊભો કરવામાં આવ્યો છે. તેનાં પરિણામરૂપ બીજા પણ કેટલાક ઉપયોગ છે ખરા પણ તેના નિર્માણરૂપ મૂળ અને તાત્કાલિક હેતુ અને ઉપભોગ તો આ જ છે, તેના વધારે ઉચ્ચ ઉપયોગને ખાતર તથા તેને વધારે છૂટી રીતે વાપરવા ખાતર આ ગાંઠને કેટલેક અંશે, તોડીને વટાવીને તથા બદલી નાખીને વધારે વિશાળ, સુમેળ અને કર્મો સ્થાપવાં જ પડશે. પુરુષ જોઈ શકે છે કે આ ધર્મ તે, "આ હું" અને "આ મારા સિવાયનું", એટલે કે પોતાની જાત અને બાહ્ય-વિશ્વ, એ એના ગૂંચવાડાવાળી ચેતનામાંથી યંત્રવત્, છતાં વિકસતા જતા અનુભવોવાળાં, અર્ધ–સ્થિર, અર્ધ–અસ્થિર, એવા પસંદગી કરતાં નિર્માણ-નો ધર્મ છે. આ નિર્માણનો વહીવટ કરવા માટે મન, પ્રાણ અને શરીર પરસ્પર મેળમાં અને રાગમાં કાર્ય કરી રહ્યાં છે, તો વિસંવાદ અને વિચ્છેદ-માં, પરસ્પરને દખલ કરીને અને અટકાવીને પણ કાર્ય કરી રહ્યાં છે. તો વળી આવું જ સુમેળ અને કુમેળનું મિશ્રણ મનની, પ્રાણની કે શરીરની પોતપોતાની આંતરિક વિવિધ પ્રવૃત્તિઓમાં પણ વ્યાપી રહેલું છે. સમગ્ર રીતે જોતાં આ એક વ્યવસ્થા વિનાની વ્યવસ્થા છે, સતત ઘેરી વળતા અને હલ્લો કરતા ગૂંચવાડામાંથી વિકસાવેલી અને ઊભી કરેલી વ્યવસ્થા છે.

પુરુષે હાથ ધરવાની સહુથી પહેલી મુશ્કેલી આ છે : પ્રકૃતિનો ભેળ-સેળ અને ગોટાળિયો કર્મ–પ્રવાહ, એક એવો કર્મ–પ્રવાહ કે જેમાં નથી હોતું કોઈ ચોખ્ખું સ્વ–જ્ઞાન કે સ્પષ્ટ હેતુ કે દૃઢ ચાલક–તંત્ર, હોય છે માત્ર તેમને માટેનો યત્ન અને એક સામાન્ય, સાપેક્ષ કાર્ય–સાધક સફળતા, ક્યાંક આશ્ચર્યજનક સાનુકૂળતાભરી અસરો, તો વળી ક્યાંક દુઃખદાયક અધૂરપો. આ ભેળસેળ અને ગોટાળિયા કર્મ–પ્રવાહને દુરસ્ત કરવાનો જ છે; આત્મ-પરિપૂર્ણતા માટે શુદ્ધિ એ એક અનિવાર્ય સાધન છે. આ બધી અશુદ્ધિઓ અને અધૂરપોને પરિણામે ઘણી જાતની મર્યાદાઓ અને બંધનો ઊભાં થએલાં છે; પણ એ બંધનોની બે–ત્રણ તો એવી પાયારૂપ ગાંઠો છે – જેમાંની એક તે અહંતા – કે જેમાંથી બીજી બધી ઊભી થએલી છે. આ બંધનો-

માંથી મુક્ત થવાનું જ છે; જ્યાં સુધી મુક્તિ ના અપાવે ત્યાં સુધી શુદ્ધિ સંપૂર્ણ થઈ ના ગણાય. વળી, શુદ્ધિ અને મુક્તિ અમુક હદે પાર પડે તે પછી પણ આ વિશુદ્ધ બનેલાં કરણોને એક ઊર્ધ્વ લક્ષ્ય અને ઉપયોગિતા માટેના ધર્મમાં તથા એક વિશાળ, સત્ય અને અણિશુદ્ધ કર્મ-વ્યવસ્થામાં બદલી નાખવાનાં છે. આ પલટાને પરિણામે માનવ પ્રાપ્ત કરી શકે છે: પોતાના અસ્તિત્વની, અમુક હદ સુધીની, સમૃદ્ધિ-સભર પરિપૂર્ણતા, શાંતિ, શક્તિ અને જ્ઞાન; તથા ખુદ પ્રાણની પણ વધારે વિશાળ કર્મ-શક્તિ અને ભૌતિક અસ્તિત્વની પણ વધારે પરિપૂર્ણતા. અને આવી પરિપૂર્ણતાનું એક પરિણામ હોય છે: એક વિશાળ અને પરિપૂર્ણ બનેલો, અસ્તિત્વનો આનંદ. આમ, શુદ્ધિ, મુક્તિ, સિદ્ધિ અને ભુક્તિ એ ચાર બની રહે છે યોગનાં ઘટક-તત્ત્વો.

પણ જો પુરુષ વ્યક્તિરૂપ રહેવાનો જ આગ્રહ રાખ્યા કરે તો આ પરિપૂર્ણતા ન તો સિદ્ધ થઈ શકે, ના સલામત રહી શકે કે ના પામી શકે પૂરેપૂરી વિશાળતા. દેહમય, પ્રાણમય કે મનોમય અહંતા સાથેની એકરૂપતાનો ત્યાગ પૂરતો નથી; તેણે આત્મામાં પણ એક સાચું અને વિશ્વવ્યાપી —અલગતાભર્યું નહિ— વ્યક્તિત્વ પામવાનું જ છે. નિમ્ન પ્રકૃતિમાં વસતો માનવી એટલે એક એવો અહમ્ કે જેના ખ્યાલ પ્રમાણે પોતાની અને અન્ય અસ્તિત્વની વચ્ચે એક ચોખ્ખી અલગતા ઊભેલી છે; તેના હિસાબે અહમ્ એટલે પોતાની જાત; અને અન્ય સર્વ તે પોતાની જાત નહિ જ, તે તો બધું બાહ્ય અને પારકું અસ્તિત્વ. તેના "આ હું" અને "આ દુનિયા" એવા ખ્યાલમાંથી જ તેનાં સર્વે કર્મો ઊભાં થાય છે અને તેની જ ઉપર મંડાએલાં રહે છે. પણ આ ખ્યાલ એ હકીકતમાં તો એક ભૂલ જ છે. તે પોતાના માનસિક ખ્યાલ વડે અને માનસિક તથા અન્ય જાતનાં કર્મો વડે પોતાને ભલે ગમે તેટલો અલગ વ્યક્તિરૂપ જ ગણ્યા કરે, પણ તે તેની જાતને વિશ્વમય અસ્તિત્વમાંથી, તેના શરીરને વિશ્વમય શક્તિ અને પદાર્થમાંથી, તેના જીવનને વૈશ્વિક જીવનમાંથી, તેના મનને વૈશ્વિક મનમાંથી તથા તેના આત્મા અને આત્મતત્ત્વને વિશ્વરૂપ આત્મા અને આત્મતત્ત્વમાંથી અલગ કરી શકે તેમ નથી જ. વિશ્વમયતા ક્ષણે ક્ષણે તેની પર કાર્ય કરે છે, હલ્લો કરે છે, તેને હરાવે છે, તેની અંદર પોતાનું જ પ્રતિબિંબ ઘડ્યા કરે તો છે; વળી, પ્રતિકારરૂપે તે પણ વિશ્વ પર કાર્ય કરે છે, હલ્લો કરે છે, તેની ઉપર પોતાનો પ્રભાવ પાથરવા, તેને ઘડવા, તેના હલ્લાને હઠાવવા, તેના તંત્રને હાથ કરવા અને કામમાં લેવા મથ્યા કરે છે.

આ અથડામણ એ તો પાયામાં રહેલી એકતાની બહાર આવવાની રીત છે, અને અસલ ઊભી થએલી અલગતાને લીધે તેને સંઘર્ષનું સ્વરૂપ લેવાની ફરજ પડી છે; એ એકતાના આપણા મને જે બે ટુકડાઓ કરી નાખ્યા છે તે ટુકડાઓ પોતાની એકતાને પુનઃસ્થાપવા એકબીજા ઉપર હલ્લો કરી રહ્યો છે અને, અલગ થઈ ગએલા પોતાના ભાગને પકડવા અને પોતાનામાં સમાવવા મથી રહ્યા છે. વિશ્વ હમેશાં વ્યક્તિને ગળી જવાનો યત્ન કરતું લાગે છે; સાંત વ્યક્તિ કે જે પોતાના સ્વરક્ષણ માટે સજ્જ છે અને ખુદ હલ્લો પણ કરી લે છે તેને અનંત વિશ્વ ફરીથી હાથ કરતું લાગે છે. પણ હકીકતમાં તો આ દેખાતા સંઘર્ષ દ્વારા વિશ્વમય પુરુષ માનવમાં પોતાનો જ હેતુ પાર પાડી રહ્યો છે,—જોકે આ હેતુ તથા તેના સંચાલનની ચાવી અને તેનું સત્ય તેના, ઉપરછલ્લી સચેતનતા ધરાવતા મનમાંથી ખસી ગએલાં છે, અને માત્ર નીચે આવી રહેલી અવચેતનાના અંધારામાં ક્યાંક પડેલાં છે, તથા ઊર્ધ્વમાંથી નિયંત્રણ કરતી માત્ર ચેતનાતીત એકતામાં જ પ્રકાશપૂર્ણ જ્ઞાન તરીકે આવી રહેલાં છે. તો વળી પોતાના અહમ્‌ને વિસ્તારવાના ચાલુ આવેગથી માનવ પણ એકતા તરફ ધકેલાઈ રહ્યો છે,—અહમ્ કે જે શક્ય તેટલે અંશે અન્ય અહમો સાથે તથા વિશ્વના એવા અંશો સાથે (કે જેને તે ભૌતિક, પ્રાણમય કે મનોમય રીતે કામમાં લઈ શકે, અને પોતાના કરી શકે, તેમની સાથે) એકરૂપ થઈ રહ્યો છે. માનવ જેમ પોતાની જાતનાં જ્ઞાન અને પ્રભુત્વ માટે પ્રયત્ન કરી રહ્યો છે તે જ પ્રમાણે તે પોતાની આજુબાજુની પ્રકૃતિમય દુનિયા, તેના પદાર્થો, તેનાં તંત્રો, તથા તેના જીવોના જ્ઞાન અને પ્રભુત્વ માટે પણ પ્રયત્ન કરી જ રહ્યો છે. શરૂઆતમાં પોતાના અહમ્ વડે આ હેતુને પાર પાડવા તે પ્રયત્ન કરે છે પણ તે જેમ જેમ વિકાસ સાધે છે તેમ તેમ, છૂપી પડેલી એકતાના પ્રભાવથી તેનામાં સહાનુભૂતિનું તત્ત્વ પણ વિકાસ પામે છે અને અન્ય જીવો સાથે સહકાર અને એકતા સાધવાનો તથા વિશ્વમય પ્રકૃતિ અને વિશ્વમય પુરુષ સાથે સુમેળ સાધવાનો ખ્યાલ પણ વિકાસ પામતો જાય છે.

મન-નિવાસી સાક્ષીરૂપ પુરુષ બરાબર જોઈ શકે છે કે તેના પ્રયત્નોની અધૂરપો – ખરી રીતે તો માનવ-જીવન અને માનવ-પ્રકૃતિમાં રહેલી સર્વે અધૂરપો – અલગતામાંથી, અને તેનાં પરિણામરૂપ મથામણો, જ્ઞાનનો અભાવ, એકરાગનો અભાવ, એકતાનો અભાવ એ બધાંમાંથી ઊભી થએલી છે. વિકાસ પામીને આ અલગતા-પ્રધાન વ્યક્તિપણામાંથી બહાર નીકળી જવું, પોતાની જાતને વિશ્વમય બનાવી દેવી, તેને સમગ્ર વિશ્વ સાથે એકરૂપ

બનાવી દેવી એ તેને માટે બિલકુલ અનિવાર્ય છે. આ એકરૂપતા માત્ર આત્મા વડે જ થઈ શકે તેમ છે, આપણા મનોમય આત્માને વિશ્વમય મન સાથે, આપણા પ્રાણમય આત્માને વિશ્વવ્યાપી પ્રાણમય પુરુષ સાથે અને આપણા દેહમય આત્માને ભૌતિક પ્રકૃતિના વિશ્વાત્મા સાથે એક કરીને જ થઈ શકે તેમ છે. જ્યારે આ પાર પડે ત્યારે, તે જેટલાં સામર્થ્ય, તીવ્રતા, અગાધતા વ્યાપકતા અને કાયમતાથી કરી શકાઈ હોય તેના પ્રમાણમાં પ્રાકૃત કર્મો ઉપર તેનો પ્રબળ પ્રભાવ પડે છે. ખાસ કરીને તો મનની મન સાથે અને પ્રાણની પ્રાણ સાથે ત્વરિત અને ઊંડી સહાનુભૂતિ તથા સંમિશ્રણ વિકાસ પામે છે, અલગતા માટેનો શરીરનો આગ્રહ ઓછો થાય છે, અને એવા સીધા જ મનોમય અને અન્ય આંતર-વ્યવહારો માટેની તથા પરિણામ-સાધક પરસ્પર સહકાર માટેની શક્તિ વિકાસ પામે છે કે જે, અત્યારના દેહ-નિવાસી મનની લગભગ એકમાત્ર સભાન પદ્ધતિરૂપ, હાલના અપૂરતા અને પરોક્ષ વ્યવહાર તથા કાર્યને છોડવામાં સહાયરૂપ બને છે. આમ છતાં હજી પણ પુરુષ જોઈ શકે છે કે પ્રકૃતિના ત્રણ ગુણનાં યંત્રવત્ અને અ-સમાન આંતર-કાર્યને લીધે મનોમય, પ્રાણમય અને ભૌતિક પ્રકૃતિમાં, પોતપોતાનામાં, કાંઈક ખામી, અધૂરપ અને ગૂંચવાએલાં કર્મો બાકી રહ્યા જ કરે છે. તેમને વટાવી જવા માટે તેણે પોતાની વિશ્વવ્યાપકતામાં પણ ઊંચે ચડીને અતિમાનસિકતા અને આધ્યાત્મિકતામાં પહોંચવાનું છે, વિશ્વના અતિમાનસિક આત્મા સાથે, વિશ્વમય પુરુષ સાથે એકરૂપ થવાનું છે. તે પોતાનામાં તથા વિશ્વમાં રહેલા ઊર્ધ્વતર તત્ત્વના એવા, વધારે વિશાળ પ્રકાશ અને સુમેળ પ્રાપ્ત કરે છે કે જે દિવ્ય સચ્ચિદાનંદનાં પોતાનાં લાક્ષણિક કર્મરૂપ છે. વળી આ પ્રકાશ અને સુમેળનો પ્રભાવ માત્ર પોતાની જ પ્રકૃતિમય જાતની ઉપર નહિ, પણ, પોતાનામાં ચાલતાં પરમાત્માનાં કાર્યના માપ અને વિસ્તારના પ્રમાણમાં, દુનિયાની ઉપર, પોતાની આજુ-બાજુના અસ્તિત્વની ઉપર પણ પાડી શકે છે. તે "સ્વરાટ" એટલે કે પોતાની જાતનો જ્ઞાતા અને નિયંતા તો બન્યો જ છે, પણ હવે તો તે આ આધ્યાત્મિક એકરૂપતા અને અતીતતાને લીધે પોતાની આજુબાજુની દુનિયાનો પણ જ્ઞાતા અને સ્વામી, એટલે કે "સમ્રાટ" પણ બનવા માંડે છે.

આવો આત્મ-વિકાસ સાધતા આત્માને સમજાય છે કે આ માર્ગે તેણે સમગ્ર પૂર્ણયોગના લક્ષ્યને પ્રાપ્ત કર્યું છે, તેણે પોતાની જાતમાં અને વિશ્વરૂપ બનેલા પોતાના વ્યક્તિત્વમાં પરમાત્મા સાથે અદ્વૈત સિદ્ધ કર્યું છે. તે જ્યાં સુધી આ જગતમાં રહેશે ત્યાં સુધી આ સિદ્ધિ, આ પરિપૂર્ણતા

તેનામાંથી ચારે બાજુ પ્રસરવી જ જોઈએ, કારણકે તેટલા માટે તો તેણે વિશ્વ તથા તેના જીવો સાથે એકરૂપતા સાધી છે. પરિપૂર્ણતાનો આ પ્રસાર એક એવા પ્રભાવ અને કર્મ–પ્રવાહ દ્વારા થશે કે જે પોતાની આજુબાજુ રહેલા લોકોમાંથી જેઓ લાયક હશે તે સર્વેને આ પરિપૂર્ણતાની પોતાની પ્રત્યે ઊંચે કે આગળ વધવામાં સહાય કરશે; અને અન્ય લોકોને એવા પ્રભાવ અને કર્મ–પ્રવાહ દ્વારા સહાય કરશે (અને માત્ર કોઈક "સ્વરાટ" જ આવી સહાય કરી શકે) કે જેથી માનવજાત આ પરિપૂર્ણતા પ્રત્યે, પોતાના અંગત અને સામાજિક જીવનમાં એક મહાન દિવ્ય સત્યને થોડું-ઘણું પણ સાકાર કરવા પ્રત્યે આધ્યાત્મિક રીતે આગળ દોરાશે. પોતે જે પરમ સત્યમાં આરોહણ કર્યું છે તેનો પોતાનો જ તે પ્રકાશ અને શક્તિ–પ્રવાહ બની રહેશે અને અન્ય લોકોના આરોહણનું સાધન બની રહેશે.

## પ્રકરણ : ૫

# આત્માનાં કરણો

જો આપણી જાત એક સક્રિય પરિપૂર્ણતા પામવાની જ હોય તો અત્યારનાં તેનાં કરણો, કે જેના વડે તે એક બેસૂરું સંગીત બજાવી રહી છે, તેઓ શુદ્ધ રીતે કાર્ય કરતાં થાય એ સૌથી પહેલી જરૂરિયાત થઈ પડે છે. આપણી જાત પોતે, એટલે કે આત્મા, માનવમાં રહેલ દિવ્ય સત્ય, તેને તો કદીય વિશુદ્ધિની જરૂર પડતી જ નથી; તે તો નિત્ય–શુદ્ધ છે. ઉપનિષદ કહે છે કે નેત્રના દોષો સૂર્યને સ્પર્શતા નથી, લેપતા નથી; તેવી જ રીતે આત્માને પણ તેનાં કરણોની ખામીઓ, કે મન, હૃદય અને દેહની ક્રિયાઓમાં થતાં સ્ખલનો કદી સ્પર્શ કરી શકતાં નથી. મન, હૃદય, કામનામય પુરુષ, શારીરિક જીવન એ બધાં અશુદ્ધનાં થાણાં છે. જો આત્માના કાર્યને અણીશુદ્ધ બનાવવું હોય, અને અત્યારે નિમ્ન પ્રકૃતિના અવળ–માર્ગી આનંદને ખાતર તે જે વત્તી–ઓછી છૂટછાટ મૂકે છે તેમાંથી તેને મુક્ત કરવું હોય તો વિશુદ્ધ તો અશુદ્ધિનાં આ થાણાંઓને કરવાનાં છે. સામાન્ય રીતે જેને "જાતની વિશુદ્ધિ" કહેવાય છે તે કાં તો એક મલિનતાનો અભાવ હોય છે, આપણે જેને અયોગ્ય કહીએ તેવાં કર્મો, લાગણીઓ, વિચારો કે ઇચ્છાઓ પર સતત સંયમ મૂકીને મેળવેલી પાપ–મુક્તિ હોય છે, અથવા તો, નકારાત્મક કે નિષ્ક્રિયતા–ભરી એક એવી ઊંચી પવિત્રતા હોય છે, પ્રભુમાં જ પૂર્ણ સંતોષ લેતી ક્રિયાહીનતા તથા ચંચળ મન અને કામનામય પ્રાણની પૂર્ણ નિશ્ચલતા હોય છે કે જે, શમન–માર્ગી સાધના વડે પરમ શાંતિ પ્રાપ્ત કરાવે છે; કારણકે તેથી આત્મા તેના અસલ કલંકહીન તત્ત્વ તરીકે, સનાતન શુદ્ધ સ્વરૂપે દેખા દે છે. એ મળી જાય તે પછી બીજું વધારે માણવાનું કે કરવાનું ના રહે એમ લાગે પણ ખરું. પણ તો પછી એક વધારે મુશ્કેલ પ્રશ્ન ઊભો થાય છે. એ છે કર્મો અંગેનો : આત્માનો પરિપૂર્ણ આનંદ તેમ જ પુરુષની કરણમય પ્રકૃતિની તથા આત્માની પોતાની અસલ પ્રકૃતિની વિશુદ્ધિ મેળવ્યા પછી તેમના પર પ્રતિષ્ઠિત થએલાં, પૂરેપૂરાં, જરા પણ ઓછાં કર્યા વિનાનાં—ના, ઊલટાનો ઉમેરો કરેલાં, તેમ જ વધારે સમર્થ

બનેલાં કર્મો કરવાં અંગેનો. મન, હૃદય, પ્રાણ અને શરીરે ભગવાનનાં કર્મો કરવાનાં છે; અત્યારે તેઓ કરે છે તે બધાં જ અને એથી પણ વધારે કર્મો કરવાનાં છે; પણ અત્યારે તેઓ નથી કરતાં તે રીતે કરવાનાં છે: દિવ્ય રીતે. એટલે સાધકે ઉકેલવાનો પ્રશ્ન તેની સામે સહુથી પહેલો આ રીતે રજૂ થાય છે: તેનું લક્ષ્ય કોઈ નકારાત્મક, નિષેધાત્મક, નિષ્ક્રિયતાભરી અચલ વિશુદ્ધિ નહિ પણ હકારાત્મક, ભાવાત્મક, સક્રિય શુદ્ધિ છે. દિવ્ય શાંતિમયતાથી મળે છેઆત્મતત્ત્વની નિષ્કલંક શુદ્ધિ; દિવ્ય શક્તિમયતાથી તેમાં વધારો થાય છે આત્મા, મન અને દેહનાં સત્ય, શુદ્ધ ધ્યેયલક્ષી કર્મોનો.

વળી, પૂર્ણ પરિપૂર્ણતા તો આપણી સમક્ષ માંગણી કરે છે આપણા પ્રત્યેક કરણના દરેકેદરેક ભાગમાં તેની અટપટી તંત્રરચનાની સંપૂર્ણ શુદ્ધિ. તે નૈતિક પ્રકૃતિની કોઈ નાનીશી નીતિ-નિયત શુદ્ધિ સુધી આવી અટકતી નથી. નીતિશાસ્ત્ર માત્ર કામનામય પુરુષ તથા આપણા સક્રિય અને બાહ્ય કાર્યપ્રધાન અંગોનો પ્રશ્ન જ હાથ ધરે છે; તેનું કાર્યક્ષેત્ર ચારિત્ર્ય અને કર્મો પૂરતું જ મર્યાદિત રહે છે. તે અમુક કર્મોનો, અમુક ઇચ્છાઓનો, આવેગો-નો, વલણોનો નિષેધ અને નિરોધ કરે છે, અને કર્મોમાં સત્યપ્રિયતા, પ્રેમ, દાનવૃત્તિ, અનુકંપા, પવિત્રતા જેવા ગુણોનો આગ્રહ રાખે છે. આટલું પાર પડે અને સદ્‌ગુણભર્યો પાયો પાકો થઈ જાય, શુદ્ધ સંકલ્પ-શક્તિ મળવાની અને અનિંદ્ય કર્મો ન કરવાની આદતની ખાતરી થાય એટલે તેનું કાર્ય પૂરું થાય છે. પણ પૂર્ણ પરિપૂર્ણતા ઝંખતા સિદ્ધ-પુરુષે તો શુભાશુભથી પરના પરમાત્માની સનાતન પવિત્રતાના વિશાળ પ્રદેશમાં વસવાનું છે. આંધળી ઉતાવળથી નિર્ણય પર કૂદી પડતી બુદ્ધિ આનો એવો અર્થ કરી બેસે કે " તે શુભાશુભના ભેદ વિના ગમે તે કર્મો કરશે અને કહેશે કે આત્મા સમક્ષ તો શુભ અને અશુભ વચ્ચે કાંઈ ભેદ જ નથી ", તે શક્ય છે. પણ તેનો એવો અર્થ નથી જ થતો; કારણકે એવો અર્થ તો વ્યક્તિગત કર્મોની બાબતમાં ચોખ્ખેચોખ્ખું અસત્ય જ રજૂ કરે છે; અને માનવીની અપૂર્ણ પ્રકૃતિના બે-લગામ સ્વચ્છંદને ઢાંકવા માટેનો તે બચાવ પણ બની રહે. તો વળી એનો અર્થ એમ પણ નથી થતો કે, "સુખ અને દુઃખની માફક શુભ અને અશુભ પણ આ દુનિયામાં અવિભાજ્ય રીતે એકમેક થઈ ગયાં હોવાથી–" (આવું વિધાન ભલે અત્યાર પૂરતું, ગમે તેટલું સાચું, અને એક સામાન્ય નિયમ તરીકે ગમે તેટલું સ્વીકાર્ય હોય પણ માનવજાતના મહાન આધ્યાત્મિક વિકાસની બાબતમાં સાચું ના પણ હોય) "– મુક્તાત્મા આત્મતત્ત્વમાં જ જીવન ધારણ કરશે અને અબાધિત રીતે અપૂર્ણ રહેતી પ્રકૃતિના સતત

વહ્યે જતા યંત્રવત્ કર્મ-પ્રવાહમાંથી અલગ થઈ ઊભો રહેશે.” કર્મમાત્રમાંથી છેવટે મુક્તિ ઝંખતા ધ્યેયને માર્ગે આવી એક વચગાળાની ભૂમિકા હોઈ શકે છે, પણ ક્રિયાભરી પરિપૂર્ણતાના માર્ગે આવો ઉપદેશ સંભવી જ ના શકે તે સ્પષ્ટ છે. પણ પેલા વિધાનનો અર્થ એટલો જ થાય છે કે સક્રિય અને પૂર્ણ પરિપૂર્ણતાવાળો સિદ્ધ-પુરુષ, કર્મો માટે પોતાની અંદર વ્યક્તિત્વ ધારણ કરી બેઠેલા અતિમનસ દ્વારા વિશ્વવ્યાપી સંકલ્પ-શક્તિ તરીકે કાર્ય કરી રહેલી દિવ્ય, પરમ આત્મતત્ત્વની પરાત્પર શક્તિના કર્મ-પ્રવાહમાં સક્રિય બનીને જીવન ધારણ કરશે. તેથી તેનાં કર્મો એક સનાતન જ્ઞાન, સનાતન સત્ય, સનાતન શક્તિ, સનાતન પ્રેમ, સનાતન આનંદનાં કર્મો બની રહેશે; તે જે કાંઈ કર્મ કરશે તેની પાછળ તેના એકમાત્ર અસલ આત્મતત્ત્વ તરીકે એ જ જ્ઞાન, સત્ય, શક્તિ, પ્રેમ અને આનંદ હશે; તેઓ તે કર્મના બાહ્ય પ્રકાર પર નિર્ભર નહિ હોય; તેઓ આત્મામાં રહી અંદરની બાજુએથી બાહ્ય કર્મો નક્કી કરશે,– કર્મો આંતરિક આત્મતત્ત્વને નહિ તો નક્કી કરે કે નહિ તો તેને કોઈ નિશ્ચિત ધોરણ પ્રમાણે કે કરણીના કોઈ અક્કડ ઢાળામાં બંધ બેસાડે. તેનામાં કોઈ ચારિત્ર્ય-નિર્ભર ટેવ જ નહિ પણ માત્ર આત્મતત્ત્વ અને તેનો સંકલ્પ જ આગળ પડતો રહેશે,– તેના સાથમાં બહુ બહુ તો એક એવી સ્વભાવ-સહજ કર્મ-રીત હશે કે જે મૂકતી હશે છૂટછાટ અને થતી હશે સાનુકૂળ. તેનું જીવન સીધી જ સનાતનતાના ફુવારામાંથી ઊડતી છોળો બની રહેશે, – કામચલાઉ માનવ-ધોરણમાં બંધ બેસાડવા કાપી કાઢેલો કોઈ ઘાટ નહિ. તેની પરિપૂર્ણતા એટલે કોઈ સાત્ત્વિક શુદ્ધિ નહિ પણ પ્રકૃતિના ત્રણે ગુણોથી અતીતતા, અને આધ્યાત્મિક જ્ઞાન, આધ્યાત્મિક શક્તિ, આધ્યાત્મિક આનંદ અને એકરૂપતા તથા એકરૂપતાના એકરાગભરી પરિપૂર્ણતા; તેનાં કર્મોની બાહ્ય પરિપૂર્ણતા તો આ આંતરિક અતીતતા અને વિશ્વમયતાની અભિવ્યક્તિ અનુસાર મુક્ત રીતે ઘડાતી જશે. આવા પરિવર્તન માટે તેણે તેની અત્યારની મનોમયતાથી જે અતીત છે તે આત્મશક્તિ અને વિજ્ઞાન-શક્તિને પોતાનામાં સચેતન કરવી પડશે. પણ જ્યાં સુધી તેના હાલનાં મન, પ્રાણ અને દેહ તેમની ચાલુ નિમ્ન કાર્યરીતમાંથી મુક્ત ના બને ત્યાં સુધી તે શક્તિ તેનામાં કાર્ય નહિ કરી શકે. એટલે જ આ શુદ્ધિની સૌથી પહેલી જરૂર છે.

બીજા શબ્દોમાં, શુદ્ધિનો અર્થ કોઈ બાહ્ય, સક્રિય કર્મોની પસંદગી અને તેમનું નિયંત્રણ તથા અન્ય કર્મોનો નિરોધ અથવા ચારિત્ર્યનાં અમુક ધોરણો કે અમુક માનસિક અને નૈતિક શક્તિઓનો મુક્ત અવકાશ એવો

થઈ જ ના શકે. આ બધાં તો આપણી ગૌણ જાતનાં ગૌણ લક્ષણો છે,— આપણું અસલ સામર્થ્ય કે આદ્યશક્તિ નહિ. આપણે આપણી પ્રકૃતિની પ્રાથમિક શક્તિઓને વધારે વિશાળ, ચૈત્યસિક દ્રષ્ટિબિંદુથી જોવાની છે. આપણે આપણી જાતના ઘડાઈ ચૂકેલા ભાગોને અલગ અલગ કરીને જોવાના છે, તેમની અશુદ્ધિ કે ખોટી ક્રિયા માટેની મૂળભૂત ખામી શોધી કાઢવાની છે, તેને સુધારવાની છે તથા ખાતરી રાખવાની છે કે તેમ કરવાથી બાકીનું બધું સહજ રીતે જ સાચું થઈ જશે. આપણે અશુદ્ધિનાં લક્ષણોનો ઉપાય કરવાનો નથી,— અથવા તો એક ગૌણ બાબત કે નાનીશી સહાય તરીકે જ તે કરવાનું છે,— પણ ઊંડી ચિકિત્સા કરી તેનાં મૂળ જ ઉખેડવાનાં છે. તેમ કરતાં જણાય છે કે આ આખીય ગૂંચના મૂળમાં બે પ્રકારની અશુદ્ધિઓ રહેલી છે. પહેલી ખામી જન્મી છે આપણી ઉત્ક્રાંત થઈ ચૂકેલી પ્રકૃતિમાંથી અને એ છે અલગતાવાદી અજ્ઞાનમયતા; આ ખામી એટલે આપણા પ્રત્યેક કરણનાં સ્વકર્મોને અપાએલો સમૂળગો ખોટો અને અજ્ઞાનભર્યો આકાર. અને બીજી અશુદ્ધિ ઉત્ક્રાંતિની, તે પછીની એવી કાર્યરીતિમાંથી ઊભી થઈ છે કે જેમાં જીવન શરીરમાં જાગી જાય છે અને તેની ઉપર નિર્ભર બને છે, મન પ્રાણમાં પ્રગટી ઊઠે છે અને તેની પર નિર્ભર બને છે, અતિમનસ મનમાં પ્રગટ થઈ તેનું નિયંત્રણ કરવાને બદલે તેને આધીન બને છે અને ખુદ આત્મા પણ મનોમય માનવનાં ભૌતિક જીવનમાં માત્ર એક ગૌણ ઘટના તરીકે દેખા દે છે અને આત્મતત્ત્વને નિમ્ન અપૂર્ણતાઓ વચ્ચે ઢાંકી રાખે છે. આપણી પ્રકૃતિની આ બીજી ખામીનું કારણ છે ઊર્ધ્વ ભાગોની નિમ્ન ભાગો પર નિર્ભરતા; ક્રિયાઓનું આ એક એવું સંમિશ્રણ છે કે જેમાં નીચલા કરણની અશુદ્ધ ક્રિયા ઉપલા કરણના આગવા કાર્યમાં પેસી જાય છે અને તેની અપૂર્ણતામાં પોતાનો, દખલગીરી, ખોટી ખેંચતાણ અને ગોટાળારૂપી ફાળો ઉમેરે છે.

આમ જીવનનું, પ્રાણશક્તિનું આગવું કાર્ય છે ઉપભોગ અને પ્રાપ્તિ કે પરિગ્રહણ; એ બંને છે બિલકુલ વાજબી, કારણકે આત્મતત્ત્વે સૃષ્ટિનું સર્જન કર્યું છે આનંદને ખાતર, "એક" એ "અનેકનો" ઉપભોગ કરે, તેમને પોતાનામાં પ્રાપ્ત કરે, "અનેક" એ "એકનો" અને "અનેક" પણ "અનેકનો" ઉપભોગ અને પ્રાપ્તિ કરે એટલા ખાતર. પણ (અહીંયાં પહેલા પ્રકારની ખામીનું ઉદાહરણ જોવા મળે છે) અલગતાવાદી અજ્ઞાનમયતા તેમને વાસના અને ભૂખનું એવું સ્વરૂપ આપી દે છે કે જે ઉપભોગ અને પ્રાપ્તિને પૂરેપૂરાં દૂષિત બનાવી દે છે તથા તેમના પર તેમના જ વિરોધ-

રૂપ અભાવ અને વાતનાને ઢાંકી દે છે. વળી, મન જેનામાંથી ઉત્ક્રાંત થઈ વિકસી આવ્યું તે પ્રાણમાં તે પોતે જ અટવાએલું હોવાથી આ વાસના અને ભૂખ એ, મનની સંકલ્પ–શક્તિ અને જ્ઞાનવૃત્તિમાં પેસી ગયાં છે; તે સંકલ્પ-શક્તિને, બુદ્ધિની કાર્યસાધક સમજભરી સંકલ્પ–શક્તિ અને પરખવાળી વિવેક–શક્તિ ના રહેવા દેતાં વાસનાનો સંકલ્પ અને ભૂખની અંધ–શક્તિ બનાવી દે છે; અને તે, નિર્ણયશક્તિ અને તર્ક–શક્તિને એવી તો વિકૃત કરી દે છે કે જેથી આપણે આપણી ઇચ્છાઓ અને પરિગ્રહો અનુસાર જ નિર્ણયો અને તર્કો ઘડીએ છીએ, અને સત્યને તારવી કાઢવા માંગતી તથા તેની કાર્યવાહીનાં લક્ષ્યોને યથાર્થ રીતે સમજવા માંગતી તર્ક–શક્તિની વિશુદ્ધતા તથા નિર્ણય–શક્તિની અ–પક્ષપાતી તટસ્થતા અનુસાર ઘડી શકતા નથી. અને આ છે બીજા પ્રકારની સંમિશ્રણની ખામીનું ઉદારહરણ. આ બે પ્રકારની ખામીઓ એટલે કે સ્વકર્મોની ખોટી રીત અને સ્વકર્મોનું ગેરવાજબી સંમિશ્રણ, એ માત્ર આ નમૂનારૂપ ઉદાહરણોમાં જ સમાપ્ત થઈ જતી નથી પણ દરેક કરણને તથા તેમનાં સ્વકર્મોના દરેક સંમિશ્રણને પણ લાગુ પડે જ છે. તેઓ આપણી પ્રકૃતિના બધા જ વ્યાપારોમાં વ્યાપી ગએલી છે. તેઓ કરણમય આપણી સમગ્ર નિમ્ન પ્રકૃતિની પાયાની ખામીઓ છે, અને જો આપણે તેમને સુધારી નાખી શકીશું તો આપણે આપણી કરણમય જાતને શુદ્ધ સ્વરૂપમાં લાવી શકીશું અને શુદ્ધ સંકલ્પ–શક્તિ, ઊર્મિભર્યું શુદ્ધ સત્ય, પ્રાણશક્તિની શુદ્ધ ઉપભોગ–શક્તિ, અને શુદ્ધ શરીર એ સર્વની પારદર્શકતા માણી શકીશું. એ બની રહેશે પુરોભૂમિ જેવી એક માનવીય પરિપૂર્ણતા. પણ આત્મસિદ્ધિના યત્નરૂપી બારણાં ખોલી નાંખીને તેને તેનાથી આગળની મહાન, દિવ્ય પરિપૂર્ણતાના પાયારૂપ બનાવી શકાય છે.

મન, પ્રાણ અને શરીર એ આપણી નિમ્ન પ્રકૃતિની ત્રણ શક્તિઓ છે. પણ એ ત્રણની તદ્દન અલગ રીતે ગણના થઈ શકે તેમ નથી. કારણ કે પ્રાણ એક કડી તરીકે કામ કરે છે અને શરીરમાં તો પોતાની ખાસિયતો ભરે જ છે પણ આપણી માનસિકતામાં પણ સારી પેઠે ભરે છે. આપણો દેહ એક જીવંત દેહ છે; તેનાં બધાં જ કાર્યોમાં પ્રાણશક્તિ ભળી ગએલી છે અને તેમનું નિયંત્રણ પણ કરે છે. આપણું મન પણ ઘણે અંશે પ્રાણમય મન, ભૌતિક ઇન્દ્રિયબોધોથી ભરેલું મન છે; તેનાં ઉચ્ચ કાર્યો જ એવાં છે કે જેમાં પ્રાણવશ ભૌતિક મનોમયતાના કરતાં કાંઈક વિશેષ કરવું એ એને માટે સામાન્ય છે. આ બધાંને આપણે એક ચઢતા ક્રમમાં ગોઠવી શકીએ. સૌથી પહેલાં તો ભૌતિક પ્રાણશક્તિના આધારે ઊભેલો દેહ, ભૌતિક પ્રાણ

કે જે સમગ્ર નાડીતંત્રમાં વ્યાપી રહે છે અને આપણાં ભૌતિક કર્મોને પોતાની એવી તો છાપ મારે છે કે જેથી તે બધાં જ એક જીવંત દેહનાં – અને નહિ કે એક જડ યંત્રવત્ દેહનાં – કર્મોની ખાસિયત ધારણ કરે છે. પ્રાણ અને શરીર એ બે વડે સંયુક્ત રીતે ભૌતિક દેહ, સ્થૂળ શરીર બનેલું છે. એ આપણું માત્ર બાહ્યકરણ છે. એટલે કે : સ્થૂળ શારીરિક અવયવો વડે ભૌતિક દેહમાં કાર્ય કરતી નાડી–પ્રધાન પ્રાણશક્તિ છે. તે પછી આવે છે અંતઃકરણ, એટલે કે આપણી ચેતનમય મનોમયતા, પ્રાચીન શાસ્ત્રોએ આ અંતઃકરણના ચાર ભાગ જણાવ્યા છે: ચિત્ત, એટલે કે પાયારૂપ માનસિક ચેતના; મન, એટલે કે ઇન્દ્રિયબદ્ધ મન; બુદ્ધિ, એટલે કે બૌદ્ધિક સમજશક્તિ; અને અહંકાર, એટલે કે હું–પણાનું ભાન. આવા ચાર ભાગ સ્વીકારીને શરૂઆત કરવી ખોટી નથી (જોકે વધારે ઊંડા, ક્રિયાત્મક અભ્યાસને ખાતર આપણે હજી ય વધારે ભાગ સ્વીકારવા પડશે). આ સમગ્ર મનોમયતા કે જેમાં પ્રાણશક્તિ વ્યાપી ગએલી છે, તે આ પ્રદેશમાં ચૈત્યપુરુષને પ્રાણની સચેતનતા મેળવવા માટેનું તેમ જ પ્રાણ ઉપર ચૈત્ય પુરુષે કરવાનાં કાર્ય માટેનું પણ કરણ બની રહે છે. મનનો એટલે કે ઇન્દ્રિય–પ્રધાન મનનો અને ચિત્તનો, એટલે કે પાયારૂપ માનસિક ચેતનાનો પ્રત્યેક તંતુ આ ચૈત્યસિક પ્રાણનાં કાર્યથી વ્યાપી ગએલો છે; એ એક નાડીપ્રધાન (એટલે કે પ્રાણમય તથા ભૌતિક) મનોમયતા છે ખુદ બુદ્ધિ અને અહંકારને પણ તેમણે વશ કરેલાં છે; એટલું ખરું કે તેમનામાં મનને આ પ્રાણમય, નાડીમય અને ભૌતિક ચેતનાની આધીનતામાંથી ઉપર ઉઠાવી લેવાની શક્તિ છે. આ સંમિશ્રણને પરિણામે આપણામાં ઇન્દ્રિય–પ્રધાન કામનામય પુરુષ સર્જાયો છે. અને આ બધાંની પછી આપણી હાલની મનોમય ચેતનાની ઉપર છૂપી રીતે અતિમનસ આવેલું છે; એ જ છે આપણી પરિપૂર્ણતાનું સાચું સાધન અને આગવું સિંહાસન.

ચિત્ત, એટલે કે પાયારૂપ ચેતનાનો મોટો ભાગ અવચેતન છે; તેની ક્રિયાઓ, છૂપી હોય કે છતી છતાં બે પ્રકારની હોય છે: એક તો નિષ્ક્રિય કે ગ્રહણશીલ અને બીજી સક્રિય કે પ્રતિકારશીલ અને રચનાત્મક. નિષ્ક્રિય શક્તિ તરીકે તે બધા જ, મન પણ જેના વિશે સભાન ના હોય કે જેના વિશે બેધ્યાન હોય ખુદ તેવા પણ સંપર્કોને તે ગ્રહણ કરે છે અને સંસ્કાર તરીકે તેમને નિષ્ક્રિય અને અવચેતન એવા એક અતિ વિશાળ સ્મરણ–ભંડારમાં સંઘરી લે છે, કે જેમાંથી સક્રિય સ્મરણ–શક્તિવાળું મન તેમને યાદદાસ્તમાં બહાર લાવી શકે છે. પણ સામાન્ય રીતે તો પોતે જેને ધ્યાનથી જોઈ હોય અને જેને સમજવું હોય તેવી જ બાબતોને મન યાદ કરે છે; તેમાં ય જે

બાબતો કે તેણે સારી રીતે જોઈ હોય અને ધ્યાનપૂર્વક સમજમાં ઉતારી હોય તેમને સહેલાઈથી યાદ કરે છે અને ધ્યાન વિના જોઈ હોય અને જેવી-તેવી જ સમજ્યું હોય તેને સહેલાઈથી યાદ નથી કરી શકતું. વળી મને જરા પણ જોઈ ના હોય કે ધ્યાનમાં ના લીધી હોય કે ભાનપૂર્વક ખુદ અનુભવી પણ ના હોય તેવી બાબતોને પણ જરૂર પડતાં સક્રિય મન સમક્ષ બહાર લાવવાની એક શક્તિ ચેતનામાં પડેલી છે. પણ આ શક્તિ જણાઈ આવે એવી રીતે તો માત્ર એવી અસાધારણ અવસ્થામાં કાર્ય કરે છે કે જ્યારે અવચેતન ચિત્તનો કોઈક ભાગ જાણે કે સપાટી ઉપર આવી ચડતો હોય અથવા તો જ્યારે આપણી પ્રચ્છન્ન જાત મનોમયતાના આગલા ખંડના ઉંબર ઉપર આવી ચડે અને ત્યાં થોડો વખત કાંઈક કાર્ય કરી જાય; આ આગલો ખંડ એટલે એવો માનસિક ભાગ કે જ્યાં બહારની દુનિયા સાથેના વ્યાપારો અને આંતર–વ્યવહારો પ્રત્યક્ષ રીતે થતા હોય છે અને જ્યાં આપણા આપણી જાત સાથેના આંતરિક સંબંધો સચેતન સપાટી પર આવતા હોય છે. યાદદાસ્તની આ ક્રિયાઓ મનના સમગ્ર વ્યાપારમાં એવી તો પાયારૂપ છે કે કેટલીક વાર તો "યાદદાસ્ત એટલે જ માણસ" એમ પણ કહેવામાં આવે છે. છેક મનથી પણ નીચેની ચેતનામાં થતી દેહ અને પ્રાણની ક્રિયાઓનો પ્રદેશ કે જે અવચેતન ચિત્તથી જ ભરાએલો છે (અને જે સચેતન મનના કાબૂમાં નથી), ખુદ ત્યાં પણ પ્રાણમય અને ભૌતિક યાદદાસ્ત પડેલી છે. પ્રાણ અને દેહની આદતો મોટે ભાગે આ મનથી નીચેની યાદદાસ્તમાંથી ઊભી થએલી હોય છે. આથી જ્યારે સચેતન મન અને સંકલ્પ–શક્તિની અતિ પ્રબળ ક્રિયાઓને વિકસાવી શકાય તથા અવચેતન ચિત્તમાં આત્માના સંકલ્પને પ્રાણમય અને ભૌતિક કર્મોના નવા જ ધર્મો સ્થાપવા માટે લાગુ પાડવાનાં સાધનો પ્રાપ્ત કરી શકાય ત્યારે આ આદતોને બેહદ બદલી નાંખી શકાય છે. ખુદ એમ પણ કહી શકાય કે આપણાં જીવન અને શરીરનું સમગ્ર બંધારણ એ પણ માત્ર એવી આદતોનું જ પોટલું છે કે જે પ્રકૃતિની આજ સુધીની ઉત્ક્રાંતિને લીધે ઊભી થએલી છે અને જેમને આ છૂપી પડેલી ચેતનાની ચીવટભરી યાદદાસ્તે ભેગી કરીને સંઘરી રાખેલી છે. કારણકે ચિત્ત એટલે કે ચેતનાનો પ્રાથમિક પિંડ, એ પ્રાણ અને દેહની માફક પ્રકૃતિમાં સર્વત્ર વ્યાપી રહેલો છે, પણ જડ તત્ત્વની પ્રકૃતિમાં અવચેતન અને યાંત્રિક બની ગએલો છે.

પણ ખરું જોતાં મનની અથવા તો અંતઃકરણની સર્વે ક્રિયાઓ આ ચિત્તમાંથી જ (કે જે આપણી સક્રિય મનોમયતા સમક્ષ અર્ધી સચેતન તો

અર્ધી અવચેતન કે પ્રચ્છન્ન અવસ્થામાં હોય છે તેમાંથી જ ) ઊભી થાય છે. જ્યારે આ ચિત્તને બહારની બાજુએથી દુનિયાના સંપર્કો છેડે છે અથવા તો આપણી આંતરિક જાતની વિચારશીલ શક્તિઓ તેને પ્રેરે છે ત્યારે તે એવી આદત-પ્રધાન પ્રવૃત્તિઓને આદરી બેસે છે કે જેના રંગઢંગ આપણા ભૂતકાળના વિકાસને લીધે નક્કી થએલા હોય છે. તેની આવી પ્રવૃત્તિઓનો એક પ્રકાર એટલે ભાવમયતા, ઊર્મિપ્રધાન મન કે જેને આપણે અનુકૂળતા ખાતર ટૂંકું નામ આપેલું છે હૃદય. ઊર્મિઓ એ પાયારૂપ ચેતનામાંથી જાગતા પ્રત્યુત્તરો અને પ્રતિકારો, ચિત્ત-વૃત્તિઓ છે. તેની ક્રિયાઓ પણ મોટે ભાગે ટેવો અને ભાવ-પ્રધાન યાદદાસ્તથી નિયંત્રિત હોય છે. તે અનિવાર્ય નથી હોતી, કોઈ "નરી ફરજિયાતતાનો કાયદો" નથી હોતી; આપણી ઊર્મિપ્રધાન જાતમાં એવો કોઈ ખરેખરો બંધનકર્તા કાયદો નથી હોતો કે જેને આપણે નિરુપાયપણે આધીન થવું જ પડે. આપણને એવું કોઈ બંધન નથી કે મન ઉપર અમુક જાતની ઉત્તેજના થતાં આપણે શોકભર્યો પ્રત્યુત્તર આપવો જ પડે, તો વળી બીજા અમુકમાં ગુસ્સાનો, તો વળી ત્રીજામાં ધૃણા અને અણગમાનો અને વળી બીજા અમુકમાં પ્રેમ અને પસંદગીનો. આ બધી આપણી લાગણીશીલ મનોમયતાની ટેવો માત્ર છે; તેમને આત્માના સજાગ સંકલ્પ વડે બદલી શકાય છે; તેમનો નિરોધ કરી શકાય છે; આપણે ખુદ શોક, ક્રોધ, ધૃણા કે ગમા-અણગમાની બેડલી, એ સર્વેની પરાધીનતામાંથી પૂરેપૂરા પર પણ થઈ શકીએ છીએ. જ્યાં સુધી આપણે ઊર્મિપ્રધાન મનોમયતાવાળા ચિત્તની યંત્રવત્ ક્રિયાઓને તાબે થવાનું ચાલુ રાખ્યા કરીએ ત્યાં સુધી જ આપણે તેમને આધીન રહેવાના; તેમની આધીનતામાંથી મુક્ત થવાની મુશ્કેલીનું કારણ છે ભૂતકાળની આદતનું જોર અને ખાસ કરીને મનના પ્રાણમય ભાગનો, નાડીમય પ્રાણિક મનનો કે ચૈત્યસિક એટલે કે સૂક્ષ્મ પ્રાણનો હેરાનગતિભર્યો હઠાગ્રહ. પ્રાણનાં નાડી-પ્રધાન સંવેદનોની ઉપર તથા સૂક્ષ્મ પ્રાણના પ્રત્યુત્તરો ઉપર અમુક જાતનો ઘનિષ્ઠ આધાર રાખીને થતા ચિત્તના પ્રતિકારરૂપ ઊર્મિ-પ્રધાન મનની આ ખાસિયત એટલી બધી વિશિષ્ટ છે કે કેટલીક ભાષાઓમાં તેને જ ચિત્ત અને પ્રાણ, હૃદય, પ્રાણમય-પુરુષ કહેવામાં આવે છે; અલબત્ત એ, કામનામય પુરુષનું એક એવું, પૂરેપૂરી પ્રત્યક્ષ રીતે ઊભરાતું અને જોરદાર દુરાગ્રહવાળુ કાર્ય છે કે જે પ્રાણમય કામનાઓના તથા પ્રત્યુત્તર આપતી ચેતનાનાં સંમિશ્રણથી આપણામાં સર્જાએલું છે, અને છતાં પણ આપણામાં રહેલો ખરેખરો ઊર્મિમય પુરુષ, અંતરઆત્મા એ એક કામનામય પુરુષ નથી; પણ એ છે શુદ્ધ

પ્રેમ અને આનંદનો આત્મા; પણ, આપણા અન્ય સાચા પુરુષોની માફક આ અંતરઆત્મા કે ઊર્મિમય પુરુષ પણ બહાર તો માત્ર ત્યારે જ આવી શકવાનો કે જ્યારે કામનામય પ્રાણે ઊભી કરેલી વિકૃતિઓ સપાટી પરથી દૂર થાય અને એ આપણી જાતની વિશિષ્ટ ક્રિયા ના રહે. તેને પાર પાડવું એ આપણી શુદ્ધિ, મુક્તિ અને સિદ્ધિનું એક અનિવાર્ય અંગ છે.

સૂક્ષ્મ પ્રાણનું નાડીમય કાર્ય આપણા શુદ્ધ સંવેદનપ્રધાન મનમાં સૌથી વધારે સ્પષ્ટ હોય છે. આ નાડીમય મનોમયતા અંતઃકરણનાં સર્વે કાર્યોને અનુસરતી હોય છે જ અને સંવેદનો સિવાયની પણ બીજી બાબતોનો પણ ઘણો મોટો ભાગ તેનાથી જ બનેલો હોય તેમ પણ લાગે છે. ખાસ કરીને ઊર્મિઓ પર તેઓ દોર ચલાવે છે અને તેમની ઉપર પ્રાણની મહોર મારે છે; બીક એ ઊર્મિના કરતાં વધારે તો નાડીમય સંવેદનરૂપ રહેલી છે, ક્રોધ એ મોટે ભાગે અથવા ઘણી વાર એવો સંવેદનમય પ્રત્યુત્તર હોય છે કે જે ઊર્મિ તરીકે બહાર આવે છે. અન્ય લાગણીઓ વધારે તો હૃદયની હોય છે, વધારે આંતરિક હોય છે, પણ નાડીમય અને ભૌતિક ઝંખનાઓની સાથે અથવા સૂક્ષ્મ પ્રાણના બહિર્મુખ આવેગો સાથે બંધબેસતી થઈ જાય છે. પ્રેમ એ છે તો હૃદયની જ ઊર્મિ અને તે એક શુદ્ધ લાગણી પણ હોઈ શકે છે. (આપણે એક દેહનિવાસી મન હોવાથી સર્વે મનોમય ક્રિયાઓ—ખુદ વિચાર પણ—કોઈ પણ જાતની પ્રાણમય અસર ઉપજાવે તથા શરીરના જડ તત્ત્વમાં ક્યાંક પ્રત્યુત્તર જગાવે એ શક્ય છે, પણ એટલા ખાતર જ કાંઈ એ ભૌતિક ક્રિયાઓ બની જતી નથી. પણ હૃદયનો પ્રેમ તરત જ શારીરિક કામ-વાસનાની સાથે આવીને બેસી જાય છે. આમાંના ભૌતિક ભાગને તો કામ વિકારરૂપી શારીરિક વાસનાની આધીનતામાંથી બચાવી લઈ શુદ્ધ કરી શકાય; તેને એવો પ્રેમ બનાવી દઈ શકાય કે જે ભૌતિક તેમ જ માનસિક અને આધ્યાત્મિક નિકટતા માટે શરીરનો ઉપયોગ કરતો હોય. પણ પ્રેમ તો સર્વે તત્ત્વોમાંથી (ખુદ તદ્દન નિર્દોષ ભૌતિક તત્ત્વમાંથી પણ) અલગ થઈ જઈ શકે છે (અથવા તો માત્ર તેનો આછો ઓછાયો જ રહેવા દઈ શકે છે) અને આત્માની આત્મા સાથેની, અંતર-આત્માની અંતર-આત્મા સાથેની એકરૂપતા પ્રત્યે લઈ જતી એક શુદ્ધ ગતિ બની જઈ શકે છે. તેમ છતાં સંવેદનમય મનની આગવી ક્રિયા ઊર્મિ નહિ પણ કોઈક કામ માટેનો સચેતન, નાડીમય પ્રત્યુત્તર અને નાડીમય લાગણી તથા સ્નેહભાવ, ભૌતિક ઇન્દ્રિયો અને શરીરનો ઉપયોગ કરવાનો આવેગ છે, સચેતન પ્રાણમય ભૂખ અને કામના છે. તેને ગ્રહણશીલ પ્રત્યુત્તરરૂપે

એક પાસું છે; ક્રિયાત્મક પ્રતિકારરૂપે પણ એક પાસું છે. આ બધાંનો સમધારણ અને યોગ્ય ઉપયોગ તો જ્યારે તેમનાથી ઉપરનું મન તેમને યંત્રવત્ આધીન ન રહેતાં તેમનાં કર્મોને કાબૂમાં લે અને તેમનું નિયંત્રણ કરે ત્યારે જ શક્ય બને છે. પણ તેનાથી પણ ઊંચી તેમની એક બીજી અવસ્થા છે; જ્યારે, ચૈત્યસિક પ્રાણનાં વિશિષ્ટ કર્મોને ખોટાં કે કામનામય સ્વરૂપને બદલે તેમનું સાચું સ્વરૂપ આપતી, આત્માની સચેતન સંકલ્પ–શક્તિ વડે તેઓ એક ખાસ રૂપાંતર પામે ત્યારે તેમને તે અવસ્થા પ્રાપ્ત થાય છે.

મન એટલે કે ઇન્દ્રિયવશ મન એ આપણી સામાન્ય ચેતનામાં, જ્ઞાન મેળવવા માટે ગ્રહણશીલ ભૌતિક જ્ઞાનેન્દ્રિયો ઉપર, અને ઇન્દ્રિયોના વિષયો પરત્વે કરવાનાં કર્મો માટે શારીરિક કર્મેન્દ્રિયો ઉપર આધાર રાખે છે. ઇન્દ્રિયોના સપાટી પરનાં અને બાહ્ય કર્મો ભૌતિક અને નાડીમય પ્રકારનાં હોય છે અને તેઓ નાડીની ક્રિયાઓનાં માત્ર પરિણામો જ છે એમ સહજ રીતે લાગી જાય છે. પ્રાચીન શાસ્ત્રોમાં તેમને કેટલીક વાર પાંચ જાતના પ્રાણ એટલે કે નાડીમય કે પ્રાણમય પ્રવૃત્તિઓ કહેવામાં આવ્યાં છે. તેમ છતાં તેમની અસલ બાબત નાડીમય ઉત્તેજના નહિ પણ એવી ચેતના, ચિત્તનું કાર્ય, છે કે જે ઇન્દ્રિયોનો અને એ ઇન્દ્રિયો જેનું વહન કરે છે તે નાડીમય સંપર્કોનો ઉપયોગ કરી લે છે. ઇન્દ્રિયવશ મન એ મૂળભૂત ચેતના એટલે કે ચિત્તમાંથી ઉદ્ભવતી એક એવી પ્રવૃત્તિ છે કે જે, આપણે જેને ઇન્દ્રિય કહીએ છીએ તેનું અસલ તત્ત્વ છે. જોવું, સાંભળવું, ચાખવું, સૂંઘવું અને અડકવું એ ખરી રીતે તો શરીરના નહિ પણ મનના ધર્મ છે; પણ આપણે સામાન્ય રીતે જેને કામમાં લઈએ છીએ તે ભૌતિક મન નાડીતંત્ર અને ભૌતિક ઇન્દ્રિયો દ્વારા જે કાંઈ બાહ્ય સંપર્કો મળે તેને ઇન્દ્રિયબોધરૂપે ઘટાવવા પૂરતું જ મર્યાદિત રહે છે. પણ આંતરિક મનને તો ભૌતિક ઇન્દ્રિયોથી સ્વતંત્ર એવી પોતાની આગવી સૂક્ષ્મ દૃષ્ટિ, શ્રવણ–શક્તિ અને સંપર્ક–શક્તિ છે. વધારામાં માત્ર પદાર્થો સાથે જ નહિ પણ બીજાના મન સાથે પણ પોતાના મનના સીધા જ સંદેશ–વ્યવહારની શક્તિ પણ છે; અને પદાર્થો સાથેના સીધા વ્યવહારની શક્તિ જ્યારે વધારે તીવ્રતાથી કાર્ય કરે ત્યારે તો ભૌતિક સંપર્કવાળા, કે તેનાથી પરના પદાર્થોની અંદર શું છે તેનો પણ ઇન્દ્રિયબોધ મેળવી શકે છે. મન ઘટનાઓને તથા ઇન્દ્રિયો સાથેના સંપર્કોની તીવ્રતા તથા ભારને પણ બદલી નાખવા, સુધારવા કે રોકવાને શક્તિમાન છે. મનની આ શક્તિઓને આપણે સામાન્ય રીતે વાપરતા કે વિકસાવતા નથી; તે પ્રચ્છન્ન જ રહે છે અને ક્વચિત્ ક્વચિત્ વિના નિયમે

કે ઓચિંતી ક્રિયા તરીકે તથા કેટલાંક મનમાં સહેલાઈથી તો કેટલાકમાં મુશ્કેલીથી બહાર આવી જાય છે અથવા તો વ્યક્તિની અપવાદરૂપ અવસ્થામાં બહારની સપાટી પર દેખા દે છે. આ જ શક્તિઓ અતીન્દ્રિય-દૃષ્ટિ[1], અતીન્દ્રિય શ્રવણ[2] વિચારો અને આવેગોની ફેરબદલી ઇન્દ્રિયાતીત વિચાર-વિનિમય[3] તથા બીજી મોટા ભાગની છતાં સામાન્ય જાતની, ગુહ્ય[4] શક્તિઓના પાયારૂપ છે. આ શક્તિઓને ગુહ્ય કહેવામાં આવે છે કારણકે તે બધી મનની હજી સુધી પ્રચ્છન્ન રહેલી ક્રિયાશક્તિઓ છે (અને તેમનું આ ઓછું રહસ્યમય વર્ણન વધારે યોગ્ય પણ છે). સંમોહન-વિદ્યા[5] તથા આવી બીજી ઘણી ઘટનાઓનો આધાર આ પ્રચ્છન્ન મનની ક્રિયાઓ ઉપર છે. જોકે આવી સર્વે ઘટનાઓમાં જેની જરૂર પડે છે તે તત્ત્વ પૂરેપૂરું કાંઈ આ એકલા પ્રચ્છન્ન મનમાં આવી જતું નથી પણ પરસ્પર સંપર્ક, વ્યવહાર અને પ્રત્યુત્તર માટેની શક્તિઓનું એ પ્રથમ સાધન છે (જોકે તેમનો ખરેખરો વહીવટ તો આંતરિક બુદ્ધિના હાથમાં હોય છે). આમ આપણી પાસે ભૌતિક મન તેમ જ અતિ-ભૌતિક મન પણ છે અને તેમને ઉપયોગમાં લઈને બેવડો ઇન્દ્રિયબોધ પામી શકીએ છીએ.

બુદ્ધિ એ સચેતન પુરુષે કરેલી એક એવી રચના છે કે જેની શરૂઆત પાયારૂપ ચિત્તમાંથી જ થઈ હોવા છતાં તેનાથી તે તદ્દન પર થઈ ગએલ છે. તેને તેની પોતાની આગવી જ્ઞાન-શક્તિ અને સંકલ્પ-શક્તિ છે. તે મન, પ્રાણ અને શરીરની પણ સર્વે ક્રિયાઓને હાથમાં લે છે અને તેમનો વહીવટ કરે છે. તે અસલમાં તો આત્માની જ વિચાર-શક્તિ અને સંકલ્પ-શક્તિ છે, પણ મનોમય પ્રવૃત્તિનું નિમ્ન સ્વરૂપ પામેલી છે. બુદ્ધિનાં કાર્યોની ત્રણ ક્રમિક કક્ષાઓ અલગ અલગ જોઈ શકાય તેમ છે. પ્રથમ તો એક એવી ઊતરતી કક્ષાની નિરીક્ષણપ્રધાન સમજશક્તિ કે જે ઇન્દ્રિયબદ્ધ મનના યાદદાસ્તના, હૃદયના અને સંવેદન-પ્રધાન મનોમયતાના સંદેશાઓને માત્ર સ્વીકારે છે, નોંધે છે, સમજે છે અને પ્રત્યુત્તર આપે છે. તે તેમને સાધનરૂપ બનાવીને એક એવી પ્રાથમિક ચિંતનશક્તિ ઊભી કરે છે કે જે તેને મળેલી માહિતીથી આગળ વધી શકતી નથી પણ તેમના ઢાળામાં જ બંધાઈ રહે છે, અને તેમના પુનરાવર્તનના પડઘા પાડ્યા કરે છે, તેમણે સૂચવેલા વિચારો અને સંકલ્પોના

---

અંગ્રેજીમાં –

૧. clairvoyance ૨. clair-audience ૩. telepathy
૪. occult ૫. hypnotism કહેવાય છે.

–અનુવાદક

૨૯ ચક્કરમાં ગોળ ગોળ ફર્યા કરે છે અથવા, તર્કશક્તિથી પ્રેરાએલાં પ્રાણનાં સૂચનોની આજ્ઞાંકિત દાસી બનીને જે કાંઈ નવા નિર્ણયો તેની નજર કે ખ્યાલ સમક્ષ રજૂ થાય તેને અનુસરે છે. આપણે જેનો ભરચક ઉપયોગ કરીએ છીએ તેવી આ પ્રાથમિક સમજશક્તિથી ઉપર વ્યવસ્થા કરનાર કે પસંદગી કરનાર એક એવી તર્કશક્તિ અને સંકલ્પ–શક્તિ છે કે જેનું કાર્ય અને ધ્યેય હોય છે: જીવન અંગેના બૌદ્ધિક ખ્યાલને કામ લાગે એટલા માટે જ્ઞાનની એક સ્વીકાર્ય, જરૂર પૂરતી અને નિશ્ચિત વ્યવસ્થા સ્થાપવાનો યત્ન.

આ વચલી અથવા મધ્યમ કક્ષાની તર્કશક્તિની ખાસિયત જોકે જરા વધારે શુદ્ધ બૌદ્ધિકતાવાળી છે ખરી, તે છતાં તેનો ખરેખરો ઇરાદો તો વ્યવહારલક્ષી જ હોય છે. તે એક જાતનો બૌદ્ધિક ઢાળો, માળખું કે નિયમ ઊભો કરે છે અને તેમાં આંતરિક અને બાહ્ય જીવનને ઢાળવાનો પ્રયત્ન કરે છે, કે જેથી કોઈક જાતના તર્કશુદ્ધ સંકલ્પને ખાતર તેનો અમુક જાતના કાબૂ અને નિયંત્રણપૂર્વક ઉપયોગ કરી શકાય. આ એ તાર્કિકતા છે કે જે આપણી સામાન્ય બૌદ્ધિક જાત સમક્ષ સૌંદર્યલક્ષી તેમ જ નૈતિકતાનાં પાકાં ધોરણો, આપણા અભિપ્રાયનાં નિશ્ચિત માળખાંઓ તેમ જ આપણાં ખ્યાલો અને લક્ષ્યોનાં અચળ ધોરણો ખડાં કરે છે. તેનો વિકાસ ઘણી ઊંચી જાતનો હોય છે અને જેમનામાં સમજશક્તિનો વિકાસ થએલો હોય છે તેઓમાં તે આગળ પડતું સ્થાન લઈ લે છે. પણ તેનાથીય ઉપર એક એવી તર્ક–શક્તિ છે, બુદ્ધિની ઉચ્ચતમ ક્રિયા છે કે જે તદ્દન નિર્લેપ રહીને શુદ્ધ, સત્ય અને યથાર્થ જ્ઞાનની શોધ હાથ ધરે છે; તે જીવનની અને પદાર્થોની અને આપણી દેખીતી જાતની પાછળ રહેલ વાસ્તવિક સત્યની શોધ આદરે છે અને પોતાની સંકલ્પ–શક્તિને એ પરમ સત્યના નિયમોને આધીન કરવા મથે છે. આ સર્વોચ્ચ બુદ્ધિનો શુદ્ધ રીતે તો કોઈક વિરલા જ ઉપયોગ કરી શકે છે— આપણામાં એવા વિરલા હોય તો !; પણ તેને માટે પ્રયત્ન કરી શકવો એ અંતઃકરણની ઊંચામાં ઊંચી શક્તિ છે.

ખરી રીતે તો બુદ્ધિ એ આપણે જેને હજી સુધી સક્રિય રીતે હાથ કરી શક્યા નથી અને જે સીધેસીધું જ પરમાત્માનું કરણ છે તેવાં સત્યમય મન એટલે કે વિજ્ઞાનની અને શરીરમાં વિકસી ચૂકેલા માનવ–મનના ભૌતિક જીવનની વચ્ચે આવેલી એક અંતરિયાળ વસ્તુ છે. તેની બૌદ્ધિક અને સંકલ્પમય શક્તિઓ આ અતિમનસમાંથી, આ મહાન અને સીધાં જ સત્યમય વિજ્ઞાનમાંથી ઊતરી આવે છે. બુદ્ધિ પોતાનાં માનસિક કર્મોને અહંતાની આજુબાજુ " હું આ મન, પ્રાણ અને શરીર છું, અથવા તેમનાં

કર્મોથી નિર્માણ થએલ મનોમય પુરુષ છું," એવા ખ્યાલની આજુબાજુ કેન્દ્રિત કરે છે. તે આવા અહમ્‌ભાવ (પછી એ આપણે જેને અહંકાર કે અભિમાન કહીએ તેવો સાંકડો હોય કે સહાનુભૂતિ દ્વારા ચારે બાજુ ફેલાએલો હોય) તેની જ દાસી બની રહે છે. અહમ્‌નું પોતાપણાનું એક એવું ભાન ઊભું થઈ ગએલું છે કે જે શરીરનાં, વ્યક્તિભૂત જીવનનાં, માનસિક સળવળાટોનાં અલગતા-કારક કર્મો પર પ્રતિષ્ઠિત છે; અને બુદ્ધિમાં રહેલો અહમ્‌નો ખ્યાલ આ અહમ્‌ના વિચારો, બંધારણ, વ્યક્તિત્વ એમનાં સર્વે કર્મોને પોતાનામાં કેન્દ્રિત રાખે છે. પેલી નીચલી કક્ષાની સમજશક્તિ અને વચલી કક્ષાની તર્કશક્તિ એ આ અહમ્‌ની અનુભવો મેળવવા માટેની અને પોતાને વિસ્તારવાની ઇચ્છાનાં કરણો છે. પણ જ્યારે ઉચ્ચ કક્ષાની સમજ અને સંકલ્પ વિકાસ પામે ત્યારે ઊર્ધ્વ આધ્યાત્મિક ચેતનાની સમક્ષ આ બાહ્ય વસ્તુઓ જેના અર્થરૂપ છે તે અસલ વસ્તુ પ્રત્યે આપણે વળી શકીએ છીએ. ત્યારે આ "હું"ને આપણે પરમાત્માના, ભગવાનના, અનેકરૂપ બનેલ પરાત્પર, વિશ્વવ્યાપી, વ્યક્તિભૂત એવા એકમાત્ર અસ્તિત્વના પ્રતિબિંબરૂપે જોઈ શકીએ છીએ; જે ચેતનામાં આ બધી વસ્તુઓ એકત્ર થાય છે, એક જ પુરુષનાં વિવિધ સ્વરૂપો બની રહે છે અને પરસ્પર સાચા સંબંધો સ્વીકારે છે તે ચેતનાને ત્યારે આ બધાં ભૌતિક અને માનસિક આવરણોમાંથી ખુલ્લી કરી શકાય છે. જ્યારે અતિમનસમાં આરોહણ કરવામાં આવે છે ત્યારે બુદ્ધિની શક્તિઓ નાશ પામતી નથી પણ તેમને સર્વેને તેમનાં અતિમાનસિક મૂલ્યોમાં બદલી નાખવાની હોય છે. પણ અતિમનસનો તથા બુદ્ધિનાં પરિવર્તનનો સવાલ એ ઊર્ધ્વતર સિદ્ધિનો, દિવ્ય પરિપૂર્ણતાનો વિષય છે. અત્યારે તો, આવું પરિવર્તન (કે જે આપણી નિમ્ન પ્રકૃતિનાં બંધનમાંથી મુક્તિ અપાવે છે) તેની તૈયારીરૂપ માણસની સામાન્ય જાતની વિશુદ્ધિનો વિષય જ આપણે વિચારવાનો છે.

પ્રકરણ : ૬

# શુદ્ધિ : નિમ્ન મનોમયતાની

**આ** બધાં કરણોની અટપટી ક્રિયાને આપણે હાથ ધરવાની છે અને તેમની શુદ્ધિ માટે કામે લાગવાનું છે. તેનો સહેલામાં સહેલો રસ્તો એ છે કે તે દરેકમાં રહેલી પેલી બે મૂળભૂત ખામીઓ પર પકડ લેવી, તે ખામીઓ બરાબર ક્યાં આવેલી છે તે પકડી પાડવું અને તેમને સુધારી નાખવી. પણ શરૂઆત ક્યાંથી કરવી એ પણ એક સવાલ છે. કારણકે ગૂંચ જબરી છે, એક કરણની સંપૂર્ણ શુદ્ધિનો આધાર બીજાં બધાં કરણોની પણ સંપૂર્ણ શુદ્ધિ પર રહેલો છે. અને એ જ છે મુશ્કેલી, નિરાશા અને મૂંઝવણનું ખરેખરું મૂળ; કારણકે આપણને જ્યારે એમ લાગે કે આપણે બુદ્ધિને તો શુદ્ધ કરી નાખી કે તરત જ દેખાવાનું કે હજી તો તેની ઉપર હલ્લા કરવાનાં અને તેને આવરી લેવાનાં બારણાં અશુદ્ધિ માટે ખુલ્લાં પડેલાં છે. કારણકે હૃદયની ઊર્મિઓ અને સંકલ્પ–શક્તિ તેમ જ ઇન્દ્રિયવશ મન એ બધાં તો હજી નિમ્ન પ્રકૃતિની ઘણી અશુદ્ધિઓનો ભોગ રહેલાં છે; અને તે બધાં પ્રકાશ પામેલી બુદ્ધિમાં ફરીથી ઘૂસી જાય છે અને આપણે જે શુદ્ધ સત્યને શોધી રહ્યા છીએ તેને તેમાં ઝીલવા દેતાં નથી. તો વળી તેની સામે આપણને એક લાભ પણ થાય તેમ છે; તે એ કે જો કોઈ એક અગત્યના કરણને ઠીક ઠીક શુદ્ધ કરી શકાય તો બીજાં કરણોની શુદ્ધિ માટે એને કામમાં પણ લઈ શકાય છે; એક મક્કમ પગલું ભર્યું કે બીજાં પગલાંઓ ભરવામાં સરળતા વધવાની અને ઢગલાબંધ મુશ્કેલીઓ દૂર થવાની. તો, એવું કયું કરણ છે કે જેને વિશુદ્ધ અને પરિપૂર્ણ બનાવવાથી બીજાં કરણોની પણ પરિપૂર્ણતા એકદમ સહેલી અને અસરકારક થઈ જવાની, કે તેને એકદમ ઝડપથી પાર પાડવામાં સહાય થવાની ?

આપણે મનમાં વીંટાએલ આત્મા છીએ, એક મનોમય પુરુષ તરીકે અહીં આ જીવંત ભૌતિક દેહમાં વિકાસ પામી ચૂકેલ એક આત્મા છીએ; આથી સ્વાભાવિક રીતે જ આપણે આપણા મનમાં, અંતઃકરણમાં આ ઇપ્સિત માટેની તપાસ આદરવી પડશે. વનસ્પતિ અને પશુસૃષ્ટિમાં તો

તેમને માટેનાં બધાં કાર્યો ભૌતિક કે નાડીમય પ્રકૃતિ પાર પાડે છે; પણ આ બે પ્રકૃતિ માનવામાં જે કાર્યો પાર નથી પાડતી તેમને પાર પાડવા માટે માનવના મનમાં બુદ્ધિ અને બુદ્ધિની સંકલ્પ-શક્તિનું નિર્માણ કરવામાં આવ્યું છે. કોઈ અતિમાનસિક શક્તિ જ્યાં સુધી વિકસી ના આવે ત્યાં સુધી બૌદ્ધિક સંકલ્પ-શક્તિ એ જ આપણી મુખ્ય કાર્યસાધક શક્તિ બની રહેવાની; અને તેને શુદ્ધ કરવી એ એક પૂરેપૂરી પાયાની જરૂરિયાત થઈ પડે છે. આપણી બુદ્ધિ અને સંકલ્પ-શક્તિને મર્યાદિત રાખતી અને તેની પાસે ખોટાં કામ કરાવતી કે તેને ખોટે રસ્તે ચડાવતી સર્વે બાબતોમાંથી એકવાર તેમને સારી રીતે શુદ્ધ કરી લઈએ તો તેમને સરળતાથી પરિપૂર્ણ બનાવી શકાય, તેમને પરમ સત્યનાં સૂચનોનો પ્રત્યુત્તર વાળતાં, પોતાને તેમ જ અન્ય સર્વ જીવોને સમજતાં, પોતે શું કરી રહ્યાં છે તેને સ્પષ્ટ રીતે તથા ઝીણી અને સાવધ ચોકસાઈથી જોતાં, અને કોઈ પણ જાતની દ્વિધાભરી કે ઉતાવળી ભૂલ વિના કે આડરસ્તે લઈ જતી ઠોકર વિના તેમને પોતાનાં કર્મો સાચી રીતે પાર પાડતાં કરી શકાય. વખત જતાં તેમના આ પ્રત્યુત્તરોને અતિમનસની અણીશુદ્ધ પરમશક્તિ, અંતઃસ્ફુરણાઓ, પ્રેરણાઓ અને સત્યદર્શનો પ્રત્યે ખોલી નાખી શકાય અને નિત્યવધતી પ્રકાશમયતાવાળાં અને ભૂલચૂકના નામનિશાન વિનાનાં કર્મો વડે તેમને આગળ ધપાવી શકાય. પણ અંતઃકરણના બીજા નિમ્ન ભાગોમાંથી ઊભા થતા સ્વાભાવિક અંતરાયોને શરૂઆત પૂરતા પણ જ્યાં સુધી સાફ ના કરી શકાય ત્યાં સુધી આ શુદ્ધિ સાધ્ય નથી બનતી; અને અંતઃકરણના સમગ્ર ક્રિયા-પ્રદેશમાં, -ઇન્દ્રિયોમાં, માનસિક સંવેદનો, ઊર્મિઓ, તરવરતા આવેગો, બુદ્ધિ અને સંકલ્પોમાં,- ઓતપ્રોત થઈ ગએલ મુખ્ય સ્વાભાવિક અંતરાય છે સૂક્ષ્મ પ્રાણની દખલગીરી અને જોરદાર દાવો. એટલે આનો નિકાલ કરવો જ પડશે, તેની દાદાગીરીભરી દખલગીરીને ફેંકી દેવી પડશે, તેના દાવાનો ઇન્કાર કરવો પડશે, તેને પોતાને શાંત કરવો પડશે અને વિશુદ્ધિ માટે તૈયાર કરવો પડશે.

દરેક કરણને પોતાનો આગવો, યોગ્ય અને કાયદેસરનો ધર્મ છે તથા એ સ્વધર્મની વિકૃતિ કે ખોટી કાર્યરીતિ છે એ પણ આપણે જોઈ ગયાં છીએ. સૂક્ષ્મ પ્રાણનો સ્વ-ધર્મ છે ભોગ એટલે કે મેળવવું અને માણવું. વિચારો, સંકલ્પો, કર્મો, સક્રિય આવેગો, કર્મનાં પરિણામો, ઊર્મિઓ, ઇન્દ્રિયબોધો, સંવેદનો એ સર્વેને માણવાં તથા તે સર્વેની સહાયથી દુનિયાના પદાર્થો, વ્યક્તિઓ અને જીવનને પણ માણવાં એ એક એવી પ્રવૃત્તિ છે કે જેને માટે આ પ્રાણે આપણી અંદર મનોભૌતિક પાયો રચેલો છે. જ્યારે

આપણે જેનો ઉપભોગ કરીએ તે આ દુનિયા પોતે નહિ, કે દુનિયાને ખાતર દુનિયા નહિ, પણ દુનિયામાં રહેલો ભગવાન હોય, જ્યારે પદાર્થો પોતે નહિ પણ પદાર્થોમાં રહેલ આત્માનો આનંદ જ આપણા ઉપભોગનું સાચું મૂળ લક્ષ્ય હોય અને પદાર્થો તો માત્ર આ આત્મતત્ત્વનું પ્રતીક કે પ્રતિમા હોય, આનંદ-સાગરનાં મોજાં હોય માત્ર, ત્યારે જ આપણે યથાર્થ રીતે પરિપૂર્ણ ઉપભોગ પામી શકીએ છીએ. પણ આ આનંદ તો આપણે જ્યારે આપણી અંદરના ગુપ્ત આધ્યાત્મિક પુરુષને પામી શકીએ તથા આપણાં અંગોમાં તેને ઝીલી શકીએ ત્યારે જ જરાતરા પણ મળે છે અને જ્યારે અતિમાનસિક પ્રદેશોમાં જઈ પહોંચીએ ત્યારે જ તેને પૂરેપૂરો પામી શકીએ છીએ. તે દરમિયાન પણ આ સર્વ પદાર્થોનો એક વાજબી અને માન્ય ઉપભોગ, એક પૂરો હક્ક-પુરઃસરનો માનવીય ઉપભોગ શક્ય છે; ભારતીય શાસ્ત્રોમાં તેને સાત્ત્વિકતાથી દોરાતો ઉપભોગ કહેલો છે. આવો ઉપભોગ મુખ્યત્વે તો દૃષ્ટિ-સંપન્ન, સૌંદર્ય-ગ્રાહક અને ઊર્મિપ્રધાન મન વડે જ થતો હોય છે, અને ઇન્દ્રિયવશ પ્રાણ તથા ભૌતિક જાત વડે તો તે ગૌણ રીતે જ થતો હોય છે; અને તે સમગ્ર ઉપભોગ બુદ્ધિનાં, સમ્યક્ સમજ-શક્તિનાં, સમ્યક્ સંકલ્પનાં, પ્રાણના સંસર્ગોના યથાર્થ સ્વીકારનાં, યથાર્થ વ્યવસ્થાનાં, સત્ય, ધર્મ, આદર્શની સમજ, સૌંદર્ય, પદાર્થોનો ઉપયોગ એ સર્વના નિયંત્રણને આધીન રાખવામાં આવ્યો હોય છે. મન તેમનો રસ એટલે કે ઉપભોગનો શુદ્ધ આસ્વાદ માણે છે અને જે કાંઈ અશાંત, ક્ષુબ્ધ કે વિકૃત હોય તેનો અસ્વીકાર કરે છે. આવા શુદ્ધ અને વિશદ રસના આ સ્વીકારમાં સૂક્ષ્મ પ્રાણે જીવનના પૂર્ણ અર્થનો તથા ભોગનો એટલે કે સમગ્ર જાતને ભરી દેતા ઉપભોગનો ઉમેરો કરવાનો છે; તેના વિના મન વડે થતું રસગ્રહણ, એટલે કે રસનો સ્વીકાર અને કબજો પૂરતો નક્કર ના રહેતાં એવો તો નિર્માલ્ય થઈ રહેશે કે જે દેહધારી આત્માને સંતોષી નહિ શકે, મનના રસગ્રહણમાં ભોગનો આ ફાળો એ જ છે સૂક્ષ્મ પ્રાણનો સ્વધર્મ, તેનું આગવું કાર્ય.

વિશુદ્ધિમાં દાખલ થઈ જતી અને તેને શુદ્ધ થતાં અટકાવી રાખતી વિકૃતિ એ પ્રાણમય ઝંખનાનું એક સ્વરૂપ છે; સૂક્ષ્મ પ્રાણ આપણી જાતમાં વિકૃતિનો જે જબરજસ્ત ફાળો આપે છે, એ છે ઇચ્છા, કામના. કામનાનું મૂળ છે, આપણને લાગતું હોય કે આપણી પાસે આ નથી તેને હાથ કરવાની પ્રાણની ઝંખના; એ જ છે પરિમિત પ્રાણની, પ્રાપ્તિ અને સંતોષ માટેની અંધપ્રેરણા. તેને લીધે ઊભું થાય છે અભાવનું ભાન,- શરૂઆતમાં તે હોય છે ભૂખ, તૃષ્ણા, વાસનારૂપ પ્રાણમય ઝંખના, અને પછી આવે છે મનની

સૂક્ષ્મ ક્ષુધાઓ, તૃષ્ણાઓ, વાસનાઓ કે જે આપણી જાતને સતાવતી વધારે મોટી તાત્કાલિક અને વ્યાપક ભૂખ-તરસ હોય છે; એ ભૂખને અંત નથી હોતો કારણકે તે અનંત જાતમાંથી ઊઠતી ભૂખ હોય છે, તે તરસ કોઈક ઘૂંટડાથી માત્ર થોડી ક્ષણ માટે જ છીપે છે કારણકે તેનો સ્વભાવ જ છે અણછીપી રહેવાનો. સૂક્ષ્મ પ્રાણ સંવેદનમય મન પર આક્રમણ કરે છે અને તેનામાં સંવેદનો માટેની અજંપાભરી તૃષ્ણા ભરી દે છે; સક્રિય મન પર સત્તા, સંપત્તિ, અધિકાર, સફળતા, પ્રત્યેક આવેગની પૂર્ણતા એ સર્વે વાસનાઓનો હુમલો કરે છે; ઊર્મિમય મનને, ગમા-અણગમાને સંતોષવાની તથા પ્રેમ અને ધિક્કારના બદલા લેવાની ઇચ્છાથી ભરી દે છે, તેને બીકની ફાળ અને આસકા તથા આશાના ઉછાળા અને પછડાટની ભેટ ધરે છે, તેના પર શોકની યાતના અને હર્ષના ટૂંકા ઉકળાટ અને ઉશ્કેરાટ લાદે છે; તે બુદ્ધિ અને બુદ્ધિના સંકલ્પોને આ બધાના શાગરીદ બનાવી દે છે અને તેમને પોતપોતાની અનુકૂળ રીતે, તેમનાં વિકૃત અને અપંગ કરણો બનાવી મૂકે છે,— સંકલ્પશક્તિને વાસનાઓનો સંકલ્પ બનાવે છે અને બુદ્ધિને નાના, અધીરિયા અને ઝનૂની પૂર્વગ્રહો તથા અભિપ્રાયોનો એક પક્ષપાતી, લથડતો અને ઉત્પાતિયો હજૂરિયો બનાવી દે છે. સર્વે શોક, નિરાશા અને યાતનાઓનું મૂળ છે ઇચ્છા, કામના, કારણકે તેનામાં પ્રયત્ન અને સંતોષનો ઉશ્કેરાટભર્યો હર્ષ ભલે હોય પણ તે સમગ્ર જાત ઉપર હમેશાં બળજબરી કરનાર હોવાથી પોતાના પ્રયત્નો અને પરિણામોમાં હમેશાં ભરેલાં હોય છે: જહેમત, ભૂખ, મથામણ, થાકનો ત્વરિત હુમલો, અધૂરપનું ભાન, વિવિધ લાભની સાથે જ જોડાએલ અસંતોષ અને ઉતાવળે આવતી નિરાશા; વણથંભી, રોગિષ્ટ ઉત્તેજના, ઉપાધિ અને અશાંતિ. ઇચ્છા માત્રથી મુક્ત થવું એ સૂક્ષ્મ પ્રાણની વિશુદ્ધિમાં એકમાત્ર, સો ટકા જરૂરી જરૂરિયાત છે; કારણકે એથી જ આપણાં સર્વે કરણોમાં પોતાની ઘૂસણખોરી ફેલાવતા કામનામય પુરુષની જગ્યાએ પ્રશાંત, આનંદભર્યા મનોમય પુરુષને સ્થાપી શકીએ તથા આપણી જાતને, દુનિયાને અને પ્રકૃતિને તેના સ્વચ્છ અને વિશદ હવાલે કરી શકીએ; એ જ છે. મનોમય જીવન અને તેની પરિપૂર્ણતાનો સ્ફટિક-શુદ્ધ પાયો.

સૂક્ષ્મ પ્રાણ સર્વે ઊર્ધ્વ ક્રિયાઓમાં ઘૂસી જઈને તેમને દૂષિત તો કરે જ છે, પણ તેના પોતાના દૂષણનું કારણ એ છે કે જડ તત્ત્વમાંથી જીવનતત્ત્વે વિકસાવેલા દેહમાં ભૌતિક કાર્યો કરતી પ્રકૃતિએ તેનામાં ઘૂસી જઈને તેને દૂષિત કરેલો છે. તેણે જ શરીરમાંના વ્યક્તિગત જીવન અને વિશ્વના જીવન વચ્ચે અલગતા ઊભી કરી છે અને તેની ઉપર અભાવ,

અધૂરપ, ક્ષુધા, તૃષા, જે નથી તેની કામના, ઉપભોગ માટેનાં પ્રલંબ હવાતિયાં તથા પ્રાપ્તિ માટેની અંતરાયભરી અને મૂંઝવણભરી જરૂરિયાત એ સર્વેને એક ખાસિયત તરીકે છાપી દીધાં છે. ચોખ્ખેચોખ્ખી ભૌતિક બાબતોમાં તો સહેલાઈથી નિયંત્રિત થતી અને મર્યાદામાં રહેતી આ ભૌતિક પ્રકૃતિ સૂક્ષ્મ પ્રાણમાં ખૂબ ખૂબ વ્યાપી જાય છે અને મનનો વિકાસ થતાં, મર્યાદામાં રાખવી મુશ્કેલ, સંતોષાવી અશક્ય અને નિયમ-હીન એવી એક દુર્વ્યવસ્થા અને દૂષણોની સર્જક થઈ પડે છે. વળી, સૂક્ષ્મ પ્રાણ ભૌતિક જીવનનો ટેકો લે છે અને અન્નમય પુરુષની નાડીમય શક્તિથી મર્યાદિત બને છે; તેથી તે મનની ક્રિયાઓને પણ મર્યાદિત બનાવવા ઉપરાંત એક એવી કડી બની રહે છે કે જેથી મન શરીરનું આશ્રિત બની જાય છે તથા થાક, અશક્તિ, રોગ, વિસંવાદ, ઘેલછા, ક્ષુદ્રતા અને જોખમને તથા ખુદ ભૌતિક મનની ક્રિયાઓનાં વિસર્જન માટેની શક્યતાને પણ આધીન બની જાય છે. આપણું મન પોતાનાં જ બળથી બળવાન બનવાને બદલે સચેતન આત્માનું એક સ્વચ્છ કરણ (કે જે પ્રાણ અને શરીરનું નિયંત્રણ અને ઉપયોગ કરવા માટે તેમને પરિપૂર્ણ બનાવવા માટે મુક્ત હોય, સમર્થ હોય) બનવાને બદલે છેવટે તો એક સેળભેળ થઈ ગએલી રચના બની ગયું લાગે છે; તે એક એવું મન બની ગયું છે કે જે મુખ્યત્વે ભૌતિક છે, ભૌતિક અવયવોથી મર્યાદિત છે અને શારીરિક જીવનની માંગણીઓ અને અંતરાયોને આધીન છે. આમાંથી છૂટવાનો એકમાત્ર ઉપાય છે એક જાતનું એવું ક્રિયાત્મક, આંતરિક, ચેતનાપ્રતિષ્ઠિત પૃથક્કરણ કે જેના વડે આપણે મનને એક સ્વતંત્ર શક્તિ તરીકે જાણી શકીએ, મુક્ત રીતે કાર્ય કરવા દેવા માટે તેને અલગ કરી શકીએ. સૂક્ષ્મ તથા સ્થૂળ પ્રાણને પણ અલગ અલગ જોઈ શકીએ. પરાધીનતાની કડી તરીકે તેમને ના રહેવા દેતાં બુદ્ધિમાં ઊતરી આવતાં વિજ્ઞાન અને પરમ સંકલ્પને વહાવી લાવનાર તથા મનનાં સૂચનો અને આજ્ઞાઓને આધીન એવાં માધ્યમ બનાવી દઈએ; ત્યારે પ્રાણ એ ભૌતિક જીવન પરનાં મનનાં સીધેસીધાં નિયંત્રણને અમલી બનાવતું એક શરણ-શીલ સાધન બની જાય છે. આવું નિયંત્રણ આપણી ચાલ્યે આવતી કાર્યરીતિના હિસાબે ભલે ગમે તેટલું અસાધારણ લાગતું હોય (અને સંમોહન-વિદ્યામાં[1] એ કેટલેક અંશે અસાધારણ લાગે પણ છે કારણકે ત્યાં સૂચન અને હુકમ કરનાર સંકલ્પ-શક્તિ પારકી હોય છે; પણ આવી અસાધારણતા અશુભ જાતની છે) પણ તે શક્ય છે એટલું જ નહિ પણ આપણી આંતરિક અને ઊર્ધ્વ જાત જ્યારે સમગ્ર જાતને

1. Hypnotism

પોતાની સીધેસીધી હકૂમત નીચે લે ત્યારે એ એક તદ્દન સાધારણ ક્રિયા બની જવી જ જોઈએ. તેમ છતાં આવાં નિયંત્રણનો અણીશુદ્ધ અમલ તો અતિમાનસિક સ્તર પર જ કરી શકાય છે. કારણકે સાચું સિદ્ધિદાયક વિજ્ઞાન અને તેની પરમ તપઃશક્તિ તો ત્યાં જ આવેલાં છે; અને માનસિક સ્તર પરનું વિચારપ્રધાન મન (ભલે તેનું આધ્યાત્મિકરણ થએલું હોય તેમ છતાં) તે પરિમિત જ રહે છે,—જોકે તે અતિમનસનું એક પ્રબળ પ્રતિનિધિ બની શકે તેમ છે.

એમ માનવામાં આવે છે કે ઇચ્છા એ જ માનવ-જીવનની સાચી પ્રેરક શક્તિ છે અને તેને ફેંકી દેવી એટલે તો જીવનની સંચાલક કળો ગુમાવી દેવી; ઇચ્છાઓ સંતોષવી એ જ માનવ માટે એકમાત્ર ઉપભોગ છે અને તેનો ત્યાગ કરવો એટલે જ કર્મહીન સંન્યાસનો આશરો લઈ જીવનના આવેગ-અગ્નિને ઓલવી નાખવો. પણ આત્મ-જીવનની સાચી પ્રેરક શક્તિ તો છે તપઃશક્તિ, પરમ સંકલ્પ-શક્તિ; ઇચ્છા એ તો મુખ્ય બની બેઠેલાં દૈહિક જીવન અને ભૌતિક મનમાં આવેલી તપઃશક્તિની વિકૃતિ છે. દુનિયાને કબજામાં લેવાની અને માણવાની આત્માની સાચી શરૂઆત એટલે જ આનંદનો સંકલ્પ; અને કામનાઓના સંતોષનો ઉપભોગ એ તો છે માત્ર, આ આનંદના સંકલ્પનું પ્રાણમય અને ભૌતિક અધઃપતન. શુદ્ધ સંકલ્પ-શક્તિ અને ઇચ્છા એ બેની વચ્ચેનો આનંદનો આંતરિક સંકલ્પ અને મન તથા શરીરની બાહ્ય વાસનાઓ અને કામનાઓ એ બેની વચ્ચેનો ભેદ પકડવો એ બિલકુલ અનિવાર્ય છે. જો આપણા અનુભવોમાં સક્રિય રીતે આપણે આ ભેદ સ્થાપી ના શકીએ તો પ્રાણઘાતક સંન્યાસ તથા અશુદ્ધ અને સ્થૂળ રીતે જીવવાનો સંકલ્પ એ બેમાંથી એકને જ પસંદ કરવાનું રહે છે. અથવા તો એ બે વચ્ચે એક કઢંગું, અસ્થિર અને જોખમભર્યું સમાધાન સાધવાનો યત્ન કરવાનો રહે છે. હકીકતમાં તો માનવ-સમુદાય આમ જ કરી રહેલો છે; ગણ્યાગાંઠ્યા માનવો જીવવાની સહજ પ્રેરણાને કચડીને સંન્યાસમય પરિપૂર્ણતા પામવા મથામણ કરે છે; તો આમ-જનતા જીવવાની સ્થૂળ પ્રેરણાને વશ વર્તે છે અને સમાજે લાદેલાં કે સંસ્કારી માનવે પોતાના આચાર-વિચારમાં આપમેળે સ્વીકારેલાં બંધનો અને અંકુશોને આધીન બને છે; તો વળી કેટલાંક લોકો નૈતિક તપસ્યા તથા મન અને પ્રાણની ઇચ્છાઓનો મર્યાદાશીલ ઉપભોગ એ બેની વચ્ચે સમતુલા સાચવે છે અને તેને ડહાપણભરી સમજ અને સ્વસ્થ માનવજીવનરૂપી મધ્યમ માર્ગ ગણે છે. પણ આપણે જે પરિપૂર્ણતા, જીવનમાં રહેલ સંકલ્પ-શક્તિનું જે દિવ્ય નિયંત્રણ

ઝંખી રહ્યાં છીએ તે તો આમાંથી એક પણ માર્ગ મળે તેમ નથી. પ્રાણને પૂરેપૂરો કચડી નાખવો એટલે તો જે જીવનશક્તિ દ્વારા દેહનિવાસી આત્માના વિશાળ કાર્યને માનવજીવનમાં આધાર આપવાનો છે તેનો જ નાશ; સ્થૂળ જીવનની ઇચ્છાઓનો યથેચ્છ ઉપભોગ એટલે અપૂર્ણતામાં પડયા રહેવાનો સંતોષ; અને એ બે વચ્ચે સમાધાન એટલે અર્ધે રસ્તે આરામ,—નહિ પૃથ્વીનો કબજો, નહિ સ્વર્ગની પ્રાપ્તિ. પણ જો આપણે કામનાઓથી વિકૃત નહિ થએલી શુદ્ધ સંકલ્પશક્તિ મેળવી શકીએ (અને એ મળતાં સમજાય છે કે ઉછાંછળી, ધુમાડામાં ગૂંગળાતી, તુરત થાકી જતી અને બેબાકળી બની જતી ઇચ્છારૂપી જ્યોતના કરતાં તે ઘણી જ વધારે મુક્ત, શાંત, સ્થિર અને સમર્થ શક્તિ છે), અને કામનાની કોઈ પણ સતામણીથી હેરાન કે પરિમિત નહિ થતો શાંત, આંતરિક આનંદનો સંકલ્પ હાથ કરી શકીએ તો મન પર આક્રમણ કરતા જુલ્મગાર કે દુશ્મન-શા પ્રાણને એક આજ્ઞાંકિત કરણ તરીકે પલટી શકીએ છીએ. આ ઊર્ધ્વ તપઃશક્તિ અને આનંદના સંકલ્પને પણ જો આપણે એક ઇચ્છા જ ગણવી હોય તો ગણી શકીએ છીએ; પણ તો આપણે એમ માનવું પડશે કે પ્રાણની કામના સિવાય બીજી એક દિવ્ય ઇચ્છા પણ છે, એક એવી ભગવત્-ઇચ્છા પણ છે કે જેના અંધકાર-શા પડછાયારૂપ જ પેલી નિમ્ન કામના છે અને એ કામનાનું તેમાં જ રૂપાંતર કરી નાખવાનું છે. જે વસ્તુઓની ખાસિયતો અને આંતરિક ક્રિયાઓ તદ્દન જુદી જ જાતની હોય તેમને માટે શબ્દો પણ જુદા જુદા જ રાખવા એ વધારે સારું છે.

એટલે પ્રાણને ઇચ્છાઓમાંથી મુક્ત કરવો અને પરિણામે આપણી પ્રકૃતિની સામાન્ય અવસ્થાને ઊલટાવી નાખવી તથા પ્રાણમય પુરુષને, ઉપાધિઓ ઊભી કરતી એક જોરદાર શક્તિમાંથી મુક્ત અને અનાસક્ત મનના એક કહ્યાગરા કરણરૂપે બદલી નાખવો એ વિશુદ્ધિનું પહેલું પગથિયું છે. પ્રાણની આ વિકૃતિ સુધરી જતાં અંતઃકરણના અન્ય અંતરિયાળ ભાગોની વિશુદ્ધિમાં પણ સહાય મળે છે અને એ સુધારો સંપૂર્ણ બને ત્યારે તેમની વિશુદ્ધિ પણ સહેલાઇથી સંપૂર્ણ બનાવી શકાય છે. આ અંતરિયાળ ભાગો એટલે ઊર્મિમય મન, ઇન્દ્રિયબોધોને ગ્રહણ કરતું મન અને કર્મેન્દ્રિયોને પ્રેરતું કે સક્રિય આવેગોનું મન. પરસ્પર કાર્યની એક અતિ મજબૂત ગાંઠથી આ બધાં ભેગાં બંધાઈ રહેલાં છે. ઊર્મિમય મનથી વિકૃતિરૂપ ગમાઅણગમા એ, રાગદ્વેષનાં, ઊર્મિભર્યાં આકર્ષણ અને પ્રત્યાકર્ષણનાં દ્વંદ્વ ઉપર આધાર રાખે છે. આપણી બધી જ ઊર્મિઓના ગૂંચવાડા તથા આત્મા

ઉપરના તેમના જુલ્મો, આ ગમાઅણગમાના, ઊર્મિઓ અને સંવેદનોમાં થતા કામનામય પુરુષના ચાલ્યે આવતા પ્રતિકારોમાંથી ઊભા થાય છે. પ્રેમ અને ધિક્કાર, આશા અને ભય, હર્ષ અને શોક એ સર્વે આ એક જ મૂળમાંથી ઊભાં થાય છે. આપણી પ્રકૃતિ (એટલે કે આપણાં અસ્તિત્વમાં રહેલી અસલ ટેવો) કે પછી આપણી "બીજી પ્રકૃતિ"–રૂપ આપણી પાડેલી ટેવો (કે જે ઘણી વાર વિકૃત પણ હોય છે) તે આપણા મન સમક્ષ જે કાંઈ વસ્તુઓને "પ્રિય" તરીકે રજૂ કરે છે તે બધી આપણને રુચે છે, ગમે છે, તેમને આપણે આવકારીએ છીએ, ઇચ્છીએ છીએ, માણીએ છીએ; તો વળી જે કાંઈ "અપ્રિય" તરીકે રજૂ થાય તેને માટે આપણે અણગમો, ઘૃણા અને ડર રહે છે. તેને આપણે દૂર હડસેલીએ છીએ. ઊર્મિપ્રધાન પ્રકૃતિની આ ટેવ આપણા બુદ્ધિદોર્યા સંકલ્પોના માર્ગમાં આવે છે અને ઘણી ય વાર તેમને ઊર્મિમય જાતના નિઃસહાય ગુલામ બનાવે છે, અથવા પ્રકૃતિ પર મુક્ત નિર્ણય અને નિયંત્રણ અજમાવતાં તેમને અટકાવે તો છે જ. આ વિકૃતિને સુધારવાની જ છે. સૂક્ષ્મ પ્રાણમાંની ઇચ્છા અને ઊર્મિમય મનમાં થતી તેની દખલગીરીમાંથી મુક્ત થવાય તો આ સુધારણા સહેલી થાય છે; કારણકે તેથી હૃદયના સખત બંધનરૂપ આસક્તિ, હૃદય–તંતુઓમાંથી ખરી પડે છે. રાગદ્વેષરૂપ અનૈચ્છિક ટેવ હજી ય રહે છે ખરી પણ આસક્તિના જોર પર હઠીલી ના રહી શકવાથી બુદ્ધિ અને સંકલ્પશક્તિ તેને સહેલાઈથી દૂર કરી શકે છે. અશાંત હૃદય પર પ્રભુત્વ મેળવી શકાય છે અને આકર્ષણ અને ઘૃણાની ટેવોમાંથી તેને મુક્ત કરી શકાય છે.

ઇચ્છામાંથી મુક્ત થવાની બાબતમાં જેમ અહીં પણ એમ લાગી જવા સંભવ છે કે આ ગમા–અણગમામાંથી મુક્ત થતાં આપણી ઊર્મિમય જાત મરી જવાની. અને વિકૃતિ કાઢી નાખ્યા પછી તેની જગ્યાએ જો ઊર્મિમય મનનું સમ્યક્ કાર્ય લાવી ના મૂકીએ તો એમ જ થવાનું; મન શૂન્યતાભરી ઉદાસીનતાની એક તટસ્થ સ્થિતિમાં, અથવા ઊર્મિની કોઈ હલચલ કે તરંગ વિનાની શાંતિભરી નિસ્પૃહાની પ્રકાશપૂર્ણ અવસ્થામાં ચાલ્યું જવાનું. આમાંની પહેલી સ્થિતિ તો ઇચ્છનીય છે જ નહિ; અને બીજી અવસ્થા શાંતિવાદી સાધના માટે એક પરિપૂર્ણતા ભલે હોય પણ જે પૂર્ણ પરિપૂર્ણતા પ્રેમનો અસ્વીકાર નથી કરતી, આનંદનાં વિવિધ આંદોલનોથી દૂર નથી રહેતી તેમાં તો તે માત્ર એક એવી વચગાળાની ભૂમિકા જ બની શકે કે જેને પસાર કરી જવાની છે; તે સાચી પ્રવૃત્તિના પાયા તરીકે સ્વીકારેલી, તૈયારીરૂપ નિષ્ક્રિયતા જ બની શકે. આકર્ષણ અને

ઘૃણા, ગમા અને અણગમા એ સામાન્ય માનવ માટે ગોઠવાએલું એક જરૂરી તંત્ર છે, તેની આજુબાજુ થતા, ખુશ કરનારા અને પસંદ પડતા તથા સહાયરૂપ તો વળી જોખમ ભરેલા એવા હજારો દુન્યવી સંપર્કોમાંથી સહજ પ્રેરણાનો આશરો લઈ, પસંદગી કરવા માટેની પ્રાથમિક સહાય છે. બુદ્ધિ પોતાના કાર્યપ્રદેશ તરીકે આ રચના સ્વીકારે છે અને સહજ તથા અંધ પ્રેરણાની પસંદગીને, ડહાપણભરી સમજ અને સંકલ્પ વડે સુધારવાનો યત્ન કરે છે. કારણકે જે કાંઈ મનપસંદ હોય તે હમેશાં યોગ્ય નથી હોતું, પસંદગીને પાત્ર નથી હોતું; કે જે કાંઈ અણગમતું હોય તે હમેશાં અયોગ્ય નથી હોતું, દૂર રાખવા જેવું કે ફેંકી દેવા જેવું નથી હોતું. મનગમતું અને યોગ્ય એટલે કે "પ્રેય" અને "શ્રેય" એ બેની વચ્ચે વિવેક કરતાં, અને ઊર્મિના તરંગોથી નહિ પણ સમ્યક્ સમજથી પસંદગી કરતાં શીખવાનું છે. પણ આ કામ વધારે સારી રીતે તો માત્ર ત્યારે જ થઈ શકે કે જ્યારે ઊર્મિનાં સૂચનો હટી ગયાં હોય અને હૃદય પ્રકાશપૂર્ણ શાંતિમાં સ્થિર બન્યું હોય. અને ત્યારે હૃદયની પોતાની સાચી પ્રવૃત્તિને પણ બહાર લઈ આવી શકાય છે. કારણકે ત્યારે આપણે જોઈ શકીએ છીએ કે આ બધો વખત, ઊર્મિ-જોતર્યા આ કામનામય પુરુષની પાછળ એક પ્રેમમય અને વિશુદ્ધ આનંદમય પુરુષ શુદ્ધ અંતરાત્મા રાહ જોતો બેસી રહ્યો હતો, જે ક્રોધ, ભય, ધિક્કાર, ઘૃણાની વિકૃતિઓથી ઢંકાઈ ગયો હતો, અને જે સમગ્ર દુનિયાને એક પક્ષપાતરહિત પ્રેમ અને આનંદ વડે બાથમાં નહોતો લઈ શકતો. પણ શુદ્ધ બનેલું હૃદય ક્રોધથી અને ભયથી અને ધિક્કારથી અને દરેક જાતના સંકોચ અને ઘૃણાથી મુક્ત હોય છે; તેનામાં વિશ્વ જેટલો વિશાળ પ્રેમ હોય છે; ભગવાન તેને દુનિયામાં જે કાંઈ વિવિધ આનંદ આપે તે સર્વેને તે અક્ષુબ્ધમાધુર્ય અને પારદર્શકતાપૂર્વક સ્વીકારી શકે છે. પણ તે ન તો પ્રેમ અને આનંદભર્યો કોઈ શિથિલ ગુલામ છે કે ન તો કર્મોનો માલિક બની તે કોઈ ઇચ્છાઓ કરે છે કે ન તો પોતાની જાતને ઠોકી બેસાડવા યત્ન કરે છે. કર્મો કરવા માટે જરૂરી એવું પસંદગી કરવાનું કાર્ય તે મુખ્યત્વે બુદ્ધિને સોંપી દે છે અને આપણે જ્યારે બુદ્ધિને પેલે પાર પહોંચી જઈએ ત્યારે અતિમાનસિક તપસ્ જ્ઞાન અને આનંદમય આત્માને સોંપી દે છે.

જ્ઞાનેન્દ્રિયો સાથે સંબંધિત મન એ લાગણી માટેનો મનનો નાડીપ્રધાન પાયો છે; તે વસ્તુઓના સંપર્ક માનસિક રીતે મેળવે છે અને તેમને માનસિક સુખ-દુઃખના એવા પ્રત્યુત્તર આપે છે કે જે ગમા-અણગમારૂપ ઊર્મિમય

દ્વંદ્વને માટેનો આરંભ કરી દે છે. હૃદયની બધી જ ઊર્મિઓની સાથે નાડીમય મનની કાંઈક ક્રિયા જોડાએલી હોય છે જ; અને આપણે ઘણી વાર અનુભવીએ છીએ કે હૃદયને દ્વંદ્વના કોઈક સંકલ્પમાંથી મુક્ત કરી નાખીએ તોપણ નાડીમય મનમાં કોઈક ખલેલકારક મૂળ રહી ગયું હોય છે અથવા ભૌતિક મનમાં કોઈક એવું સ્મરણ જળવાઈ રહ્યું હોય છે કે જે, બૌદ્ધિક સંકલ્પ તેને જેમ જેમ દૂર ધકેલે તેમ તેમ નરી ભૌતિકતા તરફ દૂર ને દૂર જતું જાય છે, અને શુદ્ધ બનેલા હૃદયમાં આવી વસેલો વિશ્વમય પ્રકાશપૂર્ણ આનંદ જ્યાં સુધી નાડીઓને પણ એ જ આનંદની મુક્તાવસ્થામાં મૂકી ના આપે ત્યાં સુધી તે સ્મરણ બહારથી આવતા એક એવા સૂચન તરીકે ટકી રહે છે કે જેને મનોમય નાડીઓ કદીક કાંઈક પ્રત્યુત્તર આપી પણ બેસે. કર્મેન્દ્રિયોને આવેગો આપતું સક્રિય મન એ, પ્રત્યુત્તર આપતી ક્રિયાઓ માટેનો નિમ્ન ભાગ કે વાહન છે; તેની વિકૃતિ એ કે તે અશુદ્ધ, ઊર્મિપ્રધાન અને જ્ઞાનેન્દ્રિય-પ્રધાન મનનાં સૂચનોને, પ્રાણની કામનાઓને, શોક, દુઃખ, ધિક્કાર, વાસના, ઝંખના અને એવાં જ બીજાં અશાંત જાતનાં કર્મો કરવા પ્રેરતા આવેગોને આધીન છે. તેનાં પોતાનાં આગવાં સમ્યક્ કાર્યો પણ છે; તાકાત, શૌર્ય, મનોબળથી ભરેલી, શુદ્ધ, વેગપૂર્ણ શક્તિ કે જે માત્ર પોતાને ખાતર જ કે નિમ્ન અંગોની આજ્ઞાનુસાર નહિ, પણ શુદ્ધ બુદ્ધિ અને સંકલ્પશક્તિની કે વિજ્ઞાનમય પુરુષની આજ્ઞાઓના એક નિષ્પક્ષ વાહન તરીકે કાર્ય કરે છે એ તેની પોતાની, આગવી સમ્યક્ કાર્ય-શક્તિ છે. આપણે જ્યારે આ વિકૃતિઓમાંથી મુક્ત થઈએ અને આ સાચી જાતનાં કર્મો કરવા માટે મનને સાફ કરીએ ત્યારે નિમ્ન મનોમયતા શુદ્ધ અને પરિપૂર્ણતા માટે તૈયાર થઈ ગણાય. પણ એ પરિપૂર્ણતા મેળવવા માટે વિશુદ્ધ અને પ્રકાશ પામેલ બુદ્ધિ પ્રાપ્ત કરવી પડે છે; કારણકે બુદ્ધિ એ જ છે મનોમય પુરુષમાં વસતી મુખ્ય શક્તિ અને પરમ પુરુષનું મુખ્ય મનોમયકરણ.

## પ્રકરણ : ૭

# શુદ્ધિ : બુદ્ધિની અને સંકલ્પ–શક્તિની

બુદ્ધિને વિશુદ્ધ કરવા માટે પહેલા તો આપણે તેનું અટપટું કહી શકાય તેવું બંધારણ સમજવું પડશે. અને મન વિવેક–શક્તિશાળી બુદ્ધિ અને પ્રકાશ પામેલી સંકલ્પ–શક્તિ કે જેમની વચ્ચે આપણે સામાન્ય રીતે ખાસ તફાવત જોતાં નથી તેમની વચ્ચેનો ભેદ સહુથી પહેલાં સ્પષ્ટ કરી લેવો પડશે. મન એટલે ઇન્દ્રિયપ્રધાન મન. માનવની પ્રાથમિક મનોમયતા જરા પણ તર્કપ્રધાન કે સંકલ્પમય નથી હોતી. તે પશુના જેવી દૈહિક કે ઇન્દ્રિયપ્રધાન મનોમયતા હોય છે; બાહ્ય જગત તેની ઉપર જે કાંઈ અસરો કરે તથા આવી બાહ્ય અસરોને તેની પોતાની દેહસ્થ ચેતના જે કાંઈ પ્રત્યુત્તરો આપે તે બધાંમાં જ આ ઇન્દ્રિયપ્રધાન મનનો પૂરેપૂરો અનુભવ–પ્રદેશ આવી જાય છે. બુદ્ધિ તો તે પછી એક ગૌણ શક્તિ તરીકે વિકસી છે; પણ ઉત્ક્રાંતિની દૃષ્ટિએ તે પહેલા નંબરની શક્તિ થઈ પડી છે; તેમ છતાં તે જેનો ઉપયોગ કરે છે તે નિમ્ન કરણની ઉપર જ તેને આધાર રાખવો પડે છે. તે પોતાનાં કાર્યો માટે ઇન્દ્રિયપ્રધાન મન ઉપર આધાર રાખે છે અને ખુદ પોતાના ઊર્ધ્વ સ્તર પર પણ તેને જે કાંઈ કરવું હોય તે પણ તે આ ભૌતિક કે ઇન્દ્રિયમય પાયામાંથી મળતાં જ્ઞાન અને ક્રિયાઓને આગળ વધારીને જ કરી શકે છે,— અને તે પણ મુશ્કેલીથી, માથાકૂટથી અને ઠોકરો ખાઈને. માણસના મનનો સામાન્ય પ્રકાર છે અર્ધ પ્રકાશિત દૈહિક કે ઇન્દ્રિયપ્રધાન મનોમયતા.

મન એ પણ હકીકતમાં તો બાહ્ય ચિત્તમાંથી જ વિકસી આવેલું છે; બાહ્ય સ્પર્શોની ઉત્તેજના અને ધક્કાથી ચિત્તરૂપી ચેતનાના અણઘડ પદાર્થમાં જે સૌથી પહેલી વ્યવસ્થા ઊભી થઈ તે આ મન. ભૌતિક રીતે આપણે શું છીએ ? જડ પદાર્થ–તત્ત્વમાં નિદ્રાધીન થએલ એક આત્મા છીએ; આ પદાર્થ–તત્ત્વ એક જીવંત દેહ તરીકેની જરાતરા જાગૃત અવસ્થામાં વિકસ્યું છે અને બાહ્ય ચેતનાના એક એવા અણઘડ મસાલાથી ભરપૂર થઈ ગએલું છે કે જે બાહ્ય જગતના બાહ્ય સંપર્કો પ્રત્યે થોડુંઘણું જીવંત અને ચેતનવંત છે; અને આ બાહ્ય જગતમાં આપણે આપણી સચેતન જાતને

વિકસાવી રહ્યાં છીએ. બહિર્મુખ બનેલી ચેતનાના આ પદાર્થે પશુઓમાં, અનુભવ લેતા અને કાર્ય કરતા મનની એક સુનિયંત્રિત ઇન્દ્રિય તરીકે આકાર લીધો છે. હકીકતમાં તો ઇન્દ્રિય એટલે પોતાની આજુબાજુની દુનિયા સાથેનો દેહધારી ચેતનાનો મનોમય સંપર્ક. આ સંપર્ક એ તાત્ત્વિક રીતે તો હમેશાં એક મનોમય ઘટના જ હોય છે; પણ હકીકતમાં તેનો મુખ્ય આધાર હોય છે પદાર્થો અને તેમના ગુણધર્મ સાથે સંપર્ક રાખવા માટેની અમુક ઇન્દ્રિયોના વિકાસ ઉપર; અને આ પદાર્થોનાં તે જે ચિત્રો ઊભાં કરે છે તેમનું પોતાની ટેવોના આધારે તે માનસિક મૂલ્ય આંકી શકે છે. આપણે જેને ભૌતિક ઇન્દ્રિયો કહીએ છીએ તેમાં બે બાબતો રહેલી છે. એક તો પદાર્થોની, ઇન્દ્રિયો તથા નાડીઓ દ્વારા પડતી છાપ અને બીજી મન તથા નાડી વડે આપણે આંકેલું તેનું મૂલ્ય; અને આ બંનેના સંયુક્ત પરિણામે બને છે, જોવાની, સાંભળવાની, સૂંઘવાની, ચાખવાની અને સ્પર્શ કરવાની ક્રિયાઓ તથા એવા બીજા અનેકવિધ ઇન્દ્રિયબોધો કે જેમને માટે આ પાંચ ક્રિયાઓ (ખાસ કરીને સ્પર્શની) એક જાતની શરૂઆત અથવા વ્યવહાર માટેનાં અંતરિયાળ વાહનો બની રહે છે. પણ મન આ જ્ઞાનેન્દ્રિયોનો આશરો લીધા વિના પ્રત્યક્ષ વ્યવહાર દ્વારા પણ ઇન્દ્રિયબોધો પામી શકે છે અને તેમનાં પરિણામો તારવી શકે છે. માનવથી નીચેની સૃષ્ટિમાં આ વધારે સ્પષ્ટ રીતે બને છે. માણસમાં આ પ્રત્યક્ષ ઇન્દ્રિય-જ્ઞાન માટેની શક્તિ એટલે કે મનની પોતાની "છઠ્ઠી ઇન્દ્રિય" હકીકતમાં તો વધારે સતેજ છે; પણ તેણે પોતાની ભૌતિક ઇન્દ્રિયોની ઉપર તથા તેની પુરવણીરૂપે બુદ્ધિ ઉપર પૂરેપૂરો ભરોસો રાખીને આ "છઠ્ઠી ઇન્દ્રિય"ને નિદ્રાવસ્થામાં સરી પડવા દીધી છે.

એટલે મન એ સૌથી પહેલાં તો ઇન્દ્રિયોના અનુભવોની વ્યવસ્થા કરનાર છે; વધારામાં તે શરીરમાં રહેલી ચેતનાના સંકલ્પોના સહજ પ્રત્યુત્તરોને પણ વ્યવસ્થિત કરે છે અને તેને માટેનાં સાધન તરીકે શરીરનો, સામાન્ય ભાષામાં કહીએ તો, કર્મેન્દ્રિયોનો ઉપયોગ કરે છે. આ સહજ ક્રિયાઓમાં પણ બે બાબત રહેલી છે: એક તો ઇન્દ્રિયો તથા નાડીઓ દ્વારા વહી આવતા તરંગો અને બીજી તેમની પાછળ રહેલ, સહજ સંકલ્પરૂપ આવેગની, મન તથા નાડી વડે અમલમાં આવતી સક્રિયતા. આથી જ અતિ પ્રાથમિક સમજ અને સક્રિયતા એ બેની વચ્ચે એક એવું જોડાણ ઊભું થએલું છે કે જે વિકસી રહેલા સમગ્ર પશુ-જગતમાં સર્વત્ર આવી રહેલું છે. પણ આ ઉપરાંત આ મનમાં એટલે કે ઇન્દ્રિયપ્રધાન મનમાં એક એવું પ્રાથમિક પરિણામ તરીકે ઊભું થએલું વિચાર-તત્ત્વ પણ છે કે જે પશુ-જીવનની

ક્રિયાઓની સાથે સાથે જ વિકસે છે. જેવી રીતે જીવંત દેહમાં ચિત્તની એક એવી ફેલાયે જતી અને કબજો જમાવતી ક્રિયા છે કે જે આ ઇન્દ્રિયપ્રધાન મનનો આકાર ધારણ કરવા માંડે છે. તેવી જ રીતે આ ઇન્દ્રિયપ્રધાન મનમાં પણ એક એવી ફેલાયે જતી, કબજો જમાવતી શક્તિ છે કે જે ઇન્દ્રિય-બોધોનો માનસિક રીતે ઉપયોગ કરે છે. તેમને ઇન્દ્રિયપ્રધાન પ્રાથમિક સમજ અને પ્રાથમિક ખ્યાલમાં ફેરવી નાખે છે. અનુભવોને બીજા અનુભવો સાથે સાંકળે છે અને કોઈક રીતે ઇન્દ્રિયોના પાયા ઉપર વિચાર, લાગણીઓ અને સંકલ્પોની ક્રિયા આદરે છે.

ઇન્દ્રિય-બોધો, યાદદાસ્ત, સંકલના,[1] પ્રાથમિક ખ્યાલ તથા તેમાંથી ઊભા થતા નિર્ણય જેવા જરા વિકસિત ખ્યાલ, એ સર્વેના પાયા પર ઊભું થએલું ઇન્દ્રિયપ્રધાન વિચારક-મન એ, બધાં જ વિકસિત પશુજીવન અને તેમની મનોમયતામાં સર્વસામાન્ય છે. અલબત્ત માણસે તો એમાં એવો તો જબરજસ્ત વિકાસ, વિસ્તાર અને જટિલતા સાધ્યાં છે કે જે પશુઓ માટે સંભવિત નથી; તેમ છતાં, જો તે આટલેથી જ અટકી ગયો હોત તો તે માત્ર એક ખૂબ કર્મકુશળ પશુ જ રહ્યો હોત. તે પશુતાના પ્રદેશ અને તેની ટોચને વટાવી જઈ શક્યો છે તેનું કારણ એ કે તે પોતાની ઇન્દ્રિયપ્રધાન મનોમયતામાંથી પોતાની ચિંતનક્રિયાઓને વત્તેઓછે અંશે અલગ કરી શક્યો છે, તેમાંથી પોતે પાછો હઠી જઈને અને તેનાથી ઊર્ધ્વમાં જઈને, અલગ તારવેલી તથા કેટલેક અંશે મુક્ત કરેલી બુદ્ધિ વડે ઇન્દ્રિય-બોધોનું નિરીક્ષણ કરી શક્યો છે અને તેમની ઉપર કાર્ય કરી શક્યો છે. પશુઓમાં બુદ્ધિ અને સંકલ્પશક્તિ ઇન્દ્રિયપ્રધાન મનમાં ભળી ગએલાં હોય છે અને તેથી તેનાથી જ પૂરેપૂરાં નિયંત્રિત થતાં હોય છે તથા ઇન્દ્રિય-બોધો, ઇન્દ્રિયમય સમજ અને આવેગોના પ્રવાહમાં તણાતાં હોય છે; તે અંધ-પ્રેરણામય હોય છે. માણસ એવી સમજશક્તિ અને સંકલ્પ-શક્તિ તથા એવું સ્વ-નિરીક્ષક, વિચારવંત અને સર્વનિરીક્ષક તથા બુદ્ધિપૂર્વક સંકલ્પો કરતું મન કામમાં લઈ શક્યો છે કે જે ઇન્દ્રિયપ્રધાન મનમાં ગૂંચવાએલું રહ્યું નથી, પણ તેની પાછળ રહીને તથા તેનાથી ઉપર જઈને આપબળે તથા કેટલીક સ્વતંત્રતા અને અલગતાથી કાર્યો કરી શકે છે. માણસ ચિંતનશીલ બન્યો છે, બુદ્ધિભરી સંકલ્પશક્તિને કેટલેક અંશે મુક્ત કરી શક્યો છે. તે બુદ્ધિને પોતાનામાં છૂટી મૂકી શક્યો છે અને તેને એક સ્વતંત્ર શક્તિ તરીકે આકાર આપી શક્યો છે.

પણ તો આ બુદ્ધિ એ છે શું ? યૌગિક જ્ઞાનના દૃષ્ટિબિંદુથી એમ કહી

---

૧. Association.

શકાય કે તે આત્માનું પ્રકૃતિમાં વસતી આંતરિક, સચેતન જાતનું એટલે કે પુરુષનું, એક એવું કરણ છે કે જેના વડે તે ખુદ પોતાની તેમ જ પોતાની આજુબાજુની દુનિયાની ઉપર એક જાતનું સચેતન અને વ્યવસ્થિત પ્રભુત્વ મેળવે છે. ચિત્તનાં અને મનનાં સમગ્ર કાર્યની પાછળ આ આત્મા, પુરુષ મોજૂદ હોય છે; પણ જીવન જ્યાં સુધી નીચલા પ્રકારનું હોય ત્યાં સુધી તે મોટે ભાગે અવચેતન, સુષુપ્ત કે અર્ધ જાગૃત હોય છે, પ્રકૃતિના યંત્રવત્ કર્મપ્રવાહમાં ભળી ગએલો હોય છે; પણ જીવનની સીડી પર તે જેમ જેમ ઊંચે ચડતો જાય છે તેમ તેમ તે વધારે જાગૃત થતો જાય છે અને વધારે ને વધારે આગળ આવતો જાય છે. બુદ્ધિને સક્રિય કરીને તે પૂર્ણ જાગૃતિનું કાર્ય શરૂ કરે છે. મનોમય નિમ્ન ક્રિયાઓમાં પુરુષ પ્રકૃતિનો પ્રભુ હોવાને બદલે તેનાથી હેરાન થતો હોય છે; કારણકે ત્યાં તેને સચેતન અને સદેહી અનુભૂતિઓમાં ખેંચી જતી યાંત્રિક ક્રિયાઓનો તે પૂરો ગુલામ હોય છે. બુદ્ધિ એ જોકે છે તો પ્રકૃતિનું જ એક કરણ, તેમ છતાં તેમાં દાખલ થતાં આપણને કાંઈક એવું હાથ ચડે છે કે જેના વડે પ્રકૃતિ પુરુષને એવી સહાય કરતી, એવું સાધન આપતી જણાય છે કે જેનાથી પુરુષ પ્રકૃતિને સમજી શકે, કબજે કરી શકે, તેનો પ્રભુ થઈ શકે.

પણ આ સમજ, કબજો કે પ્રભુત્વ પૂરેપૂરાં પ્રાપ્ત નથી કરી શકાતાં તેનું કારણ એ છે કે આપણી બુદ્ધિ પોતે જ હજી અધૂરી છે, હજી માત્ર અર્ધ-વિકસિત અને અર્ધ-ઘડાએલી છે, અસલમાં તે માત્ર એક વચગાળાનું સાધન છે; અને સંપૂર્ણ જ્ઞાન કે પ્રભુત્વ મેળવતાં પહેલાં આપણે બુદ્ધિના કરતાં કાંઈક વધારે મહાન વસ્તુ મેળવવા માટે હજી યે ઊંચે ચડવું જ પડશે. તેમ છતાં એ એક એવી સક્રિયતા તો છે જ કે જેના વડે આપણે એમ જાણી શકીએ છીએ કે આપણી અંદર પશુજીવનના કરતાં વધારે મહાન એવી એક શક્તિ છે, ઇન્દ્રિયવશ મને જોએલા આભાસો કે પ્રાથમિક સત્યોના કરતાં વધારે મહાન સત્ય છે, અને આપણે એ સત્યને મેળવવાનો યત્ન કરી શકીએ તેમ છીએ; તથા એવી મથામણ પણ કરી શકીએ છીએ કે જેથી કર્મો અને કાબૂ માટેની વધારે મહાન અને વધારે સફળ શક્તિ પ્રત્યે આપણી પોતાની પ્રકૃતિ તેમ જ આપણી આસપાસના પદાર્થોની પ્રકૃતિનાં વધારે અસરકારક નિયંત્રણ પ્રત્યે, ઊર્ધ્વતર જ્ઞાન, ઊર્ધ્વતર શક્તિ, ઊર્ધ્વતર અને વિશાળતર ભુક્તિ પ્રત્યે અસ્તિત્વના વધારે ઉચ્ચ પ્રદેશો પ્રત્યે આગળ વધી શકીએ. પણ તો આ આગળ વધવાના રસ્તાનું અંતિમ લક્ષ્ય શું છે? એ તો સ્પષ્ટ જ છે કે એ લક્ષ્ય માત્ર આ જ હોઈ શકે: પુરુષ પોતાનું તેમ જ

પદાર્થોનું સર્વોચ્ચ અને સંપૂર્ણ સત્ય મેળવે, આત્માનું મહત્તમ સત્ય તેમ જ પ્રકૃતિનું પણ મહત્તમ સત્ય મેળવે; અને અસ્તિત્વની એવી સ્થિતિ અને ગતિ મેળવે કે જે પોતે જેમની તરફ ખુલ્લો થઈ રહ્યો છે એ પરમ સત્યના પરિણામરૂપ કે તેની સાથે એકરૂપ હશે, એ સર્વોચ્ચ જ્ઞાનની તે શક્તિ હશે, અને એ મહત્તમ સત્ અને ચિદ્‌ના આનંદની તે ભુક્તિ હશે. પ્રકૃતિમાં આવી વસેલ સચેતન પુરુષની ઉત્ક્રાંતિનું અંતિમ પરિણામ માત્ર આ જ હોઈ શકે.

એટલે, આપણા આત્માનું, આત્મતત્ત્વનું સમગ્ર સત્ય તેમ જ આપણી મુક્ત અને પૂર્ણ જાતનું જ્ઞાન, મહત્તા અને આનંદ પ્રાપ્ત કરવાં એ જ બુદ્ધિની શુદ્ધિ, મુક્તિ અને સિદ્ધિનું લક્ષ્ય હોઈ શકે. પણ પ્રચલિત ખ્યાલ પ્રમાણે આનો અર્થ એમ કરવામાં આવે છે : પ્રકૃતિ પર પૂરેપૂરો કબજો નહિ, પણ તેનો ત્યાગ. પ્રકૃતિનાં કર્મોમાંથી મુક્ત થઈને આપણે પુરુષને પ્રાપ્ત કરવાનો છે. ઇન્દ્રિયવશ મન તો માત્ર એવા આભાસો જ રજૂ કરે છે કે જ્યાં પુરુષ પ્રકૃતિને આધીન છે, એમ બુદ્ધિને સમજાતાં, તે આભાસો-ની પાછળ તેને વધારે સાચાં સત્યો દેખાય છે; આથી પુરુષે પણ એમ સમજી લેવાનું છે કે જો બુદ્ધિ પોતે પણ પ્રકૃતિને પામવા મથશે તો તે પણ આપણને માત્ર આભાસો જ આપશે અને આધીનતા વધારશે, માટે એ આભાસોની પાછળ રહેલ આત્માના શુદ્ધ સત્ય માત્રને જ પામવાનું છે. પુરુષ એ પ્રકૃતિના કરતાં તદ્દન ભિન્ન છે અને બુદ્ધિએ, પ્રકૃતિના પદાર્થો સાથેનાં બધાં જ વળગણ અને પનારામાંથી શુદ્ધ બની જવાનું છે; માત્ર એમ કરવાથી જ તે તેમની તથા આત્મા અને આત્મતત્ત્વની વચ્ચેનો ભેદ સમજી શકશે અને તેમને અલગ કરી શકશે; શુદ્ધ આત્મા અને આત્મતત્ત્વનું જ્ઞાન એ જ એકમાત્ર સત્ય જ્ઞાન છે; શુદ્ધ આત્મા અને આત્મતત્ત્વનો આનંદ એ જ એકમાત્ર આધ્યાત્મિક ઉપભોગ છે; શુદ્ધ આત્મા અને આત્મતત્ત્વની ચેતના અને અસ્તિત્વ એ જ માત્ર સાચી ચેતના અને અસ્તિત્વ છે. સર્વે કર્મો અને સંકલ્પો ખરી પડવાં જ જોઈએ કારણકે કર્મો એટલે જ પ્રકૃતિનાં કર્મો; શુદ્ધ આત્મા અને આત્મતત્ત્વ બની રહેવાનો સંકલ્પ એટલે જ સર્વે સંકલ્પો અને કર્મોમાંથી નિવૃત્તિ.

આત્માનાં સત્, ચિદ્, આનંદ અને સામર્થ્યની પ્રાપ્તિ એ પરિ-પૂર્ણતાની શરત છે જ (કારણકે પોતાનાં સત્યને જાણવાથી, પામવાથી અને તેમાં જ રહેવાથી આત્મા મુક્ત અને પૂર્ણ બની શકે છે) એ વાત સ્વીકારવા છતાં અમે એમ મક્કમ રીતે માનીએ છીએ કે પ્રકૃતિ એટલે આત્મતત્ત્વની સનાતન કર્મધારા અને પ્રાગટ્ય-પ્રવાહ; પ્રકૃતિ એ કોઈ દાનવી જાળ નથી,

ઇચ્છાઓ, ઇન્દ્રિયો, પ્રાણ અને મનોમય સમજ અને સંકલ્પમાંથી ઊભા થએલા આભાસોની આડરસ્તે દોરતી ટોળકી નથી; પણ આ બધી ઘટનાઓ તો સૂચનો છે, અણસારા છે, અને તે સર્વેની પાછળ આત્મતત્ત્વનું એવું સત્ય રહેલું છે કે જે તેમને વટાવી જાય છે અને વાપરે છે. અને અમે એમ પણ માનીએ જ છીએ કે અંદર ચીપકી બેઠેલું એક એવું આધ્યાત્મિક વિજ્ઞાન અને તપઃશક્તિ પણ હોવાં જ જોઈએ કે જેના વડે સર્વવ્યાપી, છૂપું આત્મતત્ત્વ પોતાનું સત્ય જાણે છે. સંકલ્પો કરે છે અને પ્રકૃતિમાં પોતાની જાતને પ્રગટ કરે છે તથા તેનું નિયંત્રણ કરે છે. તેને મેળવવું, તેની સાથે વ્યવહાર કરવો કે તેમાં ભાગ લેવો એને આપણી પરિપૂર્ણતાનું એક અંગ બનાવવું જ જોઈશે. એટલે બુદ્ધિની શુદ્ધિનું લક્ષ્ય આપણી પોતાની જાતના સત્યની પ્રાપ્તિ તો છે જ, પણ પ્રકૃતિમાં રહેલી આપણી જાતના સર્વોચ્ચ સત્યની પ્રાપ્તિ એ પણ ખરું જ. આ હેતુ પાર પાડવા માટે આપણે સૌથી પહેલાં જે કાંઈ આપણી બુદ્ધિને ઇન્દ્રિયપ્રધાન મનને આધીન બનાવે છે તે સર્વેમાંથી શુદ્ધ કરવાની છે અને એકવાર એ પાર પડે એટલે તેની પોતાની મર્યાદાઓ-રૂપી અશુદ્ધિ દૂર કરવાની છે અને તેની નિમ્ન સમજ અને સંકલ્પશક્તિને આધ્યાત્મિક તપઃશક્તિ અને જ્ઞાનનાં મહાન કર્મોમાં પલટી નાખવાની છે.

ઇન્દ્રિયવશ મનની મર્યાદાઓને ઓળંગી જવા માટે બુદ્ધિએ જે પ્રવૃત્તિ આદરી છે તે માનવવિકાસમાં અર્ધી તો સિદ્ધ થઈ ચૂકી છે. માનવપ્રકૃતિની સામાન્ય ક્રિયાઓમાં એ એક ભાગરૂપ બની ગઈ છે. ચિંતનપ્રધાન મન, બુદ્ધિ અને સંકલ્પ-શક્તિનું કાર્ય શરૂઆતમાં પરવશ હોય છે. તે ઇન્દ્રિયોએ આપેલી માહિતી, પ્રાણની ઝંખનાના આદેશો તથા કર્મેન્દ્રિય-પ્રધાન મનની અંધ પ્રેરણાઓ, ઇચ્છાઓ, ઊર્મિઓ અને આવેગોને સ્વીકારી લે છે અને તેમને માત્ર વ્યવસ્થિત માર્ગ આપવાનો અને સફળતાથી પાર પાડવાનો યત્ન કરે છે. પણ જેમની સમજશક્તિ અને સંકલ્પો નિમ્ન મન વડે દોરાતાં અને દબાએલાં રહેતાં હોય તેવા માણસો હલકી પ્રકૃતિવાળા હોય છે અને આપણી સચેતન જાતનો જે ભાગ આ દોરવણીને આધીન થાય છે તે આપણા માણસપણાનો છેક નીચેનો ભાગ હોય છે. બુદ્ધિનું ઊર્ધ્વ કાર્ય છે નિમ્ન મનને પાર કરીને તેને કાબૂમાં રાખવાનું; અલબત્ત તેનો ત્યાગ કરવાનો નથી, પણ જે કાર્યોનો તે એક પ્રાથમિક અણસારો જ કરે છે તે સઘળાં કર્મોને બુદ્ધિ અને સંકલ્પના ઊંચા સ્તર પર ઉઠાવી લેવાનાં છે. ઇન્દ્રિયવશ મનના સંસ્કારોને એક એવી વિચારશક્તિ કામમાં લે છે કે જે તેમને ઓળંગી

ગએલી હોય છે; અને તેઓ જે સત્યો આપી નથી શકતાં તેવાં વિચાર-શક્તિનાં ખ્યાલપ્રધાન સત્યો, તાત્ત્વિક સત્યો અને ભૌતિક શાસ્ત્રનાં સત્યો તે મેળવી શકે છે; ઇન્દ્રિય-સંસ્કારવાળા પ્રાથમિક મનની ઉપર ચિંતનશીલ, સંશોધક, મીમાંસામય મન વિજય અને આધિપત્ય મેળવે છે તથા તેને સુધારે છે. અંધ આવેગથી પ્રત્યુત્તર આપતાં કર્મેન્દ્રિય-પ્રધાન મનને, પ્રાણની ઝંખનાઓને તથા ઊર્મિમય ઇચ્છાઓને વશ મનને બૌદ્ધિક સંકલ્પ-શક્તિ હાથમાં લે છે અને એક એવું વધારે વિશાળ, નીતિ-પ્રધાન મન તેમની ઉપર વિજય અને આધિપત્ય મેળવે છે તથા તેમનામાં સુધારણા કરે છે, કે જે યોગ્ય, આવેગ, યોગ્ય ઇચ્છાઓ, યોગ્ય ઊર્મિઓ તથા યોગ્ય કર્મો માટેના નિયમો શોધી કાઢીને તદનુસાર તેમને દોરે છે. એ જ પ્રમાણે, અણઘડ ઉપભોગો માણતા જ્ઞાનેન્દ્રિય-પ્રધાન મનને, ઊર્મિમય મનને તથા પ્રાણમય મનને પણ બુદ્ધિ હાથમાં લે છે અને એક એવું વધારે ઊંડું અને સુખસભર સૌંદર્યગ્રાહક મન તેમની ઉપર વિજય અને આધિપત્ય મેળવે છે તથા તેમનામાં સુધારણા કરે છે કે જે સાચા આનંદ અને સૌંદર્યના નિયમો શોધી કાઢીને તે પ્રમાણે તેમને દોરે છે. નિયંત્રક બુદ્ધિ, કલ્પના, નિર્ણયશક્તિ, સ્મરણ-શક્તિ, ઇચ્છાશક્તિ, વિવેકશક્તિ અને આદર્શ લાગણી ધરાવતા આત્માથી દોરાતા, બુદ્ધિપ્રધાન, ચિંતનમય અને સંકલ્પશીલ માનવની એક સમધારણ શક્તિ આ બધી નવરચનાઓને કામમાં લે છે; અને આ આત્મા તેમનો જ્ઞાન, આત્મવિકાસ, અનુભૂતિ, શોધ, સર્જન અને સફળતા ખાતર ઉપયોગ કરે છે, તથા પ્રકૃતિ-નિવાસી આત્માના જીવનને એક વધારે ઉચ્ચ વસ્તુ બનાવવાની અભીપ્સા રાખે છે, મથે છે અને આંતરિક રીતે સિદ્ધ કરે છે. હવે પેલો પ્રાકૃત કામનામય પુરુષ દોરતો નથી હોતો. તે કામનામય પુરુષ હજી પણ હોય છે ખરો પણ તે એક ઊર્ધ્વ શક્તિથી દબાએલો અને દોરાતો હોય છે; આ ઊર્ધ્વશક્તિએ સત્ય, તપઃશક્તિ, કલ્યાણ અને સૌંદર્યના દેવોને પોતાનામાં પ્રગટ કરેલા હોય છે અને તે, જીવનને આ દેવોને આધીન કરવાનો યત્ન કરે છે. કામનામય પુરુષ અને મન પોતાને એક આદર્શ આત્મા અને મનમાં પલટી નાખવા યત્ન કરતા હોય છે; અને જેટલે અંશે આ મહત્તર સચેતન પુરુષનો પ્રભાવ અને સુમેળ સ્થાપિત અને આરૂઢ થાય તેટલે અંશે આપણી માનવતા વિકસી ગણાય.

તેમ છતાં બુદ્ધિની આ પ્રવૃત્તિ ખૂબ અધૂરી છે. આપણે જાણી શકીશું કે બુદ્ધિની, વધારે સંપૂર્ણતા તરફની પ્રગતિનો આધાર નીચેની બે જાતની પરિપૂર્ણતાઓ આપણે કેટલે અંશે પ્રાપ્ત કરીએ છીએ એની ઉપર છે : એક

તો નિમ્ન સૂચનોના નિયંત્રણમાંથી વધારે ને વધારે નિર્લેપતા; અને બીજું, એક એવા સ્વયંભૂ અસ્તિત્વ-પ્રકાશ, શક્તિ અને આનંદ (કે જે સામાન્ય માનવતાને પેલે પાર છે અને તેનું રૂપાંતર કરી રહેલ છે) તેની વધારે ને વધારે પુનઃપ્રાપ્તિ. નૈતિક મન જેટલે અંશે ઇચ્છાઓ, ઇન્દ્રિયોનાં સૂચનો, આવેગો, પ્રણાલિકાથી પ્રેરાએલાં કર્મો એ બધાંથી નિર્લેપ થઈ શકે અને એવા સત્ય-ધર્મ, પ્રેમ, શક્તિ અને શુદ્ધિમય પુરુષને શોધી શકે કે જેમાં તે સહજતાથી રહી શકે, જેને તે પોતાનાં સર્વે કર્મોનો પાયો બનાવી શકે. તેટલે જ અંશે તે પરિપૂર્ણ થઈ શકે છે. સૌંદર્ય-ગ્રાહક મન પણ જેટલે અંશે પોતાના અણઘડ આનંદોમાંથી અને સૌંદર્ય-પારખુ બાહ્ય, પ્રચલિત નિયમોમાંથી નિર્લેપ થઈ શકે અને શુદ્ધ, અનંત, સૌંદર્યમય અને આનંદમય એક એવા સ્વયંભૂ પુરુષ અને આત્મતત્ત્વને શોધી શકે કે જે સૌંદર્યદૃષ્ટિનાં સર્વે સાધનોને પોતાનો નિજી પ્રકાશ અને આનંદ આપે છે, તેટલે જ અંશે તે પરિપૂર્ણ થઈ શકે છે. જ્ઞાનમય મન પણ જ્યારે પોતાની માન્યતાઓ અને મતાગ્રહો અને મતોમાંથી મુક્ત બને અને આત્મજ્ઞાન અને અંતઃસ્ફુરણાઓનો એવો પ્રકાશ શોધી શકે કે જે ઇન્દ્રિયો અને સમજશક્તિની સર્વે ક્રિયાઓને, સર્વે આત્મ-અનુભવો અને વિશ્વ-અનુભવોને પ્રકાશિત કરે છે, ત્યારે જ તે પરિપૂર્ણ થઈ શકે છે. સંકલ્પ-શક્તિ પણ જ્યારે પોતાના આવેગો અને કાર્ય-રીતિના રૂઢ ચીલાઓથી દૂર અને તેમની પાછળ જઈ શકે અને આત્મ-તત્ત્વની એવી આંતરિક શક્તિ શોધી શકે કે જે સ્ફુરણાત્મક અને પ્રકાશ-પૂર્ણ કર્મોનું તથા મૌલિક, સુમેળમય સર્જનનું મૂળ છે, ત્યારે જ તે પરિપૂર્ણ થઈ શકે છે. નિમ્ન પ્રકૃતિના સર્વે પ્રભાવોમાંથી દૂર જવું અને આત્મા અને આત્મતત્ત્વના સત્, ચિદ્ અને આનંદના શુદ્ધ અને સમર્થ પ્રતિ-બિંબને બુદ્ધિમાં ઝીલવા મથવું એ જ છે પરિપૂર્ણતા પ્રત્યેની ગતિ.

આ બેવડી ગતિને શક્ય તેટલી સંપૂર્ણ કરવી એ છે આત્મ-પરિપૂર્ણ-તાનો યોગ. બુદ્ધિમાં ઇચ્છાઓની જરા પણ ભેળવણી એ એક અશુદ્ધિ છે. ઇચ્છાઓથી રંગાએલી બુદ્ધિ અશુદ્ધ બુદ્ધિ છે અને સત્યને તે વિકૃત કરે છે; ઇચ્છાઓથી રંગાએલી સંકલ્પ-શક્તિ અશુદ્ધ સંકલ્પ-શક્તિ છે અને આત્માની પ્રવૃત્તિ પર વિકૃતિ, દુઃખ અને અપૂર્ણતાની તે છાપ લગાવે છે. કામનામય પુરુષની ઊર્મિઓની ભેળવણી એ પણ એક અશુદ્ધિ છે અને તે પણ એ જ પ્રમાણે જ્ઞાન અને કર્મો બંનેને વિકૃત કરે છે. ઇન્દ્રિયબોધો અને આવેગોને બુદ્ધિ આધીન થાય એ પણ એક અશુદ્ધિ છે. જ્યાં સુધી ચિંતન-શક્તિ અને સંકલ્પ-શક્તિ એક એવા મહાન માર્ગદર્શકને, પરમ સંકલ્પને,

તપસને, દિવ્ય શક્તિને શોધી ના કાઢે કે જે ઇચ્છાઓ અને મનના સંકલ્પો અને આવેગોના સ્થાને આવી બેસે, જ્યાં સુધી તેઓ એક એવો આનંદ, આત્માનો વિશુદ્ધ આનંદ અને એક એવું પ્રકાશમય આધ્યાત્મિક જ્ઞાન શોધી ના કાઢે કે જે એ દિવ્ય શક્તિનાં કર્મોમાં વ્યક્ત થતાં હોય ત્યાં સુધી તેમણે ઇચ્છાઓ, અશાંત કરતી ઊર્મિઓ તથા આડમાર્ગે લઈ જતા કે માથે ચડી બેસતા આવેગોથી નિર્લેપ થઈને તેમાંથી પાછા હટી જવાનું છે અને સ્વાયત્ત રહીને કાર્યો કરવાનાં છે. આવી સંપૂર્ણ નિર્લેપતા કે જે પૂરેપૂરા આત્મ-નિયંત્રણ વિના શમ, સમતા અને શાંતિ વિના અશક્ય છે, એ બુદ્ધિની વિશુદ્ધિ માટેનું સો ટકા નિશ્ચિત પગલું છે. સમતાપૂર્ણ, શાંત અને નિર્લેપ મન જ મુક્તાત્માની શાંતિને ઝીલી શકે કે તેનાં કર્મોનો પાયો બની શકે.

બુદ્ધિની પોતાની ઉપર બીજી સેળભેળ અને અશુદ્ધ ક્રિયાઓનો ભાર તો છે જ પણ આપણે જ્યારે તેને તેના પોતાના શુદ્ધ સ્વરૂપમાં લાવી મૂકીએ ત્યારે જણાય છે કે તેની પોતાની ક્રિયાઓની ત્રણ ભૂમિકાઓ કે ચડતી કક્ષાઓ છે. તેની પહેલી, પાયારૂપ કક્ષા છે : તેનો એવો આદત-પ્રધાન રૂઢ કર્મપ્રવાહ કે જે ઉપલી તર્કશક્તિ અને નીચલા ઇન્દ્રિયવશ મન એ બેની વચ્ચે કડીરૂપ છે, એક જાતની ચીલાચાલુ સમજ-શક્તિ છે. આ સમજ-શક્તિ પોતે ઇન્દ્રિયોની જુબાનીને આધીન છે; તથા ઇન્દ્રિયવશ મન જીવનને જે રીતે જુએ છે અને સ્વીકારે છે તેની ઉપરથી તર્કશક્તિએ ઘડેલા કર્મ અંગેના નિયમોને પણ આધીન છે. તે પોતે શુદ્ધ વિચાર કે સંકલ્પો ઘડી શકવા સમર્થ નથી; પણ તે ઊર્ધ્વ તર્કશક્તિની ક્રિયાઓને સ્વીકારે છે અને તેમને ચલણી અભિપ્રાયોનું અને વિચાર માટેનાં ચીલાચાલુ ધોરણોનું કે આચારો માટેની રૂઢ આજ્ઞાઓનું સ્વરૂપ આપી દે છે. આપણે જ્યારે ચિંતન-શીલ મનની એક જાતની વાઢકાપ કરીએ તેમાંથી આ ભાગને અલગ કરી નાખીએ અને ઊર્ધ્વ તર્કશક્તિને ઉપર અને અલગ એક મૂંગા સાક્ષી તરીકે પકડી રાખીએ ત્યારે જણાય છે કે આ ચીલાચાલુ સમજ-શક્તિ પોતાના ઊભા કરેલા અભિપ્રાયો અને પદાર્થો પ્રત્યેના પ્રતિકારોનાં પુનરા-વર્તન કર્યા કરતી (પણ કોઈ પણ જાતની મક્કમ અનુકૂળતા કે આરંભ હાથ ધરવાને અશક્ત રહીને) અર્થહીન કૂંડાળામાં દોડદોડી કર્યા કરે છે. ઊર્ધ્વ તર્કશક્તિ તેને કોઈ જાતની અનુમતિ નથી આપતી તે તે જેમ જેમ જાણતી જાય છે તેમ તેમ તે નિષ્ફળ થવા માંડે છે, પોતાની જાત, પોતાની આદતો અને સ્વરૂપોમાંથી વિશ્વાસ ગુમાવવા માંડે છે; બૌદ્ધિક ક્રિયાઓનો ભરોસો છોડવા માંડે છે અને અશક્તિ અને નિષ્ક્રિયતામાં સરકવા માંડે છે.

ચીલાચાલુ, દોડદોડી કરતા, ગોળ ગોળ ફરતા, પુનરાવર્તનો કર્યા કરતા આ વિચારવશ મનને નિશ્ચલ કરવું એ વિચારોને નીરવ કરવાની ક્રિયાનું મુખ્ય અંગ છે અને યોગસાધનામાં ખૂબ અસરકારક ગણાતી ક્રિયાઓમાંની એક છે.

મનના આ ભાગની ઉપર આવેલી તર્કશક્તિની પોતાની પણ બે કક્ષા છે; પહેલી કક્ષા તે એક એવી સક્રિય વ્યવહારલક્ષી બૌદ્ધિકતા કે જેમાં સર્જન, સક્રિયતા અને સંકલ્પ એ જ સાચાં પ્રેરક બળો હોય છે અને જેમાં ચિંતન તથા જ્ઞાનનો ઉપયોગ તો માત્ર એવી પાયારૂપ રચનાઓ અને દિશા-સૂચનો માટે કરવામાં આવે છે કે જે મુખ્યત્વે પરિણામ-સાધક હોય. આ વ્યવહારલક્ષી તર્કશક્તિને હિસાબે સત્ય એટલે માત્ર એક એવી બૌદ્ધિક રચના કે જે આંતરિક અને બાહ્ય જીવનનાં કર્મોનું પરિણામ લાવતી હોય. આ તર્કશક્તિને જ્યારે તેની ઉપરની કક્ષા કે જ્યાંની તર્કશક્તિ પરિણામલક્ષી સત્યોનું નક્કર સર્જન કરવાના કરતાં શુદ્ધ પરમ સત્યને ઝીલવાનું વધારે ઝંખે છે તેમાંથી અલગ કાપી કાઢવામાં આવે ત્યારે આપણને જણાય છે કે આ વ્યવહારલક્ષી તર્કશક્તિ સક્રિય જ્ઞાન વડે અનુભવોનાં મંડાણ, પ્રગતિ અને વિકાસ કરી શકે છે ખરી પણ તેને ચીલાચાલુ સમજશક્તિનો એક પાયા તરીકે આધાર લેવો પડે છે. અને જીવન ઉપર અને વિકસ્યે જતાં સ્વરૂપો ઉપર જ બધો ભાર મૂકવો પડે છે. એટલે એ પોતે જીવન અને કર્મો માટેનું સંકલ્પ-પ્રધાન મન છે, જ્ઞાનપ્રેમી મનના કરતાં વધારે તો સંકલ્પ-શીલ મન છે; તે કોઈ ખાતરીબંધ અને કાયમી અને સનાતન સત્યમાં નહિ પણ સત્યનાં એવાં વિકસતાં અને બદલાતાં સ્વરૂપોમાં રહેતી હોય છે કે જે આપણા જીવન અને આવિર્ભાવોના બદલાએ જતાં સ્વરૂપો માટે કામનાં હોય છે અથવા તો બહુ ઊંચી જાતનાં હોય ત્યારે પણ જીવનનો વિકાસ અને પ્રગતિ સાધતાં હોય છે. આ વ્યવહારલક્ષી મન પોતે આપણને કોઈ સુદૃઢ પાયો કે નિશ્ચિત ધ્યેય આપી શકતું નથી; તે ક્ષણિક સત્યોમાં જીવતું હોય છે, કોઈ સનાતન સત્યમાં નહિ. પણ જ્યારે ચીલાચાલુ સમજ-શક્તિ ઉપરના આધારરૂપી અશુદ્ધિમાંથી તે મુક્ત બને છે ત્યારે તે મહાન સર્જકશક્તિ બની રહે છે, અને ઊંચામાં ઊંચી મનોમય તર્કશક્તિનો સહકાર સાધતાં તો તે, પરમ સત્યને જીવનમાં અમલી બનાવનાર એક મજબૂત વાહન અને હિંમતવાન સેવક બની જાય છે. તેના કાર્યની કિંમત સત્યશોધક સર્વોચ્ચ તર્કશક્તિના મૂલ્ય અને સામર્થ્ય ઉપર આધાર રાખે છે. પણ તે પોતે તો છે : કાલનું એક રમકડું અને જીવનનો ગુલામ. નીરવ બ્રહ્મના સાધકે તેને પોતાનામાંથી ઉખેડી કાઢવાનું જ છે; પૂર્ણ દિવ્યતાના સાધકે

તેને ઓળંગી જવાનું છે, આ જીવનલક્ષી ચિંતનશીલ મનને બદલીને, તેનું રૂપાંતર કરીને વધારે કાર્યસાધક આધ્યાત્મિક તપઃશક્તિને આત્માની સત્યમય તપઃશક્તિને સ્થાપવાની છે.

બૌદ્ધિક સંકલ્પ અને સમજ-શક્તિની ત્રીજી અને ઊંચામાં ઊંચી કક્ષા એટલે એવી બુદ્ધિ કે જે કોઈક વિશ્વવ્યાપી વાસ્તવિકતાની કે તેનાથી પણ ઉચ્ચ કોઈક સ્વયંભૂ સત્યની શોધ તેને પોતાને જ ખાતર આદરે છે અને એ સત્યમાં જીવવાનો પ્રયત્ન કરે છે. મૂળમાં આ જ્ઞાનપ્રેમી મન છે; તે સંકલ્પશીલ મન પણ છે, પણ ગૌણ રીતે જ. તેનું અસલ વલણ જ્યારે અતિ પ્રબળ થઈ જાય છે ત્યારે જ્ઞાન-પ્રાપ્તિના સંકલ્પ સિવાયના અન્ય સંકલ્પ માટે તે અસમર્થ બની જાય છે. કર્મો કરવા માટે તેને વ્યવહારલક્ષી મનની મદદ લેવી પડે છે. તેથી જ માણસ કર્મો કરવા જતાં તેના સર્વોચ્ચ જ્ઞાનને પકડી પાડેલા પરમ સત્યનું શુદ્ધ સ્વરૂપ ગુમાવી બેસે છે અને એક નીચલી કક્ષાની, સેળભેળ, અશુદ્ધ અને અસ્થિર કાર્યસાધકતામાં સરી પડે છે. જ્ઞાન અને સંકલ્પ વચ્ચે વિરોધ તો ઠીક પણ વિસંવાદની હયાતી એ પણ માનવબુદ્ધિની એક મુખ્ય ખામી છે. પણ તે ઉપરાંત માણસની ચિંતન-શક્તિમાં બીજી કેટલીક મૂળભૂત મર્યાદાઓ પણ છે. આ સર્વોચ્ચ બુદ્ધિ માણસમાં તેના શુદ્ધ સ્વરૂપે કાર્ય નથી કરતી; નિમ્ન મનોમયતાની ખામીઓ તેની ઉપર હુમલા કર્યા કરતી હોય છે, તેને સતત રૂંધતી, વિકૃત કરતી, ઢાંકતી હોય છે, તેના પોતાના શુદ્ધ કાર્યને અટકાવતી કે પાંગળું બનાવતી હોય છે. માનસિક અધોગતિની આ ટેવમાંથી માનવબુદ્ધિને મુક્ત કરી ગમે તેટલી શુદ્ધ કરીએ તોપણ તે સત્યને શોધનારી જ શક્તિ રહે છે, – તે કદી પણ સત્યને પૂરેપૂરું કે પ્રત્યક્ષ રીતે કબજે કરી શકતી નથી. આત્માના સત્યનું તે માત્ર પ્રતિબિંબ જ ઝીલી શકે છે અને તેને મર્યાદિત મનોમય મૂલ્ય અને સ્પષ્ટ મનોમય આકાર આપીને જ તે તેને પોતાનું કરી શકે છે. વળી પ્રતિબિંબ પણ તે અધૂરું જ ઝીલી શકે છે; કોઈક અનિશ્ચિત સમગ્રતા કે મર્યાદિત વિગતોનો એકાદ સરવાળો જ તે પકડી શકે છે. પહેલાં તો તે આ કે તે અધૂરા પ્રતિબિંબને પકડે છે અને પછી ચીલાચાલુ મનની ટેવને આધીન બનીને તેને એક અચલ કેદખાના જેવો અભિપ્રાય બનાવી મૂકે છે. આવી રીતે બાંધી દીધેલા દૃષ્ટિબિંદુથી જ તે બધાં નવાં સત્યોને મૂલવે છે અને એ રીતે તેમની ઉપર મર્યાદા મૂકતાં બાંધી લીધેલા અભિપ્રાયોના રંગરોગાન ચઢાવે છે. બાંધ્યા અભિપ્રાયોના ભોગ બનવાની બુદ્ધિની આ ટેવમાંથી તેને ગમે તેટલી મુક્ત કરીએ તોપણ તે એક બીજી રિબામણીનો

ભોગ બનેલી રહે છે; તે છે : તાત્કાલિક અમલ માટે વ્યવહારલક્ષી મનનું દબાણ. આ દબાણને લીધે તેને વિશાળ સત્યોની શોધમાં જવાનો સમય નથી મળતો, અને તેણે જે કાંઈ જીવ્યું, જાણ્યું, મેળવ્યું હોય તેનો અમલી સાક્ષાત્કાર કરવામાં જ બંધાઈ રહેવું પડે છે. આ બધા બંધનમાંથી બુદ્ધિને મુક્ત કરવામાં આવે તો તે પ્રકાશમાં પ્રકાશ ઉમેરતું, એક સાક્ષાત્કારમાંથી બીજા સાક્ષાત્કારમાં જતું, પરમ સત્યના પ્રતિબિંબને શુદ્ધ અને નમનીય રીતે ઝીલતું સાધન બની શકે છે. ત્યારે તેને માત્ર પોતાની આગવી મર્યાદાઓનાં જ બંધન રહે છે.

આ મર્યાદાઓ મુખ્યત્વે બે જાતની છે. એક તો, તે જે સાક્ષાત કરે છે તે માત્ર માનસિક રીતે કરે છે, જ્યારે પરમ સત્યને પોતાને પામવા માટે માનસિક બુદ્ધિને ઓળંગી જવું પડે છે. વળી મનની પ્રકૃતિ જ એવી છે કે જેથી તેણે મેળવેલાં સત્યોને તે સફળ રીતે એકરૂપ નથી કરી શકતું. તે માત્ર તેમને પાસે પાસે ગોઠવી શકે છે અને તેમનામાં રહેલા વિરોધો જોઈ શકે છે, અથવા તો તેમને ટુકડે ટુકડે, ખપજોગાં અને વ્યવહારુ રીતે ભેગાં કરી શકે છે. પણ છેવટે તેને ખબર પડે છે કે પરમ સત્યનાં અનંત પાસાં છે અને તેણે આપેલાં બૌદ્ધિક સ્વરૂપોમાંથી એક પણ યથાર્થ નથી હોતું. કારણકે આત્મ-તત્ત્વ અનંત છે અને તેમાં સર્વ કાંઈ સત્ય હોવા છતાં મનની એક પણ શક્તિ આત્માના સમગ્ર સત્યને રજૂ કરી શકતી નથી. એટલે બુદ્ધિ કાં તો પોતાના પર પડતાં બધાં સત્યનાં અનેક પ્રતિબિંબો કરી નાખતો એક શુદ્ધ અરીસો બની રહે છે (જોકે તે કાંઈ પરિણામ તો ઉપજાવી જ નથી શકતી અને તેને અમલી બનાવવા જતાં તે કાં તો કાંઈ જ નિર્ણય નથી લઈ શકતી અથવા તદ્દન અસ્તવ્યસ્ત થઈ જાય છે); અથવા તો તેણે થોડોએક ભાગ પસંદ કરવો પડે છે અને એ ભાગ એ સમગ્ર સત્ય નથી એમ જાણવા છતાં તે સમગ્ર સત્ય હોય તેમ તેને વર્તવું પડે છે. તે અમલમાં મૂકી શકે તેના કરતાં અનેકગણું મોટું સત્ય તેણે મેળવ્યું હોવા છતાં અસલ અજ્ઞાનમાંથી આવી મળેલી મર્યાદાઓથી અસહાય બનીને તેણે સક્રિય થવું પડે છે. તો વળી બીજે, તદ્દન ઊલટો રસ્તો એ છે કે તેણે જીવન અને વિચારણાઓથી વિમુખ થઈ જવું અને પોતાનાથી જ પર થઈને, પોતાનાથી પરના સત્યમાં સમાઈ જવું. આમ કરવા માટે તેણે કાં તો સત્યના કોઈ એક પાસાનો, કોઈ એક તત્ત્વનો, તેના કોઈ એક પ્રતીક કે સૂચનનો સ્વીકાર કરીને, તેને તેનાં નિરપેક્ષ, એકલક્ષી, એક-પક્ષી સાક્ષાત્કાર-પદ સુધી ખેંચી જવું પડે છે; અથવા તો, અનિર્ધારિત સત્ કે અસત્નો કોઈ એક એવો ખ્યાલ કે જેમાંથી સમગ્ર જીવન અને વિચારણા શૂન્યમય બની જાય, તેનો

આશરો લઈને તેને સાક્ષાત કરવો પડે છે. તેથી બુદ્ધિ, એક પ્રકાશપૂર્ણ નિદાને આધીન થઈ જાય છે અને આત્મા આધ્યાત્મિક અસ્તિત્વની કોઈ અનિર્વચનીય ઊર્ધ્વતામાં લય પામી જાય છે.

એટલે બુદ્ધિનો પ્રશ્ન હાથ ધરતાં આપણે આમાંથી એક રીતને પસંદ કરવી પડશે; અથવા તો આપણે એક વિરલ પરાક્રમ પણ આદરી શકીએ તેમ છીએ; તે છે : આપણા આત્માને મનોમયતાના પ્રદેશમાંથી વિજ્ઞાનના આધ્યાત્મિક પ્રદેશમાં ઊંચે ઉઠાવીને જોવાનું કે એ પરમ પ્રકાશ અને શક્તિના કેન્દ્રમાંથી આપણને શું હાથ લાગે તેમ છે. આ વિજ્ઞાનમયતાના પ્રદેશમાં તો દિવ્ય તપોજ્ઞાનનો સૂર્ય, પરમ ચિન્મય પુરુષરૂપી સ્વર્ગાકાશમાં ઝળહળી રહ્યો છે; તેના હિસાબે મનોમય બુદ્ધિ અને સંકલ્પ–શક્તિ એટલે માત્ર વેરવિખેર અને વાંકાંચૂકાં કિરણો અને પ્રતિબિંબોનું કેન્દ્રીકરણ. વિજ્ઞાન–સૂર્યમાં જ રહેલી છે દિવ્ય એકતા; અને તે છતાં,– અથવા તો તેને જ લીધે–, તે અનેકવિધતા અને વિવિધતાઓનું નિયંત્રણ કરી શકે છે; તે ભલે કોઈ એકાદ જ ભાગને ઉઠાવે કે કોઈક મર્યાદાનો સ્વીકાર કરે કે કેટલાક ટુકડાઓને જ ભેગા કરે પણ તે છતાં તેમાંનું કાંઈ જ પેલા અસલ અજ્ઞાને તેની ઉપર લાદેલું નહિ હોય પણ આત્મ–પ્રતિષ્ઠિત દિવ્ય જ્ઞાનના જોરે તેણે પોતે જ વિકસાવેલું હશે. વિજ્ઞાનની પ્રાપ્તિ થાય એટલે તેને સમગ્ર પ્રકૃતિ ઉપર અજમાવીને માનવીય જાતને દિવ્ય બનાવી શકાય. એકી સપાટે વિજ્ઞાનમાં ચડી જવું એ અસંભવિત છે; જો એમ કરી શકાતું હોત તો એ એક એવો આંચકાભર્યો અને ઉગ્ર ધડાકો થાત, સૂર્યના બારણાને તોડીને કે તેમાંથી છટકીને નાસવાનું થાત કે જેથી પાછા ફરવાની શક્યતા નહિવત્ રહેત. આપણે તો કડીરૂપ, કે પુલના જેવા, એક એવા સ્ફુરણાત્મક કે પ્રકાશભર્યા મનની રચના કરવાની છે કે જે પોતે વિજ્ઞાનના હોવા છતાં જેમાં વિજ્ઞાનનો એક પ્રાથમિક, ઊતરી આવેલો પુંજ સાકાર થઈ શકે. આ પ્રકાશભર્યું મન શરૂઆતમાં તો એક સંમિશ્રણ જ હશે કે જેમાંથી આપણે બધા જ મનોમય ટેકા અને મનોમય રચનાઓ સાફ કરી નાખવા પડશે કે જેથી બધા જ સંકલ્પો અને વિચારણાઓ પ્રકાશભરી વિવેકશક્તિ, અંત:સ્ફુરણા, પ્રેરણા અને સત્યદર્શનની સહાયથી ચિંતનમય દૃષ્ટિ અને સત્યાન્વેષી સંકલ્પ–શક્તિમાં પલટાઈ જાય. એ જ હશે બુદ્ધિની વિશુદ્ધિનું આખરી પગલું અને વિજ્ઞાનની સિદ્ધિ માટેની પ્રાથમિક તૈયારી.

## પ્રકરણ : ૮

# આત્માની મુક્તિ

**મ**નોમય પુરુષ અને સૂક્ષ્મ પ્રાણને વિશુદ્ધ કરવાથી આત્માની મુક્તિ માટેની ભૂમિકા તૈયાર થાય છે. (ભૌતિક શુદ્ધિ એટલે કે શરીરની અને સ્થૂળ પ્રાણની શુદ્ધિ એ પણ સર્વાંગી પરિપૂર્ણતામાં જરૂરી તો છે જ પણ હાલ પૂરતો એ સવાલ આપણે જરા બાજુ પર રાખીશું.) શુદ્ધિ એ મુક્તિ માટેની શરત છે. કોઈ પણ જાતની શુદ્ધિ એ એક છુટકારો છે, મુક્તિ છે, કારણકે તેથી આપણને સાંકડા રાખતી, બાંધી રાખતી, અંધકારમાં રાખતી અપૂર્ણ-તાઓ અને ગૂંચવાડાઓને ફેંકી દેવામાં આવે છે: કામનાઓની શુદ્ધિથી સૂક્ષ્મ પ્રાણને મુક્તિ મળે છે તો અયોગ્ય ઊર્મિઓ અને અશાંતકારી પ્રતિ-કારોની શુદ્ધિથી હૃદયને; અને ઇન્દ્રિયવશ મનના મર્યાદિત વિચારોની શુદ્ધિથી બુદ્ધિની તો નરી, બૌદ્ધિકતામાંથી વિશુદ્ધ થતાં વિજ્ઞાનમાં મુક્તિ મળે છે. પણ આ બધી કરણોની મુક્તિ છે. મુક્તિ પોતે, એટલે કે આત્માની મુક્તિ, એનો પ્રકાર વધારે વિશાળ અને વધારે તાત્ત્વિક છે; એ મુક્તિ એટલે મૃત્યુ-મય મર્યાદાઓમાંથી બહાર નીકળી આત્માની મર્યાદાતીત અમરતામાં પ્રવેશ.

કેટલીક ચિંતન–પદ્ધતિઓના હિસાબે મુક્તિ એટલે પ્રકૃતિ માત્રનો ત્યાગ, શુદ્ધ સતની નીરવ અવસ્થા, નિર્વાણ, શૂન્યમાં વિલય, પ્રકૃતિમય અસ્તિત્વનો ત્યાગ કરીને કોઈક અવર્ણનીય નિરપેક્ષતામાં લય; એ જ મોક્ષ. પણ આનંદ-માં વિલીનતા કે ડૂબકી, કર્મહીન અફાટ શાંતિ, આત્મવિલીનતામાં છુટકારો કે નિરપેક્ષ બ્રહ્મમાં આત્મ–વિસ્મૃતિ એ આપણું ધ્યેય નથી. આવી બધી અનુભૂતિઓમાં જે આંતરિક પરિવર્તન સર્વસામાન્ય હોય, પરિપૂર્ણતા માટે, તાત્ત્વિક અને આત્માની મુક્તિ માટે જે અનિવાર્ય હોય, માત્ર તેવી જ બાબતોનો આપણે મુક્તિના ખ્યાલમાં સમાવેશ કરીશું. અને ત્યારે આપણને જણાશે કે તેમાં હમેશાં બે બાબતો રહેલી છે: એક તો ત્યાગ અને બીજો સ્વીકાર; એક છે નકારાત્મક બાજુ તો બીજી છે ભાવાત્મક બાજુ. મુક્તિ માટેની નકારાત્મક ક્રિયા એટલે મુખ્ય બંધનોમાંથી, આત્માની નિમ્ન પ્રકૃતિમાં રહેલી મૂળભૂત ગ્રંથિઓમાંથી છુટકારો; અને ભાવાત્મક ક્રિયા એટલે ઊર્ધ્વ

આધ્યાત્મિક અસ્તિત્વમાં પ્રવેશ અને વિકાસ. પણ તો, મન, હૃદય અને સૂક્ષ્મ પ્રાણરૂપ કરણોની ગ્રંથિઓ સિવાયની બીજી કઈ છે આવી મૂળભૂત ગ્રંથિઓ ?– ઊંડી, ગૂંચભરી જટિલતાઓ ? શ્રીમદ્ ભગવત્ ગીતામાં આપણને તે દેખાડેલી છે અને ખૂબ ભારપૂર્વક અને વારંવાર પુનરાવર્તન કરીને આગ્રહપૂર્વક કહેલી છે; તે ચાર છે : કામના, અહંતા, દ્વંદ્વભાવ અને પ્રકૃતિના ત્રિ–ગુણ. ગીતાના ખ્યાલ પ્રમાણે ઇચ્છાહીન થવું, અહમ્‌હીન થવું, મન અને આત્મામાં સમતા સ્થાપવી અને ત્રિગુણાતીત થવું એટલે જ મુક્ત થવું. આ વાત આપણે સ્વીકારી શકીએ એમ છીએ કારણકે તે એવી વિશાળ છે કે તેમાં બધી જ મૂળભૂત બાબતો આવી જાય છે. બીજી બાજુએ ભાવાત્મક રીતે, મુક્તિનો અર્થ છે : ચૈત્ય પુરુષ દ્વારા વિશ્વવ્યાપી થવું, આત્મા દ્વારા પરાત્પર થઈ પરમાત્મામાં અદ્વૈત સાધવું અને સર્વોચ્ચ દિવ્ય પ્રકૃતિને પ્રાપ્ત કરવી — એટલે કે ભગવાનના જેવા થવું, તેના સમાનધર્મી થવું. આ જ છે મુક્તિનો સમગ્ર અને સંપૂર્ણ અર્થ અને આ જ છે આત્માની પૂર્ણ મુક્તિ.

અગાઉ આપણે સૂક્ષ્મ કામનામાંથી વિશુદ્ધ થવા અંગે વાત કરી હતી; પ્રાણની ઝંખનાઓ એ આ સૂક્ષ્મ કામનાનો વિકાસમાર્ગી પાયો છે; આપણે તેને વ્યવહારોપયોગી પાયો પણ કહી શકીએ. પણ આ વિશુદ્ધિ તો મનોમય અને સૂક્ષ્મ પ્રકૃતિની હતી; આત્માની નિષ્કામતાનો અર્થ વધારે વિશાળ અને વધારે મૂળભૂત છે; કારણકે કામનાની ગાંઠ બેવડી છે : એક છે નીચે, પ્રાણમાં રહેલી ગાંઠ એટલે કે કરણોમાં રહેલી કામના અને બીજી છે અંતર-આત્મામાં જ રહેલી એક ખૂબ સૂક્ષ્મ ગાંઠ કે જેનો મુખ્ય આધાર પ્રતિષ્ઠા–બુદ્ધિમાં રહેલો છે અને જે આપણા આ અટપટા બંધનનું ઊંડામાં ઊંડું મૂળ છે. નીચેથી જોતાં આપણને કામના પ્રાણની એક એવી ઝંખના લાગે છે કે જે ઊર્મિઓના પ્રદેશમાં હૃદયની ઝંખનાનું સૂક્ષ્મ સ્વરૂપ ધારણ કરે છે અને બુદ્ધિના પ્રદેશમાં, બુદ્ધિના સૌંદર્યપ્રેમી, નીતિપ્રધાન, કર્મપ્રધાન કે તાર્કિક વલણની ઝંખનાઓનું, પસંદગીઓનું કે આગ્રહનું વધારે સૂક્ષ્મ સ્વરૂપ ધારણ કરે છે. આવી કામના એ સામાન્ય માનવ માટે અતિ જરૂરી છે; કોઈ પણ એક નિમ્ન કે ઊર્ધ્વ ઝંખના, પસંદગી કે આગ્રહની આજુબાજુ પોતાનાં સર્વ કર્મોને બાંધી દીધા વિના જીવવું કે કર્મો કરવાં એ તેને માટે અશક્ય છે. પણ આપણે જ્યારે કામનાને ઊર્ધ્વમાંથી જોઈએ ત્યારે જણાય છે કે કરણોની આ કામનાને આધાર આપનાર છે આત્માનો સંકલ્પ. એક એવી શક્તિ, સંકલ્પશક્તિ, તપસ્ છે કે જેના વડે ગુપ્ત રહેલ આત્મા પોતાનાં કરણો ઉપર તેમને કરવાનાં સર્વ કર્મો ઠસાવે છે અને તે કર્મો દ્વારા પોતાના

અસ્તિત્વનો સક્રિય આનંદ માણે છે; અને આ જ આનંદમાં તે કરણો પણ ભાગ લે છે; કદાચ થોડીઘણી પણ સમજ સાથે તેઓ ભાગ લેતાં હોય તોપણ તેમની એ ક્રિયા તદ્દન અંધ અને અપૂર્ણ હોય છે. આ તપસ્ એ એવા પરાત્પર આત્મતત્ત્વની સંકલ્પ-શક્તિ છે કે જે વિશ્વવ્યાપી પ્રવૃત્તિઓનું સર્જન કરે છે, એવા વિશ્વમય પુરુષની સંકલ્પ-શક્તિ છે કે જે તે પ્રવૃત્તિને આધાર અને માર્ગદર્શન આપે છે, એવા મુક્ત વ્યક્તિરૂપ જીવાત્માની સંકલ્પ-શક્તિ છે કે જે એ પ્રવૃત્તિઓની અનેકવિધતા માટેનું આત્મકેન્દ્ર છે. એ તપસ્ એ આ સર્વમાં એકસાથે અને મુક્ત રીતે વસતી એક જ સંકલ્પ-શક્તિ છે, એ સર્વેને એ પોતાનામાં સમાવનારી છે, સુમેળ-સર્જક છે, એકરૂપ છે. આપણે જ્યારે આત્મામાં નિવાસ કરતાં અને ત્યાંથી જ કર્મો કરતાં શીખીએ ત્યારે આપણને એ, અસ્તિત્વના આધ્યાત્મિક આનંદની એક એવી સંકલ્પ-શક્તિ તરીકે દેખાય છે કે જે યત્ન-મુક્ત અને કામનામુક્ત છે, સહજ અને પ્રકાશપૂર્ણ છે, પોતાને કૃતાર્થ કરતી અને પોતાને જ કબજે રહેતી હોય છે. સદા-સંતુષ્ટ અને આનંદ-સભર હોય છે.

પણ વ્યક્તિભૂત જીવાત્મા પોતાના અસ્તિત્વના વિશ્વવ્યાપી અને પરાત્પર સત્યનો સાથ છોડીને જેવો અહમ્ પ્રત્યે વળે છે, જેવો આ સંકલ્પ-શક્તિને પોતાની આગવી મિલકત, અલગ અને અંગત શક્તિ બનાવવાનો યત્ન કરે છે કે તરત જ એ તપઃશક્તિનું સ્વરૂપ બદલાઈ જાય છે; એ એક યત્ન, મથામણ, જોર અજમાવતી ગરમી બની જાય છે; પરિણામ લાવવાના અને પકડ લેવાના સળગતા આનંદ તેને મળે ખરા પણ સાથે સાથે તેને યાતના-ભર્યા પ્રત્યાઘાત અને પરિશ્રમનાં દુઃખ પણ મળે જ છે. આ જ શક્તિ દરેક કરણમાં ઇચ્છા, કામના અને ઝંખનાની બૌદ્ધિક, ઊર્મિપ્રધાન, કર્મપ્રધાન, સંવેદનપ્રધાન કે પ્રાણમય સંકલ્પ-શક્તિ બની જાય છે. જ્યારે દરેક કરણને પોતપોતાને તેમના પોતાના દેખીતા કાર્યારંભમાંથી અને વિશિષ્ટ કામના-માંથી શુદ્ધ કરવામાં આવે ત્યારે પણ આ અપૂર્ણ તપસ્ ટકી રહી શકે છે; અને જ્યાં સુધી તે તેમાં ગુપ્ત ઉદ્ભવસ્થાનને ઢાંકી રાખે કે આંતરિક કાર્યના પ્રકારને વિકૃત કર્યા કરે ત્યાં સુધી જીવાત્માને મુક્તિનો આનંદ જરા પણ મળી શકતો નથી, અથવા તો કર્મમાત્રમાંથી નિવૃત્ત થવાથી જ મળે છે; જો તેને ટકાવી રાખવામાં આવે તો પ્રાણની, કે અન્ય, કામનાઓને તે ફરીથી જાગૃત પણ કરે છે;– વધારે નહિ તો આપણી જાત ઉપર તેમની ભૂતકાલીન છાયા તો તે પાથરે જ છે. કામનાના આ આધ્યાત્મિક અંકુર કે આરંભને પણ હાંકી કાઢવાનું છે, ફેંકી દેવાનું છે; સાધકે કાં તો સક્રિય

શાંતિનો સ્વીકાર કરીને આંતરિક નીરવતાને સંપૂર્ણ કરવાની છે, અથવા તો, વિશ્વવ્યાપી સંકલ્પ સાથે દિવ્ય શક્તિના તપસ્ સાથે એક બની જઈને અંગત સંકલ્પના આરંભનો ત્યાગ કરવાનો છે. નિષ્ક્રિયતાનો માર્ગ એટલે આંતરિક રીતે સ્થગિત થવું, યત્ન, ઇચ્છા, અપેક્ષા કે કોઈ પણ જાતના સક્રિય વલણમાંથી બહાર નીકળી જવું, નિશ્ચેષ્ટ, અનીહ, નિરપેક્ષ, નિવૃત્ત બની જવું; અને સક્રિય માર્ગ એટલે મનમાં તો આવા જ સ્થિર અને ભિન-અંગત બની જવું; પણ પરમ તપોશક્તિને તેના આધ્યાત્મિક શુદ્ધ સ્વરૂપમાં વિશુદ્ધ બનેલાં કરણો દ્વારા કર્મો કરવાનો માર્ગ આપવો. એવે વખતે જો આત્મા આધ્યાત્મિક બનેલી મનોમયતાના પ્રદેશમાં રહેતો હશે તો તે માત્ર એક કરણ બની રહેશે, પોતે નિષ્ક્રિય રહેશે અને સર્વે કર્મોનો આરંભ ત્યજી દેશે. પણ જો તે વિજ્ઞાનમય પ્રદેશમાં આરોહણ કરશે તો એક કરણ બની રહેવાની સાથે સાથે દિવ્ય કર્મોના આનંદમાં અને દિવ્યતાના પોતાના આનંદમાં પણ સહભાગી બનશે; તે પોતાનામાં એકસાથે પુરુષ અને પ્રકૃતિ બંનેને એકસાત્ કરશે.

આપણી જાતનું અહમ્તરફી વલણ, અલગતાવાદી વલણ એ જ છે આ બધી અજ્ઞાનભરી અને બંધનકારી હેરાન કરતી મથામણનું ઉદ્ભવ-કેન્દ્ર. જ્યાં સુધી અહમ્-ભાવમાંથી મુક્ત ના થઈએ ત્યાં સુધી સાચી મુક્તિ શક્ય નથી. અહમ્નું આસન બુદ્ધિમાં છે એમ કહેવાય છે. ભેદ પારખતા મનમાં અને બુદ્ધિમાં અજ્ઞાન રહેલું છે, તેથી જ તેઓ ખોટા ભેદ પારખે છે અને મન, પ્રાણ અને શરીરને મળેલા વ્યક્તિ-સ્વરૂપને અલગભાવી અસ્તિત્વના એક સત્ય તરીકે સ્વીકારી લે છે તથા સમસ્ત અસ્તિત્વની એકરૂપતાનાં વિશાળ અને સુમેળ સાધક સત્યથી દૂર રહે છે. એટલું તો સાચું જ છે કે માણસમાં રહેલ અહમ્-બુદ્ધિ અલગભાવી અસ્તિત્વના અસત્યનો મોટામાં મોટો આધાર છે. તેથી અહમ્-બુદ્ધિના આ ખ્યાલમાંથી મુક્ત થવા માટેનો એક અસરકારક ઉપાય એ છે કે તેનાથી વિરુદ્ધના ખ્યાલ ઉપર, એકતાના, એક-જાતના, એક-આત્માના, પ્રકૃતિમાં રહેલા એકમાત્ર પુરુષના ખ્યાલ ઉપર સ્થિર થવું. પણ આ ઉપાય પોતે એક રામબાણ ઇલાજ નથી. કારણકે અહમ્ આ અહમ્-બુદ્ધિ પર જ મોટે ભાગે પ્રતિષ્ઠિત હોવા છતાં પોતાના અસ્તિત્વને એક જાતની હઠીલાઈ અને જોરપૂર્વક વળગી રહેવા માટે ઇન્દ્રિયવશ મન, પ્રાણ અને શરીરનાં સામાન્ય કર્મોનો જોરદાર સાધનો તરીકે ઉપયોગ કરે છે. જ્યાં સુધી આ કરણોની વિશુદ્ધિ ના થાય ત્યાં સુધી અહમ્-બુદ્ધિને ફેંકી દેવાનું ન તો પૂરેપૂરું શક્ય છે, ન તો પૂરેપૂરું અસર-

કારક. કારણકે તેમનાં કાર્યો સતત અહંતા-ભર્યાં અને અલગતા-વાદી જ થતાં રહેતાં હોવાથી, ગીતામાં કહ્યું છે તે પ્રમાણે, દરિયામાં પવનથી ખેંચાયે જતી નાવની માફક બુદ્ધિ તેમાં તણાઈ જાય છે[1], બુદ્ધિએ મેળવેલું જ્ઞાન સતત અંધકાર-છાયું થઈ જાય છે અથવા અવારનવાર સમૂળગું ચાલ્યું જાય છે અને તેને પુનઃસ્થાપન કર્યા કરવું પડે છે,- જાણે કે પહાડના ઢોળાવ પર ઊંચે ચડાવવા ગબડાવતા જવાની કોઈ ભારે શિલા[2]. પણ જો નિમ્ન કરણોમાંથી અહં-ભરી કામના, ઇચ્છા, સંકલ્પ, અહંભર્યા આવેગો અને અહંભરી ઊર્મિઓને તથા ખુદ બુદ્ધિમાંથી પણ અહંભાવી ખ્યાલો અને બૌદ્ધિક પસંદગીઓને સાફ કરી નાખવામાં આવ્યા હોય તો અદ્વૈતના આધ્યાત્મિક સત્યના જ્ઞાનને સુદૃઢ પાયો મળી રહે. ત્યાં સુધી અહંતા અનેક સૂક્ષ્મ સ્વરૂપો ધારણ કર્યા કરે છે અને આપણે માની બેસીએ છીએ કે આપણે તો અહમ્‌માંથી મુક્ત બની ગયા, પણ હકીકતમાં તો આપણે તેનાં જ કરણ તરીકે કામ કરતા હોઈએ છીએ અને આપણે મેળવેલી હોય છે માત્ર એક બૌદ્ધિક અવસ્થા કે જે, કાંઈ સાચી આધ્યાત્મિક મુક્તિ નથી જ હોતી. વળી સક્રિય અહમ્‌ભાવને દૂર કરવો એ પણ પૂરતું નથી; તેથી તો મનમાં માત્ર નિષ્ક્રિયતાભરી એક અવસ્થા જ સ્થપાવાની, સક્રિય અહંકારની જગ્યાએ અલગ અસ્તિત્વની એક જાતની નિષ્ક્રિય, જડ શાંતિ જ આવી બેસવાની. અને એ પણ કાંઈ સાચી મુક્તિ નથી. અહમ્‌ભાવની જગ્યાએ પરાત્પર ભગવાન સાથેની અને વિશ્વવ્યાપી અસ્તિત્વની સાથેની એકરૂપતાને સ્થાપવાની જ છે.

આવી જરૂરિયાત ઊભી થવાનું કારણ એ છે કે બુદ્ધિ એ અહંકારનો, અનેકવિધ રમત રમી રહેલા અહંભાવનો માત્ર એક પાયારૂપ આધાર, પ્રતિષ્ઠા છે. પણ જો છેક તેના મૂળમાં નજર નાખીએ તો એ છે આપણી આધ્યાત્મિક જાતના સત્યનો વિનિપાત અને વિકૃતિ. આપણી જાત વિશેનું સત્ય એ છે કે એક એવું પરાત્પર અસ્તિત્વ, સર્વોચ્ચ જાત કે પરમ આત્મ-તત્ત્વ છે, અસ્તિત્વનો કાલાતીત પુરુષ છે, એક સનાતનતા, દિવ્યતા છે, ભગવાન છે અથવા દેવતા અંગેના પ્રચલિત માનસિક ખ્યાલની રીતે કહેતાં એક એવો 'દેવાધિદેવ' છે કે જે અહીંયાં, અંદર આવી વસેલો, સર્વને સમાવી લેતો, સર્વનો આરંભ કરતો, સર્વસ્વનું નિયંત્રણ કરતો એક વિરાટ

---

૧. વાયુર્નાવ મિવામ્ભસિ । - અનુવાદક

૨. શ્રી અરવિંદે અહીં કોરિન્થના રાજા સિસિફસને થયેલી આ જ આકરી સજા-નો ઉલ્લેખ કરેલો છે. - અનુવાદક

વિશ્વવ્યાપી આત્મા છે; અને વ્યક્તિ એટલે એ સનાતન પુરુષની એક એવી સત્-મય સચેતન શક્તિ કે જે તેની સાથે સનાતન રીતે સંબંધ રાખવાને શક્તિમાન તો છે જ પણ સાથે સાથે પોતાના સનાતન અસ્તિત્વના સત્યના અસલ કેન્દ્રમાં તેની સાથે એકરૂપ પણ છે જ. આ એક એવું સત્ય છે કે બુદ્ધિ જેને સમજી શકે છે અને વિશુદ્ધ થયા પછી જેને ઝીલી શકે છે, પોતાનામાંથી પસાર કરી શકે છે અને જેના ઊતરી આવેલા સ્વરૂપને ઝાલી પણ શકે છે; પણ તેનો પૂરેપૂરો સાક્ષાત્કાર કરવાનું, તેનામાં જીવન ધારણ કરવાનું, તેને કાર્યસાધક કરવાનું તો માત્ર આત્મામાં જ શક્ય છે. આપણે જ્યારે આત્મામાં જીવન ધારણ કરીએ ત્યારે આપણા અસ્તિત્વના આ સત્યને માત્ર જાણી જ શકતા નથી પણ આપણે તે જ બની જઈએ છીએ. ત્યારે વ્યક્તિ આત્મામાં અને આત્માના આનંદમાં રહીને વિશ્વવ્યાપી અસ્તિત્વ સાથેની પોતાની એકરૂપતાને, કાલાતીત ભગવાન સાથેની પોતાની એકરૂપતાને અને બીજા સર્વે જીવો સાથેની પોતાની એકરૂપતાને માણે છે; અને આ જ છે અહમ્‌માંથી આત્માની મુક્તિનો સારરૂપ અર્થ. પણ જીવાત્મા જેવો માનસિક મર્યાદાઓ તરફ ઢળવા માંડે છે કે તરત જ એક જાતની આધ્યાત્મિક અલગતાનું ભાન ઊભું થાય છે; તેમાં તેનો પોતાનો અમુક આનંદ હોય છે ખરો, પણ ગમે ત્યારે સંપૂર્ણ અહમ્‌ભાવમાં, અજ્ઞાનમાં, એકરૂપતાના વિસ્મરણમાં તે સરી પડે પણ છે. આ અલગતાના ભાનમાંથી મુક્ત થવા માટે ભગવાનના વિચાર અને સાક્ષાત્કારમાં લીન થઈ જવાનો પ્રયત્ન કરવામાં આવે છે. આ પ્રયત્ન અમુક જાતની આધ્યાત્મિક સાધનાઓમાં સમગ્ર વ્યક્તિગત અસ્તિત્વનો ત્યાગ કરવાનું તથા સમાધિમાં લીન થઈને બધા જ વ્યક્તિગત અને વિશ્વમય સંબંધોને ભગવાનમાં એક કરી નાખવાનું સ્વરૂપ લે છે; તો વળી બીજી કેટલીક સાધનાઓમાં, ખુદ ભગવાનમાં જ — આ જગતમાં નહિ — લીન બની રહેવાનું સ્વરૂપ લે છે; તો વળી કેટલીકમાં તેના સાંનિધ્યમાં જ લીન કે એકાગ્ર બનીને કાયમ માટે રહેવાનું સ્વરૂપ લે છે; આ ત્રણ તે અનુક્રમે સાયુજ્ય, સાલોક્ય અને સામીપ્ય-મુક્તિ. પૂર્ણયોગમાં લેવાનો માર્ગ એવો છે કે સમસ્ત જાતને ઊંચે ઉઠાવીને તેને ભગવાનને શરણે મૂકી દેવી કે જેથી કરીને આપણે આપણા આધ્યાત્મિક અસ્તિત્વમાં તેની સાથે એકરૂપ બની જઈએ એટલું જ નહિ પણ આપણો તેનામાં અને તેનો આપણામાં નિવાસ થાય કે જેથી સમગ્ર પ્રકૃતિ તેની સન્નિધિથી પૂર્ણ બની જાય અને દિવ્ય પ્રકૃતિમાં પલટાઈ જાય; આપણે ભગવાન સાથે આત્મામાં અને ચેતનામાં અને જીવનમાં અને મૂળ-પદાર્થમાં એક બની જઈએ અને સાથે સાથે એ

એકતામાં જ જીવીએ, ફરીએ અને એ જ એકતાનો વૈવિધ્યપૂર્ણ આનંદ માણીએ. અહમ્‌માંથી મુક્ત બની દિવ્ય પુરુષ અને પ્રકૃતિમય બની રહેવાની આવી પૂર્ણ મુક્તિ આપણી હાલની કક્ષાએ તો માત્ર સાપેક્ષ રીતે જ પૂર્ણ થઈ શકે, પણ આપણે જેમ જેમ વિજ્ઞાન પ્રત્યે ખુલ્લા થતા જઈએ અને તેમાં આરોહણ કરતા જઈએ તેમ તેમ તે નિરપેક્ષ બનવા માંડે છે. આ જ છે મુક્તિમય પરિપૂર્ણતા.

અહમ્‌માંથી મુક્તિ અને કામનામાંથી મુક્તિ એ બે ભેગાં મળીને કેન્દ્રવર્તી આધ્યાત્મિક મુક્તિનો પાયો રચે છે. 'આ વિશ્વમાં હું એક આત્મનિર્ભર વ્યક્તિ છું' એવો ભાવ, એવો ખ્યાલ, એવો અનુભવ તથા અનુભવ અનુસાર આપણી ચેતના અને શક્તિને અપાએલો ઘાટ એ બે છે આપણી બધી જ યાતના, અજ્ઞાન અને અનિષ્ટનાં મૂળ. અને તેનું કારણ એ છે કે એનાથી પદાર્થ માત્રનું સમગ્ર સત્ય આચારમાં અને જ્ઞાનમાં બે ય રીતે અસત્ય બની જાય છે; એનાથી આપણી જાત મર્યાદિત બની જાય છે, એનાથી આપણી ચેતના અને આપણું સામર્થ્ય અને આપણો આનંદ મર્યાદિત બની જાય છે. તો વળી આ મર્યાદા અસ્તિત્વની ખોટી રીત, ચેતનાની ખોટી રીત, આપણા અસ્તિત્વ અને ચેતનાના સામર્થ્યને વાપરવાની ખોટી રીત તથા અસ્તિત્વના આનંદનાં ખોટાં, વિકૃત અને વિરુદ્ધ સ્વરૂપો ઊભાં કરે છે. આમ પોતાના અસ્તિત્વમાં મર્યાદિત બનેલ અને આજુબાજુની દુનિયાથી અલગ વ્યક્તિ બનેલા આત્મા પોતાના જ અસલ સ્વરૂપ સાથેની ભગવાન સાથેની દુનિયા સાથેની, સંયોગો સાથેની પોતાની એકતા અને સુમેળનું ભાન ગુમાવી બેસે છે; ઊલટાનો તે વિશ્વ સાથે અથડામણ અનુભવે છે; જે અન્ય જીવો પોતાનાં જ અન્ય સ્વરૂપો છે, — છતાં જેમને તે પરાયાં ગણે છે—, તેમની સાથે તે સંઘર્ષ અને બેસૂરતા અનુભવે છે. અને જ્યાં સુધી આ બેસૂરતા અને વિરોધ ચાલ્યા કરે ત્યાં સુધી તે આ પોતાના જ જગતને પોતાનામાં પામી શકતો નથી અને વિશ્વમય જીવનને માણી શકતો નથી, પણ બેચેની, બીક, અને દરેક જાતની યાતનાનો ભોગ રહે છે, પોતાની જાતને ટકાવી રાખવા અને વિકસાવવા તથા પરિસ્થિતિને કાબૂમાં લેવા દરેક જાતના દુ:ખદાયક સંગ્રામ ખેડે છે,— કારણકે દુનિયાને પોતાની બનાવવી એ અનંત આત્માની ખાસિયત છે અને જીવ માત્રમાં રહેલી જરૂરી પ્રેરણા છે. આ યત્ન અને જહેમતમાંથી તેને જે સંતોષ મળે છે તે ક્ષણિક, દૂષિત અને અસંતોષથી ભરેલો હોય છે; કારણકે તેને સાચી રીતે સંતોષી શકે એવી એકમાત્ર વસ્તુ છે: વિકાસ, પોતાની જ

જાતની પુનઃપ્રાપ્તિ પ્રત્યેનો વિકાસ, સુમેળ અને સંવાદનો કોઈ સાક્ષાત્કાર, સફળ આત્મ-ઘડતર અને આત્મ-સાક્ષાત્કાર; પણ અહમ્‌મય ચેતના પર ઊભા રહીને તે આમાંનું જે કાંઈ જરાતરા મેળવી શકે છે તે હમેશાં મર્યાદિત, ચંચળ, અપૂર્ણ અને ક્ષણિક હોય છે. વધારામાં ખુદ પોતાની જાત સાથે પણ તેને સંગ્રામ ચાલતો હોય છે. તેનું પહેલું કારણ એ કે તેની પોતાની જ સાચી જાતનું કેન્દ્રવર્તી, સુમેળસાધક સત્ય હજી સુધી તેને હાથ લાગ્યું ના હોવાથી તે પોતાનાં કુદરતી અંગોનું ન તો બરાબર નિયંત્રણ કરી શકે છે કે ન તો તેમની વૃત્તિઓ, શક્તિઓ અને માગણીઓને મેળમાં મૂકી શકે છે, સુમેળનું રહસ્ય તેને હાથ ચડ્યું નથી હોતું કારણકે પોતાનાં જ ઐક્ય અને આત્મસંયમનું રહસ્ય તેણે હાથ કર્યું નથી હોતું. અને બીજું કારણ એ કે પોતાના સર્વોચ્ચ સ્વરૂપને તે પામ્યો નહિ હોવાથી તેને માટે તેને મથવું પડે છે; પોતાની સાચી, સર્વોચ્ચ જાતને તે પામે નહિ ત્યાં સુધી તેને શાંત બેસવાની છૂટ નથી. આ બધાંનો અર્થ એ કે તે ભગવાન સાથે એક બનેલો નથી; કારણકે ભગવાન સાથે એક બનવું એટલે પોતાની જાત સાથે, વિશ્વ સાથે અને પ્રાણીમાત્ર સાથે એક બનવું. આ એકતા એ જ છે સાચા અને દિવ્ય અસ્તિત્વનું છૂપું રહસ્ય. પણ એ રહસ્ય અહમ્‌ને હાથ ચડી શકે તેમ નથી, કારણકે એ અહમ્‌ની અસલ ખાસિયત જ છે અલગતા; વળી ખુદ આપણી જાતમાં પણ આપણા ચેતનામય અસ્તિત્વમાં પણ એ, એકતાનું ખોટું કેન્દ્ર છે. કારણકે આપણી જાતમાં પણ તે નિત-બદલાતા મનોમય, પ્રાણમય અને દેહમય વ્યક્તિત્વ સાથે એકરૂપ બનીને એકતા શોધવા મથે છે,—આપણા સમગ્ર અસ્તિત્વની સનાતન જાત સાથે એકરૂપ બનીને નહિ. એકમાત્ર આધ્યાત્મિક જાતમાં જ આપણે સાચી એકતા પામી શકીએ તેમ છીએ; કારણકે ત્યાં વ્યક્તિ પોતાના સમગ્ર અસ્તિત્વની વિશાળતા ધારણ કરે છે અને પોતાને વિશ્વવ્યાપી અસ્તિત્વ સાથે અને પરાત્પરમાં પહોંચતી દિવ્યતા સાથે એકરૂપ બનેલ અનુભવે છે.

આત્માની બધી જ મુશ્કેલી અને દુઃખ આ ખોટી અહમ્-પ્રધાન અને અલગતાવાદી અવસ્થામાંથી ઊભાં થાય છે. આત્મા પોતાની નિત્ય-મુક્ત આત્મ-અવસ્થા પામ્યો નહિ હોવાથી अनात्मावान् રહ્યો હોવાથી તેની ચેતના મર્યાદિત રહી હોવાથી તેનું જ્ઞાન પણ મર્યાદિત જ રહે છે; અને આ મર્યાદિત જ્ઞાન વસ્તુઓને જૂઠી બનાવી દેતા જ્ઞાનનું સ્વરૂપ લે છે. સાચા જ્ઞાનમાં પાછા પહોંચવા માટેની મથામણ તેને માથે આવી પડે છે; પણ અલગતા ઊભી કરતા મનવાળો પેલો અહમ્ તો જ્ઞાનના એવા દેખાવો અને

ટુકડાઓમાં જ સંતોષ માને છે કે જેમને ભેગા કરીને તે કોઈક ખોટો તો કોઈક ક્યાશભર્યો આખો કે કામચલાઉ ખ્યાલ ઊભો કરે છે; પણ આવું જ્ઞાન તેને સંતોષી શકતું નથી; તેથી તેને છોડીને એકમાત્ર સાચી વસ્તુના જ્ઞાનની શોધ તેને આદરવી પડે છે. એ એકમાત્ર સાચી વસ્તુ છે ભગવાન, પરમાત્મા, આત્મ-તત્ત્વ કે જેમાં વિશ્વમય પુરુષ અને વ્યક્તિગત આત્માને પોતાનો સાચો પાયો અને પોતાનો સાચો સુમેળ પ્રાપ્ત થાય છે. વળી શક્તિ પણ મર્યાદિત બની હોવાથી આ અહમ્-બાંધ્યો આત્મા અનેક અ-શક્તિઓથી પણ ભરચક બની જાય છે; ખોટા જ્ઞાનની સાથે ખોટા સંકલ્પ, ખોટાં વલણો અને ખોટા આવેગો જોડાઈ જાય છે. અને આ ખોટાપણાના તીવ્ર ભાનમાંથી જ માનવમાં પાપનું ભાન ઊભું થાય છે. પોતાની આ સહજ અશક્તિઓનું સાટું વાળવા તે વ્યવહારનાં ધોરણો ઊભાં કરે છે, કે જેથી અહમ્-પ્રધાન ચેતનામાંથી અને અહમ્-પ્રધાન ચેતનાના પાપભર્યા સંતોષમાંથી છૂટા થવામાં અને તેની જગ્યાએ પુણ્યદાયક આત્મ-સંતોષને સ્થાપવામાં રાજસિક અહંકારના સ્થાને સાત્ત્વિક અહંકાર સ્થાપવામાં તેને સહાય મળે. પણ દૂર તો અસલ પાપને જ કરવાનું છે; એ છે : દિવ્ય સત્ અને દિવ્ય સંકલ્પમાંથી પોતાની જાતની અને પોતાના સંકલ્પની અલગતા. જ્યારે તે દિવ્ય સત્ અને દિવ્ય સંકલ્પ સાથેના અદ્વૈતમાં પુનઃપ્રવેશ કરે છે ત્યારે તે પાપ અને પુણ્યથી પર થઈ જઈને અનંત, સ્વયંભૂ શુદ્ધિમાં અને પોતાની દિવ્ય પ્રકૃતિની સલામતીના પ્રદેશમાં પહોંચી જાય છે. પોતાની અશક્તિઓનું સાટું વાળવા તે પોતાના અપૂર્ણ જ્ઞાનને વ્યવસ્થિત કરવાનો અને પોતાના અર્ધ પ્રકાશિત સંકલ્પ અને સામર્થ્યને સંયમિત કરવાનો તથા બુદ્ધિના કોઈક વ્યવસ્થિત પ્રયાસ વડે તેમને નિયંત્રિત કરવાનો યત્ન કરે છે. પણ તેનું પરિણામ તો હમેશાં માત્ર એક જ આવવાનું : કર્મો માટેની શક્તિનું કોઈક મર્યાદિત, બિન-સલામત, અચોક્કસ અને ભૂલો કરતું ધોરણ અને રીત. માત્ર મુક્ત આત્માના વિશાળ અદ્વૈતમાં ભૂમા[1]માં પુનઃપ્રવેશ કરવાથી જ તેની પ્રકૃતિનાં કર્મો અનંત આત્મતત્ત્વના કરણ તરીકે અણી-શુદ્ધ કાર્ય કરી શકે છે; ત્યારે જ પોતાના અસ્તિત્વના સર્વોચ્ચ કેન્દ્રમાં રહી કાર્ય કરતા મુક્ત આત્માના ઋત અને સત્ય અને શક્તિના પગલે પગલે તેઓ આગળ વધી શકે છે. વળી, પોતાના અસ્તિત્વનો આનંદ પણ મર્યાદિત બન્યો હોવાથી આનંદને, આત્માના સલામત, સ્વયંભૂ, સંપૂર્ણ આનંદને, જગતને ચલાવી રહેલા વિશ્વમય પરમાનંદને પણ તે હાથ કરી શકતો નથી; પણ

૧. ઉપનિષદમાં વપરાએલો શબ્દ. —અનુવાદક

માત્ર સુખ અને દુઃખની, હર્ષ અને શોકની સેળભેળ અને ચંચળ પરંપરામાં જ વહી શકે છે; અથવા તો તેને કોઈક સચેતન અચેતનતાનો કે અધવચની ઉદાસીનતાનો આશરો લેવો પડે છે. અને અહમ્-બદ્ધ મન બીજું કરી પણ શું શકે ? અને અહમ્માં આવી બાદ્ધતા પામેલો આત્મા આવા અસંતોષ-કારક, ગૌણ, અપૂર્ણ, કદીક વિકૃત, અશાંત કે ઊંડી ગએલા ઉપભોગોને આધીન થઈ રહ્યો હોય છે; તે છતાં, આ બધો વખત આધ્યાત્મિક અને વિશ્વવ્યાપી આનંદ અંતરમાં, અંતરઆત્મામાં, આત્મામાં, ઈશ્વર અને અસ્તિત્વ સાથેની છૂપી એકરૂપતામાં મોજૂદ હોય છે. અહમ્ની શૃંખલાને ફગાવી દેવી અને મુક્ત આત્મામાં, અમર આધ્યાત્મિક અસ્તિત્વમાં પાછા જવું એ જ છે આત્માનો પોતાની નિજી સનાતન દિવ્યતામાં પુનઃપ્રવેશ.

અપૂર્ણ, અલગતાવાદી અસ્તિત્વ માટેનો સંકલ્પ, ખોટી તપઃશક્તિ કે જેના પરિણામે પ્રકૃતિવશ પુરુષ પોતાને વ્યક્તિરૂપ બનાવવાનો, પોતાની જાતને, ચેતનાને, જાતની શક્તિને, અસ્તિત્વના આનંદને એક વ્યક્તિ તરીકેની અલગતા આપવાનો, આ બધી વસ્તુઓને ભગવાનના અને વિશ્વવ્યાપી અદ્વૈતના અધિકાર નીચેની નહિ પણ પોતાના અધિકારની અને પોતાની અંગત માલિકીની બનાવવાનો યત્ન કરે છે. એને જ લીધે આ અવળ-માર્ગ ઊભો થાય છે અને અહમ્નું સર્જન થાય છે. એટલે સારરૂપ વાત એ જ કે આ અસલ ઇચ્છામાંથી પાછા હઠી જવું અને ઇચ્છાના સ્પર્શ વિનાના એ તપસ્માં ચાલ્યા જવું કે જેને માટે અસ્તિત્વનો સમસ્ત ઉપભોગ અને અસ્તિત્વ માટેનો સમગ્ર સંકલ્પ છે : મુક્ત, વિશ્વવ્યાપી અને એકતાસાધક પરમ આનંદ. આ બંને બાબતો, ઇચ્છા-સ્વરૂપ સંકલ્પ-શક્તિમાંથી મુક્તિ અને અહમ્માંથી મુક્તિ, એ બંને એક જ છે; અને ઇચ્છામય સંકલ્પ અને અહમ્ એ બેમાંથી સુખદાયક છુટકારાને પરિણામે મળતું અદ્વૈત એ જ છે મુક્તિનો સાર.

પ્રકરણ : ૯

# પ્રકૃતિની મુક્તિ

આપણી જાતની બે બાજુ : એક તો અનુભવ લેતો સચેતન આત્મા અને બીજી સતત અને વિવિધ રીતે પોતાના અનુભવોની આત્માને ભેટ ધરતી વહીવટદાર પ્રકૃતિ; આ બે સંયુક્ત રીતે આપણી આંતરિક અવસ્થાની સર્વ ક્રિયાઓ અને તેનાં પ્રતિકાર્યોને નક્કી કરે છે. પ્રકૃતિની ભેટ હોય છે ઘટનાઓનો પ્રકાર અને અનુભવ માટેનાં કરણોનાં સ્વરૂપ; જ્યારે આત્મા તેના જવાબરૂપે કાં તો આ ઘટનાઓ પ્રત્યેના પ્રતિકાર અંગે પ્રકૃતિએ લીધેલા નિર્ણયોને અનુમતિ આપે છે, અથવા તો અન્ય નિર્ણયો માટેના પોતાના સંકલ્પનો પ્રકૃતિની પાસે સ્વીકાર કરાવે છે. આત્મા જ્યારે સાધન-રૂપ અહમ્‌ચેતનાને તથા કામનાભર્યા સંકલ્પોને શરૂઆતમાં અંગીકાર કરે છે ત્યારે એની એવી અનુમતિ બની રહે છે કે જેથી તે અનુભવોના નિમ્ન પ્રદેશમાં ડૂબી જાય છે અને પોતાની અસલ જાતની દિવ્ય પ્રકૃતિનું વિસ્મરણ કરે છે. અને તેમનો અસ્વીકાર એટલે જ મુક્ત જાતમાં અને અસ્તિત્વના દિવ્ય આનંદ માટેના સંકલ્પમાં તેનો પુનઃપ્રવેશ; આ જ છે આત્માની મુક્તિ. તો વળી આની સામી બાજુએ આ અટપટી ગૂંચમાં પ્રકૃતિનો પોતાનો પણ કાંઈક ફાળો છે; આત્માએ એકવાર પેલી શરૂઆતની સંમતિ આપી અને તેને સર્વ બાહ્ય વ્યવહારોના ધર્મ તરીકે સ્વીકારી એટલે પ્રકૃતિનાં કર્મોનો અને ક્રિયાઓનો અનુભવ લેતા આત્માની ઉપર તે પોતાનો ફાળો ઠસાવે છે. પ્રકૃતિનો આ ફાળો મૂળભૂત બે બાબતોનો બનેલો છેઃ ત્રિગુણ અને દ્વંદ્વો પ્રકૃતિના જે નિમ્ન કર્મપ્રવાહમાં આપણે જીવી રહ્યા છીએ તેમાં એવી જાતના અમુક મૂળભૂત ગુણ રહેલા છે કે જે તેની નિમ્નતાનો સમગ્ર પાયો બની રહેલા છે. પોતાની પ્રાકૃતિક શક્તિઓ-રૂપી મન, પ્રાણ અને શરીરમાં વસતા આત્મા ઉપર આ ગુણો જે અસર કરે છે તેથી તેને બેસૂરતા અને અલગતાનો, વિરોધી વસ્તુઓનાં-દ્વંદ્વો-સંઘર્ષોનો સતત વિરોધમાં રહેતી જોડિયા વસ્તુઓમાં તણાવાનો, તેમની વચ્ચે આમથી તેમ અથડાવાનો કે તેમના મિશ્રણનો ભાવાત્મક અને અભાવાત્મક જોડને ભેગી કરવાનો અનુભવ

થાય છે : અહમ્ અને કામનાભર્યા સંકલ્પોમાંથી સંપૂર્ણ મુક્તિ મળે એટલે તેની સાથે સાથે ત્રિગુણાતીતતા એટલે કે નિમ્ન પ્રકૃતિના ત્રિગુણથી ઊર્ધ્વની અવસ્થા, આ સંમિશ્રિત અને વિરોધભર્યા અનુભવોમાંથી છુટકારો, પ્રકૃતિની દ્વંદ્વાત્મક ક્રિયાઓનો અંત કે ઉકેલ પણ ખાતરીબંધ પ્રાપ્ત થાય જ. પણ અહીં પણ મુક્તિના બે પ્રકાર છે. પ્રકૃતિમાંથી મુક્ત બની પુરુષમાં નિશ્ચલ આનંદ પ્રાપ્ત કરવો એ પહેલો પ્રકાર છે. તો, તેનાથી આગળ વધી, દિવ્ય ગુણ અને વિશ્વાનુભૂતિ માટેની આધ્યાત્મિક શક્તિમાં મુક્ત બનવાથી એ પરમ નિશ્ચલતા જ્ઞાનના, શક્તિના, સુખના અને પ્રભુત્વના સર્વોચ્ચ સક્રિય આનંદથી સભર બને છે. પરમ–આત્મા અને પરમ પ્રકૃતિ એ બેનું દિવ્ય અદ્વૈત એ જ છે પૂર્ણ મુક્તિ.

પ્રકૃતિ એ આત્માની શક્તિ હોવાને લીધે તેનાં કર્મોમાં તે તાત્ત્વિક રીતે સગુણ જ રહે છે; એટલે સુધી કહી શકાય કે પ્રકૃતિ એ અનંત ગુણ આત્માની માત્ર સ્થિતિમય શક્તિ અને તેનો ગતિમય વિકાસ જ છે. તે સિવાયની બીજી બધી જ બાબતો તેનાં બાહ્ય અને યંત્રવત્ સ્વરૂપમાં આવેલી છે; આ સ–ગુણ લીલા એ જ તેની મૂળ, તાત્ત્વિક વસ્તુ છે અને બીજું બધું તેનું પરિણામ અને યાંત્રિક વિવિધતા માત્ર છે. તેની આ મૂળ શક્તિ અને ગુણની ક્રિયાઓને જો એકવાર ઠેકાણે લાવી શકાય તો બાકીનું બધું, અનુભવો સ્વીકારનાર આત્માના નિયંત્રણને આધીન થઈ જાય છે. પણ પ્રકૃતિની નિમ્નતામાં અનંત ગુણોની લીલા એવી મર્યાદિત માત્રાને વિભિન્ન અને વિરોધભર્યા વહીવટને, દ્વંદ્વાત્મક અને બેસૂર તંત્રને આધીન છે કે તેમની વચ્ચે સંવાદિતાની કોઈક વ્યવહારુ અને સક્રિય વ્યવસ્થા શોધવી પડશે અને તેને ચાલુ રાખ્યા કરવી પડશે. આવી આ લીલા કે જે, મેળમાં મુકાએલ કુ–મેળતાઓની, સંઘર્ષભર્યા ગુણોની લીલા છે, જે અનુભવોની એવી અનેક-મુખી શક્તિ અને ગતિની લીલા છે કે જેમની વચ્ચે કોઈક કામચલાઉ આંશિક અને મોટે ભાગે તો તકલાદી મેળ પરાણે બેસાડવો પડ્યો છે, તેવી લીલાને ત્રણ ગુણોના મૂળભૂત વહીવટથી ઠેકાણે રાખવામાં આવી છે; આ ત્રણ ગુણો પ્રકૃતિનાં સર્વે સર્જનોમાં વ્યાપીને પરસ્પર સંઘર્ષ અને સંમિશ્રણ કરી રહ્યા છે. ભારતની બધી જ તત્ત્વ–મીમાંસાઓ અને યોગમાર્ગોએ જેનો સામાન્ય રીતે સ્વીકાર કરેલો છે તેવા સાંખ્ય–દર્શને આ ત્રણ ગુણોને સત્ત્વ, રજસ્ અને તમસ્ એવાં નામ આપેલાં છે[1]. તમસ્ એ જડતામય તત્ત્વ

૧. આ ત્રણ ગુણો વિશે "કર્મયોગ" (ખંડ ૧)માં વાત થઈ ગઈ છે. અહીં તો તેમનો પ્રકાર કેવી જાતનો છે તથા પૂર્ણ મુક્તિમાં તેનું કેવું સ્થાન છે તે ધ્યાનમાં રાખીને જ તેમનો ફરીથી ઉલ્લેખ કરેલો છે.

અને શક્તિ છે; રજસ્ એ સક્રિયતાનું, આવેગનું, યત્નનું, અથડામણનું અને આરંભનું તત્ત્વ છે. સત્ત્વ એ સ્વીકાર, સમતુલા, અને સંવાદનું તત્ત્વ છે.

આ પ્રકારોની દાર્શનિક મીમાંસા સાથે આપણને સંબંધ નથી. પણ ચૈત્યસિક અને આધ્યાત્મિક દૃષ્ટિએ તેમની વ્યવહારુ અગત્ય અતિશય છે, કારણકે પદાર્થ માત્રમાં આ ત્રણે તત્ત્વો પ્રવેશેલાં છે અને તેમની સક્રિયતા, કાર્ય-સાધકતા અને સફળતાનો પ્રકાર તેમનાં સંમિશ્રણ પર આધાર રાખે છે, તથા આત્માના અનુભવોમાં થતું તેમનું વધારે-ઓછું કાર્ય એ આપણા સક્રિય વ્યક્તિત્વને, આપણી આંતરિક વૃત્તિઓને, પ્રકૃતિના પ્રકારને અને ચેતનાના પ્રત્યુત્તરના ઢાળાને ઘાટ આપતું પરિબળ છે. આ ત્રણ ગુણોમાંથી કયું આગળ પડતું છે અને તેઓ કેટલા પ્રમાણમાં પરસ્પર કાર્ય કરે છે તેની ઉપર આપણાં કર્મો અને અનુભવોની ખાસિયતનો આધાર છે. વ્યક્તિરૂપ આત્માને જાણે કે તેમના જ રંગઢંગમાં ચાલવાની ફરજ પડે છે; અને મોટે ભાગે તો તે તેની ઉપર સ્વતંત્ર નિયંત્રણ કરવાને બદલે તેઓ જ તેની ઉપર નિયંત્રણ ચલાવે છે. આત્માને ભલે આ ગુણોનાં કાર્યોની અર્ધ-નિયંત્રિત અંધાધૂંધીમાંથી છૂટા થઈને પૂર્ણ શાંતિમય મુક્તિ જોઈતી હોય; કે પછી પ્રકૃતિનાં આ નિમ્ન વલણોથી પર થવા-રૂપ અને તેમનાં કાર્યોનું ઊર્ધ્વ-માંથી નિયંત્રણ અને રૂપાંતર કરવા-રૂપ મુક્તિ જોઈતી હોય; પણ તે તેમનાં વત્તાંઓછાં કાર્ય, તેમના અધૂરા મેળ અને મિશ્રણ અને તેમના તકલાદી સંવાદને લીધે ઊભા થતા યાતનાભર્યા વિખવાદોમાંથી ઉપર ચાલ્યા જઈને અને તેમનો ત્યાગ કરીને જ તે મુક્તિ મેળવી શકે છે. કાં તો ગુણોને શૂન્ય કરવાના રહ્યા કે પછી ગુણોથી અતીત થવું રહ્યું.

ત્રણે ગુણની અસર આપણી પ્રાકૃત જાતના બધા જ ભાગ ઉપર હોય છે. અલબત્ત મન, પ્રાણ અને શરીર એ ત્રણ ભાગમાંથી અમુક એક એકની ઉપર તેમની બીજાના કરતાં ખાસ વધારે અને મજબૂત પકડ હોય છે. તમસ્ એટલે કે જડતાનું તત્ત્વ એ ભૌતિક પ્રકૃતિ અને શરીરમાં સહુથી વધારે જોરદાર હોય છે. તમસ્‌નું કાર્ય બે જાતનું છે : શક્તિની જડતા અને જ્ઞાનની જડતા. જ્યાં જ્યાં તમોગુણનું સંચાલન આગળ પડતું હોય છે ત્યાં ત્યાં શક્તિનું વલણ આળસ-ભરી મંદતા અને નિષ્ક્રિયતા તરફનું હોય છે, અથવા એવી યંત્રવત્ ક્રિયાઓ તરફનું હોય છે કે જે તેમને કબજે નથી હોતી, પણ એવી અંધ શક્તિઓને કબજે હોય છે કે જે તેમને યંત્રવત્ કૂંડાળામાં ફેરવ્યા કરે છે. વળી ત્યાં ચેતના પણ અચેતનતા કે ઢંકાએલી અવચેતના તરફ વળેલી હોય છે, અથવા એવી અનિચ્છા કે આળસ તરફ કે એવાં યાંત્રિક

રીતે થતાં અચેતનં કાર્ય તરફ વળેલી હોય છે કે જેનામાં પોતાની શક્તિનો કાંઈ ખ્યાલ નથી હોતો, પણુ જે કોઈક બાહ્ય લાગતા ખ્યાલથી (કે પોતાની સક્રિય સચેતનાથી છૂપા રહેલા ખ્યાલથી) દોરાતી હોય છે. આમ આપણા શરીરના પોતાના તત્ત્વની પ્રકૃતિ જડ, અવચેતન અને કાર્યો કરવા માટે અસમર્થ છે,— સિવાય કે તે પોતાને યંત્રવત્ અને ચીલાચાલુ રીતે દોરી શકે છે અને ક્રિયાઓ કરી શકે છે; તેનામાં પોતાનામાં સક્રિયતાનો રજોગુણુ અને સ્થિતિ અને ગતિની સમતુલાનો સત્ત્વગુણુ રહેલો હોવા છતાં,– પ્રત્યુત્તર આપતું તત્ત્વ અંતર્ગત અને ચેતનાનું તત્ત્વ ગુપ્ત રહેલું હોવા છતાં –, તેની રાજસિક ક્રિયાઓનો મોટામાં મોટો ભાગ પ્રાણુ–શક્તિમાંથી આવે છે અને પ્રગટ ચેતના મનોમય પુરુષમાંથી આવે છે. રજોગુણુની સૌથી વધારે મજબૂત પકડ પ્રાણમય પ્રકૃતિ ઉપર હોય છે. આપણી અંદરનું પ્રાણુ–તત્ત્વ એ જ સૌથી વધારે જોરદાર, ગતિમય ક્રિયાશક્તિ છે. પણુ પાર્થિવ પ્રાણુીઓની પ્રાણુશક્તિનો કબજો કામનામય શક્તિએ લીધેલો છે; તેથી રજોગુણુ હમેશાં કર્મો અને કામનાઓ તરફ જ વળે છે. કામના એ માનવો અને પ્રાણુીઓની મોટા ભાગની પ્રવૃત્તિ અને કર્મોનો આરંભ કરનાર છે; તેનું પ્રાધાન્ય એટલું બધું છે કે ઘણા લોકો એને કર્મમાત્રની જનેતા અને ખુદ આપણી જાતની જનક ગણે છે. વળી રજસ્ જુએ છે કે તે અચેતનતા અને યાંત્રિક જડતામાંથી ઉદ્‌ભવેલી ભૌતિક દુનિયામાં આવી પડેલ છે; તેથી તેણે અતિ પ્રબળ વિરોધી શક્તિની સામે કામ કરવાનું છે. તેથી તેના સમગ્ર કાર્યોનો પ્રકાર પ્રયત્નભર્યો અને સંગ્રામભર્યો થઈ પડે છે, કબજો મેળવવા માટેની એક એવી ઘેરાઈ ગએલી અને અંતરાયો અનુભવતી અથડામણુથી ભરચક થઈ પડે છે કે જે સીમાઓ બાંધતી અશક્તિ, નિરાશા અને યાતનાઓ વડે ડગલે ને પગલે મુશ્કેલીમાં મુકાયા કરે છે. અને તે જે કાંઈ સિદ્ધ કરે છે તે પણુ તકલાદી અને મર્યાદિત બની રહે છે, મહેનતના થાકને લીધે તથા અધૂરપ અને ક્ષણિકતાવાળા અંજામને લીધે બેસ્વાદ બની જાય છે. સત્ત્વગુણુની સૌથી વધારે જોરદાર પકડ મનમાં હોય છે, રાજસિક પ્રાણુશક્તિએ કબજે રાખેલા મનના નિમ્ન ભાગોમાં નહિ પણુ ખાસ કરીને તો બુદ્ધિમાં અને સમજભરી સંકલ્પ–શક્તિમાં હોય છે. બુદ્ધિ, સમજશક્તિ, તર્કપ્રધાન સંકલ્પ–શક્તિ એ બધાં તેમનાં આગળ પડતાં પ્રાકૃત તત્ત્વ સત્ત્વગુણુની પ્રેરણાથી સંચાલિત થઈ સર્વ કાંઈને આત્મસાત કરવાનો, જ્ઞાન વડે તથા સમજપૂર્વકના સંકલ્પની શક્તિ વડે અપનાવવાનો સતત યત્ન કરે છે; પ્રકૃતિની ઘટનાઓ અને અનુભવોમાંનાં ઝઘડતાં તત્ત્વોમાં સમતુલા, સ્થિરતા, નિયમન

અને સુમેળ સ્થાપવાનો સતત યત્ન કરે છે; આવા યત્નોથી, તેણે કરેલા ઉપાર્જનની વિવિધ રીતે તથા વિવિધ માત્રામાં તેને સંતોષ મળે છે. પોતે સાધેલી આત્મ-સાતતા, સમતુલા અને સુમેળની સાથે સાથે તેને હમેશાં આરામ, સુખ, પ્રભુત્વ અને સલામતીનું સાપેક્ષ, છતાં ઠીક ઠીક જોરદાર અને સંતોષકારક ભાન થાય છે. તેનો આ અનુભવ રાજસિક કામના અને વાસનાઓના સંતોષથી અસ્થિર રીતે મળતાં ઉપાધિયા અને ઉધમાતિયા સુખના કરતાં જુદી જ જાતનો હોય છે. પ્રકાશ અને સુખ એ સત્ત્વગુણની ખાસિયત છે. દેહધારી, જીવંત, મનોમય જીવનની સમગ્ર પ્રકૃતિ આ ત્રણ ગુણો પર નિર્ધારિત છે.

પણ આ ત્રણ ગુણ એ તો આપણા અટપટા તંત્રના અમુક એક ભાગની માત્ર આગળ પડતી શક્તિ છે. તે ત્રણે ગુણો આપણા જટિલ ચેતના-તંત્રના દરેક અંગ અને દરેક તંતુમાં ભેગા થાય છે, ભળી જાય છે અને ગડમથલ પણ કરે છે. આપણું માનસિક બંધારણ સમજ-શક્તિનું બંધારણ, સંકલ્પ-શક્તિનું બંધારણ, આપણી નૈતિક, સૌંદર્યશોધક, ઊર્મિપ્રધાન, ઇન્દ્રિયપ્રધાન અને ક્રિયાશીલ જાતનું બંધારણ તેમનાથી જ રચાએલું છે. તેમાં તમોગુણનો ફાળો છે : આપણી પ્રકૃતિને હેરાન કરતી બધી જડતા, અજ્ઞાન, અશક્તિ, અનાવડત તથા બુદ્ધિની અંધતા, અચેતનતા, અબુધતા, આદતિયા ખ્યાલ અને યંત્રવત્ વિચારોની પકડ તેમ જ ચિંતન અને જ્ઞાનનો ઇન્કાર, સાંકડું મન, બંધિયાર દૃષ્ટિ, માનસિક આદતોના રગશિયા ચકરાવા અને અંધારિયા ખૂણાઓ. વળી તે વિફલ સંકલ્પ, શ્રદ્ધા અને આત્મ-વિશ્વાસ અને કાર્યારંભનો અભાવ, કામનો અણગમો, યત્ન અને અભીપ્સામાંથી પીછેહઠ, ક્ષુદ્ર અને સાંકડો ઉત્સાહ તથા આપણી નૈતિક અને કર્મપરાયણ જાતમાં જડતા, ભીરુતા, હલકટતા, આળસ, નાના ને નજીવા હેતુઓને શિથિલ આધીનતા અને નિમ્ન પ્રકૃતિની નિર્બળતાભરી તાબેદારી પણ લાવે છે. તો આપણી ઊર્મિપ્રધાન પ્રકૃતિમાં સંવેદન-હીનતા, ઉદાસીનતા, સહાનુભૂતિનો અને ઉઘાડનો અભાવ, બંધ આત્મા, લાગણી-હીન હૃદય, ક્ષણિક પ્રેમ અને જડભાવ લઈ આવે છે અને આપણી સૌંદર્યપ્રેમી અને સંવેદનશીલ પ્રકૃતિમાં બૂઠી રસ-દૃષ્ટિ, પ્રત્યુત્તરનો પરિમિત પ્રદેશ, સૌંદર્ય તરફ અંધતા તથા માનવમાં અજડ, ભારે અને હલકટ ભાવ ઊભા કરનારી સર્વે બાબતો પણ દાખલ કરે છે. રજોગુણ આપણી સામાન્ય, સક્રિય પ્રકૃતિમાં સારું-નરસું બધું જ ભરે છે; સત્ત્વગુણનો જો તેને પૂરતા પ્રમાણમાં પાસ લાગેલો ના હોય તો તે અહંકાર, આપખુદી અને ઉગ્રતા ઊભાં કરે છે; બુદ્ધિનાં વિકૃત, હઠીલાં કે અતિશયતા ભરેલાં કર્મો, પૂર્વગ્રહો, મતાગ્રહો અને

ભૂલના બચાવોને વળગી રહે છે; બુદ્ધિને સત્યની નહિ પણ આપણી કામનાઓ અને પસંદગીઓની સેવક બનાવે છે; મતાંધતા કે ધર્માંધતા, સ્વાર્થી–સંકલ્પો, અભિમાન, ઉદ્ધતાઈ, સ્વાર્થ–પરાયણતા, મોટાઈની આકાંક્ષા, વાસના, લોભ, ક્રૂરતા, ધિક્કાર, અદેખાઈ, પ્રેમની બડાઈ, બધા જ દુર્ગુણો અને આવેશો, રસવૃત્તિની અતિશયતા, ઇન્દ્રિયપ્રધાન અને પ્રાણમય પ્રકૃતિની રોગિષ્ટ કે વિકૃત અવસ્થા ઊભી કરે છે. એકલો તમોગુણ જડ, અજડ અને અજ્ઞાની માનવ–પ્રકૃતિ ઊભી કરે છે તો એકલો રજોગુણ કર્મો, કામનાઓ અને વાસનાઓની ચાબુકથી હંકારાતો જીવનથી તરવરતો અને અજંપાથી ભમ્યા કરતો માનવ સર્જે છે. સત્ત્વગુણ ઊર્ધ્વતર માનવ સર્જે છે. સત્ત્વગુણની ભેટ છે: સમજ અને સમતુલાવાળું, મન, તટસ્થ રીતે સત્ય–શોધતી, સ્વીકારશીલ બુદ્ધિની વિશદતા, બુદ્ધિને આધીન કે નીતિભાવનાથી દોરાતી સંકલ્પ–શક્તિ, આત્મ–સંયમ, સમતા, શાંતિ, પ્રેમ, સહાનુભૂતિ, સંસ્કારિતા, મિત–વ્યવહાર, સૌંદર્યપ્રેમી અને ઊર્મિ–પ્રધાન મનનું લાલિત્ય, સંવેદનમાં નજાકતતા, ન્યાય–પરાયણતા, સ્વસ્થતા અને મિતાચાર તથા પ્રભાવશાળી બુદ્ધિથી સંયમિત અને સંચાલિત પ્રાણશક્તિ. સત્ત્વગુણનાં સિદ્ધ સર્જનો એટલે તત્ત્વચિંતક, સંત અને સુજ્ઞજન, અને રજોગુણનાં મુત્સદ્દી, યોદ્ધાઓ અને સમર્થ કર્મવીર. પણ દરેક માણસમાં ત્રણેય ગુણનું વધારે–ઓછું મિશ્રણ હોય છે, એક કરતાં વધારે જાતનું વ્યક્તિત્વ હોય છે જ; અને મોટા ભાગના માણસોમાં એકમાંથી બીજા ગુણનું પ્રાધાન્ય બદલાતું હોય છે; ઘડીકમાં આ તો ઘડીકમાં તે આગળ પડતું થતું હોય છે; તે એટલે સુધી કે તેમની પ્રકૃતિનું ખુદ સંચાલક તત્ત્વ પણ મિશ્ર પ્રકારનું હોય છે. જીવનના બધા જ રંગો અને વિવિધતાઓ એ આ ત્રણ ગુણોના તાણાવાણાની અતિ–વિધ ભાતનું પરિણામ છે.

તોપણ, જીવન સમૃદ્ધ બને, ખુદ મન અને પ્રકૃતિ વચ્ચે સાત્વિક સુમેળ થાય, એથી આધ્યાત્મિક પરિપૂર્ણતા સર્જાઈ જતી નથી. તેમાં એક સંભવિત, સાપેક્ષ પરિપૂર્ણતા છે ખરી પણ એ પરિપૂર્ણતા અધૂરપવાળી પૂર્ણતા છે, એ કોઈક અધૂરી ઉચ્ચતા, સામર્થ્ય અને સૌંદર્ય છે, ઉદાત્તતા અને મહત્તાની અધૂરી માત્રા છે, કોઈક ઠસાવેલી અને ખતરામાં ઊભેલી સમતુલા છે. તેમાં પ્રભુતા છે પણ સાપેક્ષ છે, પ્રાણે શરીર પર મેળવેલી કે બુદ્ધિએ પ્રાણ પર મેળવેલી પ્રભુતા છે; મુક્ત અને આત્મનિર્ભર આત્માએ કરણો ઉપર સ્થાપેલો નિર્બંધિત કબજો નથી. આધ્યાત્મિક પરિપૂર્ણતાને પામવી હોય તો ગુણોથી પર થવું જ પડશે. એ તો સ્પષ્ટ જ છે કે તમો-

ગુણને તો જીતવો જ પડશે; જડતા અને અજ્ઞાન અને અશક્તિ એ સાચી પરિપૂર્ણતાનાં અંગો બની જ ના શકે. પણ પ્રકૃતિમાં તેને જીતી શકાય માત્ર રાજસિક શક્તિથી. અને તે પણ વચ્ચે જતી સાત્ત્વિક શક્તિની સહાયથી. અને રજોગુણને પણ જીતવો જ પડશે; અહંકાર, અંગત કામનાઓ અને સ્વાર્થભરી વાસનાઓ એ કાંઈ સાચી પરિપૂર્ણતાનાં અંગ ના હોઈ શકે. પણ તેને તો માત્ર સાત્ત્વિક શક્તિ વડે જ, કર્મોને પરિમિત કરતી તમોમય જાત અને શક્તિને પ્રકાશોજ્જ્વલ કરીને જ જીતી શકાય. સત્ત્વગુણ પોતે પણ સર્વોચ્ચ કે સંપૂર્ણ પરિપૂર્ણતા આપી શકે તેમ નથી; સત્ત્વ એ પોતે પણ હમેશાં પરિમિત પ્રકૃતિનો જ ગુણ છે; સાત્ત્વિક જ્ઞાન એ મર્યાદિત મનોમયતાનો પ્રકાશ છે; સાત્ત્વિક સંકલ્પ–શક્તિ એ મર્યાદિત બૌદ્ધિક શક્તિની હકૂમત છે. વળી સત્ત્વગુણ પોતે જ પ્રકૃતિમાં સક્રિય થઈ શકતો નથી; તેણે દરેક કર્મ માટે રજોગુણની મદદ લેવી પડે છે; આથી સાત્ત્વિક કર્મો પણ હમેશાં રજોગુણની ખામીઓનો ભોગ બન્યા કરે છે. અહંકાર, મૂંઝવણ, ગૂંચવણ, પક્ષપાતી વલણ, પરિમિત છતાં અતિશયતાવાળો સંકલ્પ, પોતાની પરિમિતતાની તીવ્રતામાં જ પોતાને ફુલાવવાની વૃત્તિ એ બધાં ખુદ તત્ત્વચિંતક, સંત અને સુજ્ઞજનોમાં પણ મન અને કર્મોનો પીછો છોડતાં નથી. તામસિક અને રાજસિકની માફક સાત્ત્વિકતાનો અહંકાર – બહુ ઊંચે જતાં જ્ઞાન કે સદ્‌ગુણોનો અહંકાર – પણ હોય છે. મનનો અહંકાર ગમે તે જાતનો હોય પણ તે મુક્તિ સાથે તો અસંગત જ હોવાનો. ત્રણે ગુણોથી પર થવું જ પડે છે. સત્ત્વગુણ આપણને પરમ પ્રકાશ પ્રત્યે લઈ જાય છે ખરો પણ આપણે જેવા દિવ્ય પ્રકૃતિના પ્રકાશપુંજમાં પ્રવેશીએ કે તરત જ તેની પરિમિત વિશદતા આપણામાંથી સરી જ પડે છે.

આ ત્રણે ગુણથી પર થવા માટે, ત્રિગુણાતીત થવા માટે સામાન્ય રીતે નિમ્ન પ્રકૃતિનાં કર્મોમાંથી નિવૃત્તિનો આશરો લેવામાં આવે છે. આ નિવૃત્તિની સાથે સાથે નિષ્ક્રિયતાના વલણ ઉપર ઝોક આવી જ જાય છે. સત્ત્વગુણ જ્યારે પ્રબળ બનવા ચાહે છે ત્યારે તે રજોગુણથી મુક્ત બનવાનો યત્ન કરે છે અને નિષ્ક્રિય તમોગુણને મદદે બોલાવે છે. આથી જ સાત્ત્વિક જનોમાં એક એવો પ્રકાર પણ છે કે જે આંતરિક અસ્તિત્વમાં જીવનને એકાગ્ર કરે છે પણ કર્મપ્રધાન બાહ્ય જીવનમાં ભાગ્યે જ જરા પણ ભાગ લે છે; અથવા ભાગ લે તોપણ ત્યાં અસમર્થ અને નાકામિયાબ રહે છે. મુક્તિવાંછતા સાધકો આ જ માર્ગે હજી પણ આગળ વધે છે; અને એક પ્રકાશપૂત તમસનો (કે જે આ સહાયક પ્રકાશના પ્રતાપે કોઈ અશક્તિના કરતાં

વિશેષ તો શાંત સ્વરૂપ બની ગએલ હોય તેવા તમસનો) પોતાની પ્રાકૃત જાત પાસે સ્વીકાર કરાવીને સત્ત્વગુણને મુક્ત કરવા મથે છે કે જેથી તે આધ્યાત્મિક પ્રકાશ–પ્રદેશમાં લીન થઈ શકે. એક નીરવતા અને નિશ્ચલતાને શરીર ઉપર કામનામય અને અહમ્‌પ્રધાન સક્રિય પ્રાણ–પુરુષ ઉપર, બાહ્ય મન ઉપર ઠસાવવામાં આવે છે, જ્યારે સાત્ત્વિક પ્રકૃતિ, ધ્યાનના દબાણથી, આરાધનાની એકમુખી એકાગ્રતાથી, પરમાત્મા પ્રત્યે અંતર્મુખ બનેલ સંકલ્પ-શક્તિથી આત્મામાં લય પામવા પ્રયત્નશીલ બને છે. નિષ્ક્રિયતા–માર્ગી મુક્તિ માટે આટલું પૂરતું હોવા છતાં સર્વાંગી પરિપૂર્ણતા ઝંખતી મુક્તિ માટે એ પૂરતું નથી. પેલી મુક્તિ નિષ્ક્રિયતાનો આધાર લે છે અને પૂરેપૂરી સ્વાવલંબી અને નિરપેક્ષ નથી હોતી; આત્મા જેવો સક્રિય થવા જાય કે તરત જ તેને જણાય છે કે પ્રકૃતિની ક્રિયાઓ તો હજી પેલી જ જૂની, અપૂર્ણ ગતિથી ભરેલી છે; નિષ્ક્રિયતાના પ્રતાપે આત્માને પ્રકૃતિમાંથી તો મુક્તિ મળી ગઈ છે પણ ક્રિયામાં કે નિષ્ક્રિયતામાં સંપૂર્ણ અને સ્વાયત્ત રહેતી પ્રકૃતિવાળી મુક્તિ આત્માને હજી મળી નથી. તો હવે સવાલ એ ઊભો થાય છે કે આવી મુક્તિ અને પરિપૂર્ણતા શક્ય છે ખરી?– અને આવી પરિપૂર્ણ મુક્તિ માટેની શરતો કેવીક હશે?

સામાન્ય ખ્યાલ એવો છે કે એ શક્ય નથી. કારણકે કર્મમાત્ર નિમ્ન ગુણોમાંથી આવતું હોવાથી ખાતરીબંધ ખામીભર્યું, સ–દોષ જ રહેવાનું, ગુણોની જ હિલચાલથી, અસમાનતાથી, સમતુલાના અભાવથી, તેમની અસ્થિર અથડામણથી જ ઊભું થવાનું; અને જ્યારે આ અસમાન ગુણો પૂર્ણ સમતુલા પ્રાપ્ત કરે છે ત્યારે પ્રકૃતિનાં સર્વે કર્મો અટકી જાય છે અને આત્મા પોતાની શાંતિમાં નિશ્ચલ બની જાય છે. એમ કહી શકાય કે દિવ્ય પુરુષ કાં તો પોતાની નીરવતામાં જ નિશ્ચલ રહે છે, અથવા તો પ્રકૃતિમાં અને તેનાં કરણો દ્વારા સક્રિય થઈ શકે છે; પણ જો એમ કરે તો તેની અથડામણો અને અપૂર્ણતાઓનો સ્વાંગ તેણે ધારણ કરવો જ પડવાનો. આ વાત સાચી હોઈ શકે છે; દેહધારી અપૂર્ણ મનોમય પ્રાણીમાં પુરુષ અને અને પ્રકૃતિના સંબંધો સાચવતા માનવ–આત્માની દ્વારા દિવ્ય પુરુષ પોતાનાં જે સામાન્ય કાર્યો કરાવે છે તેની બાબતમાં આવું બની શકે છે. પણ દિવ્ય, પરિપૂર્ણ પ્રકૃતિની બાબતમાં એ સાચું નથી. ગુણોની અથડામણ એ તો નિમ્ન પ્રકૃતિની અપૂર્ણતાઓમાં થતી, કોઈક અસલ વસ્તુની રજૂઆત–માત્ર છે. ત્રણ ગુણો જેમને રજૂ કરે છે એ તો ભગવાનની એવી અસલ ત્રણ શક્તિઓ છે કે જે શાંતિમય, સંપૂર્ણ સમતુલામાં પોતાનું અસ્તિત્વ

ધરાવે છે એટલું જ નહિ પણ દિવ્ય કર્મોની પરિપૂર્ણ એકસૂત્રતામાં એકરૂપ છે. તમસ્ એ આધ્યાત્મિક અસ્તિત્વમાં એક એવી દિવ્ય શાંતિ, શમ થઈ જાય છે કે જે કોઈ જડતા અને કર્મ કરવાની અશક્તિ નહિ પણ એક એવી સંપૂર્ણ શક્તિ હોય છે કે જે પોતાની સર્વ શક્તિને પોતાનામાં સમાવે છે અને વિશાળમાં વિશાળ અને પ્રચંડમાં પ્રચંડ પ્રવૃત્તિઓનું પણ નિયંત્રણ કરી શકે છે અને તેમને નિશ્ચલતાના ધર્મને આધીન રાખી શકે છે. રજસ્ આત્માની એક એવી સ્વયં-સાધક, આરંભક, શુદ્ધ તપોશક્તિ બની જાય છે. કે જે કોઈ કામના, ગડમથલ કે મથામણ કરતી વાસના નહિ પણ અસ્તિત્વની એક એવી સુજ્ઞ, સંપૂર્ણ શક્તિ હોય છે કે જે અનંત, અચલ, ક્ષુબ્ધતાથી પર અને આનંદપૂર્ણ કર્મો કરવાને શક્તિમાન હોય છે. સત્ત્વ એ ઝાંખો, મનોમય પ્રકાશ નહિ પણ દિવ્ય પુરુષનો એક એવો સ્વયંભૂ પ્રકાશ, જ્યોતિ બની જાય છે – કે જે અસ્તિત્વની પરિપૂર્ણ શક્તિનો આત્મા હોય છે અને જે એકરૂપ બનેલ દિવ્ય શમ અને દિવ્ય તપસ્‌ને પ્રકાશપૂર્ણ કરે છે. સામાન્ય મુક્તિ વડે દિવ્ય શાંતિમાં દિવ્ય, શાંત, પ્રકાશ મળે છે પણ પૂર્ણ પરિપૂર્ણતાનું ધ્યેય રહેશે આવી વધારે મહાન, ત્રણમાં-એક એકરૂપતા.

જ્યારે પ્રકૃતિ આવી રીતે મુક્ત થાય છે ત્યારે પ્રકૃતિનાં દ્વંદ્વોનું આપણું આધ્યાત્મિક ભાન પણ મુક્ત થાય છે. નિમ્ન પ્રકૃતિમાં દ્વંદ્વો એ આત્મા ઉપર ત્રિગુણાત્મક લીલાની થતી અનિવાર્ય અસર છે; આ આત્મા સાત્ત્વિક, રાજસિક અને તામસિક અહંતાની રચનાઓની અસર નીચે આવેલો હોય છે. આ દ્વંદ્વોની ગાંઠરૂપ એક એવું અજ્ઞાન છે કે જે આધ્યાત્મિક સત્યને પકડી શકવા અસમર્થ હોય છે અને અપૂર્ણ આભાસો ઉપર જ કેન્દ્રિત થએલું હોય છે; તેમની સાથે તે જે કામ પાડે છે તે તેમનાં આંતરિક સત્ય ઉપર પ્રભુત્વ મેળવીને નહિ પણ આકર્ષણ અને ઘૃણા, સામર્થ્ય અને અસમર્થતા, ગમા અને અણગમા, સુખ અને દુઃખ, હર્ષ અને શોક, રાગ અને દ્વેષની અથડામણો અને ડગુમગુ સમતુલાનો આશરો લઈ ને. આપણી સમક્ષ રજૂ થતું જીવન એ આ બધાંનો, પ્રિય અને અપ્રિયનો, સુંદર અને કુરૂપનો, સત્ય અને અસત્યનો, સદ્‌ભાગ્ય અને દુર્ભાગ્યનો, જય અને વિજયનો, શુભ અને અશુભનો એક ગૂંચવાડો હોય છે, છૂટાં ના પાડી શકાય એવાં પ્રકૃતિનાં આ દ્વંદ્વોની જાળ હોય છે. આત્મા આ બધાં પ્રત્યેની, ગમા અને અણગમાની આસક્તિથી બંધાએલો હોવાથી શુભ અને અશુભની તથા હર્ષ અને શોકની આ જાળમાં તે સપડાએલો રહે છે. મુક્તિ ઝંખતો સાધક આ આસક્તિને છોડી દે છે, આ દ્વંદ્વોને પોતાના આત્માથી દૂર કરી નાખે છે;

પણ આ દ્વંદ્વો એ તો જીવનના પોતાના એકમાત્ર કાર્યરૂપ, તેના અસલ પદાર્થરૂપ અને ઇમારતરૂપ લાગતાં હોવાથી સાવ સહજ રીતે એમ લાગે છે કે સમગ્ર જીવનમાંથી બહાર નીકળી જવું (જ્યાં સુધી દેહધારી હોઈએ ત્યાં સુધી શક્ય તેટલે અંશે ભૌતિક રીતે પાછા હઠી જવું, કે પછી, પ્રકૃતિના સમગ્ર ક્રિયાપ્રદેશ પ્રત્યે વૈરાગ્ય કેળવીને આંતરિક નિવૃત્તિ સ્વીકારવી, અનુમતિ આપવાનો ઇન્કાર કરવો) એ જ સાચી મુક્તિ છે. આથી પુરુષ પ્રકૃતિથી અલગ થઈ જાય છે. પછી પુરુષ ઊર્ધ્વમાં આસન લઈ, ઉદાસીન (ઉદ્ + આસીન) થઈ, નિશ્ચલ રીતે પ્રકૃતિમાં ચાલતી ગુણોની ગડમથલ જોયા કરે છે અને મન અને દેહમાં થતાં સુખ અને દુઃખને એક નિષ્ક્રિય સાક્ષી તરીકે અવલોકે છે. અથવા પોતાની ઉદાસીનતાની અસર બાહ્ય મન ઉપર પણ પાથરી શકે છે અને અનાસક્ત સાક્ષી તરીકેની તટસ્થ શાંતિ કે તટસ્થ આનંદ ધારણ કરીને વિશ્વવ્યાપી લીલાને જોયા કરે છે કે જેની અંદર હવે તેને કોઈ પણ જાતનો સક્રિય ભાગ લેવાનો રહ્યો નથી. આ માર્ગનું આખરી વિરામસ્થાન એટલે પુનઃજર્ન્મનો ઇન્કાર અને નીરવ બ્રહ્મમાં વિલીનતા, મોક્ષ.

પણ આ ઇન્કાર એ કાંઈ મુક્તિ માટેનું આખરી વેદ–વાક્ય નથી. પૂર્ણ મુક્તિ તો જ્યારે વૈરાગ્યમાંથી ઊભી થએલ આ મુમુક્ષત્વ, મોક્ષ માટેની આ ઇચ્છાને પણ ઓળંગી જઈએ ત્યારે જ પ્રાપ્ત થાય છે; ત્યારે આત્મા પ્રકૃતિનાં નિમ્ન કર્મો માટેની આસક્તિમાંથી અને ભગવાનના વિશ્વમય કર્મપ્રદેશ માટેના વૈરાગ્યમાંથી એમ બંનેમાંથી મુક્ત બને છે. અને જ્યારે આધ્યાત્મિક વિજ્ઞાન અતિમાનસિક જ્ઞાન વડે તથા પ્રકૃતિનાં કર્મોનો સ્વીકાર કરીને, સક્રિય થઈ શકે તથા કર્મોના આરંભ માટે અતિમનસની પ્રકાશમય તપઃશક્તિનો ઉપયોગ કરી શકે ત્યારે જ આ મુક્તિ પોતાની સમગ્રતાને ધારણ કરે છે. વિજ્ઞાન પ્રકૃતિમાં રહેલા આધ્યાત્મિક અર્થને, પદાર્થોમાં રહેલા ભગવાનને, અશુભ ભાસતી વસ્તુઓમાં પણ રહેલા શુભાત્માને શોધી કાઢે છે; એ આત્મા તેમની અંદર મુક્ત બને છે અને તેમનામાંથી પણ મુક્ત બને છે. અપૂર્ણ કે વિરોધાભાસી સ્વરૂપોની વિકૃતિઓ ખરી પડે છે. અથવા તેમનાં ઊર્ધ્વ, દિવ્ય સત્ય સ્વરૂપમાં રૂપાંતર પામે છે,— ખુદ ગુણો પણ તેમનાં દિવ્ય સ્વરૂપોને પુનઃ પ્રાપ્ત કરે જ છે —, અને આત્મા પણ એવાં વિશ્વવ્યાપી, અનંત અને નિરપેક્ષ સત્ય, શિવ, સૌંદર્ય અને આનંદમાં રહેવા લાગે છે કે જે પોતે જ છે અતિમાનસિક કે વિજ્ઞાનમય દિવ્ય પ્રકૃતિ. પ્રકૃતિની મુક્તિ આત્માની મુક્તિ સાથે એકરૂપ બની જાય છે અને પૂર્ણ મુક્તિના પાયા પર પૂર્ણ પરિપૂર્ણતા પ્રતિષ્ઠિત થઈ રહે છે.

## પ્રકરણ : ૧૦
# પરિપૂર્ણતાનાં તત્ત્વો

**જ્યા**રે આપણી જાત સાધનરૂપ પ્રકૃતિનાં ખોટાં અને ગૂંચવાએલાં કર્મોમાંથી શુદ્ધ થાય અને પોતાનાં સ્વયંભૂ સત્, ચિત્, અને આનંદમાં મુક્ત બને અને પ્રકૃતિ પોતે પણ આથડતા ગુણો અને દ્વંદ્વોનાં નિમ્ન કર્મના કોકડામાંથી મુક્ત બની દિવ્ય અચલતા અને દિવ્ય સક્રિયતાનાં ઊર્ધ્વ સત્યને પ્રાપ્ત કરે ત્યારે આધ્યાત્મિક પરિપૂર્ણતા શક્ય બને છે. શુદ્ધિ અને મુક્તિ એ સિદ્ધિની, પરિપૂર્ણતાની અનિવાર્ય પુરોભૂમિ છે. આધ્યાત્મિક આત્મ-પરિપૂર્ણતાનો માત્ર એક જ અર્થ થાય : દિવ્ય પુરુષની પ્રકૃતિ સાથેની એકરૂપતામાં વિકસતા જવું; અને તેથી દિવ્ય પુરુષ અંગેનો આપણો જેવો ખ્યાલ તેવી જ હશે આ પરિપૂર્ણતા માટેની આપણી સાધનાનું લક્ષ્ય, પુરુષાર્થ અને પદ્ધતિ. માયાવાદ અનુસાર પુરુષનું સર્વોચ્ચ અથવા તો કહોને કે એકમાત્ર, સાચું સત્ય છે અચલ, વ્યક્તિત્વ-હીન, આત્મ-જાગૃત નિરપેક્ષ બ્રહ્મ; અને તેથી એક અચલ શાંતિનો, વ્યક્તિત્વ-હીનતાનો અને આત્મ-તત્ત્વની શુદ્ધ આત્મ-જાગૃતિનો વિકાસ એ છે તેનો પરિપૂર્ણતા માટેનો ખ્યાલ; તથા વિશ્વમય અને વ્યક્તિગત અસ્તિત્વનો અસ્વીકાર અને નીરવ આત્મ-જ્ઞાનમાં કાયમી નિવાસ એ છે તેનો માર્ગ. તો વળી બૌદ્ધ-મત કે જેને મન અસ્તિત્વનો અભાવ એ જ સર્વોચ્ચ સત્ય છે તેના હિસાબે અસ્તિત્વની ક્ષણભંગુરતા અને દુઃખમયતાને તથા કામનાઓની વિનાશકારી વિફળ-તાને જાણવી અને અહંતાનો, વિચાર-બીજને ટેકો આપતા સંસ્કારોનો તથા કર્મપરંપરાનો સર્વથા લય કરવો એ જ છે તદ્દન સાચો માર્ગ. સર્વોચ્ચ સત્ય અંગેના અન્ય ખ્યાલો આટલા નકારાત્મક નથી; તેઓ પોતપોતાના ખ્યાલ અનુસાર ભગવાન સાથેના સામ્યનો, સાદૃશ્યનો સ્વીકાર કરે છે અને તેને માટેનો પોતપોતાનો માર્ગ રજૂ કરે છે, દાખલા તરીકે ભક્ત લોકોની પ્રેમ-ભક્તિ તથા તેની દ્વારા ભગવાન સાથેના સાદૃશ્યની પ્રાપ્તિ. પણ પૂર્ણ-યોગમાં તો પરિપૂર્ણતાનો અર્થ થાય છે : દિવ્ય આત્માનો અને દિવ્ય પ્રકૃતિનો એવો સ્વીકાર કે જે દુનિયામાં દિવ્ય સંબંધો અને કર્મોનો પણ સમાવેશ કરે;

તેને સમગ્ર રીતે જોતાં તેનો અર્થ એ પણ ખરો કે સમગ્ર પ્રકૃતિને દિવ્ય બનાવવી અને તેની સ્થિતિ અને ગતિમાં રહેલી બધી જ ખોટી ગ્રંથિઓને ત્યજી દેવી,—પણ આપણી જાતના કોઈ પણ ભાગનો કે આપણાં કર્મોના કોઈ પણ ક્ષેત્રનો ત્યાગ નહિ જ—. એટલે આવી પરિપૂર્ણતા પ્રાપ્ત કરવા માટેની ગતિ વિશાળ અને સંકુલ રહેવાની અને તેનાં પરિણામો અને કર્મ-પ્રવાહ માટે અનંત અને અનેકવિધ અવકાશ ખુલ્લો રહેવાનો. આને માટેની કોઈક ચાવી અને પદ્ધતિ શોધી કાઢવા માટે આપણે પરિપૂર્ણતા માટેનાં, સિદ્ધિ માટેનાં અમુક તાત્ત્વિક અને મૂળભૂત તત્ત્વો અને જરૂરિયાતો ઉપર નિશ્ચિત થવું પડશે. કારણકે એકવાર એ નિશ્ચિત થઈ ગયાં એટલે બાકીનું બધું તેમના સહજ વિકાસરૂપે કે વિશિષ્ટ વહીવટરૂપે બની આવવાનું. આ તત્ત્વોને છ સમૂહોમાં ભેગાં કરી શકાય તેમ છે; આ સમૂહો ઘણે અંશે એકબીજા ઉપર આધારિત હોવા છતાં તેમની પ્રાપ્તિ ઘણે અંશે એક કુદરતી ક્રમમાં ગોઠવાએલી છે. તેની શરૂઆત થશે આત્માની, પાયારૂપ એક સમતાથી અને આગળ વધતાં તે બની રહેશે આપણી પરિપૂર્ણ બનેલી જાત દ્વારા, બ્રહ્મ-મય અદ્વૈતની અફાટતામાં આગળ વધતો ભગવાનનો આદર્શ કર્મપ્રવાહ.

પ્રથમ જરૂરિયાત છે : આત્માની, તેનાં તાત્ત્વિક અને પ્રાકૃતિક એમ બંને સ્વરૂપમાં, એક એવી મૂળભૂત અવસ્થા કે જેમાં રહી તે પ્રકૃતિના પદાર્થો, પ્રસંગો અને પ્રતિકારોને અવલોકે અને જવાબ આપે. એક સંપૂર્ણ સમતા-ના વિકાસ દ્વારા જ આવી અવસ્થા પ્રાપ્ત થઈ શકે. આત્મા, પરમાત્મા કે બ્રહ્મ એ સર્વ કોઈમાં એક જ છે અને તેથી સર્વે પ્રત્યે સમાન છે. ગીતામાં સમતાના આ ખ્યાલને પૂરેપૂરો સમજાવેલો છે અને એ સમતાની વધુ નહિ તો એક બાજુની અનુભૂતિને તો રજૂ કરી જ છે; ત્યાં આ બ્રહ્મને "समं ब्रह्म", સર્વમાં સમાન બ્રહ્મ કહેલો છે. ગીતા તો એક જગ્યાએ સમતા અને યોગને એકરૂપ ગણાવે છે : समत्वं योग उच्यते. તેનો અર્થ એ કે સમતા એ બ્રહ્મ સાથેનાં અદ્વૈતની, બ્રહ્મમય બની ગયાની, અનંતતામાં એક, અચલ, આધ્યાત્મિક સંસ્થિતિ પામી ગયાની નિશાની છે. તેની અગત્ય ઉપર ભાર મૂકવામાં અતિશયોક્તિ થઈ શકે તેમ નથી. કારણકે આપણે આપણી પ્રકૃતિના અહમ્-પ્રધાન નિર્ણયોથી પર થઈ ગયાની, દ્વંદ્વો પ્રત્યેના પરાધીનતાભર્યા પ્રતિકારો પર વિજય મેળવ્યાની, ગુણોની અનિશ્ચિત અંધાધૂંધીથી પર થઈ ગયાની, મુક્તિની અચલતા અને શાંતિ પ્રાપ્ત કર્યાની એ નિશાની છે. સમતા એ ચેતનાની એક એવી અવસ્થા છે કે જે આપણી સમસ્ત જાત અને પ્રકૃતિમાં અનંત બ્રહ્મની સનાતન નિશ્ચલતા લઈ આવે છે. વધારામાં તે, દિવ્ય કર્મોને

પાકે પાયે અને પૂર્ણપણે કરવાની શરત છે; અનંત બ્રહ્મનાં વિશ્વવ્યાપી કર્મની અડગતા અને વિશાળતા સનાતન નિશ્ચલતા ઉપર પ્રતિષ્ઠિત છે અને તે કદી પણ ન તો તેને તોડે છે ન તો તજે છે. સંપૂર્ણ આધ્યાત્મિક કર્મની વિશિષ્ટતા પણ બરાબર આવી જ રહેવાની. તેનો માર્મિક સિદ્ધાંત એ રહેવાનો કે આત્માથી, બુદ્ધિથી, મનથી, હૃદયથી અને પ્રાકૃત ચેતનાથી,– ખુદ સ્થૂળમાં સ્થૂળ ચેતનાથી પણ – પદાર્થમાત્ર સાથે સમાન અને એકરૂપ રહેવું અને આચારમાં મૂકવાને ખાતર ગમે તેટલા બાહ્ય ફેરફાર કરવા પડે તેમ છતાં તેમની સઘળી ક્રિયાઓને દિવ્ય સમતા અને અચલતાથી, કાયમ માટે અને કમી કર્યા વિના સભર કરવી. એમ કહી શકાય કે આ તો સમતાની નિષ્ક્રિય કે પાયારૂપ, અસલ અને સ્વીકારશીલ બાજુ છે; પણ તેની એક સક્રિય અને કબજો લેતી બાજુ પણ છે, સમતાપૂર્ણ આનંદ પણ છે; જ્યારે સમતાની શાંતિ સુસ્થાપિત થાય ત્યારે જ તે પામી શકાય છે; અને એ જ તેની સભર સમૃદ્ધિનું પરમાનંદ-પૂર્ણ પુષ્પ છે.

પરિપૂર્ણતાની બીજી જરૂરિયાત એ કે માનવપ્રકૃતિનાં સર્વ સક્રિય અંગોને એક એવી સર્વોચ્ચ અવસ્થામાં અને તેમનાં સામર્થ્યની અને શક્તિની એક એવી કાર્યસાધક ભૂમિકામાં ઊંચે ઉઠાવી જવાં કે જ્યાં તેઓ મુક્ત, પરિપૂર્ણ, આધ્યાત્મિક અને દિવ્ય કર્મો માટેનાં સાચાં કરણ તરીકેનો દિવ્ય પલટો પામવા માટે શક્તિમાન બને. વ્યવહારની દૃષ્ટિએ. આપણે બુદ્ધિ, હૃદય, પ્રાણ અને દેહ એ ચારને આપણી પ્રકૃતિનાં એવાં અંગો તરીકે સ્વીકારી લઈ શકીએ તેમ છીએ કે જેમને આ પ્રમાણે તૈયાર કરવાનાં છે અને જેમની પરિપૂર્ણતાભરી અવસ્થા આપણે શોધી કાઢવાની છે. વળી આપણી અંદર વીર્ય, એટલે કે આપણી માનસિકતા, ચારિત્ર્ય અને સ્વભાવની (એટલે કે આત્માની નિજી પ્રકૃતિની) એક એવી તરવરતી શક્તિ છે કે જે આપણાં અંગોનાં સામર્થ્યને કાર્યસાધક બનાવે છે અને તેમને તેમની વિશિષ્ટતા આપે છે તથા યોગ્ય માર્ગ પર રાખે છે. આ વીર્યને પણ તેની મર્યાદાઓમાંથી મુક્ત કરી વિશાળ અને વ્યાપક બનાવવાનું છે કે જેથી આપણી અંદરની બધી જ માનવમયતા એક દિવ્ય માનવતાના પાયારૂપ બની રહે, જ્યારે પુરુષ એટલે કે આપણી અંદરનો સાચો માનવ, પરમાત્મા પોતે, આ માનવ-કરણમાં સંપૂર્ણપણે સક્રિય થાય અને આ માનવ-પાત્ર દ્વારા, આધાર દ્વારા પૂર્ણ પ્રકાશ પાથરે. પરિપૂર્ણ બનેલી પ્રકૃતિને દિવ્ય બનાવવા માટે આપણે પરમ શક્તિને, દિવ્ય શક્તિને સાદ કરવાનો છે કે તે આપણી આ મર્યાદિત માનવ-તાકાતનું સ્થાન લે કે જેથી તે, મહાન, અનંત શક્તિ, દૈવી પ્રકૃતિ,

ભાગવતી શક્તિનું સ્વરૂપ ધારણ કરે અને તેના સામર્થ્યથી સભર બને. આવી પરિપૂર્ણતા કેટલે અંશે વિકાસ પામશે તેનો આધાર આપણે કેટલે અંશે આ મહાશક્તિનાં અને આપણી જાત અને કર્મોના માલિકના માર્ગ-દર્શનને, અને પછીથી તેના સીધેસીધા કાર્યને, શરણે આપણી જાત મૂકીએ છીએ તેની ઉપર રહેલો છે. અને આ હેતુને પાર પાડવા માટે શ્રદ્ધાની જરૂર અનિવાર્ય છે; શ્રદ્ધા એ પરિપૂર્ણતા માટેની આપણી અભિપ્સાને વેગ આપનાર મહાન શક્તિ છે; જે શ્રદ્ધાની અહીંયાં જરૂર છે તે ઈશ્વર પ્રત્યેની અને શક્તિ પ્રત્યેની શ્રદ્ધાની શરૂઆત તો હૃદય અને બુદ્ધિમાંથી થશે પણ પછીથી તે આપણી સમગ્ર પ્રકૃતિમાં, તેની સમગ્ર ચેતનામાં, તેની સમગ્ર સક્રિય સંચાલક શક્તિમાં વ્યાપી જશે. આ ચાર બાબતો એ પરિ-પૂર્ણતા માટેના બીજા તત્ત્વની ખાસ આવશ્યકતાઓ છે : શક્તિ, એટલે કે કરણાત્મક પ્રકૃતિનાં અંગોનું સંપૂર્ણ સામર્થ્ય; વીર્ય, એટલે કે આત્મ-પ્રકૃતિનું, પૂર્ણતા પામેલું કાર્ય–સાધક સામર્થ્ય; દૈવી પ્રકૃતિ એટલે કે શક્તિ અને વીર્યનો દિવ્ય શક્તિના કાર્યમાં સ્વીકાર; અને શ્રદ્ધા એટલે કે એ સ્વીકાર-ને સાદ કરતો અને આધાર આપતો આપણાં સર્વ અંગોનો અડગ વિશ્વાસ.

પણ આવો વિકાસ જ્યાં સુધી આપણી સામાન્ય પ્રકૃતિના માત્ર ઉચ્ચ સ્તર પર જ ચાલ્યા કરે ત્યાં સુધી આપણને, આત્માની મન, પ્રાણ અને શરીરરૂપી નિમ્ન અવસ્થાઓમાં પરિવર્તન પામેલું પરિપૂર્ણતાનું, મર્યાદિત રીતે ઝિલાએલું પ્રતિબિંબ મળી શકે છે ખરું પણ દિવ્ય સર્જકજ્ઞાન અને તેની શક્તિ-ની સર્વોચ્ચ અવસ્થાવાળી દિવ્ય પરિપૂર્ણતાનો કબજો મળી શકતો નથી. એ તો આપણને આ નિમ્ન તત્ત્વોથી પરના અતિ માનસિક વિજ્ઞાનમાં જ મળી શકે તેમ છે; આથી પરિપૂર્ણતા માટેનું, પછીનું પગથિયું છે મનોમય પુરુષનો વિજ્ઞાનમય પુરુષમાં વિકાસ. આ વિકાસ સિદ્ધ કરવા માટે મનોમય મર્યાદાઓ તોડીને આપણા અસ્તિત્વની એક ઉપરની ભૂમિકા કે પ્રદેશ ( કે જે અત્યારે મનોમય પ્રતિબિંબના ઝળકતા ઢાકણ વડે ઢંકાએલી પડી છે ) તેમાં ફાળ ભરવાની છે, તથા આપણી હાલની સમગ્ર અવસ્થાને આ મહાન ચેતનાની અવસ્થામાં પલટી નાખવાની છે. આ વિજ્ઞાનમાં પોતાનામાં પણ કેટલીક કક્ષાઓ છે, અને છેક છેવટે તે ઊર્ધ્વમાં, પૂર્ણ અને અનંત આનંદમાં ખૂલી જાય છે. આ વિજ્ઞાનને એકવાર અસરકારક રીતે કાર્ય કરતું કરીએ એટલે તે બુદ્ધિ, સંકલ્પશક્તિ, ઇન્દ્રિયવશ મન, હૃદય, પ્રાણ અને ઇન્દ્રિયોને ધીમે ધીમે હાથમાં લેશે અને તેમને એક પ્રકાશપૂર્ણ અને સુમેળ–સાધક પલટો આપીને તેમનું દિવ્ય અસ્તિત્વનાં સત્, ચિત્ અને આનંદમાં પરિવર્તન કરી

નાખશે. તે આપણી સમગ્ર બૌદ્ધિક, સંકલ્પમય, સક્રિય, નૈતિક, રસગ્રાહક, સંવેદનશીલ, પ્રાણમય અને શારીરિક જાતને એ પ્રકાશ અને શક્તિમાં ઊંચે ઉઠાવી જશે અને તેમને તેમનાં સર્વોચ્ચ સ્વરૂપમાં બદલી નાખશે. વળી તેનામાં ભૌતિક મર્યાદાઓને પણ હઠાવી દેવાનું તથા એક વધારે પરિપૂર્ણ અને દિવ્ય કરણ-રૂપ દેહ વિકસાવવાનું પણ સામર્થ્ય છે. તેનો પ્રકાશ ચેતનાતીત પ્રદેશોને ખોલી નાખે છે અને અવચેતન પ્રદેશમાં પોતાનાં પ્રકાશ-કિરણો ખૂંપાવે છે, ત્યાં પોતાનું પ્રકાશ-પૂર વહાવે છે અને તેના અંધારિયા ઇશારા અને દબાવેલાં રહસ્યોને પ્રકાશિત કરે છે. તે, આપણી સર્વોચ્ચ બુદ્ધિમાં ઝિલાતા ફિક્કા પ્રકાશના કરતાં અનેકગણા મહાન, અનંતતાના પ્રકાશમાં આપણને પ્રવેશ કરાવે છે. તે વ્યક્તિભૂત આત્મા અને પ્રકૃતિને દિવ્યતર અસ્તિત્વ-સ્વરૂપ તરીકે પરિપૂર્ણ બનાવે છે અને આપણી જાતની અનેકવિધતામાંથી એક પૂર્ણ સંવાદ ઊભો કરે છે, તો સાથે સાથે, પોતાનાં ઉગમ-સ્થાનરૂપ પરમ એકતાના પાયા પર રહી સર્વે કાર્યો કરે છે અને સર્વ કાંઈને એ પરમ એકતામાં ઉઠાવી લે છે. પુરુષોત્તમનાં આધ્યાત્મિક અસ્તિત્વ અને પ્રકૃતિમય દેહમાં થતા પોતાના કાર્ય વડે તે, વ્યક્તિ-સ્વરૂપ અને વ્યક્તિત્વ-હીનતારૂપી અસ્તિત્વનાં બે પાસાંઓને એક બનાવી દે છે.

વિજ્ઞાનમય પરિપૂર્ણતા, કે જે છે તો આધ્યાત્મિક પ્રકારની, તેને અહીં આ દેહમાં સિદ્ધ કરવાની છે; અને વિજ્ઞાન આપણને ભૌતિક જગતથી પરના પ્રદેશો અને જગતોની પ્રાપ્તિનો અવકાશ આપવા છતાં ભૌતિક જગત પરના જીવનનો પણ પોતાના કાર્યક્ષેત્ર તરીકે સ્વીકાર કરે છે. આથી ભૌતિક દેહ એ, કાર્ય માટેનો એક એવો આધાર, પ્રતિષ્ઠા છે કે જેને ન તો તિરસ્કારી શકાય છે કે અવગણી શકાય છે કે આધ્યાત્મિક વિકાસમાંથી બકાત કરી શકાય છે; પૃથ્વી પરના પૂર્ણ દિવ્ય જીવનના એક બાહ્ય કરણ તરીકે દેહની પરિપૂર્ણતા એ પણ વિજ્ઞાન દ્વારા થનારા રૂપાંતરનું એક જરૂરી અંગ બની રહેશે. વિજ્ઞાનમય પુરુષનો અને તે પોતે જેમાં પ્રવેશ કરાવે છે તે આનંદમય પુરુષનો ધર્મ આ શારીરિક ચેતનામાં તથા તેનાં અંગોમાં સ્થાપીને આ રૂપાંતર પાર પાડવામાં આવશે. રૂપાંતરના આ કાર્યને તેના સર્વોચ્ચ પરિણામ સુધી આગળ વધારવાથી સમગ્ર ભૌતિક ચેતના આધ્યાત્મિક અને પ્રકાશમય થઈ જાય છે અને ખુદ શરીરનો ધર્મ પણ દિવ્ય બની જાય છે. કારણકે ભૌતિક રીતે જોઈ અને અનુભવી શકાતા આ માળખારૂપી સ્થૂળ, જડ આધારની પાછળ એક એવો પ્રચ્છન્નતાના પ્રદેશમાં રહીને તેને આધાર આપતો અને સૂક્ષ્મ અને બારીક ચેતના વડે શોધી શકાતો,

મનોમય પુરુષનો સૂક્ષ્મ દેહ છે, વિજ્ઞાનમય અને આનંદમય પુરુષનો આધ્યાત્મિક કે કારણદેહ છે કે જેમાં આધ્યાત્મિક શારીરિકતાની બધી જ પરિપૂર્ણતા, હજી સુધી અપ્રગટ રહેલો શરીરનો ધર્મ, મળી આવે છે. કેટલાક યોગીઓ જે ભૌતિક સિદ્ધિઓ મેળવે છે તે આ સૂક્ષ્મ દેહના ધર્મને ખુલ્લો કરીને અથવા આધ્યાત્મિક દેહના કોઈક અંશને નીચે ઉતારી લાવીને મેળવેલી હોય છે. હઠયોગની શારીરિક ક્રિયાઓ દ્વારા ચક્રોને ખુલ્લાં કરવાં એ સામાન્ય પદ્ધતિ છે (અને રાજયોગમાં પણ તેનો કેટલેક અંશે સ્વીકાર થએલો છે); અથવા તંત્ર-સાધના વડે પણ તે કરી શકાય છે. પૂર્ણયોગમાં પણ આવી ક્રિયાઓનો અમુક ભૂમિકાએ, કરવો હોય તો ઉપયોગ કરી શકાય, પણ તે અનિવાર્ય તો નથી જ; કારણકે પૂર્ણયોગમાં નિમ્ન અસ્તિત્વના પરિવર્તન માટે ઊર્ધ્વ પુરુષની શક્તિ પર આધાર રાખવામાં આવે છે, ઉપરથી શરૂ કરીને નીચે આવવાની રીત અખત્યાર કરવામાં આવે છે,—નીચેથી ઉપર જવાની રીતે નહિ—; આથી યોગના આ સાધનાભાગમાં, કરણોમાં પરિવર્તન માટેની વિજ્ઞાનની ઊર્ધ્વશક્તિની રાહ જોવાની હોય છે.

અને તેની પછી — કારણકે, માત્ર તેની પછી જ પૂરેપૂરું શક્ય બને છે – જે બાકી રહે છે તે છે વિજ્ઞાનના પાયા પરથી થતાં પરિપૂર્ણ કર્મો; અને અસ્તિત્વના આનંદનો ઉપભોગ. પુરુષોત્તમ આ વિશ્વમય પ્રાગટ્યમાં પ્રવેશ કરે છે તે પોતાના અસ્તિત્વની અનેકવિધતાને ખાતર, જ્ઞાન, કર્મ અને ઉપભોગને ખાતર. વિજ્ઞાન આધ્યાત્મિક જ્ઞાનને સંપૂર્ણપણે નીચે લાવે છે. તે પછી તે તેના પાયા પર દિવ્ય કર્મોને પણ સ્થાપિત કરશે; અને વિશ્વના અને અસ્તિત્વના ઉપભોગને આત્માના સત્ય-પૂર્ણ, મુક્તિપૂર્ણ અને પરિપૂર્ણતાપૂર્ણ ધર્મના ઢાળામાં મૂકી આપશે. પણ ન તો આ કર્મો કે ના આ ઉપભોગ એ, કોઈ ગુણોથી થતાં નિમ્ન કર્મો હશે કે તેનાં પરિણામરૂપ, અત્યારના આપણા જીવતરની જેમ, રાજસિક ઇચ્છાઓને સંતોષવાનો અહમ્પ્રધાન ઉપભોગ હશે. જે કાંઈ ઇચ્છા બાકી રહેશે (તેને જો "ઇચ્છા" કહી શકાતી હોય તો), તે હશે ઈશ્વરેચ્છા, પરિપૂર્ણ બનેલ પ્રકૃતિ અને તેનાં સર્વ અંગોનાં કર્મોને મુક્તપણે અને પૂર્ણતાથી માણતા પુરુષનો આનંદ માટેનો સંકલ્પ. દિવ્ય પ્રકૃતિ સમગ્ર પ્રકૃતિને પોતાનાં ઊર્ધ્વ, દિવ્ય સત્યના ધર્મમાં અંગીકાર કરશે અને એ ધર્માનુસાર કર્મો કરશે અને પોતાનાં એ કર્મોને અને પોતાની જાતને ઉપભોગને ખાતર પોતાનાં કર્મોના અધિષ્ઠાતા અને નિયંતારૂપ આનંદમય ઈશ્વરને, અસ્તિત્વના અને કર્મોના સ્વામીને, આનંદપૂર્ણ, પરમાત્માને અર્પણ કરશે. અને વ્યક્તિરૂપ આત્મા એ આ કર્મો અને આ

સમર્પણનું વાહન બની રહેશે, અને એકસાથે ઈશ્વર સાથેનાં પોતાનાં અદ્વૈત તેમ જ પ્રકૃતિ સાથેનાં પોતાનાં અદ્વૈતને પણ માણશે; અને અનંત સાથેના તેમ જ સાંત સાથેના, ભગવાન સાથેના તેમ જ વિશ્વ સાથેના અને વિશ્વમાંના સર્વે જીવો સાથેના સર્વે સંબંધોનો, વિશ્વમય પુરુષ અને પ્રકૃતિના અદ્વૈતની સર્વોચ્ચ અવસ્થામાં રહીને ઉપભોગ કરશે.

વિજ્ઞાન-તત્ત્વમાં સાધેલો સમગ્ર વિકાસ આનંદના એ દિવ્ય તત્ત્વમાં જઈ ખૂલે છે કે જે સચ્ચિદાનંદના કે સનાતન બ્રહ્મના, આધ્યાત્મિક સત્, ચિત્, અને આનંદની સમગ્રતાનો પાયો છે. આ આનંદની પ્રાપ્તિ શરૂઆતમાં માનસિક અનુભૂતિમાં ઝિલાતાં પ્રતિબિંબરૂપ હોય છે, પણ પછીથી વિજ્ઞાનની સહાયથી મળતી પ્રચુર અને પ્રકાશપૂર્ણ ચિદ્દઘન ચેતનામાં વધારે સભરતાથી અને પ્રત્યક્ષ રીતે પ્રાપ્ત થાય છે. આ બ્રાહ્મિક ચેતના પ્રાપ્ત થતાં સિદ્ધાત્મા પુરુષોત્તમ સાથેનાં અદ્વૈતમાં રહેવા લાગશે, તથા તે તેની सर्वं ब्रह्म એટલે કે સર્વરૂપ બ્રહ્મની, अनन्तं ब्रह्म એટલે કે અનંત અસ્તિત્વ અને અનંત ગુણરૂપ બ્રહ્મની, ज्ञानं ब्रह्म એટલે કે સ્વયંભૂ ચેતના અને વિશ્વવ્યાપી જ્ઞાનરૂપ બ્રહ્મની અને आनंदं ब्रह्म એટલે કે સ્વયંભૂ આનંદ અને વિશ્વવ્યાપી અસ્તિત્વના આનંદરૂપ બ્રહ્મ તરીકે સચેતન અનુભૂતિ કરશે. તેને અનુભૂતિ થશે કે સમગ્ર વિશ્વ એ એકમાત્ર બ્રહ્મનો આવિર્ભાવ છે, સર્વે ગુણો અને કર્મો એ તેની વિશ્વવ્યાપી અને અનંત શક્તિની લીલા છે, સર્વજ્ઞાન અને સચેતન અનુભૂતિ એ એ ચેતનાનો પ્રવાહ છે અને સર્વ કાંઈ એ એ એકમાત્ર આનંદની વિવિધ અવસ્થા છે. તેનો દેહ ભૌતિક પુરુષ એ સમગ્ર ભૌતિક પ્રકૃતિ સાથે એકરૂપ બની રહેશે, તેનો પ્રાણમય પુરુષ. તે વિશ્વનાં જીવન સાથે તેનું મન એ વિશ્વમય મન સાથે, તેનું આધ્યાત્મિક જ્ઞાન અને સંકલ્પ એ, તેમના નિજી સ્વરૂપમાં તેમ જ એક વહેણ તરીકે, દિવ્ય જ્ઞાન અને તપઃશક્તિ સાથે તેનો આત્મા એ જીવમાત્રનાં આત્મ-તત્ત્વ સાથે એકરૂપ બની રહેશે. વિશ્વમય અસ્તિત્વની સર્વે વિવિધતાઓ એ તેની સમક્ષ પેલી એકરૂપતામાં પલટાઈ જશે અને તેમનું ગુપ્ત આધ્યાત્મિક રહસ્ય તેની સમક્ષ પ્રત્યક્ષ બની જશે. કારણકે આ આધ્યાત્મિક આનંદ અને અસ્તિત્વમાં તે સર્વ અસ્તિત્વનાં ઉદ્દગમરૂપ અને નિવાસરૂપ અને નિવાસીરૂપ અને આત્મરૂપ અને તેની ઘટક-શક્તિરૂપ "તે" તત્ની સાથે એકરૂપ બની રહેશે. અને આ જ છે આત્મ-પરિપૂર્ણતાની પરાકાષ્ઠા, સર્વોચ્ચ સિદ્ધિ.

પ્રકરણ : ૧૧

# પરિપૂર્ણ સમતા

આધ્યાત્મિક પરિપૂર્ણતા માટેની સૌથી પહેલી જરૂરિયાત છે : એક અણીશુદ્ધ અને સર્વાંગી એટલે કે પરિપૂર્ણ સમતા. યોગમાં પરિપૂર્ણતાનો પોતાનો અર્થ થાય છે : નિમ્ન, અ-દિવ્ય પ્રકૃતિમાંથી ઊર્ધ્વ દિવ્ય પ્રકૃતિમાં વિકાસ. જ્ઞાનની દૃષ્ટિએ એ પરિપૂર્ણતા એટલે ઊર્ધ્વ જાતનો સ્વીકાર અને અંધકારભરી, તૂટીફૂટી, નિમ્ન જાતનો ત્યાગ અથવા તો આપણી અપૂર્ણ અવસ્થાનું આપણા સાચા અને આધ્યાત્મિક વ્યક્તિત્વની સર્વાંગી, પ્રકાશ-મય સંપૂર્ણતામાં રૂપાંતર. ભક્તિ અને આરાધનાની દૃષ્ટિએ તેનો અર્થ થાય છે : પ્રભુની પ્રકૃતિ કે તેના ધર્મના સાદૃશ્યમાં વિકાસ, આપણે જેને ઝંખીએ છીએ તેની સાથે અદ્વૈત; કારણકે આવા સાદૃશ્ય વિના બંનેના પોતપોતાના ધર્મનું અદ્વૈત એટલે કે એ પરાત્પર અને વિશ્વવ્યાપી પરમાત્મા અને આ વ્યક્તિગત આત્મા એ બેની એકરૂપતા શક્ય નથી. પરમ, દિવ્ય પ્રકૃતિ સમતા ઉપર પ્રતિષ્ઠિત છે. આપણે પરમાત્માને એક શુદ્ધ, નીરવ બ્રહ્મ કે આત્મ-તત્ત્વ ગણીએ કે વિશ્વમય અસ્તિત્વના દિવ્ય સ્વામી તરીકે સ્વીકારીએ તેમ છતાં સમતા અંગેની આ વાત સાચી જ રહે છે. શુદ્ધ બ્રહ્મ એ હમેશાં સમ અને અચલ હોય છે, વિશ્વની સઘળી ઘટનાઓ અને સંબંધોને તટસ્થ શાંતિથી નિહાળતો સાક્ષી હોય છે. તે આ સર્વનો તિરસ્કાર નથી કરતો ( કારણકે તિરસ્કાર એ સમતા નથી, વળી જો તે તિરસ્કાર કરતો જ હોત તો આ વિશ્વ હયાતીમાં જ ના આવી શક્યું હોત અથવા તો તેની ઘટમાળ ચાલુ જ ના રહી હોત ), તેમ છતાં અનાસક્તિ, સમદૃષ્ટિભરી શાંતિ, બાહ્ય પ્રકૃતિમાં ગૂંચવાઈ પડેલા આત્માને મૂંઝવતા અને અશક્ત બનાવતા પ્રતિકારોથી અતીતતા એ સર્વે. એ નીરવ, અનંત બ્રહ્મના વિશુદ્ધ સ્વરૂપનાં અસલ તત્ત્વો છે, તથા વિશ્વની અનેકવિધ ગતિને મળતી તેની તટસ્થ અનુમતિ અને આધારની શરતો છે. પણ આ સર્વે ગતિઓનું નિયંત્રણ કરતા અને તેમને આગળ વધારતા, પરમાત્માના આ સામર્થ્યમાં પણ એ સમતા એ જ પાયા-રૂપ શરત છે.

પદાર્થ માત્રનો સ્વામી પદાર્થોની પ્રતિક્રિયાઓથી ન તો ચલિત થાય, ના મૂંઝાય. જો તેમ થાય તો તે તેમને વશ ગણાય, તેમનો માલિક નહિ, તો તેમને પોતાના સર્વ સત્તાશીલ સંકલ્પ અને પ્રજ્ઞા અનુસાર અને તેમના સંબંધોની પાછળ રહેલ આંતરિક સત્ય અને જરૂરિયાત અનુસાર તેમનો વિકાસ કરવા તે મુક્ત નહિ હોય, પણ ક્ષણિક અને આકસ્મિક ઘટનાઓના દબાણ અનુસાર વર્તવા બંધાએલો હશે. પદાર્થમાત્રનું સત્ય તેમની સપાટી પરના અનિશ્ચિત અને ક્ષણિક તરંગોમાં નહિ પણ તેમના ઊંડાણમાં રહેલ અચલતામાં હોય છે. જ્ઞાન, સંકલ્પ અને પ્રેમથી પૂર્ણ પરમાત્મા પદાર્થ-માત્રના વિકાસને (કે જે આપણા અજ્ઞાનને લીધે ઘણી વાર નિર્દયતાભર્યો અને ભૂલભર્યો ગૂંચવાડો લાગે છે તેને) દોરે છે તે આ ઊંડાણમાંથી જ; સપાટી પરના ઘૂમરાણથી તે મૂંઝાતો નથી. દિવ્ય પ્રકૃતિ આપણાં હવાતિયાં અને ઉછાળાઓમાં ભાગ લેતી નથી. આપણે જ્યારે ભગવાનના કોપ કે કૃપાની કે માનવતામાં રહી રિબાતા પ્રભુની વાત કરીએ છીએ ત્યારે આપણે એવી માનવ-ભાષામાં વાત કરીએ છીએ કે જેમાં આપણે કહેવાની સાચી વિશિષ્ટ વાતનો આંતરિક અર્થ ખોટી રીતે રજૂ થઈ જાય છે. આપણે જ્યારે ઘટનાવશ મનમાંથી આધ્યાત્મિક અસ્તિત્વના ઉચ્ચ પ્રદેશોમાં પહોંચીએ ત્યારે જ આપણને તેમાં રહેલા સાચા સત્યની ઝાંખી થાય છે. કારણકે ત્યારે આપણને દેખાય છે કે ભગવાન પોતાના આત્મ-સ્વરૂપમાં નીરવ બનેલો હોય કે વિશ્વમાં સક્રિય થએલો હોય તોપણ હમેશાં સચ્ચિદાનંદ જ,– અનંત અસ્તિત્વ જ, અનંત ચેતના અને સ્વયંપ્રતિષ્ઠિત સામર્થ્ય જ, પોતાના સમગ્ર અસ્તિત્વમાં વ્યાપેલ અનંત આનંદમાં જ – રહે છે. ત્યારે આપણે પોતે પણ એક એવા સમતાપૂર્ણ પ્રકાશ, શક્તિ અને આનંદમાં, આત્મા અને પદાર્થમાં રહેલાં દિવ્ય જ્ઞાન, તપસ્ અને પરમાનંદના માનસિક સ્વરૂપમાં, રહેવા લાગીએ છીએ કે જે પેલા અનંત આરંભમાંથી ઊભરાઈ આવતું વિશ્વવ્યાપી, વેગવંતુ વહેણ હોય છે. આ પ્રકાશ, શક્તિ અને આનંદના જોરે જ આપણી અંદર ગુપ્ત રહેલ આત્મા અને આત્મતત્ત્વ જીવનને પોતાની વાચા આપતા મનના દ્વિભાષી લખાણનો સ્વીકાર કરે છે અને તેમને પોતાના પૂર્ણ અનુ-ભવ માટેની સામગ્રીમાં પલટી નાખે છે. જો આ ગુપ્ત અસ્તિત્વ ખુદ હાલની અવસ્થામાં પણ આપણામાં મોજૂદ ના હોત તો આ વિશ્વનાં પરિબળોનું દબાણ આપણે સહન ના કરી શકત કે આ પ્રચંડ અને ખતરા-ભરી દુનિયામાં ટકી ના શકત. આપણા આત્મા અને પ્રકૃતિની સંપૂર્ણ સમતા એ એક એવું સાધન છે કે જેના વડે આપણે આ ડામાડોળ અને અજ્ઞાનભરી બાહ્ય

ચેતનામાંથી આ આંતરિક સ્વર્ગમાં પાછા હઠી જઈ શકીએ છીએ અને આત્માના મહત્તા, આનંદ અને શાંતિભર્યા સનાતન સમૃદ્ધ સામ્રાજ્યને પ્રાપ્ત કરી શકીએ છીએ. દિવ્ય પ્રકૃતિમાં આ આત્મ–આરોહણ એ જ છે યોગના, આત્મ–પરિપૂર્ણતા માટેના, લક્ષ્યને ખાતર આપણી સમક્ષ મુકાએલ સમતાની સાધનાનું સંપૂર્ણ ફળ અને પાકી તક.

આપણી જાતનો હાલનો સમગ્ર પિંડ કે જે ડામાડોળ, મનોમય પદાર્થ-નો બનેલો છે તેમાંથી તેને આત્મ–પદાર્થનો બનાવી દેવા માટે આત્માની સંપૂર્ણ સમતા અને શાંતિ અનિવાર્ય છે. વળી જો આપણી હાલની ગૂંચ-વાએલી અને અજ્ઞાનમય ક્રિયાઓની જગ્યાએ, પ્રકૃતિનું નિયંત્રણ કરતા તથા વિશ્વમય પુરુષ સાથે એકરાગ, એવા મુક્ત આત્માનાં સ્વ–નિયંત્રિત અને પ્રકાશપૂર્ણ કર્મો કરવાની અભિપ્સા રાખતા હોઈએ તોપણ તે એટલાં જ અનિવાર્ય છે. જો આપણામાં આત્માની સમતા ના હોય તથા આપણી પ્રકૃતિની સંચાલક શક્તિમાં પણ સમતા ના હોય તો દિવ્ય કર્મો તો શું પણ માનવકર્મો પણ પૂર્ણ યથાર્થ રીતે કરવાનું સંભવિત નથી. ભગવાન તો સર્વે પ્રત્યે સમત્વ રાખનારો છે, પોતાના વિશ્વનો અપક્ષપાતી પાલક છે, સમદૃષ્ટિ છે, પોતાના અસ્તિત્વના ઊંડાણમાંથી ઊભા કરેલા ઉત્ક્રાંતિમય વિશ્વના ધર્મનો અનુમંતા છે, નિભાવવાનું સર્વે નિભાવનારો છે, દબાવવાનું સર્વે દબાવનારો છે, ઊંચે ઉઠાવવાનું સર્વે ઉઠાવનારો છે, સર્વે કારણો અને પરિણામો વિશે સંપૂર્ણ અને સમતાભરી સમજ દાખવતો તથા સર્વે ઘટના-ઓના આધ્યાત્મિક અને વ્યવહારુ અર્થ વડે તેમને આગળ વધારતો સર્જક, પોષક અને રક્ષક છે — અને સંહારક પણ છે. ભગવાન કોઈ કામનામય, અશાંત આવેગને વશ થઈ સર્જન કરતો નથી કે કોઈ પક્ષપાતી પસંદગી-વાળી આસક્તિને વશ થઈ પોષણ અને રક્ષણ કરતો નથી કે કોઈ ક્રોધ, ઘૃણા કે તિરસ્કારના જુવાળને વશ થઈ સંહાર કરતો નથી. ભગવાન મહાન કે તુચ્છ, ન્યાયી કે અન્યાયી, જ્ઞાની કે અજ્ઞાની સર્વેની સાથે તેમનો એવો અંતરઆત્મા બનીને વર્તે છે કે જે તેમની જાત સાથે ખૂબ ઘનિષ્ટ અને એકરૂપ હોવાથી તેમની પ્રકૃતિ તથા જરૂરિયાત અનુસાર તે સર્વેને સંપૂર્ણ સમજદારીથી, સામર્થ્યથી અને સપ્રમાણતાથી આગળ ને આગળ દોરે છે. આ બધું કરીને સર્વસ્વને તે પોતાનાં યુગચક્રોના લક્ષ્ય અનુસાર આગળ વધારે છે; તથા આત્માને, તેની દેખીતી પ્રગતિ કે અધોગતિનો આશરો લઈને, ઉત્ક્રાંતિના માર્ગે ઉચ્ચ અને તેનાથી પણ ઉચ્ચ વિકાસ પ્રત્યે ઊર્ધ્વ-માં આકર્ષે જ જાય છે; અને એ જ છે વિશ્વને અંદરથી વાગતા કોઈક

અજાણ્યુ ધક્કાનો અર્થ. પોતાની પરિપૂર્ણતાને આગળ વધારી રહેલો જે કોઈ સાધક પોતાની સંકલ્પ-શક્તિને ઇશ્વરેચ્છા સાથે એક કરવા માગતો હોય અને પોતાની પ્રકૃતિને દિવ્ય લક્ષ્યનું એક કરણ બનાવવા ઇચ્છતો હોય તેણે પોતાની અહંતા-ભરી, આંશિક દૃષ્ટિમાંથી તેમ જ માનવના અજ્ઞાન-ભર્યા હેતુઓમાંથી બહાર નીકળી વિશાળતા ધારણ કરવી જ પડશે અને આ પરમ સમતાની જીવંત મૂર્તિ બનવું જ પડશે.

કર્મો કરવામાં સમતાપૂર્ણ અવસ્થા જરૂરી છે,— પૂર્ણયોગના સાધક માટે તો ખાસ. પ્રથમ તો, દિવ્ય કર્મોના ધર્મ ઉપર પોતાના નાના નાના સંકલ્પોને અને અંગત અભીપ્સાની ઉગ્ર માગણીઓને ઠસાવવાનો યત્ન કર્યા વિના તેને સમતાપૂર્ણ સંમતિ આપતાં શીખવું પડશે. પ્રભુના પરિપૂર્ણ કરણ બનીને જે લોકો કર્મો કરવા ઇચ્છતા હોય તે લોકોને સૌથી પહેલી જે વસ્તુ પ્રાપ્ત કરવાનો આગ્રહ કરવામાં આવે છે તે આ છે : એક એવી ડહાપણભરી બિન-અંગતતા, પ્રશાંત સમતા, વિશ્વવ્યાપકતા કે જે પદાર્થ-માત્રને ભગવાનના, એકમેવ બ્રહ્મના આવિર્ભાવ તરીકે જુએ છે; જે બનતા બનાવોથી ન તો ક્રોધ, અશાંતિ કે અધીરપમાં હસડાય છે કે ન તો ઉશ્કેરાટ, અતિ ઉત્સાહ કે દોડધામમાં ખેંચાય છે, પણ બરાબર સમજે છે કે કર્મો-ના ધર્મને પાળવાનો જ છે અને કાલની ગતિને અનુસરવાનું જ છે; જે, પદાર્થો અને જીવોને સહાનુભૂતિથી, હકીકતરૂપે સમજે છે અને સ્વીકારે છે, અને તેમ છતાં તેમના હાલના આભાસોની પાછળના તેમના આંતરિક અર્થને પકડે છે તથા તેમની દિવ્ય શક્યતાઓના ભાવી વિકાસને જોઈ શકે છે. પણ આવી બિન-અંગત, પ્રશાંત અવસ્થા એ તો માત્ર પાયારૂપ છે. મનુષ્ય એ તો ઉત્ક્રાંતિનું એક એવું સાધન છે કે જે શરૂઆતમાં અથડામણરૂપી અંચળો ઓઢે છે તેમ છતાં ધીમે ધીમે પોતાના સાચા અને ઊંડા અર્થ-રૂપ કાયમી અને સમજુ સમાધાનવૃત્તિ પણ ધારણ કરે છે, અને અંતે તો તેણે આ અથડામણ અને સમાધાનવૃત્તિની નીચે રહેલી એક વિશ્વવ્યાપી સંવાદિતારૂપી અગાધ સત્ય અને સાર્થકતાનો વધુ ને વધુ સ્વીકાર કરવાનો જ છે. પરિપૂર્ણતા પામેલા આત્માએ હમેશાં આ ઉત્ક્રાંતિ-પ્રવાસને ઝડપી બના-વવા માટેનું કરણ બની રહેવાનું છે. એ માટે દિવ્ય તપઃશક્તિને પોતાનામાં સમ્રાટ-શી સક્રિય રાખનારા દિવ્ય સામર્થ્યને પોતાની પ્રકૃતિમાં વધારે કે ઓછું ધારણ કરવાનું જ છે. પણ એ સામર્થ્ય સિદ્ધ અને કાયમી થાય, ખરેખરાં દિવ્ય કર્મોને મક્કમ રીતે પાર પાડતું થાય એટલા માટે તેણે આધ્યા-ત્મિક સમતાના, સર્વે જીવો સાથેનાં, અચલ, બિન-અંગત અને સમતાપૂર્ણ

અદ્વૈતના સર્વે શક્તિઓની પૂરી સમજણના પાયા પરથી કાર્ય કરવાનું છે. ભગવાન વિશ્વનાં કરોડો કાર્યોમાં પ્રબળ સામર્થ્યથી કાર્ય કરે છે, પણ તેનો આધાર હોય છે : એક, કદીય ચલિત ના થઈ શકે તેવું અદ્વૈત, મુક્તિ અને શાંતિનો પ્રકાશ અને શક્તિ. પરિપૂર્ણ આત્માના, દિવ્ય કર્મો પણ આ જ રીતનાં હોવાનાં, અને સમતા એ જ એવી અવસ્થા છે કે જે કર્મો પાછળની ભાવનાનું આવું પરિવર્તન શક્ય બનાવે છે.

પણ, માત્ર માનવીય પરિપૂર્ણતા મેળવવી હોય તોપણ સમતાને એક મુખ્ય તત્ત્વ તરીકે અને ખુદ જરૂરી વાતાવરણ તરીકે સ્વીકાર્યા વિના છૂટકો નથી. માનવીય પરિપૂર્ણતાને પરિપૂર્ણતાના નામને ખરેખરી લાયક બનાવવી હોય તો તેના લક્ષ્યમાં બે બાબતો તો સ્વીકારવી જ પડશે : પોતાની જાત પરનું પ્રભુત્વ અને સંયોગો પરનું પ્રભુત્વ; અને આપણી માનવ-પ્રકૃતિથી શક્ય તેટલાં વધારેમાં વધારે અંશે તેમને મેળવવાનાં છે. માણસને આ જે પરિપૂર્ણતા જોઈએ છે તેને પ્રાચીન કાળમાં બે શબ્દોથી વર્ણવી છે : સ્વરાજ્ય અને સામ્રાજ્ય. પણ જો તે નીચેની બાબતોને વશ હોય તો સ્વ-રાજ્ય, પોતાના પરનું પ્રભુત્વ શક્ય નથી : નિમ્ન પ્રકૃતિના હલ્લા, હર્ષ અને શોકના ઉછાળા, સુખ અને દુઃખના ઉગ્ર સ્પર્શો, ઊર્મિઓ અને આવેગોના ઉગ્ર ઉશ્કેરાટ, અંગત ગમા અને અણગમાનાં બંધન, કામના અને આસક્તિની બેડીઓ, અંગત અને ઊર્મિપ્રેર્યા મનગમતા નિર્ણયો અને અભિપ્રાયોની મર્યાદાઓ, અહંકારના સો સો સ્પર્શો અને વિચાર, લાગણી અને કર્મોનો પીછો ના છોડતી તેની મહોર. એમને આધીનતા એટલે આપણા હલકા "હું"ની ગુલામી; માણસે જો પોતાની પ્રકૃતિના રાજા, પ્રભુ બનવું હોય તો પોતાનામાં રહેલા ઊર્ધ્વ "હું" એ એમને પોતાના પગ નીચે દબાવી દેવાં તેરહ્યાં. મના પરનો વિજય એ જ છે સ્વરાજ્યની શરત. તો વળી, તેમના પર વિજય મેળવવાની શરત અને તેમના પર આક્રમણ કરવા માટેની અસલ વસ્તુ છે : સમતા. તેમનાથી સંપૂર્ણ મુક્ત થવું,— અને જો તેમ ના થઈ શકે તો છેવટે તેમનું નિયંત્રણ કરવું અને તેમના પર સવાર થવું,— એ જ છે સમતા. વળી જે સ્વરાજ્ય ના પામે તેને સામ્રાજ્ય ના મળે. સંયોગો પરના આ પ્રભુત્વ માટે જે જ્ઞાન સંકલ્પ-બળ અને સુમેળની જરૂર પડે છે તે માત્ર આંતરિક પ્રભુત્વના વિજય-મુકુટ તરીકે જ મળી શકે છે. અને આવા વિજય-મુકુટ પર તો માત્ર એવા જ આત્મ-નિર્ભર આત્મા અને મનનો હક્ક છે કે જે નિર્લેપ સમતા વડે પરમ સત્યનું, ધર્મનું અને વિશ્વવીંટતી વિશાળતાનું[1]

---

૧. सत्यम्, ऋतम्, बृहत्. — અનુવાદક

અનુસરણ કરે છે– (અને આ પ્રભુત્વનું સ્થાન માત્ર ત્યાં જ છે); અને આ સત્ય, ધર્મ વિશાળતા આપણી અપૂર્ણતા સમક્ષ જે મહાન આદર્શ રજૂ કરે છે તેનું અનુસરણ કરવા છતાં, એ આત્મનિર્ભર આત્મા અને મન તેમનો વિરોધ કરતું અને તેમના આવિર્ભાવમાં અવરોધ કરતું જે કાંઈ ભાસે તે સર્વેને પણ સમજી શકે છે, અને તેમના પ્રત્યે પૂરતી છૂટછાટ પણ દાખવે છે. આપણી હાલની માનવીય મનોમયતાનો પ્રદેશ કે જ્યાં માત્ર મર્યાદિત પરિપૂર્ણતા મળી શકે તેમ છે ત્યાં પણ આ પ્રભુત્વનો નિયમ એટલો જ સાચો રહે છે. પણ યોગના આદર્શમાં સ્વરાજ્ય અને સામ્રાજ્યના આ ધ્યેયનો સ્વીકાર કરીને તેને વધારે વિશાળ અને આધ્યાત્મિક પાયા પર મૂકવામાં આવે છે. ત્યાં તે તેનું પૂર્ણ સામર્થ્ય ધારણ કરે છે અને આત્મ-તત્ત્વનાં દિવ્ય પ્રદેશો પ્રત્યે ખૂલી જાય છે. કારણકે આપણા આત્મા અને આપણી પ્રકૃતિની સર્વોચ્ચ અને સર્વાંગી પરિપૂર્ણતાને પોતાનો આગવો અને અસલ આધાર માત્ર અનંત બ્રહ્મ સાથેના અદ્વૈતમાં અને સાંત પદાર્થો પર કાર્ય કરતી આધ્યાત્મિક શક્તિમાં જ મળી શકે છે.

પણ આત્મ-પરિપૂર્ણતાના યોગમાં માત્ર આત્માની જ પૂર્ણ સમતા નહિ પણ પ્રકૃતિમાં સ્થપાએલી સમતા એ પણ એક શરત છે જ. અને આ દિશામાં પહેલું અને સ્પષ્ટ પગલું એટલે આપણી ઊર્મિમય અને પ્રાણમય જાત પરનો વિજય; કારણકે એ જ છે મોટામાં મોટી મુશ્કેલીનાં મૂળ, વિષમતા અને વિવશતાને ઊભી કરી આપતાં જબરામાં જબરાં તત્ત્વો, આપણને અપૂર્ણતા સાથે જકડી રાખતા હઠીલામાં હઠીલા જુલ્મગારો. આપણી પ્રકૃતિનાં આ અંગોની સમતા, શુદ્ધિ અને મુક્તિ દ્વારા પ્રાપ્ત થાય છે. એમ પણ કહી શકાય કે મુક્તિની સાચી નિશાની એટલે જ સમતા. પ્રાણની કામનાઓના ધક્કામાંથી અને વાસનાઓની આત્મા ઉપરની ઝંઝા જેવી પકડમાંથી મુક્તિ એટલે અચલ અને સમતાપૂર્ણ હૃદયની અને વિશ્વવ્યાપી આત્માની વિશાળતાથી અને સમદૃષ્ટિથી સંચાલિત પ્રાણની પ્રતિષ્ઠા. કામના એટલે પ્રાણની અશુદ્ધિ, તેને બાંધી રાખતી બેડી. મુક્ત પ્રાણ એટલે એવો સંતોષી અને સુખી પ્રાણમય પુરુષ કે જે બાહ્ય પદાર્થોના સંપર્કોને સ્વીકારે અને સમતાપૂર્વક તેમનો જવાબ આપે. તે જ્યારે ગમા અને અણગમાના ગુલામીભર્યા દ્વંદ્વમાંથી મુક્ત અને ઉચ્ચ બને, સુખ અને દુઃખના હડસેલા પ્રત્યે બે-પરવા બને, પ્રિય વસ્તુથી ઉત્સાહિત અને અપ્રિય વસ્તુથી ઉશ્કેરાએલ કે વિવશ ના બને, મનગમતા અનુભવોને આસક્તિથી વળગી ના પડે અને અણગમતા અનુભવોને ઉગ્રતાથી ફગાવી ના દે ત્યારે અનુભવોની

કિંમત આંકવાની કોઈ મહાન પદ્ધતિ તેની સામે ખુલી જાય છે. ત્યારે દુનિયામાંથી જે કાંઈ ડરામણું, કે પછી સહાયરૂપ, તેની સામે ખડું થાય તે સર્વેને તે ઊર્ધ્વ તત્ત્વો સમક્ષ, આત્માના પ્રકાશનો અને પ્રશાંત પ્રસન્નતાનો સ્પર્શ પામેલ કે તેમના વડે રૂપાંતર પામેલ બુદ્ધિ અને હૃદય સમક્ષ રજૂ કરશે. આ પ્રમાણે પ્રશાંત બનેલ તથા આપણી અંદર ઊંડે મક્કમ આસન જમાવી બેઠેલા અંતર–આત્મા પર પોતાનું આધિપત્ય અજમાવવાનું છોડી આત્માને આધીન બનેલ પ્રાણમય પુરુષ પોતે પણ આધ્યાત્મિકતા ધારણ કરશે અને પદાર્થો સાથે દિવ્ય વર્તન કરતા આત્માનું સ્વચ્છ અને ઉમદા કરણ બની રહેશે. પ્રાણના આવેગોને કે તેની આગવી ઉપયોગિતાઓ કે કાર્યોનો સંન્યાસ–વૃત્તિથી નાશ કરવાની આ વાત નથી; જે કરવાનું છે તે તેમનો નાશ નહિ, તેમનું રૂપાંતર. પ્રાણને સોંપાએલું કાર્ય છે ઉપભોગ, પણ અસ્તિત્વનો સાચો ઉપભોગ, એટલે કે આંતરિક, આધ્યાત્મિક આનંદ. ભૌતિક મનના દોર નીચે અધોગામી બનેલા આપણા પ્રાણ, હૃદય કે મનની મોજ–મજાહના જેવા તે અધૂરા અને અશાંત ઉપભોગ નહિ હોય; એ તો હશે વિશ્વ જેટલા વિશાળ અને અગાધ; એ હશે, આત્માની અને સર્વ અસ્તિત્વની પ્રશાંત મુદ્રામાં સમાઈ રહેલા આધ્યાત્મિક આનંદની પ્રચૂર ધનતા. અને કબજો મેળવવો એ પણ તેનું કાર્ય છે; કબજા વડે જ આત્મા પદાર્થોનો ઉપભોગ કરે છે. પણ આ કબજો સાચો કબજો છે, એક વિશાળ અને આંતરિક વસ્તુ છે; બાહ્ય પકડ પર આધાર રાખતી એવી કોઈ વસ્તુ નથી કે જેમાં આપણે પકડાએલી વસ્તુથી પકડાવું પડતું હોય. સર્વ બાહ્ય કબજો અને ઉપભોગ એ તો આધ્યાત્મિક આનંદ માટે તેના પોતાનાં જ વિશ્વ–અસ્તિત્વનાં સ્વરૂપો અને ઘટનાઓ સાથેની સંતોષપૂર્ણ અને સમતાભરી લીલાને માટેની માત્ર એક તક જ બની રહેશે. અહંતા–ભર્યો કબજો એટલે કે પ્રભુ પર, પદાર્થો પર અને દુનિયા પર પોતાનો હક્ક કરી અહમ્ જે પરિગ્રહ કરવા માગે છે તેનો તો ત્યાગ જ કરવાનો છે, કે જેથી કરીને આ મહાન વસ્તુ, આ વિશાળ, વિશ્વવ્યાપી અને પરિપૂર્ણ જીવન પ્રાપ્ત થઈ શકે; त्यक्तेन भुंजिथाः । કામના અને કબજાનો અહંતા–ભર્યો ભાવ ત્યજી દેવાથી જ આત્મા પોતાનો અને વિશ્વનો દિવ્ય ઉપભોગ કરે છે.

એ જ પ્રમાણે મુક્ત હૃદય એટલે અનુરાગ અને આવેગની ઝંઝાઓ અને તોફાનોમાંથી છુટકારો પામેલું હૃદય. સમતાપૂર્ણ હૃદયમાંથી દુઃખ, ક્રોધ, ધિક્કાર અને ભયના હલ્લાઓ, પ્રેમનો પક્ષપાત, આનંદની અશાંતિ અને શોકનાં દર્દ ખરી પડે છે અને તેને વિશાળ અને શાંત, સમતાપૂર્ણ અને

પ્રકાશપૂર્ણ અને દિવ્ય અવસ્થામાં લાવી મૂકે છે. આ ખરી પડનારી વસ્તુઓ કાંઈ આપણી અસલ પ્રકૃતિ સાથે જડાઈ ગએલી બાબતો નથી; એ તો આપણી બાહ્ય અને સક્રિય મનોમય અને પ્રાણમય પ્રકૃતિની તથા તેના બાહ્ય જગત સાથેના વ્યવહારની હાલની બનાવટનાં સર્જનો છે. આપણને અલગ વ્યક્તિ તરીકે વર્તવાનું કહી આપણી પાસે આપણા સ્વતંત્ર હક્ક અને અનુભવના જોરે દુનિયાની કિંમત આંકતાં શીખવનાર અહં-ભાવ એ જ આપણી રખડપાટ માટે જવાબદાર છે. આપણે જ્યારે આપણી અંદર વસતા ભગવાન સાથે અને વિશ્વમાં વ્યાપેલા આત્મતત્ત્વ સાથે એકરૂપ બનીને જીવવા માંડીએ ત્યારે આ અપૂર્ણતાઓ આપણામાંથી ખરી પડે છે અને આંતરિક આધ્યાત્મિક અસ્તિત્વની શાંત અને સમતાભરી શક્તિ અને આનંદમાં અલોપ થઈ જાય છે. આ આધ્યાત્મિક અસ્તિત્વ હમેશાં આપણી અંદર મોજૂદ હોય છે જ; અને બાહ્ય જગતના સંપર્કો આપણા પ્રચ્છન્ન અંતર-આત્મા દ્વારા તેને પહોંચે તે પહેલાં તે તેમનું રૂપાંતર કરી નાખે છે; આ અંતર-આત્મા એ તેના અસ્તિત્વના આનંદ માટેનું ગુપ્ત કરણ છે. હૃદયની સમતા વડે આપણે સપાટી પરના અશાંત કામનામય પુરુષમાંથી પાછા હટી જઈએ છીએ, આ ગહન અસ્તિત્વનાં દ્વાર ખોલી નાખીએ છીએ, તેના પ્રત્યુત્તરો પામીએ છીએ અને આપણા ઊર્મિમય પુરુષને વળગનાર સર્વ બાબતો પર સાચી દિવ્ય દૃષ્ટિ લાગુ પાડીએ છીએ. આવી પરિપૂર્ણતાનું પરિણામ એટલે મુક્ત, સુખી, સમતાભર્યું અને સર્વ કોઈને સમાવતું આધ્યાત્મિક લાગણીઓથી ભરેલું હૃદય.

અને આ પરિપૂર્ણતામાં પણ કોઈક કડક, ત્યાગવાદી કઠોરતા કે આધ્યાત્મિક અતડી ઉદાસીનતા કે આત્મદમન માટેની કષ્ટભરી કઠિન તપસ્યાનો સવાલ ઊભો નથી થતો. આ, ભાવપ્રધાન પ્રકૃતિના ઉચ્છેદની નહિ પણ રૂપાંતરની વાત છે. અહીં આપણી આ બહિર્મુખ પ્રકૃતિમાં જે કાંઈ વિકૃત કે અપૂર્ણ સ્વરૂપે રહેલું છે તેનો પણ કાંઈક એવો અર્થ અને ઉપયોગ છે કે જે, આપણે દિવ્ય અસ્તિત્વના વિશાળ સત્યમાં પાછા પ્રવેશ કરીએ ત્યારે ફરી પ્રાપ્ત થાય છે. પ્રેમનો નાશ નહિ થાય પણ તે પૂર્ણ બનશે, તેની પાત્રતા પૂર્ણ વિશાળતા ધારણ કરશે, તે આધ્યાત્મિક આનંદાવેશ પર આધારિત થશે, તે પ્રભુપ્રેમ અને માનવપ્રેમ બનશે તે પદાર્થમાત્ર પરનો પોતાની જ જાત તરીકેનો અને પ્રભુનાં સ્વરૂપો અને શક્તિ તરીકેનો પ્રેમ બની જશે; આપણે અત્યારે જેને આટલો બધો કિંમતી ગણીએ છીએ તે નાના નાના હર્ષ અને શોકથી ભરેલા, ગુસ્સો, ઈર્ષા અને સંતોષ તથા

મિલન માટેના ઉછાળા અને શોક, અલગતા અને વિયોગના તરંગો એ સર્વે તડકા-છાંયાના હઠીલા દુરાગ્રહથી હેરાન થતા, હક્ક-દાવા રજૂ કરતા, અહંતાભર્યા, સ્વાર્થ-છાયા પ્રેમની જગ્યાએ એક વિશાળ, અનેકવિધ વિવિધતાઓથી ભરેલો વિશ્વવ્યાપી પ્રેમ આવી મળશે. દુઃખને દેશવટો મળશે અને તેનું સ્થાન લેશે એક વિશ્વ-શો વિશાળ, સમતાપૂર્ણ પ્રેમ અને સહાનુભૂતિ,— સહનતાભરી સહાનુભૂતિ નહિ પણ એક એવું સામર્થ્ય કે જે પોતે મુક્ત હશે અને બીજાઓને આધાર આપવા જેટલો, સહાય કરવા જેટલો, મુક્ત કરવા જેટલો સમર્થ હશે. મુક્તાત્મા માટે ધિક્કાર કે ક્રોધ જેવી વસ્તુઓ તો અશક્ય જ બની જશે; પણ પ્રભુની એવી પ્રબળ રુદ્ર-શક્તિ તેને માટે અશક્ય નહિ હોય કે જે ધિક્કાર વિના લડી શકે છે અને ક્રોધ વિના વિનાશ કરી શકે છે, કારણકે તે જેનો વિનાશ કરે છે તે સર્વે પોતાનાં જ અંગો છે, પોતાનાં જ પ્રાગટ્યો છે તે તે સતત જાણતો હોય છે, અને તેથી પોતાનાં આ પ્રાગટ્યો જેમાં સાકાર બનેલાં છે તેમને માટેની તેની સહાનુભૂતિ અને સમજ એવી જ સાબૂત રહેતી હોય છે. આપણી સમગ્ર ભાવ-પ્રધાન પ્રકૃતિનું આવું ઊર્ધ્વ, મુક્તિદાયક રૂપાંતર થઈ જશે. પણ તેમ થાય એટલા માટેની, પરિણામ-સાધક શરત છે : સંપૂર્ણ સમતા.

એ જ સમતાને આપણાં અન્ય અંગોમાં પણ સ્થાપવાની જ છે. આપણી સમગ્ર કર્મપ્રધાન જાત વિષમ આવેગોને વશ થઈને, નિમ્ન, અજ્ઞાન પ્રકૃતિના આવિર્ભાવો તરીકેનાં કર્મો કરે છે. આવા આવેગોને આપણે આધીન થઈએ છીએ અથવા તેમનું થોડુંઘણું નિયંત્રણ કરીએ છીએ, અથવા તો આપણી બુદ્ધિનો, આપણી સંસ્કાર-પોષક, સૌંદર્ય-દર્શી સમજ અને મનનો અને નિયંત્રક નીતિ-નિયમોનો, બદલાતો રહેતો અને બદલવા માટે યત્નશીલ રહેતો પ્રભાવ પાથરીએ છીએ. સાચી અને ખોટી, લાભદાયી અને નુકસાનકારક, સંવાદી અને અવ્યવસ્થિત પ્રવૃત્તિઓનો ગોટાળિયો ઢગલો એ આપણા એવા પ્રયત્નોનું સેળભેળ પરિણામ હોય છે કે જે માનવીય સમજ અને અણસમજ, સદ્‌ગુણ અને દુર્ગુણ, યશ અને અપયશ, ઉમદા અને હલકટ, લોકમાન્ય અને લોકનિંદ્ય, આત્મમાન્ય અને આત્મનિષિદ્ધ, આત્મ-નીતિ-પરાયણતા અને ઘૃણા, પશ્ચાત્તાપ, લાંછન અને નૈતિક નિરાશાનાં બદલાતાં રહેતાં ધોરણરૂપ હોય છે. આ બધી બાબતો આપણા આધ્યાત્મિક વિકાસમાં હાલના તબક્કે ખૂબ જરૂરી છે એમાં તો શંકા જ નથી. પણ વધારે મહાન પરિપૂર્ણતા ઝંખતો સાધક તો આ બધાં દ્વંદ્વોમાંથી પાછળ હઠી જશે, તેમને સમદૃષ્ટિથી નિહાળશે, અને સમતા દ્વારા સક્રિય તપઃશક્તિનાં, આધ્યાત્મિક

સામર્થ્યનાં એવાં નિષ્પક્ષ અને સર્વવ્યાપી કર્મો ગ્રહણ કરશે કે જેમાં તેની પોતાની શક્તિ અને સંકલ્પ એ, દિવ્ય કર્મપ્રવાહના એક મહાન અને શાંતિ-પૂર્ણ રહસ્યનાં શુદ્ધ અને સમ્યક્ કરણરૂપ બની રહેશે. આવી કર્મપરાયણ સમતાના પાયારૂપે આધાર વડે તે સામાન્ય મનોમય ધોરણોથી પર થઈ જશે. આ ધોરણોથી પર તેની સંકલ્પ–દૃષ્ટિએ દિવ્યજ્ઞાનથી દોરાતા એક એવા દિવ્ય અસ્તિત્વ ઉપર અને દિવ્ય તપઃશક્તિની પ્રેરણા ઉપર મીટ માંડવાની છે કે જેના એક યંત્ર તરીકે તેની પોતાની, પરિપૂર્ણ બનેલી પ્રકૃતિ કાર્ય કરશે. પણ, ઊર્મિ અને પ્રાણના આવેગોને તથા અંગત અભિપ્રાયોના આગ્રહોને આધીન અહમ્ જ્યાં સુધી વચ્ચે દખલગીરી કર્યા કરશે ત્યાં સુધી એ પુરેપૂરું શક્ય નહિ બને. સંકલ્પોની પૂર્ણ સમતા એ જ એક એવી શક્તિ છે. કે જે કર્મો માટેના નિમ્ન આવેગોની આ ગ્રંથિઓને નિઃશેષ કરી શકે છે. આવી સમતા નિમ્ન આવેગો વડે સક્રિય નહિ બને, પણ મનથી ઊર્ધ્વ પ્રદેશના પરમ–પ્રકાશની ઉચ્ચ, દૃષ્ટિ–પૂર્ણ પ્રેરણા તરફ નજર માંડશે; અને બૌદ્ધિક નિર્ણયો વડે નિકાલ કે નિયંત્રણ ના કરતાં સત્ય દૃષ્ટિના કોઈક ઊર્ધ્વ સ્તરથી આવતા પ્રકાશ અને દોરવણીની રાહ જોશે. અને તે જેમ જેમ વિજ્ઞાનમય પુરુષ પ્રત્યે ઊંચે ચડતી જશે અને આંતરિક આધ્યાત્મિક અફાટતામાં જઈ વિશાળતા ધારણ કરવા માંડશે તેમ તેમ ઊર્મિમય તથા પ્રાણમય પ્રકૃતિની જેમ કર્મશીલ પ્રવૃત્તિ પણ રૂપાંતર પામશે, આધ્યાત્મિક બનશે અને દિવ્ય પ્રકૃતિની શક્તિ તરીકે વિકસવા માંડશે. નવી જ જાતની સક્રિયતામાં ગોઠવાવા જતાં ભરપૂર ભૂલો થશે, ઠોકરો ય વાગશે અને અધૂરપો પણ રહી જશે. પણ વધુ ને વધુ સમતા પ્રાપ્ત કરતો જતો આત્મા આ બધાંથી કાંઈ ગભરાશે નહિ કે શોક કરશે નહિ; કારણકે અંતરાત્મામાંથી અને મનસાતીત પ્રદેશમાંથી પરમ પ્રકાશ અને શક્તિનું માર્ગદર્શન મેળવવા તે મુક્ત બન્યો હોવાથી તે મક્કમ વિશ્વાસથી આગળ વધ્યે જતો હશે અને વધતી જતી શાંતિપૂર્વક તડકા–છાંયાનો ગાળો પૂરો થાય તથા રૂપાંતરની ક્રિયા સંપૂર્ણ બને તેની રાહ જોતો હશે. ગીતામાં ભગવાને આપેલું અભય–વચન તેની મક્કમતાને અડગ બનાવશે : " સર્વે ધર્મો ત્યજી દઈને માત્ર મારા જ શરણે આવ; સર્વે પાપમાંથી હું તને મુક્ત કરીશ; શોક મા કર "[૧].

વિચારપ્રધાન મનની, એટલે કે બુદ્ધિની તેમ જ સંકલ્પશક્તિની સમતા

૧. सर्व धर्मं परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वं सर्व–पापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥

ગીતા ૧૮/૬૬

એ પણ પ્રકૃતિનાં કરણોની પરિપૂર્ણતાનું એક અંગ,—અને ખૂબ અગત્યનું અંગ—બની રહેશે. આપણી મનોમયતાના પાયારૂપ આપણી બૌદ્ધિક પસંદગીઓ, નિર્ણયો, અભિપ્રાયો, કલ્પનાઓ, સ્મરણ-શક્તિની વાડ બાંધતી સંકલનાઓ એ સર્વે સાથેની, તેમ જ આપણાં ઘરેડિયાં મનનાં ચાલુ આવર્તનો સાથેની, વ્યવહાર-લક્ષી મન સાથેની અને ખુદ આપણા બૌદ્ધિક સત્ય-લક્ષી મનની મર્યાદાઓ સાથેની ય આપણી મોહક અને વાજબી લાગતી આસક્તિએ પણ અન્ય આસક્તિઓને માર્ગે જ વિદાય લેવાની છે અને એક સમદૃષ્ટિ-પૂર્ણ તટસ્થતાને સ્થાન આપવાનું છે. સમતાપૂર્ણ બુદ્ધિ આપણી મર્યાદિત પ્રકૃતિએ તેમ જ આપણી બુદ્ધિના પક્ષપાતોએ તથા તેના નાના સરખા તર્કભંડોળ અને સ્ફુરણા-સંચયે ઊભા કરેલા દ્વંદ્વ-રૂપી જ્ઞાન અને અજ્ઞાનને તથા સત્ય અને ભૂલને અવલોકશે અને તેમાંના કોઈ પણ એક દોરથી બંધાયા વિના બંનેનો સ્વીકાર કરશે અને પ્રકાશ પામી બંનેથી પર થવાની રાહ જોશે. અજ્ઞાનમાં તે એક કેદ પકડાએલું અને મુક્તિ વાંચ્છતું જ્ઞાન જોશે, અને અસત્યમાં એક એવું, કામે લાગેલું સત્ય જોશે કે જે ભૂલું પડેલું છે અથવા જેને ફાંફાં મારતાં મને અવળા આકાર આપી દીધેલા છે. તો વળી બીજી બાજુએ તે તેનાં જ્ઞાનથી પોતાને બાંધી કે મર્યાદિત બનાવી નહિ રાખે કે નવા પ્રકાશ-પ્રદેશોમાં પ્રવેશવાના મનાઈ-હુકમ તરીકે તેને નહિ સ્વીકારે; અથવા સત્યનો સંપૂર્ણ ઉપભોગ કરવા છતાં તેને મડાગાંઠથી પકડી નહિ રાખે, કે તેનાં હાલનાં માળખાંઓમાં તેને જોરજુલમથી બાંધી નહિ રાખે. વિચારશીલ બુદ્ધિની આવી સંપૂર્ણ સમતા અનિવાર્ય છે કારણકે આવી પ્રગતિનું લક્ષ્ય છે : આધ્યાત્મિક જ્ઞાનના ઊર્ધ્વ પ્રદેશનો વિશાળ પ્રકાશ. આવી સમતા બીજા બધા પ્રકારના કરતાં વધારેમાં વધારે નાજુક અને મુશ્કેલમાં મુશ્કેલ છે; અને માનવીના મને પણ હજી સુધી તેનો ઓછામાં ઓછો વ્યવહાર કરેલો છે. જ્યાં સુધી અતિમાનસિક પ્રકાશ ઊર્ધ્વતા ઝંખતા મનની ઉપર પૂરેપૂરો ના પથરાય ત્યાં સુધી આ સમતાને પરિપૂર્ણ બનાવવી અશક્ય છે. પણ જ્યાં સુધી એ પ્રકાશ મનના તાત્ત્વિક પિંડ પર મુક્ત રીતે કાર્ય ના કરી શકે ત્યાં સુધી બુદ્ધિમાં સમતા સ્થાપવાના સંકલ્પને પાકો કરતા જ જવાનું જરૂરી છે. અને આ પણ ન તો બુદ્ધિની સત્ય ખોજનો કે વિશ્વમાંના તેના હેતુઓનો ઇન્કાર છે કે ન તો કોઈ ઉદાસીનતા કે નિષ્પક્ષ નાસ્તિકતા છે, કે ન તો વાચાતીત બ્રહ્મની નીરવતામાં વિચાર માત્રની સ્થગિતતા છે. ઊર્ધ્વ પ્રકાશ અને જ્ઞાન માટેનું સમતાપૂર્ણ વાહન બનાવવા માટે મનને તેની મર્યાદિત ક્રિયાઓમાંથી મુક્ત કરવાની જરૂર ઊભી થાય ત્યારે મનના વિચારોને

સ્થગિત કરવા એ સાધનાનો એક ભાગ હોઈ શકે છે; પણ એ મનના અસલ પદાર્થનું રૂપાંતર પણ કરવાનું જ છે; નહિ તો માનવજાતિમાં દિવ્ય ચેતનાના વ્યવસ્થિત કાર્યને સાકાર કરવા માટે ઊર્ધ્વ પ્રકાશ મનને પૂરેપૂરું પકડમાં પણ નહિ લઈ શકે અને તેને અનિવાર્ય આકાર પણ નહિ આપી શકે. વાચાતીત બ્રહ્મની નીરવતા એ એક દિવ્ય સત્ય છે જ, પણ એ નીરવતામાંથી પ્રગટ થતો પરમ શબ્દ એ પણ એક એવું જ સત્ય છે; અને એ જ આ શબ્દ છે કે જેને પ્રકૃતિના સચેતન સર્જનમાં મૂર્ત આકાર આપવાનો છે.

પણ છેક છેવટે તો પ્રકૃતિમાં સમતા સ્થાપવાની આ સમગ્ર સાધના એ માત્ર એક એવી તૈયારી છે કે જેથી આત્માની સર્વોચ્ચ સમતા સમગ્ર જાતને કબજે કરે અને એક એવું વ્યાપક વાતાવરણ સર્જે કે જેમાં ભગવાનના દિવ્ય પ્રકાશ, શક્તિ અને આનંદનો આવિર્ભાવ માનવમાં હમેશાં વધારે ને વધારે સમગ્ર થતો જ જાય. અને એ સમતા એટલે સચ્ચિદાનંદની સનાતન સમતા. એ જ છે અનંત પુરુષની સ્વયંભૂ સમતા, સનાતન આત્મતત્ત્વની સમતા; અને એ જ, આપણાં મન, હૃદય, સંકલ્પ-શક્તિ, પ્રાણ અને દેહને પોતાના ઇચ્છેલા ઢાળામાં ઢાળશે. એ છે : અનંત, આધ્યાત્મિક ચેતનાની સમતા કે જે દિવ્ય જ્ઞાનના આનંદપૂર્ણ પ્રવાહ અને સુખ-સભર તરંગોને પોતાનામાં સમાવશે અને આધાર આપશે. એ જ છે દિવ્ય તપસ્ની સમતા કે જે દિવ્ય સંકલ્પ-શક્તિના પ્રકાશપૂર્ણ કર્મપ્રવાહનો સમગ્ર પ્રકૃતિમાં આરંભ કરશે. એ જ છે દિવ્ય પરમાનંદની સમતા કે જે દિવ્ય, વિશ્વવ્યાપી આનંદની, વિશ્વવ્યાપી પ્રેમની અને વિશ્વવ્યાપી સૌંદર્યની મર્યાદાતીત રસ-મસ્તીની લીલાનો પાયો બની રહેશે. અને અનંત બ્રહ્મની, આદર્શ સમતાપૂર્ણ શાંતિ અને નિશ્ચલતા એ બની રહેશે આપણી પરિપૂર્ણ બનેલી જાતનું અફાટ આકાશ; પણ સાથે સાથે, વિશ્વમય સંબંધોને પાર પાડતી પ્રકૃતિ દ્વારા વહેતો, એ અનંત બ્રહ્મનો, આદર્શ, સમતાપૂર્ણ કર્મપ્રવાહ એ બની રહેશે તેનાં સામર્થ્યનું આપણી જાતમાં વહેતું અક્ષુબ્ધ પૂર. આ જ છે પૂર્ણયોગના પ્રકાશમાં સમતાનો અર્થ.

પ્રકરણ : ૧૨

# સમતાની સાધના

સંપૂર્ણ અને પરિપૂર્ણ સમતાનું જે વર્ણન કર્યું તે ઉપરથી જણાશે કે આવી સમતાનાં બે પાસાં છે. તેથી તેની પ્રાપ્તિ પણ બે ક્રમિક ક્રિયાઓ દ્વારા કરવાની રહેશે. તેમાંની એકથી આપણને નિમ્ન પ્રકૃતિનાં કર્મોમાંથી મુક્તિ તેમ જ દિવ્ય સત્તાની નિશ્ચલ શાંતિમાં પ્રવેશ મળશે; તો બીજીથી આપણને ઊર્ધ્વ પ્રકૃતિની સમગ્ર સત્તા તથા શક્તિમાં મુક્તિ મળશે અને દિવ્ય અને અનંત જ્ઞાન, સક્રિય સંકલ્પ–શક્તિ તથા આનંદની સમ–અવસ્થા તથા વિશ્વમયતામાં પ્રવેશ મળશે. પહેલા પ્રકારને નિષ્ક્રિય કે નકારાત્મક સમતા, માત્ર ગ્રહણ કરનારી સમતા કહી શકાય, કે જે જગતની ઘટનાઓના સંપર્કોને વિના સંવેદને સ્વીકારે છે તથા તેઓ આપણી ઉપર જે દ્વંદ્વાત્મક લાગણીઓ અને પ્રતિકારો માટે દબાણ કરે તેને નકારે છે. તો બીજા પ્રકારની સમતા એવા સક્રિય અને ભાવાત્મક પ્રકારની છે કે જે જગતની ઘટનાઓનો સ્વીકાર જરૂર કરે છે પણ એકમાત્ર ભગવાનના જ આવિર્ભાવ તરીકે તેને સ્વીકારે છે તથા તેમને એક એવી સમતાથી પ્રત્યુત્તર આપે છે કે જે આપણામાં રહેલી દિવ્ય પ્રકૃતિમાંથી ઊઠેલો હોય છે અને જે તેમનાં મૂલ્યોનું પોતાની આગવી અને ગુપ્ત રીતે રૂપાંતર કરી નાખતી હોય છે. પહેલા પ્રકારની સમતા એકમેવ બ્રહ્મની શાંતિમાં રહેલી છે તથા અસલ અજ્ઞાનની કર્મશીલ પ્રકૃતિનો ઇન્કાર કરનારી છે. બીજા પ્રકારની સમતા એ જ શાંતિમાં, અને સાથે સાથે, પરમાત્માના પરમ–આનંદમાં પણ રહે છે. તથા પ્રકૃતિના આત્મમય જીવન ઉપર દિવ્ય જ્ઞાન, શક્તિ તથા અસ્તિત્વના આનંદનું આરોપણ કરે છે. પૂર્ણયોગમાં સમતાની સાધનાનો આધાર, એક જ સિદ્ધાંત વડે જોડાએલાં સમતાનાં આ બેવડાં સ્વરૂપની ઉપર રહેલો છે.

નિષ્ક્રિય, અથવા તો સંપૂર્ણપણે સ્વીકાર–શીલ સમતાની સાધનાની શરૂઆત એવા જુદા જુદા ત્રણ સિદ્ધાંતો કે માનસિક વલણોમાંથી થાય છે કે જે ત્રણેય છેવટે તો એક જ પરિણામ પ્રત્યે આપણને દોરી જાય છે. આ ત્રણ સિદ્ધાંતો તે : તિતિક્ષા કે સહનશીલતા, ઉદાસીનતા, અને

આધીનતા કે સ્વીકારશીલતા. તિતિક્ષાનો સિદ્ધાંત આપણા અંતરાત્માની એવી શક્તિ ઉપર ઊભેલો છે કે જે આપણને ચારે બાજુથી ઘેરી વળેલી ઘટનાત્મક પ્રકૃતિના સર્વે સંપર્કો, સંસર્ગો અને સૂચનોને, તેમાં તણાયા વિના તેમ જ તેમના તરફના ભાવ-પ્રધાન, સંવેદન-પ્રધાન, કર્મ-પ્રધાન કે બુદ્ધિ-પ્રધાન પ્રતિકારોને સ્વીકારવાની ફરજ વિના સહન કરે છે. નિમ્ન પ્રકૃતિના બાહ્ય મનમાં આવી શક્તિ નથી. એ મનની શક્તિ એટલે એવી, માનસિક, મર્યાદિત શક્તિ કે જે, અસ્તિત્વના આ પ્રદેશમાં તેને વીંટળાઈ વળેલા, ચેતના અને શક્તિના વિશાળ ચકરાવામાંથી તેની ઉપર જે કાંઈ આવી પડે અથવા તેને જે કાંઈ ઘેરી વળે તેની સામે બની શકે તે કરી છૂટનારી શક્તિ. અલબત્ત, તે ટકી રહી શકે છે, અને પોતાને એક વ્યક્તિ તરીકે જાળવી શકે છે, તે છે તો તેની અંદર રહેલી આત્માની શક્તિને લીધે જ, પણ એ આત્મ-શક્તિની સમગ્રતાને કે તેની તાકાતની અનંતતાને તે, જીવનની પ્રતિકૂળતાનો સામનો કરવા માટે બહાર મેદાનમાં લાવી શકતું નથી; જો તે તેમ કરી શકતું હોત તો તે ક્યારનું ય દુનિયાનું સમોવડિયું, કે સ્વામી, બની ગયું હોત. હકીકતમાં તો, બની શકે તેટલું તેણે કરી છૂટવાનું હોય છે. કેટલાક સંસર્ગોનો તે સામનો કરી શકે છે, અને કેટલેક અંશે અથવા કોઈક વાર પૂરેપૂરા અંશે, કે કાયમ માટે તેમને અટકાવી શકે છે, અપનાવી શકે છે કે કાબૂ નીચે પણ લાવી શકે છે; અને તેટલે અંશે તેનામાં હર્ષ, સુખ, સંતોષ, સ્નેહ કે ઉમળકા જેવા ભાવ કે સંવેદન-ભર્યા પ્રત્યુત્તરો જાગે છે; અથવા, સ્વીકાર, સંમતિ, સમજ, જ્ઞાન કે પસંદગી જેવા બૌદ્ધિક અને માનસિક પ્રત્યુત્તરો જાગે છે; અને આ બધાંને તે આકર્ષણ કે ઇચ્છાથી, અથવા, તેમને ટૂંકાવી રાખવા, ફરી ફરી અનુભવવા, ઊભા કરવા, પકડી રાખવા કે પોતાનાં જીવનમાં આરામભરી આદત તરીકે સ્થાપવા માટે વળગી પડે છે. તો વળી બીજા સંસર્ગોને પણ તે સ્વીકારે તો છે જ, પણ તે તેમને કાં તો વધારે પડતા જોરદાર કે જુદા પડતા અને વેરાઈ ગએલા, કે વધારે પડતા મોળા લાગે છે, અને તેથી તેને તેમાં મઝા પડતી નથી. આવા સંસર્ગોને તે સહન નથી કરી શકતું કે અટકાવી કે અપનાવી નથી શકતું; તેમની સામે તેને શોક, દુઃખ, બેચેની, અસંતોષ, અણગમો, અસંમતિ, ઇન્કાર, અણ-સમજ, અજ્ઞાન કે અસ્વીકારનો પ્રત્યુત્તર વાળવો પડે છે. તે તેમની સામે સંરક્ષણ શોધે છે, તેમાંથી નાસવા કે બચવા ઇચ્છે છે, તેઓ ફરી આવે જ નહિ કે ઓછામાં ઓછા આવે તેમ ઇચ્છે છે; તેમના પ્રત્યે તેને ગભરાટ, ક્રોધ, સંકોચ, ભય, તિરસ્કાર, ઘૃણા, શરમ વગેરે જાગે છે; તેમાંથી

મુક્ત થઈ તે હાશ અનુભવવા ઇચ્છે છે પણ તેમને તે છોડી શકતું નથી કારણકે તેનાં કારણો સાથે તે બંધાએલું હોય છે (અને કારણોને નોતરતું પણ હોય છે), તેથી તેના પરિણામ સાથે પણ બંધાએલું રહે છે. કારણકે આ બધા સંસર્ગો એ, જીવનનાં અંગ છે, આપણી કામનાઓમાં ભળી ગએલી વસ્તુઓ છે; અને તેમને વશ કરવાની અશક્તિ એ આપણી પ્રકૃતિની અ-પૂર્ણતાનો એક ભાગ છે. તો વળી એવા સંસર્ગો પણ હોય છે કે જેને મન રોકી રાખી શકે છે કે નિરર્થક બનાવી શકે છે, અને તેમની પ્રત્યે તે ઉદાસીનતા, સંવેદનહીનતા કે સહનશીલતાનું એવું તટસ્થ વલણ ધરાવે છે કે જે નથી હોતું કોઈ ચોખ્ખો સ્વીકાર અને ઉપભોગ કે નથી હોતું ઇન્કાર કે યાતના. મન સમક્ષ જે કોઈ વસ્તુઓ, વ્યક્તિઓ, વિચારો, પ્રસંગો, ઘટનાઓ રજૂ થાય છે તેમના પ્રત્યે તેનો આ ત્રણ જાતનો પ્રત્યુત્તર હોય છે. સામાન્ય રીતે આમ જ બનતું હોવા છતાં એ બાબતો તદ્દન નિશ્ચિત થઈ ચૂકેલી નથી હોતી. આદત-ભર્યા અભ્યાસને લીધે તેમની ગોઠવણી આવી રીતની હોય છે ખરી પણ બધા જ માણસોનાં મનમાં બરાબર આ જ પ્રમાણે નથી બનતું; વળી એક જ માણસના મનમાં પણ જુદા જુદા સમયે કે જુદા જુદા સંયોગોમાં જુદા જુદા પ્રતિકારો ઊભા થતા હોય છે. એક જ સંસર્ગ એક જ મનમાં એક વાર સુખદ અને મનગમતો તો બીજી વાર વિરોધી અને અણગમતો તો વળી કોઈ ત્રીજી વાર ઉદાસીન કે તટસ્થ પ્રતિકાર જગાડે છે.

આ પ્રતિકારો ઉપર પોતાની, વિરોધ અને સામનો કરતી, મક્કમ અને સમતા-પૂર્ણ તિતિક્ષા-શક્તિ અજમાવીને આત્મા પોતાનું પ્રભુત્વ સ્થાપવાની શરૂઆત કરે તે શક્ય છે. અણગમતા સંસર્ગો સામે સંરક્ષણ શોધવાનો કે તેમનાથી બચવાનો કે દૂર ભાગવાનો પ્રયત્ન કરવાને બદલે તે તેમનો સામનો કરે અને તેમનાથી પીડાવાનું કે ખંતથી, મક્કમતાથી, વધ્યે જતી સમતાથી કે તપસ્વી જેવા શાંત સ્વીકારથી તેમને સહન કરવાનું શીખે એ પણ શક્ય છે. આવા વલણ અને આવી સાધનાને પરિણામે પદાર્થો પ્રત્યેની આત્માની ત્રણ જાતની શક્તિ, ત્રણ જાતની સિદ્ધિ પ્રાપ્ત થાય છે. પ્રથમ તો એ સમજાય છે કે પહેલાં જે અસહ્ય હતું તે હવે સહેલાઈથી સહન કરી શકાય છે. સંસર્ગોનો સામનો કરતી શક્તિની માત્રા વધતી જાય છે; મૂંઝવણ, દુઃખ, શોક, તિરસ્કાર અથવા અણગમતા પ્રતિકારની બીજી કોઈ લાગણી ઊભી કરવા માટે એ પ્રતિકારે પોતાની તાકાત અથવા ગાળો વધારતા જ જવું પડે છે. બીજી બાબત એ બને છે કે સચેતન પ્રકૃતિના બે

ભાગ પડી જાય છે : એક તો, સામાન્ય મનોમય અને ઊર્મિમય પ્રકૃતિનો કે જેમાં જૂના પ્રતિકારો ચાલ્યા કરે છે, અને બીજો, તેનાથી ઉપરની બુદ્ધિ અને સંકલ્પનો કે જે આ નિમ્ન પ્રકૃતિના આવેગોને, અશાંત કે આસક્ત થયા વિના અવલોકે છે, તેમને પોતાના ગણતો નથી, સ્વીકાર કે સંમતિ આપતો નથી કે તેમાં ભાગ લેતો નથી. એટલે નિમ્ન પ્રકૃતિની પ્રતિકાર-શક્તિ ઘટવા માંડે છે, ઉચ્ચ બુદ્ધિ અને સંકલ્પમાંથી આવતાં શાંતિનાં અને સામર્થ્યનાં સૂચનોને તે આધીન થવા માંડે છે, અને એ શાંતિ અને સામર્થ્ય મન તથા હૃદયનો, અને ખુદ ઇન્દ્રિયો, પ્રાણ અને દેહનો પણ કબજો લેવા માંડે છે. આ તિતિક્ષા અને સંયમની શક્તિના પરિણામે, તેમ જ નિમ્ન પ્રકૃતિના આ ભાગલા અને અસ્વીકારના પરિણામે ત્રીજી શક્તિ અને સિદ્ધિ આવી મળે છે; એ છે : સામાન્ય પ્રતિકારોમાંથી છુટકારો અને જો આપણે ધારીએ તો, આત્મ-શક્તિના જોરે આપણા સર્વ પ્રકારના અનુભવોની નવરચના. તિતિક્ષાની આ પદ્ધતિ માત્ર અણગમતા પ્રતિકારો પર જ નહિ પણ મનગમતા પ્રતિકારો પર પણ અજમાવી શકાય છે. આત્મા તેમને તાબે થવાનો કે તેમાં તણાઈ જવાનો ઇન્કાર કરે છે. સુખદાયક અને હર્ષદાયક પ્રતિકારોને તે શાંત રહીને પસાર થવા દે છે; તેમનાથી ઉશ્કેરાઈ જવાની તે ના પાડે છે, અને આ હર્ષની તેમ જ સુખદાયક વસ્તુઓ માટે દોડતા મનની આતુરતાની જગ્યાએ આત્માની નિશ્ચલતાને સ્થાપે છે. વળી જ્ઞાનની પ્રાપ્તિ તથા જ્ઞાનની મર્યાદાઓના નિશ્ચલ સ્વીકાર દ્વારા આ તિતિક્ષાને, વિચાર-પ્રધાન મન ઉપર પણ લાગુ પાડી શકાય છે; આથી આ મન આકર્ષક વિચારોની મોહિનીમાં તણાઈ જવાની કે વણ-ટેવાએલા કે અણગમતા વિચારો પ્રત્યે તિરસ્કાર કેળવી દૂર ભાગવાની ના પાડે છે અને નિર્લેપ દૃષ્ટિથી પરમ સત્ય તરફ મીટ માંડે છે કે જેથી તે સમર્થ, અનાસક્ત, પ્રભુતા-પૂર્ણ સમજ અને સંકલ્પ-શક્તિનો વિકાસ કરી શકે. આમ આત્મા ધીમે ધીમે સર્વે બાબતો પ્રત્યે સમતા ધારણ કરે છે, પ્રભુત્વ પ્રાપ્ત કરે છે અને મનમાં એક મજબૂત થાણું જમાવીને તથા આત્મામાં એક અચલ પ્રશાંતતા ધારણ કરીને દુનિયાના સર્વે સંસર્ગોને ઝીલવા સમર્થ બને છે.

બીજો સાધના-માર્ગ છે : તટસ્થ ઉદાસીનતા કે નિર્લેપતા-ભર્યાં વલણનો. તેની પદ્ધતિ છે : પદાર્થ-માત્ર માટેના રાગ-દ્વેષનો એક સામટો ઇન્કાર, તેમને માટેની એક પ્રકાશમય અવેદનતા, એક વિરોધભર્યો અસ્વીકાર, તેમનો સાથસંબંધ અને ઉપયોગ રદ કરવાનો અભ્યાસ. સંકલ્પ-બળની તો હમેશાં જરૂર પડવાની જ, છતાં આ જાતનું વલણ સંકલ્પના

કરતાં વધારે તો જ્ઞાનની ઉપર પ્રતિષ્ઠિત છે. આ વલણ મનના બધા આવેગોને બાહ્ય મનોમયતાની ભ્રામક દશામાંથી સર્જાએલા ગણે છે; અથવા સમત્વ-પૂર્ણ, અદ્વિતીય આત્માના પ્રશાંત સત્યની સાથે રહેવા માટે ના-લાયક એવી હલકી વૃત્તિઓ ગણે છે; અથવા, મુક્ત પુરુષની શાંત, સાક્ષીરૂપ સંકલ્પ-શક્તિ તથા નિર્લેપ બુદ્ધિ ધારણ કરીને, ત્યજી દેવા યોગ્ય, પ્રાણ અને હૃદયના અવરોધો ગણે છે. તે મનમાંથી કામનાઓને કાઢી મૂકે છે, પદાર્થોમાં દ્વંદ્વભર્યા ગુણો આરોપતા અહમ્‌નો ઇન્કાર કરે છે; અને કામનાના સ્થાને એક તટસ્થ અને નિર્લેપ શાંતિ તથા અહમ્‌ના સ્થાને વિશુદ્ધ આત્માને સ્થાપે છે કે જે દુનિયાના સંસર્ગોથી ન તો અશાંત થાય છે, ઉશ્કેરાય છે કે ચલિત થાય છે. અને માત્ર ઊર્મિ-પ્રધાન મન જ શાંત નથી થતું પણ બુદ્ધિ પણ અજ્ઞાનપ્રેર્યા વિચારોનો ત્યાગ કરે છે અને નિમ્ન જ્ઞાનમાં રસ લેવાનું છોડી તેનાથી પર, સનાતન અને અક્ષર સત્યમાં આરોહણ કરે છે. આ માર્ગથી પણ એવી ત્રણ સિદ્ધિઓ કે શક્તિઓ વિકાસ પામે છે કે જે શાંતિના ઊર્ધ્વ પ્રદેશમાં લઈ જાય છે.

પહેલી વાત એ સમજાય છે કે મન આ જીવનના ક્ષુદ્ર આનંદો અને ઉપાધિઓથી મરજિયાત રીતે જ બંધાએલું છે અને જો આત્મા એકવાર માત્ર એટલું જ નક્કી કરે કે બાહ્ય અને ક્ષણભંગુર વસ્તુઓનાં નિયંત્રણોને લાચાર બનીને વશ થવાની તેની આદત તે ફેંકી દે તો પછી એ બધાં; હકીકતમાં તો, તેની ઉપર કોઈ જ જાતની આંતરપકડ રાખી શકે તેમ નથી. બીજી વાત એ સમજાય છે કે અહીં પણ બે ભાગલા પાડવાનું, ચેતનાના એવા બે ભાગ કરવાનું શક્ય છે કે જેમાં એક તરફ જૂના, ઘરેડિયા સંસર્ગોને વશ નિમ્ન કે બાહ્ય મન છે અને બીજી તરફ આત્માની નિર્લેપ અચલતામાં વસવા માટે તૈયાર એવી, પાછી હઠી ગએલી ઊર્ધ્વ બુદ્ધિ અને સંકલ્પ-શક્તિ છે. બીજા શબ્દોમાં, આપણામાં એક એવી આંતરિક, અલગ અચલતા વિકસે છે જે નિમ્ન અંગોના ઉગ્ર ઊહાપોહમાં ભાગ લીધા વિના કે તેને અનુમતિ આપ્યા વિના તેને માત્ર અવલોકે છે. શરૂઆતમાં ઊર્ધ્વ બુદ્ધિ અને સંકલ્પ-શક્તિ ડહોળાઈ જાય, તેમની ઉપર હલ્લા થાય કે નિમ્ન અંગોના ઉછાળામાં મન તણાઈ જાય એમ ઘણી વાર બને પણ ખરું, પણ અંતે તો આ અચલતા અજેય, સ્થાયી અને ઉગ્રમાં ઉગ્ર સંસર્ગોની સામે પણ અચલ બની જાય છે – ना दुःखेना गुरुणाऽपि विचाल्यते । —. આવો અચલ અંતરાત્મા બાહ્ય મનની ઉપાધિઓથી પર થઈ નિર્લેપતાથી તેમને નિહાળે છે અથવા, તેમાં અટવાઈ પડ્યા વિના નાનાં છોકરાંના બાલિશ આનંદ કે શોકમાં ભાગ

લેતા વડીલની માફક અળગો ભાગ લે છે; તે તેમને ન તો તેની પોતાની ગણે છે કે ન તો તેમની પાછળ કોઈ સ્થાયી સત્ય જુએ છે. છેવટે, બાહ્ય મન પોતે પણ આ અચલ અને તટસ્થ પ્રશાંતતાનો સ્વીકાર કરે છે; અને પહેલાં પોતે જેનાથી ખેંચાઈ જતું હતું તેના તરફ હવે આકર્ષાતું નથી, અને શોક તથા દુઃખ કે જેમને ખોટી અગત્ય આપવાની તેને ટેવ હતી તેનાથી હવે તે હેરાન થતું નથી. આમ ત્રીજી શક્તિ પણ આવી મળે છે; તે છે : વિશાળ નિશ્ચલતા અને શાંતિની, સર્વત્ર વ્યાપેલી શક્તિ, આપણી ઉપર સવાર થઈ બેઠેલી, કાલ્પનિક અત્યાચાર આદરતી પ્રકૃતિના સકંજામાંથી છૂટયાની ખુશાલી, અસ્થાયી પદાર્થોની અથડામણો અને અશાંતિને સ્થાને આવી વસેલું, સનાતન અને અનંત અસ્તિત્વના સ્પર્શવાળું, સ્થાયી, અતલ, અચલ, નિરતિશય સુખ; ब्रह्म संस्पर्शमत्यन्तम् सुखमश्नुते ॥ અંતરાત્મા આત્માનંદમાં, આત્માના અદ્વિતીય અને અનંત આનંદમાં નિશ્ચલ બને છે; હવે તે બાહ્ય સંસ્પર્શો અને તેમાંથી મળતાં સુખ અને શોકની પાછળ ભમતો નથી. કોઈ નાટક કે ખેલ, કે જેમાં જોડાવાનું હવે તેને બંધન રહ્યું નથી તેના પ્રેક્ષકની માફક હવે તે વિશ્વને માત્ર નિહાળ્યા કરે છે.

ત્રીજો માર્ગ છે આધીનતાનો. તે, ક્રિશ્ચિયન ધર્મમાં જેને ભગવાનની ઇચ્છાને આધીન થઈ બધું જ છોડી દેવાની જે વાત કરી છે તેના જેવો હોય; અથવા તો, પદાર્થો અને પ્રસંગોને વિશ્વવ્યાપક પરમ સંકલ્પનાં કાલ-વશ પ્રાગટયો ગણી તેમનો વિના અહમે સ્વીકાર કરવાનો પણ હોય; અથવા ભગવાનને, પરમપુરુષને પોતાની જાતનું પૂર્ણ સમર્પણ કરવાનો પણ હોય. પહેલો માર્ગ સંકલ્પનો હતો અને બીજો જ્ઞાનનો; તો આ માર્ગ છે ચિત્ત અને હૃદયનો; ભક્તિની સાથે તેનો ગાઢ સંબંધ છે. જો આ માર્ગનું અંત સુધી અનુસરણ કરવામાં આવે તો અહીં પણ સંપૂર્ણ સમતા પ્રાપ્ત થાય છે. કારણકે અહં-રૂપી ગાંઠ ઢીલી પડે છે, અંગત હક્ક-દાવા દૂર થવા માંડે છે; આપણને સમજાય છે કે મનગમતી વસ્તુઓથી ખુશ થવાનું અને અણગમતી વસ્તુઓથી નાખુશ થવાનું આપણને બંધન નથી. ઉત્સાહ-ભરી પકડ વિના કે ઉશ્કેરાટ-ભર્યા ત્યાગ વિના આપણે તેમને સ્વીકારી શકીએ છીએ, આપણી જાતના સ્વામી પાસે તેમને રજૂ કરી શકીએ છીએ, તેમની આપણને થતી અંગત અસર પ્રત્યે વધારે ને વધારે બેપરવા થતા જઈએ છીએ; અને માત્ર એક જ બાબત અગત્યની બની રહે છે : પ્રભુ પ્રત્યે પ્રયાણ; અથવા વિશ્વમય અને અનંત અસ્તિત્વ સાથેનો સંપર્ક અને સંવાદ; અથવા ભગવાન સાથે જોડાવું, તેનાં વાહન, કરણ, સેવક, પ્રેમી થવું, તેને અને તેની સાથેના

આપણા સંબંધને માણતા રહેવું, અને તેના સિવાય બીજા શેનેય હર્ષ કે શોકના આધાર કે કારણ તરીકે ના સ્વીકારવું. અહીં પણ, જૂની ઊર્મિઓથી ટેવાયેલું નિમ્ન મન, અને પ્રેમ અને સ્વાર્પણ–ભાવથી ભરેલું ચૈત્યસિક મન એવા બે ભાગલા ઊભા થઈ કેટલોક વખત ચાલુ રહે તે શક્ય છે; પણ છેવટે પેલું નિમ્ન મન નમતું આપે છે, બદલાય છે, પલટો પામે છે, ભગવાનના પ્રેમ, આનંદ અને મસ્તીમાં ડૂબી જાય છે, તેના સિવાયના સર્વે રસ અને આકર્ષણ છોડી દે છે. ત્યારે અંતરમાં સર્વત્ર છવાઈ રહે છે અદ્વૈતની સમતા-પૂર્ણ શાંતિ અને આનંદ, બૌદ્ધિક સમજથી પેલે પારનો શબ્દ–હીન પરમ-આનંદ, નિમ્ન તત્ત્વોની ખલેલથી અસ્પૃષ્ટ અને આધ્યાત્મિક અસ્તિત્વના ગહન ઊંડાણમાં રહેલી પરમ–શાંતિ.

આ ત્રણ માર્ગોની શરૂઆત જુદી જુદી રીતે થવા છતાં તેઓ એક-સરખા થઈ રહે છે. પહેલાં તો, બાહ્ય સ્પર્શો, એટલે કે બાહ્ય પદાર્થોના સંસર્ગો પ્રત્યે મનના પ્રતિકારોનો નિરોધ, અને બીજું, પ્રકૃતિની બાહ્ય ક્રિયાઓમાંથી આત્માની અલગતા એ આ ત્રણેય માર્ગો દ્વારા આવી મળે છે. પણ એ તો દેખીતું જ છે કે જો આપણે એક એવી વધારે સક્રિય સમતા પ્રાપ્ત કરી શકીએ કે જે આપણને અનાસક્ત અને અલગતાભરી અચલતા વડે આ જગતથી માત્ર દૂર જ ના લઈ જાય અથવા માત્ર તેનો સામનો કરતાં જ ના શીખવાડે પણ અચલ અને સમતાપૂર્ણ આત્માના સામર્થ્ય વડે આપણને તેમાં પાછા લાવે અને તેના પર કબજો અપાવે, તો આપણી પરિપૂર્ણતા વધારે મહાન અને, સર્વેનો સમાવેશ કરતી વધારે સંપૂર્ણ બનશે. આમ બની શકે છે; કારણકે જગત, પ્રકૃતિ, કર્મો એ બધું હકીકતમાં તો કોઈ જુદી જ વસ્તુ નથી પણ પરમાત્માના, સર્વાત્માના, ભગવાનના. આવિર્ભાવો જ છે. આપણું સામાન્ય મન તેમનો જે પ્રતિકાર કરે છે એ, દિવ્ય મૂલ્યોની એવી વિકૃતિ છે કે જે, જો આ વિકૃતિમાંથી તે મુક્ત થઈ જાય તો, તે હકીકતને સ્પષ્ટ રીતે આપણી નજર સમક્ષ રજૂ કરે છે; એ વિકૃતિ એટલે પેલાં દિવ્ય મૂલ્યોને બદલી નાખતું એક જૂઠાણું, અજ્ઞાન, એવું અજ્ઞાન, કે જે અંધ, જડ અચેતનતા-માં થએલી પરમાત્માની અવક્રાંતિમાંથી ઊભું થયેલું છે. ભગવાનની, પરમ-આત્માની પૂર્ણ ચેતનામાં આપણો એકવાર પુનઃપ્રવેશ થાય એટલે પદાર્થોનું સાચું, દિવ્ય મૂલ્ય આંકી શકીએ છીએ અને તેમને આત્માની શાંતિ, આનંદ, જ્ઞાન અને સચેતન સંકલ્પ વડે સ્વીકારી શકીએ છીએ અને તેમની પર કાર્ય કરી શકીએ છીએ. આપણે એમ કરવાની શરૂઆત કરીએ એટલે આત્મા આ વિશ્વમાં સમતાભર્યો આનંદ માણવા માંડે છે, સર્વે પરિબળોને

સમતાપૂર્ણ સંકલ્પથી હાથમાં લે છે, આ દિવ્ય આવિર્ભાવની સર્વ ઘટનાઓની પાછળ રહેલા આધ્યાત્મિક સત્યને સમતાપૂર્ણ જ્ઞાનથી પ્રાપ્ત કરે છે. પરમાત્મા તેમને જે રીતે ધારણ કરે છે તે રીતે એટલે કે અનંત પ્રકાશ, સામર્થ્ય અને આનંદની સમગ્રતા વડે આત્મા તેમને ધારણ કરે છે.

એટલે નકારાત્મક અને નિષ્ક્રિય સમતાને બદલે ભાવાત્મક અને સક્રિય સમતા ગ્રહણ કરવાથી આ સમગ્ર અસ્તિત્વનો સ્વીકાર કરી શકાય છે. આને માટેની પ્રથમ જરૂરિયાત છે એક એવું નવું જ્ઞાન કે જે અદ્વૈતનું જ્ઞાન હોય, જેમાં પદાર્થ-માત્ર પોતાની જાત-રૂપ દેખાતો હોય, સર્વ પદાર્થોમાં ભગવાન અને ભગવાનમાં સર્વ પદાર્થો દેખાતા હોય. બીજી જરૂરિયાત છે સર્વ ઘટનાઓ, સર્વ પ્રસંગો, સર્વ બનાવો, સર્વ વ્યક્તિઓ અને સર્વ શક્તિઓનો એક જ પરમાત્માનાં મહોરાંઓ તરીકે એક જ શક્તિની ગતિઓ તરીકે, એક જ દિવ્ય પ્રજ્ઞાથી નિયંત્રિત થએલા એક જ સક્રિય સામર્થ્યનાં પરિણામો તરીકે સમતાભર્યો સ્વીકાર કરવાનો સંકલ્પ. અને તે પછી મહત્તર જ્ઞાનવાળા આ સંકલ્પના પાયા ઉપર, આત્મા અને મનને અચલ રાખીને સર્વસ્વનો સ્વીકાર કરી શકનારી શક્તિ વિકાસ પામે છે. જેને મારી જાત કહી શકાય તેનું વિશ્વના આત્મા સાથે અદ્વૈત થવું જ જોઈએ; સર્વ જીવો સાથે અદ્વૈત દેખાવું અને અનુભવાવું જ જોઈએ; સર્વ શક્તિઓ, પરિબળો, પરિણામોનો મારી જાતની – અને પૂરેપૂરી મારી પોતાની – જ શક્તિની ગતિઓ તરીકેનો અનુભવ થવો જ જોઈએ. અને એ તો દેખીતું જ છે કે આ બધું મારી અહમ્‌મય જાત તરીકે નથી જ અનુભવવાનું (એને તો ચૂપ કરી દેવાની છે, બાકાત કરી નાખવાની છે, ફેંકી જ દેવાની છે – નહિ તો પરિપૂર્ણતા પ્રાપ્ત થાય જ ક્યાંથી ?) પણ હવે હું જેની સાથે એક બની ગયો છું તે વિશાળ, વ્યક્તિત્વ-વિહીન અથવા વિશ્વમય, જાત તરીકે અનુભવવાનું છે. કારણકે હવે મારું વ્યક્તિત્વ એ વિશ્વમય આત્માનું માત્ર એક કર્મ-કેન્દ્ર છે; અને એ કેન્દ્ર અન્ય સર્વ વ્યક્તિ-સ્વરૂપો સાથે અને, આપણને જે માત્ર વ્યક્તિત્વ-વિહીન પદાર્થો અને શક્તિઓ લાગે છે તેવા સર્વ કાંઈ સાથે પણ ગાઢ સંબંધમાં અને એકતામાં આવી ગએલું છે. આ સર્વ અન્ય વ્યક્તિ-સ્વરૂપો, પદાર્થો અને શક્તિઓ એ બધાં હકીકતમાં તો એક જ વ્યક્તિત્વ-હીન પુરુષનાં, ભગવાનનાં, પરમાત્માનાં, પરમ આત્મ-તત્ત્વનાં સામર્થ્યો છે. મારું વ્યક્તિસ્વરૂપ એ એનું જ સ્વરૂપ છે; એ હવે વિશ્વમય સ્વરૂપ સાથે ન તો અસંગત છે, ન તો તેનાથી અલગ છે; એ પોતે જ હવે વિશ્વમય બની ગયું છે; વિશ્વમય આનંદનું જ્ઞાતા બની ગયું છે; એ જે

કાંઈ જાણે છે, જેના પર કાર્ય કરે છે, જેનો ઉપભોગ કરે છે તેની સાથે એકરૂપ અને તેનું પ્રેમી પણ બની ગયું છે; કારણકે વિશ્વના સમતાપૂર્ણ જ્ઞાનમાં અને વિશ્વના સ્વીકાર માટેના સમતાપૂર્ણ સંકલ્પમાં હવે, ભગવાનના વિશ્વમય પૂર્ણ આવિર્ભાવ માટેનો સમતાપૂર્ણ આનંદ પણ હવે ઉમેરાય છે.

અને આ પદ્ધતિની પણ ત્રણ સિદ્ધિઓ અને શક્તિઓને અહીં રજૂ કરી શકાય તેમ છે. પ્રથમ તો, આધ્યાત્મિક જ્ઞાનને ઝીલતા આપણા આત્મામાં તથા ઊર્ધ્વ બુદ્ધિ અને સંકલ્પ-શક્તિમાં આ સમતાપૂર્ણ સ્વીકારની શક્તિ વિકાસ પામે છે. વળી, પ્રકૃતિને પણ આવા વલણનો સામાન્ય સ્વીકાર કરવા સમજાવી શકાય છે; તેમ છતાં એક બાજુ આ ઊર્ધ્વ બુદ્ધિ અને સંકલ્પ-શક્તિ તથા બીજી બાજુએ, દુનિયાને જોવાની અને તેના સંસર્ગોનો પ્રત્યુત્તર આપવાની જૂની અહંતામય આદતને વળગી રહેતા નિમ્ન મનની વચ્ચે ઝગડો ચાલ્યા કરે છે. શરૂઆતમાં ગૂંચવાઈ જતાં, એકબીજામાં ભળી જતાં, ચડસા-ચડસી કરતાં, એકબીજા પર દબાણ કરતાં, કબજો લેવા પડાપડી કરતાં આ બે તત્ત્વોને પછીથી જુદાં પાડી શકાય છે; ઊર્ધ્વ, આધ્યાત્મિક પ્રકૃતિને નિમ્ન, મનોમય પ્રકૃતિમાંથી અલગ તારવી શકાય છે. મન હજી શોક, ચિંતા, નિમ્ન આનંદ અને સુખ જેવા પ્રતિકારોને વશ હોય તેવા આ ગાળામાં ત્યારે એક એવી વધારાની મુશ્કેલી ઊભી થાય છે કે જે અન્ય, પૂરા વ્યક્તિ-પ્રધાન યોગોમાં એટલી ઉગ્ર રીતે હેરાન કરતી નથી. કારણકે આ વિશ્વ-પ્રધાન યોગ-પદ્ધતિમાં મનને માત્ર પોતાની જ ઉપાધિઓ અને મુશ્કેલીઓ વેઠવાની નથી હોતી પણ અન્ય લોકોના હર્ષ અને શોકમાં પણ તે ભાગ લે છે, તીવ્ર સહાનુભૂતિથી દ્રવે છે, તેમના સંસર્ગોને સૂક્ષ્મ સંવેદન-પૂર્વક અનુભવે છે, તેમને પોતાના જ ગણે છે; માત્ર એટલું જ નહિ પણ અન્ય લોકોની મુશ્કેલીઓ આપણી મુશ્કેલીમાં ઉમેરાય છે અને પરિપૂર્ણતાનો વિરોધ કરતાં બળો વધારે જીદપૂર્વક આપણને વળગે છે, કારણકે તેઓ સમજે છે કે આપણી આ પ્રવૃત્તિ એ માત્ર કોઈ રડ્યાખડ્યા આત્માનો, તેમના સામ્રા-જ્યમાંથી નાસી છૂટવાનો યત્ન નથી પણ તેમના વિશ્વ-સામ્રાજ્ય પર આક્રમણ કરવાની અને તેને જીતી લેવાની હિલચાલ છે. પણ છેવટે એ પણ દેખાય છે કે આ મુશ્કેલીઓને જીતવાનું સામર્થ્ય પણ અંતે આવી મળે છે; ઊર્ધ્વ બુદ્ધિ અને સંકલ્પ-શક્તિ નિમ્ન મન પર દબાણ કરે છે અને નિમ્ન મન પણ આધ્યાત્મિક પ્રકૃતિનાં વિશાળ સ્વરૂપોમાં સમજપૂર્વક પલટાય છે, અને પોતાના રૂપાંતર દ્વારા સર્વે ઉપાધિઓ, અંતરાયો અને મુશ્કેલીઓને સાફ ના કરી નાખી શકાય ત્યાં સુધી તેમનો અનુભવ અને સામનો કરવામાં

તથા તેમને મહાત કરવામાં પણ આનંદ માણે છે. ત્યારે સમગ્ર જાત સર્વોચ્ચ શક્તિમાં, વિશ્વવ્યાપી શાંતિ અને આનંદમાં, પરમાત્માના પોતાના, તથા તેના આવિર્ભાવના સચેતન આનંદ અને સંકલ્પમાં નિવાસ કરવા લાગે છે.

આ સક્રિય અને ભાવાત્મક પદ્ધતિ કેવી રીતે કાર્ય કરે છે તે જાણવા માટે જ્ઞાન, સંકલ્પ અને લાગણીઓ–રૂપી ત્રણ મહાન શક્તિમાં આ સિદ્ધાંતનું સ્થાન કેવું છે તે ટૂંકમાં જોઈ લેવું ઠીક પડશે. બધી જ ઊર્મિઓ, લાગણીઓ અને સંવેદનો એ, પરમાત્માના પ્રકૃતિમાં થતા આવિર્ભાવોને પામવાની અને તેમાં અસરકારક સમૃદ્ધિ ભરવાની અંતરાત્માની એક રીત છે. પણ આત્મા જેનો અનુભવ કરે છે તે છે વિશ્વવ્યાપી આનંદ; જ્યારે, તેનાથી ઊલટું, નિમ્ન મનમાં ગૂંચવાએલો અંતરાત્મા એ આનંદને ત્રણ જાતનું, સુખ, દુઃખ અને તટસ્થ ઉદાસીનતાનું એવું બદલાતું રહેતું મૂલ્ય આપે છે કે જે વધારે–ઓછી માત્રાના જોરે એકબીજામાં ભળી જાય છે; અને આ માત્રાનો આધાર પોતાની ઉપર જે કાંઈ આવી પડે તેને જોવાની, જાણવાની, અપનાવવાની, અનુકૂળ કરવાની કે જીતવાની વ્યક્તિભૂત ચેતનાની શક્તિ ઉપર રહેલો છે. હકીકતમાં આ બધું તેની ઉપર તેની પોતાની જ એવી વિશાળ જાતમાંથી આવી ચડે છે કે જેને, અલગ વ્યક્તિસ્વરૂપ ધારણ કરવાના પરિણામે, પોતે પોતાની બહાર મૂકી દીધી છે અને, અનુભવની દૃષ્ટિએ તો, એ પોતાની જાત હોય જ નહિ એમ ગણી લીધું છે. પણ એ વિશાળ જાત આપણી અંદર જ આવી વસેલી હોવાથી, આ બધો જ સમય આપણી અંદર એક એવો અંતરાત્મા મોજૂદ રહેલો હોય છે કે જે આ બધી જ બાબતોમાં આનંદ લેતો હોય છે અને પોતાની ઉપર જે કાંઈ આવી પડે તેમાંથી શક્તિ મેળવતો હોય છે, તેનાથી વિકાસ સાધતો હોય છે, અને અનુકૂળની માફક પ્રતિકૂળ સંજોગોનો પણ એટલો જ લાભ ઉઠાવતો હોય છે. આનો ચોખ્ખો અનુભવ આપણને બાહ્ય કામનામય પુરુષમાં થાય છે; હકીકતમાં તો આથી જ આપણે અસ્તિત્વનો આનંદ અનુભવીએ છીએ અને અથડામણ, યાતના, અને એવા જ અન્ય ઉગ્ર અનુભવોમાં પણ અમુક જાતની મજા માણી શકીએ છીએ. પણ વિશ્વવ્યાપી આનંદ માણવા માટે તો આપણાં બધાં જ કરણોએ બધી જ વસ્તુઓમાં, જરાતરા કે વિકૃત નહિ પણ અસલ આનંદ પકડતાં શીખવાનું છે. પદાર્થ માત્રમાં પરમ આનંદનું તત્ત્વ રહેલું છે; બુદ્ધિ તેને સમજી શકે છે અને રસવૃત્તિ, તેમનામાં રહેલ રસ તરીકે, આનંદના આસ્વાદ તરીકે તેને અનુભવી શકે છે; પણ સામાન્ય રીતે, તે બુદ્ધિ અને રસવૃત્તિ તેમની વ્યર્થ, વિષમ અને વિરોધી કિંમત આંકે છે. તેમને આત્માના પ્રકાશમાં આ પદાર્થો જોતાં અને એ

કાચી કિંમતોને સાચી, સમ અને સારરૂપ કિંમતમાં પલટી નાખતાં શીખવવાનું છે. આ આનંદના આસ્વાદને, રસ-ગ્રહણને ભોગવતું, મજબૂત પકડવાળા ઉપભોગનું સ્વરૂપ આપનાર પ્રાણતત્ત્વ આપણામાં મોજૂદ છે; તે સમગ્ર પ્રાણમય પુરુષને તેનાથી ઝંકારિત કરે છે, તેની પાસે તેનો સ્વીકાર કરાવે છે, તેને તેનો આસ્વાદ કરાવે છે. પણ પ્રાણમાં રહેલા કામનાના તત્ત્વને લીધે તે સામાન્ય રીતે આ કાર્ય બરાબર કરી શકતો નથી અને એ ભોગને સુખ, દુઃખ અને એ બંનેની શૂન્યતા – કે જેને આપણે ઉદાસીનતા કે સંવેદન-શૂન્યતા કહી શકીએ — એવાં ત્રણ નિમ્ન સ્વરૂપો આપી દે છે. પ્રાણે કામનામાંથી અને તેની વિષમતાઓમાંથી મુક્ત થવાનું છે અને બુદ્ધિ અને રસવૃત્તિ જેને ગ્રહણ કરે છે તે આસ્વાદને સ્વીકારવાનો છે અને તેને શુદ્ધ ઉપભોગમાં પલટી નાખવાનો છે. તે પછી ત્રીજું પગલું ભરવામાં કરણો તરફથી બીજા અંતરાયો આવતા નથી; તે ત્રીજું પગલું ભરતાં સર્વ કાંઈ આધ્યાત્મિક આનંદની સંપૂર્ણ અને શુદ્ધ રસ-મસ્તીમાં પલટાઈ જાય છે.

જ્ઞાનની રીતે વિચાર કરતાં, મનના પણ પદાર્થો પ્રત્યે ત્રણ જાતના પ્રતિકાર છે: અજ્ઞાન, ભૂલ અને જ્ઞાન. સક્રિય સમતા શરૂઆતમાં આ ત્રણેયનો એક એવા આત્મ-આવિર્ભાવ તરીકે સ્વીકાર કરશે કે જે અજ્ઞાનમાંથી શરૂઆત કરી, ભૂલના કારણરૂપ અધૂરા કે વિકૃત જ્ઞાનમાંથી પસાર થઈ, અસલ જ્ઞાન પ્રત્યે આગળ વધી રહેલ છે. તે મનના અજ્ઞાનને, તેનું ચેતના-વિષયક સ્વરૂપ ધ્યાનમાં રાખી હાથમાં લેશે; અજ્ઞાનને ચેતનાના એ દૃષ્ટિબિંદુથી જોતાં એ, ચિત્તની એક એવી વાદળ-છાયી, અંધાર-ઢાંકી, આચ્છાદિત અવસ્થા છે કે જેમાં સર્વજ્ઞ આત્માનું જ્ઞાન જાણે કે અંધારિયા આવરણ નીચે, છુપાઈ બેઠેલું છે; સક્રિય સમતા અજ્ઞાન સાથે એ રીતે વર્તશે. તે તેની ઉપર મન દ્વારા કાર્ય કરશે અને મળી ચૂકેલાં સાપેક્ષ સત્યોની સહાય વડે, બુદ્ધિ વડે કે અંતઃસ્ફુરણામય એકાગ્રતા વડે જ્ઞાનને અજ્ઞાનના આવરણમાંથી મુક્ત કરશે. આજ સુધી જાણવા મળેલી બાબતોને જ તે વળગી નહિ રહે અથવા તેમનાં જ નાનાં-શાં માળખાંમાં બધી બાબતોને બાંધવા નહિ મથે, પણ જાણેલી અને અજાણી સર્વે બાબતોને ખુલ્લા અને સમદૃષ્ટિવાળા મનથી હાથમાં લેશે. ભૂલ સાથે પણ એ એમ જ વર્તશે; સાચા અને ભૂલ ભરેલા બંને દોરાઓની ગૂંથને તે સ્વીકારશે, પણ કોઈ એક જ મતથી બંધાઈ નહિ જાય; ઊલટાનું, બધા જ મતોની પાછળ રહેલા સત્યને, ભૂલોમાં સંતાએલ જ્ઞાનને શોધવા મથશે; કારણકે ભૂલમાત્ર સત્યના કોઈ ખોટા સમજાએલા ખંડની કઢંગી રજૂઆત હોય છે અને સત્યના જોર પર—તેની અવળી સમજણ પર નહિ—

ઊભેલી હોય છે. તો વળી સક્રિય સમતા, સાબિત થએલાં સત્યોનો સ્વીકાર કરવા છતાં તેમાં પુરાઈ નહિ રહે; પણ નવા જ્ઞાન માટે સદાય તૈયાર રહેશે અને વધારે ને વધારે પૂર્ણ, વધારે ને વધારે વિશાળ, સર્વેને સમાવતી, સર્વેને એકરૂપ કરતી, પ્રજ્ઞાની, પરમ ડહાપણની શોધ ચાલુ રાખશે. પણ એની પૂર્ણ પ્રાપ્તિ તો માત્ર અતિમાનસિક વિજ્ઞાનમાં આરોહણ કરવાથી જ થઈ શકે તેમ છે; આથી સત્યનો સમદૃષ્ટ સાધક, બુદ્ધિ અને તેના વ્યાપારોને જ વળગી નહિ રહે કે તેને જ પૂર્ણવિરામ નહિ માની લે, પણ તેમને પેલેપાર ચડી જવા તૈયાર રહેશે: તે, આરોહણની બધી જ ભૂમિકાઓના સ્વીકારની માફક પોતાની બધી જ શક્તિઓના ફાળાનો પણ સ્વીકાર કરશે ખરો પણ તે તો તેમને તેમનાથી પણ પરનાં સત્યમાં ઊંચે ચડાવવા ખાતર. તેણે સર્વસ્વનો સ્વીકાર કરવાનો છે, પણ શેને ય વળગી રહેવાનું નથી, શેનાથી ય ભાગવાનું નથી–પછી ભલેને તે ગમે તેવું અપૂર્ણ હોય કે સ્થાપિત ખ્યાલોને ગમે તેટલું ઉથલાવી પાડતું હોય—; તો વળી સત્યાત્માનાં મુક્ત કાર્યને આંચ આપે એવા કશાયના પંજામાં તે આવશે નહિ. બુદ્ધિની આવી સમતા એ ઊર્ધ્વ અતિમાનસિક અને આધ્યાત્મિક જ્ઞાનને પહોંચવાની અનિવાર્ય શરત છે.

આપણામાં જ્ઞાન માટેની, જીવવા માટેની, લાગણીઓ માટેની સંકલ્પ–શક્તિ છે; અરે, આપણી પ્રકૃતિના દરેક ભાગમાં કાર્ય કરતી સંકલ્પ–શક્તિ છે; અને એ જ છે આપણી અતિ વ્યાપક, સમર્થતમ શક્તિ. આથી તે સ્વરૂપો પણ અનેક લે છે અને પદાર્થો પ્રત્યે પ્રતિકાર પણ અનેકવિધ કરે છે; અશક્તિ, અનાવડત, મર્યાદિત સામર્થ્ય, પ્રભુત્વ, અથવા તો, સાચા સંકલ્પ, ખોટા કે વિકૃત સંકલ્પ, અથવા તો નિષ્પક્ષ ઇચ્છા–શક્તિ, નૈતિક મનની પાપ–પુણ્યમય ઇચ્છા–શક્તિ કે બિન–નૈતિક ઇચ્છા–શક્તિ એ બધાં, અને એવાં બીજાં અનેક તેનાં સ્વરૂપો છે. સક્રિય સમતા આ સર્વેનો પણ એવા કામચલાઉ મૂલ્ય તરીકે સ્વીકાર કરે છે કે જેનાથી તેણે શરૂઆત કરવાની છે, અને જેનું તેણે વિશ્વમય પ્રભુત્વમાં, પરમ સત્યની અને પરમ ધર્મની તપઃશક્તિમાં, સક્રિય ઇશ્વરેચ્છાની મુક્તિમાં રૂપાંતર કરી નાખવાનું છે. સમતાપૂર્ણ સંકલ્પ–શક્તિએ પોતાનાં સ્ખલનોનો પશ્ચાત્તાપ કે શોક કરવાનો હોતો નથી કે નિરુત્સાહ થવાનું હોતું નથી; આવી જાતના પ્રતિકારો જો આદત–બાંધ્યા મનમાં ઊભા થશે તો આવી સંકલ્પ–શક્તિ માત્ર એ જ જોશે કે એ પ્રતિકારો કેટલે અંશે ખામીઓ, અને તેમાં કરવાના સુધારા, દેખાડે છે (કારણકે એ પ્રતિકારો કાંઈ તદ્દન સાચી અને પુરી ખામીઓ જ નથી

દેખાડતા હોતા) અને તેમાંથી બહાર નીકળી કેવી રીતે એક શાંત અને સમતાપૂર્ણ માર્ગદર્શન મેળવી શકાય. તે એ પણ જોઈ શકશે કે પોતાને આવાં સ્ખલનોનો અનુભવ પણ જરૂરી છે, અને છેવટે તો તેઓ પણ, તેને ધ્યેય પ્રત્યે લઈ જતાં પગથિયાં જ છે. આપણામાં અને દુનિયામાં જે કાંઈ બને છે તેમની પાછળ અને તેમની અંદર તે દિવ્ય અર્થ અને દિવ્ય માર્ગદર્શન શોધશે. તેની ઉપર ઠસાવવામાં આવેલી મર્યાદાઓને પેલે પાર તે વિશ્વ-શક્તિએ જાતે અને જાણીજોઈને સ્વીકારેલી એવી મર્યાદાઓને શોધશે (અને આ મર્યાદાઓ આપણા અજ્ઞાન માટે ભલે 'ઠસાવેલી' હોય પણ દિવ્ય જ્ઞાને તો એ જાતે જ સ્વીકારેલી હોય છે) કે જેના વડે તે શક્તિ તેનાં પગલાં અને પ્રગતિને સાચે માર્ગે રાખે છે; અને એ મર્યાદાઓને પેલે પાર ભગવાનના મર્યાદાતીત સામર્થ્ય સાથેની એકરૂપતા પ્રત્યે તે પ્રયાણ કરશે. સર્વે શક્તિઓ અને કર્મોને તે એકમાત્ર પરમ અસ્તિત્વમાંથી ઉદ્ભવતી શક્તિઓ તરીકે જોશે અને તેમની વિકૃતિઓને, વિકાસ-માર્ગમાં ઊભી થતી, શક્તિની એવી અનિવાર્ય અપૂર્ણતાઓ તરીકે જોશે કે જે એ વિકાસને માટે જરૂરી હતી. આથી, વિશ્વવ્યાપી પરિપૂર્ણતા પ્રત્યે, મક્કમ પગલે, આગ્રહપૂર્વક આગળ વધવા છતાં સર્વે અપૂર્ણતા પ્રત્યે તે ઉદાર-દિલ રહેશે. આવી સમતા પ્રકૃતિને દિવ્ય અને વિશ્વવ્યાપી તપઃશક્તિના માર્ગદર્શન પ્રત્યે ખુલ્લી કરશે અને તેને એવાં અતિમાનસિક કર્મો માટે તૈયાર કરશે કે જેમાં આપણા અંતરાત્માની શક્તિ પરમાત્માની શક્તિથી પ્રકાશપૂર્ણ રીતે સભર બનેલી હશે અને તેની સાથે એકરૂપ બની ગએલી હશે.

પૂર્ણયોગમાં ઉપયોગ બંને જાતની પદ્ધતિનો, નિષ્ક્રિય અને સક્રિય સમતાનો, કરવામાં આવશે; એ ઉપયોગ પ્રકૃતિની જરૂરિયાત અને અંતર્યામીના માર્ગદર્શન અનુસાર નક્કી થશે. આ યોગ નિષ્ક્રિય સમતાવાળી પદ્ધતિમાં અટકી નહિ પડે, કારણકે એથી તો મળવાનો વ્યક્તિગત, શાંતિમય મોક્ષ, અથવા કર્મ-શીલ અને વિશ્વવ્યાપી આધ્યાત્મિક અસ્તિત્વનો ઇન્કાર; અને એ તો આ યોગના પૂર્ણ ધ્યેય સાથે અસંગત છે. તે તિતિક્ષાનો સાધન-માર્ગ જરૂર સ્વીકારશે પણ અનાસક્ત સામર્થ્ય અને પ્રશાંતતાથી મર્યાદિત નહિ બની જાય, પણ એક એવા સક્રિય સામર્થ્ય અને પ્રભુત્વ પ્રત્યે આગળ વધ્યે જશે કે જ્યાં તિતિક્ષાની જરૂર નહિ રહે, કારણકે ત્યારે આત્માએ વિશ્વ-શક્તિ પર શાંત, સમર્થ અને સહજ કબજો મેળવ્યો હશે અને અદ્વૈત અને આનંદમાં સ્થિર થઈને સરળતાથી અને સુખી રહીને પોતાના પ્રતિકારો નક્કી કરવાની શક્તિ મેળવી હશે. તે તટસ્થ ઉદાસીનતાનો પણ ઉપયોગ કરશે

પણ પદાર્થ માત્રથી અલગ અને બેપરવા બનીને અટકી નહિ પડે, પણ ઊર્ધ્વ આસન પર સ્થિર થઈ[1], સર્વે અનુભવોનાં, સમતાપૂર્ણ આત્માએ આંકેલાં, મહાન મૂલ્યો અનુસાર રૂપાંતર કરવાની શક્તિ ધારણ કરી સમગ્ર જીવનનો સમભાવે સ્વીકાર કરશે. તે કેટલોક વખત આધીનતા અને નિઃસહાયતાનો પણ સ્વીકાર કરશે, પણ ભગવાનને પોતાની અંગત જાતનું સંપૂર્ણ સમર્પણ કરીને તે એવો, સર્વેને સમાવતો આનંદ પ્રાપ્ત કરશે કે જેમાં નિઃસહાયતાની જરૂર નહિ રહે; તે વિશ્વ સાથે એવો સંપૂર્ણ સુમેળ સાધશે કે જેમાં માત્ર નિરાંતભર્યો સંતોષ જ નહિ પણ એક સર્વવ્યાપી એકરૂપતા હશે; તે પ્રકૃતિને ભગવાનનું એવું સંપૂર્ણ આજ્ઞાંકિત કરણ બનાવશે કે જેથી ભગવાન પોતે પણ વ્યક્તિરૂપ આત્માને આધીન બનશે. તે સક્રિય સમતાનો માર્ગ પણ પૂરો સ્વીકારશે પણ સમગ્ર અસ્તિત્વને પરિપૂર્ણ બનેલાં જ્ઞાન, શક્તિ અને આનંદનું માત્ર વ્યક્તિગત ક્રીડાંગણ બનાવી નાખતા અંગત જાતના જીવન–સ્વીકારથી પર થઈ જશે; તે, જ્ઞાન, શક્તિ અને આનંદની વ્યક્તિગત પરિપૂર્ણતા મેળવશે ખરો પણ એક એવી એકરૂપતા પણ મેળવશે કે જેથી તે બીજાંઓનાં જીવનમાં પણ જીવી શકે, અને તે પણ પોતાને ખાતર નહિ પણ તેમને ખાતર, તેમની સહાયને ખાતર, તેમના જ એક સાધન તરીકે, એક જ પરિપૂર્ણતા પ્રત્યેના પ્રવાસમાં એક સહકારી અને સહાયક સામર્થ્ય તરીકે. તે ભગવાનને જ ખાતર જીવશે, પણ વિશ્વથી વિમુખ થઈને નહિ, પૃથ્વી સાથે કે સ્વર્ગ સાથે આસક્ત રહીને નહિ, તો વળી કોઈ વિશ્વાતીત મોક્ષ સાથે આસક્ત રહીને પણ નહિ, પણ ભગવાનના સમગ્ર સામ્રાજ્યમાં સમતાપૂર્ણ એકતા સાધીને, અને પરમાત્મામાં, – અને તેના અવિર્ભાવોમાં પણ—, સમતાભર્યું જીવન ધારણ કરવા શક્તિમાન બનીને.

---

૧. ઉદ્+આસીન; ઊર્ધ્વમાં બેઠેલ. – અનુવાદક

# પ્રકરણ : ૧૩

# સમતાનું કાર્ય

સમતા અંગે જે સ્પષ્ટતા કરી તે ઉપરથી સમતાપૂર્ણ અવસ્થા એટલે શું એ બરાબર સમજાઈ ગયું હશે. એ અવસ્થા એટલે માત્ર નિશ્ચલતા કે બેપરવાઈ નહિ, કે અનુભૂતિઓમાંથી નિવૃત્તિ પણ નહિ, પણ એ તો છે મન અને પ્રાણના અત્યારના પ્રતિકારો પર સરસાઈ. એ તો છે જીવનને પ્રત્યુત્તર આપવાની આધ્યાત્મિક રીત, અથવા તો, તેને હાથમાં લેવાની અને તેને અંતરાત્મા અને આત્મ–તત્ત્વનો અણીશુદ્ધ કર્મ–પ્રવાહ બનવાની ફરજ પાડવાની રીત. અસ્તિત્વ પરના આત્માના પ્રભુત્વનું આ છે પ્રથમ રહસ્ય. આપણામાં જ્યારે એ પરિપૂર્ણ બને ત્યારે આધ્યાત્મિક પ્રકૃતિની દિવ્ય ભૂમિ પર આપણો પ્રવેશ થઈ ચૂક્યો સમજવો. દેહનિવાસી મનોમય પુરુષ જીવનને જોર દેખાડવાનો અને જીતવાનો યત્ન તો કરે છે પણ ડગલે ને પગલે જોર તો એણે જ જોવું પડે છે, કારણકે પ્રાણમય પુરુષના કામનામય પ્રતિકારો આગળ એ નમતું મૂકે છે. સમતા ધારણ કરવી, કામનાઓના ગમે તેવા દબાણ છતાં સ્થિર રહેવું એ છે સાચા પ્રભુત્વની પહેલી શરત; સ્વ–રાજ્ય એ છે એનો પાયો, પણ એકલી મનોમય સમતા, તે ગમે તેટલી મહાન હોય છતાં, નિષ્ક્રિયતાના વલણનો ભોગ થઈ પડે છે. કામનાનો ભોગ બનવામાંથી બચવા જતાં તેણે સંકલ્પો અને કર્મો પર કાપ મૂકવો પડે છે. સંકલ્પના ઉચ્ચ અને અંતરાય–હીન પૂરને વહાવવાં, છતાં અંત–હીન ધીરજ ધારણ કરવી, ધીમા અને વિચારવંતાં તેમ જ ઉગ્ર અને વેગવંતાં કર્મોમાં એકસરખા અટલ રહેવું, કે સલામત અને સીમિત તેમ જ પ્રચંડ અને અફાટ કર્મ–પ્રવાહમાં એકસરખા અડગ રહેવું એ તો માત્ર આત્મા જ કરી શકે તેમ છે. તે વિશ્વનાં નાનામાં નાના વર્તુળમાં એવા જ નાના કાર્યને સ્વીકારી શકે છે, તો વળી અંધાધૂંધી–ભર્યા વિશાળ વંટોળો ઉપર સમજ અને સર્જકતા-ભરી શક્તિથી કાર્ય પણ કરી શકે છે, અને એ આમ કરી શકે છે એનું કારણ એ કે અનાસક્ત છતાં અતિ ગાઢ રીતે તેમનો સ્વીકાર કરીને, અનંત અને અચલ જ્ઞાન, સંકલ્પ અને શક્તિને તે બંનેમાં તે દાખલ કરી શકે છે.

તેનામાં આવી અનાસક્તિ હોવાનું કારણ એ છે કે તે જે કાંઈ પ્રસંગો, રીતો, વિચારો કે ગતિઓને પોતાના કાર્ય-પ્રદેશમાં સમાવે છે તે સર્વેથી પોતે પર રહે છે, અને તેના આવા ગાઢ સ્વીકારનું કારણ એ છે કે એ સર્વે બાબતો સાથે તે એકરૂપ પણ છે. આપણામાં જો આવું મુક્ત એકત્વ, ગીતામાં જેને एकत्वं अनुपश्यतः કહે છે તે, ના હોય તો આપણે આત્માની સંપૂર્ણ સમતા પણ પ્રાપ્ત કરી ના જ ગણાય.

સાધકે કરવાનું સહુથી પહેલું કામ એ છે કે તેણે આવી સંપૂર્ણ સમતા પ્રાપ્ત કરી છે કે કેમ, કેટલે અંશે તેણે એ સિદ્ધ કરી છે, અથવા તો હજી એમાં ક્યાં ખામી છે એ જોવું તથા એ ખામી અને એ ખામીનાં કારણો દૂર કરવા માટે પોતાના સંકલ્પ-બળને પ્રકૃતિ પર મક્કમતાથી અજમાવવું, અથવા પુરુષની તપઃશક્તિને આહ્વાન કરવું. ચાર વસ્તુઓ તેણે પ્રાપ્ત કરવાની જ છે. પ્રથમ તો, સમતા, પૂરેપૂરી નક્કર અને વ્યવહારુ સમતા, મનની, પ્રાણની અને દેહની સર્વે પસંદગીમાંથી મુક્તિ, પોતાની અંદર થતાં અને બહાર બનતાં ભગવાનનાં સર્વે કાર્યોનો સમભાવે સ્વીકાર. બીજું, શાંતિ, અડગ શાંતિ, ખલેલ માત્રનો, અશાંતિ માત્રનો અભાવ. ત્રીજું, સુખ, ભાવાત્મક, આંતરિક, આધ્યાત્મિક સુખ, પ્રકૃતિની, કદાપિ ઓછી ના થાય એવી, આધ્યાત્મિક આરામભરી અવસ્થા. અને ચોથું, શુદ્ધ આનંદ, જીવન અને જગતનો સ્વીકાર કરતા આત્માનો હાસ્યોલ્લાસ. સમભાવી થવું એટલે અનંત થવું, વિશ્વવ્યાપી થવું, મર્યાદિત ના રહેવું, મનના અને પ્રાણના અને તેની પસંદગીના અને કામનાના આ કે તે પ્રકારથી બંધાઈ ના જવું. પણ માણસનું હાલનું સામાન્ય પ્રાકૃત જીવન મનના અને પ્રાણના ઘડેલા ઘાટમાં જિવાય છે, આત્માની મુક્તાવસ્થામાં નહિ; આથી તેમને માટેની, અને તેમાંથી ઊભી થતી કામનાઓ અને પસંદગીઓ માટેની આસક્તિ એ તેની સહજ અવસ્થા છે. શરૂઆતમાં તો તેમનો સ્વીકાર કર્યા વિના છૂટકો નથી, તેમને છોડી દેવાં એ અતિ, અતિ મુશ્કેલ છે, અને જ્યાં સુધી મનને જ આપણાં કર્મોના મુખ્ય કારણ તરીકે વાપરવું પડે છે ત્યાં સુધી તેમને છોડી દેવાં એ, કદાચ, પૂરેપૂરું શક્ય પણ નથી. આથી સહુથી પહેલાં તો, વધારે નહિ તો તેમનો ડંખ તો ઉખેડી નાખવો જ પડશે; તેઓ વળગી રહે ત્યાં સુધી.પણ તેમની મોટામાં મોટી પકડ, તેમનામાં રહેલો હાલનો અહં-ભાવ, આપણી પ્રકૃતિ પરનો તેમનો જોરદાર દાવો, એ તો કાઢી નાખવાં જ પડશે.

અને તેમાં આપણે સફળ થયા છીએ એ જાણવાની કસોટી છે: મન

અને આત્મામાં અચલ શાંતિ, નિશ્ચલતા. સાધકે મનની પાછળ જઈને, અથવા વધારે સારું તો એ છે કે, બની શકે તેટલા જલદી, મનથી ઉપર ચાલ્યા જઈને સાક્ષીરૂપ અને નિર્ધારપૂર્ણ પુરુષ બનીને બધું જ નજર નીચે રાખવું અને ક્ષોભ, ચિંતા, શોક, બંડ વગેરેનો મનમાં નાનો સરખો પણ અણસારો કે ઉછાળો થતાં તેને ફેંકી દેવું. આમાંનું કાંઈ પણ આવી ચડે તો તેનાં મૂળને, તેનાથી સૂચવાતી ખામીને, તેની શરૂઆત-રૂપ અહમ્-પ્રધાન હક્ક, પ્રાણમય કામના, ઊર્મિ કે વિચારને તરત જ પકડી પાડવું જોઈએ અને પોતાના સંકલ્પ-બળથી, આત્મા-સ્પર્શી બુદ્ધિથી, સ્વામી સાથે એકરૂપ બનેલ આત્માની સહાયથી ઉતારી પાડવું જોઈએ. અને તેમને યોગ્ય ઠરાવતું, ગમે તેટલું સ્વાભાવિક, નૈતિકતાના દેખાવવાળું કે સમર્થન-વાળું, કે બીજું ગમે તેવું આંતરિક કે બાહ્ય બહાનું મળે તોપણ તેનો બચાવ ના જ કરવો જોઈએ. જો પ્રાણમાં ક્ષોભ કે તોફાન જાગેલું હોય તો એ અશાંત પ્રાણમાંથી અલગ થઈ જવું જોઈએ, અને ઊર્ધ્વ પ્રકૃતિને બુદ્ધિ-માં સ્થિર કરી બુદ્ધિ વડે કામનામય પુરુષના દાવાને પલોટી દૂર કરી દેવો જોઈએ. જો ઊર્મિ-ભર્યા હૃદયમાં તોફાન કે રમખાણ મચ્યું હોય તોપણ આ જ પ્રમાણે કરવું. પણ જો બુદ્ધિ કે સંકલ્પમાં જ ગરબડ ઊભી થઈ હોય તો એને કાબૂમાં લેવાનું ભારે પડશે; કારણકે ત્યારે આ મુખ્ય સહાયક અને સાધન પોતે જ પ્રભુના સંકલ્પની સામેના બંડમાં સામેલ થઈ જાય છે અને નિમ્ન ભાગોના જૂના ગુનેગારો આ સાથેનો લાભ લઈને પોતાનાં અપમાનિત માથાં ઊંચાં કરે છે. એટલે એક જ મુખ્ય ખ્યાલને આગ્રહ-પૂર્વક સતત વળગી રહેવાનું છે : આપણી સમગ્ર જાતના સ્વામીને, આપણી અંદર તેમ જ વિશ્વમાં પણ વસતા ભગવાનને, પરમ-આત્માને, વિશ્વવ્યાપી આત્મ-તત્ત્વને આત્મ-સમર્પણ. આ, ખ્યાલોના પણ ખ્યાલ પર બુદ્ધિએ સ્થિર થઈને, પોતાના અન્ય ક્ષુલ્લક આગ્રહો અને પસંદગીઓને ઉતારી પાડવાના છે અને સમગ્ર જાતને શીખવવાનું છે કે પોતાના હક્કોને અહમ્ ભલે બુદ્ધિ દ્વારા કે અંગત સંકલ્પ દ્વારા કે હૃદય દ્વારા કે પ્રાણમાં રહેલા કામનામય પુરુષ દ્વારા આગળ કરતો હોય પણ એનો એક પણ હક્ક-દાવો વાજબી નથી અને સર્વે શોક, બંડ, અધીરપ, અશાંતિ એ આપણા સ્વામીનો દ્રોહ છે.

સાધકે મુખ્ય મદાર આવી સંપૂર્ણ શરણાગતિ ઉપર જ રાખવાનો છે; કારણકે નિરપેક્ષ નિશ્ચલતા અને શાંતિ માટે એ જ એકમાત્ર માર્ગ છે,— હા, બીજો માર્ગ છે સંપૂર્ણ નિષ્ક્રિયતા, કર્મ-માત્ર પ્રત્યે ઉદાસીનતા; પણ એ માર્ગથી તો દૂર રહેવાનું છે. અશાંતિ જીદ કરીને વળગી રહે, શુદ્ધિ

અને પરિપૂર્ણતા પાર પાડતાં વખત લાગે તો તેથી નથી થવાનું નિરુત્સાહ કે અધીર. અશાંતિ આપણી અંદર આવી શકે છે તેનું કારણ એ જ કે પ્રકૃતિમાંથી ક્યાંક તેને આવકાર મળે છે; અને તેના ઉથલાથી સાધકની ખામી ખુલ્લી થાય છે, તેને સાવધ કરે છે અને તેમાંથી મુક્ત થવા માટે વધારે પ્રકાશમય અને સુસંગત સંકલ્પને કામે લગાડવા પ્રેરે છે. અશાંતિ એટલી પ્રબળ હોય કે તેને દૂર ના કરી શકાય તો તેને પસાર થઈ જવા દેવી અને આત્માના સ્પર્શવાળી બુદ્ધિને વધારે સતેજ અને આગ્રહી બનાવીને અશાંતિના પુનઃપ્રવેશને નાબૂદ કરી દેવો. આમ મંડ્યા રહેવાથી છેવટે દેખાશે કે આ વિરોધો ધીમે ધીમે નબળા પડતા જાય છે, વધારે ને વધારે બહાર ધકેલાતા જાય છે, તેમના ઊથલા ટૂંકા થતા જાય છે અને છેવટે શાંતિ એ જ આપણો અચલ ધર્મ બની રહે છે. જ્યાં સુધી મનોમય બુદ્ધિ એ જ આપણું મુખ્ય સાધન હોય ત્યાં સુધી જ આ નિયમને વળગી રહેવાનું છે; પણ અતિમાનસિક પ્રકાશ બુદ્ધિ અને હૃદયનો કબજો લે પછી અશાંતિ, શોક કે અંતરાયો ટકી શકતાં નથી, કારણકે તે પ્રકાશ પોતાની સાથે ઝળહળતી શક્તિવાળી એવી આધ્યાત્મિક પ્રકૃતિને લઈ આવે છે કે જેમાં એમનું કાંઈ સ્થાન જ હોઈ ના શકે. ત્યાં તો માત્ર દિવ્ય અદ્વૈતની આનંદમય પ્રકૃતિનાં જ આંદોલનો અને ઊર્મિઓ હોય છે.

સમગ્ર જાતમાં સ્થપાએલી આ શાંતિ હમેશાં અચલ રહેવી જોઈએ,—પછી ભલેને ગમે તે બને: શું આરોગ્ય કે શું અનારોગ્ય, શું સુખ કે દુઃખ—અરે તીવ્ર શારીરિક દુઃખ, શું સદ્‌ભાગ્ય કે દુર્ભાગ્ય—આપણું કે આપણા પ્રિયજનનું, શું સફળતા કે નિષ્ફળતા, શું માન કે અપમાન, સ્તુતિ કે નિંદા, ન્યાય કે અન્યાય, કે પછી મન પર સામાન્ય રીતે અસર કરી જતી બીજી કોઈ પણ બાબત, બને તે છતાં શાંતિ એવી ને એવી જ રહેવી જોઈએ. જો આપણે સર્વત્ર એકરૂપતા જ જોઈ શકીએ, જો આપણે એમ સ્વીકારી શકીએ કે સર્વ કાંઈ ઇશ્વરેચ્છાથી જ બને છે, જો આપણે બધામાં—આપણા દુશ્મનોમાં, અથવા કહોને કે આ જીવનરમતના આપણા પ્રતિસ્પર્ધીઓમાં તેમ જ આપણા મિત્રોમાં, આપણો વિરોધ અને અવરોધ કરતી શક્તિઓમાં તેમ જ આપણને સહાય અને સહયોગ કરતી શક્તિઓમાં, બધાં જ બળો અને પરિબળો અને બનાવોમાં ભગવાનને જોઈ શકીએ, વળી, વધારામાં એ પણ અનુભવી શકીએ કે કાંઈ જ આપણી જાતથી અલગ નથી, સમગ્ર વિશ્વ આપણી સાથે એકરૂપ છે, આપણી જ વિશાળ જાતમાં સમાએલું છે, તો આવું વલણ હૃદય અને મનમાં સહેલાઈથી સ્થાપી શકાય છે. પણ

આવી વિશ્વવ્યાપી વિશાળ દૃષ્ટિ આપણને મળે અને આપણે તેમાં મક્કમ રીતે સ્થિર થઈએ તે પહેલાં પણ આપણે આવી સ્વીકાર-શીલ અને સક્રિય સમતા અને શાંતિ માટે આપણાં સમગ્ર સામર્થ્યથી આગ્રહ રાખવાનો છે. આનો એક નાનો-શો હિસ્સો પણ મળી જાય, अल्पम अपि अस्य धर्मस्य મળી જાય તો તે પણ પરિપૂર્ણતા પ્રત્યે એક મહાન પગલું બની રહેશે. તેની પ્રાથમિક દૃઢતા એ મુક્ત પરિપૂર્ણતાની શરૂઆત છે, અને સંપૂર્ણ દૃઢતા એ પરિપૂર્ણતાનાં અન્ય સર્વે અંગોને આપણે અતિ વેગથી પ્રાપ્ત કરી શકીશું એની સંપૂર્ણ ખાતરી છે. કેમકે તેના વિના નક્કર પાયો શક્ય નથી, અને જો તેની ચોખ્ખેચોખ્ખી ખામી હશે તો તો આપણે કામના, અહંતા, દ્વંદ્વ અને અજ્ઞાનભરી નીચલી અવસ્થામાં સતત પટકાતા જ રહેવાના.

એકવાર આવી શાંતિ સિદ્ધ થઈ ગઈ એટલે પ્રાણ અને મનની પસંદગીઓમાંથી, ખલેલ કરવાની શક્તિ પણ ચાલી જાય છે; તેઓ મનની એક ખાલી ટેવ તરીકે જ ચાલુ રહે છે. પ્રાણના સ્વીકાર અને ઇન્કાર, એટલે કે એક બાબતનો બીજી બાબતના કરતાં વધારે ખુશીથી સ્વીકાર, મનના સ્વીકાર અને ઇન્કાર, એટલે કે એક વધારે બંધબેસતા ખ્યાલ કે સત્યની બીજા ઓછા બંધબેસતા ખ્યાલ કે સત્યના કરતાં પહેલી પસંદગી, અને એક પરિણામના કરતાં બીજા પરિણામ માટેનો વધારે પાકો સંકલ્પ, એ બધું માત્ર ખાલી યંત્રરૂપ થઈ જાય છે; અને તેની જરૂરિયાત એટલી જ રહે છે કે આપણા અસ્તિત્વનો સ્વામી મહાશક્તિને કોઈ દિશામાં લઈ જવા માંગે છે અથવા તો હાલમાં લઈ જઈ રહ્યો છે તે એનાથી દેખાય છે. પણ એમાંનું જોરદાર અને અહમ્-પ્રધાન સંકલ્પનું, અસહિષ્ણુ કામનાનું, જિદ્દી ગમા-અણગમાનું ખલેલકારક તત્ત્વ તો ચાલ્યું જ જાય છે. આ બધી બાબતો કેટલોક વખત મોળી મોળી પણ ચાલ્યા કરે ખરી પણ સમતા-પૂર્ણ શાંતિ જેમ જેમ વધતી જાય, અગાધ બનતી જાય, વધારે ને વધારે સાચી અને નક્કર બનતી જાય તેમ તેમ તેઓ દૂર થતી જાય છે, મન અને પ્રાણને કલુષિત કરતી બંધ થતી જાય છે અથવા તદ્દન બાહ્ય, ભૌતિક મન પર જરાતરા સ્પર્શ જ કરતી રહે છે, તેમાં જરા પણ અંદર ઊતરી શકતી નથી, અને છેવટે તો મનનાં છેક બહારનાં બારણાં પરના તેમના આંટા અને ઓછાયા બંધ થઈ જાય છે, ત્યારે આપણી અંદર બધું આપણા સ્વામી દ્વારા જ થઈ રહ્યું છે કે દોરાઈ રહ્યું છે એ અનુભવ, यथा प्रयुक्तोऽस्मि तथा करोमि એ અનુભવ (કે જે પહેલાં માત્ર એક ખ્યાલ અને શ્રદ્ધા

જ હતો અને આપણી પ્રકૃતિના બાહ્ય બનાવોની પાછળ ચાલી રહેલાં કાર્યની અવારનવાર અને આડકતરી ઝાંખી જ હતો) તે હવે એક જીવંત વાસ્તવિકતા બની રહે છે. હવે દરેકેદરેક હિલચાલ એ, પુરુષના ઇશારાને દિવ્ય પ્રકૃતિએ, મહાશક્તિએ, આપેલો આકાર બની રહે છે; અલબત્ત, હજી તે વ્યક્તિગત આકાર લે છે, નિમ્ન મનોમય ચોકઠામાં મર્યાદિત બને છે, પણ તેના મૂળમાં અહમ્ નથી હોતો; તે આકાર અપૂર્ણ હોય છે પણ ચોખ્ખેચોખ્ખી વિકૃતિ નથી હોતો. અને તે પછી આપણે આ ભૂમિકાને પણ વટાવી જવાની છે. કારણકે પૂરેપૂરાં પરિપૂર્ણ કર્મો અને અનુભૂતિ એ કોઈ પણ રીતે મન કે પ્રાણના હાથમાં ના હોવાં જોઈએ, પણ તેઓ, સત્યને પ્રગટ કરતી અને પ્રેરણા પાતી આધ્યાત્મિક તપઃશક્તિના, એટલે કે મહાશક્તિના સીધા અને સાચા આરંભમાંથી જ આગળ વધવાં જોઈએ. હું જ્યારે એમ કહું કે મને જે કાંઈ સોંપાય છે તે જ હું કરું છું ત્યારે પણ હું કાંઈક, મર્યાદા મૂકતું, અંગત તત્ત્વ, કાંઈક મનોમય પ્રતિકાર વચ્ચે લાવું જ છું. પણ મારી દ્વારા, મને કારણ બનાવીને કાર્ય કરનાર, પોતાનું કાર્ય કરનાર તો એકમાત્ર મારો સ્વામી જ હોવો જોઈએ; અને મારી અંદર એવી એકકેય મનોમય કે બીજી કોઈ પણ પસંદગી ના હોવી જોઈએ કે જે તેના કાર્યમાં મર્યાદા મૂકે, આડ ઊભી કરે, કે કચાશનું કારણ બને. મન તો અતિમાનસિક સત્ય-દૃષ્ટિનું અને, એ દૃષ્ટિમાં રહેલ પરમ તપઃશક્તિનું, એક નીરવ અને પ્રકાશમય વાહનમાત્ર બની જવું જોઈએ. ત્યારે જ કર્મ-માત્ર, મનમાં થએલું કોઈ હળવું કે અવળું કર્માંતર નહિ પણ પુરુષોત્તમનું, સર્વોચ્ચ સત્યનું, સીધું જ કર્મ બની રહેશે. ત્યારે જો કોઈ મર્યાદા, પસંદગી કે સાપેક્ષતા ચઢી આવશે તો એ તો વ્યક્તિસ્વરૂપ ભગવાને પોતે જ પોતાની ઉપર, એ ક્ષણે અને એ હેતુને ખાતર ચડવા દીધેલી હશે; એ નહિ હોય ફરજિયાત કે આખરી, કે નહિ હોય મનનો કોઈ અજ્ઞાનમય નિર્ણય. ત્યારે બુદ્ધિ અને સંકલ્પ-શક્તિ એ, એક પ્રકાશપૂર્ણ અનંત બ્રહ્મમાંથી ઊભું થએલું એક કર્મ બની રહેશે, એક એવી રચના બની રહેશે કે જે અન્ય રચનાઓને બાકાત નહિ કરતાં, પોતાની સાથેના સંબંધની દૃષ્ટિથી તેમને પોતપોતાના સાચા સ્થાને ગોઠવી દેશે, તેમને પોતાની વ્યાપકતામાં આવરી લેશે, અથવા તેમનું ખુદ રૂપાંતર પણ કરી નાખશે. અને દિવ્ય જ્ઞાન અને કર્મની વધુ વિશાળ રચનાઓ પ્રત્યે આગળ વધશે.

શરૂઆતમાં જે શાંતિ મળે છે તે અશાંતિ, શોક અને ક્ષોભના અ-ભાવરૂપ હોય છે. સમતા જેમ જેમ વધારે નક્કર થતી જાય છે તેમ તેમ

શાંતિ સ્પષ્ટ રીતે, સુખમયતા અને આધ્યાત્મિક આરામ–મયતારૂપ વધારે ભાવાત્મક પદાર્થ ધારણ કરતી જાય છે. આ જ છે ગીતામાં જેને 'निराश्रय' કહ્યો છે તે પોતાના અસ્તિત્વ માટે અન્ય કોઈ બાહ્ય વસ્તુ ઉપર આધાર નહિ રાખનારો આત્માનો પોતાનો આનંદ; એ જ છે : अन्तः सुखः अन्तः आरामः; અને એ જ છે : આંતરિક અતિશય સુખ,– ब्रह्मसंस्पर्शं अत्यन्तं सुखं अश्नुते. કોઈ પણ બાબત તેનો ભંગ કરી શકતી નથી; બાહ્ય વસ્તુઓ પ્રત્યેની આત્માની દૃષ્ટિની સાથે તે વિસ્તાર પામતું જાય છે અને તેમની ઉપર પણ આત્માનો આ શાંત આનંદ તે પ્રસારી દે છે. કારણકે તેના પાયામાં જ અચલ શાંતિ રહેલી છે, તે સમ, શાંત, સ્થિર, અહૈતુક આનંદ હોય છે. અને અતિમાનસિક પ્રકાશ પથરાતાં તો આપણને મળે છે હજી ય વધારે વિશાળ આનંદ, આત્મા જે કાંઈ હોય છે, બને છે, જુએ છે, અનુભવે છે તેની પ્રચૂર રસમસ્તીના પાયારૂપ આનંદ, ભગવાનનાં કાર્યને પ્રકાશ–મયતાથી પાર પાડતી અને તેના આનંદને બધાં જ વિશ્વોમાં પાથરતી મહાશક્તિના હાસ્યરૂપ આનંદ.

સમતાભરી અવસ્થામાંથી થતાં પરિપૂર્ણ કર્મો વસ્તુ માત્રનાં મૂલ્યોનું દિવ્ય આનંદમય શક્તિનાં ધોરણ પર રૂપાંતર કરી નાખે છે. કર્મોનું બાહ્ય સ્વરૂપ પહેલાંના જેવું જ રહે, અથવા બદલાય જાય પણ ખરું; તેનો આધાર પરમાત્માના આદેશ પર અને કરવાના કાર્ય માટેની જરૂરિયાત પર રહે છે. પણ કર્મનું આંતરિક સ્વરૂપ તો જુદી જ જાતનું થઈ જાય છે. જ્ઞાન, કર્મ, આનંદ, સર્જન, રચના વગેરે માટેનાં વિવિધ સામર્થ્યવાળી મહાશક્તિ આ વિશ્વનાં વિવિધ લક્ષ્યોને ખાતર કામે લાગશે, પણ તદ્દન જુદી જ ભાવનાથી; તે લક્ષ્યોને, તેનાં પરિણામોને, તેની કાર્ય–રીતિઓને ભગવાન પોતાના ઊર્ધ્વ પ્રકાશ વડે નક્કી કરશે; તેમાંનું કાંઈ જ અહમ્‌ના અલગ અને આગવા હક્ક–દાવા અનુસાર નહિ હોય. મન, હૃદય, પ્રાણ અને દેહ સુદ્ધાંને, આપણા સ્વામીની લ્હાણીમાંથી જે કાંઈ મળશે તેનાથી સંતોષ થશે અને તેમાં જ તેમને ખૂબ સૂક્ષ્મ અને છતાં સંપૂર્ણ એવું આધ્યાત્મિકતાવાળુ સુખ અને આનંદ મળશે; તેમ છતાં દિવ્ય જ્ઞાન અને સંકલ્પ તો હજી પણ દૂરનાં લક્ષ્ય સાધવા કાર્યને આગળ ને આગળ વધારતાં જ જશે. હવે સફળતા અને નિષ્ફળતાના હાલના અર્થ અર્થ–હીન થઈ જશે. ત્યાં નિષ્ફળતા તો હોઈ જ ના શકે; કારણકે હવે જે કાંઈ બને છે તે વિશ્વના સ્વામીની ઇચ્છાનુસાર જ બને છે, — તે આખરી નહિ હોય તોપણ આગળ વધતું એક પગલું તો હશે જ; તે એક વિરોધ, પરાજય, કે ઇન્કાર

લાગે, અરે, આપણી કરણમય જાત સમક્ષ મુકાએલ હેતુનો, એ સમયે તો, પૂરેપૂરો ઇન્કાર લાગે, તોપણ તે માત્ર એક આભાસ જ હશે અને પછીથી જણાશે કે તેના કર્મ-પ્રવાહની કાર્ય-ક્ષમ વ્યવસ્થામાં તેનું સ્થાન યોગ્ય જ હતું; અને અતિમનસની વધારે વ્યાપક દૃષ્ટિમાં તો એ જ વખતે, કે તેની પણ પહેલાં, તેની જરૂરિયાત દેખાતી હશે, અને જે આખરી પરિણામનું તે વિરોધી, કે કદાચ તેનો સદંતર નાશ કરનારું, લાગતું હશે તેની સાથેનો તેનો સાચો સંબંધ પણ દેખાતો જ હશે. અને આ પ્રકાશ હજી પૂરતો મળ્યો ના હોવાથી જો ધ્યેયની બાબતમાં કે કર્મોની વ્યવસ્થાની બાબતમાં અને પરિણામ પ્રત્યેનાં પગલાંઓની બાબતમાં કદાચ કાંઈક ખોટી સમજ થઈ હશે તોપણ નિષ્ફળતા એ એક સાચા સુધારાનું રૂપ ધારણ કરશે અને કોઈ પણ જાતના નિરુત્સાહ વિના કે સંકલ્પના જરા પણ ક્ષોભ વિના તે સ્વીકારાઈ જશે. છેવટે તો એ બરાબર સમજાઈ જાય છે કે નિષ્ફળતા નામની કોઈ વસ્તુ જ નથી; અને સર્વે પ્રસંગોને પ્રભુના સંકલ્પને પાર પાડવાનાં પગલાં અને વ્યવસ્થા તરીકે જોઈને આત્મા તેમાં સમતાપૂર્વક શાંત કે સક્રિય આનંદ માણશે. એ જ પ્રમાણે, દરેક જાતની મંગળ અને અમંગળ, પ્રિય અને અપ્રિય બાબતોમાં પણ આપણો વિકાસ આ જ રીતે આગળ વધવાનો.

અને સર્વે બનાવોની જેમ સર્વે વ્યક્તિઓની બાબતમાં પણ સમતાને પરિણામે આપણી દૃષ્ટિમાં, તેમ જ આપણા વલણમાં પૂરેપૂરો પલટો આવી જાય છે. સમતાપૂર્ણ મન અને આત્માના પહેલા પરિણામરૂપે સર્વે વ્યક્તિઓ, વિચારો, દૃષ્ટિ-બિંદુઓ અને કર્મો પ્રત્યે ઉદારતા અને આંતરિક સહિષ્ણુતા વધતી જાય છે, કારણકે આપણને હવે દેખાય છે કે વ્યક્તિ માત્રમાં ભગવાન છે અને દરેક વ્યક્તિ પોતપોતાના સ્વ-ભાવ અને અત્યારના ઘડતર અનુસાર કર્મો કરે છે. જ્યારે સક્રિય સમતામય આનંદ સ્થાપિત થાય છે ત્યારે આ વલણ વધારે ગાઢ બનતું જઈ સહાનુભૂતિભરી સમજ બની જાય છે, અને છેવટે સમભાવી વિશ્વવ્યાપી પ્રેમ બની રહે છે. આ બાબતો એવી નથી કે જે આધ્યાત્મિક સંકલ્પે નક્કી કરેલી જરૂરિયાત અનુસારના વિવિધ સંબંધો બાંધવામાં કે આંતરિક વલણને વિવિધ આકાર આપવામાં અંતરાયરૂપ થાય; કે કોઈ એક વિચાર, દૃષ્ટિબિંદુ કે કર્મને, એ જ જરૂરિયાત અને હેતુને ખાતર, બીજા વિચાર, દૃષ્ટિબિંદુ કે કર્મના વિરોધમાં, મક્કમપણે રજૂ કરવામાં વચ્ચે આવે; અથવા નિર્માણ થએલા કર્મપ્રવાહમાં વચ્ચે ઘુસાડવામાં આવતાં પરિબળોની સામે મક્કમ રીતે બાહ્ય કે આંતરિક અંતરાય નાખવામાં, વિરોધ કરવામાં કે ખુદ સક્રિય પગલાં ભરવામાં

બાધા નાખે. અરે, ખુદ એવી રુદ્ર શક્તિ પણ ધસી આવી શકે છે કે જે, વ્યક્તિ તેમ જ વિશ્વના હિત માટે જરૂરી જણાય ત્યારે, માનવ-સર્જ્યા કે અન્ય અંતરાયો સામે કડક હાથે કામ લે અથવા તેમને છિન્નભિન્ન પણ કરી નાખે. પણ આવાં બધાં સપાટી પરનાં સ્વરૂપોથી અંતરમાં ઊંડે સ્થપાએલ સમભાવી વલણમાં જરા પણ તાત્ત્વિક ફેર પડતો નથી કે તે જરા પણ ઓછું થતું નથી. જ્ઞાનમય, સંકલ્પપૂર્ણ, કર્મશીલ અને પ્રેમમય મહાશક્તિ જ્યારે પોતાનું કાર્ય કરી રહી હોય અને એ કાર્ય માટેનાં જરૂરી, વિવિધ સ્વરૂપો ધારણ કરી રહેલી હોય ત્યારે પણ આત્મા અને અંતરાત્મા તો એવા જ સમભાવી રહે છે. અને છેવટે આપણામાં રહેલું સર્વ કાંઈ ભગવાનમાં, અને પ્રકાશપૂર્ણ, આધ્યાત્મિક, અદ્વિતીય, અને વિશ્વમય શક્તિમાં એકતા પામીને સર્વે વ્યક્તિઓ, શક્તિઓ અને પદાર્થો સાથે એકરૂપ બની રહે છે; તેમાં આપણું કર્મ સર્વ કોઈના કર્મનો એક અવિભાજ્ય ભાગ બની રહે છે, તેમાંથી અલગ થઈ શકતું નથી; પણ તેમની સાથેનો દરેક સંબંધ એ, સર્વ કોઈની સાથે પોતાની જટિલ, વિશ્વવ્યાપી એકતા ધરાવતા ભગવાનની સાથેનો સંપૂર્ણ સંબંધ બની રહે છે. આ તો એક એવી સભર સમૃદ્ધિ છે કે જે અલગતાપૂર્ણ મનોમય બુદ્ધિની ભાષામાં ભાગ્યે જ રજૂ કરી શકાય કારણકે આ બુદ્ધિના બધા જ વિરોધાભાસનો ઉપયોગ કરવા છતાં તેમની પકડમાંથી તે છટકી જાય છે; વળી તેને આપણી મર્યાદિત માનસિક ચેતનાની રીતે પણ રજૂ કરી શકાતી નથી; તે ચેતનાના જૂદા જ પ્રદેશની, આપણા અસ્તિત્વના અન્ય સ્તરની વસ્તુ છે.

## પ્રકરણ : ૧૪

# કરણોની શક્તિ

આત્મ-પરિપૂર્ણતાના યોગનું બીજું અંગ છે આપણી સામાન્ય પ્રકૃતિનાં કરણોની ઉચ્ચ, વિશાળ અને શુદ્ધ બનેલી શક્તિ. મન અને આત્મામાં સમતા પાકી સિદ્ધ ના થાય ત્યાં સુધી આ બીજાં અંગ અંગેની સાધના હાથ ધરી જ ના શકાય એવું નથી; પણ એ પહેલું અંગ પૂરેપૂરું સિદ્ધ થાય તે પછી જ આ બીજી સાધના સંપૂર્ણ સિદ્ધ થઈ શકે છે અને ભગવાનના માર્ગદર્શન નીચે સલામત રીતે કાર્ય કરી શકે છે. આ બીજી સાધનાનો હેતુ પ્રકૃતિને દિવ્ય કર્મો માટેનાં કરણ તરીકે લાયક બનાવવાનો છે. કર્મમાત્ર શક્તિવડે જ થાય છે; અને પૂર્ણયોગ કર્મોના ત્યાગમાં માનતો નથી પણ, ઊલટાનો, બધાં જ કર્મોને દિવ્ય ચેતનામાંથી અને તેનાં સર્વોચ્ચ માર્ગદર્શન નીચે કરવા ધારે છે. આથી પૂર્ણયોગમાં મન, પ્રાણ અને શરીરરૂપી કરણોની વિશિષ્ટ શક્તિઓને તેમની ત્રુટિઓમાંથી માત્ર વિશુદ્ધ જ નથી કરવાની પણ આ મહત્તર કર્મો કરવાની શક્તિ માટે તેમને ઊંચે ઉઠાવી જવાની છે. અને અંતે તો તેમણે આધ્યાત્મિક અને અતિમાનસિક રૂપાંતર સાધવાનું જ છે.

આત્મ-પરિપૂર્ણતાની સાધનાના આ બીજા ભાગમાં ચાર બાબતોનો સમાવેશ થાય છે; તેમાંની પહેલી તે : બુદ્ધિ, હૃદય, પ્રાણ-મય મન અને શરીર એ ચાર કરણોની સાચી શક્તિ, તેમના સામર્થ્યની સાચી અવસ્થા. આ ચારમાંના છેલ્લા અંગની તો પ્રાથમિક પરિપૂર્ણતા અંગે જ અહીં થોડીક વિચારણા કરી શકાશે; કારણકે પૂર્ણ સિદ્ધિ અંગેની વાત તો અતિમનસના વિશે તથા તેની આપણાં અન્ય અંગો ઉપર થતી અસરના વિશે વિચારણા કર્યા પછી જ કરી શકાશે. શરીર એ કર્મોને ભૌતિક આકાર આપવા માટે જરૂરી એવું માત્ર એક બાહ્ય કરણ જ નથી, પણ આ જીવનમાં તો એ આપણાં બધાં જ આંતરિક કાર્યો માટેનો એક આધાર, પાયો, બેસણી પણ છે જ. મન કે આત્માની બધી જ ક્રિયાઓનાં આંદોલનો આ ભૌતિક ચેતનામાં ઊતરે છે, ત્યાં એક ગૌણ, શારીરિક તરંગાવલિ તરીકે ભંડારાય છે અને ત્યાંથી શરીરયંત્ર દ્વારા, કેટલેક અંશે તો, ભૌતિક જગતમાં બહાર

જાય જ છે. પણ આ બાબતમાં માનવદેહની કેટલીક એવી સ્વાભાવિક મર્યાદાઓ છે કે જે ઊર્ધ્વ અંગોનાં મુક્ત કાર્યને નડે છે. વળી આ દેહને એની પોતાની એક એવી અવચેતન ચેતના છે કે જેમાં તે મન અને પ્રાણની ગત ટેવોને અને જૂની પ્રકૃતિને જિદ્દી વફાદારીથી પકડી રાખે છે, અને તદ્દન સહજ રીતે, કોઈ પણ મહાન અને ઉચ્ચ ફેરફારનો વિરોધ કરે છે, તેમાં અંતરાયો નાખે છે અથવા તો તેને, સમગ્ર પ્રકૃતિનું આમૂલ રૂપાંતર કરતાં તો અટકાવે જ છે. જો આપણે એવાં મુક્ત અને દિવ્ય અથવા આધ્યાત્મિક અને અતિમાનસિક કર્મો કરવા માગતા હોઈએ કે જે મહાશક્તિથી સંચાલિત હોય અને દિવ્ય શક્તિની વિશિષ્ટતાને પાર પાડતાં હોય તો શારીરિક પ્રકૃતિની આ બાહ્ય ખાસિયતમાં પૂર્ણ રૂપાંતરને કેટલેક અંશે તો સ્થાપવું જ પડશે, એ વાત સ્પષ્ટ જ છે. પૂર્ણતાના સાધકોને શરીર એ હમેશાં એક અંતરાયરૂપ જ લાગ્યા કર્યું છે; અને રિવાજ તો એવો જ રહ્યો છે કે તિરસ્કાર, ઘૃણા કે ઇન્કાર કરીને તેનાથી દૂર નાસવું અને શરીર તથા ભૌતિક જીવનને પૂરેપૂરું, કે શક્ય તેટલું, દબાવી દેવું. પણ પૂર્ણયોગમાં આવી રીત કામ લાગે તેમ નથી. આપણને શરીર મળ્યું છે તે આપણાં કર્મોને પૂરેપૂરાં પાર પાડવાના એક જરૂરી સાધન તરીકે, તથા ઉપયોગમાં લેવા માટે,– અવગણવા, કે દમન કરવા, કે દુઃખ દેવા, કે મિટાવી દેવા માટે નહિ. જો એ અપૂર્ણ છે, વિરોધી છે, દુરાગ્રહી છે તો પ્રાણ, હૃદય, મન અને બુદ્ધિ જેવાં અન્ય કરણો પણ એવાં જ છે. એટલે તેને પણ તેમની માફક સુધારવાનું છે, પરિપૂર્ણ કરવાનું છે, તેનું પણ રૂપાંતર સાધવાનું છે. આપણે જેમ નવો જ પ્રાણ, નવું જ મન, નવું જ હૃદય મેળવવાનું છે, એ જ પ્રમાણે, અમુક રીતે તો, નવો જ દેહ પણ ઘડવાનો છે.

શરીરની ઉપર સંકલ્પબળ અજમાવીને સહુથી પહેલું કામ એ કરવાનું છે કે તેની સમગ્ર સત્તા, ચેતના, શક્તિ અને આંતર–બાહ્ય કર્મોમાં નવી ટેવનો તેની પાસે વધારે ને વધારે સ્વીકાર કરાવવાનો છે. પહેલાં તો, તેના કરતાં ઉચ્ચ કરણોના હાથમાં, અને પછીથી આત્માના અને આત્માની નિયંત્રક અને માર્ગ–દર્શક શક્તિના હાથમાં તેને પૂરેપૂરું કહ્યાગરું કરણ બનતાં શીખવવાનું છે. તેને એવી ટેવ પાડવાની છે કે તે ઉચ્ચ કરણો ઉપર પોતાની મર્યાદાઓ ના ઠસાવે, પણ તેમની માગણી અનુસાર પોતાનાં કાર્યો અને પ્રત્યુત્તરોનું નવઘડતર કરે, જાણે કે પ્રત્યુત્તરોની ઉચ્ચ સ્વરાવલિ અને ઉચ્ચ સપ્તકોને તે પોતાનામાં ઊભાં કરે. પ્રભુની આ માનવ–વીણામાંથી જે સંગીત સર્જાય છે. તેને; આ દેહ અને તેની ચેતનાની સ્વરાવલિ ઉપર

બહુ મોટો આધાર રાખવો પડે છે. આત્મામાંથી, અંતરાત્મામાંથી, આપણા ભૌતિક જીવનની પાછળ રહેલાં મહાન જીવનમાંથી જે સ્વરો ઊઠે છે તે યથા તથ બહાર આવી શકતા નથી, તેમનું ઉચ્ચ, સમર્થ અને મુક્ત સંગીત ગુંજી ઊઠતું નથી. આ પરિસ્થિતિ પલટાવી જ જોઈએ; દેહ અને તેની ચેતનાએ આ ઉચ્ચ સંગીતને સ્વીકારવાની અને તેને સાનુકૂળ થવાની ટેવ પાડવાની જ છે — એ સંગીતે તેમને સાનુકૂળ થવાનું નથી. આપણા જીવન અને જાતનું સંગીત પ્રકૃતિનાં ઉચ્ચ તત્ત્વોના નિર્ણય અનુસાર જ બહાર આવવું જોઈએ.

અને આવા પલટા માટેનું પહેલું પગલું છે દેહ અને પ્રાણ પર મનનો અને તેના વિચારો અને સંકલ્પોનો કાબૂ. બધી જ યોગ-સાધનાઓમાં આ કાબૂને એક ઘણી જ ઊંચી કક્ષાએ પહોંચાડવાની હોય છે. પણ તે પછી મને પોતે પણ આત્માને, આત્મશક્તિને, અતિમનસને અને અતિમાનસિક શક્તિને સ્થાન ખાલી કરી આપવાનું છે. અને છેવટે શરીરે એક એવી સંપૂર્ણ શક્તિનો વિકાસ સાધવાનો છે કે જેથી આત્મા તેનામાં જે કાંઈ શક્તિ ઉતારી લાવે તેને તે ધારણ કરી શકે અને તેનાં કાર્યને જરા પણ છલકાઈ જવા દીધા વિના તથા તેનો બગાડ થવા દીધા વિના કે પોતે તૂટી પડ્યા વિના પોતાનામાં સમાવી શકે. તે એવું સમર્થ થવું જોઈએ કે જેથી આધ્યાત્મિક કે ઊર્ધ્વ મનના કે પ્રાણના પૂર કે દબાણથી જરા પણ ધ્રુજારી, અસ્થિરતા, ગભરાટ, તોડ-ફોડ કે નુકસાન અનુભવ્યા વિના, તેમની ગમે તેવી પ્રચૂર માત્રા પણ તેનામાં સમાઈ શકે અને તેમના પ્રબળ કાર્યમાં ઉપયોગી થઈ શકે; (જે લોકો યોગ્ય તૈયારી કર્યા વિના કે અયોગ્ય પદ્ધતિથી યોગ-સાધનાને વગર વિચાર્યે આદરી બેસે છે, અથવા જે શક્તિને ધારણા કરવા માટે તેઓ બૌદ્ધિક, પ્રાણમય કે નૈતિક રીતે લાયક ના હોય તેવી શક્તિને જોર કરીને ખેંચી લાવે છે તેમના મગજમાં, આરોગ્યમાં કે ચારિત્ર્યમાં ઘણી વાર નુકસાન થઈ પણ જાય છે). અને આ પ્રમાણે તે શક્તિને ધારણ કરવા છતાં તેનામાં એવી સ્વસ્થતા રહેવી જોઈએ કે જેથી તે એ આધ્યાત્મિક, અથવા, આજ સુધી અસામાન્ય રહેલી અંતરિયાળ શક્તિના સંકલ્પને વિકૃત કે ક્ષીણ કર્યા વિના કે તેના હેતુની કે ઝોકની અવળી રજૂઆત કર્યા વિના એ સંકલ્પો અનુસાર સહજ, સ્વાભાવિક અને યથાર્થ રીતે કાર્ય કરી શકે. શરીરની ચેતના, શક્તિ અને તંત્રોમાં આવી ધારણા-શક્તિ મેળવવી એ શરીરની સૌથી વધારે અગત્યની સિદ્ધિ કે પરિપૂર્ણતા છે.

આવા પરિવર્તનના પરિણામે શરીર એ આત્માનું એક પરિપૂર્ણ કરણ

બની રહેશે. આધ્યાત્મિક શક્તિને શરીરમાં અને તેની દ્વારા જે કાંઈ અને જેવી રીતે કરવું હશે તે તે તેવી રીતે કરી શકશે. તેને જે કાંઈ મનોમય કાર્ય કે પછીની કક્ષામાં, અતિમાનસિક કાર્ય કરવું હશે તે કાર્યને તે શરીર દ્વારા અમર્યાદિત રીતે પાર પાડી શકશે કારણકે શરીર થાક, અશક્તિ, નામરજી કે અવળી રજૂઆતનાં કારણે દગો દેશે નહિ. વળી તે શક્તિ શરીરમાં પ્રાણ-શક્તિના પૂર્ણ પૂરને પણ વહાવી શકશે; અને અત્યારના સામાન્ય પ્રાણની અંત:પ્રેરણાઓ અને આવેગોને જે શરીરનો એક કરણ તરીકે ઉપયોગ કરવો પડે છે તેની અને તેમની વચ્ચે જે વિરોધ અને વિષમતા પ્રવર્તી રહેલાં છે તેનો ભોગ બન્યા વિના, ત્યારે, પરિપૂર્ણ બનેલા પ્રાણનાં વ્યાપક કર્મો અને આનંદને પણ, તે શક્તિ પાર પાડી શકશે. વળી, તે શક્તિ, આધ્યામિક બની ગએલા ચૈત્યસિક પુરુષનાં કાર્યોને, શરીરની નિમ્ન સહજ પ્રેરણાઓ વડે જૂઠાં કે અધોમુખ થવા દીધા વિના કે બીજી કોઈ પણ રીતે વિકૃત થવા દીધા વિના અણીશુદ્ધ રીતે સાકાર કરી શકશે, તથા શરીરનાં કર્મો અને કરણોને ઊર્ધ્વ ચૈત્યસિક જીવનની સ્વરાવલિ તરીકે કામમાં લઈ શકશે. અને શરીરમાં પોતાનામાં પણ એક એવી મહત્તા (એટલે કે આધાર-શક્તિની વિપુલતા), બળ (એટલે કે વહ્યે જતું અને કાર્ય કરતું અતુલ સામર્થ્ય, શક્તિ અને તાકાત), લાઘવ (એટલે કે નાડી અને દેહની હળવાશ, સ્ફુર્તિ, ચપળતા અને અનુકૂળશીલતા) તથા ધારણ-શક્તિ (એટલે કે સમગ્ર શરીરતંત્રમાં અને તેની સંચાલક કળોમાં ધારણ કરવાની અને પ્રત્યુત્તર આપવાની શક્તિ) એ ચાર બાબતો કે જે શરીરની અત્યારની સબળ અને સર્વોત્તમ અવસ્થામાં પણ શક્ય નથી, તે આવીને ઊભી રહેશે.

આ શક્તિનું અસલ સ્વરૂપ બાહ્ય, શારીરિક કે સ્નાયુઓની તાકાતની જાતનું નહિ હોય; તે શક્તિ, એક તો, અમર્યાદ પ્રાણ-શક્તિ હશે અને બીજું, આ પ્રાણ-શક્તિને આધાર આપતી અને તેનો ઉપયોગ કરતી, દેહમાં સક્રિય બનેલી એક ઊર્ધ્વ અને સર્વોચ્ચ સંકલ્પ-શક્તિ હશે. કર્મમાત્રની (તદ્દન નિર્જીવ લાગતાં હોય તેવાં ખુદ ભૌતિક કર્મોની પણ) શરત એ છે કે શરીરમાં પ્રાણ-શક્તિ રમતી મુકાએલી હોવી જોઈએ. પ્રાચીન લોકોના કહ્યા પ્રમાણે બધા જ ભૌતિક પદાર્થોમાં, અણુ, પરમાણુ અને વાયુઓથી માંડીને ખનીજો, ધાતુઓ, વનસ્પતિઓ, પશુઓ અને છેક માનવ સુધીના બધા જ પદાર્થોમાં, ભૌતિક શક્તિને આધાર આપનાર અને સક્રિય કરનાર છે: વિશ્વવ્યાપી પ્રાણ. જે જે લોકો શરીરની, કે શરીરમાં, વધારે મહાન પરિપૂર્ણતા સ્થાપવા મથતા હોય છે તેઓ બધા જ જાણ્યેઅજાણ્યે આ પ્રાણ-શક્તિને પામવાનો

અને શરીરમાં વધારે છૂટથી અને જોરદાર રીતે સક્રિય કરવાનો પ્રયત્ન કરી રહ્યા હોય છે. સામાન્ય માણસો આ માટે શારીરિક કસરતો અને અન્ય ભૌતિક સાધનોની યંત્રવત્ પદ્ધતિ અખત્યાર કરે છે, તો હઠયોગીઓ આસન અને પ્રાણાયામ જેવી વધારે વિશાળ અને વૈવિધ્ય-શીલ, છતાં પણ યંત્રવત્ જ, પદ્ધતિનો આશરો લે છે. પણ આપણા હેતુને પાર પાડવા માટે તો વધારે સૂક્ષ્મ, તાત્ત્વિક અને અનુકૂળતાના અવકાશવાળી પદ્ધતિ આપણે હાથ ધરવી પડશે; આપણે પહેલાં તો, વિશ્વવ્યાપી પ્રાણ-શક્તિ (કે જેમાંથી આપણે આપણો હિસ્સો મેળવીએ છીએ) તેના પ્રત્યે મનની સંકલ્પ-શક્તિને ખૂબ ખુલ્લી કરવાની અને તે પ્રાણ-શક્તિને જોરદાર સાદ કરવાની, તથા તેની સબળ સંનિધિને તથા તેનાં પ્રબળ કાર્યને આપણા શરીરમાં સ્થિર કરવાની પદ્ધતિ હાથ ધરીશું; અને પછીથી, મનની એ જ સંકલ્પ-શક્તિને વધારે તો આત્મા તથા તેની આત્મ-શક્તિ પ્રત્યે ખુલ્લી કરીને ઊર્ધ્વમાં વસતી, અતિમાનસિક પ્રાણ-શક્તિને આહ્વાન કરીશું; અને ત્રીજું અને છેલ્લા પગલા તરીકે આત્માની અતિમાનસિક સર્વોચ્ચ તપઃશક્તિનો આપણામાં પ્રવેશ કરાવીને તથા શરીરની પરિપૂર્ણતાનું કાર્ય સીધેસીધું જ તેના હાથમાં સોંપી દઈને આ હેતુ પાર પાડીશું. હકીકતમાં તો, જ્યારે ચોખ્ખે-ચોખ્ખાં ભૌતિક સાધનોનો આશરો લેવાતો લાગે છે ત્યારે પણ હમેશાં આંતરિક સંકલ્પ-શક્તિ જ, પ્રાણમય કરણોનું સંચાલન કરીને, તેમનો પરિણામસાધક ઉપયોગ કરતી હોય છે. શરૂઆતમાં તેને એ નિમ્ન કાર્યો ઉપર આધાર રાખવો પડતો હોય છે. પણ પછીથી આપણે જ્યારે વધારે ઊંચી સાધનાવસ્થા પ્રાપ્ત કરીએ છીએ ત્યારે પરિસ્થિતિ ધીમે ધીમે અવળી થતી જાય છે; ત્યારે એ શક્તિ માત્ર પોતાના જ જોરે કાર્ય કરે છે, અથવા નિમ્ન બાબતોને પોતાનાં માત્ર ગૌણ કરણો તરીકે વાપરે છે.

મોટા ભાગના માણસો શરીરમાં રહેલ આ પ્રાણ-શક્તિ વિષે જાગ્રત નથી હોતા, અથવા તો આ પ્રાણ-શક્તિ જેને દોરે છે અને પોતાના વાહન તરીકે વાપરે છે એવી શારીરિક પ્રકારની શક્તિથી તેને અલગ રીતે જોઈ શકતા નથી. પણ યોગ-સાધનાથી ચેતના વધારે સૂક્ષ્મ થતાં આપણે આપણી આજુબાજુની પ્રાણ-શક્તિના સમુદ્ર વિશે સચેતન થઈએ છીએ, તેને માનસિક ચેતના વડે — અને માનસિક સૂઝ વડે તો તદ્દન નક્કર રીતે — અનુભવી શકીએ છીએ, તેના પ્રવાહો અને તરંગોને જોઈ શકીએ છીએ અને સંકલ્પ-બળ વડે તેનું નિયંત્રણ, તેમ જ તેની ઉપર કાર્ય પણ, કરી શકીએ છીએ. પણ જ્યાં સુધી આપણે આમ તેના વિશે જાગ્રત ના થઈ

શકીએ ત્યાં સુધી આપણે આપણા સંકલ્પ-બળમાં રહેલા, આ પ્રાણશક્તિને કાબૂમાં અને કામમાં લેવાના સામર્થ્ય ઉપર કામચલાઉ — કે છેવટે એક અખતરા પૂરતી — શ્રદ્ધા રાખવી પડે છે. શરીરની સ્થિતિ અને ગતિ ઉપર મન પોતાના સંકલ્પ-બળને લાગુ પાડી શકે છે[1] એવી શ્રદ્ધા જરૂરી છે. પણ આપણે આવો જે કાબૂ મેળવવાનો છે તે આ કે આવાં જ બીજાં કોઈ નાનાં કાર્યો માટે નહિ, પણ બાહ્ય અને નાનાં કરણો ઉપર આંતરિક અને મોટાં કરણોની હક્કસરની, વ્યાપક શક્તિ મેળવવા માટે. આપણી ભૂતકાળની માનસિક ટેવો, આ શ્રદ્ધાને આપણા હાલના અપરિપક્વ તંત્રમાં ભોગવવી પડતી લાચારીનો આપણો સામાન્ય અનુભવ તથા શરીર અને શારીરિક ચેતનામાં રહેલી આનાથી વિરોધી માન્યતાઓ એ બધાં આ શ્રદ્ધાની સામે સંગ્રામ મચાવે છે. કારણકે તેમને પોતાને પણ એક એવી નાનીશી શ્રદ્ધા હોય છે કે જે હાલનાં સ્થાપિત તંત્રો ઉપર, ઊર્ધ્વ (છતાં હજી સુધી અપ્રાપ્ત) પૂર્ણતાના નિયમને લાગુ પાડવા મથતા મનની માન્યતાનો વિરોધ કરે છે. પણ આપણે મંડ્યા રહીએ અને આ વિશાળ શક્તિના પોતાના સામર્થ્યની આપણે અનુભવ દ્વારા પ્રતીતિ મેળવતા જઈએ ત્યારે આ માનસિક શ્રદ્ધા વધારે ને વધારે દૃઢતાથી સ્થાપિત થતી જશે, તેની તાકાત વધતી જશે અને શરીરની વિરોધી શ્રદ્ધા મચક આપતી જશે, તે જેનો વિરોધ કરતી હતી તેનો જ સ્વીકાર કરવા માંડશે અને પોતાની જૂની આદતો પર આ નવી ધૂંસરીને બેસવા દેશે એટલું જ નહિ પણ આ ઊર્ધ્વ કર્મ-ધારાની, સામેથી માગણી કરશે. અને છેવટે આપણને એ સત્ય સમજાઈ જશે કે આપણી, આ જેવી છે તેવી હાલની જાત, તેને જેવા બનવાની શ્રદ્ધા અને સંકલ્પ હશે તેવી જ તે છે, . અથવા તો બની જશે. (કારણકે શ્રદ્ધા એટલે બીજું કાંઈ જ નહિ પણ વધારે મહાન સત્યને પામવા મથતો સંકલ્પ), અને આપણી ભાવિ શક્યતાઓ ઉપર મર્યાદાઓ મૂકવાનું છોડી દેશે, અથવા આપણામાં રહેલ પરમાત્માનાં માનવ-કરણો દ્વારા કાર્ય કરી રહેલી દિવ્ય શક્તિના ગર્ભિત સર્વશક્તિમાન-પણાનો ઇન્કાર કરવાનું અટકાવી દેશે. પણ અલબત્ત, આ સર્વશક્તિમાન શક્તિ, ખાસ કરીને તેની કાર્યશક્તિ, હાલમાં નહિ પણ પરિપૂર્ણતાની વધારે ઉચ્ચ ભૂમિકાએ સક્રિય બને છે.

પ્રાણ એ માત્ર શરીરની જ કે જીવનની જ શક્તિને ક્રિયામાં મૂકનારું સામર્થ્ય નથી; તે માનસિક અને આધ્યાત્મિક કર્મોને પણ આધાર આપે

1. શ્રદ્ધા, સંકલ્પ-બળ કે માનસિક ક્રિયાઓ વડે રોગો મટાડનાર લોકોની બાબતમાં આમ જ બનતું હોય છે.

છે. એટલે પ્રાણ-શક્તિની પૂર્ણ અને મુક્ત સક્રિયતા માત્ર નિમ્ન, છતાં અનિવાર્ય, કાર્યો માટે જ નહિ પણ આપણી અટપટી માનવ-પ્રકૃતિરૂપ યંત્રમાં મનની અને અતિમનસની અને આત્માની મુક્ત અને પૂર્ણ ક્રિયાઓ થવા દેવા માટે પણ જરૂરી છે. કેટલાક યોગ-માર્ગોમાં પ્રાણ-શક્તિ અને તેની ગતિઓના નિયંત્રણ માટે પ્રાણાયમનો જે આશરો લેવામાં આવે છે તેની પાછળ મુખ્ય આશરો આ જ હોય છે. પૂર્ણયોગમાં પણ સાધકે પ્રાણ પર પ્રભુત્વ તો આવું જ મેળવવાનું છે; પણ અન્ય સાધનો દ્વારા પણ તે તે મેળવી શકે છે; અને એ પ્રભુત્વની પ્રાપ્ત અને સાચવણી માટે તેણે કોઈ પણ શારીરિક કે શ્વાસોચ્છ્વાસની કસરતો સાથે બંધાઈ રહેવું તો ના જ જોઈએ, કારણકે એમ થાય તો તરત જ તે પ્રકૃતિની મર્યાદાઓ અને માલિકીને આધીન બની જશે. પ્રકૃતિના યંત્રનો પુરુષે છૂટથી અને અનુકૂળ ઉપયોગ તો કરવાનો જ છે, પણ એ પ્રાકૃત-તંત્રને પુરુષ પર પોતાનો કાબૂ જમાવવા દેવાનો નથી. તેમ છતાં પ્રાણ-શક્તિની જરૂર તો રહેવાની જ; અને આપણા સ્વાધ્યાય અને સ્વાનુભવથી એ સ્પષ્ટ પણ થઈ જશે. પ્રાણ એ બુદ્ધિ અને સંકલ્પવાળા દેહીનું વાહન છે, વેદની રૂપક-વાણીમાં તેને "અશ્વ" કહેલ છે. તે જો તાકાતવાન અને તેજી અને પૂર્ણ શક્તિથી તરવરતો હોય તો જ પૂર્ણ અને વણ-થંભ્યા વેગથી મન પોતાના કાર્યપ્રવાસમાં આગળ ધપી શકે. પણ જો તે અશ્વ અપંગ હોય, એદી કે અશક્ત હોય તો મનના સંકલ્પ અને કાર્ય-શક્તિમાં અલ્પતા આવવાની જ. અને જ્યારે અતિમનસ સક્રિય બનવા માંડે ત્યારે પણ એમ જ થવાનું. હા, એવી અવસ્થાઓ અને પ્રવૃત્તિઓ હોય છે ખરી કે જેમાં મન પ્રાણ-શક્તિને પોતાની અંદર ભેળવી દે છે, અને ત્યારે આવી આધીનતા જરા પણ વર્તાતી નથી; પણ ત્યારે ય એ પ્રાણ-શક્તિ મોજૂદ તો હોય છે જ, પણ મનની પોતાની શુદ્ધ શક્તિમાં સમાઈ ગએલી હોય છે એટલું જ. જ્યારે અતિમનસ પૂર્ણ સામર્થ્ય ધારણ કરે ત્યારે તે પ્રાણ-શક્તિનું જે કાંઈ ધારે તે કરી શકે છે, અને છેવટે આ પ્રાણ-શક્તિનું એક જાતના એવા અતિમાનસીય પ્રાણમાં રૂપાંતર પણ થઈ જાય છે કે જે એ મહાન ચેતનાની માત્ર એક યંત્ર-શક્તિ જ બની રહે છે. પણ આમ તો યોગ-સિદ્ધિની બહુ ઊંચી ભૂમિકાએ જ બનવાનું.

આ ઉપરાંત ચૈત્યસિક પ્રાણ, સૂક્ષ્મ પ્રાણ, પ્રાણમય મન અથવા તો કામનામય પુરુષ નામનું તત્ત્વ પણ છે; આની પોતાની પણ પરિપૂર્ણતા સાધવાની છે. અહીંયાં પણ જેની પ્રથમ જરૂરિયાત છે તે છે પ્રાણને મનમાં

ધારણ કરવાની શક્તિની પૂર્ણતા, એ શક્તિનું એવું સામર્થ્ય કે જેના વડે તે પોતાનું કાર્ય પૂર્ણપણે પાર પાડી શકે, આ અસ્તિત્વને સાર્થક કરવા માટે આપણા આંતરિક ચૈત્યસિક જીવનને આપવામાં આવેલ બધા જ આવેગ અને શક્તિઓ પર પ્રભુત્વ જમાવી શકે, એ આવેગો અને શક્તિઓને ધારણ કરી શકે અને તેમને સામર્થ્ય, સ્વતંત્રતા અને પૂર્ણતા વડે પાર પાડવાનું એક કરણ બની શકે. આપણી પરિપૂર્ણતાને માટે જરૂરી એવી ઘણી બાબતો, જેવી કે હિંમત, જીવન પર પ્રભાવ પાથરી શકતી સંકલ્પ-શક્તિ, આપણે જેને ચારિત્ર્ય-બળ અને સમર્થ વ્યક્તિત્વ કહીએ છીએ તેનાં બધાં જ ઘટકો, એ બધાંની પૂરેપૂરી તાકાતનો અને સમર્થ કર્મ-પ્રવાહનો આધાર ઘણે મોટે ભાગે સૂક્ષ્મ પ્રાણની સભરતા ઉપર રહેલો છે. પણ આ સભરતાની સાથે સાથે સૂક્ષ્મ પ્રાણમય પુરુષમાં એક સુસ્થાપિત ખુશાલી, સ્પષ્ટતા અને સ્વચ્છતા પણ હોવાં જ જોઈએ. આ શક્તિ-ભંડાર એ કોઈ અશાંત, ઉછાંછળી, તોફાની, તરંગી કે કઢંગા આવેગવાળી તાકાત ના હોવી જોઈએ; તેમાં તાકાત તો હોવી જ જોઈએ, સક્રિયતાનો પરમ ઉલ્લાસ પણ હોવો જ જોઈએ, પણ એ તાકાત એટલે પ્રસન્ન, સ્વચ્છ અને શુદ્ધ તાકાત, એ આનંદોલ્લાસ એટલે સુસ્થિર અને દૃઢ પાયાવાળો ઉલ્લાસ. અને તેની પરિપૂર્ણતા માટેની ત્રીજી શરત એ કે તે એક સંપૂર્ણ સમતા પર સ્થિર થએલો હોવો જોઈએ. કામનામય પુરુષે તેની કામનાઓની બૂમાબૂમ, આગ્રહો અને વિષમતાઓમાંથી મુક્ત થવું જ જોઈએ કે જેથી તેની કામનાઓ યોગ્ય, સમતોલ અને સાચી રીતે સંતોષાય, અને અંતમાં તેમાંનું કામનાનું તત્ત્વ સમૂળગું દૂર થઈ જાય અને તે પોતે દિવ્ય આનંદના આવેગમાં પલટાઈ જાય. એટલા ખાતર, તેણે કોઈ પણ જાતની માગણીઓ કરવાની નથી, કે હૃદય, બુદ્ધિ કે આત્મા ઉપર પોતાના આગ્રહો લાદવાના નથી, પણ શુદ્ધ હૃદય, અને શાંત બુદ્ધિમાંથી પસાર થઈ આત્માના જે કોઈ આવેગો કે આદેશો આવે તેમનો મક્કમ, શાંત તેમ જ સક્રિય સમતા વડે, સ્વીકાર કરવાનો છે. વળી તે આવેગનું જે કાંઈ પરિણામ આવે, આપણા અસ્તિત્વનો સ્વામી તેને જે કાંઈ વત્તો કે ઓછો, સંપૂર્ણ કે શૂન્ય ઉપભોગ કરાવે તેનો પણ તેણે સ્વીકાર કરવાનો છે. તો વળી, કબજો મેળવવો અને ઉપભોગ કરવો એ તો તેનો સ્વ-ધર્મ છે, તેનું અસલ કાર્ય અને ઉપયોગ છે. એ હણાવા કે કપાવા, કે જડ ગ્રહણ-શક્તિવાળી કોઈ નીરસ, નિઃસત્ત્વ, પીડિત, પંગુ, સ્થૂળ, કે શૂન્ય વસ્તુ બની જવા સર્જાએલો નથી. તેનામાં પ્રાપ્તિ માટેની પૂર્ણ-શક્તિ, ઉપભોગ માટેની ઉલ્લાસ-શક્તિ, શુદ્ધ અને

દિવ્ય આવેગ અને આનંદ માટેની મસ્ત શક્તિ હોવી જ જોઈએ. તે જે ઉપભોગ કરશે તે તાત્ત્વિક રીતે તો આધ્યાત્મિક આનંદ જ હોવા છતાં એવો આનંદ હશે કે જે બૌદ્ધિક, ઊર્મિ-પ્રધાન, કર્મ-પ્રધાન, પ્રાણમય અને ભૌતિક આનંદને પોતાનામાં ધારણ કરશે અને તેમનું રૂપાંતર કરી નાખશે. એટલે આ બધી બાબતોને સમાવવાની તેનામાં પૂર્ણ શક્તિ હોવી જ જોઈએ અને અશક્તિ કે થાકને લીધે કે તીવ્ર આનંદને સહી શકવાની તાકાતના અભાવે તે આત્મા, મન, હૃદય, સંકલ્પ અને શરીર આગળ લાચાર ના બનવો જોઈએ. પૂર્ણતા, પ્રસન્નતા, સમતા અને ભોગ-સામર્થ્ય એ સૂક્ષ્મ પ્રાણની ચતુર્વિધ પરિપૂર્ણતા છે.

તે પછી ચિત્તની પરિપૂર્ણતા પણ સાધવાની છે. અને અહીં "ચિત્ત"ને વ્યાપક અર્થમાં લેતાં તેમાં આપણે ઊર્મિમય પુરુષ અને ચૈત્યસિક પુરુષનો પણ સમાવેશ કરીશું. પ્રાણની અંધ પ્રેરણાઓના તંતુઓથી છવાએલ આ હૃદય અને ચૈત્યસિક પુરુષ એ સારી અને ખરાબ, સુખભરી અને દુઃખભરી, સંતુષ્ટ અને અસંતુષ્ટ, શાંત અને અશાંત, તીવ્ર અને જડ એવી ઊર્મિઓના તથા આત્માનાં આંદોલનોના સંમિશ્રિત અને તરંગી રંગોથી ભરેલું તત્ત્વ છે. તેમની અશાંતિ અને આક્રમણનો ભોગ બનેલું હોવાથી તે સાચી શાંતિને ભૂલી બેઠેલું છે, પોતાની સર્વે શક્તિઓની નિશ્ચલ પરિપૂર્ણતા પામવા અસમર્થ બની ગએલું છે. વિશુદ્ધિ, સમતા, જ્ઞાનનો પ્રકાશ તથા સંકલ્પના સુમેળ દ્વારા તેને શાંત નક્કરતા તથા પરિપૂર્ણતા પર પહોંચાડી શકાય છે. આ પરિપૂર્ણતાનાં પહેલાં બે પાસાં એટલે એક બાજુએ, એક ઉચ્ચ અને વિશાળ મધુરતા, ગ્રહણશીલતા, નમ્રતા, નિશ્ચલતા અને સ્વચ્છતા, તથા બીજી બાજુએ એક દૃઢ અને ઉગ્ર શક્તિ અને તીવ્રતા. માનવના સામાન્ય ચારિત્ર્ય અને કર્મોમાં હોય છે તેમ ભગવાનમાં પણ હમેશાં બે સેર રહેલી છે : માધુર્ય અને સામર્થ્ય, નમ્રતા અને દૃઢતા, સૌમ્ય અને રૌદ્ર, એટલે કે ઝીલનાર તથા સંવાદ સાધનાર શક્તિ અને આગ્રહ તથા આક્રમણ કરનાર શક્તિ, વિષ્ણુ અને ઇશાન, શિવ અને રુદ્ર. જગતનાં કર્મોને પૂર્ણ રીતે પાર પાડવા એ બંને એકસરખાં જરૂરી છે. હૃદયની રુદ્ર-શક્તિની વિકૃતિઓ એટલે તોફાની આવેગો, ક્રોધની ઝંઝાઓ અને ભયંકરતા અને જાલિમતા, કઠોરતા, પાશવતા, નિર્દયતા, અહંકારભરી આકાંક્ષા અને હિંસા અને દમન માટેનો ઉમળકો. એક શાંત, સ્વચ્છ, મધુર ચૈત્ય પુરુષને ખીલવા દઈને આ અને અન્ય માનવીય વિકૃતિઓમાંથી મુક્ત થવાનું છે.

તો વળી બીજી બાજુએ શક્તિનો અભાવ એ પણ એક અપૂર્ણતા જ

છે. ઊર્મિમય અને ચૈત્યસિક જીવનમાંથી જો શક્તિ અને પ્રભાવ-સામર્થ્યને મુઝાવી, ગૂંગળાવી કે મારી નાખવામાં આવે તો તેમનું આખરી પરિણામ આવે ચૈત્યસિક બુઝદિલી અને નિર્બળતા, એશ-વૃત્તિ અને મોજપ્રિયતા, ઢીલાશ અને શિથિલતા અથવા જડ નિષ્ક્રિયતા. વળી સહન કર્યે જવાની શક્તિ મેળવવી કે પ્રેમ, ઉદારતા, સહિષ્ણુતા, નમ્રતા, રંકતા અને ક્ષમાથી ભરેલું હૃદય વિકસાવવું, માત્ર એટલામાં જ પૂર્ણ પરિપૂર્ણતા આવી જતી નથી. પરિપૂર્ણતાનું બીજું પાસું છે: આત્મ-નિર્ભર, નિશ્ચલ અને નિરહંકારી રુદ્ર-શક્તિ કે જે ચૈત્યસિક શક્તિથી અને મક્કમ હૃદયના બળથી સજ્જ હોય; અને આ હૃદય એવું હોય કે જે આગ્રહ-ભર્યાં, બાહ્ય રીતે ઉગ્ર અને જરૂર પડ્યે ખુદ દારુણ કર્મોને પણ જરા ય ડગ્યા વિના મક્કમ ટેકો આપશે. હૃદયની આ બેવડી પરિપૂર્ણતા એટલે શક્તિ, સામર્થ્ય, તાકાતનાં અપરિમિત તેજનો હૃદયની મધુરતા અને સ્વચ્છતા સાથે સુમેળ, અને કર્મો માટે એકરૂપ બની જવાની તેમની શક્તિ—, જાણે કે સોમનાં અમૃતમય ચન્દ્ર-કિરણોમાંથી ઊઠતી ઇન્દ્રની વિદ્યુત. અને આ સૌમ્યત્વ અને તેજસ્ એ બંને વસ્તુઓએ પોતાની સંનિધિ અને સક્રિયતાને એક એવી સુદૃઢ સમતાના પાયા પર પ્રતિષ્ઠિત કરવાની છે કે જે સમતા સ્વ-ભાવ-ગત હોય, અને, હૃદયના પ્રકાશ અને હૃદયની શક્તિની બધી જ ગ્રામ્યતાઓ અને બધી જ અતિશયતાઓ કે અપૂર્ણતાઓમાંથી મુક્ત બનેલા ચૈત્યસિક આત્માની સમતા હોય.

હૃદય માટે ત્રીજું જરૂરી તત્ત્વ છે શ્રદ્ધા, વિશ્વવ્યાપી મંગલમયતાનો સ્વીકાર અને સંકલ્પ, વિશ્વવ્યાપી આનંદ પ્રત્યે ગ્રાહકતા. શુદ્ધ ચૈત્ય પુરુષનું અસલ તત્ત્વ છે આનંદ, તે ઊતરી આવેલ છે, વિશ્વના આનંદાત્મામાંથી; પણ ઊર્મિ-પ્રધાન ઉપરછલ્લું હૃદય દુનિયાના અથડામણભર્યા આભાસોમાં તણાય જાય છે અને શોક, બીક, નિરાશા, આવેશ તથા ક્ષણ-જીવી અને ખંડિત આનંદ જેવા અનેક પ્રતિકારો સહન કરે છે. પરિપૂર્ણતા માટે સમતાભર્યું હૃદય અનિવાર્ય છે: પણ એ સમતા માત્ર શાંત સમતા નહિ હોય; તેમાં, બધા જ અનુભવોની પાછળ રહી કલ્યાણ સાધી રહેલી દિવ્ય શક્તિનું ભાન હોવું જ જોઈએ, એક એવી શ્રદ્ધા અને સંકલ્પ હોવાં જોઈએ કે જે જગતના ઝેરને અમૃતમાં પલટી નાખી શકે, જે શત્રુતાની પાછળ રહેલ સુખમય, આધ્યાત્મિક હેતુને જોઈ શકે, યાતનાની પાછળનાં પ્રેમ-રહસ્યને પકડી શકે અને દુઃખના બીજમાં રહેલા દિવ્ય શક્તિ અને આનંદના પુષ્પને પારખી શકે. આ શ્રદ્ધા, કલ્યાણ-શ્રદ્ધા એટલા માટે જરૂરી છે કે જેથી હૃદય અને સમગ્ર પ્રગટ અંતરાત્મા ગુપ્ત દિવ્ય આનંદને પ્રત્યુત્તર આપી

શકે અને પોતાને આ સાચા અને અસલ તત્ત્વમાં પલટી નાખી શકે. આ શ્રદ્ધા અને સંકલ્પની સાથે સાથે, મર્યાદા મૂકી ના શકાય તેવા વિશાળતમ અને તીવ્રતમ પ્રેમ માટેની શક્તિ પણ અનિવાર્ય છે અને એ શ્રદ્ધા અને સંકલ્પ આ પ્રેમમાં જ ખૂલી જવાં જોઈએ. આ પ્રેમ એ જ પૂર્ણતમ એકતા અને અદ્વૈત માટે નિર્માએલું સાધન છે; કારણકે જ્યાં સુધી દુનિયામાં આ અદ્વૈતનો આપણે હૃદય વડે અને ચૈત્ય પુરુષમાં અનુભવ ના કરી શકીએ ત્યાં સુધી બુદ્ધિ વડે મેળવેલી તેની એકલી સમજ અધૂરી છે; અને આ અનુભવ એટલે જ પરમ "એક"નો અને એ "એક"માં આવી રહેલાં સર્વે દુન્યવી અસ્તિત્વનો આનંદ, પ્રભુ માટેનો અને પદાર્થ–માત્ર માટેનો પ્રેમ. હૃદયની કલ્યાણ–શ્રદ્ધા અને કલ્યાણ–સંકલ્પ પદાર્થ માત્રમાં વ્યાપી રહેલા અને દુનિયાને દોરી રહેલા એકમેવ ભગવાનનાં દર્શન ઉપર પ્રતિષ્ઠિત હોય છે. વિશ્વવ્યાપી પ્રેમને, એકમેવ ભગવાનનાં, અસ્તિત્વ માત્રમાં રહેલા એકમેવ પરમાત્માનાં, હૃદયને થતાં દર્શન ઉપર અને ચૈત્યમય અને ઊર્મિમય પુરુષને થતી અનુભૂતિ ઉપર પ્રતિષ્ઠિત કરવાનો છે. ત્યારે આ ચારે ય તત્ત્વો, – સૌમ્યતા, રુદ્રતા, કલ્યાણ–શ્રદ્ધા અને પ્રેમ–સામર્થ્ય — એક એકમ બની રહેશે અને સત્ય અને શુભને ખાતર સંગ્રામ ખેડતી ખુદ રુદ્ર–શક્તિ પણ વિશ્વમય પ્રેમ–શક્તિના પાયા પરથી પ્રયાણ કરશે. આ પ્રેમ–સામર્થ્ય એ જ છે હૃદયની સર્વોચ્ચ અને વિશિષ્ટતમ પરિપૂર્ણતા.

છેલ્લી પરિપૂર્ણતા છે બુદ્ધિની, વિચારશીલ મનની. તેમાં પહેલી જરૂરિયાત છે બુદ્ધિને સ્પષ્ટ અને શુદ્ધ કરવાની. સત્યને સ્થાને તેનામાં મનની ઇચ્છાઓને ઘુસાડવા ઇચ્છતા પ્રાણના હક્ક–દાવામાંથી તેને મુક્ત કરવાની છે; અને ઊર્મિઓના રૂપ–રંગ દ્વારા સત્યને રંગવા, બેડોળ અને મર્યાદિત કરવા તથા અસત્ય બનાવવા મથતી અશાંત ઊર્મિમય જાતના હક્ક–દાવામાંથી પણ તેને મુક્ત કરવાની છે. વળી તેને ખુદ પોતાની જ ખામીઓમાંથી, ચિંતન–શક્તિની જડતામાંથી, જ્ઞાન પ્રત્યે ખુલ્લા થવામાં અંતરાય–રૂપ સંકુચિતતા અને નારાજીમાંથી, વિચારોની બૌદ્ધિક અપ્રમાણિકતામાંથી, પૂર્વગ્રહો અને પસંદગીઓમાંથી, તર્ક–શક્તિના આપ–સંકલ્પોમાંથી અને સંકલ્પ–શક્તિના જ્ઞાન–માર્ગી ખોટા આપ–નિર્ણયોમાંથી પણ મુક્ત થવાનું છે. તેનો એકમાત્ર સંકલ્પ એ જ હોવો જોઈએ કે એ સત્ય માટેનું, તેના અસલ તત્ત્વનું અને તેનાં સ્વરૂપો, સંબંધો અને માત્રાઓનું, એક કલંક–હીન દર્પણ માત્ર બની રહે, એક સ્વચ્છ દર્પણ, શુદ્ધ દર્પણ, સંવાદ માટેનું એક સુંદર અને સૂક્ષ્મ સાધન બની રહે, પૂર્ણ બુદ્ધિ બની રહે. ત્યારે આ સ્વચ્છ અને શુદ્ધ બુદ્ધિ પ્રકાશમય,

પ્રશાંત પદાર્થ બની શકશે, સત્ય-સૂર્યમાંથી પ્રગટ થતો એક શુદ્ધ અને સમર્થ ઝળહળાટ બની શકશે, પણ વધારામાં, તેણે એક તીવ્ર શુષ્ક અને શ્વેત પ્રકાશ માત્ર જ ના રહેતાં એવો પ્રકાશ બનવાનું છે કે જે સમજ-શક્તિની સઘળી વિવિધતા સમાવી શકે, જે મુલાયમ, સમૃદ્ધ, સાનુકૂળ અને પૂર્ણ-જ્યોતિથી પ્રકાશિત હોય, જેનામાં સત્યના અવિર્ભાવનું સઘળું રંગ-વૈવિધ્ય હોય તથા તેનાં સર્વે સ્વરૂપો પ્રત્યે જે ગ્રહણશીલ હોય. અને આમ સજ્જ થવાથી તે સર્વે મર્યાદાઓમાંથી મુક્ત બનશે, જ્ઞાનનાં માત્ર આ કે તે જ સ્વરૂપમાં, શક્તિમાં કે સક્રિયતામાં બંધાઈ ના રહેતાં, પુરુષ તેને જે કાંઈ ફરમાવે તે કાર્ય પાર પાડવા માટેનું સદા-સજ્જ અને સમર્થ સાધન બની જશે. વિશુદ્ધિ, પ્રકાશ, વિવિધ-બોધ અને સર્વ-જ્ઞાન-સામર્થ્ય એ છે ચિંતન-શીલ બુદ્ધિની ચતુર્વિધ પરિપૂર્ણતા.

આપણાં સર્વે સામાન્ય કરણો આમ પરિપૂર્ણતા પામવાથી અન્ય કરણોની અયોગ્ય દખલગીરી વિના પોતપોતાનું સ્વ-કાર્ય બરાબર કરી શકશે અને આપણી સહજ, સંવાદિત, સમગ્ર પ્રકૃતિમાં પુરુષના સંકલ્પને જરા પણ અંતરાય વિના પાર પાડી શકશે. આવી પરિપૂર્ણતાએ પોતાનાં કાર્ય-સામર્થ્યમાં સતત્ પ્રગતિ કરતા જ રહેવાનું છે, પોતાની ક્રિયા-શક્તિ અને સામર્થ્યને તથા સમગ્ર પ્રકૃતિના કાર્ય-પ્રદેશની વિશાળતાને સદાય વિકસાવતા જ જવાનું છે. ત્યારે તે કરણો પોતાનું એવું, અતિમાનસિક કર્મો માટેનું રૂપાંતર સાધવા તૈયાર થશે કે જેમાં તેમને પૂર્ણ અને પરિપૂર્ણ પ્રકૃતિનું વધારે નિરપેક્ષ, એકતાભર્યું અને પ્રકાશ-પૂર્ણ આધ્યાત્મિક સત્ય હાથ લાગશે. આવી પરિપૂર્ણતા સાધવા માટેનાં સાધનોની વાત આપણે પછીથી કરવાની છે; પણ અત્યારે તો એટલું જ કહેવું પૂરતું છે કે તેની મુખ્ય શરતો છે: સંકલ્પ, આત્મ-અવલોકન અને આત્મ-જ્ઞાન, તથા આત્મ-સુધારણા અને રૂપાંતર માટેનો સતત અભ્યાસ. આવી શક્તિ પુરુષમાં તો છે જ, કારણકે અંતરાત્મા તો હમેશાં પોતાની પ્રકૃતિને પલટી પણ શકે છે અને પરિપૂર્ણ પણ કરી શકે છે. પણ મનોમય પુરુષે આને માટેનો માર્ગ જેના વડે ખોલી નાખવાનો છે તે છે: એક સ્પષ્ટ અને જાગ્રત આંતર-અવલોકન, એક એવું સંશોધક અને સૂક્ષ્મ આત્મ-જ્ઞાન (કે જે તેને સાચી સમજ-શક્તિ પૂરી પાડશે તથા તેનાં કરણો પર વધારે ને વધારે પ્રભુત્વ અપાવશે) તેને માટેની ગ્રહણ-શીલતા, આત્મ-સુધારણા અને રૂપાંતર માટેના જાગ્રત અને મક્કમ સંકલ્પનો સ્વીકાર (કારણકે પ્રકૃતિએ, ગમે તેટલી મુશ્કેલીઓ છતાં અને ગમે તેટલા, લાંબા કે ટૂંકા વિરોધો છતાં, આવા

સંકલ્પને છેવટે તાબે થવાનું જ છે), અને એક એવો અથાક અભ્યાસ કે જે સર્વે ખામીઓ અને વિકૃતિઓનો સતત ઇન્કાર કર્યા કરશે અને તેમને સ્થાને સાચી સ્થિતિ અને સાચી અને વિસ્તૃત સક્રિયતાને સ્થાપ્યે જશે. જ્યાં સુધી આપણા મનના કરતાં અતિ સમર્થ એવી પરમ શક્તિ સરળ અને ઝડપી રૂપાંતર સાધવા માટેના સર્વે દોર સીધેસીધા પોતાના હાથમાં ના લે ત્યાં સુધીની અનિવાર્ય બાબતો છે: તપસ્યા, ધીરજ અને સમજ-શક્તિ તથા સંકલ્પ-શક્તિમાં વફાદારી અને વિશુદ્ધિ.

## પ્રકરણ : ૧૫

# આત્મ-શક્તિ અને ચતુર્વિધ વ્યક્તિત્વ

આપણી સામાન્ય બુદ્ધિ, હૃદય, પ્રાણ અને શરીરને પરિપૂર્ણ બનાવવાથી, આપણે જે મનોમય શરીરયંત્ર વાપરવાનું છે માત્ર તેની જ પરિપૂર્ણતા મળે છે, તથા આપણે વધારે વિશુદ્ધ, વિશાળ અને સ્પષ્ટ જ્ઞાન તથા શક્તિ વડે દિવ્ય જીવન જીવી શકીએ તથા દિવ્ય કર્મો કરી શકીએ તેને માટે કરણોમાં એક જાતની સાચી અવસ્થા ઊભી થાય છે. તેની પછી વિચારવાની બાબત છે આ કરણોમાં વહેતી શક્તિની, તથા પોતાના વિશ્વવ્યાપક હેતુને ખાતર આ કરણોનો ઉપયોગ કરનાર પરમ સંચાલકની. પ્રગટ રૂપે કાર્ય કરતી દિવ્ય શક્તિ, परा प्रकृतिर्जीव भूता એટલે કે મુક્ત બનેલ વ્યક્તિરૂપ જીવમાં પ્રગટ થએલી વિશ્વવ્યાપી અને સર્વોચ્ચ શક્તિ એ જ આપણામાં કાર્ય કરતી બની રહેવી જોઈએ તથા એ જ આપણા દિવ્ય જીવનની શક્તિ અને દિવ્ય જીવનનાં કર્મોની કર્તા બની રહેવી જોઈએ. અને આ શક્તિની પાછળનો એ પરમ સંચાલક તે બીજું કોઈ નહિ પણ ઈશ્વર પોતે જ, સમગ્ર અસ્તિત્વનો સ્વામી પોતે જ બની રહેવો જોઈએ,—એ જ એ ઈશ્વર કે જેની સાથે, આપણું પરિપૂર્ણ બનેલું અસ્તિત્વ, એક એવો યોગ બની જશે કે જેમાં અસ્તિત્વનું અદ્વૈત હશે; અને સાથે સાથે, આપણા અંતરમાં બિરાજતા અને જેની અંદર આપણે રહીએ છીએ, હરીએ-ફરીએ છીએ, અને આપણા અસ્તિત્વને ધારણ કરીએ છીએ તેવા પરમાત્માની સાથેના, આત્માના, અને આત્માની પ્રકૃતિના, સર્વે સંબંધોનું પણ ઐક્ય થઈ ગયું હશે. આપણે આપણી જાતમાં અને જીવનમાં જેની દિવ્ય હાજરી અને પ્રવાહ બોલાવી લાવવાનાં છે તે આ જ છે, આ પરમ-શક્તિ કે જેની અંદર અને જેની પાછળ ઈશ્વર પોતે જ આવી રહેલો છે. કારણકે આ દિવ્ય હાજરી અને આ દિવ્ય કાર્ય-પ્રવાહ વિના પ્રકૃતિમાં રહેલી શક્તિની પરિપૂર્ણતા સિદ્ધ થઈ શકે જ નહિ.

માણસનાં જિંદગીભરનાં કર્મો એ આત્માની હાજરી અને પ્રકૃતિની સક્રિયતા એ બેનાં પરિણામરૂપ, પુરુષ અને પ્રકૃતિના સંયોગરૂપ હોય છે. પુરુષની હાજરી અને પ્રભાવ પ્રકૃતિમાં અમુક પ્રકારની જે શક્તિ તરીકે,

આપણી પોતાની શક્તિ તરીકે, રજૂ થાય છે તેને આપણે, હાલ પૂરતું, આત્મ-શક્તિ કહી શકીએ; અને આ આત્મ-શક્તિ જ હમેશાં આપણી બૌદ્ધિક, માનસિક, પ્રાણમય અને શારીરિક શક્તિનાં કાર્યોને આધાર આપે છે તથા આપણી સચેતન જાતનું સ્વરૂપ અને આપણી પ્રકૃતિનો પ્રકાર નક્કી કરે છે. સામાન્ય અને સમ-ધારણ વિકાસ પામેલા માણસમાં આ આત્મ-શક્તિ માનસિક બંધારણ કે ચારિત્ર્ય તરીકે હળવી, આછી, યંત્રવત્ અને અંદર ઊતરી ગએલ શક્તિ બની ગએલી હોય છે. પણ એ તો માત્ર એક એવો બાહ્ય ઢંગ જ હોય છે કે જેના લીધે પુરુષ એટલે કે સચેતન આત્મા એ યંત્રવત્ પ્રકૃતિ વડે મર્યાદિત અને આધીન થઈ ગએલો તથા અમુક જાતનો જ આકાર પામેલો લાગે છે. વિકાસ પામતી પ્રકૃતિ જે કાંઈ બૌદ્ધિક, નૈતિક, રસિક, પ્રવૃત્તિમય, પ્રાણમય અને શારીરિક જાતમાં ચોકઠાં તૈયાર કરે તેમાં જ આત્મા ઢલવાયા કરે છે અને ઘાટ પામેલી પ્રકૃતિ જે કાંઈ નક્કી કરે તે જ રીતે તે કાર્ય કરી શકે છે અને તેના જ સાંકડા ચીલામાં કે કાંઈક વિશાળ વર્તુળમાં ફર્યા કરે છે. ત્યારે માણસ સાત્ત્વિક, રાજસિક કે તામસિક જાતનો અથવા આ ગુણોનાં મિશ્રણવાળો ગણાય છે, અને તેનું માનસિક બંધારણ એ તેની પ્રકૃતિના આ નિશ્ચિત ગુણોની મોટી અને આગળ પડતી ક્રિયાઓને આત્માએ આપેલ સૂક્ષ્મ રંગઢંગ જ હોય છે. સુદૃઢ શક્તિવાળા માણસોમાં આ આત્મ-શક્તિ જરા વધારે બહાર આવે છે અને તેથી તેઓ શક્તિશાળી પુરુષો કે મહાન વ્યક્તિઓ બની રહે છે; ગીતામાં જેને વિભૂતિ કહે છે તેવું કાંઈક તત્ત્વ તેઓમાં હોય છે[1]; ઘણી વાર, કોઈક દિવ્ય પ્રેરણાના સ્પર્શવાળી,– અને કોઈક વાર તો તેનાથી પૂરેપૂરી ભરાએલી,– અસ્તિત્વની એક ઊર્ધ્વ સત્તા તેઓમાં હોય છે; અથવા જે નારાયણ સર્વ કોઈમાં આવી વસેલો છે, નબળામાં નબળા અથવા પતિતમાં પતિત પ્રાણીમાં પણ જે આવી બેઠેલો છે એ જ નારાયણ તેમનામાં અ-સાધારણ રીતે આવિર્ભાવ પામેલો હોય છે, અને તેની કોઈ વિશિષ્ટ શક્તિ તેમના સામાન્ય માનવ-પડદાની પાછળથી બહાર આવવા માંડે છે; અને આવી અપવાદરૂપ વ્યક્તિઓમાં કાંઈક એવી સુંદર, આકર્ષક, અદ્‌ભુત કે સમર્થ વસ્તુ હોય છે કે જે તેમનાં વ્યક્તિત્વ, ચારિત્ર્ય, જીવન અને કર્મો દ્વારા ચારે બાજુ પ્રકાશ પાથરતી હોય છે. આવા લોકો પણ કાર્ય તો તેમની સગુણ પ્રાકૃત શક્તિના પ્રકાર અનુસાર જ કરતા હોય છે, છતાં તેમનામાં કાંઈક એવું તદ્દન સ્પષ્ટ – છતાં સહેલાઈથી છૂટું ના પાડી શકાય

१. विभूतिमत्सत्त्वम् श्रीमदूर्जितम एव वा ।

એવું — હોય છે કે જે, હકીકતમાં પ્રકૃતિના ગુણ અને પ્રવાહનો કોઈક પ્રબળ હેતુને ખાતર ઉપયોગ કરતી, આત્મ-તત્ત્વની, પરમાત્માની પ્રત્યક્ષ શક્તિ હોય છે. અને તેનાં પરિણામે પ્રકૃતિ પોતે પણ પોતાની વધારે ઊર્ધ્વ કક્ષા પ્રાપ્ત કરે છે અથવા તેના પ્રત્યે પ્રયાણ કરે છે. તેમની એ શક્તિની ક્રિયાઓમાં અહંતાભર્યું કે ખુદ વિકૃતિભર્યું પણ ઘણું બધું છે એમ લાગતું હોય તોપણ તેમને, તેમની પાછળ રહેલા નારાયણનો સ્પર્શ થએલો હોય છે; તેઓ ભલે ગમે તેવું દૈવી, આસુરી કે રાક્ષસી સ્વરૂપ ધારણ કરે તેમ છતાં તેમની પાછળનો ભગવાન જ તે પ્રકૃતિનું સંચાલન કરતો હોય છે અને પોતાના મહાન હેતુને ખાતર તેનો ઉપયોગ કરતો હોય છે. અને પુરુષની પોતાની એ શક્તિ જો હજી પણ વધારે વિકાસ પામેલી હશે તો તે આ આધ્યાત્મિક હાજરીના શુદ્ધ સ્વરૂપને બહાર આવવા દેશે; એવે વખતે તે કોઈક બિન-અંગત અને સ્વયં-ભૂ અને સ્વાયત્ત શક્તિ તરીકે, એક એવી શુદ્ધ આત્મ-શક્તિ તરીકે પ્રત્યક્ષ થાય છે કે જે નથી હોતી મનોમય શક્તિ, કે પ્રાણશક્તિ કે બુદ્ધિબળ, પણ જે એ શક્તિઓને ચલાવતી હોય છે; અને જ્યારે તે તેમની ક્રિયાઓના ઢાળાઓને, તેમના ગુણ અને પ્રકારને કેટલેક અંશે અનુસરતી હોય છે ત્યારે પણ પોતાની જ અસલ અતીતતા અને બિન-અંગતતાની, શુદ્ધ આત્માગ્નિની, એક ત્રિ-ગુણાતીતતાની મહોર મારતી હોય છે. જ્યારે આપણો અંતરાત્મા મુક્ત બને છે ત્યારે આ આત્મ-શક્તિની પાછળ રહેલો પરમાત્મા, નારાયણ, માનવની પ્રકૃતિ અને આત્માને પોતાનો પાયો બનાવનાર, તથા આ વિશ્વવ્યાપી સતતામાં મન, પ્રાણ અને કર્મોમાં તેમને પોતાના જીવંત પ્રતિનિધિ બનાવનાર, પરમાત્મા, ભગવાન, પોતાના પૂર્ણ પ્રકાશ, સૌંદર્ય અને મહત્તાને સોળે કળાએ પ્રગટ કરે છે.

નારાયણ, એટલે પ્રકૃતિમાં નરરૂપે પ્રગટ થએલો પરમાત્મા પોતે અનંત-ગુણ છે, અંત-હીન ગુણોના મહાસાગરરૂપ છે; પણ તેના કારભારી-શી યંત્રવત્ પ્રકૃતિ સત્ત્વ, રજસ્ અને તમસ્‌ના ત્રણ ગુણવાળી છે; અને અનંત ગુણોની આધ્યાત્મિક લીલાવાળો અનંત-ગુણ નારાયણ યંત્રવત્ પ્રકૃતિમાં પ્રવેશતાં આ ત્રણ પ્રકારના ગુણમાં પોતાને બંધબેસતો કરે છે. અને નરમાં આવેલી આત્મ-શક્તિમાં રહીને નારાયણ ચતુર્વ્યૂહ એટલે કે ચાર જાતની કાર્ય-સાધક શક્તિ ધારણ કરે છે : જ્ઞાન માટેની શક્તિ, સામર્થ્ય પ્રગટ કરતી શક્તિ, સહકાર અને સક્રિયતા માટેની તથા ઉપાર્જન અને પરસ્પર વ્યવહાર માટેની શક્તિ, અને કર્મો અને શ્રમ તથા સેવા માટેની શક્તિ; અને નારાયણની હાજરી સમગ્ર માનવજીવનને આ ચાર શક્તિઓનાં સંયોજનોમાં

તથા તેમનાં આંતર-બાહ્ય કાર્યોમાં, ચાર જાતનાં સ્વરૂપો આપે છે. પ્રાચીન ભારતના તત્ત્વજ્ઞાનીઓ માનવના સક્રિય વ્યક્તિત્વના અને પ્રકૃતિના આ ચાર પ્રકારને જાણતા હતા; તેથી તેમણે તેમના પાયા પર બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રના એવા ચાર વર્ણ ઊભા કર્યા કે જે દરેકને પોતપોતાનું વિશિષ્ટ આધ્યાત્મિક વલણ હતું, નૈતિક આદર્શ, અનુકૂળ ઘડતર અને નિશ્ચિત સામાજિક કાર્ય હતાં તથા ઉત્ક્રાંતિની સીડી પર પોતપોતાનાં વિશિષ્ટ સ્થાન હતાં. પ્રકૃતિનાં સૂક્ષ્મ સત્યોને વધારે પડતાં બાહ્ય અને યંત્રવત્ બનાવી દઈએ ત્યારે જે બનવાનો સંભવ છે તે જ અહીં બન્યું : આ વર્ણ-પ્રકારો એક એવી જડ અને કડક વર્ણ-વ્યવસ્થા થઈ ગયા કે જે માનવ-આત્માની સ્વતંત્રતા અને વિવિધતા અને અનેકમુખી સૂક્ષ્મ વિકાસની સાથે બંધબેસતી ના હોય. તેમ છતાં આ વ્યવસ્થાની પાછળ જે સત્ય હતું તે હજી પણ હયાત છે, અને આપણી પ્રકૃતિની શક્તિઓને પરિપૂર્ણ કરવામાં તેમની સારી એવી અગત્ય પણ છે. પણ આપણે તેમને તેમનાં આંતરિક સ્વરૂપોના આધારે સ્વીકારવાનાં છે; તે છે : એક તો વ્યક્તિત્વ, વિશિષ્ટતા, માનસિક વલણ અને આત્મ-પ્રકાર; બીજું, તેમની પાછળ રહેલી અને તેમને ધારણ કરતી આત્મ-શક્તિ; અને છેવટે, મુક્ત, આધ્યાત્મિક મહાશક્તિ કે જેમાં તેઓ સર્વે પોતાની પરાકાષ્ઠા અને ગુણાતીત એકતા પ્રાપ્ત કરે છે. કારણકે માણસ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્ર તરીકે જન્મે છે અને માત્ર તે જ વર્ણનો તે હોય છે એવા બાહ્ય અને કઢંગા ખ્યાલમાં આપણી સત્તાનું સાચું ચૈત્ય-સિક સત્ય સમાએલું નથી. ચૈત્યસિક દૃષ્ટિથી જોતાં હકીકત એ છે કે આપણામાં આત્મા તથા તેની વહીવટદાર મહાશક્તિનાં આ ચાર સક્રિય સ્વરૂપો અને વલણો રહેલાં હોય છે અને આપણા વ્યક્તિત્વના વધારે ઘડા-એલા ભાગમાં તેમાંનું આ કે તે સ્વરૂપ વધારે આગળ પડતું હોવાથી આપણામાં કોઈક મુખ્ય વલણો, જોરદાર ગુણો કે સામર્થ્યો ઊભાં થાય છે અને આપણાં કર્મો અને જીવનને ચોક્કસ માર્ગે વાળે છે. પણ એ બધાં જ વલણો બધા જ માણસોમાં મોજૂદ હોય છે, કોઈકમાં પ્રગટ તો કોઈકમાં અપ્રગટ, કોઈકમાં વિકસિત તો કોઈકમાં આછાં અને દબાએલાં કે ગૌણ હોય છે; તથા પૂર્ણ માનવમાં એ બધાં એવી સભરતા અને સંવાદ પ્રાપ્ત કરશે કે જે, આધ્યાત્મિક મુક્તિ મળતાં, આપણા આંતર અને બાહ્ય જીવનમાં આત્માના અનંત ગુણોની લીલા તરીકે તથા પોતાની પ્રકૃતિની તેમ જ વિશ્વ-વ્યાપી પ્રકૃતિની સાથેની, પુરુષની આત્મ-ઉપભોગ કરતી લીલા તરીકે બહાર ઊભરાઈ આવશે.

આ બધાં વલણો માનવની ચેતનામાં જે તદ્દન બાહ્ય સ્વરૂપ ધારણ કરે છે તે પ્રકૃતિનો એક એક વિશિષ્ટ ઘાટ હોય છે. અમુક આગળ પડતી વૃત્તિઓ માટેનું, આવડતો અને ખાસયતો માટેનું વલણ હોય છે, મન અને આંતરિક જીવનની સક્રિયતાનો, વિશિષ્ટતાનો કોઈ એક ઢાળો હોય છે, કોઈ એક જાતની સંસ્કારિતાવાળું વ્યક્તિત્વ કે ભાત હોય છે. કેટલીક વાર આ વલણમાં એવું બૌદ્ધિક તત્ત્વ અને બૌદ્ધિક શક્તિ આગળ પડતાં હોય છે કે જે જ્ઞાન માટેની ઝંખના અને શોધ તથા બૌદ્ધિક સર્જનતા અને ઘડતર-શીલતા ઊભાં કરે છે અને જે વિચારો માટેની, અને વિચારોના કે જીવનના અભ્યાસ માટેની, અને ચિંતન-શીલ બુદ્ધિ અંગેની માહિતી અને તેના વિકાસ માટેની, લગની લગાડે છે. આ જાતના વલણના વિકાસને ધ્યાનમાં રાખતાં ત્રણ કક્ષાઓ ઊભી થાય છે: સૌથી પહેલાં તો એવાં ઘડતર અને વિશિષ્ટ-તાવાળા માણસો કે જેમની બુદ્ધિ સતેજ, નિખાલસ અને જ્ઞાનભૂખી હોય; તે પછી, બુદ્ધિને જ માપ-પટ્ટી તરીકે સ્વીકારનારા માણસો; અને છેવટે તત્ત્વ-ચિંતકો, તત્ત્વ-દર્શીઓ અને પ્રખર જ્ઞાનીઓ. આ જાતનાં માનસિક બંધારણ, વ્યક્તિત્વ કે આત્મ-પ્રકારની દ્વારા વ્યક્ત થતી આત્મ-શક્તિઓ નીચે પ્રમાણે છે: ૧. એવું પ્રકાશમય મન કે જે પરમ સત્યના ખ્યાલ, જ્ઞાન અને પ્રવાહો પ્રત્યે વધારે ને વધારે ખુલતું હોય છે; ૨. જ્ઞાન માટેની, આપણામાં તેના વિકાસની, બીજાઓમાં તેના પ્રચારની, દુનિયા પર તેનાં અને બુદ્ધિનાં અને સત્યનાં અને ન્યાયના સામ્રાજ્યને સ્થાપવાની તથા, આપણી જાતમાં વધારે સંવાદ સ્થપાતાં, આત્માના અને તેની વિશ્વવ્યાપી એકતાના અને પ્રકાશના અને પ્રેમના સામ્રાજ્યને સ્થાપવાની ઝંખના અને તીવ્ર આવેગ; ૩. મન અને સંકલ્પમાં વ્યાપેલા આ પ્રકાશની એક એવી શક્તિ કે જે સમગ્ર જીવનનો હવાલો બુદ્ધિને અને બુદ્ધિના ધર્મ અને સત્યને અથવા આત્માને અને આત્મા-ના ધર્મ અને સત્યને આપે છે, તથા નિમ્ન અંગોને ઊર્ધ્વ ધર્મને આધીન કરે છે; અને ૪. પહેલેથી જ ધીરજ, સ્વસ્થ વિચારણા તથા શાંતિ પ્રત્યે વળેલી, ચિંતન અને ધ્યાન પ્રત્યે વળેલી મનોવૃત્તિની એક એવી અવસ્થા કે જે સંકલ્પો અને આવેગોના ધમપછાડાને માત કરે છે અને ઉચ્ચ ચિંતન તથા શુદ્ધ જીવનને મોકળો માર્ગ આપે છે, આત્મ-નિયંત્રિત સાત્ત્વિક મનનો પાયો રચી આપે છે, તથા, નમ્ર અને ઉદ્દાત તેમ જ બિન-અંગત બનેલાં અને વિશ્વવ્યાપી વિસ્તાર પામેલા વ્યક્તિત્વનો અહર્નિશ વિકાસ સાધ્યા કરે છે. આ જ છે બ્રાહ્મણનું, જ્ઞાનના પૂજારીનું આદર્શ સ્વરૂપ અને તેની ઉત્તમોત્તમ આત્મ-શક્તિ. જો આ વિશિષ્ટ સ્વરૂપ અને શક્તિનો સર્વાંગી વિકાસ ના

થયો હોય તો અપૂર્ણતાઓ અને વિકૃતિઓ રહી જાય છે,— જેવી કે: નૈતિક અને અન્ય ઊર્ધ્વતા વિનાની નરી બુદ્ધિમત્તા અથવા ખ્યાલો મેળવવા મથતી માત્ર કુતૂહલ-વૃત્તિ; અથવા મનની અને આત્માની અતિ જરૂરી નિખાલસતા વિનાની, કોઈક બૌદ્ધિક પ્રવૃત્તિ પરની એકાંગી એકાગ્રતા; અથવા, બુદ્ધિ-મત્તામાં જ બંધાઈ પડેલા બુદ્ધિશાળીની ઉદ્ધતાઈ અને અલગ-પ્રિયતા; અથવા જીવન પર જરા પણ કાબૂ ના રાખી શકતો નિરર્થક આદર્શવાદ, અથવા બૌદ્ધિક, ધાર્મિક, શાસ્ત્ર પ્રિય કે ચિંતન-પ્રધાન મનની અન્ય કોઈ પણ અપૂર્ણતા અને મર્યાદા. આ બધાં છે અડધે રસ્તે અટકી પડતાં આરામ-સ્થાનો કે કામચલાઉ એકાંગી એકાગ્રતાઓ. પણ માનવમાં આત્માની દિવ્ય સંપૂર્ણતા તથા સત્ય અને જ્ઞાનની શક્તિની પૂર્ણતા એ જ છે પૂર્ણ બ્રાહ્મણનું સંપૂર્ણ બ્રાહ્મણત્વ, તેના સ્વ-ધર્મની અને સ્વ-ભાવની પરિપૂર્ણતા.

તો વળી એમ પણ બને કે પ્રકૃતિ સંકલ્પ-શક્તિના અને કાર્ય-શક્તિના એક એવા ઝોક તરફ વળેલી હોય કે જ્યાં હોય : તાકાત, સામર્થ્ય, શૌર્ય, શાસન, સંરક્ષણ, નેતાગીરી, સંગ્રામ અને વિજય, સર્જન-શીલ અને ઘડતર-શીલ સક્રિયતા, એવી સંકલ્પ-શક્તિ કે જે જીવનના કાર્ય-ક્ષેત્રને તેમ જ અન્ય લોકોના સંકલ્પને પકડમાં લે અને સંયોગોને બળજબરીથી પણ એવા આકાર ધારણ કરાવે કે જેનો, આપણામાં રહેલી પરમ-શક્તિ, જીવન પાસે સ્વીકાર કરાવવા માગતી હોય અથવા, જે હયાત વસ્તુઓની સાચવણી માટેની જરૂરિયાતો અનુસાર કાર્ય કરતી હોય, અથવા તેમનો નાશ કરી નૂતન જગત માટેનો માર્ગ સાફ કરી આપતી હોય, અથવા ભાવિ-નિર્માણને સ્પષ્ટ આકાર આપી રહી હોય. એમ પણ બને કે આવી શક્તિ કે તેના પ્રકારનું પ્રમાણ વધારે-ઓછું હોય. અને તેથી એ શક્તિનાં પ્રમાણ અનુસાર અહીં પણ, ત્રણ કક્ષાઓ ઊભી થાય છે : સૌથી પહેલાં, માત્ર સૈનિક કે કાર્યકર્તા; તે પછી પોતાના સક્રિય સંકલ્પ અને વ્યક્તિત્વનો બીજા-ઓ પાસે પરાણે સ્વીકાર કરાવનારાઓ; અને છેવટે, શાસકો, સમ્રાટો, વિજેતાઓ, કોઈક પ્રવૃત્તિના ઝુંબેશ-ધારીઓ, સર્જકો, જીવનનું નવસર્જન કરતા કોઈ પણ ક્ષેત્રના સંસ્થાપકો. મન અને આત્મામાં રહેલી વિવિધ અપૂર્ણતાઓને લીધે, અહીં પણ, ખામીઓ અને વિકૃતિઓવાળી વ્યક્તિઓ ઊભી થાય છે, જેવી કે: નરી પાશવી સંકલ્પ-શક્તિવાળા મનુષ્યો; કોઈ પણ ઉચ્ચ ધ્યેય કે અન્ય આદર્શ રાખ્યા વિના માત્ર શક્તિને ખાતર જ શક્તિના બનેલા ઉપાસકો; જોહુકમી કરનારી સ્વાર્થી વ્યક્તિઓ, ઉગ્ર અને આક્રમક રાજસિક મનુષ્યો; અમર્યાદ અહંકારીઓ, અસુરો, દૈત્યો, રાક્ષસો.

પણ આ જાતની પ્રકૃતિ પણ ઊર્ધ્વ કક્ષાએ પહોંચતાં જે આત્મ-શક્તિઓ-માં પહોંચી જાય છે તે શક્તિઓ પણ આપણી માનવ-પ્રકૃતિની પરિપૂર્ણતા માટે, બ્રાહ્મણત્વના જેટલી જ અનિવાર્ય છે. ક્ષત્રિયને ઘડનારાં તત્ત્વો એટલે: એક એવી પ્રચણ્ડ નીડરતા કે જેને ના કોઈ જોખમ કે ના કોઈ મુશ્કેલી ડગાવી શકે જેને એવી આત્મ-શ્રદ્ધા હોય કે તે માનવના કે પ્રારબ્ધના કે ખુદ વિરોધ કરનારા દેવોના, ગમે તેવા આક્રમણને પણ પડકારવા, તેનો સ્વીકાર અને સામનો કરવા સમર્થ છે; એવી શક્તિપૂર્ણ શૂરવીરતા અને સાહસિકતા કે જે, ભય અને ભીરુતામાંથી મુક્ત બનેલા માનવ-આત્મા માટે કોઈ પણ સાહસ કે પરાક્રમને હલકું ગણી આવકારે છે; યશ માટેની એવી એષણા કે જે માનવના ઉચ્ચતમ ઉમરાવપણાનાં શિખરોને પણ સર કરી નાખે અને કોઈ પણ સાંકડી, ક્ષુલ્લક, હલકટ કે નિર્બળ બાબતને નમતું ના આપે, પણ હિંમતના, ઉદારતાના, સત્યપ્રિયતાના, નિખાલસતાના, ઉચ્ચને ખાતર નિમ્ન જાતનું બલિદાન દેવાના, માનવ માત્રને મદદ કરવાના, અ-ન્યાય અને વિરોધોનો અડગ સામનો કરવાના, આત્મ-સંયમ અને પ્રભુત્વના, ઉમદા નેતાગીરીના, યાત્રામાં નાયક અને યુદ્ધમાં યોદ્ધાના, અને કર્મવીરને માટે અનિવાર્ય એવી સામર્થ્ય, શક્તિ, ચારિત્ર્ય અને હિંમતભરી આત્મ-શ્રદ્ધાના નિષ્કલંક આદર્શને સદાય વળગી રહે. આ છે ક્ષત્રિયના ક્ષત્રિયત્વને ઘડનારાં તત્ત્વો; અને તેમને તેમની સર્વોચ્ચ કક્ષાએ પહોંચાડવાં તથા તેમને અમુક હદે દિવ્ય પૂર્ણતા, પવિત્રતા અને ભવ્યતાથી ભરી દેવાં એ છે: જેમનો સ્વ-ભાવ ક્ષત્રિયનો હોય અને એ જ સ્વ-ધર્મનું જેઓ અનુસરણ કરતા હોય તેમને માટેની પરિપૂર્ણતા.

પ્રકૃતિનું એક ત્રીજું વલણ પણ છે; વ્યવહારુ અને આયોજનશીલ બુદ્ધિ તથા ઉત્પાદન અને આપ-લે માટેની, સંગ્રહ અને ઉપભોગ માટેની, યુક્તિ, વ્યવસ્થા અને સમતુલા માટેની, વ્યય અને પ્રાપ્તિ માટેની, આદાન અને પ્રદાન માટેની તથા જીવનના વ્યવહારુ સંબંધોને વધુમાં વધુ લાભદાયી રીતે આગળ વધારવાની જીવન-પ્રેરણા, એ બધાંને બહાર લાવવાં એ આ ત્રીજું વલણ છે. આ જ શક્તિ જ્યારે કર્મો દ્વારા બહાર આવે છે ત્યારે તે તે ચતુરાઈ-ભરી આયોજક બુદ્ધિ તરીકે અને એક એવા મન તરીકે દેખા દે છે કે જેને કાયદામાં અને વ્યવસાયમાં, વેપાર અને ઉદ્યોગમાં, અર્થકારણ અને વ્યવહારમાં, ભૌતિકશાસ્ત્રો, યંત્રો અને હુન્નરોમાં તથા ફળદાયક આર્થિક ઉપાર્જનમાં રસ હોય છે. આવી પ્રકૃતિ જ્યારે પોતાની સામાન્ય કક્ષાએ પૂરેપૂરી ખીલે છે ત્યારે તેની સાથે સાથે એક એવી સામાન્ય મનોવૃત્તિ હોય

છે કે જે સમજુ અને ઉદાર હોવા છતાં એકઠું કરી સંઘરવામાં તથા ઉપભોગ, ઉપયોગ અને પ્રદર્શન કરવામાં માનતી હોય છે અને દુનિયાનો અને સંયોગોનો દક્ષતાપૂર્વક લાભ લેવા માગતી હોય છે; તેમ છતાં તે વ્યવહારુ રીતે પરોપકાર, માનવ-સેવા, વ્યવસ્થિત દયા-દાન, અને રીતસરનું નૈતિક નિયમન પણ કરી શકે તેમ હોય છે; પણ તેને સૂક્ષ્મ નૈતિક ભાવનાનું કોઈ ઊંચી જાતનું ભાન નહિ હોવાથી તે મધ્યમ કક્ષાનું જ મન રહે છે અને ન તો ઊંચી કક્ષાએ પહોંચવાની જહેમત ઉઠાવે છે કે ન તો જિંદગીના જૂના ઢાળાઓને તોડી નવા ઢાળાઓ સર્જાવવા જેટલું મહાન બની શકે છે; તેની વિશિષ્ટતા હોય છે : કાબેલ રહેવું, અનુકૂળ થઈ જવું અને માપમાં રહેવુ. આ પ્રકારની પ્રકૃતિની શક્તિઓ, મર્યાદાઓ તેમ જ વિકૃતિઓ આપણને ખૂબ ખૂબ પરિચિત છે કારણકે આપણી આજકાલની વેપાર-ઉદ્યોગ-પ્રધાન સંસ્કૃતિ આ જ ભાવનામાંથી ઊભી થએલી છે. પણ જો આપણે આંતરિક મહાન શક્તિઓ અને આત્માનાં મૂલ્યોને ધ્યાનમાં લઈશું તો જણાશે કે અહીંયાં પણ એવી બાબતો છે કે જે માનવ-પરિપૂર્ણતાને સંપૂર્ણ બનાવવા માટે કામ લાગે તેવી છે. આપણી હાલની નીચલી કક્ષામાં જે શક્તિ આ પ્રમાણે બાહ્ય રીતે વ્યક્ત થાય છે તે એક એવી પરમ શક્તિ છે કે જે જીવનની મહાન જરૂરિયાતો તરીકે બહાર આવી શકે છે; અને જ્યારે તે સંપૂર્ણપણે વિશાળ અને મુક્ત બને ત્યારે, ભલે તે જ્ઞાનની પરમ અવસ્થારૂપ એકતા અને અદ્વૈતના સાથી આપે કે સામર્થ્યની પરમ અવસ્થારૂપ પ્રભુત્વ અને આધ્યાત્મિક રાજ્યપદ ના અપાવે, તોપણ જીવનની સમગ્રતામાં અનિવાર્ય એવું કંઈક તો જરૂર ઉમેરે જ છે; અને એ છે : સમતા-ભર્યો પરસ્પર સંબંધ અને આત્માનો આત્મા સાથે અને પ્રાણનો પ્રાણ સાથે વિનિમય. એની શક્તિઓ એટલે : પ્રથમ તો કૌશલ, ચતુરાઈ કે જે નિયમો ઘડે છે અને પાળે છે, જે સંબંધોની ઉપયોગીતાઓ અને મર્યાદાઓ જાણે છે, જે સ્થાપિત તેમ જ નવીન પ્રવૃત્તિઓને અનુકૂળ બને છે, જે નવીન રચનાઓ અને કાર્યો અને જીવન-પ્રણાલીઓ ઊભી કરે છે અને તેમને સંપૂર્ણ બનાવે છે, જે મળેલી સંપત્તિને સલામત કરે છે અને મળેલીમાં ઉમેરો કરે છે, જે વ્યવસ્થાનું ધ્યાન રાખે છે અને પ્રગતિ પ્રત્યે સાવધાન રહે છે, તથા જે જીવનનાં હયાત દ્રવ્યોનો અને તેનાં સાધનો અને સાધ્યોનો વધારેમાં વધારે લાભ ઉઠાવે છે. એની બીજી શક્તિ તે હોશિયારીથી ઉદાર થઈ શકનારી તેમ જ હોશિયારીથી કરકસર પણ કરી શકનારી એવી વ્યય-શક્તિ કે જે વિનિમયના કિંમતી નિયમને સ્વીકારે છે અને વધારો કરીને વહેંચી શકાય એટલા માટે

સંઘરો કરે છે, અને તેમ કરીને આપ-લેના પ્રવાહને અને જીવન માટે જરૂરી સમૃદ્ધિને વધારી આપે છે. ત્રીજી શક્તિ તે એક એવી પ્ર-દાન શક્તિ, નવરચનાઓ માટે ઉદાર દાનવૃત્તિ, પરસ્પર સહાય કરવાની અને બીજાઓને ઉપયોગી થવાની વૃત્તિ કે જે, નિખાલસ આત્મામાં યોગ્ય અને વ્યવહારુ જાતનાં દાન, પરોપકાર અને માનવ-સેવા માટેનું મૂળ બની રહે છે. અને છેલ્લે આવે છે ઉપ-ભોગશક્તિ તથા અસ્તિત્વના સર્જન-શીલ આનંદની સમૃદ્ધિથી ભરેલો ઉત્પાદક, સંગ્રાહક અને સક્રિય વૈભવ. જેમનો સ્વભાવ આ પ્રકારનો હોય અને જેઓ આવા સ્વ-ધર્મનું અનુસરણ કરતા હોય તેમની પરિપૂર્ણતા એટલે : વિશાળ વિનિમય-વૃત્તિ, સંબંધો સાચવતી સમૃદ્ધિ ઉદાર વૃત્તિ, વિપુલ વ્યય-વૃત્તિ અને માનવ માનવ વચ્ચે પ્રચુર આપલે-વૃત્તિ તથા ઉપયોગી અને ઉત્પાદક જીવનમાં રહેલ સંવાદ અને સમતુલાનો સંપૂર્ણ ઉપયોગ અને ઉપભોગ.

શ્રમ અને સેવા એ છે છેવટનું વલણ. પ્રાચીન વર્ણવ્યવસ્થામાં આને જ શૂદ્રનો ધર્મ કહ્યો હતો અને આ પ્રકારના આત્માનો એટલે કે શૂદ્રને બે વાર જન્મ પામતો દ્વિજ નહિ પણ હલકો વર્ણ ગણ્યો હતો. જીવનનાં નવાં મૂલ્યો શ્રમના મહિમા પર ભાર મૂકે છે અને માનવ માનવ વચ્ચેના સંબંધનો પાયો એ શ્રમના જ અડગ ખડક પર ચણે છે. આ પ્રાચીન અને અર્વાચીન બંને દૃષ્ટિબિંદુઓમાં સત્ય રહેલું છે. કારણકે, ભૌતિક જગતમાંની આ શક્તિ જો ભૌતિક અસ્તિત્વના પાયા તરીકેની (અથવા તો, પ્રાચીન લોકોની રીતે કહેતાં, એ અસ્તિત્વ જેના વડે ચાલે છે તે, સર્જક-પિતા બ્રહ્મા-નાં ચરણ તરીકેની) જરૂરિયાત પૂરી પાડે છે, તો સાથે સાથે એની અસલ અવસ્થામાં તે, જ્ઞાન, સામર્થ્ય, કે વ્યવહારુ શક્તિ વડે ઉચ્ચ કક્ષાએ પહોંચેલ નહિ હોવાથી અંધ પ્રેરણાઓ, કામનાઓ અને તમસ્ ઉપર જ આધારિત છે. શૂદ્ર તરીકેનો વિકાસ સાધેલા આત્મ-પ્રકારમાં આંધળી પ્રેરણા હોય છે શ્રમ કરવાની, અને તેની શક્તિ હોય છે મજૂરી અને સેવા કરવાની; પણ શ્રમ એટલે જ સરળ અને સહજ કર્મોથી ઊલટી વસ્તુ, અને પ્રાકૃત માનવ ઉપર એ ઠોકી બેસાડવામાં આવેલી હોવાથી એ એને ભોગવ્યા કરવી પડે છે, કારણકે તેના વિના તે પોતાનો નિર્વાહ કરી શકતો નથી કે પોતાની કામનાઓ પાર પાડી શકતો નથી, અને પોતાની અનીચ્છાએ, અથવા અન્ય લોકોનાં કે સંજોગોનાં દબાણને લીધે, તેણે મજૂરીનો ઢસરડો કરવો પડે છે. શૂદ્ર પ્રકૃતિના લોકો કર્મો કરે છે તે શ્રમનો મહિમા સમજીને કે સેવાની ધગશથી નહિ (જોકે પોતાના સ્વ-ધર્મને સમજતાં આમ બને પણ ખરું), કે જ્ઞાની

પુરુષની માફક જ્ઞાનના આનંદ કે વિકાસને ખાતર કે સ્વમાનથી પ્રેરાઈ ને નહિ, કે કોઈ આજન્મ કલાકાર કે કારીગરની માફક સર્જન પ્રત્યેના પ્રેમથી કે સુંદર કારીગીરીથી આકર્ષાઈને નહિ, કે વ્યવહારની કે વ્યાપક ઉપયોગીતાની રીતસરની સમજથી નહિ પણ પોતાના નિર્વાહને ખાતર, અને પ્રાથમિક જરૂરિયાતોને સંતોષવાને ખાતર; અને જો એને છૂટો મૂકવામાં આવે તો, એ જરૂરિયાતો સંતોષાઈ જતાં એ પોતાના પ્રાકૃત પ્રમાદમાં સરી પડવાનો. આપણા બધામાં રહેલા તામસિક ગુણમાં આ પ્રમાદ એ એક સ્વાભાવિક વસ્તુ છે પણ શૂદ્રમાં, નિર્બંધ પ્રાકૃત કે જંગલી માનવમાં તે તદ્દન સ્પષ્ટ રીતે વર્તાઈ આવે છે. એટલે અ-સંસ્કારી શૂદ્ર સ્વેચ્છાથી સેવા કરવાના કરતાં વધારે તો ફરજિયાત મજૂરી કરવા સરજાએલો હોય છે, અને તેની સહજ મનોવૃત્તિ હોય છે જડતાભર્યા અજ્ઞાનની, સહજ વાસનાઓને વગર વિચાર્યે, સ્થૂળ રીતે સંતોષવાની, દાસત્વની, આંધળી આજ્ઞાંકિતતાની, અને સોંપાએલા કામને યંત્રવત્ કર્યે જવાની; આમાં આળસ, કામચોરી, ઓચિંતા વિરોધ, તથા અંધ-વૃત્તિઓથી અને અજ્ઞાનથી ભરેલા જીવનના પરિણામે, જરા વિવિધતા આવી જાય છે ખરી. પ્રાચીન જ્ઞાનીઓના મત પ્રમાણે પ્રત્યેક માનવની નિમ્ન પ્રકૃતિ શૂદ્ર જ હોય છે. અને માત્ર નૈતિક તથા આધ્યાત્મિક કેળવણીથી જ તેને સંસ્કારી શકાય છે; વળી તેમની આંતરિક અને ઉચ્ચતમ જાત હમેશાં બ્રાહ્મણની જ હોય છે અને તે સંપૂર્ણપણે આધ્યાત્મિક અને દેવરૂપ બની શકે તેમ હોય છે. આપણી પ્રકૃતિને મનો-વૈજ્ઞાનિક દૃષ્ટિથી જોતાં આ સિદ્ધાંત સત્યથી ખાસ દૂર હોય તેમ લાગતું નથી.

અને છતાં જ્યારે આત્મા વિકાસ પામે છે ત્યારે શ્રમ અને સેવાના આ જ સ્વ-ભાવ અને સ્વ-ધર્મમાંથી આપણી પરિપૂર્ણતા માટેનાં કેટલાંક ખૂબ જ જરૂરી અને એટલાં જ સુંદર તત્ત્વો મળી રહે છે અને ઊંચામાં ઊંચા આધ્યાત્મિક વિકાસનાં ઘણાં રહસ્યોની ચાવી પણ હાથ લાગે છે. કારણકે આ શક્તિના સંપૂર્ણ વિકાસમાં જે આત્મ-શક્તિ રહેલી છે તેની અગત્ય સહુથી વધારે છે. એ શક્તિ તે : બીજાઓની સેવા કરવાની શક્તિ; પ્રભુને માટે અને માનવને માટે આપણા જીવનને ઉપયોગી અને લાભદાયી બનાવવાનો, તથા જે કાંઈ પ્રબળ પ્રભાવ આવી ચડે તેને અને જે કાંઈ શિસ્તની જરૂર ઊભી થાય તેને તાબે થવાનો અને અનુસરવાનો અને સ્વીકારવાનો સંકલ્પ; સેવા પાથરતો પ્રેમ, બદલો નહિ માગતો પ્રેમ, પ્રેમ-પાત્રના સુખને માટે ન્યોછાવર થતો પ્રેમ; આવા પ્રેમ અને સેવાને ભૌતિકતામાં ઉતારી લાવતું સામર્થ્ય અને આપણા દેહ અને જીવનની તેમ જ આપણા

આત્મા અને મન અને સંકલ્પોની પ્રભુને અને માનવને ભેટ ધરવાની આકાંક્ષા; અને, તેનાં પરિણામે, એવું સંપૂર્ણ આત્મ-સમર્પણ કરવાની શક્તિ કે જે આધ્યાત્મિક જીવનનું અંગ બનતાં મુક્તિ અને સિદ્ધિ માટેની એક ખૂબ ખૂબ મહાન અને સત્ય-દર્શક ચાવી બની રહે છે. આમાં જ રહેલી છે આ સ્વ-ધર્મની પરિપૂર્ણતા અને આ સ્વભાવની અમીરતા. જેને દિવ્યતાના પ્રદેશમાં પહોંચાડવાનું છે એવું આ પ્રાકૃત-તત્ત્વ જો માનવામાં ના આવી રહ્યું હોત તો તે સંપૂર્ણ કે પરિપૂર્ણ ના બની શકત.

આ ચાર જાતના વ્યક્તિત્વમાં એક પણ એવું નથી કે જે બીજાં-ઓના ગુણધર્મમાંથી કાંઈક પણ સ્વીકાર્યા વિના ખુદ પોતાના પ્રદેશમાં પણ પરિપૂર્ણ બની શકે. જ્ઞાનીમાં જો બૌદ્ધિક કે નૈતિક નીડરતા ના હોય, નવા પ્રદેશો શોધવાનો અને જીવવાનો સંકલ્પ, સાહસ અને સામર્થ્ય ના હોય તો તે સત્યને છૂટથી અને સંપૂર્ણપણે સેવી નહિ શકે; તેમના વિના તે નાની-શી બુદ્ધિનો ગુલામ બની રહેશે, અથવા કોઈક સુસ્થાપિત જ્ઞાનનો જ સેવક કે બહુ બહુ તો કર્મકાંડી પૂજારી બની રહેશે[1]; જો સત્યોને જીવનમાં આચરવા માટેનો માર્ગ રચવાની કુશળતા તેનામાં પૂરતી નહિ હોય તો તે જ્ઞાન-નો વધારેમાં વધારે લાભ ઉઠાવી નહિ શકે, પણ માત્ર વિચારોની દુનિયામાં જ વિચર્યા કરશે; અને જો તેનામાં માનવજાતની અને માનવમાં રહેલ પ્રભુની અને પોતાનામાં છુપાએલા પોતાના સ્વામીની સેવા કરવાની ભાવના નહિ હોય તો તે પોતાના જ્ઞાનનું સંપૂર્ણ સમર્પણ પણ નહિ કરી શકે. તો વળી સામર્થ્યના પૂજકોએ પોતાની શક્તિ અને સામર્થ્યને જ્ઞાન વડે, બૌદ્ધિક, ધાર્મિક કે આધ્યાત્મિક પ્રકાશ વડે અજવાળવાં, ઉઠાવવાં, અને દોરવાં પડશે, નહિ તો એ માત્ર એક સમર્થ અસુર બની જશે; તેણે એવી કુશળતા પ્રાપ્ત કરવી પડશે કે જેથી તેનાં સામર્થ્યનો ઉપયોગ અને વહીવટ અને નિયંત્રણ કરવામાં અને તેને સર્જનશીલ અને ફળ-દાયક બના-વવામાં તથા બીજાઓ સાથેના સંબંધમાં તેને અનુકૂળ કરવામાં તેને વધારે-માં વધારે સહાય થાય. નહિ તો જીવનક્ષેત્રમાં અફળાતો એ માત્ર એક શક્તિ-પ્રવાહ બની જશે, નવરચના નહિ પણ તોડ-ફોડ કરતી આંધી બની જશે; અને તેણે આજ્ઞાધારક બનતાં અને પોતાની શક્તિનો ભગવાન અને દુનિયાની સેવામાં ઉપયોગ કરતાં પણ શીખવું પડશે, નહિ તો એ એક

---

૧. કદાચ આથી જ વેદાન્તનાં મહાન સત્યોને સહુથી પહેલાં શોધી કાઢનાર ક્ષત્રિય હતા, કે જે નીડરતા, શૌર્ય અને વિજયના જુસ્સાથી સ્ફુરણાત્મક જ્ઞાન અને આધ્યાત્મિક અનુભૂતિઓના પ્રદેશમાં ઘૂમી વળ્યા હતા.

સ્વાર્થી નેતા, જુલ્મગાર અને મનુષ્યોના આત્મા અને દેહ પર પાશવી અત્યાચાર આચરનાર બની જશે. ઉત્પાદક બુદ્ધિ અને કાર્યશક્તિ ધરાવનાર માણસે જિજ્ઞાસુ મન અને ખુલ્લા વિચારો અને જ્ઞાન-વૃત્તિ રાખવાં પડશે, નહિ તો વ્યાપક વિકાસ સાધવાને બદલે તે તેનાં કામકાજની ઘરેડમાં ફર્યા કરશે; તેનામાં હિંમત અને સાહસવૃત્તિ હોવાં જોઈએ, તેણે સંગ્રહવૃત્તિ અને ઉત્પાદન-શક્તિની સાથે સાથે સેવાવૃત્તિ પણ રાખવી પડશે કે જેથી કરીને તે સંપત્તિ માત્ર મેળવે જ નહિ પણ આપી પણ શકે, પોતાને ખાતર જ સંગ્રહ અને અંગત ઉપભોગ જ કરે નહિ પણ પોતે જેમનો લાભ ઉઠાવે છે તેમના જીવનને સમૃદ્ધ અને સફળ કરવામાં સહાય પણ કરી શકે. જો શ્રમ-જીવી અને સેવક પોતાના કાર્યમાં જ્ઞાન અને સ્વમાન અને અભીપ્સા અને કુશળતા ના સીંચી શકે, તો તે સમાજમાં એક વેઠિયો અને ગુલામ બની રહેશે કારણકે તેમના સિંચનથી તે પોતાની બુદ્ધિને અને સંકલ્પ-શક્તિને અને સમજ-ભરી ઉપયોગીતાને મુક્ત કરીને તે ઊર્ધ્વ ધર્મોમાં આરોહણ કરી શકશે. પણ માનવ વધારે મહાન પરિપૂર્ણતા તો માત્ર ત્યારે જ પ્રાપ્ત કરી શકે છે કે જ્યારે તે પોતાની જાતને એવી વિશાળ કરે કે જેથી, ગમે તે એક જાતની શક્તિ આગળ પડતી હોય તોપણ, આ ચારે ય શક્તિઓને પોતાનામાં સમાવી શકે અને પોતાની પ્રકૃતિને ચતુર્વિધ આત્માની સર્વાંગી સંપૂર્ણતા અને વિશ્વવ્યાપી અવકાશમાં ખોલી નાખી શકે. માણુસને આ ચારમાંથી ગમે તે એક જ ધર્મમાં અલગ કાપી મૂકેલો નથી, પણ આ ચારે ય શક્તિઓ તેનામાં સક્રિય હોય છે; શરૂઆતમાં તે કઢંગા ગોટાળામાં કાર્ય કરતી હોય છે; પણ જન્મે જન્મે માનવ આમાંની એક યા બીજી શક્તિને ઘડતો જાય છે; અને એક જ જન્મમાં એક પછી બીજી શક્તિને હાથ ધરતો જાય છે તથા પોતાના આંતર-અસ્તિત્વના સર્વાંગી વિકાસ પ્રત્યે આગળ વધતો જાય છે. આપણું જીવન એ પણ, એકસાથે, સત્ય અને જ્ઞાનની શોધ છે, આપણી સંકલ્પ-શક્તિએ આપણી જ જાત સાથે અને આપણને ઘેરી વળેલી શક્તિઓ સાથે ખેડેલો જંગ અને સંગ્રામ છે, આપણા કૌશલ્યે આદરેલું જીવનના તાણાવાણાનું સતત ઉત્પાદન, મેળ અને વ્યવહાર છે, અને સેવા અને શ્રમનો યજ્ઞ છે.

આ બધી બાબતો એ, આપણો આત્મા જ્યારે પોતાની શક્તિને પ્રકૃતિમાં વિકસાવી રહ્યો હોય ત્યારનાં તેનાં સામાન્ય સ્વરૂપો છે; પણ જ્યારે આપણે આપણી આંતરિક સત્તાઓની વધારે નજદીક જઈ પહોંચીએ છીએ ત્યારે આપણે કોઈ એક એવી વસ્તુની ઝાંખી અને અનુભૂતિ પામીએ છીએ

કે જે પેલાં સ્વરૂપોમાં ભળી ગએલી હતી તો તેમાંથી જે અલગ પણ થઈ જઈ શકે છે અને તેમની પાછળ ઊભી રહીને તેમને ચલાવી પણ શકે છે,— કેમ જાણે કે કોઈ એક વ્યાપક સંનિધિ કે શક્તિ આ જીવંત અને વિચાર-વંત યંત્રના કોઈ ખાસ કાર્યને પાર પાડવા બહાર આવતી ના હોય! આ જ છે, પોતાની પ્રકૃતિની શક્તિઓ પર પ્રભુત્વ ભોગવતી અને તેમને સભર ભરી દેતી આત્માની પોતાની નિજી શક્તિ. આ બે જાતની શક્તિઓમાં ફેર એટલો કે પહેલી જાતની શક્તિ અંગતતાની મહોર મારે છે, મર્યાદિત રહે છે તથા તેનાં કર્મો અને સ્વરૂપો પરવશ હોય છે, કરણોને આધીન હોય છે; જ્યારે આ બીજી જાતની શક્તિનું સ્વરૂપ વ્યક્તિગત હોવા છતાં તેમાં કાંઈક બિન-અંગતતા, વ્યક્તિત્વહીનતા બહાર આવતી હોય છે, તે સ્વતંત્ર હોય છે, તથા કરણોનો ઉપયોગ કરે ત્યારે પણ સ્વયં-પર્યાપ્ત હોય છે, પોતાને તથા બીજાંઓને નિયંત્રિત કરે તે છતા પોતે સર્વે નિયંત્રણથી પર હોય છે, તે જગત ઉપર ખૂબ સમર્થ રીતે કાર્ય કરતી વસ્તુ હોય છે અને તે, કોઈ પણ વિશિષ્ટ શક્તિનો ઉપયોગ, માનવ અને તેના સંયોગો સાથે વ્યવહાર કરવાના અને પ્રભાવ પાડવાના માત્ર એક સાધન તરીકે કરે છે. આત્મ-પરિપૂર્ણતાનો યોગ આ આત્મ-શક્તિને બહાર આણે છે તથા તેને વિશાળમાં વિશાળ અવકાશ આપે છે, પેલી સર્વે ચતુર્વિધ શક્તિઓને હાથમાં લે છે અને તેમને એક સંપૂર્ણ અને સંવાદી આધ્યાત્મિક કાર્ય-પ્રવાહના મુક્ત પ્રદેશમાં વહેતી મૂકે છે. જ્ઞાનદેવી-શી જ્ઞાનની આત્મ-શક્તિ એક એવી ચરમ કક્ષાએ પહોંચી જાય છે કે જ્યાં વ્યક્તિગત પ્રકૃતિ, તેને આધાર આપતો પાયો બની જાય છે. એક એવું જ્યોતિર્મય મુક્ત મન વિકસી આવે છે કે જે દરેક જાતની સત્ય-દૃષ્ટિ, પ્રેરણા, અંતઃસ્ફુરણા, વિચારણા, વિવેક અને ચિંતન-પ્રધાન સમન્વય પ્રત્યે ખુલ્લું હોય છે; પ્રકાશ પામેલું મનોમય જીવન સમગ્ર જ્ઞાન માટે પ્રયત્ન-શીલ બને છે તથા તેને પામવાનો, સ્વીકારવાનો અને ધારણ કરવાનો આનંદ માણે છે, આધ્યાત્મિક ઉત્સાહ, આવેગ અને ઉલ્લાસ અનુભવે છે; એક બ્રહ્મ-તેજસ્ અને બ્રહ્મ-વર્ચસ્ એટલે કે કાર્ય માટેનાં આધ્યાત્મિક સામર્થ્ય, પ્રકાશ અને પાવિત્ર્યથી ભરેલી પ્રકાશ-શક્તિ પોતાનાં સામ્રાજ્યને પ્રગટ કરે છે; એક અતાગ અડગતા અને અમાપ અચલતા સર્વ પ્રકાશ, પ્રવૃત્તિ અને કર્મોને જાણે કે કોઈ આદિ કાળના અચલ, અચ્યુત અને અડગ ખડક પર ધારણ કરી રાખે છે.

સંકલ્પ અને સામર્થ્યની દેવીરૂપ આત્મશક્તિ, એવી જ રીતે વિશાળતા અને ઉચ્ચતાએ પહોંચી જાય છે. મુક્ત આત્માની એક નિરપેક્ષ, નિશ્ચલ

નિર્ભયતા, એક સક્રિય, અનંત હિંમત (કે જેને કોઈ પણ જોખમ, શક્યતાનો અભાવ કે ખડક જેવા વિરોધોનો સામનો આત્માએ તેને ફરમાવેલા કાર્યના કે અભીપ્સાના અનુસરણમાંથી તલપૂર પણ ડગાવી શકતાં નથી), આત્માની અને સંકલ્પ-શક્તિની એક ઉચ્ચ ઉમરાવતા (કે જેમાં ક્ષુદ્રતા કે હલકટતાનો સ્પર્શ સરખો પણ હોતો નથી, અને જે ક્ષણિક હાર કે અટકાયત છતાં આધ્યાત્મિક વિજય અને પ્રભુ-પ્રેર્યાં કર્મની સફળતા પ્રત્યે મહાન કૂચ આદર્યે જ જાય છે), તથા કદી ય નિરાશ નહિ થનાર અથવા આત્મામાં કાર્ય કરતી શક્તિ પરની શ્રદ્ધા અને વિશ્વાસમાંથી જરા પણ નહિ ડગનાર એક અડગ જુસ્સો એ બધાં આ પરિપૂર્ણતાનાં નિશાન છે. તો વળી આત્મ-શક્તિનું એક અન્ય દૈવી-સ્વરૂપ પણ સાર્થકતામાં સાથે આવે છે; એ છે પરસ્પર વ્યવહારની શક્તિ, કાર્યને પાર પાડવા માટે જરૂરી હોય તેવા, સર્વે સંગ્રહના મુક્ત ઉપયોગ, અને ભેટની શક્તિ, ઉત્પાદન, ઉપાર્જન, સર્જન, સફળતા, લાભ, ઉપયોગી વળતર એ બધાંને માટે છૂટે હાથે વ્યય કરવાની શક્તિ, કાયદાને માન આપતી અને સંબંધોને સાચવી લેતી અને આચાર-વિચારને માપમાં રાખતી કૌશલ્ય-શક્તિ, પ્રાણી માત્રમાંથી પોતાનામાં સર્વ કાંઈ નો સ્વીકાર કરવાની દિવ્ય વ્યાપાર-શક્તિ, જીવનનો પરસ્પરલક્ષી આનંદ માણવાની ઉપભોગ-શક્તિ. અને પરિપૂર્ણતામાં છેવટે પ્રવેશે છે આત્મ-શક્તિનું સેવાભાવી, તથા વિશ્વવ્યાપી પ્રેમમય, એવું દૈવી-સ્વરૂપ કે જે બદલો માગ્યા વિના પોતાની જાતને લૂંટાવે જાય છે, એક એવું આલિંગન કે જે નરમાં રહેલા નારાયણના દેહને પોતાની બાથમાં લે છે તથા સહાય અને સેવાનાં કાર્યો કરે છે, એક એવો ત્યાગ કે જે સ્વામીએ જોતરેલી ધૂંસરીને સહન કરવા ખુશી હોય છે તથા જે પોતાના જીવનને એ સ્વામી માટેનું, અને તેના જ હુકમ અનુસાર, તેના જ જીવોની જરૂરિયાત અને માગણીઓ સંતોષવા માટેનું એક દાસત્વ બનાવી દેવા તૈયાર હોય છે, અને જે આપણી જાતના એ સ્વામીને, તથા જગતમાંના તેના કાર્યને, પોતાની સમસ્ત જાતનું આત્મ-સમર્પણ કરે છે. આ બધી જ બાબતો પરસ્પરને મળે છે, મદદ કરે છે, તેમનામાં ભળી જાય છે અને એક એકમ બની રહે છે. એની પૂર્ણ પરાકાષ્ઠા એવા અતિ-મહાન આત્માઓમાં સિદ્ધ થાય છે કે જે પરિપૂર્ણતા માટે તૈયાર હોય, પણ પૂર્ણયોગનો આશરો લેનાર સર્વ કોઈએ આત્મ-શક્તિના આ ચતુર્વિધ પ્રાગટ્યને ઝંખવાનું જ છે અને તેઓ તેને જરૂર પામી પણ શકે જ છે.

આ બધા તો છે સંકેતો, પણ એમની પાછળ ઊભેલો છે આત્મા

પોતે કે જે આ રીતે, પ્રકૃતિની પૂર્ણતા દ્વારા પોતાને વ્યક્ત કરી રહ્યો છે. અને આ આત્મા એ, મુક્ત બનેલા માનવના મુક્ત આત્મ-તત્ત્વનો આવિષ્કાર છે. એ પરમ આત્મ-તત્ત્વ અનંત હોવાથી, તેને કોઈ ગુણ નથી, છતાં તે સર્વે ગુણોની લીલાને ઉઠાવે છે, ધારણ કરે છે, તથા, એક છતાં અનેક એવી અનંત વ્યક્તિમયતાને આધાર આપે છે, એ નિર્ગુણો ગુણી પ્રાગટ્ય-લીલામાં अनन्त-गुण બને છે. એ જે શક્તિને કામમાં લે છે એ જ છે પરાત્પર અને વિશ્વવ્યાપી, દિવ્ય અને અનંત, મહાશક્તિ, વ્યક્તિમાં પોતાની જાતને વહાવી રહેલી, અને દિવ્ય લક્ષ્યને ખાતર મુક્ત રીતે કર્મોનું નિર્માણ કરી રહેલી, મહાશક્તિ.

## પ્રકરણ : ૧૬

# દિવ્ય શક્તિ

પરિપૂર્ણ બનવાના આ યોગમાં આગળ વધતાં પુરુષ અને પ્રકૃતિ વચ્ચેના સંબંધનો જે પ્રશ્ન ઊભો થાય છે તેને હવે આ તબક્કે ખૂબ જ ધ્યાનથી સમજી લેવાની જરૂર છે. આપણા પોતાના આધ્યાત્મિક સત્યની નજરે જોતાં, આપણે જે શક્તિને પ્રકૃતિ કહીએ છીએ તે અસ્તિત્વની, ચેતનાની અને સંકલ્પની શક્તિ છે અને તેથી તે આત્માની, અંતરાત્માની, પુરુષની આત્મ-અભિવ્યક્તિ માટેની અને આત્મ-સર્જન માટેની શક્તિ છે. પણ આપણા અજ્ઞાનમય મનની તથા તેને થતા વસ્તુઓના અનુભવોની નજરે જોતાં પ્રકૃતિની શક્તિ જુદી જ જાતની દેખાય છે. આપણી આજુ-બાજુ થઈ રહેલી તેની વિશ્વવ્યાપી ક્રિયાઓમાં તેને તપાસતાં તે આપણને, પહેલાં તો, એક એવી વિશ્વવ્યાપી યંત્રવત્ શક્તિ જણાય છે કે જે પદાર્થ-તત્ત્વની ઉપર તથા એ પદાર્થ-તત્ત્વનાં તેણે સર્જેલાં સ્વરૂપોની અંદર કાર્ય કરી રહી છે. જડ પદાર્થ-તત્ત્વમાં તે જીવન-શક્તિ અને જીવન-ક્રિયાઓને વિકસાવે છે અને પછી જીવંત બનેલા પદાર્થ-તત્ત્વમાં માનસિક શક્તિઓ અને માનસિક ક્રિયાઓ વિકસાવે છે, તેની આ સર્વ ક્રિયાઓ દરમિયાન તે નિશ્ચિત નિયમો દ્વારા જ કાર્ય કરે છે અને દરેક સર્જિત પદાર્થમાં શક્તિના એવા, વિવિધતા ધારણ કરતા ગુણ અને ક્રિયાધર્મો બહાર આણે છે કે જે જાતિઓ અથવા પેટા-જાતિઓને તેમની ખાસિયત આપે છે અને તેનાથી ય આગળ, જાતિના ગુણ-ધર્મોને ઉલ્લંઘ્યા વિના, દરેક વ્યક્તિને ઘણી બધી નાની નાની વિશિષ્ટતાઓ અને વિવિધતાઓ આપે છે. આજની ભૌતિકશાસ્ત્રપ્રેમી બુદ્ધિને પોતાનામાં રોકી રાખનારો આ જ છે આ પ્રકૃતિનો યંત્રવત્ દેખાવ; અને એ જ દેખાવ તેની સમક્ષ પ્રકૃતિનું સમસ્ત સ્વરૂપ થઈ પડ્યો છે; અને તે પણ એટલે સુધી કે હજી સુધી સફળતા બહુ જ થોડી મળવા છતાં ભૌતિકશાસ્ત્રો સમગ્ર જીવન-વ્યાપારોને પદાર્થ-તત્ત્વના નિયમો દ્વારા અને સમગ્ર મનોવ્યાપારોને જીવંત પદાર્થના નિયમો દ્વારા બુદ્ધિ-ગમ્ય બનાવવાની આશા રાખે છે,- અને મહેનત પણ કરે છે. આ રીતે

જોતાં આત્મા કે આત્મ-તત્ત્વને જરા પણ સ્થાન નથી અને પ્રકૃતિને આત્માની શક્તિ તરીકે સ્વીકારી શકાતી નથી. આપણું સમગ્ર અસ્તિત્વ યંત્રવત્ અને ભૌતિક, તેમજ અલ્પ-જીવી ચેતનાના જીવ-ધર્મી વ્યાપારોને આધીન મનાયું છે, અને માનવ એ ભૌતિક-શક્તિનું સર્જન અને સાધન મનાયો છે; આથી યોગે સ્વીકારેલો આધ્યાત્મિક આત્મ-વિકાસ એ માત્ર એક ઇન્દ્ર-જાળ, ભ્રમ, મનની નાદુરસ્ત અવસ્થા કે સ્વ-સર્જિત મૂર્છા જ બની રહે છે; અને એમ હોય કે ના હોય તોપણ એ એની પોતાની માન્યતા પ્રમાણેની, આપણા અસ્તિત્વના સનાતન સત્યની શોધ તો હોઈ શકે જ નહિ; અને ના જ હોઈ શકે મનોમય, પ્રાણમય કે શારીરિક પ્રકૃતિના મર્યાદિત સત્યને પેલે પાર, આધ્યાત્મિક પ્રકૃતિના પૂર્ણ સત્યમાં પ્રવેશ.

પણ, આપણી જાતને બાજુ પર મૂકીને બહારની યંત્રવત્ પ્રકૃતિને નહિ પણ માનવના આંતરિક સ્વાનુભવોને, મનોમય અસ્તિત્વને આપણે જ્યારે જોઈએ ત્યારે આપણી પ્રકૃતિ જુદું જ સ્વરૂપ ધારણ કરે છે. આપણું પોતાનું સ્વકીય અસ્તિત્વ એ પણ એક પૂરી યંત્રવત્ વસ્તુ જ છે એમ આપણે બૌદ્ધિક રીતે માની શકીએ છીએ ખરા પણ આપણે તે પ્રમાણે વર્તી શકતા નથી કે આપણો સ્વાનુભવ તેને સંપૂર્ણ સત્ય તરીકે સ્વીકારી શકતો પણ નથી. કારણકે આપણને એક એવા "હું"નું ભાન હોય છે કે જે પોતે જ આપણી પ્રકૃતિ છે એમ આપણને લાગતું નથી, વળી એ "હું" પ્રકૃતિમાંથી પાછો હઠી જઈ શકે છે તથા તટસ્થ રીતે તેનું અવલોકન, સમીક્ષા અને રચનાત્મક ઉપયોગ કરી શકે છે એમ પણ આપણને લાગે છે; વળી, એ "હું"-માં એક સંકલ્પ-શક્તિ પણ છે એમ આપણને લાગે છે અને એ સંકલ્પ-શક્તિને આપણે, તદ્દન સહજ રીતે, એક સ્વતંત્ર સંકલ્પ-શક્તિ ગણીએ છીએ. અને આ બધો પણ જો એક ભ્રમ જ હોય તોપણ આપણે કેમ જાણે એક જવાબદાર બુદ્ધિશાળી વ્યક્તિ હોઈએ, આપણાં કાર્યોને સ્વેચ્છાએ પસંદ કરી શકતા હોઈએ, અને આપણી પ્રકૃતિનો સદુપયોગ કે દુરુપયોગ કરી શકતા હોઈએ કે તેને ઉચ્ચ કે હલકા માર્ગે વાળી શકતા હોઈએ એ જ પ્રમાણે વ્યવહારુ વર્તન કરીએ છીએ; એટલું જ નહિ પણ આપણી આજુબાજુની તેમ જ આપણી પોતાની હાલની પ્રકૃતિની સાથે અથડામણ અનુભવતા રહીએ છીએ તથા આપણે માથે ચડી બેસતી અને આપણને લાચાર બનાવી દેતી દુનિયાની ઉપર આપણું પ્રભુત્વ જમાવવા, તેમ જ આપણે જેવા છીએ તેના કરતાં કાંઈક અધિકા થવા મથીએ છીએ. પણ મુશ્કેલી એ છે કે આપણામાં કાંઈક પ્રભુત્વ હોય જ તોપણ તે આપણા

અતિ અલ્પ ભાગ પર હોય છે અને બાકીનો ભાગ તો અવચેતનામાં કે છુપાએલી ચેતનામાં પડેલો છે, અને આપણા કાબૂની બહાર છે; આપણી સંકલ્પ-શક્તિનો પ્રવૃત્તિ-પ્રદેશ બહુ મર્યાદિત છે; મોટો ભાગ તો યંત્રવત્ અને આદત-હાંકયો ચાલ્યા કરે છે, અને નજીવી પ્રગતિ કે આત્મ-સુધારણા માટે પણ આપણે આપણી જાત સામે અને સંયોગો સામે ઝૂઝવું પડે છે. એમ લાગે છે કે આપણી જાત જાણે કે દ્વિ-મુખી છે; જાણે કે આત્મા અને સ્વભાવ-પુરુષ અને પ્રકૃતિ ક્યાંક મેળમાં વર્તે છે તો ક્યાંક ઝઘડો કરે છે; જાણે કે પ્રકૃતિ પોતાનું યંત્રવત્ નિયંત્રણ પુરુષ પર લાદે તો પુરુષ પ્રકૃતિને પલટવાનો અને નાથવાનો પ્રયત્ન કરે છે. અને સવાલ એ ઊભો થાય છે કે આ દ્વિ-મુખી બંધારણનું અસલ સ્વરૂપ કેવું છે અને તેનો અંત શો છે?

સાંખ્યમત એમ કહે છે કે આપણું હાલનું અસ્તિત્વ બે તત્ત્વોના નિયંત્રણ નીચે છે. પુરુષના સ્પર્શ વિના પ્રકૃતિ જડ રહે છે, તેના સંપર્ક વડે જ તે સક્રિય બને છે અને તે પણ પોતાનાં કરણો અને ગુણોની જડ યાંત્રિકતા અનુસાર જ; પ્રકૃતિના સાથ વિના નિષ્ક્રિય, છતાં મુક્ત, રહેતો પુરુષ તેનો સંપર્ક સાધતાં તથા તેનાં કર્મોને સંમતિ આપતાં આ યાંત્રિકતાને આધીન બની જાય છે, તેની અહંતાની મર્યાદામાં બંધાઈ જાય છે અને પોતાની સંમતિ પાછી ખેંચી લેવાની તથા પોતાના અસલ તત્ત્વનો આશરો લેવાથી જ તે મુક્ત બની શકે છે. વળી આપણા અનુભવમાંથી અમુક અંશે સમર્થન મેળવતી વાત એ છે કે આપણી જાત જ દ્વિ-મુખી છે: એક તો ભૌતિક અને પાશવી, અથવા, વધારે વ્યાપક રીતે કહેતાં, પ્રકૃતિ-વશ નિમ્ન જાત; અને બીજું, મન વડે ભૌતિક જગતમાં કે વિશ્વ-પ્રકૃતિમાં ગૂંચવાઈ ગએલો અંતરાત્મા અથવા આધ્યાત્મિક જાત; અને મુક્તિ તો માત્ર ત્યારે જ મળે કે જ્યારે આ ગૂંચમાંથી ભાગી છુટાય, જ્યારે અંતરાત્મા પોતાના નિજી પ્રદેશમાં અથવા આત્મા પોતાના શુદ્ધ અસ્તિત્વમાં પાછો ચાલ્યો જાય. એટલે, આ મત અનુસાર આત્માની પરિપૂર્ણતા પ્રકૃતિમાં નહિ પણ પ્રકૃતિથી પર થઈને જ પામી શકાય છે.

પણ આપણી હાલની મનોમય ચેતનાથી ઉપર જતાં જણાય છે કે આ દ્વૈત એ ઘટનાઓમાં દેખાતો માત્ર એક આભાસ જ છે. અસ્તિત્વનું ઊંચામાં ઊંચું અને સાચું સત્ય તો છે એકમાત્ર આત્મ-તત્ત્વ, પરમ-આત્મા, પુરુષોત્તમ; અને આપણે જેનો વિશ્વ તરીકે અનુભવ કરીએ છીએ તે બધું જ આ પરમાત્માની પોતાની જ એક એવી શક્તિ છે કે જે આવિર્ભાવ પામી રહી છે. આ વિશ્વમય પ્રકૃતિ એ કોઈ જીવન-હીન, જડ કે અચેતન યાંત્રિકતા

નથી, એની બધી જ પ્રવૃત્તિઓમાં વિશ્વવ્યાપી પરમાત્માની પ્રજ્ઞા રહેલી છે. તેની ક્રિયાઓમાંની યાંત્રિકતા એ માત્ર એક બાહ્ય દેખાવ છે; વાસ્તવિકતા તો એ છે કે આ સમગ્ર વિશ્વમય પ્રકૃતિમાં જે કાંઈ છે તે સર્વેમાં પરમાત્મા પોતે પોતાની જાતને, પોતાની શક્તિ વડે સર્જી રહ્યો છે, પ્રગટ કરી રહ્યો છે. આપણામાં રહેલ પુરુષ અને પ્રકૃતિ એ પણ એક જ અસ્તિત્વનો દ્વિ-મુખી દેખાવ છે. આપણામાં કાર્ય તો વિશ્વમય શક્તિ જ કરી રહી છે પણ અંતરાત્મા અહંભાવ વડે પરિમિત બની બેઠો છે, પ્રકૃતિના ક્રિયા-પ્રદેશમાં રહી તે પરિમિતતા અને અલગતાનો અનુભવ કરે છે, પોતાની અભિવ્યક્તિ માટે તેની શક્તિની અતિ અલ્પ માત્રા અને નિશ્ચિત કર્મોને જ તે કામમાં લે છે. જે એમ લાગે છે કે આ શક્તિને તે કામમાં લેતો નથી પણ જાણે કે એ શક્તિ તેને કામમાં લે છે અને તેની માલિક બની બેઠી છે તેનું કારણ એ છે કે પુરુષ એવા અહમ્ સાથે એક બની બેઠો છે કે જે પ્રકૃતિનાં કરણનો એક ભાગ છે; અને એ અહમ્‌ના અનુભવ-પ્રદેશમાં જ એ રહે છે. આ અહમ્, પોતે જેનું અંગ છે તે પ્રકૃતિની યાંત્રિકતા વડે ચાલ્યા કરે છે; આ અહમ્‌ની સંકલ્પ-શક્તિ એ કોઈ સ્વતંત્ર સંકલ્પ-શક્તિ છે નહિ, અને હોઈ શકે પણ નહિ. સ્વતંત્રતા, પ્રભુતા અને પરિપૂર્ણતા મેળવવા માટે આપણી અંદર રહેલા આત્માને, આપણી સાચી જાતને આપણે પામવાની છે, અને એમ કરીને આપણે આપણી પોતાની સાથે તેમ જ વિશ્વમાં વ્યાપી રહેલી પ્રકૃતિ સાથે સાચા સંબંધમાં આવવાનું છે.

આ વિચારને આચારમાં મૂકવો એનો અર્થ એ કે આપણા અહમ્-મય, અંગત અને અલગ વ્યક્તિમય સંકલ્પો અને શક્તિને સ્થાને એક એવા વિશ્વમય અને દિવ્ય સંકલ્પ અને શક્તિને સ્થાપવાં કે જે આપણાં અંગત કર્મોને વિશ્વવ્યાપી કર્મ-પ્રવાહની સાથે મેળમાં રાખે છે અને જે પોતે પુરુષોત્તમના પોતાના સીધા જ સંકલ્પ અને તેની સર્વ-પ્રેરક શક્તિ તરીકે પ્રત્યક્ષ થાય છે. ત્યારે આપણે આપણા મર્યાદિત, અજ્ઞાની અને અપૂર્ણ અંગત સંકલ્પો અને શક્તિનાં કર્મોને સ્થાને દિવ્ય શક્તિનાં કર્મોને સ્થાપીએ છીએ. વિશ્વવ્યાપી શક્તિ પ્રત્યે આપની જાતને ખોલી નાખવી એ હમેશાં શક્ય છે, કારણકે એ આપણી ચારે ય બાજુ હયાત છે અને આપણામાં હમેશાં વહી આવતી જ હોય છે; એ જ આપણાં સર્વે આંતર-બાહ્ય કર્મોને આધાર આપે છે અને ઊભાં કરે છે અને હકીકત તો એ છે કે જેને તદ્દન સ્વતંત્ર અને વ્યક્તિગત કહી શકીએ એવી શક્તિ આપણામાં છે જ નહિ,– છે એ એકમાત્ર મહાશક્તિએ લીધેલો વ્યક્તિરૂપ આકાર. તો વળી એ વાત પણ

સાચી છે કે આ વિશ્વમય મહાશક્તિ આપણી અંદર પણ વસેલી છે, આપણી અંદર એકાગ્ર-રૂપે આવી બેઠેલી છે; કારણકે એની સંપૂર્ણ શક્તિ આખા વિશ્વની માફક દરેક વ્યક્તિમાં પણ સમગ્ર-રૂપે મોજૂદ છે; અને એવાં સાધન અને સાધના પણ છે કે જેના વડે તેના હજી વધારે મહાન અને અનંતતાની શક્યતાવાળા સામર્થ્યને આપણે જગાડી શકીએ છીએ અને તેનાં વિશાળ કાર્યો કરી શકે તેટલા માટે તેને છૂટી મૂકી શકીએ છીએ.

આ વિશ્વવ્યાપી મહાશક્તિએ પોતાના સામર્થ્યને જે વિવિધ સ્વરૂપો આપેલાં છે તેમની હયાતી અને હાજરી વિશે આપણે સચેતન થઈ શકીએ છીએ. આપણાં શરીર-વશ મન, નાડી-તંત્ર તથા આપણું દેહરૂપી ખોળિયું કે જે આપણી વિવિધ પ્રવૃત્તિઓને આધાર આપે છે, તેમાં આ શક્તિએ જે સ્વરૂપ સ્વીકાર્યું છે તેના જ વિશે હાલમાં આપણે સભાન છીએ. પણ જો આપણે યોગનો આશરો લઈને આપણી જાતના છૂપા, ગહન, સપાટી પાછળના ભાગોમાં જવા જેટલા મુક્ત બની આ પ્રાથમિક સ્વરૂપને એકવાર ઓળંગી જઈ શકીએ તો આપણે એક એવી વિશાળ પ્રાણ-શક્તિ વિશે સભાન થઈ શકીએ કે જે શરીરને આધાર આપે છે અને ભરી દે છે, અને શરીર તથા પ્રાણની સર્વે પ્રવૃત્તિઓ શક્ય બનાવે છે (કારણકે આપણે જેને શારીરિક શક્તિ કહીએ છીએ તે આ જ શક્તિનું હળવું બનેલું સ્વરૂપ છે), તથા આપણાં સર્વે માનસિક કાર્યોને પણ નીચેથી આધાર આપે છે અને શક્ય બનાવે છે. આ શક્તિનો આપણે આપણી જાતમાં તો અનુભવ કરીએ જ છીએ પણ આપણી આજુબાજુ અને ઉપર તથા આપણી અંદર રહેલી શક્તિની સાથે તેને એકાકાર બનેલી પણ અનુભવી શકીએ છીએ તથા તેને આપણી અંદર અને નીચે પણ ખેંચી લાવી શકીએ છીએ, કે જેથી આપણાં સામાન્ય કર્મોને ખૂબ વિશાળ કરી શકાય; અથવા તેને સાદ પણ કરી શકાય છે અને આપણી અંદર વહાવી પણ શકાય છે. ત્યાં શક્તિનો એક અ-મર્યાદ સમુદ્ર પડેલો છે અને, આપણી જાત તેને જેટલો પણ સમાવી શકે તેટલો તે આપણી અંદર વહી આવી શકે છે. આ પ્રાણ-શક્તિનો આપણે શરીર, પ્રાણ કે મનની કોઈ પણ પ્રવૃત્તિમાં ઉપયોગ કરી શકીએ છીએ તથા આપણી હાલની ક્રિયાઓમાં હોય છે તેના કરતાં તો ઘણી ઘણી વિશાળ અને અસરકારક તાકાત તેમાં ઉમેરી શકીએ, કારણકે આપણી હાલની ક્રિયાઓ તો શારીરિક બંધારણ વડે મર્યાદિત રહેલી છે. દેહબાંધી શક્તિની જગ્યાએ જેટલે અંશે આ પ્રાણ-શક્તિનો ઉપયોગ આપણે કરી શકીએ તેટલે અંશે એ મર્યાદામાંથી આપણે મુક્ત બની શકીએ છીએ. એનો એવી રીતે પણ

ઉપયોગ કરી શકાય કે જેથી પ્રાણનો પ્રયોગ કોઈક શારીરિક સ્થિતિનું વધારે સારી રીતે નિયમન કરવા માટે કે તેને સુધારવા માટે, માંદગી મટાડવા માટે કે થાકમાંથી મુક્ત બનવા માટે અને માનસિક કાર્ય-શક્તિને પ્રચૂર પ્રમાણમાં છૂટી મૂકવા માટે તથા સંકલ્પ અને જ્ઞાનને મુક્ત રીતે રમતાં મૂકવા માટે કરી શકાય. પ્રાણ-શક્તિને મુક્ત કરવાની તથા તેના પર કાબૂ મેળવવાની ખૂબ પરિચિત અને યાંત્રિક રીત તે પ્રાણાયામના પ્રકારો. આ પ્રાણાયામો ચૈત્સિક, માનસિક અને આધ્યાત્મિક શક્તિઓ, (કે જેને સક્રિય થવાનો આધાર સામાન્ય રીતે પ્રાણ-શક્તિ ઉપર રહેતો હોય છે તે શક્તિઓને) ઊર્ધ્વગામી પણ બનાવે છે અને મુક્ત પણ કરે છે. પણ આ જ વસ્તુ માનસિક સંકલ્પ તથા તેના સતત અભ્યાસ વડે તથા આપણી જાતને મહાશક્તિના આધ્યાત્મિક પ્રવાહ પ્રત્યે ખુલ્લી કરતા જઈને પણ કરી શકાય છે. આ વિશાળ પ્રાણ-શક્તિને માત્ર આપણી જાત ઉપર જ નહિ પણ બીજા લોકો પર, પદાર્થો પર કે પ્રસંગો પર પણ, સંકલ્પ-શક્તિએ નક્કી કરેલા કોઈ પણ હેતુને પાર પાડવા માટે અસરકારક રીતે અજમાવી શકાય છે. તેની અસરકારકતા પ્રચંડ હોય છે; તેને પોતાને કોઈ મર્યાદા નથી હોતી, અને જે કાંઈ મર્યાદા આવી પડે છે તે તેને પાર પાડવા પ્રયત્ન કરતા આધ્યાત્મિક કે અન્ય સંકલ્પમાં રહેલી શુદ્ધિ, શક્તિ કે વ્યાપકતાની ખામીને લીધે હોય છે. આ પ્રાણ-શક્તિ આમ આટલી બધી મહાન અને સમર્થ હોવા છતાં નીચલી કક્ષાની છે, શરીર અને મનની વચ્ચે કડીરૂપ છે, કરણાત્મક શક્તિ છે. તેનામાં ચેતના જરૂર છે, આત્મ-તત્ત્વની એવી હાજરી પણ છે કે જેના વિશે આપણે સભાન હોઈએ છીએ, પણ તે કર્મેચ્છામાં બંધાએલી, તેમાં અટવાએલી અને તેમાં જ રોકાએલી હોય છે. મહાશક્તિની આવી જાતની સક્રિયતાને આપણી પ્રવૃત્તિઓનો સમગ્ર ભાર આપણાથી સોંપાય તેમ નથી; આપણે કાં તો તેના ફાળાનો, આપણી અંગત પણ આલોકિત સંકલ્પ-શક્તિ વડે ઉપયોગ કરવાનો છે, અથવા તો એક ઊર્ધ્વતર માર્ગદર્શકને આપણે સાદ કરવાનો છે. કારણકે આપણી આ અંગત સંકલ્પ-શક્તિ પોતાના જ જોરે સમર્થ રીતે કાર્ય કરી શકતી હોવા છતાં તે કાર્ય આપણી અપૂર્ણ પ્રકૃતિની રીતે અને મુખ્યત્વે તો આપણામાં રહેલી પ્રાણશક્તિના જોર અને દોર અનુસાર જ થવાનું,—ઊર્ધ્વતમ આધ્યાત્મિક અસ્તિત્વના ધર્મ અનુસાર નહિ.

આ પ્રાણ-શક્તિનું આપણે જે એક બીજી સામાન્ય શક્તિ વડે નિયમન કરીએ છીએ તે છે દેહ-નિવાસી મન. પણ આપણે જ્યારે ભૌતિક મનથી પૂરેપૂરા ઉપર ચાલ્યા જઈએ ત્યારે જ આ પ્રાણ-શક્તિમાંથી પણ પૂરેપૂરા

ઉપર જઈ એક એવી શુદ્ધ મનોમય શક્તિ વિશે સભાન થઈએ છીએ કે જે મહાશક્તિનું એક વધારે ઉચ્ચ સ્વરૂપ છે. ત્યાં આપણે એક એવી વિશ્વ-વ્યાપી મનોમય ચેતના અનુભવીએ છીએ કે જેનો આ શક્તિની સાથે ગાઢ સંબંધ હોય છે અને જે આપણી આજુબાજુ અને ઉપર — ઉપર, એટલે કે આપણી સામાન્ય માનસિક અવસ્થાના પ્રદેશથી ઉપર — વ્યાપી જઈને આપણા સંકલ્પોને અને જ્ઞાનને તેમ જ આપણા આવેગો અને ઊર્મિઓમાં રહેલા ચૈત્યસિક તત્ત્વને બધો જ જરૂરી મસાલો પૂરો પાડે છે તથા તેમને આકાર આપે છે. આ મનોમય શક્તિને પ્રાણ-શક્તિ ઉપર કામ કરતી કરી શકાય છે તથા આપણા ખ્યાલ અને જ્ઞાનનાં, આપણા આલોકિત સંકલ્પોનાં, પ્રભાવ, રૂપ, રંગ, વિશિષ્ટતા તથા માર્ગદર્શનનો તે તેની પાસે સ્વીકાર કરાવી શકે છે, અને એ રીતે આપણા પ્રાણને તથા પ્રાણ-શક્તિને આપણી ઉચ્ચતર શક્તિઓની સાથે, આદર્શો અને આધ્યાત્મિક અભીપ્સાઓની સાથે, વધારે અસરકારક રીતે મેળમાં મૂકી શકે છે. આપણી સામાન્ય સ્થિતિમાં આ બે, એટલે કે મન અને પ્રાણ—તથા તેમની શક્તિઓ—એવાં તો સેળભેળ થઈ ગએલાં હોય છે, એકબીજામાં એવાં તો ઘૂસી કામ કરતાં હોય છે કે આપણે તેમને સ્પષ્ટ રીતે જુદાં જોઈ શકતા નથી કે તેમાંના એકને બીજાની પકડ-માં લાવી શકતા નથી અને તેથી નીચેના તત્ત્વને વધારે ઉચ્ચ અને વધારે સમજ-શીલ તત્ત્વના અસરકારક કાબૂ નીચે પણ લાવી શકતા નથી. પણ આપણે એકવાર ભૌતિક મનથી ઊર્ધ્વમાં સ્થિર થઈ બેસીએ એટલે શક્તિનાં આ બે સ્વરૂપોને, આપણા અસ્તિત્વના બે સ્તરને સ્પષ્ટ રીતે જુદા પાડી શકીએ છીએ, તેમની ક્રિયાઓને છૂટી પાડી શકીએ છીએ અને તેમની ઉપર, વધારે સ્પષ્ટ અને વધારે સમર્થ આત્મજ્ઞાન વડે તેમ જ જ્ઞાનોજ્જ્વલ અને વિશુદ્ધ સંકલ્પ-શક્તિ વડે કાર્ય કરી શકીએ છીએ. તેમ છતાં, જ્યાં સુધી આપણે મનને જ આપણી મુખ્ય માર્ગદર્શક અને નિયંત્રક શક્તિ તરીકે રાખીને કાર્ય કરીએ ત્યાં સુધી આ કાબૂ સંપૂર્ણ, સહજ કે સર્વોત્તમ થઈ શકતો નથી. આપણને એ સમજાય છે કે મનોમય શક્તિ પોતે તો સચેતન આત્મામાંથી ઊતરી આવેલી એક એવી નિમ્ન કક્ષાની અને મર્યાદા મૂકતી શક્તિ છે કે જે, જે કાંઈ કાર્ય કરે છે તે, વસ્તુઓને અલગ અલગ અને અસ્પષ્ટ દૃષ્ટિથી જોઈને તથા કાચા અને અપૂરતા અર્ધ-પ્રકાશમાં તપાસીને કરેલું હોય છે. (છતાં આપણે તો તેને જ પૂરો અને પૂરતો પ્રકાશ ગણતા હોઈએ છીએ !); વળી, ખ્યાલ તથા જ્ઞાનને કાર્યસાધક સંકલ્પ-શક્તિ સાથે મેળમાં મૂક્યા વિના તે કાર્ય કરેલું હોય છે. અને આપણને એ ભાન પણ તરત જ થાય

છે કે તેના કરતાં ઘણું ઘણું ઉચ્ચ સામર્થ્ય તો પરમાત્મામાં અને તેની મહાશક્તિમાં, છુપાઈને અને ઊર્ધ્વમાં આવી રહેલું છે, અને તે મનથી અતીત રહેલું છે, કે મન દ્વારા આંશિક રીતે જ કાર્ય કરે છે; અને આ સર્વે નિમ્ન શક્તિઓ તેમાંથી જ ઊતરી આવેલી છે.

આપણા બીજા ભાગોની માફક મનોમય સ્તર પર પણ પુરુષ અને પ્રકૃતિ ગાઢ રીતે જોડાયેલાં અને પરસ્પરમાં ખૂબ અટવાઈ ગએલાં હોય છે; તેથી આપણે તેમને એટલે કે આત્માને અને સ્વભાવને સ્પષ્ટ રીતે જુદાં પાડી શકતા નથી. મનોમય પુરુષ જ્યારે પોતાના નિજી પ્રદેશોમાં હોય ત્યારે સહજ રીતે જ પોતાને પ્રકૃતિની ક્રિયાઓમાંથી અલગ કરી શકે છે એ આપણે અગાઉ જોઈ ગયા છીએ; એમ થાય ત્યારે આપણી જાતના બે ભાગ પડી જાય છે : એક તો, એવી સાક્ષીરૂપ ચેતના કે જે પોતાની સંકલ્પ–શક્તિને પોતાની પાસે અનામત રાખી શકે છે; અને બીજી ચેતન–તત્ત્વથી ભરેલી એક એવી શક્તિ કે જે જ્ઞાન, સંકલ્પ અને લાગણીનાં સ્વરૂપો ધારણ કરે છે. આ જાતની અલગતા જ્યારે ઊંચામાં ઊંચી કક્ષાએ પહોંચે ત્યારે આત્માને મનોમય પ્રકૃતિની પકડમાંથી એક જાતની મુક્તિ મળે છે. સામાન્ય રીતે આપણે આપણી પોતાની, તેમ જ વિશ્વવ્યાપી, કાર્યશક્તિના પ્રવાહમાં તણાતા અને ધકેલાતા હોઈએ છીએ,-કેટલેક અંશે તેના તરંગોમાં જબરી ગડમથલ કરતા હોઈએ છીએ તો વળી વિચારોને એકાગ્ર કરીને અને માનસિક સંકલ્પને કામે લગાડીને આપણી જાતને સમતોલ રાખતા હોઈએ છીએ અને ધારી દિશામાં આગળ વધતા કે જોર કરતા હોઈએ એમ આપણને લાગે છે. પણ અલગતા કેળવવાથી, આપણા શુદ્ધ આત્મતત્ત્વની પાસેમાં પાસેનો એક ભાગ એ પ્રવાહમાંથી મુક્ત બને છે, શાંતિથી તેને અવલોકી શકે છે, અને કેટલેક અંશે પોતાની તાત્કાલિક ચાલ અને માર્ગ, તથા ઘણે અંશે પોતાની અંતિમ દિશા પણ નક્કી કરી શકે છે. પુરુષ છેવટે અર્ધમુક્ત બનીને કે પાછળ હટીને કે અધ્યક્ષરૂપે તેનાથી ઉપર ચાલ્યો જઈને તથા અનુમંતા અને નિયંતા તરીકેની આત્માની નિજી શક્તિને ધારણ કરીને, પ્રકૃતિ ઉપર કાર્ય કરી શકે છે.

આવી જે સાપેક્ષ મુક્તિ આપણને મળી તેનો આપણે કેવો ઉપયોગ કરીશું તેનો આધાર રહેશે આપણી અભીપ્સા ઉપર, આપણે આપણી સર્વોચ્ચ જાત સાથે, ભગવાન સાથે અને વિશાળ પ્રકૃતિ સાથે કેવો સંબંધ રાખવો છે તેના આપણા ખ્યાલ ઉપર. પુરુષ આ મુક્તિનો ઉપયોગ સતત આત્મ–અવલોકન માટે, આત્મ–વિકાસ અને આત્મ–સુધારણા માટે, પ્રકૃતિની નવરચનાઓને સંમતિ કે અ–સંમતિ આપવા કે તેને બદલવા કે પાર પાડવા

માટે, અને તેના શક્તિ-પ્રવાહને શાંત અને અનાસક્ત કર્મોમાં વાળવા તથા તેમાં ઉચ્ચ અને શુદ્ધ સાત્ત્વિક સમતુલા અને સંવાદ સ્થાપવા માટે, એટલે કે સત્ત્વગુણની પરિપૂર્ણતાવાળું વ્યક્તિત્વ વિકસાવવા માટે, માત્ર મનોમય પ્રદેશમાં જ કરી શકે છે. અને આને પરિણામે આપણી હાલની બુદ્ધિમાં તથા નૈતિક અને ચૈત્યસિક જાતમાં એક ખૂબ ઊંચી જાતની મનોમય પૂર્ણતા આવવાની, અથવા આપણામાં રહેલ આત્મા વિશે સભાન બનેલી એ બુદ્ધિ પોતાના સચેતન અસ્તિત્વને તથા પોતાની પ્રકૃતિનાં કાર્યોને બિન-અંગત, વિશ્વવ્યાપી અને આધ્યાત્મિક બનાવવાની, તથા, કાં તો એક વિશાળ શાંતિ પામવાની કે આધ્યાત્મિક બનેલી પોતાની માનસિક શક્તિની વિશાળ પરિપૂર્ણતા પામવાની. તો વળી એ પણ શકય છે કે પુરુષ પૂરેપૂરો પાછો હઠી જાય અને સંમતિ આપવાની ના પાડીને મનની સર્વ સામાન્ય ક્રિયાઓનો અંત આપવા દે, તેને થાકવા દે, તેનાં ઘરેડિયાં કર્મોમાં રહેલા વેગને ખતમ થવા દે અને છેવટે શાંતિ થઈ જવા દે. અથવા તો, મનોમય શક્તિનાં કાર્યોનો ઇન્કાર કરીને તથા નિષ્ક્રિય થવાની સતત આજ્ઞા આપીને તેની પાસે આ શાંતિનો પરાણે સ્વીકાર પણ કરાવી શકાય છે. આવી નિષ્ક્રિયતા અને માનસિક શાંતિને પૂરેપૂરી પાકી કરીને પુરુષ આત્મ-તત્ત્વની કોઈ અવર્ણનીય અચલતામાં તેમ જ પ્રકૃતિની પ્રવૃત્તિઓમાંથી વિશાળ નિવૃત્તિમાં પણ ચાલ્યો જઈ શકે છે. પણ, એ પણ શકય છે કે મનની આ નીરવતાનો તથા નિમ્ન પ્રકૃતિની ટેવોને રદ-બાતલ કરવાની આપણી શકિતનો માત્ર એક પગથિયા તરીકે ઉપયોગ કરીને કોઈક ઊર્ધ્વ નવરચનાને, આપણી સ્થિતિ અને શક્તિની કોઈક ઉચ્ચ કક્ષાને શોધી શકાય અને, છેવટે, એક આરોહણ અને રૂપાંતર દ્વારા આત્માની અતિમાનસિક શક્તિમાં પહોંચી પણ શકાય. અને એ પણ શકય છે (જોકે વધારે મુશ્કેલ છે) કે આની આ જ વસ્તુ, સામાન્ય મનમાં શાંત અવસ્થા સ્થાપ્યા વિના પણ, મનની બધી જ શક્તિઓ અને પ્રવૃત્તિઓનું અતિમાનસિક શક્તિઓ અને પ્રવૃત્તિઓમાં રૂપાંતર સાધીને પણ કરી શકાય. કારણકે મનમાં બધી જ વસ્તુઓ અતિમનસના કોઈક ભાગમાંથી ઊતરી આવેલી હોય છે અને તેમનું જ, મનમાં થઈ જતું, કોઈક મર્યાદિત, હલકું, અધ-કચરું, અધૂરું કે વિકૃત પરિવર્તન માત્ર હોય છે. પણ આ બધામાં એક પણ પ્રયોગ એવો નથી કે જે આપણામાં રહેલા મનોમય પુરુષની એકલી, વ્યક્તિગત અને સ્વતંત્ર શક્તિ વડે સફળ રીતે પાર પાડી શકાય,— તેને દિવ્ય પુરુષની, ઈશ્વરની, પુરુષોત્તમની સહાય, દરમિયાનગીરી અને દોરવણીની જરૂર પડવાની જ. કારણકે અતિમનસ એ ભગવાનનું

દિવ્ય મન છે, અને માત્ર અતિમાનસિક સ્તર પર જ માણસ પરમ, વિશ્વમય પુરુષ સાથે અને પરમ, વિશ્વમય શક્તિ સાથે, પરા પ્રકૃતિ સાથે સાચો, સર્વાંગ, પ્રકાશપૂર્ણ અને પરિપૂર્ણ સંબંધ પામી શકે છે.

મન જ્યારે વધારે ને વધારે વિશુદ્ધ થાય છે, શાંત થવાની શક્તિ કેળવે છે કે પોતાના મર્યાદિત ક્રિયા–પ્રદેશમાં જ મગ્ન રહેવાની ટેવમાંથી મુક્ત થાય છે ત્યારે તે પરમાત્મા વિશે, પરમ અને વિશ્વ–વ્યાપી આત્મ–તત્ત્વ વિશે સભાન થાય છે અને તેને ઝીલવા, પોતાનામાં લઈ આવવા કે તેના સચેતન સાંનિધ્યમાં પ્રવેશવા શક્તિમાન બને છે, અને પોતાના સર્વોચ્ચ પ્રદેશોની પણ ઉપર આવેલી, આત્માની કક્ષાઓ અને શક્તિઓ વિશે પણ સભાન બને છે. તેને સત્‌ની (એટલે કે અસ્તિત્વમય ચેતનાની) અનંતતાનું, ચિત્‌ના (એટલે કે અપરિમેય ચેતનાની સમગ્ર શક્તિઓના) અનંત સાગરનું, આનંદના (એટલે કે અસ્તિત્વમય, સ્વયં–સંચાલિત પરમાનંદના) અનંત સાગરનું ભાન થાય છે. એમ પણ બને કે તેને આમાંની માત્ર આ કે તે વસ્તુનું જ ભાન થાય, કારણકે ઉચ્ચ અનુભૂતિમાં જે વસ્તુઓ પેલા પરમ "એક"ની અ-વિભાજ્ય શક્તિઓ છે તેને મન સ્પષ્ટ રીતે અલગ અને અસલ તત્ત્વો તરીકે જુદાં પાડી અને અનુભવી શકે છે; અથવા એમ પણ બને કે તે તેમને એક એવી ત્રિવેણી તરીકે કે તેમના સંગમ તરીકે અનુભવે કે જે તેમની એકતા પછીથી પ્રત્યક્ષ કે પ્રાપ્ત કરે. એમ પણ બને કે તેને તેનું ભાન પુરુષમાં પણ થાય યા પ્રકૃતિમાં પણ થાય. પુરુષમાં તે પરમાત્મા કે પરમ આત્મ–તત્ત્વ તરીકે, પરમ સત્‌ તરીકે કે એકમેવ અસ્તિત્વવાળા સત્‌ તરીકે, દિવ્ય પુરુષોત્તમ તરીકે પ્રત્યક્ષ થાય છે; અને વ્યક્તિરૂપ જીવ તેમાં કાલાતીત આત્મા તરીકે સંપૂર્ણ અદ્વૈત પ્રાપ્ત કરી શકે છે, અથવા તેનાં સાંનિધ્યને, અંતર્વ્યા-પકતાને કે ભેદને, જરા પણ અલગતા અનુભવ્યા વિના માણી શકે છે અને સક્રિય અનુભવ કરતી પ્રકૃતિના સંબંધમાં રહીને અસ્તિત્વના અદ્વૈતને તથા આનંદ–દાયક ભેદને પણ અવિભાજ્ય રીતે અને એકસાથે માણી શકે છે. તો પ્રકૃતિમાં, પરમાત્માનું સામર્થ્ય અને આનંદ આગળ આવે છે કે જેથી કરીને આ અનંત પુરુષ વિશ્વનાં પ્રાણીઓમાં અને વ્યક્તિઓમાં અને સ્વરૂપોમાં અને ખ્યાલોમાં અને શક્તિઓમાં પ્રગટ થાય, અને ત્યારે, પોતાનામાં અનંત અસ્તિત્વને ધારણ કરતી તથા વિશ્વની અદ્‌ભુતતાઓનું સર્જન કરતી દિવ્ય મહા-શક્તિ, આદ્યશક્તિ, પરા–પ્રકૃતિ આપણી સમક્ષ પ્રત્યક્ષ થાય છે. મનને આ મહાશક્તિના અપરિમેય સાગરનું ભાન થાય છે; અથવા એવું ભાન થાય છે કે તે મનથી ઉપરના ઊર્ધ્વ પ્રદેશમાં આવી રહેલી છે અને ત્યાંથી પોતાના-

માંથી જ કાંઈક એવું રેડી રહેલી છે કે જેથી આપણે જે કાંઈ છીએ, વિચારીએ છીએ, સંકલ્પો કરીએ છીએ, કર્મો કરીએ છીએ અને અનુભવીએ છીએ તે સર્વેની રચના થાય છે; અથવા તેને એવું ભાન થાય છે કે તે આપણી આજુબાજુ સર્વત્ર વ્યાપી રહેલી છે અને આપણું વ્યક્તિ-સ્વરૂપ એ આત્મ-શક્તિના સાગરનો એક તરંગ છે; અથવા એવું ભાન થાય છે કે તે આપણી અંદર વસેલી છે અને ત્યાં, આપણી હાલની પ્રકૃતિની રચનાનો આધાર લઈને, પણ ઊર્ધ્વમાંથી શરૂ કરેલાં અને આપણને આત્માની ઊર્ધ્વતર અવસ્થા-ઓમાં આરોહણ કરાવતાં, કર્મો કરી રહેલી છે. તો વળી મન તેની અનંતતા પ્રત્યે આરોહણ પણ કરી શકે છે અને તેને સ્પર્શી પણ શકે છે; અથવા સમાધિ-અવસ્થા ધારણ કરી તેનામાં લીન થઈ જઈ શકે છે, અથવા તેની વિશ્વ-વ્યાપકતામાં ભળી જઈ શકે છે; અને ત્યારે આપણું વ્યક્તિ-સ્વરૂપ અલોપ થઈ જાય છે ત્યારે કર્મોનું કેન્દ્ર આપણી અંદર રહેતું નથી, પણ આપણા દેહની બહાર ચાલ્યું જાય છે, અથવા તો ક્યાં ય રહેતું નથી; ત્યારે આપણી માનસિક પ્રવૃત્તિઓ આપણી પોતાની નથી રહેતી પણ વિશ્વમયતા-માંથી આ મન-પ્રાણ-દેહનાં માળખાંમાં દાખલ થાય છે, આગળ વધે છે અને કાંઈ જ છાપ રહેવા દીધા વિના પસાર થઈ જાય છે, અને આપણી જાતરૂપ આ માળખું પણ એની વિશ્વમય વિશાળતામાં એક તુચ્છ ઘટના બની રહે છે. પણ પૂર્ણયોગમાં જે પરિપૂર્ણતા સાધવાની છે તેમાં આપણે સર્વોચ્ચ આધ્યાત્મિક શક્તિ સાથે એકરૂપ તથા તેનાં વિશ્વમય કર્મોમાં એક-રૂપ બની રહેવાનું નથી, પણ આ મહાશક્તિની પૂર્ણતાને આપણી વ્યક્તિ-રૂપ જાતમાં તથા પ્રકૃતિમાં સાક્ષાત કરવાની છે અને સ્થાપી દેવાની છે. કારણકે પરમાત્મા એ પુરુષ તરીકે કે પ્રકૃતિ તરીકે, સચેતન જાત તરીકે કે સચેતન જાતની શક્તિ તરીકે, એક જ છે અને જેવી રીતે જીવ તરીકે, આત્માના તત્ત્વ તરીકે પરમપુરુષ સાથે એક જ છે, તે જ પ્રમાણે પ્રકૃતિ તરીકે, આત્માની શક્તિ તરીકે, પરમ-શક્તિ સાથે એક જ છે : परा प्रकृति जीव भूता ।. આ બેવડી એકતા સિદ્ધ કરવી એ સંપૂર્ણ આત્મ-પરિપૂર્ણતાની શરત છે. ત્યારે જીવ એ પરમપુરુષ અને પરા પ્રકૃતિના અદ્વૈતની લીલાનું મિલન-સ્થાન બની રહે છે.

આ પરિપૂર્ણતાને પહોંચવા માટે દિવ્ય શક્તિ પ્રત્યે જાગ્રત થવાનું છે, તેને નીચે ઉતારવાની છે, આપણા સમગ્ર તંત્રને ભરી દેવા માટે અને આપણી સર્વ પ્રવૃત્તિઓના દોર સંભાળવા માટે આપણી અંદર બોલાવી લાવવાની છે. ત્યારે નહિ રહે આપણાં કર્મોને પાર પાડવાનો પ્રયત્ન કરતા અલગ,

અંગત સંકલ્પો કે આગવી શક્તિ, કે નહિ રહે કર્તા તરીકેની નાની અંગત જાતનું, મનોમય, પ્રાણમય કે શારીરિક પ્રકૃતિની ત્રિગુણાત્મક નિમ્ન શક્તિનું, ભાન. ત્યારે દિવ્ય શક્તિ આપણને છલોછલ ભરી દેશે અને આપણી સર્વે આંતરિક પ્રવૃત્તિઓના, આપણા બાહ્ય જીવનના, આપણા યોગના અધ્યક્ષ-સ્થાને બિરાજશે અને તેમને પોતાના હાથમાં લઈ લેશે. તે આપણી મનોમય શક્તિને, પોતાની જ નિમ્ન રચનાને, પોતાના હાથમાં લેશે. અને તેને બુદ્ધિ, સંકલ્પો અને ચૈત્યસિક કર્મો માટેની શક્તિ તરીકેનાં તેનાં ઉચ્ચતમ, શુદ્ધતમ અને પૂર્ણતમ સ્વરૂપમાં પહોંચાડી દેશે. તે, આપણને હાલમાં હાંકતી મન-પ્રાણ-દેહની યાંત્રિક શક્તિઓને પોતાની જ જીવંત અને જાગ્રત શક્તિના અને સંનિધિના આનંદ-પૂર્ણ આવિર્ભાવમાં પલટી નાખશે. તે આપણામાં પ્રગટ થશે અને આપણું મન જે કોઈ વિવિધ આધ્યાત્મિક અનુભૂતિઓ ઝીલી શકશે તે સર્વેનો સુમેળ સાધશે. અને આ પરિવર્તનની પરાકાષ્ઠા તરીકે તે અતિમાનસિક પ્રકાશને મનોમય પ્રદેશોમાં નીચે ઉતારી લાવશે, મનના પદાર્થને અતિમનસના પદાર્થમાં પલટી નાખશે, સર્વે નિમ્ન શક્તિઓનું અતિમાનસિક પ્રકૃતિની શક્તિઓમાં રૂપાંતર કરી નાખશે અને આપણને આપણા વિજ્ઞાનમય સ્વરૂપમાં પહોંચાડી દેશે. દિવ્યશક્તિ પોતે પુરુષોત્તમના સામર્થ્ય તરીકે દેખા દેશે અને ઈશ્વર પોતે પોતાની અતિમાનસિક અને આધ્યાત્મિક શક્તિમાં, પોતાને પ્રગટ કરશે તથા આપણી જાતનો, કર્મોનો, જીવનનો અને યોગનો માલિક બની રહેશે.

પ્રકરણ : ૧૭

# દિવ્ય શક્તિનું કાર્ય

તો, દિવ્ય શક્તિ આવી જાતની છે : તે ભગવાનની એવી કાલાતીત શક્તિ છે કે જે વિશ્વની સર્વે ગતિઓ અને ક્રિયાઓનું સર્જન અને બંધારણ કરતી, તેમને પોષતી અને નિયંત્રિત કરતી એક વિશ્વ-વ્યાપી શક્તિ તરીકે કાલ-પ્રવાહમાં પોતાને પ્રગટ કરે છે. આ વિશ્વ-વ્યાપી શક્તિ શરૂઆતમાં આપણને અસ્તિત્વના નિમ્ન પ્રદેશોમાં એક એવી મનોમય, પ્રાણમય અને ભૌતિક વિશ્વ-શક્તિ તરીકે નજરે ચડે છે કે જેની ક્રિયાઓ એટલે જ આપણી સર્વે મનોમય, પ્રાણમય અને શારીરિક પ્રવૃત્તિઓ. આ સત્યને પુરેપૂરું સાક્ષાત કરવું એ સાધનામાં ખૂબ જરૂરી છે, કારણકે એમ કરવાથી જ આપણે આપણને મર્યાદિત રાખતી અહમ્-મય દૃષ્ટિમાંથી છૂટી શકીશું અને, જે પ્રદેશોમાં સામાન્ય રીતે અહમ્ જ સર્વ-સત્તાધીશ છે તેવા આ નિમ્ન પ્રદેશોમાં પણ આપણે આપણી જાતનો વિશ્વવ્યાપી વિસ્તાર સાધી શકીશું. કર્મોની શરૂઆત આપણે નથી કરતા પણ આ મહાશક્તિ જ કરે છે, હું, કે આપણે, કર્મોના કર્તા નથી પણ એકમાત્ર પ્રકૃતિ જ છે, એમ જાણવું એ જો કર્મયોગનો સિદ્ધાંત છે તો અહીં પણ એ એટલો જ સાચો સિદ્ધાંત છે. અહમ્-ભાવથી ઊભાં થાય છે : મર્યાદા, અલગતા, અને તીવ્ર ભેદ-ભાવ; તે વ્યક્તિત્વને પાકું ઘડે છે, અને નીચલી કક્ષાનાં જીવનનો વિકાસ કરવા માટે એ અનિવાર્ય પણ છે, — એટલા માટે તો તેની હયાતી છે. પણ દિવ્ય જીવનની ઊર્ધ્વ ભૂમિકામાં આપણે પહોંચવું હોય ત્યારે તો અહમના જોરને તોડવું જ પડે અને અંતમાં, તેમાંથી મુક્ત પણ બનવું જ પડે; જો નિમ્ન જીવનમાં અહમનો વિકાસ અનિવાર્ય હતો, તો હવે, ઊર્ધ્વ જીવન માટે તેનાથી ઊલટી ગતિ, એટલે કે અહમનો વિનાશ એ અનિવાર્ય જ છે. આપણાં કર્મોને આપણાં પોતાનાં નહિ પણ નિમ્ન પ્રકૃતિનું રૂપ લઈને, સચેતન અસ્તિત્વની નીચલી ભૂમિકામાં કાર્ય કરી રહેલી દિવ્ય શક્તિનાં કર્મો તરીકે જોવાથી આ જાતનું પરિવર્તન સાધવામાં સબળ સહાય મળે છે. અને જો આપણે એમ જોઈ શકીએ તો આપણી મનોમય, પ્રાણમય અને

શારીરિક ચેતના અને અન્ય જીવોની ચેતના વચ્ચેનો અલગતાનો પડદો પાતળો થતો જાય છે અને ફાટતો જાય છે; તેનાથી ઊભી થતી મર્યાદાઓ હજી ય રહે છે તો ખરી પણ તેની સીમાઓ વિશાળ થતી જાય છે અને તેમાં વિશ્વવ્યાપી કર્મ-પ્રવાહની વિશાળતાનું ભાન અને દૃષ્ટિ પ્રવેશતાં જાય છે; પ્રકૃતિએ ઊભા કરેલા, વિશિષ્ટતાવાળા અને વ્યક્તિત્વભર્યા ભેદભાવો હજી ય તેમનું નિર્મિત કાર્ય કરે છે ખરા પણ તે હવે એક કેદખાનું રહેતા નથી. બધા ભેદભાવો હોવા છતાં પણ હવે વ્યક્તિને એમ લાગે છે કે તેનું મન, જીવન અને શારીરિક અસ્તિત્વ એ બીજા લોકોની સાથે એક બનેલાં છે અને પ્રકૃતિમાં રહેલા પુરુષની શક્તિ સાથે પણ એક બનેલાં છે.

પણ તો ય એક વચગાળાની અવસ્થા છે, પૂરેપૂરી પરિપૂર્ણતા નથી. તેમાં આપણું અસ્તિત્વ, પહેલાંની સરખામણીમાં ગમે તેટલું વિશાળ અને મુક્ત બને છતાં નિમ્ન પ્રકૃતિને આધીન હોય છે. સાત્ત્વિક, રાજસિક અને તામસિક અહમ્ ઓછો થઈ ગયો છે, પણ દેશ-નિકાલ નહિ; તે અલોપ થઈ ગએલો લાગે તોપણ ત્રિગુણનું જે વિશ્વમય કાર્ય ચાલી રહ્યું હોય છે તેમાં રહેલા આપણા સક્રિય ભાગોમાં તે ઊંડે ઊતરી ગયો છે, તેમાં ભરાઈ રહ્યો હોય છે તથા તેમાં છૂપી અને અવચેતન રીતે કાર્ય કરતો હોય છે અને ત્યાંથી ગમે ત્યારે ઉપર ફૂટી આવી શકે છે. તેથી સાધકે સૌથી પહેલાં તો, આ સમગ્ર કર્મ-પ્રવાહની પાછળ સર્વ કોઈમાં એક જ આત્મા આવી રહ્યો છે એ વિચારને સ્થાપવાનો છે અને તેને સાક્ષાત કરવાનો છે. તેણે સમગ્ર પ્રકૃતિની પાછળ રહેલા પરમ અને વિશ્વવ્યાપી પુરુષ વિશે સભાન બનવાનું છે. સર્વ કાંઈ એકમાત્ર શક્તિની, પ્રકૃતિની સાકાર થવાની ક્રિયા છે એટલું જ નહિ પણ તેનાં બધાં જ કર્મો સર્વ-વ્યાપી ભગવાનનાં કર્મો છે, અહમ્ અને ગુણો દ્વારા બહાર આવતાં હોવાને લીધે તે ગમે તેટલાં ઢંકાઈ, બદલાઈ કે વિકૃત થઈ ગએલાં હોય—કારણકે નિમ્ન સ્વરૂપમાં પલટાવાને પરિણામે જ વિકૃતિ પેસે છે—તોપણ તેઓ, સર્વ કોઈમાં રહેલા એકમાત્ર નારાયણનાં જ કર્મો છે એમ તેણે જોવું અને અનુભવવું જોઈએ. આમ કરવાથી અહમ્‌નું છૂપું કે ખુલ્લું દબાણ હજી પણ ઓછું થશે અને, જો તેનો પૂરેપૂરો સાક્ષાત્કાર થશે તો, પ્રગતિના માર્ગમાં મુશ્કેલી કે અટકાયત કરવાની હદ સુધી માથું ઊંચકવાનું તેને માટે મુશ્કેલ કે અશક્ય બની જશે. અહં-ભાવ વચ્ચે આવશે તોપણ તે અંદર ઘૂસી આવતું એક પરાયું તત્ત્વ બની રહેશે, ચેતના અને તેની ક્રિયાઓની સરહદને વળગી રહેલ જૂની અજ્ઞાનતા-રૂપી ધુમ્મસનું માત્ર એક છૂંછું બની રહેશે. અને બીજી વાત એ

કે સાધકે વિશ્વવ્યાપી મહાશક્તિનો સાક્ષાત્કાર કરવાનો છે, તેનાં, ઊર્ધ્વ કર્મો અને અતિમાનસિક અને આધ્યાત્મિક કાર્યો કરતાં, સમર્થ અને શુદ્ધ સ્વરૂપને જોવાનું અનુભવવાનું અને ધારણ કરવાનું છે. મહા-શક્તિનાં આ મહાન દર્શન વડે આપણે ગુણોની આધીનતામાંથી મુક્ત બની શકીશું, તેમને તેમનાં દિવ્ય સ્વરૂપોમાં પલટી શકીશું અને એક એવી ચેતનામાં નિવાસ કરી શકીશું કે જ્યાં પુરુષ અને પ્રકૃતિ એકરૂપ હશે, એકબીજાથી અલગ કે છુપાએલાં અથવા એકબીજાને ઢાંકતાં નહિ હોય. ત્યાં મહાશક્તિ તેની દરેકેદરેક ગતિમાં આપણી સમક્ષ થતી હશે તથા, સ્વાભાવિક રીતે, સહજ રીતે, ટાળી ના ટળાય તેવી રીતે તે, બીજું કાંઈ નહિ પણ ભગવાનની સક્રિય સંનિધિ તરીકે પરમાત્માનાં અને પરમ આત્મ-તત્ત્વનાં સાકાર સામર્થ્ય તરીકે અનુભવવાની રહેશે.

આ ઊર્ધ્વ કક્ષાએ મહા-શક્તિ અનંત સત્, ચિત્, તપસ્ અને આનંદની સંનિધિ કે શક્યતા તરીકે દેખા દે છે; અને એ એકવાર એમ દેખાય કે અનુભવાય એટલે આપણી જાત ગમે તે રીતે પણ તેના પ્રત્યે વળે જ છે—, વ્યક્તિભાવથી કે અભીપ્સા-ભર્યા સંકલ્પથી કે મહિમાવંત પ્રત્યે ક્ષુદ્રતાને થતા કોઈક જાતના આકર્ષણથી, તેમ જ તેને જાણવા માટે, તેને પામવા અને તેનાથી પકડાવા માટે તથા સમગ્ર પ્રકૃતિનું તેની સાથે સભાન રીતે અને સક્રિયતાથી અદ્વૈત સાધવા માટે. પણ આપણે હજી મન-નિવાસી જ હોઈએ એવી પ્રારંભિક સ્થિતિમાં તેની અને આપણી વચ્ચે ભેદભાવની ખાઈ હોય છે, અથવા તો દ્વિમુખી કાર્ય ચાલતું હોય છે. આપણામાં રહેલી મનોમય, પ્રાણમય અને ભૌતિક શક્તિ તથા આ વિશ્વ એ બંને આ પરમ શક્તિમાંથી જ ઊતરી આવેલાં લાગે તો છે, પણ સાથે સાથે તે એક નીચલી કક્ષાનો, અલગ થઈ ગએલો અને એક રીતે તો એક બીજો જ કાર્ય-પ્રદેશ લાગે છે. સાચી આધ્યાત્મિક શક્તિ પોતાના સંદેશાઓને અથવા આપણી ઉપર રહેલી પોતાની સંનિધિના પ્રકાશ અને સામર્થ્યને આપણી નિમ્ન ભૂમિકામાં નીચે મોકલે પણ ખરી, અથવા તે પોતે જ અવાર-નવાર નીચે આંટો મારી જાય કે એકાદ વાર આપણો કબજો પણ લઈ જાય ખરી; પણ એવે વખતે તે નિમ્ન કાર્ય-પ્રવાહમાં ભળી ગએલી હોય છે, અને તેનું જરાતરા રૂપાંતર કરે કે તેને થોડોઘણો આધ્યાત્મિક બનાવે તે છતાં તે પોતે ત્યારે આછી-પાતળી બની જાય છે, અને બદલાઈ પણ જાય છે. ત્યારે ઊર્ધ્વ કાર્ય તૂટક તૂટક થાય છે અને પ્રકૃતિ દ્વિ-મુખી કાર્ય કરે છે. અથવા, મહાશક્તિ આપણને થોડી વાર ઊર્ધ્વ આધ્યાત્મિક પ્રદેશોમાં ઉઠાવી જાય છે અને ફરી પાછી નીચેની ભૂમિકામાં મૂકી દે છે

એવો અનુભવ પણ થાય છે. આવા પલટાઓને, સામાન્ય જાતનું આધ્યાત્મિક જાતમાં રૂપાંતર કરવાની પ્રક્રિયામાં કરવી પડતી, સ્વાભાવિક ભરતીઓટ તરીકે જ સ્વીકારવાની છે. જ્યાં સુધી મનોમય અને આધ્યાત્મિક કાર્યની વચ્ચે એક કડી બંધાઈ ના જાય અને આપણી સર્વે પ્રવૃત્તિઓમાં ઊર્ધ્વ જ્ઞાન કામે લાગી ના જાય ત્યાં સુધી પૂર્ણયોગે ઝંખેલું રૂપાંતર અને પરિપૂર્ણતા સંપૂર્ણ થયાં ના ગણાય. એ કડી એટલે અતિમાનસિક કે વિજ્ઞાનમય શક્તિ કે જેમાં પરમ સત્, ચિત્ અને આનંદની ગણનાતીત, અનંત શક્તિ, સુવ્યવસ્થા સ્થાપનારા એક દિવ્ય તપસ્ અને પ્રજ્ઞા તરીકેનું અને સર્વે વિચારો, સંકલ્પો, લાગણીઓ અને કર્મોની નવરચના કરનારા, તથા વ્યક્તિગત જ્ઞાન અને શક્તિને સ્થાને આવી બેસનારા પ્રકાશ અને સામર્થ્ય તરીકેનું સ્વરૂપ ધારણ કરે છે.

આ અતિમાનસિક શક્તિ ખુદ આપણા મનની અંદર પણ આધ્યાત્મિકના પાસવાળાં, સ્ફુરણાત્મક પ્રકાશ અને સામર્થ્ય બની રહે એ શક્ય છે, (તેનું આ આધ્યાત્મિક કાર્ય ઘણું જ મહાન હોવા છતાં તે મન વડે મર્યાદિત બનેલું છે); અથવા તો એમ પણ બને કે તે આપણા સમગ્ર મનનું રૂપાંતર કરે અને આપણી સમગ્ર જાતને અતિમનસના સ્તર સુધી ઊંચે ઉઠાવે. આ બધું છતાં યોગની આ ભૂમિકા દરમિયાન પ્રથમ જરૂરિયાત એ છે કે: "હું છું" એવી અહંતાને, તથા પોતાનામાં આગવી કાર્ય-શક્તિ છે, પોતે કર્મોનો આરંભ કરી શકે છે અને કર્મોના પરિણામ પર કાબૂ રાખી શકે છે એવા અહં-ભાવ અને અહં-ભાનનો ત્યાગ કરવો, અને તેમનો એવી વિશ્વ-વ્યાપી મહાશક્તિનાં ભાન અને દર્શનમાં લય કરી દેવો કે જે આપણાં અને બીજાઓનાં અને વિશ્વમાંની દરેક વ્યક્તિ અને શક્તિનાં કર્મોનો આરંભ કરે છે, તેમને આકાર આપે છે અને પરિણામ પ્રત્યે દોરી જાય છે. અને આ સાક્ષાત્કાર આપણા સર્વે ભાગોમાં સંપૂર્ણ અને નિરપેક્ષ તો માત્ર ત્યારે જ બનવાનો કે જ્યારે તેના વિશેની આ સભાનતા અને દર્શનને, તથા તેનાં સર્વે સ્વરૂપોને, આપણે આપણા તેમ જ વિશ્વના સર્વે સ્તરો પર, ભગવાનની ભૌતિક, પ્રાણમય, માનસિક અને અતિમાનસિક શક્તિ તરીકે સ્થાપી શકીએ; પણ બધા જ સ્તર પરની આ બધી જ શક્તિઓને, સત્ય-મયી, ચિન્મયી, આનંદમયી, અનંત, આધ્યાત્મિક પરમ-શક્તિ તરીકે જોવી અને જાણવી અનિવાર્ય છે. એવો કોઈ અચળ નિયમ નથી કે આ શક્તિએ પહેલાં તો નિમ્ન સ્તરો પર નિમ્ન સ્વરૂપની શક્તિઓ તરીકે આવિર્ભાવ પામવો જોઈએ અને તે પછી જ તે પોતાનું ઊર્ધ્વ,

આધ્યાત્મિક સ્વરૂપ પ્રગટ કરી શકે, (અને જો તે એ પ્રમાણે માનસિક, પ્રાણમય, કે ભૌતિક વિશ્વમયતા તરીકે આવી જ ચડે તોપણ, આપણે સાવચેત રહેવાનું છે કે આપણે એટલાથી જ સંતોષ ના માની બેસીએ); ઊલટાની, તે સીધી જ પોતાના ઊર્ધ્વ સત્ય-સ્વરૂપે, પોતાની આધ્યાત્મિક ઝળહળાટભરી શક્તિ-સ્વરૂપે આવી ચડે એમ પણ બને. જો એમ બને તો, જ્યાં સુધી નિમ્ન સ્તરો પરની શક્તિઓને તે પકડમાં ના લે અને તેમનું રૂપાંતર કરી ના નાખે ત્યાં સુધી આ પરમ શક્તિને સહન કરવી અને ધારણ કરવી એ અતિ કપરું કામ થઈ પડે છે. પણ આપણે વિશાળ શાંતિ અને સમતાને જેટલાં પ્રાપ્ત કર્યાં હશે અને, કાં તો શાંત, અક્ષર આત્માનો સાક્ષાત્કાર અને અનુભવ કર્યો હશે અને તેમાં જીવન ધારણ કરી શકતા હોઈશું, અથવા આપણા યોગના માલિક, યોગેશ્વર ભગવાનને આપણી જાતનું સાચું અને સંપૂર્ણ સમર્પણ કરી શકયા હોઈશું તેટલા પ્રમાણમાં આ અતિ કપરું કામ સહેલું થશે.

હવે આ ઠેકાણે એક એવી વાત આવે છે કે જેને હમેશાં ધ્યાનમાં રાખવી જરૂરી છે; એ છે, બધાં જ જીવંત પ્રાણીઓમાં હાજર રહેલી, અને ગણતરીમાં લેવી જ પડે તેવી, ભગવાનની ત્રણ શક્તિઓ. આ ત્રણ શક્તિઓ આપણી સામાન્ય ચેતનામાં નીચેનાં ત્રણ સ્વરૂપે દેખાય છે: આપણી જાત, અહમ્-રૂપે રહેલો જીવ; ઈશ્વર (પછી ભલેને આપણે તેના વિશે ગમે તે ખ્યાલ રાખતા હોઈએ); અને પ્રકૃતિ. આધ્યાત્મિક અનુભૂતિમાં ઈશ્વર આપણને પુરુષોત્તમ તરીકે, પરમાત્મા તરીકે, અથવા આપણે જેમાંથી અવતરેલા છીએ, જેમાં જીવીએ છીએ અને હરીએફરીએ છીએ એવા પરમપુરુષ તરીકે, પુરુષોત્તમ તરીકે દેખાય છે. પ્રકૃતિ, તેની શક્તિ તરીકે અથવા શક્તિ-રૂપ ઈશ્વર તરીકે, આપણામાં અને જગતમાં કાર્ય કરી રહેલી શક્તિમાં રહેલા પરમાત્મા તરીકે દેખાય છે. આ અનુભૂતિ થતાં, જીવ પોતે આ જ પરમ-પુરુષ, પરમાત્મા, ભગવાન, સોऽહમ્ બની રહે છે; કારણકે અસ્તિત્વ અને ચેતનાના તત્ત્વ તરીકે તે તેની સાથે એકરૂપ હોવા છતાં પણ વ્યક્તિ તરીકે તો ભગવાનનો માત્ર એક અંશ છે, પરમાત્મામાંથી બનેલો આત્મા છે, અને પ્રાકૃત સ્વરૂપે શક્તિનું એક સ્વરૂપ, ઈશ્વરની સક્રિય શક્તિ, જીવ બનેલ પરા પ્રકૃતિ (परा प्रकृति र्जीवभूता) છે. આપણે ઈશ્વર વિશે કે શક્તિ વિશે સભાન થઈએ એટલે તેમની સાથેના આપણા સંબંધમાં પહેલવહેલી ઊભી થતી મુશ્કેલીઓ અહમ્-મય ચેતનામાંથી આવે છે અને આપણે તેને આધ્યાત્મિક સંબંધમાં આગળ લાવીએ છીએ. આપણામાં રહેલી અહંતા ભગવાન

સામે, આધ્યાત્મિક સિવાયના હક્ક-દાવા ઊભા કરે છે; આ હક્ક-દાવાઓ એક રીતે તો કાયદેસર જ છે, પણ જ્યાં સુધી અને જેટલે અંશે તે અહમ્‌ની રીતે રજૂ થાય છે ત્યાં સુધી અને તેટલે અંશે, તેઓ ખૂબ ગ્રામ્ય અને મોટી વિકૃતિઓથી ભરેલા હોઈ શકે છે, તથા તેમાં જૂઠાણાં, અનિચ્છનીય પ્રતિકારો અને તેનાં અનુગામી દૂષણોનો ભાર ભરાઈ પડે છે. આ દાવાઓ જ્યારે આધ્યાત્મિક દાવાના ભાગરૂપ બની જાય અને તેમની અહંભરી ખાસિયત ચાલી જાય ત્યારે જ આપણો સંબંધ પૂરેપૂરો સાચો, સુખકારક અને સંપૂર્ણ બને છે. અને હકીકત તો એમ છે કે ભગવાન પરનો આપણો હક્ક સો ટકા તો માત્ર ત્યારે જ પાર પડી શકે છે કે જ્યારે એ હક્ક જરા પણ હક્ક નથી રહેતો પણ ઊલટાનો, વ્યક્તિ દ્વારા પાર પડતો, ભગવાનનો હેતુ બની રહે છે, જ્યારે આપણને માત્ર એટલાથી જ સુખ થાય છે, જ્યારે તેની સાથેની એકતાના આનંદ માત્રથી આપણને સંતોષ થાય છે, જ્યારે પરમાત્માની, આપણા અસ્તિત્વના સ્વામીની પૂર્ણ પ્રજ્ઞા અને જ્ઞાને જે કાંઈ સંકલ્પ કર્યો હોય તે સંકલ્પને, આપણી દિન-પ્રતિદિન પરિપૂર્ણતા સાધી રહેલી પ્રકૃતિ દ્વારા પાર પાડવાનું ભગવાનને સોંપી દેવામાં આપણે કૃતાર્થતા અનુભવીએ છીએ. અને આત્મ-સમર્પણનો, ભગવાનને કરાતા વ્યક્તિના સમર્પણનો અર્થ પણ આ જ છે. તેમાં એકતાથી મળતા આનંદ માટેનો, દિવ્ય ચેતના, પ્રજ્ઞા, જ્ઞાન, પ્રકાશ, સામર્થ્ય, પરિપૂર્ણતા એ બધાંમાં ભાગ લેવા માટેનો, આપણી અંદર ભગવાનના હેતુને સાર્થક કરવાથી થતા સંતોષ માટેનો સંકલ્પ કોરાણે મુકાતો નથી પણ એ સંકલ્પ અને અભીપ્સા આપણાં પોતાનાં રહે છે, અને તે એટલા માટે કે આપણી અંદર એ તેનો જ સંકલ્પ હોય છે. શરૂઆતમાં જ્યાં સુધી આપણા આગવા વ્યક્તિત્વ માટેનો આગ્રહ આપણામાં હજી ટકી રહ્યો હોય છે ત્યાં સુધી માત્ર એ સંકલ્પને એ માત્ર ઝીલતો જ હોય છે, પણ ધીમે ધીમે તેની સાથે તેની અભેદતા વધતી જાય છે અને અંગતતા ઘટતી જાય છે અને અંતે અલગતાના સર્વે ઓછાયા અદૃશ્ય થઈ જાય છે, કારણકે આપણામાં રહેલી સંકલ્પ-શક્તિ દિવ્ય તપસ્ સાથે દિવ્ય મહાશક્તિના કાર્ય સાથે એકરૂપ બની ગઈ હોય છે.

અને એ જ પ્રમાણે આપણે જ્યારે આપણી ઉપર, કે આજુબાજુ કે આપણી અંદર આવી રહેલી અનંત મહાશક્તિ વિશે પહેલી જ વાર સચેતન થઈએ ત્યારે આપણી અંદર રહેલ અહંભાવનો આવેગ તેને પણ પકડમાં લેવાનો જ, અને વધી ગએલી આ તાકાતને આપણા અહં-ભર્યા હેતુઓને ખાતર કામમાં લેવાનો. આ એક અતિ ખતરનાક વસ્તુ છે, કારણકે તેની

સાથે પ્રબળ તાકાતનું, કેટલીક વાર તો અસુર-શી તાકાતનું ભાન અને તેની સ-વિશેષ હાજરીની પ્રત્યક્ષતા થાય છે, અને આ નવાં પ્રચૂર સામર્થ્યના ભાનથી ખુશ થએલો રાજસિક અહમ્, વિશુદ્ધ થવાની અને રૂપાંતર પામવાની વાટ જોવાને બદલે ઉગ્ર અને અશુદ્ધ કર્મોમાં કૂદી પડે એમ બને; અને એમ પણ બને કે પોતાને મળેલાં આ સામર્થ્યને ભગવાનના નહિ પણ પોતાના જ હેતુને પાર પાડતા એક સ્વાર્થી અને અહંકારી અસુર તરીકે આપણને, કોઈક વાર અને કેટલેક અંશે, પલટી નાખે; અને જો એ જ રસ્તાને વળગી રહ્યા તો અંતે એક જ અંજામ આવવાનો : આધ્યાત્મિક અધોગતિ અને ભૌતિક વિનાશ અને પોતાને પ્રભુનું કરણ માની બેસવું એ પણ કાંઈ યોગ્ય ઉપાય નથી; કારણકે જોરદાર અહમ્ જેવો વચમાં માથું મારે કે તરત જ તે આધ્યાત્મિક સંબંધને ઊલટો કરી નાખે છે અને પોતાને પ્રભુનાં કરણ બનાવવાનાં ઓઠાં નીચે, હકીકતમાં તો પ્રભુને જ પોતાનું કરણ બનાવવા મથે છે. તેનો એકમાત્ર ઉપાય એ કે દરેક જાતના અહમ્-પ્રધાન દાવાઓને શાંત કરી દેવા, અંગત યત્નો અને વ્યક્તિગત મથામણો (કે જેનાથી સાત્ત્વિક અહમ્ પણ મુક્ત નથી રહી શકતો) તેમને ખંત-પૂર્વક ઓછાં કરતાં જવાં અને, મહાશક્તિનો કબજો લઈ તેને આપણા હેતુને ખાતર કામમાં લેવાને બદલે ઊલટાનો મહાશક્તિને આપણો કબજો લેવા દેવો અને તેને, ભગવાનના હેતુને ખાતર, આપણો ઉપયોગ કરવા દેવો. આ વસ્તુ એકસામટી જ, સંપૂર્ણ-પણે પાર પાડી શકાતી નથી (અને, જો આપણે વિશ્વમય શકિતના માત્ર નિમ્ન સ્વરૂપ વિશે જ સભાન હોઈએ તો એમ કરવું સલામત પણ નથી, કારણકે એમ હોય તો અગાઉ જણાવ્યા પ્રમાણે કાં તો મનોમય પુરુષનો, કે પછી બીજો કોઈ, ઊર્ધ્વ કાબૂ હોવો અનિવાર્ય છે), તેમ છતાં તે લક્ષ્યને સતત નજર સમક્ષ રાખવાનું જ છે. અને દિવ્ય મહાશક્તિની સર્વોચ્ચ, આધ્યાત્મિક સંનિધિ અને સ્વરૂપ વિશે જ્યારે આપણે સતત સચેતન બની શકીએ ત્યારે જ તે સંપૂર્ણપણે પાર પાડી શકાય છે. હકીકતમાં તો, વ્યક્તિ તરીકેનાં આપણાં સમસ્ત કર્મોનું મહાશકિતને સમર્પણ કરવું એ પણ ભગવાનને કરવાના સાચા આત્મ-સમર્પણનું જ એક સ્વરૂપ છે.

આપણે એ તો જોયું જ છે કે વિશુદ્ધિ માટેની એક અતિ અસરકારક રીત એ છે કે મનોમય પુરુષે પાછા હઠી જવું, નિષ્ક્રિય સાક્ષીરૂપ બની રહેવું અને પોતાની જાતને તેમ જ નિમ્ન અને સામાન્ય જાતમાં થતી પ્રકૃતિની ક્રિયાઓને અવલોકવી અને સમજવી. પણ પરિપૂર્ણતા પામવા માટે

આની સાથે સાથે, વિશુદ્ધ બનેલી પ્રકૃતિને ઊર્ધ્વ આધ્યાત્મિક પુરુષમાં ઊંચે ચડાવવાનો સંકલ્પ પણ રાખવો જ પડશે. એમ કરવાથી પુરુષ એ માત્ર એક સાક્ષી જ નથી રહેતો પણ પ્રકૃતિનો સ્વામી, ઈશ્વર પણ બની જાય છે. પહેલી નજરે એ નથી સમજાતું કે સક્રિય સ્વામિત્વના આ આદર્શનો તેનાથી ઊલટા જણાતા આત્મ–સમર્પણના, અને દિવ્ય શક્તિને સંમતિ આપ્યે જતા કરણ બનવાના આદર્શ સાથે કેવી રીતે મેળવવો. પણ હકીકતમાં, આધ્યાત્મિકતાના પ્રદેશ પર આવી કોઈ મુશ્કેલી નથી રહેતી. જીવ જેટલે અંશે, પોતાના જ પરમ આત્મ–સ્વરૂપ પરમાત્મા સાથે એકતા પ્રાપ્ત કરે તેટલે જ અંશે તે સાચેસાચું સ્વામિત્વ, ઈશ્વરત્વ ધારણ કરી શકે છે. અને જ્યારે એ એકતા તથા વિશ્વ સાથેની એકરૂપતા પ્રાપ્ત કરે ત્યારે, તે એક વિશ્વમય પુરુષ તરીકે, પ્રકૃતિનાં સર્વે કાર્યોનું નિયંત્રણ કરતી સંકલ્પ–શક્તિ સાથે પણ એકરૂપ બની જ રહે છે. પણ વ્યક્તિરૂપ કર્તા તરીકે તો તે, વધારે પ્રત્યક્ષ રીતે ( અને ઓછી પરાત્પર રીતે ) ભગવાનનો જ અંશ છે; અને તેથી, પોતે જેને આત્મ–સમર્પણ કર્યું છે તેના, પ્રકૃતિ ઉપરના, સ્વામિત્વમાં પણ તે ભાગ લેતો હોય છે. અને ખુદ કરણ તરીકે પણ એ એક જડ યાંત્રિક કરણ નહિ પણ સચેતન કરણ હોય છે. તો વળી, પુરુષ તરીકે તો ભગવાન સાથે એનું અદ્વૈત છે અને તેથી ઈશ્વર તરીકેના દિવ્ય સ્વામિત્વમાં પણ તે ભાગ લેતો હોય છે. અને તેના પ્રકૃતિ સ્વરૂપની નજરે જોતાં, તેની વિશ્વમયતામાં, ભગવાનની શક્તિ સાથે તેનું અદ્વૈત છે અને વ્યક્તિમયતામાં તે વિશ્વમય દિવ્ય શક્તિનું કરણ છે, કારણકે વિશ્વમય શક્તિના હેતુને પાર પાડવા માટે તેનામાં વ્યક્તિરૂપ બનેલ શક્તિ હાજર રહેલી છે. આપણે જોઈ ગયા કે જીવ એ પુરુષ અને પ્રકૃતિરૂપ ભગવાનનાં દ્વિ-મુખી સ્વરૂપની લીલાનું મિલન–સ્થાન છે; અને એ જ્યારે ઊર્ધ્વ આધ્યાત્મિક ચેતનામાં જાય છે ત્યારે આ બંને સ્વરૂપોની સાથે, એકસાથે એકરૂપ બની રહે છે, અને, તેમનાં પરસ્પરનાં કાર્યને પરિણામે ઊભા થતા સર્વે સંબંધોને સ્વીકારે છે અને સંયુક્ત રીતે સાચવે છે. આને જ લીધે આત્મ–સમર્પણ અને સક્રિયતાનું દ્વિ–ભાવી વલણ શક્ય બને છે.

જોકે મનોમય પુરુષ તરીકેની નિષ્ક્રિયતાનો માર્ગ લીધા વિના પણ, એવા યોગમાર્ગથી આ જ પરિણામ લાવી શકાય છે કે જેમાં સક્રિયતાનો મક્કમ અને આગળ પડતો સ્વીકાર હોય. અથવા તો આ બંને પદ્ધતિને જોડી પણ શકાય છે, અવારનવાર આનો કે તેનો સ્વીકાર કરી શકાય છે અને અંતે તેમને એકબીજામાં ભેળવી દઈ પણ શકાય છે. અને એમ કરવાથી

આધ્યાત્મિક કર્મોનો પ્રશ્ન વધારે સરળ બની જાય છે. આ કર્મ-પ્રધાન રીતની ત્રણ ભૂમિકાઓ છે. પહેલી ભૂમિકામાં જીવ પરમ શક્તિ વિશે સભાન હોય છે, તેના સામર્થ્યને પોતાનામાં ધારણ કરતો હોય છે અને પોતે માત્ર એક મદદનીશ કર્તા હોય, કર્મમાં પોતાની જવાબદારી ગૌણ હોય એવાં ભાનથી – શરૂઆતમાં તો માત્ર પરિણામ પૂરતી જ જવાબદારી હોય એવાં ભાનથી – તેનાં સામર્થ્યનો, તેની જ દોરવણી નીચે ઉપયોગ કરતો હોય છે; પણ પછી તે ભાન ચાલ્યું જાય છે કારણકે પરિણામ તો ઊર્ધ્વ શક્તિએ નક્કી કરી રાખેલું છે તે સમજાય છે; અને કર્મ પણ અમુક અંશે જ પોતાનું હોય એમ લાગે છે. પછી સાધકને એમ લાગે છે કે તે વિચાર, સંકલ્પ અને કર્મ કરે છે ખરો, પણ દિવ્ય શક્તિ પાછળની બાજુએ હાજર છે અને પોતાના વિચારો, સંકલ્પો, લાગણીઓ અને કર્મોનું સંચાલન કરી રહી છે અને તેમને આકાર આપી રહી છે; અંગત શક્તિ એક રીતે તેની પોતાની છે ખરી, તોપણ તે વિશ્વવ્યાપી દિવ્ય શક્તિનું એક સ્વરૂપ અને સાધનમાત્ર જ છે. એવે વખતે એ શક્તિનો સ્વામી, શક્તિનાં કાર્યની ઓથે કેટલોક સમય સંતાઈ રહે એમ પણ બને, અથવા એમ પણ બને કે એ ઈશ્વર અવારનવાર અથવા સતત રીતે પોતાની સામે પ્રગટ રહેલો હોવાનું ભાન પણ તેને થાય. અને જો એવું બને તો, એવે વખતે પણ તેની ચેતના સમક્ષ ત્રણ વસ્તુઓ હાજર હોય છે : ઈશ્વરના એક સેવકરૂપે એ પોતે; સામર્થ્ય પૂરું પાડતી, કર્મોને આકાર આપતી, પરિણામોને સાકાર કરતી, પાછળ રહેલી મહાસમર્થ મહાશક્તિ; અને ઊર્ધ્વમાં રહીને પોતાના સંકલ્પ વડે સમસ્ત કર્મોને નક્કી કરતો ઈશ્વર.

બીજી ભૂમિકામાં વ્યક્તિભૂત કર્તા તરીકેનું ભાન ચાલ્યું જાય છે, તેમ છતાં, તે એક શાંતિભરી નિષ્ક્રિયતા જ નથી બની રહેતી. એવે વખતે સક્રિય કર્મ પૂરેપૂરું થતું પણ હોય, પણ એ બધું કરનાર હોય છે મહાશક્તિ. તેની જ જ્ઞાનશક્તિ મનમાં વિચારરૂપે સાકાર થતી હોય છે; સાધક પોતે વિચાર કરે છે એમ લાગવાને બદલે મહાશક્તિ જ તેનામાં આવી વિચાર કરી રહી છે એવું ભાન થાય છે. એ જ પ્રમાણે સંકલ્પો, લાગણીઓ અને કર્મો એ બધાં પણ બીજું કાંઈ જ નહિ પણ, તદ્દન પાસે રહીને અને સર્વ તંત્રો પર સંપૂર્ણ કબજો જમાવીને કાર્ય કરતી મહાશક્તિની જ રચનાઓ, ક્રિયાઓ અને પ્રવૃત્તિઓ બની રહે છે. સાધક વિચારતો નથી; સંકલ્પો કે કર્મો કરતો નથી, પણ વિચારો, લાગણીઓ, સંકલ્પો અને કર્મો તેનાં તંત્રોમાં થઈ રહ્યાં હોય છે. કર્મો સંબંધમાં, હવે વ્યક્તિ, વિશ્વમય શક્તિમાં એકરૂપ બનીને

અદૃશ્ય થઈ ગઈ છે; તે હવે, દિવ્ય શક્તિનો વ્યક્તિભૂત કર્મ-પ્રવાહ અને આકાર માત્ર બની રહે છે. તેને હજી પોતાના અંગત અસ્તિત્વનું ભાન હોય છે ખરું, પણ તે અસ્તિત્વ એટલે જ પેલો પુરુષ કે જે સમગ્ર કર્મ-પ્રવાહને આધાર આપે છે અને અવલોકે છે, પોતાના આત્મજ્ઞાન દ્વારા તેના વિશે સભાન રહે છે અને એક ભાગીદાર બનીને પોતાની અંદર ઈશ્વરનાં કાર્યો અને સંકલ્પોને દિવ્ય શક્તિ દ્વારા થવા દે છે. એવે વખતે શક્તિનો સ્વામી કેટલીક વાર શક્તિનાં કર્મો આડે સંતાએલો રહે છે, તો કેટલીક વાર તેમનું નિયંત્રણ કરતો અને તેમને પાર પાડવાનું દબાણ કરતો જણાય છે. અહીંયાં પણ ચેતના સમક્ષ ત્રણ બાબતો હાજર હોય છે : માનવરૂપી કરણમાં ઈશ્વરનાં જ્ઞાન, વિચાર, સંકલ્પ, લાગણી અને કર્મોને પાર પાડતી મહાશક્તિ; તેનાં સર્વે કર્મોનું નિયંત્રણ કરતો અને તેમને આગળ વધારવાની ફરજ પાડતો ઈશ્વર, અસ્તિત્વનો સ્વામી; અને મહાશક્તિનાં વ્યક્તિમય કર્મોનો તથા એ કર્મો દ્વારા ઊભા થતા ઈશ્વર સાથેના સંબંધોનો ઉપભોગ કરતા પુરુષ તરીકેની, આત્મા તરીકેની, આપણી જાત. આ સાક્ષાત્કારનું એક બીજું સ્વરૂપ પણ છે કે જેમાં જીવ મહાશક્તિમાં અલોપ, અને તેની સાથે એકરૂપ, થઈ જાય છે; અને ત્યારે રહે છે માત્ર શક્તિની, ઈશ્વર સાથેની, મહાદેવ અને કાલિની, કૃષ્ણ અને રાધાની, દેવ અને દેવીની લીલા. અને આ જ છે જીવને થતા પ્રકૃતિના એક આવિર્ભાવ તરીકેના परा प्रकृतिर्जीवभूता ના, ઈશ્વરની સત્તાના એક સામર્થ્ય તરીકેના, સાક્ષાત્કારોમાંનો વધારેમાં વધારે ગાઢ સાક્ષાત્કાર.

અને જ્યારે ઈશ્વરનો આવિર્ભાવ આપણી સમસ્ત જાતમાં તથા કર્મોમાં વધવા માંડે ત્યારે ત્રીજી ભૂમિકા શરૂ થાય છે; આપણે તેના વિશે જ્યારે સતત અને વગર - અટકયે સચેતન થઈએ ત્યારે આમ બને છે. તેનો આપણને આપણી અંદર આપણી જાતના સ્વામી તરીકે, તો આપણી ઉપર તેનાં જ સર્વે કાર્યોના નિયંતા તરીકે અનુભવ થાય છે, અને આ કાર્યો આપણી સમક્ષ, જીવમાં થતા તેના આવિર્ભાવો માત્ર બની રહે છે. આપણી સમગ્ર ચેતના તેની જ ચેતના, આપણું સમસ્ત જ્ઞાન તેનું જ જ્ઞાન, આપણા બધા જ વિચારો તેના જ વિચારો, આપણા સર્વે સંકલ્પો તેના જ સંકલ્પો, આપણી સર્વે લાગણીઓ તેનો જ પરમાનંદ તેમ જ તેના જ અસ્તિત્વના આનંદનાં સ્વરૂપો, તથા, આપણાં સર્વે કર્મો તેનાં જ કર્મો બની રહે છે. શક્તિ અને ઈશ્વર વચ્ચેનો ભેદ અદૃશ્ય થવા માંડે છે; રહે છે માત્ર, આપણી અંદર થતી ભગવાનની સચેતન પ્રવૃત્તિ તથા એ પ્રવૃત્તિની પાછળ અને આજુબાજુ આવી રહેલું તેમ જ તેને ધારણ કરતું ભગવાનનું પુરુષોત્તમ સ્વરૂપ; સમસ્ત જગત

અને પ્રકૃતિ માત્ર તેના જ મય દેખાય છે—પણ હવે તે સંપૂર્ણ સચેતન હોય છે—, અહમ્‌રૂપી માયા ચાલી ગઈ હોય છે; અને હવે જીવ બની રહ્યો હોય છે ઈશ્વરનો સનાતન અંશ કે જે ભગવાનની, વ્યક્તિ-સ્વરૂપો બનવાની લીલાને આધાર આપવા બહાર આવેલો હોય છે, અને જે, પરમાત્માનો પૂર્ણ આનંદ તેનામાં પ્રગટ થયો હોવાથી હવે, ભગવાનની સંપૂર્ણ સંનિધિ અને સામર્થ્ય વડે, સાર્થક બની રહ્યો હોય છે. આ જ છે સક્રિય અદ્વૈતની પરિપૂર્ણતાનો પાયો અને આનંદનો સર્વોચ્ચ સાક્ષાત્કાર; કારણકે તેનાથી ઉપર તો હવે માત્ર અવતારની જ ચેતના, એટલે કે લીલામાં સક્રિય થવા માટે માનવીય નામ અને રૂપ ધારણ કરતો ઈશ્વર પોતે જ બાકી રહે છે.

## પ્રકરણ : ૧૮

# શ્રદ્ધા અને શક્તિ

અત્યાર સુધી આપણે આપણી કરણાત્મક પ્રકૃતિની પરિપૂર્ણતાનાં ત્રણ અંગોની સામાન્ય અવલોકના કરી. તે અંગો તે : ૧. બુદ્ધિ, હૃદય, પ્રાણ તથા શરીરની પરિપૂર્ણતા; ૨. મૂળભૂત આત્મ-શક્તિની પરિપૂર્ણતા; અને ૩. દિવ્ય શક્તિને આપણાં કરણો અને કર્મોનું જે સમર્પણ કરવાનું છે તેની પરિપૂર્ણતા. આ ત્રણે ય પરિપૂર્ણતામાં પ્રગતિ કરવાનો આધાર સતત એક ચોથી શક્તિ ઉપર રહેલો છે, અને તે શક્તિ તે, આપણા બધા જ યત્નો અને કાર્યોના છૂપા તેમ જ ખુલ્લા, અને વળી મુખ્ય આધાર તરીકે રહેલી શ્રદ્ધા. અને પૂર્ણ શ્રદ્ધા એટલે : આપણને દેખાતા, કે આપણી સમક્ષ સ્વીકાર માટે રજૂ થએલા સત્યને આપણી સમગ્ર જાતની અનુમતિ; અને આ શ્રદ્ધાનું કેન્દ્ર એટલે : કાંઈક થવું છે, મેળવવું છે, બનવું છે એવા પોતાના સંકલ્પમાં આત્માની શ્રદ્ધા તથા પોતાની જાત અને જગત વિશેનો તેનો ખ્યાલ અને તેનું જ્ઞાન. આ સંકલ્પ પાર પડશે, સાક્ષાત થશે એવી, બુદ્ધિની માન્યતા, હૃદયની મંજૂરી અને પ્રાણવશ મનની ઇચ્છા એ એ શ્રદ્ધાનાં બાહ્ય સ્વરૂપો છે. કર્મો કરવા માટે આત્માની આ શ્રદ્ધાનું, એટલે કે આત્મશ્રદ્ધાનું, કોઈ પણ એકાદ બાહ્ય સ્વરૂપ અનિવાર્ય છે; તેના વિના માનવ પોતાના જીવનમાં જરા પણ આગળ વધી શકતો નથી, તો પછી તેના વિના તે કોઈક અ-દીઠ પૂર્ણતા પ્રત્યે તો એક ડગલું પણ આગળ ક્યાંથી વધી શકે? શ્રદ્ધા એ એવી તો અગત્યની અને કેન્દ્રવર્તી વસ્તુ છે કે यो यच्छ्रद्धः स एव सः, જેને જેવી શ્રદ્ધા તેવો જ તે, એમ જે ગીતામાં કહ્યું છે તે તદ્દન વાજબી ઠરે છે; અને વધારામાં એમ પણ કહી શકાય કે તેને પોતાનામાં જે કાંઈ શક્યતા દેખાતી હશે તેને તે જરૂર શોધી શકશે, તેવો તે જરૂર બની શકશે. એક એવી શ્રદ્ધા છે કે જે પૂર્ણયોગમાં અનિવાર્ય છે; એ છે, ઈશ્વરમાં અને શક્તિમાં શ્રદ્ધા, આપણામાં અને જગતમાં રહેલા ભગવાનની હાજરી અને શક્તિમાં શ્રદ્ધા, એવી શ્રદ્ધા કે "જગતના સર્વે બનાવો દિવ્ય મહાશક્તિની જ કારવાઈ઼ઓ છે, યોગનું દરેકેદરેક ડગલું, તેના યત્નો અને યાતનાઓ

અને નિષ્ફળતાઓ તેમજ તેની સફળતાઓ, સુખમયતાઓ અને વિજયો-એ સર્વે તેનાં કાર્ય માટે જરૂરી અને ઉપયોગી છે, અને આપણામાં રહેલ ભગવાન અને તેની શક્તિ પર દૃઢ અને અડગ આધાર રાખવાથી અને તેમને સંપૂર્ણ આત્મ-સમર્પણ કરવાથી આપણુને અદ્વૈત અને મુક્તિ અને સિદ્ધિ અને પૂર્ણતા મળવાનાં જ છે."

શ્રદ્ધાનો શત્રુ તે શંકા; અને છતાં શંકાનો પણ ઉપયોગ છે અને તે જરૂરી ય છે, કારણકે અજ્ઞાનમાં વસતા અને જ્ઞાન પ્રત્યે આગળ વધવાની મહેનત કરતા માનવમાં શંકા ઊભી થાય તે જરૂરી છે; નહિતર, તે અજ્ઞાની માન્યતાઓ અને મર્યાદિત જ્ઞાનને જીદ કરીને વળગી રહેત અને ભૂલોમાંથી છૂટો થઈ શકત નહિ. યોગ-સાધનાની શરૂઆત કરતાંની સાથે જ શંકાની આ જરૂરિયાત અને ઉપયોગ કાંઈ એકદમ ચાલ્યાં જતાં નથી. પૂર્ણયોગનું લક્ષ્ય માત્ર કોઈ મૂળભુત તત્ત્વનું જ્ઞાન જ નહિ પણ એક એવું જ્ઞાન, એવું વિ-જ્ઞાન છે કે જે સમગ્ર જીવનને, અને જગતની સર્વે ઘટનાઓને, લાગુ પડતું હોય અને આવરી લેતું હોય. અને આપણે આવી જાતના જ્ઞાનની શોધ શરૂ કરીએ ત્યારે અને તે પછી પણ માઈલોના માઈલો સુધી, ઊર્ધ્વ પ્રકાશ વડે વિશુદ્ધ થયા વિનાની અને રૂપાંતર પામ્યા વિનાની મનની પ્રાકૃત પ્રવૃત્તિઓ આપણી સાથે ચાલ્યા જ કરે છે; આપણે એવી બધી બૌદ્ધિક માન્યતાઓ અને ખ્યાલોનો ભારો ઉઠાવી ચાલતા હોઈએ છીએ કે જે બધી જ કાંઈ સાચી અને સંપૂર્ણ નથી હોતી અને પછીથી પણ એવા ઢગલા-બંધ ખ્યાલો અને સૂચનો આવી મળે છે કે જે પોતાનો વિશ્વાસ કરવાનું આપણુને આગ્રહપૂર્વક કહેતા હોય છે; આ બધાંમાં રહેલી ભૂલોને, મર્યાદાઓને અને અપૂર્ણતાઓ માટેની શક્યતાઓને તપાસ્યા વિના, તે બધાં જેવાં મળે તેવાં ને તેવાં જ સ્વીકારી લેવાં અને તેમને વળગી રહેવું એ તો ખરેખર ખતરનાક જ છે. અને યોગમાં એક એવો ગાળો પણ આવે જ છે કે જ્યારે, કોઈ પણ ખ્યાલ કે મતનું સ્વરૂપ બૌદ્ધિક રીતે ગમે તેવું સાબૂત હોય તેમ છતાં તેમનો સ્પષ્ટ અને આખરી સ્વીકાર કરવાનો ઇન્કાર કરવો જ પડે છે; અને જ્યાં સુધી અતિમાનસિક જ્ઞાનનો પ્રકાશ પામેલી આધ્યાત્મિક અનુ-ભૂતિમાં તેમને તેમનું સાચું સ્થાન અને પ્રકાશપૂર્ણ સ્વરૂપ ના મળે ત્યાં સુધી તેમને સવાલોના મારા નીચે અને અનિશ્ચિતતાની અભરાઈ પર અદ્ધર રાખવાં પડે છે. તો વળી આ વાત પ્રાણવશ મનની ઇચ્છાઓ અને આવેગોને તો એના કરતાં પણ વધારે લાગુ પડે છે; આપણુને સાચું માર્ગદર્શન પૂરેપૂરું ના મળે ત્યાં સુધી, જેમની તાત્કાલિક જ જરૂર હોય તેવાં કોઈક કામનાં કામ-

ચલાઉ સૂચન તરીકે થોડોઘણો વખત આપણે સ્વીકારવાં પણ પડે, પણ આત્માની સંપૂર્ણ સંમતિ સાથે તેમને કાયમ માટે વળગી ના જ રહેવાય; કારણકે આ બધી ઇચ્છાઓ અને કામનાઓનો છેવટે તો ત્યાગ કરવાનો જ છે, અથવા તો, જીવનની સર્વે ક્રિયાઓને પોતાના હાથમાં લેતી ઈશ્વરેચ્છાના આવેગ વડે તેમનું રૂપાંતર કરવાનું છે, કે એ ઇચ્છાઓના સ્થાને ઈશ્વરેચ્છાના આવેગોને સ્થાપવાના છે. હૃદયની મંજૂરીની, ઊર્મિ-પ્રધાન માન્યતાઓની અને અનુમતિઓની પણ અમુક સમયે જરૂર પડવાની; પણ જ્યાં સુધી દિવ્ય સંકલ્પ અને જ્ઞાનની સાથે એકરૂપ એવો દિવ્ય પરમાનંદ તેમને પોતાના હાથમાં ના લે, વિશુદ્ધ ના કરે, તેમનું રૂપાંતર ના કરે અને તેમને સ્થાને છેવટે પોતાની પ્રકાશપૂર્ણ અનુમતિને ના સ્થાપી આપે ત્યાં સુધી તેઓ પણ વિશ્વાસપાત્ર રાહબર બની શકતા નથી. નિમ્ન પ્રકૃતિમાં બુદ્ધિથી માંડીને પ્રાણમય સંકલ્પ સુધીની એક પણ વસ્તુ એવી નથી કે જેનામાં સાધક સંપૂર્ણ અને કાયમી શ્રદ્ધા રાખી શકે; એવી શ્રદ્ધા તો રાખી શકાય માત્ર આધ્યાત્મિક સત્ય, સામર્થ્ય અને આનંદમાં જ; કારણકે, આધ્યાત્મિક નિયમાનુસાર, માત્ર તેઓ જ માર્ગ દેખાડનારા અને પ્રકાશ પાથરનારા, તેમ જ તેનાં કર્મોના અધિષ્ઠાતા બની શકે છે.

તેમ છતાં, શ્રદ્ધાની જરૂરિયાત સતત અને ડગલે અને પગલે રહે છે, કારણકે એ છે આત્માની અનિવાર્ય અનુમતિ, અને આ અનુમતિ વિના પ્રગતિ અશક્ય છે. સૌથી પહેલાં તો આપણી શ્રદ્ધા યોગના અસલ સત્ય અને સિદ્ધાંતમાં સ્થાયી બનવી જોઈએ, અને કદાચને તે બુદ્ધિના વાદળથી છવાઈ જાય, હૃદયની હતાશાનો ભોગ બની જાય, પ્રાણવશ મનની કામનાઓના સતત ઇન્કાર અને વિરોધોથી કંટાળી અને થાકી જાય તોપણ આત્માના ઊંડા ઊંડાણમાં ક્યાંક કાંઈક એવું હોવું જ જોઈએ કે જે તેને વળગી રહે, અને વળી વળીને વળગ્યા કરે; નહિ તો, ક્ષણિક નિષ્ફળતાઓ, નિરાશાઓ અને મુશ્કેલીઓ અને જોખમોને સહી લેવાની શક્તિના અભાવે કદાચ આપણે માર્ગ ચૂકી પણ જઈએ કે મૂકી પણ દઈએ. જીવનની માફક યોગમાં પણ આખરી વિજય માત્ર તેમને જ મળે છે કે જેઓ ગમે તેટલી નિષ્ફળતાઓ અને વિચાર-પલટાઓ મળવા છતાં, વિરોધ અને સામનો કરતાં પરિબળો અને પ્રસંગોના હુમલાઓ થવા છતાં, આખર સુધી વણ-થાક્યા મંડ્યા જ રહે છે; અને તેમને જ તેની શ્રદ્ધા સાર્થક થએલી જણાય છે; કારણકે માનવમાં વસતા ઈશ્વર અને શક્તિને માટે કાંઈ જ અશક્ય નથી. અને આપણામાં, આધ્યાત્મિક વિકાસને વેગળો મૂકતી, નાસ્તિકતાભરી શંકા ભરેલી

હોય કે આપણા યત્નોને અનિશ્ચિતતાના ઓછાયાથી અપંગ બનાવવા તેનો પીછો પકડતી અને ક્ષુદ્ર ટીકાઓ કરતી, સર્જન-શક્તિ વિનાની, સાંકડી બુદ્ધિની સતત દોષ-દૃષ્ટિવાળી અસૂયા ભરેલી હોય તેના કરતાં તો ખુદ અંધ અને અજ્ઞાનભરી શ્રદ્ધા પણ ઘણી સારી. જોકે પૂર્ણયોગના સાધકે તો આ અંધતા અને અજ્ઞાનતા-રૂપી બંને અપૂર્ણતાઓને દૂર કરવાની જ છે. તેણે પોતાના સમગ્ર માનવીય સ્વરૂપને દિવ્ય પરિપૂર્ણતા આપવાનો જે આદર્શ અપનાવ્યો છે, અને જેને સિદ્ધ કરવા તેણે પોતાનાં મન, હૃદય અને સંકલ્પને કામે લગાડયાં છે, તે સામાન્ય બુદ્ધિના હિસાબે તો એક દેખીતી અશક્યતા જ છે; કારણકે જીવનની સાફ સાફ હકીકતોથી તે તદ્દન વિરુદ્ધનો છે, અને બધાં જ અતિ-દૂરદર્શી અને અતિ મુશ્કેલ ધ્યેયોની માફક તેનો પણ બધા જ વર્તમાન અનુભવો ક્યાંય સુધી વિરોધ કરતા જ રહેવાના છે; વળી, આધ્યાત્મિકતાનો અનુભવ કરેલો હોવા છતાં જેઓ એમ માને છે કે આપણી અત્યારની પ્રકૃતિ એ જ દેહનિવાસી માનવની એકમાત્ર સંભવિત પ્રકૃતિ છે, અને તેથી, પાર્થિવ જીવનનો અને સમસ્ત વ્યક્તિગત અસ્તિત્વનો સદંતર ત્યાગ કરવાથી જ કોઈક પરલૌકિક પૂર્ણતા કે લય-લક્ષી, નિર્વાણ-માર્ગી મુક્તિ, મળી શકે તેમ છે, ખુદ તેઓમાંથી પણ ઘણાએ આ આદર્શનો ઇન્કાર કરેલો છે. આવા ધ્યેયને માર્ગે આગળ વધતાં ક્યાંય સુધી એવી બાબતો બનતી રહેશે કે જેથી પેલી અજ્ઞાનભરી, છતાં ખંતીલી, ટીકાખોર બુદ્ધિ (કે જે તાત્કાલિક અને દેખીતી વાસ્તવિકતાઓ પર તથા સ્થાપિત હકીકતો અને અનુભવોના ઢગલા પર તર્કસંગત આસન જમાવે છે અને તેને છોડવાની ના પાડે છે તથા ભાવિ પ્રત્યે દોરતા સર્વે સંકેતો અને ચમકારાઓની સત્યતાને પડકાર કરે છે) તેવી ટીકાખોર બુદ્ધિના વાંધાઓ અને દોષદર્શી અસૂયા વાજબી ઠરતાં લાગશે. અને જો સાધક આ સંકુચિત સૂચનોને વશ થયો તો તે અર્ધે રસ્તે જ અટકી પડવાનો યા તો જબરી અટકાયતો અને લાંબી ઢીલનો ભોગ બનવાનો. તો વળી, જો શ્રદ્ધામાં અંધતા અને અજ્ઞાનતા ભરેલાં હશે તો વિશાળ સિદ્ધિમાં તે નડતરરૂપ થશે અને સાધક અનેક હતાશાઓ અને ભ્રાંતિ-ભંગનો ભોગ બનશે, ભ્રામક પૂર્ણતાઓમાં ફસાઈ જશે તથા સત્ય અને પૂર્ણતાની વિશાળ નવરચનાઓ પ્રત્યે આગળ વધતાં અટકી પડશે. મહાશક્તિનો કાર્ય-પ્રવાહ દરેક જાતની અંધતા અને અજ્ઞાનતાઓ પર તો ઠીક પણ તેનામાં મુકાતા ખોટા અને વહેમી વિશ્વાસો પર પણ નિર્દય પ્રહાર કરશે; અને શ્રદ્ધાના કોઈ પણ પ્રકારની જિદ્દી આસક્તિને છોડવાને તૈયાર રહેવાનું છે અને એકમાત્ર ઉદ્ધારક સત્યને જ વળગી રહેવાનું છે.

પૂર્ણયોગમાં જે શ્રદ્ધા કામ લાગે છે તે છે: એક મહાન અને વિશાળ, આધ્યાત્મિક તેમ જ બુદ્ધિ-યુક્ત શ્રદ્ધા—, અને એ બુદ્ધિ તે એક એવી વિશાળ સમજ-શક્તિના પ્રદેશની બુદ્ધિ કે જે ઊર્ધ્વ શક્યતાઓનો સ્વીકાર કરતી હોય છે.

આ શ્રદ્ધા (અંગ્રેજીમાં એને "ફેઇથ" કહે છે ખરા પણ એમાં શ્રદ્ધાનો પૂરો અર્થ આવી જતો નથી) એ હકીકતમાં તો પરમાત્માનો પ્રભાવ હોય છે, અને એ શ્રદ્ધામાં રહેલો પ્રકાશ તે આપણી જ અતિમાનસિક જાત (કે જે નિમ્ન પ્રકૃતિને તેની અલ્પ, વર્તમાન અવસ્થામાંથી ઊંચે ચડી મહાન આત્મ-વિકાસ અને આત્મ-અતિક્રમણ પામવા સાદ કરી રહી હોય છે) તેમાંથી ઊતરી આવેલો સંદેશો હોય છે. અને એ પ્રભાવનો જે સ્વીકાર કરે છે અને એ સાદને જવાબ આપે છે તે આપણી બુદ્ધિ, હૃદય કે પ્રાણવશ મનના કરતાં વધારે તો, પોતાનાં નિર્માણ અને સ્વ-કાર્યને સત્ય-સ્વરૂપે જાણનાર આપણો અંતરાત્મા હોય છે. જે સંજોગો આપણને યોગમાર્ગમાં પ્રવેશ કરવા પ્રેરે છે તેની ઉપરથી, આપણી અંદર રહી વસ્તુસ્થિતિને ઊભી કરનાર તત્ત્વનો કાંઈ સાચો ખ્યાલ આવતો નથી. એમાં આપણી બુદ્ધિ, હૃદય કે પ્રાણવશ મનનો મોટો ફાળો હોય, કે ખુદ અકસ્માત અને અણચિંતવ્યા બાહ્ય પ્રોત્સાહને પણ ભાગ ભજવ્યો હોય; પણ જો માત્ર આટલામાંથી જ આપણે યોગમાર્ગ સ્વીકાર્યો હોય તો, થએલા સાદને આપણે કેટલા વફાદાર રહીશું કે સાધનાને કેટલી ખંતથી વળગી રહીશું તે કહેવું મુશ્કેલ છે. આકર્ષક લાગેલા ખ્યાલને બુદ્ધિ છોડી પણ દે, હૃદય થાકી જાય કે બેસી પણ જાય, અને પ્રાણવશ મનની કામના ક્યાંક બીજે પણ દોડી જાય. બાહ્ય સંજોગો એ તો આત્માનાં સાચાં કાર્ય માટેનું માત્ર ઓઠું હોય છે; પણ જો આત્માને લગન લાગી ગઈ હશે, અંતરાત્માએ સાદ સાંભળી લીધો હશે તો શ્રદ્ધા અડગ રહેવાની, અને તેને ગૂંગળાવવાના કે ખતમ કરી નાખવાના સર્વે યત્નો નિષ્ફળ જવાના. એવું તો નહિ જ બને કે બુદ્ધિની શંકાઓ હલ્લો નહિ કરે કે હૃદય ડગી નહિ જાય કે પ્રાણવશ મનની, હતાશ બનેલી કામનાઓ થાકી જઈને બાજુ પર બેસી નહિ જાય. આવું કોઈક વાર બની જાય, કે કદાચ અવારનવાર બન્યા કરે એ લગભગ અનિવાર્ય છે; આ જમાનો, કે જેમાં બુદ્ધિવાદે અને સંશયવાદે તથા આધ્યાત્મિક સત્યનો ઇન્કાર કરી રહેલા ભૌતિકવાદે પોતાનાં રંગરંગીન વાદળોને વિશાળ વાસ્તવિકતાના સૂર્ય પરથી ઉઠાવી લીધાં નથી, તથા આધ્યાત્મિક અંતઃસ્ફુરણાઓનો અને ગૂઢ આંતરિક અનુભૂતિઓનો વિરોધ કરવાનું છોડયું નથી તેવા જમાનામાં

જન્મેલા આપણને તો આવું બનવાનો ખાસ સંભવ છે. બહુ જ સંભવ છે કે અંધાર-છાયા કસોટીકાળ ઘણા ઘણા આવવાના કે જેના વિશે ખુદ વેદિક ઋષિઓને પણ "પ્રકાશ-પ્રદેશમાંથી મળેલા દીર્ઘ દેશવટા" તરીકે કેટલી ય વાર ફરિયાદ કરવી પડી છે, અને આવા અંધારગાળા એવા તો ઘેરા બનવાના, આત્માની રાત્રિનો અંધકાર એવો તો ગાઢ બનવાનો કે એમ લાગી જવાનું કે શ્રદ્ધા આપણને સદાય માટે છોડી ગઈ. પણ એ બધા જ ગાળા દરમિયાન અંતરાત્મા પોતાની અદૃશ્ય પકડ સાચવવાનો જ, અને આત્મા નવાં જ સામર્થ્ય સાથે ફરીથી પોતાનું પેલું અભયદાન આપવાનો કે જે માત્ર ઢંકાઈ ગયું હતું, નાશ નહોતું પામ્યું; કારણકે, એકવાર અંતરાત્માએ જેને જાણ્યું અને જેનો સંકલ્પ કર્યો તેનો નાશ થઈ શકતો જ નથી. ગમે તેવા ગાળામાં પણ ભગવાન આપણો હાથ છોડતો નથી, અને એમ લાગે કે તે આપણને પડવા દે છે તો તે પણ માત્ર આપણને વધારે ઊંચે ચડાવવા માટે જ. તેનું આ પુનઃરક્ષણ આપણને એવું તો વારંવાર મળ્યા કરશે કે છેવટે શંકાના ઉછાળા અશક્ય બની જશે અને, એકવાર સમતાનો પાયો ઠીક ઠીક પાકો થઈ ગયો તે પછી – અને તેના ય કરતાં વધારે તો, વિજ્ઞાનનો સૂર્ય એકવાર ઊગી આવ્યો તે પછી – શંકા પોતે જ અદૃશ્ય થઈ જવાની, કારણકે તેનું કારણ અને જરૂરત બંને ય હવે પૂરાં થયાં.

વળી, યોગના માત્ર મૂળભૂત સિદ્ધાંત, ખ્યાલ અને રીતમાં જ નહિ પણ આપણામાં રહેલાં સિદ્ધિ મેળવવાના સામર્થ્યમાં, આપણે ભરેલાં પગલાંઓમાં, આપણને થતી આધ્યાત્મિક અનુભૂતિઓમાં, અંતઃસ્ફુરણાઓમાં, સંકલ્પ અને આવેગની માર્ગદર્શક ગતિમાં, હૃદયમાં જાગી જતા ગાઢ ભાવોમાં તથા પ્રાણની અભીપ્સાઓ અને સાર્થકતાઓમાં પણ શ્રદ્ધા રાખવાની જરૂર છે; આ બધાં, પ્રકૃતિના વિકાસ માટે જરૂરી સહાયકો, સંજોગો અને ભૂમિકાઓ છે; તથા આત્માની ઉત્ક્રાંતિ માટેનાં પ્રેરક બળો કે પગથિયાંઓ છે. તો સાથે સાથે એ પણ સદાય યાદ રાખવાનું છે કે આપણે અપૂર્ણતાઓ અને અજ્ઞાનમાંથી પ્રકાશ અને પૂર્ણતા પ્રત્યે સતત આગળ વધી જ રહ્યા છીએ; અને આપણી શ્રદ્ધા આપણા યત્નોના કોઈ પ્રકારને અને આપણા સાક્ષાત્કારની નિત-નવી ભૂમિકાઓને વળગી રહેવી ના જોઈએ. માત્ર એવું જ નહિ બને કે આપણી અંદરથી ઘણી ઘણી વસ્તુઓને કાઢીને ફેંકી દેવા માટે જોરશોરથી સપાટી પર લાવવામાં આવશે તથા અજ્ઞાનની અને નિમ્ન પ્રકૃતિની શક્તિઓનો, તેમને સ્થાને સ્થપાવા માગતી ઊર્ધ્વ શક્તિઓ સાથે સંગ્રામ શરૂ થશે, પણ એવું પણ બનશે કે આપણને સહાયરૂપ બનતી, તથા સાધના

માટે અનિવાર્ય લગતી, અને 'આ જ આધ્યાત્મિકતાનાં આખરી શિખર છે' એમ તરત તો લાગી જતી અનુભૂતિઓ, ચિંતન-અવસ્થાઓ, ભાવ-દશાઓ, અને વિવિધ સાક્ષાત્કારો આગળ જતાં વચગાળાનાં સોપાન માત્ર જ લાગશે, તથા એમ પણ જણાશે કે તેમને ઓળંગી જવાનાં છે, અને તેમના આધાર તરીકે મૂકેલી કામ પૂરતી શ્રદ્ધા પાછી ખેંચી લેવાની છે અને તેનો ઉપયોગ એવી બીજી વધારે મહાન વસ્તુઓને ખાતર કે વધારે સમૃદ્ધ અને સમગ્ર સાક્ષાત્કારો અને અનુભૂતિઓને ખાતર કરવાનો છે કે જેમને હવે પેલી જૂની વસ્તુઓને સ્થાને સ્થાપવાની છે અથવા, વધારે પરિપૂર્ણ રૂપાંતરને ખાતર, જેમનામાં તેમને સમાવી લેવાની છે. પૂર્ણયોગ-ના સાધકે માર્ગ પરના કોઈ આરામ-સ્થાનને વળગી રહેવાનું નથી કે વચ-ગાળાના મુકામમાં પડી રહેવાનું નથી. જ્યાં સુધી પરિપૂર્ણતા માટેના મહાન અને મજબૂત પાયાઓને તે પાકા ના કરી નાખે અને વિશાળ અને મુક્ત અનંતતાઓમાં કૂદી ના પડે ત્યાં સુધી તેને સંતોષ થશે નહિ; અને ત્યાં રહીને પણ તેણે અનંતતાની વધુ ને વધુ અનુભૂતિઓને સદાય ઉમેરતા જ જવાની છે. તેની પ્રગતિ એટલે, એક સ્તર પરથી બીજા સ્તર પર આરોહણ; અને એક પછી એક નૂતન ઊર્ધ્વ પ્રદેશોમાં પ્રવેશતાં જતાં તેની સમક્ષ હજી પણ ઘણું ઘણું નવું કરવાના, ભૂરિ કર્મના બીજા વિસ્તારો અને દર્શનો ખૂલતાં જ જશે; તે એટલે સુધી કે છેવટે દિવ્ય મહાશક્તિ સાધકના સર્વે યત્નોને પોતાના હાથમાં લઈ લેશે અને સાધકે તો તેના પ્રકાશપૂર્ણ કર્મ-પ્રવાહમાં અનુમતિ-ભર્યા અદ્વૈતનો સ્વીકાર કરી માત્ર પોતાની સંમતિ આપે જવાની છે અને આનંદભર્યો ભાગ લીધે જવાનો છે. આ પલટાઓ, મથા-મણો અને રૂપાંતરો કદાચ હતાશા અને મૂંઝવણ પણ ઊભાં કરી દે, (અને તેનું કારણ એ કે બુદ્ધિ અને પ્રાણ અને હૃદય દરેક વસ્તુને ખૂબ જ પકડી રાખે છે, કાચી ખાતરીઓને ચોંટી રહે છે, અને જેમનો તેમણે આશરો લીધો તેમને છોડાવવા જતાં તેમને યાતના અગર નાખુશી થાય છે); પણ એ હતાશા અને મૂંઝવણ દરમિયાન પણ તેને ટકાવી રાખનાર છે, કાર્ય કરી રહેલી મહાશક્તિ પરની શ્રદ્ધા અને યોગેશ્વર ભગવાનનાં માર્ગદર્શનનો આશરો. તેનું સત્ય-પ્રતિષ્ઠિત ડહાપણ ઉતાવળિયું નથી હોતું, અને મનની મૂંઝવણો દરમિયાન પણ તેનાં પ્રેર્યાં પગલાં સંપૂર્ણ સલામત, સાચાં અને સંગીન હોય છે, કારણકે તેના પાયામાં હોય છે પ્રકૃતિની જરૂરિયાત સાથેનો પૂર્ણ પ્રજ્ઞાભર્યો વ્યવહાર.

યોગમાર્ગ પરની પ્રગતિ એટલે મનની અજ્ઞાનતામાંથી શરૂ થઈ જ્ઞાનનાં

કાચાં ચણતરો દ્વારા પાકા પાયા અને પૂર્ણવિકાસ પ્રત્યે આગળ વધ્યે જતી સોપાન–શ્રેણી; અને એ શ્રેણીનો વધુ સંતોષકારક અને ભાવાત્મક ભાગ શરૂ થતાં તે બની રહે છે પ્રકાશમાંથી ઉચ્ચતર પ્રકાશ પ્રત્યે ગતિ; અને અતિ-માનસિક જ્ઞાનના ઉચ્ચતમ પ્રકાશે પહોંચ્યા પહેલાં એ અટકતી નથી. પ્રગતિના પંથે પળેલા મનના માર્ગમાં ભૂલોનું વત્તું કે ઓછું પ્રમાણ અનિવાર્ય રીતે આવી જ પડવાનું, એવી ભૂલો આંખે ચડતાં આપણી શ્રદ્ધાને ડગવા નથી દેવાની કે એવી કલ્પના પણ નથી કરવાની કે આપણને સહાય-રૂપ બૌદ્ધિક માન્યતાઓ વધુ પડતી ઉતાવળી અને ભાવાત્મક હતી તેથી આત્મામાંથી ઊઠેલી મૂળ શ્રદ્ધા પણ ખોટી જ હતી. માનવ–બુદ્ધિ ભૂલોથી અતિશય ડરે છે તેનું ચોક્કસ કારણ એ છે કે નિશ્ચિતતાની કાચી સમજને એ અતિશય આસક્ત હોય છે અને જે કાંઈ થોડુંઘણું જ્ઞાન પકડી પાડે છે તેમાંથી જ આખરી સત્યતા પામવાની અતિ ઉતાવળી આતુરતા દેખાડે છે. સ્વાનુભૂતિ વધતાં આપણને જણાશે કે ખુદ આપણી ભૂલો એ પણ એક જરૂરી ચાલ હતી અને તેઓ સત્યનો કોઈક અંશ કે સૂચન લઈને આવેલી હતી, આપણને તે અંશ આપી ગઈ હતી તથા સત્યની શોધમાં આપણને તેણે સહાય કરી હતી કે તેને માટેના અનિવાર્ય યત્નમાં તેણે ટેકો આપ્યો હતો; વળી એમ પણ જણાશે કે જે નિશ્ચિતતાઓને હવે આપણે છોડી દેવાની છે તેમની પણ આપણા જ્ઞાનવિકાસમાં કામચલાઉ યથાર્થતા હતી. આધ્યાત્મિક સત્યની શોધ અને સાક્ષાત્કારમાં બુદ્ધિ પૂરતી માર્ગદર્શક નહિ હોવા છતાં આપણી પ્રકૃતિની પૂર્ણ પ્રગતિ માટે તેનો પણ ઉપયોગ કરી લેવાનો છે. અને તેથી, અપંગ બનાવતી શંકાનો અને નર્યા બૌદ્ધિક સંશયવાદનો આપણે ત્યાગ કરવાનો હોવા છતાં સત્ય–શોધક બુદ્ધિને એવી તાલીમ આપવાની છે કે જેથી તેનામાં એક જાતની વિશાળ પૂછતાછ–વૃત્તિ આવે, ભૂલોની ભેળવણીથી, અર્ધ–સત્યોથી કે લગભગ–સત્યથી સંતોષાઈ ના જાય એવી સત્ય–પ્રિયતા આવે, અને સૌથી વધારે ભાવાત્મક અને સહાયક વાત તો એ કે, મળી ગએલાં અને સ્વીકારેલાં સત્યોમાંથી આગળ વધી તેનાથી પણ વધારે મહાન, ભૂલ ભાંગતાં, પૂર્ણતા સાધતાં કે પેલે પાર લઈ જતાં સત્યો (કે જેનો પહેલાં તે વિચાર સરખો કરી શકતી નહોતી કે તેમને સ્વીકારવા કદાચ રાજી પણ નહોતી) તેવાં સત્યોનો હમેશાં સ્વીકાર કરવા સંપૂર્ણ તત્પર રહે. કામ પૂરતી બૌદ્ધિક શ્રદ્ધા અનિવાર્ય છે,—આ શ્રદ્ધા એટલે બધા જ ક્ષણિક આધારોને અને નિયમોને વળગી રહેતી, ક્રોધિક, વહેમો–ભરી, મતાગ્રહી કે સંકુચિત સ્વભાવની માન્યતા નહિ પણ મહાશક્તિનાં

એક પછી એક આવતાં સૂચનો અને ભરાતાં પગલાંઓનો અસીમ સ્વીકાર; વાસ્તવિકતાઓ પર કેન્દ્રિત બનેલી, નાનીમાંથી વધારે વિશાળ વાસ્તવિકતા તરફ આગળ ધપ્યે જતી તથા નાની નાની પાલખોનો ત્યાગ કરી માત્ર વિશાળ અને વિકસતી ઇમારતનો સ્વીકાર કરવા તત્પર રહેતી શ્રદ્ધા.

હૃદય અને પ્રાણની સતત શ્રદ્ધા, અવિરત અનુમતિ, એ પણ એટલાં જ અનિવાર્ય છે, પણ આપણે જ્યાં સુધી નિમ્ન પ્રકૃતિમાં છીએ ત્યાં સુધી હૃદયની અનુમતિ મનોમય ઊર્મિઓના રંગથી રંગાઈ જાય છે અને પ્રાણની ગતિઓમાં તેમની, અશાંતકારી કે શ્રમદાયી ઇચ્છાઓ આવી બેસે છે; અને મનની આ ઊર્મિઓ અને ઇચ્છાઓનું વલણ હોય છે સત્યને ડહોળવાનું, વધારે કે ઓછી, સ્થૂળ કે સૂક્ષ્મ રીતે તેને બદલી નાખવાનું કે બેડોળ કરવાનું; અને હૃદય તથા પ્રાણને થતા સત્યના સાક્ષાત્કારમાં તેઓ હમેશાં કાંઈ ને કાંઈ મર્યાદા અને અપૂર્ણતા લાવે જ છે. વળી જ્યારે હૃદયની આસક્તિઓ અને નિશ્ચિતતાઓને ડગાવવામાં આવે છે, જ્યારે તે પીછે હઠ અને નિષ્ફળતાઓથી તથા ભૂલોની ખાતરીથી મૂંઝવણમાં પડી જાય છે, અથવા, પોતાના નિશ્ચિત સ્થાનમાંથી આગળ વધવાનું એલાન થતાં જાગી જતી ગડમથલમાં અટવાઈ જાય છે ત્યારે તેનામાં પોતાનામાં એવી ખેંચતાણ, થાક, શોક, નામરજી, અને બંડ ઊભાં થાય છે કે જે પ્રગતિને અટકાવે છે. તેણે એક એવી વધુ વિશાળ અને વધુ નિશ્ચિત શ્રદ્ધા શીખવાની જ છે કે જે માનસિક પ્રતિકારોને દૂર કરે અને તેમની જગ્યાએ એક એવી આધ્યાત્મિક અનુમતિને સ્થાન આપે કે જે મહાશક્તિની રીતો અને ગતિઓને શાંત રહીને કે સક્રિય થઈને સ્વીકારતી હોય, આ અનુમતિ એટલે વધારે ને વધારે ઊંડા ઊતરતા જતા આનંદની પ્રત્યેક જરૂરી ગતિને અનુમતિ તથા જૂનાં લંગરોને ઉઠાવવાની અને મહત્તર પરિપૂર્ણતાના આનંદ પ્રત્યે આગળ વધવાની તૈયારી. માર્ગદર્શક શક્તિ જે કાંઈ જીવન, પ્રાણવશ મનને સ્વીકારવાનું કહે તે જીવનના, એક પછી એક રજૂ થતા ઉદ્દેશો, આવેગો તથા પ્રવૃત્તિઓનો તેણે પ્રકૃતિના વિકાસ માટેની સહાય તરીકે કે તેના ક્ષેત્ર તરીકે સ્વીકાર કરવાનો છે; વળી, એ જ પ્રમાણે, આંતરિક યોગ–સાધનાનાં, એક પછી એક રજૂ થતાં સોપાનોનો સ્વીકાર કરવાનો છે. પણ તેમાંના એક પણ સોપાન માટે તેણે ન તો આસક્તિ રાખવાની છે, ન તો ત્યાં અટકી પડવાનું છે; પણ તેણે જૂની જરૂરિયાતોને છોડી દેવાની અને, એટલી જ સંપૂર્ણ સંમતિથી નવી ઊર્ધ્વ ગતિને અને પ્રવૃત્તિઓને સ્વીકારવાની તૈયારી રાખવાની છે; તથા તેણે ઇચ્છાઓને સ્થાને, સર્વે અનુભૂતિઓ અને કર્મોમાં વિશાળ

અને તેજસ્વી આનંદ લેતાં પણ શીખવું જ પડશે. બૌદ્ધિક શ્રદ્ધાની માફક હૃદય અને પ્રાણવશ મનની શ્રદ્ધા પણ સતત સુધારણા, વિકાસ અને રૂપાંતર માટે ગ્રહણશીલ હોવી જ જોઈશે.

આ શ્રદ્ધા પણ અસલમાં તો આત્માની જ શ્રદ્ધા છે અને તે જ વધારે ને વધારે સપાટી પર આવતી જાય છે; તથા, ત્યાં આધ્યાત્મિક અનુભૂતિનું અભય-વચન અને નિશ્ચિતતા જેમ જેમ વધતાં જાય તેમ તેમ સંતોષ, દૃઢતા અને વિકાસ પામતી જાય છે. અહીં પણ આપણી શ્રદ્ધા આસક્તિ વિનાની હોવી જોઈએ, પરમ સત્યની અપેક્ષા કરનારી હોવી જોઈએ, આધ્યાત્મિક અનુભૂતિઓ અંગેની પોતાની સમજને બદલવા તથા વિકસાવવા માટે, તેમને અંગેના પોતાના ખોટા યા અર્ધ-સત્ય ખ્યાલોને સુધારવા માટે તથા વધારે પ્રકાશ-દાયક અર્થોને સ્વીકારવા માટે તત્પર હોવી જોઈએ; તેમજ અપૂરતી સ્ફુરણાઓની જગ્યાએ વધારે સંપૂર્ણ સ્ફુરણાઓને સ્થાપવાને માટે તથા એકવાર આખરી અને સંતોષકારક જણાએલી અનુભૂતિઓને નવી અનુભૂતિઓ સાથેના વધારે સંતોષકારક સુમેળોમાં અને વધારે મોટી વિશાળતાઓમાં તથા અતિક્રમણોમાં ભેળવી દેવા માટે તૈયાર હોવી જોઈએ. અને, ખાસ કરીને ભૂતવિદ્યાના (Psychical) અને અન્ય વચગાળાના પ્રદેશોમાં તો, આડ-રસ્તે દોરી જતી અને, ઘણી વાર તો ફસાવી દેતી, ભૂલોની ઘણી બધી શક્યતા રહેલી છે; તેથી જ અહીં ખૂબ ભાવાત્મક સંશયવાદ પણ ઠીક ઠીક ઉપયોગી થઈ પડે છે અને ખૂબ સાવચેતી તથા કડક બૌદ્ધિક પ્રામાણિકતાની જરૂર રહે જ છે; પણ આ સંશયવાદ એટલે સામાન્ય મનમાં રહેતો, આપણને અપંગ બનાવી દેતો ઇન્કારવાદ નહિ. પૂર્ણયોગમાં ભૂત-વિદ્યાના, તથા ખાસ કરીને, જેને ગુહ્ય વિદ્યા (Occultism) કહે છે તેને અંગેના અનુભવો તેમ જ ચમત્કારો માટેના શોખને આધ્યાત્મિક સત્યની સરખામણીમાં તદ્દન ગૌણ ગણવાનાં છે, અને એ આધ્યાત્મિક સત્ય જ તેમના અર્થ, સ્ફોટ અને સંમતિ આપે તેવી અપેક્ષા રાખવાની છે. પણ ખુદ શુદ્ધ આધ્યાત્મિકતાના પ્રદેશમાં પણ એવી ઘણી અધૂરી અનુભૂતિઓ હોય છે કે જે ગમે તેટલી આકર્ષક લાગે તે છતાં, તેમની પૂરી યથાર્થતા, અર્થ કે સાચો ઉપયોગ તો સમગ્ર અનુભૂતિ થયા પછી જ હાથ લાગે છે. વળી એવી પણ અનુભૂતિઓ હોય છે કે જે પોતે તો તદ્દન યથાર્થ અને સમગ્ર અને નિરપેક્ષ હોય છે પણ જો આપણે ત્યાં જ અટકી પડીએ તો આધ્યાત્મિક સત્યનાં અન્ય પાસાં અપ્રગટ જ રહી જશે અને યોગની પૂર્ણતા પાંગળી જ રહી જશે. આ રીતે જોતાં મનને

નિસ્પંદ કરવાથી મળતી વ્યક્તિત્વહીન શાંતિની ગાઢ અને ગહન નિશ્ચલતા પોતે એક સંપૂર્ણ અને નિરપેક્ષ અવસ્થા હોવા છતાં જો આપણે માત્ર ત્યાં ત્યાં જ અટકી પડીએ તો આપણે દિવ્ય કર્મોના આનંદરૂપ તેની સાથીદાર નિરપેક્ષ અવસ્થા — કે જેની મહત્તા, ઉપયોગ કે સત્યતા જરા પણ ઓછાં નથી — તેનાથી વંચિત રહી જઈશું. અહીં પણ આપણી શ્રદ્ધા એક એવી અનુમતિ જ બની રહેવી જોઈએ કે જે બધી જ આધ્યાત્મિક અનુભૂતિઓને સ્વીકારે તો છે જ પણ તે હમેશાં વધારે ને વધારે પ્રકાશ અને સત્ય પ્રત્યે સંપૂર્ણ ખુલ્લી અને તત્પર રહે છે, મર્યાદિત બનાવતી બધી જ આસક્તિઓથી દૂર રહે છે, અને એવા કોઈ પણ સ્વરૂપને વળગી નથી રહેતી કે જેથી આધ્યાત્મિક સત્તા, ચેતના, જ્ઞાન, સામર્થ્ય અને કર્મોની પૂર્ણતા પ્રત્યે તથા એક તેમ જ અનેક–ગુણ આનંદની સમગ્રતા પ્રત્યે દોરીજતી મહાશક્તિની નિશદિન આગળ વધતી ગતિમાં જરા પણ અંતરાય ઊભો થાય.

એક સામાન્ય વિચાર તરીકેની તેમ જ તેના સતત અને વિશિષ્ટ આચાર તરીકેની જે શ્રદ્ધાનો આપણને આગ્રહ કરવામાં આવે છે તે શ્રદ્ધા છેવટે તો ઈશ્વર અને શક્તિની હાજરીને અને માર્ગદર્શનને, આપણી સમગ્ર જાત તરફથી તેમ જ તેનાં સમસ્ત અંગો તરફથી અપાયે જતી, એક વિશાળ, અને સદાય વિકસ્યે જતી, અને સદાય શુદ્ધતર, સમૃદ્ધતર અને દૃઢતર થયે જતી અનુમતિ બની રહે છે. જ્યાં સુધી આપણે મહાશક્તિની હાજરી અનુભવીએ નહિ અને તેનાથી તરબતર બની જઈએ નહિ ત્યાં સુધી તેના પરની આપણી શ્રદ્ધાના પુરોગામી તરીકે કે તેના સાથીદાર તરીકે તો અવશ્ય, આપણા પોતાના જ આધ્યાત્મિક સંકલ્પમાં અને કાર્યશક્તિમાં તેમ જ અદ્વૈત અને મુક્તિ અને સિદ્ધિ પ્રત્યે સફળતાપૂર્વક આગળ વધી શકવાની આપણી શક્તિમાં, એક દૃઢ અને મર્દાનગીભરી શ્રદ્ધા જ હોઈ શકે. માનવને પોતાની જાતમાં, પોતાના વિચારોમાં અને પોતાનાં સામર્થ્યમાં એટલા માટે જ શ્રદ્ધા આપવામાં આવી છે કે જેથી તે મહાન વસ્તુઓ માટે કાર્ય કરે, તેમનું સર્જન કરે તથા તેટલે ઊંચે ચડે, અને અંતે, આત્માની વેદી પર પોતાના સામર્થ્યને એક ઉમદા આહુતિ તરીકે અર્પણ કરે. ઉપનિષદમાં કહ્યું છે કે : **नायमात्मा बलहीनेन लभ्यः**, એટલે કે કોઈ નિર્બળ માનવ આ આત્માને પામી શકતો નથી. અપંગતા આપણા બધા જ આત્મ–સંશયને, સિદ્ધિ માટેનાં આપણાં સામર્થ્ય માટેની સર્વ શંકાને, ઉખેડી નાખવાની છે કારણકે એ છે નિર્વીર્યતાને અપાતી ખોટી અનુમતિ, અશક્તિની હવાઈ કલ્પના, અને આત્માની સર્વશક્તિમત્તાનો ઇન્કાર. આપણી હાલની અશક્તિ ભલેને ગમે તેટલી ભારે

લાગતી હોય તે છતાં તે શ્રદ્ધાની એક કસોટી માત્ર જ છે, એક તાત્કાલિક મુશ્કેલી માત્ર છે; અને એ અશક્તિના ભાનને વશ થવું એ પૂર્ણયોગના સાધકને માટે તો એક નરી અર્થ-હીનતા છે, કારણકે તેનું લક્ષ્ય છે: ખુદ અત્યારે પણ આપણી જાતમાં સુષુપ્ત પડેલી એક પરિપૂર્ણતાનો વિકાસ; કારણકે માણસ પોતાની જાતમાં જ, પોતાના આત્મામાં જ, દિવ્ય જીવનનું બીજ સાચવી રહેલો છે, તેના યત્નોમાં સફળતાની શક્યતા સમાએલી છે, તેમાં તે છે જ; અને વિજય એ એક નિશ્ચિતતા જ છે કારણકે તેની પાછળ એક 'સર્વ-સમર્થ' શક્તિનો સાદ અને હાથ આવી રહેલ છે. તો, સાથે સાથે, આ આત્મશ્રદ્ધાને રાજસિક અહંકાર અને આધ્યાત્મિક અભિમાનના જરા સરખા સ્પર્શમાંથી પણ શુદ્ધ કરી નાખવાની છે. સાધકે શક્ય તેટલે અંશે પોતાના મનમાં સ્થિર રાખવાનો ખ્યાલ એ છે કે પોતાનામાં રહેલી શક્તિ એ કોઈ અહંભાવી અર્થમાં એની પોતાની શક્તિ નથી, પણ દિવ્ય વિશ્વ-વ્યાપી મહાશક્તિની શક્તિ છે, અને તેનો ઉપયોગ કરવા જતાં જે કાંઈ અહંતાને તે વચમાં લાવશે તેથી માત્ર એક મર્યાદા જ ઊભી થશે, અને અંતમાં તે એક અંતરાય જ બની રહેશે. આપણી અભીપ્સાની પાછળ રહેલી આ દિવ્ય, વિશ્વવ્યાપી મહાશક્તિનું સામર્થ્ય સર્વે મર્યાદાઓથી પર છે અને જ્યારે જ્યારે તેને સાચી રીતે સાદ કરવામાં આવે છે ત્યારે ત્યારે એ આપણામાં ઊતરી આવવાનું અને અશક્તિ અને અંતરાય માત્રનો નાશ કરવાનું ચૂકતી નથી; આજે નહિ તો કાલે એ એનો નાશ કરશે જ; અને આપણે ખેલવાના સંગ્રામની સંખ્યા અને સમયનો આધાર, શરૂઆતમાં અને કેટલેક અંશે, એક કરણ તરીકેની આપણી શ્રદ્ધામાં અને યત્નોમાં ભલે રહેલો હોય પણ આખરે તો એ રહેલો છે પૂર્ણ પ્રજ્ઞા-પૂર્વક નિર્ણય લેતા, છુપાઈ બેઠેલા પરમાત્મા પર, આપણા યોગના અધિષ્ઠાતા ઈશ્વર ઉપર.

આપણી શક્તિની પાછળ હમેશાં દિવ્ય શક્તિ પરની શ્રદ્ધા હોવી જ જોઈએ, અને જ્યારે એ દિવ્ય શક્તિ પ્રત્યક્ષ થાય ત્યારે એ શ્રદ્ધા તેનામાં વ્યાપી જઈ સંપૂર્ણ બની જવી જોઈએ. સનાતન કાળથી સર્વ કાંઈનું સર્જન કરી રહેલી અને પરમાત્માની સર્વ-શક્તિમત્તાથી સજ્જ બનેલી એ સચેતન મહાશક્તિ અને વિશ્વમય મહાદેવીને માટે કાંઈ જ અશક્ય નથી. બધું જ જ્ઞાન અને સામર્થ્ય અને સફળતા અને વિજય, સર્વે કુશળતા, કારીગીરી અને કાર્ય એના જ હાથમાં છે; અને એ હાથ તો ભરેલા છે પરમાત્માના અક્ષય ભંડારથી અને સર્વે પરિપૂર્ણતાઓ અને સિદ્ધિઓથી. એ જ છે મહેશ્વરી, પરમ જ્ઞાનની દેવી, અને એ જ આપે છે આપણને તેની દરેક

પ્રકારની દિવ્ય દષ્ટિ અને સત્યની અસીમતાઓ, દિવ્ય તપઃશક્તિની દઢતા, તેની અતિમાનસિક વિશાળતાની અચલતા અને આવેગ, તેની પ્રકાશપૂર્ણ સુખ-સભરતા, અને એ જ છે મહાકાલી, પરમ સામર્થ્યની દેવી, અને એના જ હાથમાં છે સર્વે શક્તિઓ અને આધ્યાત્મ-બળ અને ઉગ્રતમ તપો-બળ અને સંગ્રામ અને વિજયનો વેગ, અને અટ્ટહાસ્ય,- પરાજય અને મૃત્યુ અને અજ્ઞાનમય શક્તિઓને ક્ષુદ્ર બનાવી દેતું અટ્ટહાસ્ય. અને એ જ છે મહાલક્ષ્મી, પરમ પ્રેમ અને આનંદની દેવી, અને આત્માનું લાવણ્ય, અને પરમાનંદની શોભા અને સૌંદર્ય, અને સંરક્ષણ અને સર્વે દિવ્ય અને માન-વીય આશિષો એ સર્વેની ભેટ પણ એ જ ધરે છે. અને એ જ છે મહા-સરસ્વતી, દિવ્ય કૌશલ્ય અને પરમાત્માનાં કાર્યોની દેવી, અને એનો યોગ એટલે જ કર્મોમાં કુશળતાનો યોગ, योगः कर्मसु कौशलम् અને દિવ્ય જ્ઞાનના ઉપયોગનો અને જીવન પર આત્માની પોતાની અજમાયશનો અને તેની સંવાદમયતાનાં સુખનો યોગ. અને પોતાનાં સર્વે સામર્થ્યો અને સ્વરૂ-પોમાં તે ધારણ કરે છે: સનાતન ઈશ્વરી તરીકેની પોતાની પ્રભુતાઓની પરમ સચેતનતા; કરણોને જે કાંઈ કાર્યો કરવાં પડે તેને માટેની વેગભરી અને દિવ્ય કાર્ય-શક્તિ; સર્વે પ્રાણીઓમાં રહેલી સર્વે શક્તિઓ સાથેની એકરૂપતા અને સહકારી સહાનુભૂતિ અને મુક્ત અદ્વૈત; અને તેથી જ, વિશ્વમાં કાર્ય કરી રહેલ સમગ્ર દિવ્ય સંકલ્પ સાથેની સહજ અને સ-ફળ સંવાદિતા. તેની સંનિધિ અને સામર્થ્યનો ગાઢ અનુભવ, અને આપણી અંદર તથા આપણી આજુબાજુ ચાલી રહેલાં તેનાં સર્વે કર્મોમાં આપણી સંતોષ-પૂર્ણ સંમતિ એ જ છે મહાશક્તિ પરની આપણી શ્રદ્ધાની આખરી પરિપૂર્ણતા.

અને શક્તિની પાછળ રહેલો છે ઈશ્વર; અને એ ઈશ્વર ઉપરની શ્રદ્ધા એ પૂર્ણયોગની શ્રદ્ધામાં કેન્દ્રસ્થાને છે. આપણે શ્રદ્ધા રાખવાની છે,— અને તેને સંપૂર્ણપણે વિકસાવવાની પણ છે — કે: જે કાંઈ થઈ રહ્યું છે તે એક પરમ આત્મ-જ્ઞાનની અને પ્રજ્ઞાની વિશ્વવ્યાપી શરતો અનુસાર ચાલી રહેલો કર્મ-પ્રવાહ છે; આપણી અંદર કે આપણી આજુબાજુ બની રહેલું કાંઈ પણ અ-ફળ કે અ-સ્થાને કે અર્થ-હીન નથી; જ્યારે, આપણા પરમ આત્મારૂપ ઈશ્વર કર્મોને પોતાના હાથમાં લે છે ત્યારે કાંઈ પણ અશક્ય નથી રહેતું; અને તેણે આજ સુધીમાં જે કાંઈ કર્યું છે અને હવે પછી જે કંઈ કરવાનો છે તે સર્વે તેનાં અચૂક અને દૂરદર્શી માર્ગદર્શનનાં જ અંગરૂપ, તેમ જ આપણા યોગની અને આપણી પરિપૂર્ણતાની અને આપણા જીવન-કાર્યની સફળતા માટે જ હતું અને થશે. આપણી સમક્ષ જેમ જેમ

ઊર્ધ્વ જ્ઞાન ખૂલતું જશે, તેમ તેમ આ શ્રદ્ધા વધારે ને વધારે વાજબી ઠરતી જશે, આપણી સાંકડી મનોમયતા જેને ઝડપી નહોતી શકતી તેવા, મોટી અને નાની દરેક બાબતોના, આપણને અર્થ સમજાશે; અને શ્રદ્ધા પોતે જ જ્ઞાન બની રહેશે. ત્યારે શંકાનો ઓછાયો સરખો નહિ રહે અને આપણે જોઈશું કે સર્વ કાંઈ એક પરમ સંકલ્પના જ કાર્ય-પ્રવાહમાં બની રહેલું છે અને એ સંકલ્પ પોતે એક પૂર્ણ પ્રજ્ઞા પણ હતો જ, કારણકે તે આત્માનાં અને પ્રકૃતિનાં જીવનમાં હમેશાં સાચાં કર્મો જ વિકસાવી રહ્યો છે. આપણી શ્રદ્ધાની, અનુમતિની, સર્વોચ્ચ અવસ્થા તો ત્યારે આવશે કે જ્યારે આપણને ઈશ્વરની હાજરી પ્રત્યક્ષ થશે અને આપણને આપણું બધું જ અસ્તિત્વ અને ચેતના અને વિચારો અને સંકલ્પો અને કર્મો તેના જ હાથમાં રહેલા જણાશે, અને જ્યારે આપણે દરેક બાબતમાં અને આપણા આત્મા અને પ્રકૃતિના દરેક અંગ વડે પરમાત્માની પ્રત્યક્ષ અને અંતર્ગત અને સર્વવ્યાપક સંકલ્પ-શક્તિને અનુમતિ આપીશું. અને શ્રદ્ધાની આ સર્વોચ્ચ પરિપૂર્ણતા એ દિવ્ય સામર્થ્ય માટેની એક તક અને સંપૂર્ણ પાયો પણ બની રહેશે; તે સંપૂર્ણપણે તૈયાર થતાં, પ્રકાશપૂર્ણ અતિમાનસિક શક્તિના વિકાસ અને આવિર્ભાવ અને કર્મો માટેનો પાયો બની રહેશે.

પ્રકરણ : ૧૯

# અતિમનસના ગુણધર્મો

યોગનું લક્ષ્ય છે : માણસને તેની અત્યારની સામાન્ય મનોમય ચેતનામાંથી (કે જે પ્રાણમય અને ભૌતિક પ્રકૃતિના કાબૂ નીચે છે તથા જન્મ, મરણ અને કાળથી તેમ જ મન, પ્રાણ અને શરીરની જરૂરિયાતો અને ઇચ્છાઓથી પૂરેપૂરી બંધાએલી છે) તેમાંથી તેને છોડાવી આધ્યાત્મિક ચેતનામાં ઊંચે લઈ જવો; અને એ આધ્યાત્મિક ચેતના પોતે મુક્ત છે, તે મન, પ્રાણ અને શરીરરૂપી સંજોગોને, આત્માએ સ્વીકારેલી કે આપમેળે પસંદ કરેલી અને પોતાને જ રજૂ કરતી રચનાઓ તરીકે કામમાં લે છે, તેમનો મુક્ત આત્મ-જ્ઞાન વડે, પોતાના મુક્ત સંકલ્પ અને શક્તિ વડે તથા પોતાના મુક્ત આનંદથી ઉપયોગ કરે છે. તો, આપણે જેમાં જીવીએ છીએ તેવું આપણું મરણવશ મન તથા આપણાં દિવ્ય અને અમર સ્વરૂપ—કે જે યોગનું સર્વોચ્ચ પરિણામ છે—તેની આધ્યાત્મિક ચેતના એ બેની વચ્ચેનો ખરેખરો ભેદ આવો છે. આ એક આમૂલ પરિવર્તન છે; વિકાસ-શીલ પ્રકૃતિએ પ્રાણમય પશુમાંથી, પૂર્ણપણે મનોમય બનેલી માનવ-ચેતનામાં પ્રવેશતાં જે એક જબરો પલટો ખાધો તેના જેટલો જ, બલ્કે તેના કરતાં પણ વધારે મોટો આ પલટો છે. પશુઓમાં એક સચેતન, પ્રાણવશ મન હોય છે; તેના કરતાં વધારે ઊંચી જે કાંઈ વસ્તુ તેમનામાં શરૂ થઈ હોય છે તે માત્ર એક આછી છાંટરૂપે જ હોય છે; જે બુદ્ધિ માણસમાં એક માનસિક સમજ-શક્તિ, સંકલ્પ-શક્તિ, ભાવ-શક્તિ, તર્ક-શક્તિ અને સૌંદર્ય-દૃષ્ટિની ભવ્યતા ધારણ કરે છે તેનું તેમનામાં માત્ર એક કઢંગું સૂચન જ હોય છે. માણસમાં મનોમયતાનાં ઉચ્ચ શિખરો તથા ગહરાઈ-ભર્યાં ઊંડાણો સિદ્ધ થએલાં હોવાથી તે પોતાની અંદર આવેલી કોઈક મહાનતા અને દિવ્યતા વિશે સચેતન બને છે (કે જેના પ્રત્યે તેની પેલી બધી શક્તિઓ તેને દોરી રહી છે, પણ જેને તે હજી સુધી પામી શક્યો નથી); અને તે પોતાનાં મનની શક્તિઓ, જ્ઞાન-શક્તિ, સંકલ્પ-શક્તિ તથા ભાવ અને સૌંદર્ય-શક્તિને કામે લગાડે છે કે જેથી તે આ મહાનતા અને દિવ્યતાને શોધી કાઢી શકે, તેનું જે કાંઈ

સ્વરૂપ હોય તેને ઝીલી અને જાણી શકે, તેનામય બની શકે અને તેની મહાન ચેતના, આનંદ અને અસ્તિત્વમાં તેમ જ તેની સર્વોચ્ચ આવિર્ભાવ–શક્તિમાં પોતાના સમસ્ત અસ્તિત્વને ધારણ કરી શકે. પણ આ ઊર્ધ્વ અવસ્થામાંથી તે પોતાનાં સામાન્ય માનસમાં જે કાંઈ મેળવી શકે છે તે હોય છે તેના અંતરાત્માની ભવ્યતા, પ્રકાશ, મહિમા અને દિવ્યતાનો માત્ર કોઈક સંકેત, પ્રાથમિક ઝલક, કે તેનું કોઈક કઢંગું સૂચન. પણ પોતે જે બની શકે તેમ છે તેવા આ મહાન તત્ત્વને તે પોતાની સમક્ષ એક સ્પષ્ટ સત્ય તરીકે કાયમ માટે પ્રત્યક્ષ કરી શકે તેમ જ અત્યારે જે તેની સમક્ષ બહુ બહુ તો એક તેજસ્વી અભીપ્સા માત્ર જ છે તેમાં કાયમી વાસ કરી શકે તે પહેલાં તેણે પોતાનાં સર્વે અંગોને આ આધ્યાત્મિક ચેતના માટેના ઢાળા તરીકે અને કરણો તરીકે પલટી નાખવાં જ પડશે. કોઈક સર્વાંગી યોગ દ્વારા તેણે એક મહાન અને દિવ્ય ચેતનામાં પોતાનો વિકાસ કરવાનો અને તેના મય બની જવાનો યત્ન કરવો જ પડશે.

આવાં પરિવર્તનને ખાતર, પરિપૂર્ણતાનો યોગ જરૂરી છે; તેનાં જે અંગો વિશે આપણે અત્યાર સુધી વિચારણા કરી તેમાં નીચેની બાબતો આવી ગઈ: મનોમય, પ્રાણમય અને ભૌતિક પ્રકૃતિની, પૂર્વ–તૈયારીરૂપ વિશુદ્ધિ; નિમ્ન પ્રકૃતિ સાથે આપણને બાંધી રાખતી ગ્રંથિઓમાંથી મુક્ત; વળી, તેના પરિણામ–રૂપે, કામનામય પુરુષનાં અજ્ઞાનભર્યાં અને અશાંત કર્મોને જ સદાય આધીન રહેતી અહમ્‌મય અવસ્થાને સ્થાને એક એવી વિશાળ અને પ્રકાશપૂર્ણ સ્થિર સમતાની સ્થાપના કે જે સમજ–શક્તિને, ઊર્મિ–પ્રધાન મનને, પ્રાણવશ મનને તથા શારીરિક પ્રકૃતિને શાંત કરે છે, આપણી અંદર આત્માની શાંતિ અને મુક્તિને લઈ આવે છે, તેમ જ નિમ્ન પ્રકૃતિ-ના કર્મ–પ્રવાહને સ્થાને ઈશ્વરથી નિયંત્રિત થતી, પરમ, વિશ્વમય, દિવ્ય મહાશક્તિનાં કર્મોની સક્રિયતાને લાવી મૂકે છે; અને આ કર્મોની સક્રિયતા સંપૂર્ણ બને તે પહેલાં સાધવાની, પ્રકૃતિનાં કરણોની પરિપૂર્ણતા. આ ચારે ય બાબતોને એકત્ર કરવા છતાં યોગ સંપૂર્ણ તો નથી જ બનતો, તોપણ તેથી, આપણી હાલની સામાન્ય ચેતનાના કરતાં ઘણી મહાન એક એવી ચેતના સ્થપાય છે કે જેના પાયામાં આધ્યાત્મિકતા હોય છે અને જે એક ઊર્ધ્વતર પ્રકાશ, સામર્થ્ય અને આનંદ વડે સંચાલિત થતી હોય છે; અને તેથી, આટલું બધું સિદ્ધ કર્યાનો સંતોષ થઈ જાય અને, 'દિવ્ય પરિવર્તન માટે જે કાંઈ જરૂરી હતું તે બધું જ પાર પડી ગયું છે' એમ માનીને આરામપૂર્વક અટકી પડાય તે સહજ છે.

તેમ છતાં, વધુ પ્રકાશ પ્રાપ્ત થતાં એક ખરેખરો અગત્યનો પ્રશ્ન એ ઊભો થાય છે કે : દિવ્ય શક્તિ માનવમાં પોતાનું કાર્ય શેની દ્વારા કરશે? શું તેણે સદાય મન દ્વારા જ અને મનોમય ભૂમિકા પર જ કાર્ય કરવાનું છે ? – કે પછી તે એવી કોઈક મનસાતીત, અતિમાનસિક વસ્તુ ઊભી કરશે કે જે દિવ્ય કાર્યને માટે વધારે યોગ્ય હશે અને જે માનસિક ક્રિયાઓને ઉઠાવીને તેમને સ્થાને આવી બેસશે ? જો મન એ જ કાયમ માટે એકમાત્ર કરણ રહેવાનું હોય તો આપણાં બધાં જ આંતર–બાહ્ય માનવ–કર્મોનો આરંભ અને સંચાલન કરનારી દિવ્ય શક્તિ વિશે આપણે જરૂર સચેતન થઈશું, પણ એ દિવ્ય શક્તિએ પોતાનાં જ્ઞાન, સંકલ્પ આનંદને અને અન્ય સર્વે વસ્તુઓને આકાર તો માનસિક જ આપવો પડશે; અને એનો અર્થ એમ પણ ખરો કે તેણે દિવ્ય ચેતના અને તેની મહાશક્તિની નિજી, પરમ કાર્ય-રીતિઓને તેના કરતાં ઊતરતી જાતની કારવાઈઓમાં પલટવી પડશે. મન પોતાની મર્યાદાઓમાં રહીને પણ જો આધ્યાત્મિક, વિશુદ્ધ, મુક્ત અને પરિપૂર્ણ બને તો તે શક્ય તેટલું વફાદાર રહીને એકજાતનું મનોમય પરિવર્તન જરૂર પામી શકે; પણ, છેવટે તો આપણે સ્પષ્ટ જોઈ શકીશું કે, તેની આ વફાદારી બહુ સાપેક્ષ હશે, પરિપૂર્ણતા અપૂર્ણ હશે. મનની અસલ પ્રકૃતિ જ એવી છે કે તે દિવ્ય જ્ઞાન, સંકલ્પ આનંદની અને સાચી યથાર્થતાને ન તો સંપૂર્ણ-પણે રજૂ કરી શકે કે ન તો તેમની એકત્રિત સંપૂર્ણતા ધારણ કરીને કાર્ય કરી શકે. કારણકે સાંત વસ્તુઓના ટુકડાઓની, તેમના તૂટક તૂટક પાયા પર જ વિચારણા કરવા માટેનું તે કરણ છે, અને તેથી તે એક ગૌણ કરણ છે, અને, આપણે જે નિમ્ન કાર્ય–પ્રવાહમાં જીવીએ છીએ તેના એક જાતના પ્રતિનિધિ જેવું છે. મન અનંત બ્રહ્મનું પ્રતિબિંબ ઝીલી શકે છે, તેમાં ભળી જઈ શકે છે, એક વિશાળ નિષ્ક્રિયતા ધારણ કરીને તેમાં રહી શકે છે; તે તેનાં સૂચનો મેળવીને તેને પોતાની રીતે અમલમાં પણ મૂકી શકે છે—, અને એ રીત હમેશાં ટુકડાઓને પકડતી, અન્યને આશરે રહેતી અને, વધારે કે ઓછે અંશે, વિકૃતિને આધીન રહેતી રીત હોય છે—, પણ પોતાનાં જ જ્ઞાન અનુસાર કાર્ય કરતા અનંત પરમાત્માનું પ્રત્યક્ષ અને પરિપૂર્ણ કરણ તો એ પોતે કદી પણ બની શકે તેમ નથી. અનંત ચૈતન્યના કર્મપ્રવાહને વ્યવસ્થિત રીતે ગોઠવનાર તથા બધી જ ઘટનાઓનો આત્માના સત્ય અનુસાર અને આવિર્ભાવના ધર્મ અનુસાર નિર્ણય કરનાર દિવ્ય તપઃ-શક્તિ અને દિવ્ય પ્રજ્ઞા એ કોઈ મનોમય વસ્તુ નથી, પણ મનસાતીત છે, અને તે જ્યારે મનની પાસેમાં પાસે આવી કોઈક સ્વરૂપ ધારણ કરે છે ત્યારે

પણ તેની પ્રકાશમયતા અને સામર્થ્ય માનસિક ચેતનાથી એટલાં જ ઊંચાં હોય છે કે જેટલી માનવની માનસિક ચેતના નિમ્ન સૃષ્ટિના પ્રાણમય મનના કરતાં ઊંચી છે. સવાલ એટલો જ છે કે પરિપૂર્ણ બનેલો માનવ પોતાની જાતને મનથી કેટલેક ઊંચે લઈ જઈ શકે તેમ છે, અતિમનસ સાથેની કોઈક જાતની એકરસતામાં કેટલેક અંશે ભળી શકે તેમ છે, તથા પોતાનામાં અતિમનસના, વિકસિત વિજ્ઞાનના સ્તરની કેવીક રચના કરી શકે તેમ છે કે જેનાં સ્વરૂપ અને સામર્થ્ય વડે દિવ્ય શક્તિ સીધેસીધું કાર્ય કરી શકે,—કોઈક માનસિક રૂપાંતર દ્વારા નહિ, પણ પોતાના અસલ અતિમાનસિક ગુણધર્મ અનુસાર જ.

આ વાત આપણા વિચારો અને અનુભવો અંગેના સામાન્ય માર્ગથી એટલી બધી દૂરની છે કે, પહેલાં તો, આ વિશ્વમય વિજ્ઞાન અથવા દિવ્ય અતિમનસ એ શું છે, તે પ્રત્યક્ષ વિશ્વ-લીલામાં કેવી રીતે રજૂ થાય છે અને માણસજાતના અત્યારના મનોવ્યાપારો સાથે તેના કેવાક સંબંધો છે તે જણાવવું જરૂરી થઈ પડે છે. અને તેમ કરવાથી એ પણ સ્પષ્ટ થઈ જશે કે આપણી બુદ્ધિને અતિમનસ ભલે અતિ-બૌદ્ધિક લાગતું હોય અને તેની ક્રિયાઓ આપણી સમજના હિસાબે ભલે અગમ્ય લાગતી હોય તેમ છતાં તે કોઈ અ-તાર્કિક રહસ્યમયતા નથી; ઊલટાનું તેનું અસ્તિત્વ અને તેનો આવિર્ભાવ એ, અત્યારના અસ્તિત્વની ખાસિયત જોતાં એક સ-તર્ક અનિવાર્યતા છે; છે તો બરાબર એમ જ પણ, અલબત્ત, એમાં આપણે એ સ્વીકારવું પડે છે કે જડ તત્ત્વ કે મન-તત્ત્વ નહિ પણ આત્મ-તત્ત્વ એ જ મૂળભૂત વાસ્તવિકતા તેમ જ, વિશ્વમાં સર્વત્ર વ્યાપી રહેલું અસ્તિત્વ છે. બધા જ પદાર્થો એ, અનંત આત્મ-તત્ત્વમાં પોતાનામાંથી, તેની પોતાની જ ચેતનામાંથી, તથા એ ચેતનાની જ એક એવી શક્તિ (કે જે પોતે પોતાને જ પ્રગટ કરી રહી છે, પોતાને જ નિયંત્રિત કરી રહી છે, અને પોતાને જ સાર્થક કરી રહી છે) તેવી શક્તિ વડે પ્રગટેલા તેના પોતાના જ આવિર્ભાવો છે. એમ કહી શકાય કે પરમ અનંતતા પોતે જ પોતાના આત્મ-જ્ઞાનની શક્તિનો આશરો લઈને વિશ્વમાં (અને માત્ર ઇન્દ્રિય-ગોચર ભૌતિક વિશ્વ જ નહિ પણ તેની પાછળના કોઈ પણ અસ્તિત્વના પ્રદેશમાં રહેલા કોઈ પણ વિશ્વમાં) પોતાને પ્રગટ કરવા માટેના નિયમને વ્યવસ્થિત સ્વરૂપ આપી રહેલી છે. તેણે આ બધી વ્યવસ્થા ઊભી કરી છે તે કોઈ અસંગત દબાણને વશ થઈને નહિ, મનની કોઈ હવાઈ કલ્પના કે તુક્કાના આધારે નહિ, પણ પોતાની અનંત, આધ્યાત્મિક આઝાદીના જોરે જ, તથા

પોતાના જ અસલ આત્મ-સત્ય અનુસાર તેમ જ પોતાની અનંત શક્યતાઓને આધારે, તથા એ શક્યતાઓમાંથી આત્મ-સર્જન કરવાના પોતાના સંકલ્પને પરિણામે જ; અને આ સૃષ્ટિના પદાર્થ-માત્ર પોતપોતાની પ્રકૃતિ અનુસાર જે કાંઈ કરી રહ્યા છે અને જે જે ઉત્ક્રાંતિ પામી રહ્યા છે તે સર્વે આ આત્મ-સત્યના સ્વ-ધર્મે ઊભી કરેલી જરૂરિયાનાં દબાણને લીધે જ. પોતાના જ આવિર્ભાવને આ પ્રમાણે વ્યવસ્થિત કરનાર આ વિજ્ઞાનમય સર્જક-ધર્મ (એને "પરમ બુદ્ધિ" કહી તો શકાય પણ એમાં એનો પૂરેપૂરો અર્થ આવશે નહિ) એ બહુ જ સ્પષ્ટ રીતે એક એવું તત્ત્વ છે કે જેની મહત્તા, જેનાં જ્ઞાનનું ક્ષેત્ર, જેની આત્મ-શક્તિનું પ્રબળ દબાણ, જેના આત્મ-અસ્તિત્વના આનંદની તેમ જ કર્મ-શીલતાના આનંદની વિશાળતા આપણી મનોમય બુદ્ધિના કરતાં અનંત ગણી વધારે છે,— અને આ મનોમય બુદ્ધિ એ છે આપણી ચેતનાની, અત્યાર સુધીમાં પ્રત્યક્ષ થએલી, ઊંચામાં ઊંચી કક્ષા અને તેની અભિવ્યક્તિ —. પોતે અનંત હોવા છતાં જે પોતાની જ જાતનાં, "આત્મ"નાં સર્જનને તેમ જ પોતાનાં કાર્યોને મુક્ત રીતે વ્યવસ્થિત કરી શકે છે અને આત્મ-નિર્ણયથી જીવંત પણ કરી શકે છે તે આ "પરમ બુદ્ધિ"ને આપણા હાલના હેતુને ખાતર દિવ્ય અતિમનસ કે વિજ્ઞાન એવું નામ આપીએ તો તેમાં કાંઈ ખોટું નથી.

આ અતિમનસનો અસલ ગુણ-ધર્મ એ કે તેમાંનું સર્વ જ્ઞાન મૂળથી જ અદ્વૈત-ભર્યું, તાદાત્મ્યનું જ્ઞાન છે; અને એ જ્યારે પોતાનામાં જ અસંખ્ય દેખીતા ભાગલાઓ અને ભેદભાવ-ભર્યા ફેરફારો ઊભા કરે છે, ત્યારે પણ તેની ક્રિયાઓમાં અને ખુદ તેના આ ભાગલાઓમાં સક્રિય થતું તેનું સર્વે જ્ઞાન આ અદ્વૈતભર્યાં અને તાદાત્મ્યનાં જ્ઞાન ઉપર જ પ્રતિષ્ઠિત થએલું હોય છે, તથા તેના જ વડે પોષાતું, પ્રકાશિત થતું અને દોરાતું હોય છે. પરમ આત્મ-તત્ત્વ સર્વત્ર એક જ છે, અને તે સર્વે પદાર્થોને પોતાની જ જાત તરીકે અને પોતાનામાં જ વસતા પદાર્થો તરીકે જાણે છે, કાયમ તેમને એમ જ જુએ છે, અને તેથી તેને તેમનું જ્ઞાન ઘનિષ્ઠ અને પૂરેપૂરું હોય છે, તેમની વાસ્તવિકતા તેમ જ તેમના આભાસોને, તેમના સત્યને, તેમના સ્વ-ધર્મને, તેમની પ્રકૃતિ તેમ જ તેમની ક્રિયાઓના સમગ્ર સત્ત્વ, સમજ અને સ્વરૂપને તે જાણે છે. કોઈ પણ વસ્તુને તે જ્યારે એક જ્ઞેય ગણે છે ત્યારે પણ તેને તે પોતાની જ જાત તરીકે અને પોતાનામાં જ રહેલ પદાર્થ તરીકે જુએ છે,— અને નહિ કે પોતાના સિવાયની અને પોતાનાથી જ અલગ એવી કોઈ વસ્તુ તરીકે; અને તેથી તે વસ્તુ વિશે, તેની પ્રકૃતિ, બંધારણ

અને કાર્યો વિશે તે પહેલાં અ-જાણ હોય અને પછીથી તે બધું તેને તે બધું જાણવાનું હોય એમ નથી બનતું. જ્યારે તેનાથી ઊલટું, મન તો પહેલાં તેના જ્ઞેય વિશે અજ્ઞાન જ હોય છે અને પછીથી તેણે તે બધું જાણવું પડે છે; તેનું કારણ એ છે કે તે તેનાં જ્ઞેયથી અલગ હોય છે અને તેથી તે તેને પોતાના સિવાયની, પોતાનાથી બહારની એક વસ્તુ તરીકે જુએ છે, તપાસે છે અને સ્વીકારે છે. આપણા પોતાના આંતર-અનુભવો અને આંતરિક ક્રિયાઓનું આપણને જે માનસિક ભાન થાય છે તે એક તદ્રૂપતા અને આત્મ-જ્ઞાન છે એમ લાગી જવા છતાં પણ એ તદ્રૂપતા કે આત્મ-જ્ઞાન નથી; કારણકે, ત્યારે મન જે જુએ છે તે આપણી અંતરતમ કે સમગ્ર જાત નહિ પણ તેનાં માનસિક સ્વરૂપો હોય છે, અને આપણી સમક્ષ આપણી જાતની માત્ર આંશિક, ઉદ્ભવેલી અને ઉપરછલ્લી ક્રિયાઓ જ દેખા દે છે જ્યારે આપણા અસ્તિત્વનાં મોટાંમાં મોટાં, અને તદ્દન ગુપ્ત રહીને નિર્ણાયક કાર્ય કરતાં અંગો તો આપણી મનોમયતાને માટે એક ગૂઢ ગહનતા જ રહે છે. આપણી માનસિક જાતના કરતાં તદ્દન ઊલટી જ રીતે અતિમાનસિક આત્મ-તત્ત્વને તો પોતાનું, પોતાના સમગ્ર વિશ્વનું, અને પદાર્થ-માત્રનું (કે જે તેનાં પોતાનાં જ સર્જનો અને વિશ્વમાં રહેલાં તેનાં પોતાનાં જ આત્મ-સ્વરૂપો હોય છે) તે સર્વેનું ઊંડામાં ઊંડું અને સંપૂર્ણ, — અને તેથી જ તદ્દન યથાર્થ-જ્ઞાન હોય છે.

આ અતિમનસની બીજી ખાસિયત એ છે કે તેનું સર્વ જ્ઞાન સમગ્રતા-ભર્યું હોવાને લીધે ય યથાર્થ જ્ઞાન હોય છે. સૌથી પહેલી વાત એ કે તેની દૃષ્ટિ પરાત્પરની દૃષ્ટિ હોય છે અને તેથી તે વિશ્વને માત્ર વિશ્વની રીતે જ નહિ પણ એ વિશ્વ જે પરમ સનાતન સત્યમાંથી ઊતરી આવ્યું છે તેમ જ તેની એક અભિવ્યક્તિ પણ છે, એ પરમ સનાતન સત્યની સાથેના તેના સાચા સંબંધમાં તેને જુએ છે. તે આ વિશ્વમય અભિવ્યક્તિના અસલ આત્મ-તત્ત્વને અને સત્યને તેના સમગ્ર અર્થને જાણે છે કારણકે એ વિશ્વ જેના એક અંશને જ વ્યક્ત કરે છે તે સમગ્રતાની સમગ્ર અસલિયતને અને તેની સર્વે અનંત વાસ્તવિકતાઓને તથા તેમાંથી ઊભી થતી તેની સર્વે કાયમી શક્યતાઓને પણ જાણે છે. વળી તે, સર્વે સાપેક્ષતાઓને પણ જાણે છે કારણકે તે પરમ-નિરપેક્ષને જાણે છે તથા, એ સર્વે સાપેક્ષતાઓ જેની સાથે અસલ સંબંધ રાખે છે અને તેઓ જેનાં આંશિક કે હળવાં કે દબા-એલાં સ્વરૂપો છે તે, પરમ-નિરપેક્ષતાઓને પણ જાણે છે, બીજી વાત એ કે અતિમનસ એ વિશ્વમય પણ છે અને તેથી જે કાંઈ વ્યક્તિરૂપ છે તે

સર્વેને વિશ્વમય રીતે તેમ જ તેમની વ્યક્તિગત રીતે પણ જુએ છે અને આ સર્વે વ્યક્તિ-સ્વરૂપોને તેમના, આ વિશ્વ સાથેના, સાચા અને સંપૂર્ણ સંબંધમાં ધારણ કરે છે. તો વળી ત્રીજી વાત એ કે તે વ્યક્તિગત પદાર્થોની બાબતમાં અલગ અલગ રૂપે રહેલું હોવા છતાં તે સર્વેને પોતાની સર્વ-ગ્રાહી દૃષ્ટિમાં રાખે છે, કારણકે તે દરેકમાં તેમનું જે અંતરતમ અસલ તત્ત્વ છે—અને જેના પરિણામે જ બાકીનું સર્વે ઉદ્‌ભવેલું છે—તે અસલ તત્ત્વને જાણે છે; તો સાથે સાથે તે દરેકની સમગ્રતા કે જે તેમનું સંપૂર્ણ સ્વરૂપ હોય છે તેને તે જાણે છે અને તેમનાં બધાં અંગોને પણ જાણે છે અને એ અંગોના પરસ્પરના સંબંધોને તથા પરસ્પરના આધારોને પણ જાણે છે; અને એ જ પ્રમાણે તે દરેક વ્યક્તિરૂપ પદાર્થોના અન્ય પદાર્થો સાથેના સંબંધોને અને પરસ્પરના આધારોને જે જાણે છે તો તે સર્વે પદાર્થોની, આ વિશ્વની સમગ્ર આંતરતા તથા બાહ્યતા સાથેની જોડાણ-ગ્રંથિને પણ જાણે છે.

જ્યારે મન તો ઊલટાનું આ બધી બાબતોમાં મર્યાદિત અને અશક્ત છે. મન જ્યારે પોતાની બુદ્ધિને પરમ નિરપેક્ષતા પ્રત્યે લંબાવીને તેનો ખ્યાલ ઊભો કરે છે ત્યારે પણ તેની સાથે તદ્રૂપ નથી થઈ શકાતું, પણ બેભાન બનીને કે લય પામીને તેનામાં ભળી જઈ શકે છે; તે કેટલીક નિરપેક્ષતા-ઓની એક એવી જાતની સમજ કે સંદેશો મેળવે છે કે જેને તે માનસિક ખ્યાલ વડે સાપેક્ષ આકારમાં રજૂ કરે છે. તે વિશ્વમયતાને પકડી પાડી શકતું નથી. પણ વ્યક્તિગત કે અલગ અલગ ભાસતા પદાર્થોના સમૂહને જરા વ્યાપક રીતે જોઈને એ વિશ્વમયતાનો કાંઈક ખ્યાલ બાંધે છે; અને તેથી એ વિશ્વમયતાને કોઈક અસ્પષ્ટ અનંતતા કે અનિશ્ચિતતા કે અર્ધ-નિશ્ચિત વિશાળતા તરીકે જુએ છે કે પછી તેનું સ્થાન માત્ર બાહ્ય યોજનામાં જુએ છે કે, તેને એક યોજિત સ્વરૂપ તરીકે જુએ છે. વિશ્વનું એક અખંડ અસ્તિત્વ અને અખંડ કર્મ-પ્રવાહ કે જે તેનું સાચું સત્ય છે તે મનની ગ્રહણ-શક્તિને હાથતાળી જ દઈ જાય છે, કારણકે પોતે પાડેલા ભાગલા-ઓને એકમો ગણીને મન તેને પૃથક્કરણની રીતે વિચારી કાઢે છે અને આ એકમોને સમૂહમાં ગોઠવીને તેનું એકીકરણ ગોઠવે છે, પણ તેની અસલ એકતાને તે ન તો પકડી પાડે છે કે ન તો પૂર્ણપણે એ રીતે વિચારી શકે છે,— અલબત્ત, તે એ અસલ અદ્વૈતનો કાંઈક ખ્યાલ અને કેટલાંક ગૌણ પરિણામો જરૂર મેળવી શકે છે. એ જ પ્રમાણે એ વ્યક્તિગત અને અલગ ભાસતા પદાર્થોને પણ યથાર્થ રીતે અને પૂરેપૂરા જાણી શકતું નથી, કારણકે અહીં પણ જુદા જુદા ભાગો, ઘટકો અને ગુણ-ધર્મોનું પૃથક્કરણ

કરવાની અને તેમને ભેગા કરવાની એ જ રીત તે અપનાવે છે અને તેની મદદથી એક એવી યોજના ઊભી કરે છે કે જે તેનો માત્ર બાહ્ય આકાર જ હોય છે. તે પોતાનાં જ્ઞેયના અંતરતમ અસલ સત્યનો કાંઈક ઝબકારો મેળવી શકે છે ખરો પણ એ અસલ જ્ઞાનમાં સતત રીતે અને પ્રકાશમય બનીને રહી શકતું નથી તથા એ સત્યના કેન્દ્રમાંથી શરૂ કરી બહારની બાજુએ બીજા ભાગોમાં એવી રીતે આગળ વધી શકતું નથી કે જેથી બાહ્ય સંજોગો તેને પેલી આધ્યાત્મિકતા (કે જે તેનાં જ્ઞેયની વાસ્તવિકતા છે) તેનાં અનિવાર્ય પરિણામ અને આવિર્ભાવ અને આકાર અને કાર્ય તરીકેની ગાઢ વાસ્તવિકતા અને અર્થ તરીકે દેખાય. અને આ બધું કે જેને માટે મન માથાકૂટ કરી શકે છે અને ખ્યાલ બાંધી શકે છે પણ જેને તે સિદ્ધ કરી શકતું નથી તે સર્વે તો અતિમાનસિક જ્ઞાનમાં સ્વયં-સિદ્ધ અને સહજ રીતે આવી રહેલું હોય છે.

આ તફાવતને પરિણામે ઊભી થતી અને એ જાતનાં જ્ઞાન વચ્ચેનો વ્યવહારુ ભેદ સ્પષ્ટ કરી આપતી અતિમનસની ત્રીજી ખાસિયત એ છે કે તે સીધેસીધી જ એક સત્ય-ચેતના, ઋત-ચેતના, પ્રત્યક્ષ, અંતર્ગત અને સહજજ્ઞાનની દિવ્ય શક્તિ છે, વિ-જ્ઞાન છે, અજ્ઞાનની એક શક્તિ-રૂપ મન કે જેને જાણેલાંથી શરૂ કરી નહિ જાણેલાને જાણવા માટે બાહ્ય સંકેતો કે તર્ક-સરણીઓ કે અન્ય પદ્ધતિનો આશરો લેવો પડે છે તેમ ના કરતાં સર્વે સત્યોને પોતાનામાં પ્રકાશમયતાથી સહજ રીતે ધારણ કરતું વિજ્ઞાન છે. અતિમનસ પોતાનાં બધાં જ જ્ઞાનને પોતાનામાં જ ધારણ કરે છે; તેની સર્વોચ્ચ, દિવ્ય, પ્રજ્ઞા-પૂર્ણ અવસ્થામાં, સમગ્ર સત્ય સનાતનથી જ તેનામાં વસેલું હોય છે, અને તે જ્યારે ખુદ તેનાં નિમ્ન, મર્યાદિત કે વ્યક્તિભૂત સ્વરૂપોમાં હોય ત્યારે પણ તેણે પોતાનામાં જ પડેલા સત્યને બહાર આણવાનું હોય છે. આ જ વસ્તુને વ્યક્ત કરવા માટે પ્રાચીન તત્ત્વજ્ઞાનીઓએ કહ્યું છે કે : સર્વ જ્ઞાન-પ્રાપ્તિની સાચી શરૂઆત અને રીત એટલે અંતરમાં જ વસતા જ્ઞાનનું માત્ર પુનઃસ્મરણ, સ્મૃતિ. અતિમનસ સનાતનકાળથી, અને સર્વે સ્તરો પર, સત્ય-ચિત્ત, સત્ય વિશે સચેતન, છે, અને ખુદ માનસિક અને ભૌતિક અસ્તિત્વોમાં પણ ગુપ્ત રીતે વાસ કરે છે, માનસિક અજ્ઞાનની બધી જ, ખુદ સંપૂર્ણ તમોગ્રસ્ત, બાબતોને પણ તે સમગ્રતાથી જુએ છે, જાણે છે અને તેમની બધી જ ક્રિયાઓને તે સમજે છે, તેમની પાછળ હોય છે અને તેમનું નિયંત્રણ કરે છે; કારણકે મનની અંદરની બધી જ બાબતો અતિમનસમાંથી ઊતરી આવેલી છે—, અને એમ જ હોઈ શકે

કારણકે બધી જ બાબતો આત્મ-તત્ત્વમાંથી ઊતરી આવેલી છે. જે કાંઈ મનમાં છે તે બધું અતિમાનસિક સત્યનું જ માત્ર આંશિક, હળવું, ઢંકાએલું કે અર્ધ-ઢંકાએલું સ્વરૂપ છે, તેનાં જ વિશાળતર જ્ઞાનની વિકૃતિ કે તેનું નીચે ઊતરી આવેલું અને અપૂર્ણ બનેલું સ્વરૂપ છે. મન અજ્ઞાનમાંથી શરૂઆત કરી જ્ઞાન પ્રત્યે ગતિ કરે છે. હકીકત તો એમ છે કે આ ભૌતિક વિશ્વમાં તે એક એવી આદિ અને વિશ્વવ્યાપી અચેતનતામાંથી ઊગી આવ્યું છે, કે જે, હકીકતમાં, બીજું કંઈ નહિ પણ, પોતાની જ આત્મ-વિસ્તૃત કાર્ય-શક્તિમાં લીન બનેલી સર્વજ્ઞ આત્માની અવક્રાંત અવસ્થા છે; અને તેથી જ ઉત્ક્રાંતિના અંગરૂપે તે પહેલાં, સ્પષ્ટ ઇન્દ્રિય-બોધ પ્રત્યે આગળ વધતાં પ્રાણમય સંવેદન તરીકે દેખા દે છે; તે પછી સંવેદન-શીલ પ્રાણમય મન તરીકે બહાર આવે છે; અને તે પછી તેમાંથી પણ વધારે ઉત્ક્રાંત થતાં, ઊર્મિઓ અને કામનાઓ-ભર્યાં મન તરીકે, એક સચેતન સંકલ્પ-શક્તિ તરીકે, અને તે પછી વધ્યે જ જતી બુદ્ધિ તરીકે બહાર આવેલ છે. અને આ દરેક પગલું એટલે ગુપ્ત રહેલ અતિમનસ અને આત્મતત્ત્વની દબાઈ રહેલી શક્તિના વધારે ને વધારે મહાન સ્વરૂપનું પ્રાગટ્ય.

માણસનું મન કે જે ચિંતન અને સુવ્યવસ્થિત શોધ-ખોળ કરવાની તેમ જ પોતાને, પોતાના આધારને તથા આજુબાજુની દુનિયાને સમજવાની પણ શક્તિ ધરાવે છે તે સત્ય મેળવે છે ખરું પણ તેની પાછળની ભૂમિકા આદિ અજ્ઞાનની હોય છે, એ સત્ય તેની આજુબાજુ વ્યાપેલી અનિશ્ચિતતા અને ભૂલોના ધુમ્મસથી ગૂંગળાએલું હોય છે. તેની નિશ્ચિતતાઓ સાપેક્ષ હોય છે, અને મોટે ભાગે તો તકલાદી ખાતરીઓ કે પછી, કોઈક કાચા અને અધૂરા અનુભવો પર ઊભેલી—તાત્ત્વિક અનુભવ પર ઊભેલી નહિ—નિશ્ચિત પણ ખંડિત ખાતરી હોય છે. તે શોધ ઉપર શોધ કરે છે, ખ્યાલ પછી ખ્યાલ મેળવે છે, અનુભવો પછી અનુભવો અને અખતરાઓ વધાર્યે જ જાય છે, પણ જેમ જેમ આગળ વધે છે તેમ તેમ ઘણું બધું ગુમાવે પણ છે, છોડી પણ દે છે, ભૂલી પણ જાય છે અને ફરી પાછું મેળવવા પણ મથે છે, અને તે જે કાંઈ જાણે છે તે બધાંમાં તાર્કિક અને અન્ય અનુમાનો દ્વારા, સિદ્ધાંતો અને તેમના આધારિત સિદ્ધાંતો દ્વારા, વ્યાપક નિયમો અને તેમની અજમાયશો દ્વારા પરસ્પર સંબંધો સ્થાપવા મથે છે અને તેની આ તરકીબોમાંથી એક એવું ચણતર ઊભું કરે છે કે જેમાં તે માનસિક રીતે નિવાસ કરી શકે, હરીફરી શકે, કામ કરી શકે, મોજ માણી શકે અને મહેનત પણ કરી શકે. આવા માનસિક જ્ઞાનનો વિસ્તાર તો હમેશાં મર્યાદિત જ હોય છે, પણ

વળી વધારામાં સત્યના અમુક ભાગને અને પાસાંઓને પોતાનાં મંતવ્યોનાં માળખાં અનુસાર સ્વીકારીને તથા અન્ય સર્વેને બકાત રાખીને પોતાની જાતે જ કેટલાક અંતરાયો ઊભા કરે છે કારણકે જો તે બધા જ ખ્યાલોને સંપૂર્ણ છૂટથી દાખલ થવા દે અને હરવા-ફરવા દે, જો તે સત્યની અનંતતાઓને વેહવા માંડે તો તે પોતે જ અણુ-સાંધી વિવિધતાઓમાં અને વણુ-માપી પ્રચૂરતાઓમાં અટવાઈ જાય અને ન કાંઈ કાર્ય કરી શકે, ન કોઈ વ્યવહારુ પરિણામો લાવી શકે કે ન કોઈ સફળ સર્જન કરી શકે. વળી માનસિક જ્ઞાન વિશાળમાં વિશાળ અને સંપૂર્ણમાં સંપૂર્ણ હોય ત્યારે પણ આડકતરું જ્ઞાન જ હોય છે, વસ્તુનું પોતાનું નહિ પણ તેનાં સ્વરૂપોનું જ્ઞાન હોય છે, તેની રજૂઆતોનું માળખું, સૂચનોનો નકશો હોય છે. અલબત્ત તેમાં અપવાદ ત્યારે જ થાય છે કે જ્યારે તે કેટલીક ક્રિયાઓમાં પોતાની સીમાઓને વટાવી જઈને, માનસિક ખ્યાલોને વટાવી જઈને આધ્યાત્મિક તદ્રૂપતામાં પહોંચી જાય છે. પણ ત્યારે ય થોડાક છૂટાછવાયા અને ઉત્કટ આધ્યાત્મિક સાક્ષાત્કારોથી આગળ વધવું કે આ જૂજ તદ્રૂપતા-ભર્યાં જ્ઞાનનાં યથાર્થ અને વ્યવહારુ પરિણામો તારવવાં, પાર પાડવાં કે તેમનાં આયોજન કરવાં એ તેને માટે એક અતિ કપરું કામ થઈ પડે છે. આવાં અતિ ઊંડાં જ્ઞાનનો આધ્યાત્મિક તાગ મેળવવા માટે તથા તેને અસરકારક બનાવવા માટે બૌદ્ધિક સમજ-શક્તિના કરતાં વધારે સમર્થ શક્તિની જરૂર રહે છે.

અને એ કામ તો અનંતતા સાથે ગાઢ સંબંધવાળું માત્ર અતિમનસ જ કરી શકે તેમ છે. અતિમનસ સત્યને એક અવિભાજ્ય અખંડિતતા તરીકે સાચવીને એકસાથે તેનો આત્મા અને અસલ તત્ત્વ, તેનો દેહ અને દેખાવ, તેનું પરિણામ તેમ જ કાર્ય, તેનો સિદ્ધાંત અને પેટા-સિદ્ધાંતો એ સર્વેને સીધેસીધાં જ જોઈ શકે છે; અને તેથી અસલ તત્ત્વનાં જ્ઞાનની શક્તિ વડે બાહ્ય પરિણામોને બહાર લાવી શકે છે, આત્મતત્ત્વની તદ્રૂપતાના પ્રકાશમાં તેની અનેકવિધતાને બહાર લાવી શકે છે, અને અદ્વૈતનાં સત્યમાં દેખાતી અલગતાઓ આણી શકે છે, અતિમનસ પોતાનાં સત્યનું જ્ઞાતા અને સર્જક બંને છે; માનવ-મન જ્ઞાતા અને સર્જક તો છે પણ અર્ધ-પ્રકાશ અને અર્ધ-અંધકારમાં રહીને સત્ય અને અસત્યના ભેળને જ જાણે છે અને સર્જે છે, અને જે સર્જન કરે છે તે પોતાનાથી મહાન અને પોતાનાથી પરની કોઈક વસ્તુમાંથી નીચે ઉતારી લાવેલી, બદલી નાખેલી, ઘટાવી દીધેલી અને હળવી કરી નાખેલી વસ્તુનું સર્જન હોય છે. માણસ મનોમય ચેતનાના પ્રદેશમાં રહે છે; તેની નીચે એક એવી વિશાળ અવચેતના આવેલી છે કે જે તેની નજરે

એક અંધકારભરી અચેતનતા છે; અને તેની ઉપર આના કરતાં પણ વધારે વિશાળ એક એવી અતિ-ચેતના આવેલી છે કે જેને પણ એ એક બીજી અચેતનતા, પણ પ્રકાશ-મય અચેતનતા માની લેવા લલચાય છે, કારણકે ચેતના વિશેનો તેનો ખ્યાલ માનસિક સંવેદનો અને બુદ્ધિનાં પોતાના મધ્યમ પ્રદેશ પૂરતો જ મર્યાદિત રહેલો છે. પણ આ પ્રકાશપૂર્ણ અતિ-ચેતનામાં જ અતિમનસની અને આધ્યાત્મિકતાની શિખર-માળાઓ આવી રહેલી છે.

આ અતિમનસ જેમ જ્ઞાતા છે તેમ કર્તા અને સર્જક પણ છે; અને તેથી તે માત્ર એક સીધેસીધી સત્યમય ચેતના જ નહિ પણ એક પ્રકાશપૂર્ણ, સીધેસીધી અને સહજ સત્ય-મય સંકલ્પ-શક્તિ, તપસ્ પણ છે જ. સ્વ-જ્ઞાન-યુક્ત આત્માનાં તપસ્માંથી ઉદ્ભવતા સંકલ્પની અને જ્ઞાનની વચ્ચે કોઈ પણ જાતનો વિરોધ, ભેદ કે તફાવત હોઈ શકતો જ નથી. આ તપસ્, આધ્યાત્મિક સંકલ્પ-શક્તિ, એટલે જ આત્માનાં સચેતન સ્વરૂપમાં રહેલું પ્રકાશ-યુક્ત સામર્થ્ય કે જે તેની અંદર રહેલા કોઈ પણ નિર્ણયને અ-ચૂક રીતે પાર પાડે છે; અને, પોતપોતાની પ્રકૃતિ અનુસાર વર્તતા પદાર્થોનું, તેમની અંદર રહેલાં સામર્થ્ય અનુસાર પરિણામો અને પ્રસંગો ઊભાં કરનાર શક્તિનું, તેમના ગુણ-ધર્મ અને હેતુમાં છૂપી પડેલી સફળતાઓ અને ઘટનાઓને બહાર લાવતાં કર્મોનું આ, અચૂક રીતે થતું કાર્ય એટલે જ, આપણે તેનાં જુદાં જુદાં પાસાંઓને ધ્યાનમાં રાખીને જેને વિવિધ રીતે ઓળખીએ છીએ તે "પ્રકૃતિનો ધર્મ", "સ્વ-ધર્મ", "કર્મ", "આંતરિક જરૂરિયાત" અને "ભાગ્ય". આપણાં મનના હિસાબે આ બધું છે તેની બહાર કે ઉપર રહેલ એક એવી શક્તિનું કાર્ય કે જેમાં તે પોતે પણ અટવાએલું છે તથા જેમાં પોતાના સ્વ-પ્રયત્ન-રૂપ એવા ફાળાથી દખલ કરે છે કે જે કેટલીક કામ લાગે છે અને સફળ થાય છે તો કેટલીક નિષ્ફળ જાય છે કે ઠોકર પણ ખવડાવે છે; અને જ્યારે એ સફળ થાય છે ત્યારે પણ તેના પોતાના ઇરાદાના કરતાં તદ્દન જુદી જ, કે તેના કરતાં અતિશય મહાન અને દીર્ઘ-ગામી, બાબતોને ખાતર, તેમને ઓળંગી જવામાં આવ્યા હોય છે. માનવની સંકલ્પ-શક્તિ અજ્ઞાનમાં રહીને, એક એવા અર્ધ-પ્રકાશની કે ઘણી વાર તો પ્રકાશના ફફડાટાની સહાયથી કાર્ય કરતી હોય છે કે જેથી જો રસ્તો જડે છે, તો અવળે રસ્તે પણ ચડી જવાય છે, માનવનું મન એટલે જ્ઞાનનું કોઈક ધોરણ રચવા મથતું એક અજ્ઞાન; તેની સંકલ્પ-શક્તિ એટલે શુભનું કોઈક ધોરણ રચવા મથતું એક અજ્ઞાન; અને, પરિણામે, તેનું સમગ્ર માનસ એટલે મોટે ભાગે એક એવું ઘર કે જેમાં અંદરોઅંદર વિરોધ છે, એક

ખ્યાલ બીજા ખ્યાલની સામે થાય છે, સંકલ્પ ઘણી ય વાર શુભના આદર્શની સામે કે બૌદ્ધિક જ્ઞાનની સામે મેદાને પડે છે. તો વળી સંકલ્પ-શક્તિ પોતે પણ વિવિધ સ્વરૂપો ધારણ કરે છે; તે બુદ્ધિમાં સંકલ્પ બને છે, હૃદયમાં ઇચ્છા બને છે, પ્રાણમાં આવેશ અને કામના બને છે, નાડીમય અને અવચેતન પ્રકૃતિમાં આવેગો અને અંધ કે અર્ધ-અંધ તૃષ્ણાઓ બને છે; અને આ બધાંમાં પણ કાંઈ એકરાગ નથી હોતો, હોય છે, બહુ બહુ તો, વિરોધો વચ્ચેની કોઈક તકલાદી સહમતતા, મનની સંકલ્પ-શક્તિ એટલે એક સાચી શક્તિની, સાચા તપસ્‌ની શોધમાં ખવાતી ઠોકર-પટ્ટી; સાચા અને સંપૂર્ણ પ્રકાશથી તથા માર્ગદર્શનથી ભરેલી આ સાચી સંકલ્પ-શક્તિની, તપસ્‌ની, પૂર્ણ પ્રાપ્તિ તો આધ્યાત્મિક અને અતિમાનસિક જ્ઞાત સાથેના અદ્વૈતમાં જ શક્ય છે.

અતિમાનસિક પ્રકૃતિ મનથી ઊલટી રીતે, યથાર્થ, સંવાદી અને એકતાપૂર્ણ હોય છે; ત્યાં સંકલ્પ અને જ્ઞાન એ માત્ર આત્માનો જ પ્રકાશ અને આત્માનું જ સામર્થ્ય હોય છે: સામર્થ્ય પ્રકાશનો અમલ કરે છે, પ્રકાશ સામર્થ્યને અજવાળે છે. સર્વોચ્ચ અતિમાનસિકતામાં તેઓ ગાઢ રીતે પરસ્પરમાં ભળી જાય છે; તેઓ એકબીજાને સાથ નથી આપતાં પણ એક જ પ્રવાહ બની જાય છે; તપસ્ પોતાને જ પ્રકાશિત કરે છે, જ્ઞાન પોતાને જ સાર્થક કરે છે, બંને ભેગાં થઈને ચૈતન્યની એક જ છોળ બની રહે છે. મન માત્ર વર્તમાનકાળને જ જાણે છે; અને ભૂતકાળને સ્મરણમાં રાખવાનો અને સાચવી રાખવાનો તથા ભવિષ્યને ભાખવાનો અને ખેંચી લાવવાનો યત્ન કરવા છતાં રહે છે તો વર્તમાનના એકાકી પ્રવાહમાં જ. અતિમનસને છે ત્રિકાળ-દૃષ્ટિ; તે ત્રણે કાળને એક અવિભાજ્ય પ્રવાહ તરીકે સળંગ જુએ છે, અને એકમાં બીજાઓને સમાએલા પણ જુએ છે, તેને ખબર હોય છે કે બધાં જ વલણો, સામર્થ્યો અને શક્તિઓ એક જ અદ્વૈતની અનેકવિધ લીલા છે; અને એક જ આત્મતત્ત્વના અખંડ પ્રવાહમાં તેમના પરસ્પરના સંબંધોને તે જાણતું હોય છે. તેથી અતિમાનસિક સંકલ્પ-શક્તિ અને કર્મ-પ્રવાહ એ આત્માનાં સહજ, સ્વયં-સાર્થક સત્યની સંકલ્પ-શક્તિ અને કર્મ-પ્રવાહ હોય છે; તેઓ પ્રત્યક્ષ અને પૂર્ણજ્ઞાનની સાચી અને, સર્વોચ્ચ કક્ષાએ તો, એક જ અચૂક ગતિ બની રહે છે.

આ પરમ અને વિશ્વમય અતિમનસ એટલે સ્વામી અને સ્રષ્ટારૂપ પરમ અને વિશ્વમય પરમાત્માનું તેજસ્ અને તપસ્; યોગમાં આપણે જેને દિવ્ય પ્રજ્ઞા અને દિવ્ય શક્તિ તરીકે, ઈશ્વરનાં સનાતન જ્ઞાન અને સંકલ્પ-શક્તિ તરીકે જાણવા પામીએ છીએ તે જ છે એ પરમપુરુષ-રૂપ અસ્તિત્વના

સર્વોચ્ચ પ્રદેશો કે જ્યાં સર્વ કાંઈ એક જ અસ્તિત્વનાં અનેક અસ્તિત્વો તરીકે, એક જ ચેતનાની અનેક ચેતનાઓ તરીકે, એક જ પરમાનંદનાં આનંદપૂર્ણ આત્મસર્જનો તરીકે, એક જ સત્યનાં વિવિધ સત્યો અને શક્તિઓ તરીકે જાણવા મળે છે અને આપણી સન્મુખ પ્રગટ થાય છે ત્યાં જ આવી રહેલું છે તેનાં આધ્યાત્મિક અને અતિમાનસિક જ્ઞાનની અખંડ અને સંપૂર્ણ લીલાનું દર્શન. અને તેને જ મળતી, આપણી પોતાની વ્યક્તિગત ભૂમિકાઓ પર જીવાત્મા પણ આધ્યાત્મિક અને અતિમાનસિક પ્રકૃતિનો પોતાનો હિસ્સો મેળવતો હોય છે અને તેનાં પ્રકાશ, સામર્થ્ય અને આનંદમાં નિવાસ કરતો હોય છે. આપણી આ પાર્થિવ અવસ્થામાં આપણે જેમ જેમ નીચે આવતા જઈએ છીએ તેમ તેમ આ આત્મજ્ઞાનની હયાતી અને ગતિ મર્યાદિત થતી જાય છે; અને અતિમનસના ગુણ–ધર્મો તથા તેની જ્ઞાન માટેની, સંકલ્પ માટેની અને કર્મો માટેની રીત એ બધું અકબંધ નથી રહેતું. તેમ છતાં તેમનું મૂળતત્ત્વ તથા વિશિષ્ટતા તો સચવાય જ છે; કારણકે હજી પણ જીવાત્મા પરમાત્માના જ આત્મા અને દેહમાં વસતો હોય છે. આત્માનો જડ તત્ત્વમાં અવતરણ–માર્ગ તપાસતાં જણાય છે કે મન એ એક એવું અવતરણ છે કે જે આત્માની સંપૂર્ણતામાંથી, તેના પ્રકાશ અને અસ્તિત્વની સંપૂર્ણતામાંથી દૂર ને દૂર ખસતું જાય છે અને જે ભાગલા અને ભેદના પ્રદેશમાં જીવે છે, સૂર્યના પોતાના પ્રકાશ–પિંડમાં નહિ પણ શરૂઆતમાં તેની નજદીકના, અને પછીથી દૂર દૂરના પ્રકાશ માર્ગમાં રહે છે. શરૂઆતમાં સહુથી ઊંચે આવે છે સ્ફુરણાત્મક મન કે જે અતિમાનસિક સત્યને ખૂબ નિકટતાથી ધારણ કરે છે; છતાં પણ આ એક એવી રચના છે કે જે સીધેસીધાં અને મહત્તર યથાર્થ જ્ઞાનને સંતાડી રાખે છે. તે પછી આવે છે બુદ્ધિમય મન-રૂપ એક એવું પ્રકાશમય છતાં અર્ધ–પારદર્શક ઢાંકણુ કે જે અતિમનસના જ્ઞાનને ઝડપી લઈને અટકાવે છે અને, તેજસ્વી રીતે બેડોળ કરતા અને ગૂંગળાવીને હળવા કરતાં વાતાવરણમાં તેનું પ્રતિબિંબ પાડે છે. હજી પણ નીચે ઇન્દ્રિયોના આધારે ઊભેલું એક એવું મન છે કે જેની અને જ્ઞાન–સૂર્યની વચ્ચે ગાઢા વાદળનું આવરણ છે, ઊર્મિઓ અને સંવેદનોના એવા ધુમ્મસ અને વરાળ–ગોટા છે કે જેમાં ક્યાંક ક્યાંક વીજળીઓ અને પ્રકાશના ઝબકારા છે. તો વળી એક એવું પ્રાણમય મન પણ છે કે જે ખુદ બૌદ્ધિક સત્યના પ્રકાશ સામે પણ બારણાં બંધ રાખે છે; અને હજી તેનાથી પણ નીચે, મનથી નીચેના પ્રાણ અને પદાર્થના પ્રદેશોમાં તો આત્મા એવો તો સંપૂર્ણ તિરોભૂત થઈ જાય છે કે જાણે કોઈ ઝાંખા છતાં તીવ્ર, દુર્બળતા

પ્રેરક સ્વપ્નમાં સરી પડ્યો હોય, કે ઊંઘમાં ને ઊંઘમાં પ્રવાસ કરતી કોઈ યંત્રવત્ શક્તિની રાત્રિમાં ખોવાઈ ગયો હોય. આ સૌથી નીચેની અવસ્થા છે અને તેમાંથી હવે, ઉત્ક્રાંતિનો આશરો લઈ, આત્મતત્ત્વ ફરીથી ઉપર જઈ રહ્યું છે; તેનાં પરિણામે સૃષ્ટિએ જે ઉત્ક્રાંતિ હાંસલ કરી છે તેનાં શિખર પર, નીચેના સર્જનને આપણામાં ધારણ કરીને, આજે આપણે ઊભેલા છીએ; અને એ આરોહણમાં, સારો એવો વિકાસ પામેલી માનસિક સમજશક્તિના પ્રકાશ સુધી આપણે પહોંચેલા છીએ. પણ આત્મજ્ઞાનની અને આત્માના પ્રકાશ-ભર્યા સંકલ્પની સંપૂર્ણ શક્તિઓ હજી સુધી આપણાં મન અને તાર્કિક સમજની ઉપર, અતિમાનસિક પ્રકૃતિના પ્રદેશમાં, આપણાથી દૂર રહેલાં છે.

જો આત્મતત્ત્વ સર્વવ્યાપી હોય, ખુદ જડ તત્ત્વમાં પણ હાજર હોય (જડ તત્ત્વ એ, હકીકતમાં તો, આત્માનું પોતાનું માત્ર એક તમોગ્રસ્ત સ્વરૂપ જ છે), અને જો અતિમનસ એ, અસલ અસ્તિત્વના આવિર્ભાવને આકાર આપી રહેલા, આત્માના સર્વવ્યાપી આત્મજ્ઞાનની વિશ્વમય શક્તિ હોય તો જડ તત્ત્વમાં, અને સર્વત્ર, અતિમનસનું કાર્ય ચાલતું જ હોવું જોઈએ; અને ધ્યાનથી જોતાં આપણને જણાશે કે બીજી, નિમ્ન, અને વધારે તમોગ્રસ્ત જાતની ક્રિયાઓથી ગમે તેટલું ઢંકાએલું હોવા છતાં પણ, પદાર્થ, પ્રાણ, મન અને બુદ્ધિને વ્યવસ્થિત આકાર આપનાર, ખરેખર તો, અતિમનસ જ છે. અને હાલમાં આ જ જ્ઞાન પ્રત્યે આપણે આગળ વધી રહેલા છીએ. પદાર્થ, પ્રાણ અને મનમાં, સતત ચાલી રહેલું, ચેતનાનું ખુદ એવું તદ્દન સ્પષ્ટ અને ઘનિષ્ઠ કાર્ય પણ છે જ કે જે નિમ્ન કરણોના ગુણ-ધર્મ અને જરૂરિયાતો-ને ધ્યાનમાં લઈને હળવું બનેલું, ચોખ્ખેચોખ્ખું અતિમનસનું કાર્ય છે. આ કાર્યમાં પ્રત્યક્ષ દર્શન અને સ્વયં-સંચાલિત જ્ઞાનરૂપી અતિ સ્પષ્ટ લક્ષણો હોવાને લીધે આપણે તેને સ્ફુરણાત્મક જ્ઞાન યા સહજ-જ્ઞાન (Intuition) એવું નામ આપીએ છીએ; તેની આ પ્રત્યક્ષ-દૃષ્ટિ એ ખરેખર તો પોતાનાં જ્ઞેય સાથેની તેની કોઈક ગુપ્ત તદ્રૂપતામાંથી જ ઉદ્ભવી હોય છે. પણ આ સ્ફુરણાત્મક જ્ઞાન એ તો અતિમનસની હાજરીની અધૂરી નિશાની માત્ર જ છે; અને જો આપણે હાજરી અને તેના સામર્થ્યના વિશાળમાં વિશાળ ગુણ-ધર્મો તપાસીશું તો જણાશે કે ભૌતિક શક્તિના સમગ્ર ક્રિયા-પ્રવાહને દોર-નાર પણ આ, આત્મ-સચેતન જ્ઞાનને ધારણ કરતી ગુપ્ત અતિમાનસિક શક્તિ જ છે, આપણને પ્રકૃતિ જે નિયમ અનુસાર કાર્ય કરતી લાગે છે તે નિયમ નક્કી એ જ કરે છે, અને એ જ પદાર્થ-માત્રને તેના ગુણ-ધર્મ અનુસાર કાર્ય કરતા રાખે છે, તથા સમગ્ર સૃષ્ટિને મેળમાં રાખે છે તેમ જ

ઉત્ક્રાંત કરે છે; જો એમ ના હોત તો આ સમગ્ર સૃષ્ટિ એક એવું આકસ્મિક સર્જન હોત કે જે ગમે તે ક્ષણે નરી અંધાધૂંધીમાં સરી પડત. પ્રકૃતિની સર્વે ક્રિયાઓની જરૂરિયાતોની પાછળ જે નિયમ રહેલો છે તે બિલકુલ ચોક્કસ છે, પણ એ જરૂરિયાતોની પાછળ શું કારણ રહેલું છે, તે નિયમો, તેમનાં પ્રમાણ, તેમનાં મિશ્રણો, તેમાં સુધારાવધારા તથા તેનાં પરિણામોની પાછળ શું કારણ રહેલું છે તે હજી સુધી વણ-સમજાયું રહ્યું છે; ગહન રહસ્યો અને ચમત્કારો ડગલે ને પગલે આપણી સમક્ષ ખડાં થાય છે; અને તેમ થવાનું કારણ તો એ જ હોઈ શકે કે તે નિયમોની પાછળ,– તેઓ નિયમિત હોય ત્યારે પણ — કાં તો તર્ક-વિહીનતા અને આકસ્મિકતા રહેલી છે કે પછી તે નિયમો તર્ક પરથી પર છે, અતિતાર્કિક છે. તેમની પાછળનું સત્ય બુદ્ધિના કરતાં કોઈક વધારે ઊંચા તત્ત્વમાં રહેલું છે. એ તત્ત્વ તે અતિમનસ; એટલે કે, પ્રકૃતિનું ગુપ્ત રહસ્ય એ એક એવું તંત્ર છે કે જે આત્મ-તત્ત્વનાં સ્વયં-ભૂ સત્યમાં રહેલી અનંત શક્યતાઓમાંથી બહાર આવેલી કોઈ એક વસ્તુનું તંત્ર છે, અને જેના ગુણ-ધર્મ પૂરેપૂરા તો માત્ર એવા અસલ જ્ઞાન વડે જ પ્રત્યક્ષ થઈ શકે તેમ છે કે જે આમૂલ તદ્રૂપતામાંથી, આત્માનાં સતત આત્મ-દર્શનમાંથી જ ઉદ્‌ભવતું હોય અને આગળ વધતું હોય. જીવનનો સમગ્ર કાર્ય-પ્રવાહ પણ આ જ જાતનો છે; મનની અને બુદ્ધિની બધી ક્રિયાઓ પણ આ જ જાતની છે. વળી, બુદ્ધિ એ જ એકમાત્ર એવું તત્ત્વ છે કે જે સૌથી પહેલાં, કોઈક વધારે મહાન બુદ્ધિનું તથા અસ્તિત્વના નિયમનું કાર્ય સર્વત્ર થઈ રહેલું જુએ છે તથા તેને પોતાની વિચાર-પ્રધાન રચનાઓ અનુસાર વ્યવસ્થિત કરવાનો પ્રયત્ન કરે છે, — જોકે તેને હંમેશાં એ સ્પષ્ટ સમજાતું નથી હોતું કે આ બધું કાર્ય જે કરે છે તે મનોમય બુદ્ધિના સિવાયની, બૌદ્ધિક સર્જક-શક્તિ સિવાયની, કોઈક વસ્તુ છે. બધી જ ક્રિયાઓનું ગુપ્ત નિયંત્રણ ખરેખર તો આધ્યાત્મિક અને અતિમાનસિક જ હોવા છતાં તેમનું બાહ્ય ક્રિયા-સ્વરૂપ મનોમય, પ્રાણમય કે ભૌતિક હોય છે.

અતિમનસે જે જરૂરિયાતોને તેમની ક્રિયાઓ ઉપર પરાણે લાદેલી હોય છે તેમની પકડમાં હોવા છતાં અને તેમનાથી હંકારાતાં હોવા છતાં બાહ્ય મન, પ્રાણ અને શરીરમાં અતિમનસની આ ગુહ્ય ક્રિયાનો અભાવ હોય છે. ભૌતિક શક્તિમાં અને અણુમાં પણ કાંઈક એક એવી વસ્તુ સક્રિય હોય છે કે જેને આપણાથી એક જાતની બુદ્ધિ કે સંકલ્પ કહી દેવાય (જોકે ત્યાં આ શબ્દો ખોટો જ અર્થ ઊભો કરે છે કારણકે એ વસ્તુ આપણી બુદ્ધિ

કે સંકલ્પ-શક્તિ જેવી નથી હોતી ); એને અસ્તિત્વની ગુપ્ત અંતઃસ્ફુરણા એવું નામ આપી શકાય. પણ અણુ અને તેની શક્તિ એના વિશે કાંઈ સભાન નથી હોતાં; અણુ એ તો જડ તત્ત્વે અને શક્તિએ પોતાનાં પ્રાગટ્ય માટે કરેલા પ્રથમ પ્રયત્નને પરિણામે ઊભો થએલો જડ તત્ત્વનો તમોગ્રસ્ત દેહ છે. આવી અંતઃસ્ફુરણાની હાજરી પ્રાણતત્ત્વની બધી ક્રિયાઓમાં આપણને વધારે સ્પષ્ટ રીતે જોવા મળે છે, કારણકે તે આપણા પ્રદેશની વધારે નજદીક છે. અને જ્યારે પ્રાણતત્ત્વ ઇન્દ્રિયો અને મનને વિકસાવીને બહાર લાવે છે ( દા.ત. પશુસૃષ્ટિમાં ), ત્યારે આપણે વધારે ખાતરીથી કહી શકીએ છીએ કે તેમની ક્રિયાઓની પાછળ પ્રાણમય અંતઃસ્ફુરણા રહેલી છે અને પશુ-માનસમાં તેણે અંધ-પ્રેરણાનું સ્પષ્ટ સ્વરૂપ ધારણ કરેલું છે. આ અંધ-પ્રેરણા ( Instinct ) એટલે પશુમાં રહેલું, આપમેળે કાર્ય કરતું એક ખાતરીભર્યું, સીધેસીધું, સ્વયંભૂ, સ્વયં-પ્રેરિત જ્ઞાન કે જે એમ સૂચવે છે કે તેનામાં ક્યાંક, પોતાના હેતુની, સંબંધની, અને લક્ષ્યની જાણકારી પડેલી છે. તે પ્રાણશક્તિમાં અને મનમાં પણ કાર્ય કરે છે પણ તેમ છતાં બાહ્ય જીવન કે મન તેને પકડી શક્યાં નથી અને તે શું કરી રહ્યું તે કહી શકતાં નથી. અથવા તે શક્તિને પોતે ધારે ત્યારે કે પોતાની ઇચ્છા પ્રમાણે ન તો કબજામાં લઈ શકે છે, ન તો અજમાવી શકે છે. અહીંયાં આપણને બે બાબતો જોવાની મળે છે : પહેલી એ કે અહીંની પ્રગટ અંતઃસ્ફુરણા અમુક મર્યાદિત જરૂરત કે હેતુને ખાતર જ કાર્ય કરે છે, અને બીજી એ કે પ્રકૃતિની અન્ય ક્રિયાઓમાં તે દ્વિ-વિધ કાર્ય કરે છે, એક તો અનિશ્ચિત તેમ જ સપાટી પરની ચેતનાથી અણજાણ, અને બીજું, કોઈક ગુપ્ત અવ-ચેતન માર્ગ-દર્શનને સમાવતું પ્રચ્છન્ન કાર્ય. સપાટી પરની ચેતના ફાંફાં અને શોધશોધમાં અટવાએલી હોય છે; અને પ્રાણ પોતાના પ્રદેશમાં જેમ જેમ વધારે ઊંચો ચડતો જાય તેમ તેમ તે ઓછાં થવાને બદલે વધતાં જાય છે અને તેની સચેતન શક્તિઓનાં ક્ષેત્રમાં વધારે ફેલાતાં જાય છે. પણ પ્રાણવશ મન આમ હવાતિયાંઓ મારતું હોવા છતાં અંતરમાં છુપાએલો આત્મા, પ્રકૃતિની ક્રિયાઓ બરાબર જ ચાલશે તથા જરૂરી પરિણામો અવશ્ય આવશે અને પ્રાણીનાં ધ્યેય અને નિર્માણ જરૂર પાર પાડશે એવી ખાતરી આપ્યા કરતો હોય છે, આજ રીત વધારે ને વધારે ઊંચી ભૂમિકાઓમાં અને ખુદ માનવની સમજ-શક્તિ અને બુદ્ધિ સુધી પણ ચાલ્યા જ કરે છે.

માનવમાં પણ શારીરિક, પ્રાણમય, ઊર્મિમય, ચૈત્યસિક અને સક્રિયતાની અંધ-પ્રેરણાઓ અને અંતઃસ્ફુરણાઓ ભારોભાર ભરેલી છે, પણ પશુની

જેમ તે તેમના આધારે ચાલતો નથી (જોકે તેમનાં ક્ષેત્ર અને અસર-કારકતાનો અવકાશ માનવમાં તો પશુના કરતાં અનેકગણો વધારે છે, કારણકે તે ઉત્ક્રાંતિમાં તેમના કરતાં ખૂબ આગળ વધેલો છે અને હજી પણ વધારે ઉત્ક્રાંત થવાની શકયતા તેનામાં પડેલી છે). તેણે તેમને દબાવી દીધાં છે, તેમનો અપક્ષય થવા દઈને તેમનો પૂર્ણ અને પ્રગટ ઉપયોગ કર્યો નથી (આ શક્તિઓનો કંઈ તેમનામાંથી નાશ થઈ ગયો નથી, પણ તેમને રોકી રાખવામાં આવી છે અથવા તો પ્રચ્છન્ન ચેતનામાં તેમને ઉતારી દેવામાં આવી છે); પરિણામે, તેના કરતાં ઓછાં વિકસિત પશુઓના કરતાં તેનામાં વધારે અવકાશ હોવા છતાં, તેના આ નિમ્ન ભાગમાં ઘણો ઓછો આત્મ-વિશ્વાસ છે, પ્રકૃતિના માર્ગદર્શન પર બહુ ઓછી શ્રદ્ધા છે, ફાંફાં વધારે મારે છે, ઠોકરો વધારે ખાય છે, ભૂલચૂક વધારે કરે છે. આમ થવાનું કારણ એ છે કે માનવનો સાચો ધર્મ, સ્વ-ધર્મ એ છે કે તેણે વધારે આત્મ-સચેતન જાતને શોધવાની છે, કોઈક તમોગ્રસ્ત અને વણ-સમજી જરૂરતથી નિયંત્રિત થતા જીવનમાં પડ્યા રહેવાનું નથી પણ એવો આત્મ-આવિર્ભાવ પામવાનો છે કે જે પ્રકાશમય હોય, જે જે કાંઈ વ્યક્ત થવા માગે છે તેના વિશે સચેતન હોય, તથા તેને વધારે સમૃદ્ધ અને વધારે પરિપૂર્ણ રીતે વ્યક્ત થવા દઈ શકે તેમ હોય, અને તેની પરાકાષ્ઠા તો ત્યારે જ આવશે કે જ્યારે તે પોતાની મહત્તમ અને સાચી જાત સાથે એકરૂપ બનશે અને એ સાચી જાતનાં સહજ અને સંપૂર્ણ જ્ઞાન અને સંકલ્પ પ્રમાણે કાર્ય કરશે, અથવા, વધારે સાચું તો, તેને જ એ પ્રમાણે કાર્ય કરવા દેશે (કારણકે તેની હાલની પ્રાકૃત જાત એ તો આત્માની અભિવ્યક્તિ માટેનું એક કરણ-રૂપ સ્વરૂપ છે). આવાં પરિવર્તન માટેનું તેનું પ્રથમ કરણ છે તર્ક-શક્તિ અને તર્ક-પ્રધાન બુદ્ધિની સંકલ્પ-શક્તિ; અને તેનો જેટલો વિકાસ થએલો હોય તેના પ્રમાણમાં તે, પોતાનાં જ્ઞાન અને માર્ગ-દર્શન માટે તેની ઉપર આધાર રાખે છે, અને પોતાનાં અન્ય અંગોને તેના નિયંત્રણ નીચે મૂકે છે. અને જો આ તર્ક-શક્તિ એ જ સર્વોચ્ચ વસ્તુ હોય અને આત્માનું અને આત્મ-તત્ત્વનું મોટામાં મોટું, સર્વ-સમર્થ કરણ હોત તો તેના વડે તે પોતાની પ્રકૃતિની બધી જ ક્રિયાઓને બરાબર જાણી શકત અને બરાબર દોરી શકત. આમ તે સંપૂર્ણપણે કરી શકતો નથી; કારણકે તેની જાત એ તેની તર્ક-શક્તિના કરતાં વધારે વિશાળ વસ્તુ છે, અને જો તે તર્ક-પ્રધાન સંકલ્પ-શક્તિ અને બુદ્ધિમાં જ મર્યાદિત રહે તો તે પોતાના આત્મ-વિકાસ અને આત્મ-આવિર્ભાવના તથા જ્ઞાન, કર્મ અને આનંદના વિસ્તારને અને પ્રકારને

ગૂંગળાવતું એક મનસ્વી બંધન ઠોકી બેસાડે છે. આપણી જાતને વિશાળ અને પરિપૂર્ણ બનાવવામાં તેનાં અન્ય અંગો પણ પોતાનો ફાળો આપવાની માગણી કરે છે, અને જો તર્ક-પ્રધાન બુદ્ધિની અક્કડ યંત્રમયતાથી તેમના આ ફાળાની રીત બદલી નાખવામાં આવે તથા કોરી અને કાપી નાખવામાં આવે તેમ જ મનસ્વી રીતે ઘડવામાં આવે અને તેમની પાસે યંત્રવત્ કાર્ય કરાવવામાં આવે તો તેમની આ માગણી વણ-પૂરી જ રહે. તર્ક-દેવ, બુદ્ધિનો સર્જકદેવ એ અતિમનસના મહાન પ્રજાપતિનો માત્ર અધૂરો પ્રતિનિધિ અને અવેજી છે, અને તેનું કાર્ય છે તેનાં સર્જનનાં જીવન પર પ્રાથમિક અને આંશિક જ્ઞાન અને વ્યવસ્થાની લગામ ચડાવવાનો; પણ સાચી, આખરી અને સંપૂર્ણ વ્યવસ્થા તો આધ્યાત્મિક અતિમનસના ઉદ્ભવ વડે જ સ્થાપી શકાશે.

નિમ્ન પ્રકૃતિમાં અતિમનસનું સહુથી વધારે સમર્થ સ્વરૂપ તે સ્ફુરણાત્મક જ્ઞાન; અને તેથી, સ્વયંભૂ, સહજ અને સીધેસીધાં અતિમાનસિક જ્ઞાન પ્રત્યેનું પહેલું પગથિયું એટલે સ્ફુરણાત્મક મનનો વિકાસ, માણસની સર્વે ભૌતિક, પ્રાણમય, ઊર્મિમય, ચૈત્યસિક, અને ક્રિયાશીલ પ્રકૃતિ એ આ જ ભાગોનાં પ્રચ્છન્ન સ્ફુરણાત્મક અસ્તિત્વમાંથી ઉપર આવતાં સૂચનોનો સપાટી પર ઝડપાતો ભાગ, તેમ જ તેમને પ્રકૃતિનાં ઉપરછલ્લાં સ્વરૂપ અને સામર્થ્યના કર્મ-પ્રવાહ તરીકે બહાર લાવવાનો એક એવો પ્રયત્ન કે જે મોટે ભાગે ફાંફાં મારવા જેવો અને ઘણી વાર તો દ્રાવિડી પ્રાણાયામ જેવો હોય છે અને જે આંતરિક શક્તિ અને જ્ઞાન વડે પ્રગટપણે આલોકિત નથી હોતો. આ ભાગો શેને માટે ફાંફાં મારે છે તે શોધી કાઢવાની તેમ જ તેમને પોતાની અભિવ્યક્તિની ઇપ્સિત પરિપૂર્ણતા પ્રત્યે દોરી જવાની ઉત્તમ તક તો માત્ર, વિકસ્યે જતા સ્ફુરણાત્મક મન વડે જ મળી શકે તેમ છે. તાર્કિક સમજ-શક્તિ એ પોતે પણ, સ્ફુરણાત્મક આત્માની ગુપ્ત શક્તિમાંથી (જોકે કેટલી વાર તે જરાતરા પ્રગટ અને સક્રિય પણ હોય છે) આવતાં સૂચનોની, સપાટી પરની નિયામક બુદ્ધિએ કરેલી, એક જાતની વિશિષ્ટ અજમાયશ માત્ર જ હોય છે. એ તાર્કિક-સમજશક્તિ જે કાંઈ ક્રિયાઓ કરે છે તેનાં ઢંકાએલાં કે અર્ધ-ઢાંકયાં ઉદ્ભવ-સ્થાન પર એવી કોઈ એક વસ્તુ હોય છે કે જે તેનું પોતાનું સર્જન નથી હોતું પણ જે અંતઃસ્ફુરણાએ તેને જ સીધેસીધી આપેલી હોય છે અથવા મનના બીજા કોઈક ભાગ દ્વારા આડકતરી રીતે મળેલી હોય છે કે જેથી તે તેને બૌદ્ધિક સ્વરૂપ આપી શકે અને તેને બૌદ્ધિક ક્રિયા તરીકે બહાર લાવી શકે. ચુકાદો આપતી તથા તર્ક-પ્રધાન બુદ્ધિની યંત્રવત્ ક્રિયાઓ ગોઠવતી, તાર્કિક નિર્ણય-શક્તિ જ્યારે

ટૂંકા, કે પછી અટપટા, વ્યાપારો કરતી હોય છે ત્યારે આપણી સંકલ્પ-શક્તિ અને વિચાર-શક્તિનાં સાચાં, અસલ અને આગવાં તત્ત્વનો વિસ્તાર કરવાની સાથે સાથે તેને છુપાવતી પણ હોય છે. મહાનમાં મહાન ભેજાંઓ તો એ જ હોય છે કે જેમાં આ આવરણ આછું થઈ ગયું હોય અને જેમાં સ્ફુરણાત્મક ચિંતનનો ખૂબ મોટો હિસ્સો સમાતો હોય; અલબત્ત, તેમાં ઘણી વાર જોકે હમેશાં નહિ...બૌદ્ધિક ક્રિયા પણ ખૂબ મોટા પ્રમાણમાં દેખા દેતી હોય છે. માણસના હાલના મનમાં સ્ફુરણાત્મક બુદ્ધિ તદ્દન શુદ્ધ અને સંપૂર્ણ રહી શકતી નથી કારણકે તે મનને એક માધ્યમ રાખીને કાર્ય કરે છે અને તેથી માનસિકતાનો અશુદ્ધ પદાર્થ તરત જ તેને પકડમાં લઈ લે છે અને તેની ઉપર એક ઢોળ બની જાય છે. આ સ્ફુરણાત્મક બુદ્ધિ હજી સુધી એટલા પ્રમાણમાં બહાર આવી નથી, વિકસી નથી અને પરિપૂર્ણ થઈ નથી કે જેથી મનોમય કરણો હાલમાં જે ક્રિયાઓ કરે છે તે બધીને તે પહોંચી વળે; તે એટલી તૈયાર નથી થઈ કે જેથી તે બધીને તે પોતાના હાથમાં લઈ લે અને તેમને પોતાની સંપૂર્ણ, સીધેસીધી, ખાતરીભરી અને પૂરતી ક્રિયાઓ તરીકે બદલી નાખી શકે કે તેમને સ્થાને આવીને બેસી શકે. અલબત્ત, આમ તો માત્ર ત્યારે જ થઈ શકે કે જ્યારે આપણે સ્ફુરણાત્મક મનને એક એવું વચગાળાનું સાધન બનાવીએ કે જેના વડે ગુપ્ત અતિમનસને પોતાને (અને સ્ફુરણાત્મક મન એ આ અતિમનસનું જ એક મનોમય સ્વરૂપ છે) બહાર લાવી શકીએ અને આપણી સપાટી પરની ચેતનામાં અતિમનસનો એક એવો દેહ અને કરણ ઊભું કરી શકીએ કે જેથી આત્મા, આત્મતત્ત્વ પોતાની પૂર્ણ વિશાળતા અને ભવ્યતા સાથે પ્રગટ સ્વરૂપે બહાર આવી શકે.

એ બરાબર યાદ રાખવાની જરૂર છે કે સર્વજ્ઞ અને સર્વવ્યાપી ઈશ્વરનું પોતાનું પરમ અતિમનસ, અને જીવ જેને પ્રાપ્ત કરી શકે તેમ છે તે અતિમનસ એ બેની વચ્ચે હમેશાં ભેદ રહેલો જ છે. માનવ અજ્ઞાનમાંથી ઉપર ને ઉપર ચઢી રહ્યો છે અને તે જ્યારે અતિ-માનસિક પ્રકૃતિમાં આરોહણ કરશે ત્યારે ત્યાં આરોહણ માટેની ભૂમિકાઓ આવી રહેલી જણાશે; ત્યાં તેણે પહેલાં નિમ્ન ભૂમિકાઓની અને મર્યાદિત સોપાનોની રચના કરવાની છે; તે પછી જ તે ઉચ્ચ શિખરોનું આરોહણ કરી શકશે. ત્યાં તે પરમાત્મા સાથે અદ્વૈત સાધીને અનંત આત્માનાં અસલ પ્રકાશ, સામર્થ્ય અને આનંદનો પૂર્ણ ઉપભોગ કરશે ખરો, પણ સક્રિય અભિવ્યક્તિને ખાતર, પરાત્પર અને વિશ્વમય પરમાત્મા જીવમાં પોતાનો જે કાંઈ આવિર્ભાવ કરવા માગતો હોય તેના પ્રકાર અનુસાર તેણે પોતાનું નિર્ણિત અને વ્યક્તિગત

સ્વરૂપ રાખવાનું રહેશે. પ્રભુનો સાક્ષાત્કાર અને પ્રભુનો આવિર્ભાવ એ જ છે આપણા યોગનું, ખાસ કરીને તેના સક્રિય સ્વરૂપનું, લક્ષ્ય; એ છે તો, આપણી અંદર ઈશ્વરની જ દિવ્ય આત્મ-અભિવ્યક્તિ, પણ તે સાકાર થશે માનવતાની શરતો અનુસાર અને દિવ્ય બનેલ માનવ-પ્રકૃતિની દ્વારા.

## પ્રકરણ : ૨૦

# સ્ફુરણાત્મક મન

અતિમનસની અસલ પ્રકૃતિ એટલે અનંત બ્રહ્મની, વિશ્વવ્યાપી પરમાત્માની અને પદાર્થ માત્રમાં રહેલા આત્મતત્ત્વની એવી આત્મ-સચેતનતા અને સર્વ-સચેતનતા કે જે પોતાની પ્રજ્ઞાને અને કાર્ય-સાધક સર્વ-શક્તિમત્તાને સમગ્ર વિશ્વનું તથા વિશ્વમાંના સર્વે પદાર્થોનું પ્રાગટ્ય તથા નિયંત્રણ કરવા માટે, સીધેસીધા જ આત્મ-જ્ઞાનના પાયા પર તેમ જ તેના ગુણધર્મ અનુસાર, વ્યવસ્થિત આકાર આપે છે. આપણે તેને પોતાના જ વિશ્વના સ્વામીરૂપ પરમાત્માનું વિજ્ઞાન એટલે કે આત્મા, જ્ઞાતા અને ઈશ્વર એવું નામ આપી શકીએ. તે જેવી રીતે પોતાને, તેવી જ રીતે પદાર્થ માત્રને (કારણકે સર્વે પદાર્થો તેના જ આવિર્ભાવો છે) સીધેસીધા, સમગ્રપણે તેમ જ અંદરથી શરૂ કરી સપાટી સુધી જાણે છે, તેમની સર્વે વિગતોને અને વ્યવસ્થાને સહજ રીતે જાણે છે, દરેક પદાર્થના આગવા સત્યને અને તેની અને તેની નિજી પ્રકૃતિને તથા તેના અન્ય પદાર્થો સાથેના સંબંધોને પણ જાણે છે. એ જ પ્રમાણે તે તેની શક્તિની સર્વે ક્રિયાઓને અગાઉથી એટલે કે સર્જનનાં કારણ તરીકે અને મૂળ પ્રસંગ તરીકે જાણે છે તો તેનાં પરિણામો અને પ્રસંગ-પ્રવાહને પણ જાણે છે; તે દરેક પદાર્થમાં રહેલી અનંત તેમ જ સાંત શકયતાઓને, તથા પસંદગી પામેલી વાસ્તવિકતાઓને તેમ જ તેમના ભૂત, વર્તમાન અને ભાવિ પ્રવાહની સળંગતાને પણ જાણે છે. દિવ્ય પુરુષનું વિશ્વ-સંચાલક અતિમનસ એટલે આ સર્વ-શક્તિમત્તા અને સર્વજ્ઞતાનું એક એવું પ્રતિનિધિ કે જે પોતાનાં, તેમ જ પોતાના પ્રદેશમાં જે કાંઈ હોય તેમનાં કર્મોને ખાતર તથા તેમની પ્રકૃતિને ખાતર અસ્તિત્વમાં આવેલું છે, અને તેમના પૂરતું મર્યાદિત રહેલું છે. અને વ્યક્તિરૂપ બનેલું અતિમનસ એટલે પણ કોઈક નિશ્ચિત કાર્યપ્રદેશ અને અસ્તિત્વ-પ્રદેશ માટેનું આવું જ પ્રતિનિધિ. પણ જો દેવોમાં આ એક એવી શક્તિનું સીધેસીધું અને પ્રત્યક્ષ પ્રતિનિધિત્વ છે કે જે: પોતે તો અપરિમેય હોવા છતાં માત્ર કર્મોમાં જ પરિમિતતા સ્વીકારે છે, તે સિવાય તેની ક્રિયાશક્તિ વણ-બદલી

જ રહે છે, સહજ રહે છે, તથા સદાય સંપૂર્ણ અને મુક્ત રહે છે, તો, માનવમાં આ અતિમનસનો કોઈ પણ જાતનો ઉદ્‌ભવ ક્રમે ક્રમે જ થવાનો, શરૂઆતમાં અપૂર્ણ સર્જન તરીકે રહેવાનો, તથા તેના ગતાનુગતિક માનસની નજરે તો તે કોઈક અસામાન્ય અને અતિસાધારણ સંકલ્પ-શક્તિ અને જ્ઞાનની પ્રવૃત્તિ જ લાગવાનો.

શરૂઆતમાં તો એ તેની એવી કોઈ નિજી શક્તિ નહિ હોય કે જેનો તે હમેશાં વણ-અટક્યો ઉપભોગ કરી શકે; પણ એ એક એવી ગુપ્ત શક્યતા હશે કે જેને તેણે શોધી કાઢવાની છે, વળી, જેને અનુભવવા માટે હાલમાં કોઈ જ અવયવો તેનાં શારીરિક કે માનસિક તંત્રમાં હયાત નથી; તેણે તેને માટે કોઈક નવો અવયવ વિકસાવી કાઢવાનો છે, અથવા તો હાલના અવયવોમાં ફેરફાર કરીને કે તેમનું રૂપાંતર કરીને તેમને આ કાર્યને માટે કામ લાગે તેવા બનાવવાના છે. જો તે પોતાની ગુપ્ત જાતમાં આવેલી પ્રચ્છન્ન ગુફામાં છુપાએલા અતિમાનસિક સૂર્યને શોધી કાઢે, અથવા આધ્યાત્મિક આકાશમાં પ્રકાશતા એ સૂર્યની આડે આવેલાં પોતાનાં મનોમય અજ્ઞાનનાં વાદળાંને હઠાવી દે, તથા તેના પૂર્ણ પ્રકાશને રેલાવા દે તેથી જ તેનું કામ કાંઈ પૂરું થઈ જશે નહિ. તેનું કાર્ય તો તેના કરતાં અનેકગણું અટપટું અને મુશ્કેલ છે, કારણકે માનવ એ એક ઉત્ક્રાંતિવશ પ્રાણી છે અને, જે પ્રકૃતિનું તે એક અંગ છે તેની ઉત્ક્રાંતિનાં પરિણામે, તેનામાં નીચલી કક્ષાનું જ્ઞાન બંધાવા પામ્યું છે; અને આ નિમ્ન અને મનોમય જ્ઞાન-શક્તિએ પોતાનાં સતત અને ચીલા-ચાલુ કાર્યને પરિણામે, પોતાના કરતાં વધારે ઊંચી જાતની રચનાઓ આડે અંતરાય રચી કાઢ્યા છે. બીજાં સર્વે પાર્થિવ પ્રાણીઓમાંથી પોતે જેના વડે હાલમાં અલગ થઈ ઊભો છે એ છે, એક તો તેની, ઇન્દ્રિય-વશ મન પર પ્રકાશ પાથરતી મર્યાદિત, મનોમય બુદ્ધિ અને, બીજી તાર્કિક સમજનો આશરો લઈને હજી ઘણો વધારે વિસ્તાર પામવાની તેની શક્તિ — કે જેનો તે હમેશાં યોગ્ય લાભ લઈ શકતો નથી. આ ઇન્દ્રિય-વશ મન, આ બુદ્ધિ, આ તર્ક-શક્તિ છે તો અ-પૂરતાં જ, તોપણ એ કરણોમાં વિશ્વાસ રાખવાનું જ તે શીખેલો છે, અને તેમનો ઉપયોગ કરીને તેણે કેટલાક એવા પાયા ચણ્યા છે કે જેને ઢીલા કરવા માટેનો તેનામાં અતિ ઉત્સાહ નથી, અને કેટલીક એવી સીમાઓ આંકી છે કે જેની બહાર તેને નરી અવ્યવસ્થા, અનિશ્ચિતતા અને ખતરનાક સાહસ જ દેખાય છે. વળી ઊર્ધ્વ તત્ત્વોમાં જવા માટે તેણે તેનાં મન, તર્ક અને બુદ્ધિમાંથી બહાર જવાનું એક અતિ મુશ્કેલ સ્થળાંતર માત્ર જ કરવાનું નથી; પણ એમાં તો તેમની સર્વે રીત-

રસમોને એક રીતે તો સમૂળગી ઊલટાવી નાખવાની છે. આત્મા જ્યારે જ્યારે કોઈ એક કક્ષાની, કટોકટીભરી પરિવર્તન-રેખા વટાવી જાય છે ત્યારે ત્યારે તેને તેની જૂની ક્રિયાઓ નીચાં અને અજ્ઞાન-ભર્યાં કર્મો જેવી લાગે છે અને બીજી કોઈ એક એવી જાતની ક્રિયા-પદ્ધતિ તેને અમલમાં મૂકવી પડે છે કે જેની શરૂઆત તદ્દન જુદી જ જગાએથી થતી હોય છે અને જેમાં તદ્દન જુદી જ જાતનો શક્તિ-પ્રવાહ અજમાવવામાં આવતો હોય છે. જો કોઈક પશુ-મનને તેનાં ઇન્દ્રિય-પ્રધાન આવેગો, ઇન્દ્રિય-પ્રધાન સમજશક્તિ અને અંધ પ્રેરણાઓ-રૂપી સલામત પાયાને છોડીને તર્ક-પ્રધાન બુદ્ધિનું ખતરાભર્યું સાહસ ખેડવાનું કહેવામાં આવે તો એવા અખતરાથી ભડકીને અને તેને નામંજૂર કરીને તે તરત જ પાછું ભાગે ય ખરું. તો, અહીંયાં તો માનવ-મનને તેનાથી ય મોટો પલટો સ્વીકારવાનું કહેવામાં આવે છે. એટલે, એને સભાન હોવા છતાં અને પોતાનાં જ ક્ષેત્રમાં સાહસપ્રિય પણ હોવા છતાં આ પલટાને તે પોતાના ક્ષેત્રની બહારનું ગણી કાઢે અને એવું સાહસ ખેડવાની એવી જ રીતે ના પાડે તે શક્ય છે. હકીકતમાં તો, આપણી ચેતનાની હાલની ભૂમિકા પર પણ જો પહેલાં આધ્યાત્મિક વિકાસ પામે તો જ આવો પલટો શક્ય છે; અને જ્યારે આપણામાં રહેલી આપણી મહાન જાત વિશે આપણું મન જાગ્રત થાય, એને એ પરમ અનંતતાની લગની લાગે તથા ભગવાન અને તેની શક્તિની હાજરી અને દોરવણી ઉપર વિશ્વાસ બેસે ત્યારે જ એ પલટાને પાકે પાયે સ્વીકારી શકાય તેમ છે.

પરિવર્તનના આ પ્રશ્નના પ્રાથમિક ઉકેલરૂપે વચગાળાની એક એવી અંતરિયાળ અવસ્થા છે, તથા સહાયરૂપે, માનવ-મનમાં સક્રિય થઈ ચૂકેલી, એક એવી શક્તિ છે કે જેના ગુણ-ધર્મ, અથવા જેનું મૂળ તો, અવશ્ય, આપણને અતિમાનસિક જ લાગે. એ છે અંતઃસ્ફુરણાની સ્ફુરણાત્મક જ્ઞાનની શક્તિ, એક એવી શક્તિ કે જેની હાજરી અને સામર્થ્યને આપણે ત્યારે જ અનુભવીએ છીએ—અને તેનાથી પ્રભાવિત પણ થઈએ છીએ—કે જ્યારે તે તેની ઉચ્ચ પ્રકારની કાર્ય-ક્ષમતા, પ્રકાશ, પ્રત્યક્ષ પ્રેરણા અને તાકાતથી કાર્ય કરી જાય છે,—જો કે, આપણી તર્ક-શક્તિને આપણે જે રીતે સમજીએ છીએ અને તેનું પૃથક્કરણ કરીએ છીએ તેમ તેને સમજી શકતા નથી કે તેનું પૃથક્કરણ કરી શકતા નથી-. તર્ક-શક્તિ પોતે પોતાને સમજી શકે છે પણ તેનાથી જે કાંઈ પર છે તેને તે સમજી શકતી નથી,-તેનું તો તે સામાન્ય સ્વરૂપ કે કાંઈક રજૂઆત જ ઊભાં કરી શકે છે; એકમાત્ર અતિમનસ જ

પોતાની કાર્ય-પદ્ધતિના સ્પષ્ટ ભેદ પકડી શકે છે. સ્ફુરણાત્મક શક્તિ હાલમાં આપણી અંદર, મોટે ભાગે તો, તર્ક-શક્તિની, અને સમધારણ બુદ્ધિની, ક્રિયાઓમાં ગુપ્ત રહીને અને ભળી જઈને કે ઘણીખરી વાર તેમનાં આવરણ નીચે રહીને, છાનીમાની કાર્ય કરે છે; જો કોઈક વાર તે સ્પષ્ટ અને સ્વતંત્ર રીતે કાર્ય કરી જાય છે તોપણ તે પ્રાસંગિક, આંશિક, ખંડિત અને તૂટક તૂટક થતું હોય છે. તે ઓચિંતાનો પ્રકાશ પાથરી દે છે, પ્રકાશપૂર્ણ સૂચન કરી જાય છે, કે કોઈક એકલવાયો, તેજસ્વી ઉકેલ ફેંકી જાય છે, કે કેટલાંક છૂટાંછવાયાં, કે સંબંધવાળાં, સ્ફુરણો, ચમકતાં ભેદ-દર્શનો, પેરણાઓ, સત્યદર્શનો વેરી જાય છે; અને તે પછી, આપણી સાચી જાતની અગાધતાઓમાંથી કે શિખરોમાંથી આવી મળેલા આ સહાય-બીજનું જે કાંઈ કરી શકાય કે જે કાંઈ કરવાનું દિલ થાય તે કરવાનું કામ તે આપણી તર્કશક્તિની, સંકલ્પ-શક્તિની, માનસિક સૂઝની, કે બુદ્ધિની ઉપર છોડી દે છે. અને માનસિક શક્તિઓ તરત જ આ વસ્તુઓને કબજે કરવા માટે અને અજમાવવા માટે અને આપણા માનસિક કે પ્રાણમય હેતુઓને ખાતર કામમાં લેવા માટે, નિમ્ન જ્ઞાનમાં તેમને બંધબેસતા કરવા માટે, તેમની ઉપર માનસિક મસાલા અને ઇશારાનો ઢોળ ચડાવવા માટે કે તેમનામાં એ ઘૂસાડવા માટે દોડી આવે છે; અને આ બધી અજમાયશથી ઘણી વાર તેમનાં સત્યને તેઓ બદલી નાખે છે, અને આ બધી ભેળવણીના ભારથી અને નિમ્ન કરણોના હુમલાનો ભોગ બનવાથી તેમનામાં રહેલી પ્રકાશ પાથરવાની ગુપ્ત શક્તિ હમેશાં મર્યાદિત થઈ જાય છે, અને આ નિમ્ન કરણો તેમનો અતિશય ઓછો લાભ લે છે અને એ જ સાથે તેમનો અતિશય વધારે લાભ પણ લે છે,—અતિશય ઓછો એટલા માટે કે તેઓ તેમની પ્રકાશ પાથરવાની શક્તિને પરિપક્વ થવા નથી દેતાં અને સંપૂર્ણપણે પ્રસારવા પણ નથી દેતાં; અને અતિશય વધારે એટલા માટે કે સ્ફુરણાત્મક શક્તિનાં સુસંગત ઉપયોગનાં પરિણામે જે વિશાળ સત્ય પ્રાપ્ત થયું હોત તેને બકાત રાખીને, તેઓ બુદ્ધિએ ઊભા કરેલા ઢાળાઓમાં જ બંધબેસતા થવાનો આગ્રહ કર્યા કરે છે. આમ મનની સામાન્ય ક્રિયાઓની વચમાં આવી ચડતી સ્ફુરણાઓ સત્યના કોઈક પટને પ્રકાશિત કરી જતા વિદ્યુત-ઝબકારાની જેમ ચમકી જાય છે ખરી પણ સ્થાયી સૂર્યપ્રકાશ બનીને આપણા વિચારો અને સંકલ્પો અને લાગણીઓ અને કર્મોના સમગ્ર વિસ્તાર અને મનોરાજ્ય પર અટલ પ્રકાશ પાથરતી નથી.

અહીં એ તો તરત જ સ્પષ્ટ થઈ જશે કે એવા બે પ્રગતિમાર્ગ આપણી

સામે ખડા થાય છે કે જેમને આપણે સ્વીકારવા જ પડશે. પહેલો એ કે અંતઃસ્ફુરણાના કાર્યને વિસ્તારતા જવું અને તેને સ્થાયી, સતત અને નિયમિત તથા સર્વગ્રાહી બનાવતા જ જવું કે જેથી તે છેવટે એટલું સુપરિચિત અને સમધારણ બની રહે કે આપણું સામાન્ય મન હાલમાં જે કાંઈ કાર્યો કરે છે તે બધાં તે પોતાના હાથમાં લઈ લે અને આપણા સમગ્ર તંત્રમાં મનના સ્થાને તે આવી બેસે; પણ આપણું સામાન્ય મન પોતાની, આગવાં સ્વતંત્ર કર્મો કરવાની અને દરમિયાનગીરી કરવાની શક્તિ સાચવી રાખે, અથવા અંતઃસ્ફુરણાના પ્રકાશને કબજે કરીને તેને પોતાના હેતુઓ ખાતર વાપરવાની ટેવ ચાલુ રાખે ત્યાં સુધી એ પૂરેપૂરું પાર પડી શકે તેમ નથી. નિમ્ન બુદ્ધિ ઊર્ધ્વ મનોમયતાને જ્યાં સુધી વિકૃત કરી શકે અથવા પોતાની કોઈ પણ જાતની અશુદ્ધિને તેમાં ભેળવી શકે તેમ હોય ત્યાં સુધી એ ઊર્ધ્વ મનની ન તો સંપૂર્ણ રચના કરી શકાશે કે ન તો તેને સલામત સ્થાપી શકાશે. અને તેથી આપણે કાં તો આ બુદ્ધિને અને બૌદ્ધિક સંકલ્પ–શક્તિ તથા અન્ય નિમ્ન પ્રવૃત્તિઓને પૂરેપૂરી શાંત કરી નાખવી જોઈએ અને માત્ર સ્ફુરણાત્મક કર્મોને જ સ્થાન કરી આપવું જોઈએ, અથવા તો, અંતઃસ્ફુરણાના સતત દબાણની નીચે લાવીને નિમ્ન કર્મોને પકડમાં લેવાં જોઈએ અને તેમનું રૂપાંતર કરવું જોઈએ. અથવા તો આ બંને પદ્ધતિઓને વારાફરતી અને સંયુક્ત રીતે પણ અજમાવી શકાય—, પણ જો તે તદ્દન સ્વાભાવિક કે પછી જરા પણ શક્ય લાગતું હોય તો જ. યોગનો રીતસરનો અભ્યાસ અને અનુભૂતિ તો એવી કેટલીક પદ્ધતિઓ અને ક્રિયાઓ શક્ય હોવાનું જણાવે છે કે જેમાંની કોઈ પણ એક, તાર્કિક રીતે તો પૂરતી થઈ રહેવી જોઈએ કે હોવી જોઈએ એમ પહેલી નજરે લાગી જવાનું, પણ વ્યવહારમાં તો તેમાંની કોઈ પણ એક રીત, સ્વતંત્ર રીતે, પૂરેપૂરું પરિણામ લાવી શકતી નથી. અને કોઈ પણ એક રીતને, એ જ એકમાત્ર સાચી રીત છે એમ આગ્રહપૂર્વક માનવાનું છોડી શકીએ અને આપણી સમગ્ર સાધનાને વધારે મોટા માર્ગદર્શકના હાથમાં સોંપી દેતાં શીખીએ ત્યારે આપણને ખબર પડે છે કે યોગેશ્વર પોતાની મહાશક્તિને, આપણી જાત અને પ્રકૃતિની જરૂરિયાત અને વલણ અનુસાર કોઈક વાર આ રીત તો કોઈક વાર તે રીત અને વળી બધી રીતને સંયુક્ત રીતે કામમાં લેવાનું સુપરત કરે છે.

શરૂઆતમાં એમ લાગે પણ ખરું કે સાચો અને સીધો રસ્તો એ જ છે કે મનને બિલકુલ શાંત કરી નાખવું, બુદ્ધિને, મનોમય અને અંગત સંકલ્પોને, કામના–વશ મનને તેમ જ ઊર્મિપ્રધાન અને સંવેદનશીલ મનને શાંત કરી

નાખવાં અને એવી સંપૂર્ણ શાંતિમાં આત્માને, પરમાત્માને, ભગવાનને પ્રગટ થવા દેવો અને તેને જ અતિમાનસિક પ્રકાશ, શક્તિ અને આનંદ વડે આપણી સમસ્ત જાત અજવાળવા દેવી. અને ખરેખર આ એક બહુ જ મહાન અને સમર્થ સાધના છે. ક્ષુબ્ધ અને સક્રિય મનના કરતાં નિષ્ક્રિય અને નિશ્ચલ મન જ વધારે સહેલાઈથી અને વિશુદ્ધિથી અનંતતા પ્રત્યે ખુલ્લું થાય છે, પરમાત્માનું પ્રતિબિંબ ઝીલે છે, આત્મ-તત્ત્વથી છલછલ થઈ રહે છે અને કોઈક નિર્મલ અને નિવેદિત મંદિરની માફક આપણા અને આપણી પ્રકૃતિના માલિકના, પ્રભુના પ્રાગટ્યની પ્રતીક્ષા કરે છે. વળી એ પણ સાચું છે કે આવી નીરવતામાં રહેલી મુક્તિ વડે સ્ફુરણાત્મક પુરુષના મુક્ત-વિહાર માટેની શક્યતા ઊભી થાય છે અને, અંતરમાંથી ઊગી આવતી કે ઊર્ધ્વમાંથી ઊતરી આવતી મહાન સ્ફુરણાઓ, પ્રેરણાઓ અને સત્ય-દર્શનોનો, મનનાં ફાંફાંની કે કબજાની અટકાયતો અને અશાંતિઓ વિના સ્વીકાર થઈ શકે છે. એટલે જો, આપણે ધારીએ ત્યારે મનને નીરવ અને નિશ્ચલ બનાવવાની તેમજ તેને વિચારો કે હિલચાલ અને ખલેલોના ફરજિયાત બંધનમાંથી મુક્ત કરવાની શક્તિ પ્રાપ્ત કરી શકીએ અને એ નીરવતાને પાયારૂપ રાખીને, મહાશક્તિની ઇચ્છા હોય અને દિવ્ય હેતુને ખાતર જરૂરી હોય ત્યારે જ વિચારો અને સંકલ્પો અને લાગણીઓનો ઉદ્ભવ થવા દઈ શકીએ તો એ એક અતિશય મોટી સિદ્ધિ જ ગણાય. તે પછી વિચારો, સંકલ્પો અને લાગણીઓની પદ્ધતિ અને પ્રકારોને બદલી નાખવાનું સરળ થઈ જાય છે. પણ આવી સાધના-પદ્ધતિ સ્વીકારવાથી નિમ્ન મન અને ચિંતન-શીલ બુદ્ધિની જગ્યાએ તરત જ અતિમાનસિક પ્રકાશ સ્થપાઈ જશે એમ માનવું સાચું નથી. નીરવતા સ્થપાઈ ગયા પછી પણ જ્યારે આંતરિક કાર્ય શરૂ થાય છે ત્યારે, એ વધારે તો સ્ફુરણાત્મક વિચારો અને ક્રિયાઓવાળું કાર્ય હોય તોપણ, જૂની શક્તિઓ તેમાં માથું મારવાની જ અને જો તે અંદરથી એમ નહિ કરી શકે તો બહારથી સેંકડો સૂચનો અંદર નાખશે અને નિમ્ન મનોમયતા ઊર્ધ્વ ક્રિયાઓમાં ઘૂસી જશે, તેની સામે સવાલો કે અંતરાયો ઊભા કરશે કે તેને કબજામાં લેવા પ્રયત્ન કરશે અને તેમ કરીને તેને નીચે ઉતારવા કે વિકૃત કે કાળી કે નાની બનાવી દેવા મથશે. આથી એ તદ્દન અનિવાર્ય બની જાય છે કે કાં તો નિમ્ન મનોમયતાને બાકાત કરી નાખવી કે તેનું રૂપાંતર કરી નાખવું,—અથવા તો બંને ય એકસાથે હાથ ધરવાં, એટલે કે નિમ્ન જાતની પોતાની જે કાંઈ નિજી વસ્તુઓ હોય, જેવી કે વિરૂપતા ઊભી કરતી તેની વિજાતીયતાઓ, ઉતારી પાડવાની તેની વૃત્તિઓ, અને અસલ પદાર્થને બેડોળ બનાવી દેવાની

તેની રીતોને તેમ જ બીજું એવું જે કાંઈ હોય કે જેને ઊર્ધ્વ સત્ય સ્વીકારી ના શકે તે સર્વેને બાકાત કરી નાખવી, તથા આપણું મન અતિમનસમાંથી અને આત્મામાંથી જે કાંઈ મેળવતું હોય – પણ માનસિક અજ્ઞાનની રીતે તેમને રજૂ કરતું હોય – તે સર્વે અસલ વસ્તુઓનું રૂપાંતર કરવું.

એક બીજી ક્રિયા એવી છે કે જે, ભક્તિમાર્ગની રીતથી યોગની શરૂઆત કરનારા લોકોને સહજ રીતે આવી મળે છે. એ લોકોને માટે બુદ્ધિનો અને તેની ક્રિયાઓનો અસ્વીકાર કરવાનું, અંતરમાંથી ઊઠતા સાદને સાંભળવાનું અને તેની પ્રેરણાની કે આદેશની રાહ જોવાનું, તેમની અંદર બિરાજતા પ્રભુનાં જ, સર્વ–ભૂતોના હૃદયમાં રહેતા ભગવાનના જ, પરમાત્માના જ વિચારો અને સંકલ્પો અને સામર્થ્યને આધીન થવાનું સ્વાભાવિક હોય છે. આ ક્રિયામાં સમગ્ર પ્રકૃતિને સ્ફુરણાત્મક બનાવવાનું વલણ રહેવાનું જ કારણકે હૃદયમાં છુપાઈ રહેલા પરમાત્મા તરફથી જે કાંઈ વિચારો, સંકલ્પો, આવેગો અને લાગણીઓ આવવાનાં તે સર્વે સીધેસીધાં જ સ્ફુરણાત્મક પ્રકારનાં હોવાનાં. આ પદ્ધતિ આપણી પ્રકૃતિના એક સત્ય સાથે બંધબેસતી છે. આપણામાં રહેલો નિગૂઢ આત્મા પોતે તો સહજ–જ્ઞાનમય પુરુષ જ છે અને એ જ પુરુષ આપણાં બધાં કેન્દ્રોમાં, શારીરિક, નાડીમય, ઊર્મિમય, સંકલ્પમય, વિચારમય કે જ્ઞાનમય તેમ જ તેનાથી પણ ઉપરનાં, વધારે આધ્યાત્મિક કેન્દ્રોમાં વસે છે. અને આપણા દરેક ભાગની ક્રિયાઓમાં તે એક છૂપો, સ્ફુરણામય આરંભ મૂકી આપે છે કે જેને આપણું બાહ્ય મન અપૂર્ણ રીતે ગ્રહણ કરે છે અને બહાર લાવે છે અને તેમને, આપણાં જે તે અંગો દ્વારા થતાં, અજ્ઞાનમય ક્રિયાઓવાળાં, બાહ્ય કર્મોમાં પલટી નાખે છે. હૃદય એટલે કે વિચારવાન કામનાવશ મનનું ઊર્મિમય કેન્દ્ર એ સામાન્ય માણસોમાં સૌથી વધારે જોરદાર હોય છે, તે જ, ચેતના સમક્ષ રજૂ થતી બાબતોને એકત્ર કરે છે, કે છેવટે તેમને સક્રિય તો કરે જ છે; અને એ જ આપણાં તંત્રોની જાણે કે રાજધાની છે. સર્વે ભૂતોના હૃદયમાં બેઠેલો ઈશ્વર, તેમને પ્રકૃતિના યંત્ર ઉપર ગોઠવીને, મનોમય અજ્ઞાનની માયા વડે ત્યાંથી જ તેમને ચકરાવામાં નાખે છે. એટલે આપણાં બધાં જ કર્મોના આરંભને આ ગુપ્ત સહજ જ્ઞાનમય પુરુષ અને આત્માની આપણી અંદર વસતા, હમેશ–હાજર દેવાધિદેવની સમક્ષ રજૂ કરીને, અને આપણી અંગત અને મનોમય પ્રકૃતિથી થતા કર્મના આરંભોને સ્થાને તેના પ્રભાવને સ્થાપવાથી આપણે નિમ્ન અને બાહ્ય જાતના વિચારો અને આચારોમાંથી પાછા હઠીને આંતરિક અને સ્ફુરણામય તથા ખૂબ ઊંચા આધ્યાત્મિક પ્રકારના વિચારો

અને કર્મોમાં પહોંચી શકીએ તે શક્ય છે. તેમ છતાં આ પદ્ધતિથી આવનારું પરિણામ સંપૂર્ણ તો નહિ જ હોય; કારણકે હૃદય એ આપણું ઊંચામાં ઊંચું કેન્દ્ર નથી, તે અતિમાનસિક નથી કે અતિમાનસિક સંચાલનથી સીધેસીધું સંચાલિત નથી. હૃદયમાંથી ઉદ્‌ભવતા સ્ફુરણાત્મક વિચારો અને કર્મો ખૂબ જ તેજસ્વી અને તીવ્ર હોઈ શકે છે; તેમ છતાં એ શક્ય છે કે તે મર્યાદિત પણ હોય, તેમની તીવ્રતા ખુદ સંકુચિત પણ હોય, નિમ્ન ઊર્મિઓની ક્રિયાઓ તેમનામાં ભળેલી પણ હોય અને જ્યારે તે સારામાં સારી સ્થિતિમાં હોય ત્યારે પણ તેનાં કર્મોમાં કે છેવટે તેની ઘણી ય આનુષંગિક બાબતોમાં કોઈક ચમત્કારિક કે અસાધારણ વિશિષ્ટતાને લીધે એવી ઉત્તેજના અને અશાંતિ હોય, અતિશયતા હોય કે સમતાનો અભાવ પણ હોય કે જે બધાં આપણી જાતની સંવાદમય પરિપૂર્ણતાને માટે નુકસાનકારક છે. પરિપૂર્ણતા માટેના આપણા પ્રયત્નનું લક્ષ્ય તો આધ્યાત્મિક અને અતિમાનસિક કર્મ-પ્રવાહને કોઈ ચમત્કાર — પછી ભલેને એ અવારનવાર કે સતત થતો ચમત્કાર હોય —, કે આપણી પ્રાકૃત શક્તિના કરતાં ઘણી મહાન એવી કોઈક શક્તિની પ્રકાશભરી દરમિયાનગીરી જ બનાવવાનું નહિ પણ આપણી જાતની એક સામાન્ય અવસ્થા અને તેની સર્વે ક્રિયાઓનો તો ખુદ સ્વભાવ અને સ્વ-ધર્મ બનાવવાનું જ હોઈ શકે.

આપણાં દેહધારી સ્વરૂપ અને કર્મોનાં, વ્યવસ્થિત બનેલાં કેન્દ્રોમાં ઊંચામાં ઊંચુ કેન્દ્ર એટલે સર્વોચ્ચ મનોમય કેન્દ્ર, કે જેને યોગમાં હજાર પાંખડીઓવાળા, સહસ્રદલ કમલનું પ્રતીકાત્મક સ્વરૂપ આપવામાં આવ્યું છે; અને તેના જ સહુથી ઊંચા ભાગમાં અને ટોચ ઉપર અતિમાનસિક પ્રદેશો સાથે સીધેસીધો વ્યવહાર સ્થપાએલો છે. આથી, એક જુદી જ અને વધારે સીધા સંબંધવાળી પદ્ધતિ પણ શક્ય છે; એ છે : આપણા બધા જ વિચારો અને કર્મોને હૃદય-કમળમાં બિરાજતા પ્રભુ સમક્ષ નહિ પણ મનની ઉપર આવેલા ભગવાનનાં, નિગૂઢ સત્ય સમક્ષ રજૂ કરવાની અને, ઊર્ધ્વમાંથી થતા એક જાતના અવતરણ તરીકે જ સર્વ કાંઈનો સ્વીકાર કરવાની; આ અવતરણ એવું છે કે જેના વિશે આપણને માત્ર આધ્યાત્મિક જ નહિ પણ શારીરિક ભાન પણ થાય છે. આ ક્રિયા પૂરેપૂરી તો માત્ર ત્યારે જ સિદ્ધ થાય છે કે જ્યારે આપણે આપણા વિચારોના અને સભાન કર્મોના કેન્દ્રને ભૌતિક મગજમાંથી ઉપર લઈ જઈ શકીએ અને તેને સૂક્ષ્મ દેહમાં ઉપર ચડતું અનુભવી શકીએ. જો એમ અનુભવી શકાય કે હવે આપણે મગજ દ્વારા નહિ પણ મસ્તકની ઉપર અને તેની બહાર, સૂક્ષ્મ દેહમાંથી

વિચારો કરીએ છીએ, તો તેને ભૌતિક મગજની મર્યાદાઓમાંથી મળેલી મુક્તિની ચોખ્ખી નિશાની ગણવી. જોકે આ કાંઈ એકદમ જ સિદ્ધ નહિ થઈ જાય કે તેથી જ કાંઈ અતિમાનસિક કર્મધારા આવી નહિ મળે, કારણકે એ સૂક્ષ્મ દેહ એ એક મનોમય દેહ છે, અતિમાનસિક નહિ, તોપણ એ મનોમયતા સૂક્ષ્મ છે, શુદ્ધ છે, અને અતિમાનસિક કેન્દ્રો સાથેના વ્યવહારને સરળ બનાવી આપે છે. નિમ્ન ક્રિયાઓ હજી પણ ઊઠવાની જ, પણ હવે એક એવો ઝડપી અને સૂક્ષ્મ ભેદ પારખવાનું સરળ થઈ જવાનું કે જે સ્ફુરણાત્મક વિચારોને નિમ્ન, બૌદ્ધિક મિશ્રણોમાંથી તરત જ અલગ કરી દેખાડશે, મનોમય ઓપમાંથી તેમને અલગ તારવી આપશે અને સ્ફુરણાના જ અસલ તત્ત્વમાંથી બનેલી ના હોવા છતાં જે મનોમય ઊછાળાઓ સ્ફુરણાઓનો સ્વાંગ સજી આવ્યા હશે તેમને બાજુ પર ફેંકી દેશે. અસલ અતિમાનસિક અસ્તિત્વના ઊર્ધ્વ પ્રદેશમાં આવેલા જુદા જુદા સ્તરો વચ્ચેના તફાવતો ઝડપથી પકડી પાડવાનું અને તેમાં રહેલા સામર્થ્યને ઇષ્ટ રૂપાંતર માટે નીચે બોલાવી લાવવાનું અને એ ઊર્ધ્વ સામર્થ્ય અને પ્રકાશ સમક્ષ સમગ્ર નિમ્ન કર્મપ્રવાહને રજૂ કરવાનું સરળ થઈ જશે કે જેના પરિણામે, જે પરમ સત્યને આપણી અંદર સુયોજિત કરવાનું છે તેને ધ્યાનમાં રાખીને એ ઊર્ધ્વ સામર્થ્ય અને પ્રકાશ નિમ્ન કર્મપ્રવાહમાંથી ચૂંટી ચૂંટીને નિરર્થક વસ્તુઓને અળગી કરશે અને ફેંકી દેશે તો જરૂરી વસ્તુઓની વિશુદ્ધિ અને રૂપાંતર કરશે. આ ઊર્ધ્વ સ્તરને અને ઉચ્ચતર અને તેનાથી ય ઉચ્ચતર પ્રદેશોને આમ ખુલ્લા કરવા અને તે પછી આપણી સમસ્ત ચેતના અને તેનાં સર્વ કર્મોને આ ઊર્ધ્વતાના ઢાળાઓમાં ઢાળવાં અને તેમની શક્તિ અને પ્રકાશપૂર્ણ સમર્થતાઓનાં તત્ત્વથી ભરી દેવાં એ જ, દિવ્ય મહાશક્તિની સહજ કાર્ય-પદ્ધતિનો બહુ મોટો ભાગ છે એમ અનુભવથી જણાય છે.

તો વળી એક ચોથી રીત એવી છે કે જે વિકસેલી બુદ્ધિની નજરે સ્વાભાવિક રીતે જ ચડી આવે છે, અને જે ચિંતનશીલ માણસને વધારે અનુકૂળ પડે છે. એ છે આપણી બુદ્ધિને ફેંકી દેવાને બદલે તેને વિકસાવવાની, પણ તે એવા સંકલ્પથી કે પોતાની મર્યાદાઓને વળગી ના રહે પણ પોતાની આવડતોને, પ્રકાશને, તીવ્રતાને, કક્ષાને અને કાર્યશક્તિને ઊંચે ચડાવ્યે જાય કે જેથી છેવટે તે પોતાનાથી પરના પ્રદેશની સરહદ પર પહોંચી જાય અને ત્યાં, ઊર્ધ્વ અને સચેતન કર્મ-પ્રવાહમાં તેનો સરળતાથી સ્વીકાર અને રૂપાંતર થઈ જાય. આ પદ્ધતિ પણ આપણી પ્રકૃતિનાં સત્ય ઉપર પ્રતિષ્ઠિત છે; અને આત્મ-પરિપૂર્ણતાના સમગ્ર યોગની સાધનામાં અને પદ્ધતિમાં

તેને સ્થાન છે. અગાઉ જણાવ્યા પ્રમાણે આ સાધના-પદ્ધતિમાં આપણી પ્રકૃતિનાં કરણો અને શક્તિઓનાં કાર્યોને વધારે ને વધારે ઉચ્ચ અને વિશાળ બનાવ્યે જ જવાનાં છે કે જેથી છેવટે તે પોતાની શુદ્ધિ અને તાત્ત્વિક સંપૂર્ણતા પ્રાપ્ત કરીને, આપણામાં કાર્ય કરી રહેલ દિવ્ય શક્તિના હાલના સામાન્ય કાર્યમાં એક જાતની પૂર્વતૈયારી-રૂપ પરિપૂર્ણતા બની રહે. બુદ્ધિ, એટલે કે તર્ક-પ્રધાન સમજ-શક્તિ અને સંકલ્પ-શક્તિ એ આ બધાં કરણો અને શક્તિઓમાં સહુથી વધારે મહાન છે, વિકસિત માનવ-પ્રાણીનાં અન્ય સર્વ કરણો અને શક્તિઓની તે સ્વાભાવિક નેતા છે, તેમના વિકાસમાં સહાય કરવા માટે વધારેમાં વધારે સમર્થ છે. આપણે જે ખૂબ મહાન પરિપૂર્ણતા ઝંખીએ છીએ તેમાં આપણી પ્રકૃતિની બધીબધી સામાન્ય ક્રિયાઓ ઉપયોગી છે, તેને માટેની સામગ્રી બનવા માટે તે સર્જાએલી છે; અને તેમનો વિકાસ જેટલો વધારે થશે તેટલા જ વધારે સમૃદ્ધ થશે અતિમાનસિક કર્મો માટેની આપણી તૈયારી.

યોગમાં આપણી બુદ્ધિમય જાતને પણ દિવ્ય શક્તિએ પોતાના હાથમાં લેવાની છે અને તેનામાં રહેલી શક્તિઓને પૂર્ણ પૂર્ણતા સુધી અને ઉચ્ચતમ ઉચ્ચતા સુધી ઉઠાવી જવાની છે. તે પછી તેનું રૂપાંતર થવાની જે શક્યતા છે તેનું કારણ એ કે બુદ્ધિનાં બધાં જ કાર્યો અતિમનસમાંથી જ ગુપ્ત રીતે ઊતરી આવેલાં છે, તેના સર્વે વિચારો અને સંકલ્પો ભલે ગમે તેટલા મર્યાદિત હોય અને બુદ્ધિનાં હલકાં કાર્ય વડે વિકાર પામેલાં હોય તેમ છતાં તે દરેકેદરેકમાં અતિમનસનું કાંઈક સત્ય રહેલું હોય છે જ. આ બુદ્ધિનું રૂપાંતર સાધવાની રીત એ છે કે તેની મર્યાદાઓને દૂર કરવી અને તેને વિરૂપ કે વિકૃત બનાવતા તત્ત્વને દૂર કરવું. તેમ છતાં બૌદ્ધિક ક્રિયાઓને એકલીને જ ઊર્ધ્વ અને વિશાળ બનાવવાથી એ રૂપાંતર પાર નહિ પડે; કારણકે તેની ઉપર મનોમયતાની પોતાની અસલ અને અંતર્ગત ખામીઓની મર્યાદાઓ રહેવાની જ. અતિમાનસિક શક્તિની એક એવી દરમિયાનગીરીની જરૂર રહેવાની જ કે જે વિચારો અને સંકલ્પો અને લાગણીઓની ક્ષતિઓને પ્રકાશમાં લાવે અને દૂર કરે. વળી, જ્યાં સુધી અતિમાનસિક પ્રદેશ પ્રગટ ના થાય અને મનની ઉપર કાર્ય ના કરે, અને તે પણ કોઈ ઢાંકણુ કે પડદાની પાછળ રહીને નહિ ( પછી ભલેને એ પડદો ગમે તેટલો બારીક બની ગયો હોય ), પણ એટલો તો ખુલ્લો અને પ્રકાશમાં આવીને, તથા વધારે ને વધારે સતત રીતે, કાર્ય ના કરે કે જેથી પરમ સત્યનો સૂર્ય વાદળથી જરા પણ ઝંખવાયા વિના પૂર્ણ તેજસ્વીતાથી પ્રકાશી શકે, ત્યાં સુધી એ દરમિયાનગીરી

પણ પૂરેપૂરી પરિણામદાયક નહિ બની શકે. તો વળી, આ દરમિયાનગીરીને વચમાં લાવતાં પહેલાં, અથવા તેની સહાય વડે અતિમાનસિક પ્રદેશોને ખોલી નાખતાં પહેલાં, બુદ્ધિને એકલીને જ પૂરેપૂરી તૈયાર કર્યા કરવાનું પણ જરૂરી નથી. એ દરમિયાનગીરી તે પહેલાં પણ વચમાં પડી શકે છે અને બૌદ્ધિક ક્રિયાઓનો એકદમ વિકાસ સાધી આપી શકે છે, અને તે જેમ જેમ વિકાસ સાધે તેમ તેમ તેને વધારે ને વધારે સ્ફુરણાત્મક સ્વરૂપ અને સત્ત્વ આપી શકે છે.

દિવ્ય મહાશક્તિ જે વિશાળતમ કાર્ય સહજ રીતે કરે છે તેમાં આ બધી ય પદ્ધતિઓનો સમાવેશ થતો હોય છે. તે કોઈક વાર પહેલેથી જ, તો કોઈકવાર જરા મોડેથી, તો કોઈક વાર વળી છેક છેલ્લી ઘડીએ આધ્યાત્મિક નીરવતાની મુક્તિની ભેટ આપે છે. તે મનની જ અંદર ગુપ્ત, સ્ફુરણાત્મક પુરુષને ખુલ્લો કરી આપે છે; અને આપણા બધા વિચારો, લાગણીઓ, સંકલ્પો અને કર્મોના આરંભને, હૃદય-ગુફામાં હાલમાં નિગૂઢ રહેલા ભગવાનની, એની દીપ્તિ અને શક્તિની, સમક્ષ રજૂ કરતાં પણ શીખવાડે છે. આપણે જ્યારે તૈયાર થઈ જઈએ ત્યારે, માનસિક ક્રિયાઓમાં કેન્દ્રને તે છેક મનની ટોચે લઈ જાય છે અને અતિમાનસિક વિસ્તારોને ખુલ્લા કરી આપે છે અને પછી એવું બેવડું કાર્ય કરે છે કે જેમાં ઊર્ધ્વ કાર્ય વડે નિમ્ન પ્રકૃતિને ભરી દે છે અને તેનું રૂપાંતર કરે છે તથા જેમાં નીચેથી કાર્ય શરૂ કરી સર્વે નિમ્ન શક્તિઓને તેમનાથી ઉપરના પ્રદેશોમાં ચઢાવ્યે જાય છે, કે જેથી છેવટે એ અતિક્રમણ સંપૂર્ણ બને અને સમગ્ર તંત્રનું પરિવર્તન પૂરેપૂરું પાર પાડે. તે બુદ્ધિને, સંકલ્પ-શક્તિને અને અન્ય પ્રાકૃત શક્તિઓને હાથમાં લે છે અને વિકસાવે છે, પણ તેમનામાં સ્ફુરણાત્મક મનને અને, પછીથી, અસલ અતિમાનસિક શક્તિને સતત દાખલ કરે છે કે જેથી તેમનાં કર્મો બદલાઈ જાય અને વિશાળ થાય. આ બધી બાબતો તે કરે છે તે તાર્કિક બુદ્ધિ આગ્રહ રાખે એવી કોઈ જડ, અક્કડતા-ભરી, યંત્રવત્ અને અટલ રીતે નહિ પણ પોતાનાં કાર્યને માટે જરૂરી અને પ્રકૃતિને માટે અનુરૂપ હોય તેવા ફેરફાર અને છૂટછાટને સ્થાન આપીને કરે છે.

આ બધાના પહેલા જ પરિણામરૂપે અસલ અતિમાનસનું પોતાનું સર્જન નહિ થાય; પહેલાં તો એક એવી સ્ફુરણા-પ્રધાન, કે પછી પૂરેપૂરી સ્ફુરણાત્મક, મનોમયતા સર્જાશે કે જે વિકસિત માનવની સામાન્ય મનોમયતાનું તેમ જ તેની તાર્કિક સમજ-શક્તિવાળી બુદ્ધિનું સ્થાન લઈ શકે તેટલી હદે વિકાસ પામેલી હશે. સૌથી વધારે ધ્યાન ખેંચે તેવું પરિવર્તન તો એ હશે

કે આપણી વિચાર-શક્તિ રૂપાંતર પામી એવા નક્કર પ્રકાશ, નક્કર શક્તિ અને એ પ્રકાશ અને શક્તિના એવા નક્કર આનંદના અસલ દ્રવ્ય વડે તથા પ્રત્યક્ષ ચોકસાઈ વડે ઊર્ધ્વગામી બનશે અને છલોછલ ભરાઈ જશે કે જે સર્વે ખરેખરી સ્ફુરણાત્મક ચિંતન-શક્તિની નિશાનીઓ છે. આવું સ્ફુરણાત્મક મન માત્ર પ્રાથમિક સૂચનો કે ત્વરિત નિર્ણયો આપવાનું જ કામ નહિ કરે પણ, એ જ પ્રકાશ, શક્તિ અને ખાતરીભર્યા આનંદ વડે તથા સત્યનાં સીધેસીધાં સહજ દર્શન વડે, પરસ્પર સંબંધ સાંધી આપતાં અને જરૂરી વિસ્તાર કરી આપતાં એ બધાં કાર્યો પણ કરશે કે જે આજે આપણી બૌદ્ધિક તર્ક-શક્તિ કરી રહી છે. સંકલ્પ-શક્તિ પણ પરિવર્તન પામીને આ સ્ફુરણાત્મક ગુણધર્મ ધારણ કરશે, કરવાનાં કર્મોને, कर्तव्यं कर्म ને પાર પાડવા માટે સીધો જ પ્રકાશ અને શક્તિનો માર્ગ લેશે, અને શક્યતાઓને અને વાસ્તવિકતાઓને એકી નજરે ઝડપી લઈ, પોતાનાં કર્મો અને ધ્યેયને પાર પાડવા માટે તેમની જરૂરી સંયોગીતાઓને એકદમ અમલમાં મૂકી દેશે. લાગણીઓ પણ સ્ફુરણાત્મક બની જશે, સાચા સંબંધોને પકડી પાડશે, એક નવા પ્રકાશ અને શક્તિ અને એક આનંદભરી આત્મ-શ્રદ્ધાથી કામે લાગી જશે, અને જ્યાં સુધી ઇચ્છાઓ અને ઊર્મિઓએ કેડો નહિ મૂક્યો હોય ત્યાં સુધી તેમાંની માત્ર સાચી અને સહજ ઇચ્છાઓ અને ઊર્મિઓને જ સાથ આપશે અને જ્યારે તેઓ ખરી પડશે ત્યારે તેમની જગ્યાએ એક એવો પ્રકાશમય અને સહજ પ્રેમ અને પરમાનંદ સ્થાપી દેશે કે જે પોતાના વિષયોમાં રહેલા સાચા રસને તરત જ જાણી જતો હશે અને ઝડપી લેતો હશે. અને એ જ પ્રમાણે આલોકિત થઈ જશે બીજી બધી જ મનોમય ક્રિયાઓ અને ખુદ પ્રાણની અને ઇન્દ્રિયોની ક્રિયાઓ, અને શરીરની ચેતના પણ. અને ઘણુંખરું તો, બાહ્ય ઇન્દ્રિયો અને સમજ-શક્તિની ઉપર આધાર નહિ રાખનારા આંતરિક મન અને તેની ઇન્દ્રિયોમાં સૂક્ષ્મ શક્તિઓ, કાર્ય-શક્તિઓ, બોધનાઓ પણ વિકાસ પામી આવે છે. સ્ફુરણાત્મક મન માત્ર વધારે શક્તિશાળી અને વધારે પ્રકાશપૂર્ણ મન નહિ હોય, પણ યોગ-સાધનાની પહેલાં માણસનું સામાન્ય મન જેટલા કાર્ય-ક્ષેત્રમાં ફરી શકતું હશે તેના કરતાં તો હવે ઘણાં ઘણાં વિશાળ કાર્ય-ક્ષેત્રમાં તે સક્રિય થઈ શકશે.

આવાં સ્ફુરણાત્મક મનના પોતાના ગુણ-ધર્મોને જો પરિપૂર્ણ બનાવવામાં આવ્યા હોય, નિમ્ન તત્ત્વોની દરેક જાતની અશુદ્ધિઓમાંથી જો તેમને બચાવી લેવામાં આવ્યા હોય, તેમ છતાં જો તેની પોતાની મર્યાદાઓ વિશે અને તેનાથી ઉપરના તત્ત્વની મહત્તા વિશે તે સભાન ના હોય તો

પશુઓના અંધ–પ્રેરણાત્મક મનની માફક અથવા માનવના તર્ક–પ્રધાન મનની માફક તે પણ એક નિશ્ચિત અવસ્થામાં બંધાઈ જાય અથવા એક પૂર્ણ–વિરામ બની જાય તે શકય છે. પણ આ સ્ફુરણાત્મક મનોમયતાને સ્થાયી રૂપે પરિપૂર્ણ અને સ્વયં–પર્યાપ્ત તો માત્ર ત્યારે જ બનાવી શકાય તેમ છે કે જ્યારે તેનાથી ઉપર આપેલ અતિમનસના શક્તિ–દ્વાર ખોલી આપવામાં આવે; અને તેમ થાય ત્યારે તેની મર્યાદાઓ તરત જ સ્પષ્ટ દેખાઈ આવે છે અને તે, બૌદ્ધિક મન અને અતિમાનસિક પ્રકૃતિની વચ્ચે, વચગાળાની એક ગૌણ કર્મ–શક્તિ બની રહે છે. સ્ફુરણાત્મક મનોમયતા એ પણ એક મન જ છે, વિજ્ઞાન નથી. અલબત્ત એ છે તો અતિમાનસમાંથી જ આવતો પ્રકાશ, પણ એ જેમાં કાર્ય કરે છે એ મનોમય પદાર્થ વડે તેમાં મોળાશ અને ક્ષીણતા આવે છે. મનોમય દ્રવ્ય એટલે હમેશાં અજ્ઞાનમય પાયો. સ્ફુરણાત્મક મન કાંઈ સત્યનો વિશાળ સૂર્ય–પ્રકાશ નથી બની જતું; પણ એ સૂર્ય–પ્રકાશના સતત ચમકારા–ભરી એવી લીલા–ભૂમિ છે કે જે અજ્ઞાનની કે અર્ધજ્ઞાનની અને પરોક્ષ જ્ઞાનની પાયારૂપ અવસ્થાને પ્રકાશમય રાખ્યા કરે છે. અને એ જ્યાં સુધી સંપૂર્ણપણે પાકી નથી બની હોતી ત્યાં સુધી તેમાં અજ્ઞાનભરી મનોમય અશુદ્ધિ ઘુસી આવે છે અને તેના સત્યમાં ભૂલના તાંતણા ભેળવી દે છે. તે પોતાની નિજી સક્રિયતાને વધારે વ્યાપક બનાવી શકે અને આ અશુદ્ધિમાંથી વધારે મુક્ત બને તે પછી પણ, તેની કાર્ય–ભૂમિરૂપ મનોમય પદાર્થ જ્યાં સુધી પોતાની જૂની બૌદ્ધિક કે નિમ્ન–મનોમય ટેવોનો ભોગ બનેલી રહે ત્યાં સુધી તેમાં ભૂલોની વૃદ્ધિ થવાનો, તે ધૂંધળી બનવાનો અને અનેક જાતના ઊથલાઓ ખાવાનો અવકાશ રહે જ છે. વળી વ્યક્તિગત મન કાંઈ એકલું અને પોતાનામાં જ પુરાએલું રહેતું નથી, પણ તે એક વ્યાપક મનમાં નિવાસ કરે છે. અને તે જે કાંઈ વસ્તુને ફેંકી દે છે તે પોતાની આજુબાજુનાં આ વ્યાપક મનનાં વાતા-વરણમાં ભરાઈ રહે છે અને ત્યાંથી જૂનાં સૂચનો અને જૂની માનસિક ખાસિ-યતોના ઢગલાબંધ ઇશારાઓનો ભારો લઈને પાછા આવવાનો અને આક્રમણ કરવાનો યત્ન કરે છે. એટલે વિકાસ પામતાં કે વિકસી ચૂકેલા સ્ફુરણાત્મક મને આવા આક્રમણ સામે અને અનિષ્ટ વૃદ્ધિ સામે સતત સજ્જ રહેવાનું છે, અશુદ્ધિઓને ફેંકી દેવાનું અને ઉખેડી નાખવાનું ધ્યાનમાં રાખવાનું છે. મનના સમગ્ર પદાર્થને વધુ ને વધુ અને તેથી ય વધુ સ્ફુરણાત્મક બનાવવામાં મચ્યા રહેવાનું છે; અને એનો અંત તો માત્ર ત્યારે જ આવે કે જ્યારે તે પોતે જ અતિમનસના પ્રકાશ વડે આલોકિત થાય, રૂપાંતર પામે અને તેના

પૂર્ણ પ્રકાશમાં પહોંચી જાય.

વળી, આ નવી મનોમયતા એ દરેક માણસની વર્તમાન જાતની શક્તિનો જ એક નવો વિકાસ છે, અને તેનો વિકાસ અને તેનું તંત્ર ગમે તેટલાં નવાં અને નોંધપાત્ર હોય તોપણ તે અમુક અંશે તેના ગજા પ્રમાણે જ રહેવાનાં. અલબત્ત, પોતાના હાથમાં રહેલા કામમાં જ અને પોતે સિદ્ધ કરેલી શક્તિની હાલની મર્યાદામાં જ પુરાઈ રહેવાનું શક્ય હોવા છતાં અનંતતા પ્રત્યે ખૂલી ગએલા મનનું સ્વાભાવિક વલણ છે પ્રગતિ અને પરિવર્તન અને વિશાળતા. તેમ છતાં જો તે પોતાના ગજા બહાર આગળ જવાનું સાહસ કરે તો, નવી સ્ફુરણાત્મક ટેવોને લીધે તે ગમે તેટલું સુધરી ગયું હોય તોપણ, અજ્ઞાનમયતામાં બૌદ્ધિક ખોજ કરવાની તેની જૂની ટેવમાં ફરી પાછું આવી પડે તેવી શકયતા ઊભી થાય છે,— સિવાય કે તેની ઉપર અતિમનસની પ્રકાશપૂર્ણ અને વધારે સમૃદ્ધ શક્તિનું પ્રગટ કાર્ય સતત અમલ ચલાવે અને તેને દોર્યા કરે. એ તો નિઃસંદેહ છે કે સ્ફુરણાત્મક મનની ખાસિયત જ એ છે કે તે હાલના મનની અને અતિમનસની વચ્ચે એક કડી છે, વચગાળાની સીડી છે, અને જ્યાં સુધી આ સીડી પૂરેપૂરી ચડી ના જવાય ત્યાં સુધી કદીક નીચેનું ગુરુત્વાકર્ષણ ખેંચવાનું તો કદીક ઊર્ધ્વગામી વલણ ઊભું થવાનું, નીચેના, આક્રમણ અને આકર્ષણની તો ઊર્ધ્વનાં પણ આક્રમણ અને આકર્ષણની વચ્ચે હાલમ-ડોલ સ્થિતિ રહેવાની, અને બહુ બહુ તો, બે છેડાઓની વચ્ચે એક અનિશ્ચિત અને પરિમિત અવસ્થા રહેવાની. જેવી રીતે માનવની ઊર્ધ્વ બુદ્ધિ, નીચે, પાશવી અને ઘરેડિયા માનવ-મનની અને ઉપર, વિકસી રહેલા આધ્યાત્મિક મનની વચ્ચે આવી રહેલી છે તેવી જ રીતે આધ્યાત્મિક મનનું આ પહેલું સોપાન બુદ્ધિ-પ્રધાન માનવ-મનની અને મહાન અતિમાનસિક જ્ઞાનની વચ્ચે આવી રહેલું છે.

મનોમય પ્રકૃતિ જ એવી છે કે તે અર્ધ-પ્રકાશ અને અંધકારની વચ્ચે, શકયતાઓ અને સંભવિતતાઓની વચમાં, અર્ધ-સિદ્ધ સ્વરૂપોની વચમાં, અનિશ્ચિતતાઓ અને અર્ધ-નિશ્ચિતતાઓની વચમાં અટવાએલી છે; તે જ્ઞાનને પકડવા મથતું, વિશાળ બનવા મહેનત કરતું અને સાચાં વિજ્ઞાનના ગુપ્ત દેહના દ્વાર ધકેલતું અજ્ઞાન છે. અતિમનસ, આધ્યાત્મિક નિશ્ચિતતાઓના પ્રકાશમાં વિચરે છે; માનવ માટે તે એક એવું જ્ઞાન છે કે જે પોતાના નિજી ઝળહળાટથી ભરેલા વાસ્તવિક દેહને ખોલી રહ્યું છે. સ્ફુરણાત્મક મન શરૂઆતમાં, મનના અર્ધ-પ્રકાશોને, તેની શકયતાઓને અને સંભવિતતાઓને, તેનાં અર્ધ-સિદ્ધ સ્વરૂપોને, તેની અનિશ્ચિત નિશ્ચિતતાઓને, તેની રજૂઆતોને

ઝળકાવી દેતી રોશની તરીકે, તથા, આ બધી બાબતોથી ઢંકાએલાં કે અર્ધ–ઢંકાએલાં અને અર્ધ–ખૂલેલાં સત્યનાં દર્શન કરાવી દેતા પ્રકાશ તરીકે દેખા દે છે; અને પછીથી જ્યારે તે તેનું ઊર્ધ્વતર કાર્ય શરૂ કરે છે ત્યારે તે પોતાની વધારે નિકટની દૃષ્ટિને લીધે, આધ્યાત્મિક જ્ઞાનનાં તેજસ્વી સૂચન કે સ્મૃતિને લીધે, અસ્તિત્વના ગુપ્ત વિશ્વમુખ આત્મ–દર્શન અને જ્ઞાનના સ્ફુરણને લીધે કે તેનાં દ્વારની આરપાર જોઈ શકવાને લીધે અતિમનસનું પુરો–વાહન બની રહે છે. અતિમનસના મહત્તર પ્રકાશ અને સામર્થ્યની એ સહુથી પહેલી, છતાં અધૂરી, વ્યવસ્થિત રચના છે—, અધૂરી એટલા માટે કે એ રચના મનમાં થએલી છે, પોતાના નિજી ચૈતન્ય-દ્રવ્ય ઉપર થએલી રચના નથી; એ એક સતત વ્યવહાર છે ખરો, પણ પૂરી, પ્રત્યક્ષ કે સતત સંનિધિ નથી. પૂર્ણ પરિપૂર્ણતા તો અતિમાનસિક સ્તરો પર જ રહેલી છે; અને તેની પ્રતિષ્ઠા તો મનોમયતાના અને આપણી સમગ્ર પ્રકૃતિના હજી પણ વધારે નિર્ણયાત્મક અને સંપૂર્ણ રૂપાંતર ઉપર જ થઈ શકે તેમ છે.

પ્રકરણ : ૨૧

# અતિમનસની કક્ષાઓ

સ્ફુરણાત્મક મન એટલે માનસિક ભાષામાં — અતિમનસના ઝળહળતા દ્રવ્ય વડે અર્ધ-રૂપાંતર પામેલી માનસિક ભાષામાં — થએલું સત્યનું સીધું જ ભાષાંતર, મનથી પરનાં અતિ-ચેતન આત્મ-તત્ત્વમાં સક્રિય રહેતાં કોઈક અનંત આત્મ-જ્ઞાનનું ભાષાંતર. આ આત્મ-તત્ત્વ એકસાથે આપણી ઉપર, તેમ જ અંદર, તેમ જ આજુબાજુ, આપણી એવી વિશાળ જાત તરીકે આપણને અનુભવવા મળે છે કે જેનો એક અપૂર્ણ અંશ, કે થોડુંશું અવતરણ, કે નિમ્ન અને અધૂરું પ્રતીક તે આપણી હાલની જાત, આપણું મનોમય, પ્રાણમય અને શારીરિક વ્યક્તિત્વ અને સ્વભાવ; અને જેમ જેમ આપણામાં સ્ફુરણાત્મક મન વિકસતું જાય છે, આપણી સમગ્ર જાત સ્ફુરણાત્મક પદાર્થના ઢાળામાં વધારે ને વધારે ઢળતી જાય છે તેમ તેમ આપણે અનુભવતા જઈએ છીએ કે આપણાં અંગો આ વિશાળ જાત અને આત્મ-તત્ત્વની પ્રકૃતિમાં એક જાતનું અર્ધ-રૂપાંતર પામી રહ્યાં છે. આપણાં બધા જ વિચારો, સંકલ્પો, આવેગો, લાગણીઓ — અને છેક છેવટે તો આપણાં ક્ષુદ્ર બાહ્ય, પ્રાણમય અને શારીરિક સંવેદનો — એ બધાં જ, આત્મામાંથી ઉદ્‌ભવતાં વધારે ને વધારે સીધાં આંદોલનો થતાં જાય છે અને તેમનો પ્રકાર તદ્દન જુદી જ જાતનો તથા વધારે ને વધારે વિશુદ્ધ, અક્ષુબ્ધ, સમર્થ અને પ્રકાશપૂર્ણ બની રહે છે. પરિવર્તનની આ એક બાજુ થઈ; બીજી બાજુ છે : હજી સુધી બીજું જે કાંઈ નિમ્ન જાતના કબજા નીચે હશે, જે કાંઈ હજી આપણને બહારથી ઘૂસી આવતું લાગતું હશે કે આપણા જૂના, નીચા વ્યક્તિત્વના કર્મ-પ્રવાહના અવશેષરૂપે લાગતું હશે તેમની ઉપર બદલાવા માટેનું દબાણ, અને આ નવાં દ્રવ્ય અને પ્રકારને અનુકૂળ થવાનું અને તેમાં પરિવર્તન પામવાનું તેમનામાં વલણ, ઊર્ધ્વ તત્ત્વ તો નીચે ઊતરી જ આવે છે અને નિમ્ન તત્ત્વોનું ઘણે અંશે સ્થાન લે છે જ, પણ સાથે સાથે નિમ્ન તત્ત્વ પણ બદલાય છે, ઊર્ધ્વ તત્ત્વની સામગ્રી તરીકે પોતાને પલટી નાખે છે અને તેના જ દ્રવ્યનાં અંગરૂપ જાય છે.

મનથી ઉપર આવેલું મહાન આત્મતત્ત્વ શરૂઆતમાં એક સંનિધિ, એક પ્રકાશ, એક સામર્થ્ય, એક ઉદ્ભવ-સ્થાન, એક અનંતતા તરીકે દેખા દે છે ખરું પણ તેમાંનું આપણે જે કાંઈ જાણી શકીએ તેમ હોઈએ છીએ તે તો, શરૂઆતમાં, હોય છે સત્તા, ચેતના, ચેતનામય-શક્તિ અને આનંદ સાથેનું અનંત અદ્વૈત. બાકીનું બધું પણ તેમાંથી જ ઊતરી આવે છે; પણ તે બધું આપણી ઉપર આવી રહેલા વિચારો, સંકલ્પો કે લાગણીઓ તરીકે કોઈ નિર્ણાયક સ્વરૂપ ધારણ ના કરતાં માત્ર સ્ફુરણાત્મક મનમાં તથા તેના સ્તર પર જ આવી રહે છે. અથવા તો આપણે એક એવા મહાન અને અનંત પરમ-પુરુષનો અનુભવ કરીએ છીએ અને તેના વિશે અનેકવિધ સભાનતા પામીએ છીએ કે જે તે સત્તા અને સંનિધિનું સદાકાળથી જીવંત સત્ય હોય છે, એક એવું મહાન અને અનંત જ્ઞાન હોય છે કે જે પેલા પ્રકાશ અને ચેતનાનો શક્તિ-ભંડાર છે, એક એવી મહાન અને અનંત તપઃશક્તિ હોય છે કે જે પેલી ચેતનામય શક્તિનો શક્તિ-ભંડાર છે, એક એવો મહાન અને અનંત પ્રેમ હોય છે કે જે પેલા પરમ-આનંદનો શક્તિ-ભંડાર છે. પણ આ બધા શક્તિ-ભંડારની પ્રબળ વાસ્તવિકતા અને પ્રભાવને બાકાત રાખીને તેમાંથી જે કાંઈ આપણી સ્ફુરણાત્મક મનોમય જાતમાં અને તેના સ્તરમાં અને તેની મર્યાદાઓમાં ભાષાંતર પામે તે જ માત્ર, અમુક નિશ્ચિત સ્વરૂપમાં આપણે જાણી શકીએ છીએ. આપણે જેમ જેમ પ્રગતિ કરતા રહીએ અથવા એ આત્મ-તત્ત્વ કે પરમપુરુષની સાથેના વધારે પ્રકાશમય અને સક્રિય અદ્વૈતમાં જેમ જેમ વિકાસ સાધીએ તેમ તેમ જ્ઞાન અને તપસ્ અને આધ્યાત્મિક ભાવની વધારે મહાન સક્રિયતા પ્રગટ થવા માંડે છે અને મનથી ઉપરના પ્રદેશમાં સુવ્યવસ્થિત થતી લાગે છે અને તેને આપણે સાચાં અતિમનસ તરીકે અને અનંત જ્ઞાન, તપઃશક્તિ અને આનંદની, સાચી, નિજી લીલા તરીકે પિછાનીએ છીએ. ત્યારે સ્ફુરણાત્મક મનોમયતા એક એવી ગૌણ અને નિમ્ન પ્રવૃત્તિ બની જાય છે કે જે આ ઊર્ધ્વતર શક્તિની આજ્ઞાની અપેક્ષા રાખે છે, તેના સર્વે ઝબકાર અને હુકમોનો પ્રત્યુત્તર વાળે છે અને અનુમતિ આપે છે, તેમને નિમ્ન અંગો પ્રત્યે રવાના કરી આપે છે, અને, જ્યારે એ ઝબકાર અને હુકમો મળતા નથી કે પ્રત્યક્ષ થતા નથી ત્યારે ઘણી વાર તેમનું સ્થાન લેવા, તેમનું અનુકરણ કરવા તથા અતિમાનસિક પ્રકૃતિનાં કાર્યોને સારામાં સારી રીતે પાર પાડવા યત્ન કરે છે. હકીકતમાં તો, શરૂઆતની યોગ-સાધના દરમિયાન સામાન્ય બુદ્ધિનું જે સ્થાન હતું તથા તે તેની સાથે જે સંબંધ રાખતી હતી

તે જ સ્થાન અને સંબંધ હવે તે અતિમનસ સાથે રાખે છે.

આપણી સત્તાની બે ભૂમિકાઓ ઉપર થતું આવું બેવડું કાર્ય શરૂઆતમાં સ્ફુરણાત્મક મનોમયતાને એક ગૌણ ક્રિયા તરીકે વધારે બળવાન બનાવે છે અને અજ્ઞાનના અવશેષો કે આક્રમણો કે વૃદ્ધિઓને વધારે સંપૂર્ણતાથી દૂર કરવામાં કે તેમનું રૂપાંતર કરવામાં તેને સહાય કરે છે. વળી તે સ્ફુરણાત્મક મનોમયતામાં પોતાનામાં પણ તેના જ્ઞાન-પ્રકાશને વધુ ને વધુ પ્રબળ બનાવે છે. અને છેવટે તેને ખુદ અતિમનસનાં પોતાનાં જ મૂર્ત-સ્વરૂપમાં પલટી નાખે છે; પણ સામાન્ય રીતે, શરૂઆતમાં તેને વિજ્ઞાનનાં એવાં વધારે મર્યાદિત કાર્ય તરીકે રહેવા દે છે કે જે એક એવું સ્વરૂપ ધારણ કરે છે કે જેને આપણે એક પ્રકાશ-પૂર્ણ, અતિમાનસિક કે દિવ્ય બુદ્ધિ કહી શકીએ. અતિમનસ શરૂઆતમાં પોતાની ક્રિયાઓને આ જ દિવ્ય બુદ્ધિ તરીકે પ્રગટ કરવાનું પસંદ કરે પણ ખરું, અને તે પછી તે જ્યારે મનને પણ પોતાનાં જ મૂર્ત-સ્વરૂપ તરીકે પલટી નાખે ત્યારે, તે અવતરણ કરીને સામાન્ય તર્ક-શક્તિ અને બુદ્ધિનું સ્થાન લઈ લે છે. આ દિવ્ય બુદ્ધિ પર મનોમયતાની છાપ નહિ હોવા છતાં, તેમ જ તે સીધેસીધી સત્ય અને જ્ઞાનની જ એક ક્રિયા હોવા છતાં તેનું સ્વરૂપ વધારે મર્યાદિત હોય છે; કારણકે તે એવા અમુક જ હેતુ-સમૂહને માટેની પ્રતિનિધિ શક્તિ છે કે જે હેતુઓ વધારે પ્રકાશમય હોવા છતાં સામાન્ય, માનવીય સંકલ્પ-શક્તિ અને તર્ક-શક્તિને કેટલેક અંશે મળતા હોય છે. માનવમાં ઈશ્વરનું સીધેસીધું, પૂરેપૂરું પ્રગટ અને લાગલું જ કાર્ય તો હજી પણ વધારે ઉચ્ચ અતિમાનસિક ભૂમિકામાંથી આવે છે. સ્ફુરણાત્મક મન, દિવ્ય બુદ્ધિ અને ઉચ્ચતર અતિમનસની વચ્ચેના, તેમ જ એ દરેક સ્તરની અંદરની બીજી વિવિધ કક્ષાઓની વચ્ચેના પણ ભેદને સ્પષ્ટ કરવાનું જરૂરી છે, કારણકે છેવટે એ બહુ અગત્યના થઈ પડશે. મનથી ઊર્ધ્વના પ્રદેશમાંથી જે કાંઈ આવી પડે તેમની વચ્ચે કાંઈ ભેદ પાડયા વિના આપણું મન શરૂઆતમાં તેમને બધાને પૂરતી, આધ્યાત્મિક પ્રકાશ-મયતા તરીકે સ્વીકારે છે અને ખુદ શરૂઆતની અવસ્થાઓને અને પ્રાથમિક પ્રકાશ-ઝબકારાઓને પણ આખરી ભૂમિકાઓ તરીકે સ્વીકારી લે છે; પણ પછીથી તેને ખબર પડે છે કે અહીં જ અટકી પડવું એટલે તો સાક્ષાત્કારના નાના-શા ખંડમાં જ રહી પડવું; વળી તેને એ પણ સમજાય છે કે વધારે ને વધારે ઉચ્ચતા અને વિશાળતાઓને પ્રાપ્ત કર્યે જ જવાનાં છે કે જેથી, ઓછામાં ઓછું, દિવ્યતાની ઊંચાઈ-આડાઈ અમુક અંશે તો પૂર્ણ બને જ.

આ અતિમાનસિક ભેદો એટલે શું એ પૂરેપૂરું સમજવું એ પણ

બુદ્ધિને માટે તો મુશ્કેલ છે; તેમને રજૂ કરી શકાય તેવા મન-સર્જા શબ્દોનો જ તોટો છે; અને જે છે તે પણ અ-પૂરતા છે; તેમની અનુભૂતિઓમાં થોડાએક દૃષ્ટિપાત કે થોડાએક ચંચુપાત કર્યા પછી જ તેમને સમજી શકાય તેમ છે. અત્યારે તો તેમનો થોડોએક ઉલ્લેખ કરવાથી જ કામ સરશે; અને શરૂઆતમાં તો ચિંતનશીલ મનની ક્રિયાઓમાંથી થોડાએક ઉકેલ મેળવવા એ જ પૂરતું ગણાશે, કારણકે અતિમાનસિક ક્રિયાઓને જાણવાની થોડીક સારામાં સારી ચાવીઓ ત્યાં જ છુપાએલી છે. સ્ફુરણાત્મક મનની સમગ્ર વિચાર-ક્રિયા એવી ચાર શક્તિઓ વડે આગળ વધે છે કે જે સત્યનું સ્વરૂપ ઘડે છે; એ છે : પોતાના ખ્યાલ સૂચવતું સહજ-જ્ઞાન, ભેદ પારખનું સહજ-જ્ઞાન, પોતાની વાચાને તેમ જ પોતાનાં મહાન દ્રવ્યના કાંઈક અંશને ઉતારી લાવતી પ્રેરણા-શક્તિ, અને પોતાની વાસ્તવિકતાનાં અસલ મુખ અને દેહને આપણી નજર સમક્ષ આકાર કરતી સત્ય-દૃષ્ટિ. આ ચાર બાબતો એ તેમને જ મળતી, તથા આપણી શરૂઆતની બિનઅનુભવી અવસ્થામાં જેને સાચું સહજ-જ્ઞાન માની લેવાની ભૂલ થઈ જાય છે તેવી, સામાન્ય મનોમય બુદ્ધિની કોઈ ક્રિયાઓ નથી. સૂચનાત્મક સહજ-જ્ઞાન અને શીઘ્ર-બુદ્ધિની બૌદ્ધિક સૂઝ એ બે એક જ નથી; કે સહજ-જ્ઞાનની પરખ-શક્તિ અને તાર્કિક બુદ્ધિની ત્વરિત નિર્ણય-શક્તિ એ બંને પણ એક જ નથી; કે નથી સહજ-જ્ઞાનભરી પ્રેરણા-શક્તિ અને કલ્પનાશીલ બુદ્ધિની પ્રેરણા-ભરી ક્રિયા એ બે પણ એક જ વસ્તુ; તો સહજ-જ્ઞાનભરી સત્ય-દૃષ્ટિ અને શુદ્ધ મનની જોરદાર પકડનો અને અનુભૂતિનો પ્રબળ પ્રકાશ એ બે પણ એક નથી.

આ બધી બીજી જાતની ક્રિયાઓ એ ઊર્ધ્વ પ્રવૃત્તિઓની માનસિક રજૂઆતો છે, એ જ પ્રવૃત્તિઓને હાથ ધરવાના સામાન્ય મનના પ્રયત્નો છે, કે ઊર્ધ્વ પ્રકૃતિની ક્રિયાઓનાં, બુદ્ધિ વડે થઈ શકતાં, સારામાં સારાં અનુકરણો છે. એમ કહેવું તે કદાચ વધારે યોગ્ય છે. સાચી અંતઃસ્ફુરણાઓ એ આ અસરકારક, છતાં અ-પૂરતા, નકલી સિક્કાઓથી, તેના પ્રકાશ-પદાર્થની બાબતમાં, તેની ક્રિયાઓની બાબતમાં તેમ જ તેની જ્ઞાન-પ્રાપ્તિની રીતમાં જુદી પડે છે. મનોમય શીઘ્ર-બુદ્ધિ એ મૂળભૂત મનોમય અજ્ઞાનની, એવાં માનસિક સત્ય-સ્વરૂપો પ્રત્યેની અને સત્ય-રજૂઆતો પ્રત્યેની જાગ્રતિ ઉપર આધાર રાખે છે કે જે પોતાના ક્ષેત્રમાં તેમ જ પોતાના હેતુઓ માટે તો તદ્દન વાજબી હોઈ શકે છે પણ તેઓ કાંઈ હમેશાં અને અસલમાં વિશ્વાસપાત્ર હોતાં નથી. તેઓને બહાર આવવા માટે મન અને ઇન્દ્રિયોએ આપેલી સામગ્રીનાં સૂચનો ઉપર કે ભૂતકાળના જ્ઞાન-ભંડાર ઉપર આધાર

રાખવો પડે છે. તેઓ સત્યને એક બાહ્ય વસ્તુ તરીકે, શોધવાની અને તપાસવાની અને સિદ્ધિ તરીકે ભંડારવાની વસ્તુ તરીકે શોધે છે અને જ્યારે તે હાથ લાગી જાય ત્યારે તેની સપાટીને, સૂચનોને કે સ્વરૂપોને નાણી જુએ છે. આ નાણી જોવાની ક્રિયાથી તદ્દન સંપૂર્ણ, અને પૂરતો, સત્યનો ખ્યાલ કદીય હાથ લાગતો નથી. તે વખતે તો તેઓ ભલે ગમે તેટલાં નિશ્ચતતા-ભર્યા લાગતા હોય તોપણ ગમે તે ક્ષણે તેમને પસાર કરી જવાનું કે છોડી દેવાનું જરૂરી લાગે અને નવાં જ્ઞાન સાથ તે બંધબેસતા ના લાગે તે શક્ય છે.

ત્યારે, તેનાથી ઊલટું, સ્ફુરણાત્મક જ્ઞાનનું ક્ષેત્ર કે તેનો અમલ ભલે ગમે તેટલો મર્યાદિત હોય તેમ છતાં તેની એ મર્યાદાની અંદર એ એક જાતની તત્ક્ષણ, ચિરંજીવ અને ખાસ કરીને તો સ્વયંભૂ નિશ્ચિતતાને લીધે પૂરેપૂરી વિશ્વાસ-પાત્ર હોય છે. તે પોતાની શરૂઆત તરીકે અથવા પ્રકાશિત કરવાના કે સાચી રીતે પ્રગટ કરી આપવાના પદાર્થ તરીકે મન અને ઇન્દ્રિયોની સામગ્રીનો સ્વીકાર કરે, અથવા ભૂતકાળના વિચારોની અને જ્ઞાનની કોઈ એક આખી હારમાળાને નવા અર્થ અને નવા મુદ્દા તરીકે સળગતા કરી મૂકે એ શક્ય છે; પણ તે પોતાના સિવાય બીજા શેનીય ઉપર આધાર તો નહિ જ રાખે અને, અગાઉનાં સૂચનો કે સામગ્રીથી સ્વતંત્ર રહીને, ખુદ પોતાના જ પ્રકાશ-પ્રદેશોમાંથી પણ ક્યાંક બહાર ઊછળી પડે એમ પણ બને; અને તેની આવી કાર્ય-પદ્ધતિ વધારે ને વધારે સહજ બનતી જાય છે, અને જ્ઞાનની નવી અગાધતાઓ અને હારમાળાઓ ખોલી આપવા માટે અન્ય કાર્ય-પદ્ધતિઓ સાથે જોડાતી જાય છે. એ એમાંથી ગમે તે રીત તે અપનાવે તેમ છતાં તેનામાં સ્વયંભૂ સત્યનું એવું તત્ત્વ અને નિરપેક્ષ મૂળનું એવું ભાન હમેશાં હાજર હોય છે કે જે એમ સૂચવે છે કે તે અદ્વૈતાત્મક આત્મજ્ઞાનમાંથી જ આગળ વધે છે. તે એક એવા જ્ઞાનનું અનાવરણ છે કે જે ગુપ્ત હોવા છતાં આપણી અંદર હયાત હોય છે જ; તે કોઈક નૂતન પ્રાપ્તિ નથી હોતી પણ એક એવી વસ્તુ હોય છે કે જે હમેશાં મોજૂદ હતી અને પ્રગટ થઈ શકે તેમ હતી. સત્યને તે સીધું જ અંદરથી જુએ છે અને એ આંતર-દર્શન વડે બાહ્યતાને પ્રકાશિત કરે છે, અને જે કાંઈ નવું સત્ય હજી હવે પ્રગટ થવાનું હોય તેની સાથે તેને તરત જ મેળમાં મૂકી આપે છે,—હા, આપણે આંતર-જ્ઞાન વડે સજાગ રહેતા હોઈએ તો જ. સહજજ્ઞાનની આ ખાસિયતો ઊર્ધ્વતર પ્રદેશોમાં, અતિમાનસિક પ્રદેશોમાં હજી ય વધારે સ્પષ્ટ અને પ્રબળ બને છે; સ્ફુરણાત્મક મનમાં, આ ખાસિયતોનું શુદ્ધ અને પૂર્ણસ્વરૂપ હમેશાં નજરે ચડે તેવી સ્થિતિમાં ના પણ હોય,

કારણકે ત્યાં મનનું અસલ દ્રવ્ય અને તેની વિજાતીયતાઓ તેમાં ભળી ગએલી હોય છે, પણ દિવ્ય બુદ્ધિમાં અને મહત્તર અતિમાનસિક કર્મોમાં તો તે મુક્ત અને નિરપેક્ષ બની ગએલી હોય છે.

માનસિક સ્તર પર કાર્ય કરતું સૂચનાત્મક સહજ-જ્ઞાન સત્યનો એક પ્રત્યક્ષ અને પ્રકાશદાયક આંતરિક ખ્યાલ સૂચવી- જાય છે; તે ખ્યાલ એ સત્યનું સાચું ચિત્ર અને સૂચન હોય છે; તે હજી પૂરેપૂરું પ્રત્યક્ષ નથી હોતું અને તેમાં તેનું સમગ્ર દર્શન પણ નથી હોતું તેમ છતાં એ જાણે કે કોઈક સત્યની એક તેજસ્વી સ્મૃતિના જેવું, આત્મ-જ્ઞાનના કોઈક ગુપ્ત રહસ્યની પિછાન જેવું હોય છે. તે હોય છે તો એક પ્રતિનિધિ જ, પણ જીવંત પ્રતિનિધિ, કોઈ હવાઈ પ્રતીક નહિ; પ્રતિબિંબ ખરું, પણ એક એવું પ્રતિબિંબ કે જેને સત્યનાં અસલ દ્રવ્યમાંથી કોઈક ચમકાર મળ્યો છે. સહજ-જ્ઞાનની ભેદ-પરખ શક્તિ એ એક એવી બીજી પંક્તિની ક્રિયા છે કે જે સત્યના આ ખ્યાલને તેનાં સાચાં સ્થાને અને અન્ય ખ્યાલો સાથેના સાચા સંબંધમાં ગોઠવી દે છે. અને જ્યાં સુધી માનસિક દખલગીરી અને ભેળ-વણીની આદત ચાલુ હોય છે ત્યાં સુધી માનસિક ખ્યાલને ઊર્ધ્વ દૃષ્ટિમાંથી અલગ તારવી કાઢવાનું, સત્યનાં શુદ્ધ દ્રવ્યમાં પોતાના નિમ્ન મનોમય પદાર્થ-રૂપી અશુદ્ધિ વડે થતી ઘાલમેલને દૂર કરવાનું કામ પણ તે કરે છે, અને અજ્ઞાન અને જ્ઞાનના, જૂઠાણાં અને ભૂલના ગૂંચવાએલા તાંતણાઓને છૂટા પાડવાની મહેનત પણ કરે છે. સ્ફુરણાત્મક જ્ઞાન એ જેમ એક જાતની સ્મૃતિ છે, સ્વયં-ભૂ સત્યની પ્રકાશમય યાદ છે, એ જ પ્રમાણે પ્રેરણા એ એક જાતનું સત્યનું શ્રવણ છે, શ્રુતિ છે; તે જાણે કે સત્યના પોતાના સાદનો સીધો જ સ્વીકાર છે; તે સત્યને સંપૂર્ણપણે સાકાર કરતા શબ્દને સીધો જ હાજર કરે છે, અને સાચા ખ્યાલના પ્રકાશ કરતાં પણ કાંઈક વધારે વસ્તુને વહી લાવે છે; તેમાં તેની આંતરિક વાસ્તવિકતાનાં કાંઈક વહેણ અને તેનાં અસલ દ્રવ્યના કોઈક સુસ્પષ્ટ તરંગ પકડાએલા હોય છે. સત્ય-દૃષ્ટિ એ એક જાતનું સીધું જ દર્શન, પ્રત્યક્ષ-દૃષ્ટિ હોય છે, અને આપણી હાલની આંતરિક દૃષ્ટિની સમક્ષ વસ્તુને પોતાને — આપણા ખ્યાલ જેના પ્રતિનિધિ માત્ર જ હોય છે તે વસ્તુને — સ્પષ્ટ કરી આપે છે. તે સત્યની વાસ્તવિકતાના અસલ આત્માને, તેની ખુદ જાતને ખુલ્લી કરી આપે છે અને તેને ચેતનાનું અને અનુભૂતિનું અંગ બનાવી દે છે.

અતિમાનસિક પ્રકૃતિના વિકાસ માટે વ્યવહારમાં જે ખરેખરી વસ્તુ બને છે તે એક નિયમિત ક્રમસર જ આગળ વધે છે એમ માનીને નજર

નાખીએ તો જણાશે કે એ ચારમાંની બે નિમ્ન શક્તિઓ પહેલાં વિકસે છે,— જોકે એ વખતે બાકીની બે ઊર્ધ્વ શક્તિઓનાં કાર્યનો સમૂળગો અભાવ હોય જ એવું નથી —. અને એ બે નિમ્ન શક્તિઓ જેમ વિકસતી જાય અને છેવટે એક સામાન્ય કાર્ય-શક્તિ બની જાય ત્યારે તેઓ એક જાતનું નિમ્ન સહજ-જ્ઞાનાત્મક વિજ્ઞાન બની રહે છે. તેને સંપૂર્ણ બનાવવા માટે એ બંનેની સંયુક્તતા બિલકુલ જરૂરી છે. જો સહજજ્ઞાનમય ભેદ-પરખ શક્તિ અલગ રહીને જ કાર્ય કરે તો તે, બૌદ્ધિક ખ્યાલો અને સમજની ઉપર કાર્ય કરતી એક સમાલોચક પ્રકાશ-મયતા સરજી શકે છે અને તેમને તેમની પોતાની ઉપર જ એવી રીતે સક્રિય બનાવે છે કે જેથી મન પોતે જ તેમાંના સત્યને અસત્યોમાંથી અલગ પાડી શકે. અને છેવટે તે બૌદ્ધિક નિર્ણય-શક્તિનાં સ્થાને એક પ્રકાશપૂર્ણ સહજ-જ્ઞાનમય નિર્ણય-શક્તિનું, એક જાતના સમાલોચક વિજ્ઞાનનું સર્જન કરે છે. તેમ છતાં, એવો સંભવ છે કે તે નવાં પ્રકાશમય જ્ઞાનથી વંચિત રહે, અથવા તો, અસત્યને અલગ પાડવાથી સહજ રીતે જ જેટલો જ્ઞાન-વધારો થાય તેટલો જ તે મેળવી શકે. તો સામી બાજુએ જો સૂચનાત્મક સહજ-જ્ઞાન આ વિવેક-શક્તિને બાજુ પર રાખીને પોતે એકલું જ કાર્ય કરે તો નવાં સત્યો અને નૂતન પ્રકાશમાં સતત વધારો જરૂર થતો રહે ખરો, પણ એ બધાને માનસિક ધસારાઓ ઘેરી વળવાના અને તેમાં અશુદ્ધિઓ ભેળવી દેવાના, તેમ જ એવી દરમિયાનગીરીને લીધે તે સત્યોના પરસ્પરના સાથ-સંબંધો અને સુમેળ-ભર્યા વિકાસ ડહોળાઈ જવાના અને તૂટી પડવાના; તેનાથી એક સક્રિય સહજ-જ્ઞાનમય સમજ-શક્તિ સામાન્ય બની શકશે ખરી પણ સહજ-જ્ઞાનમય વિજ્ઞાનનું કોઈ સંપૂર્ણ અને સુસંગત મન હયાતીમાં આવી શકશે નહિ. એટલે, આ બે શક્તિઓ સંયુક્ત રીતે કાર્ય કરીને જ, એકબીજાના સ્વતંત્ર કાર્યમાં રહી જતી ખામીઓને દૂર કરી શકે છે અને એક એવું, સહજ-જ્ઞાનમય સમજનું અને વિવેકનું મન ઊભું કરી શકે છે કે જે ઠોકર ખાતી મનોમય બુદ્ધિનું બધું જ કાર્ય, અને તેનાથી પણ વધારે કાર્ય, પોતાના હાથમાં લઈ લેશે અને એક વધારે પ્રત્યક્ષ અને અચૂક ખ્યાલ-શક્તિના, વધારે મહાન પ્રકાશ, ખાતરી અને સામર્થ્ય વડે તેને પાર પાડશે.

એ જ પ્રમાણે વધારે ઊર્ધ્વ બીજી બે શક્તિઓ વડે ઊર્ધ્વ સહજ-જ્ઞાનાત્મક વિજ્ઞાનની રચના થાય છે. જો તેઓ પણ અલગ અલગ શક્તિ તરીકે જ મન ઉપર કાર્ય કરે તો, તેમની સાથીદાર શક્તિના સહારા વિના, પૂરતી રચના નહિ કરી શકે. સત્ય દૃષ્ટિ, વાસ્તવિકતાને, વસ્તુની પોતાની

તદ્રૂપતાઓને રજૂ કરશે ખરી અને સચેતન પુરુષના અનુભવમાં મહાન સામર્થ્યનો કાંઈક ઉમેરો પણ કરશે, પણ તેમાં આકારદાયક શબ્દ-શક્તિનો, પ્રાગટ્ય માટેની વિચાર-શક્તિનો, પોતાના સંબંધો અને પરિણામો માટેના અનુસંધાન-માર્ગનો અભાવ હોવાનો સંભવ રહે છે, અને તે આંતર-જગતમાં એક સિદ્ધિ તરીકે રહેવા છતાં બાહ્ય અંગોને મળતી અને તેમની દ્વારા બહાર જતી વસ્તુ ના બને એમ પણ બને. સત્ય પ્રત્યક્ષ થાય પણ પ્રગટ ના કરી શકાય એમ પણ બને. પ્રેરણા વડે સત્યની શબ્દ-શક્તિ મળે અને તેની સક્રિયતા તથા ગતિ પણ મળે; પણ તે જેને પોતાનામાં ધારણ કરે છે અને પ્રકાશોજ્જ્વલ બનાવે છે તે સર્વેનાં અપૂર્ણ દર્શન વિના અને તેના સંબંધોને સુવ્યવસ્થિત કર્યા વિના પોતે એક પૂર્ણ વસ્તુ બની શકતી નથી અને તેનાં પરિણામો અચૂક હોતાં નથી. પ્રેરણા પામેલું સ્ફુરણાત્મક મન એ, અંધકારમાં પડેલી ઘણી વસ્તુઓને પ્રકાશિત કરી દેતું વિદ્યુત-મય મન છે પણ એ વિદ્યુત ઝબકારાને સ્થાપી પ્રકાશમયતાના એક એવા વહેણરૂપે વાળવાની અને સ્થિર બનાવવાની જરૂર રહે છે કે જે વિશદતા-ભરી વ્યવસ્થા પામેલાં જ્ઞાનની સ્થાયી શક્તિ બની રહે. પોતાની આ બે જ શક્તિઓમાં પર્યાપ્ત રહેતું ઊર્ધ્વ વિજ્ઞાન એ એક એવું, આધ્યાત્મિક ભવ્યતાઓથી ભરેલું મન બની જાય કે જે પોતાના અલગ આવાસમાં જ વધારે પડતું રહેવા લાગે, બાહ્ય દુનિયા પર કદાચ અદૃશ્ય રીતે પોતાનો પ્રભાવ પણ પાથરે; પણ તે, પોતાની વધારે સમધારણ સક્રિયતા સાથેના સામાન્ય વ્યવહાર માટેની કડી નહિ મેળવી શકે; તે કડી તેને નિમ્ન ખ્યાલ-શક્તિની સક્રિયતામાંથી જ મળી શકે છે. સંપૂર્ણ તેમ જ પૂરેપૂરું સાધન-સંપન્ન અને શસ્ત્ર-સજ્જ સ્ફુરણાત્મક વિજ્ઞાન તો માત્ર આ ચારે ય શક્તિઓનાં સંયુક્ત, અથવા તો એકસર અને એકાકાર કાર્ય દ્વારા જ સર્જાય છે.

ચેતનાના નિયમસરના વિકાસને પરિણામે, ચારે ય શક્તિઓ ભલે એક જ સાથે અમુક અંશે આવિર્ભાવ પામે, તોપણ, પહેલાં તો સૂચક અને સમાલોચક નિમ્ન સ્ફુરણાત્મક મનનું જ, ઠીક ઠીક વિસ્તૃત સ્વરૂપમાં સર્જન થવાનું, અને તે પછી જ તેની ઉપર પ્રેરણાત્મક અને પ્રત્યક્ષ-દૃષ્ટિવાળી સ્ફુરણાત્મક મનોમયતા વિકાસ પામવાની. તે પછી તે ઊર્ધ્વ સ્ફુરણાત્મક મનોમયતા નીચેની બે શક્તિઓને પ્રેરણા-શક્તિના પ્રભાવ અને પ્રદેશમાં ઊંચે ઉઠાવશે અને તે ત્રણેયને એક અને એક જ રાગ તરીકે ત્રણેયનું સંયુક્ત કાર્ય, એક જ સાથે, કરવા પ્રેરશે; અને જ્યારે તેમની ગાઢતા હજી પણ ઊર્ધ્વ કક્ષાએ પહોંચશે ત્યારે તો તેમને એક અ-વિભેદ્ય પ્રકાશ તરીકે એકાકાર કાર્ય-

શક્તિ બનાવી દેશે. અને છેવટે તે ફરીથી આ જ ક્રિયાને એકવાર વધારે પાર પાડશે કે જ્યારે તે સ્ફુરણાત્મક વિજ્ઞાનની દર્શન-શક્તિમાં તેમને ઊંચે ઉઠાવીને એકરસ બનાવી દેશે. વાસ્તવમાં, આવા વિકાસની ક્રિયા જ્યારે માનવ-મનમાં ચાલુ થાય ત્યારે તે ખલેલ-ભરી, ગૂંચવાએલી અને અનિયમિત રીતે આગળ વધતી, વારંવાર ઊથલા ખાતી, અધૂરા વિકાસ સાધતી, તેમ જ, મનોમય અર્ધ-જ્ઞાનની હાલની ક્રિયાઓની તથા મનોમય અજ્ઞાનનાં તત્ત્વે ઊભી કરેલી અટકાયતોની સતત દરમિયાનગીરી અને ભેળવણીને લીધે, અસિદ્ધ કે અર્ધ-સિદ્ધ વસ્તુઓને ફરી ફરીને હાથ ધરતી રહે તે શક્ય છે. તેમ છતાં, છેવટે એવો સમય પણ આવી શકે છે કે જ્યારે આ ક્રિયા, મનની મર્યાદાઓમાં શક્ય તેટલી સંપૂર્ણ બને; અને એક એવો હળવો, અતિમાનસિક પ્રકાશ સર્જાય એ પણ શક્ય છે કે જે પેલી ચારે ય શક્તિઓ વડે રચાએલો હોય અને જેમાં સર્વોચ્ચ શક્તિ બીજી સર્વે શક્તિઓને દોરતી હોય કે પોતાના દેહમાં સમાવતી હોય. આમ થતાં, એટલે કે જ્યારે સ્ફુરણાત્મક મન મનોમય પુરુષમાં પૂરેપૂરું રચાઈ ગયું હોય અને મનની વિવિધ પ્રવૃત્તિઓને પૂરેપૂરી પકડમાં ના લઈ શકે તોપણ તેમના પર વર્ચસ્વ ચલાવવા જેટલું તો સમર્થ બન્યું જ હોય ત્યારે, એક પગલું આગળ વધવાનું શક્ય બને છે; એ છે : આપણી સર્વે ક્રિયાઓના કેન્દ્રને અને કક્ષાને મનથી ઉપર ઊંચે લઈ જવાનું અને અતિમાનસિક બુદ્ધિનાં વર્ચસ્વને સ્થાપવાનું.

આવા પરિવર્તનનું પહેલું લક્ષણ એ છે કે તે આપણી સર્વે ક્રિયાઓને એક પૂરેપૂરો પલટો હોય છે, એક ઊલટ-સુલટ હોય છે, એમ કહી શકાય કે તે શીર્ષાસન જેવી ખુદ એક અવળ-ક્રિયા છે. હાલમાં આપણે મનમાં, અને મોટે ભાગે તો ભૌતિક મનમાં, વસીએ છીએ; તેમ છતાં, પશુઓની માફક, શારીરિક, પ્રાણમય કે ઇન્દ્રિઓના જ વ્યાપારોમાં પૂરેપૂરા અટવાએલા નથી. ઊલટાનું, આપણે એક એવી મનોમય ઉચ્ચ-સ્થિતિ સિદ્ધ કરેલી છે કે જ્યાંથી આપણે પ્રાણ, ઇન્દ્રિયો અને શરીરની ક્રિયાઓની તરફ નીચે નજર કરી શકીએ છીએ, તેમની ઉપર મનનો ઉચ્ચ પ્રકાશ પાથરી શકીએ છીએ, ચિંતન અને નિર્ણય કરી શકીએ છીએ અને નિમ્ન પ્રકૃતિનાં કર્મોને બદલવા માટે આપણી સંકલ્પ-શક્તિનો ઉપયોગ કરી શકીએ છીએ. તો વળી બીજી બાજુએ આપણે એ ઉચ્ચતર અવસ્થામાંથી પણ ઊંચે નજર નાખીને, વત્તે-ઓછે અંશે સચેતનતાપૂર્વક, કોઈક વધારે ઉચ્ચ વસ્તુને જોઈ શકીએ છીએ, અને તેમાંથી સીધેસીધી રીતે અથવા આપણી અવચેતન કે પ્રચ્છન્ન જાત દ્વારા, આપણા વિચારો અને સંકલ્પો અને અન્ય પ્રવૃત્તિઓને ગતિ

આપતા ગુપ્ત અતિચેતન આવેગોને મેળવી શકીએ છીએ. આ આપ-લેનો વ્યવહાર પડદા પાછળ અને અંધારામાં થતો હોય છે; અને ખૂબ વિકાસ પામેલી પ્રકૃતિવાળા કેટલાક અપવાદ બાદ કરતાં, માણસો સામાન્ય રીતે તેનાથી અજ્ઞાન હોય છે. પણ આત્મ-જ્ઞાનમાં આગળ વધતાં આપણને જણાય છે કે આપણા બધા જ વિચારો અને સંકલ્પો- મનમાં આકાર ધારણ કરતા હોવા છતાં અને ત્યાં જ તેમની સક્રિયતા સહુથી પહેલી પ્રગટ થવા છતાં તેમનો ઉદ્ભવ ઊર્ધ્વમાંથી થતો હોય છે. આપણને મગજરૂપી કરણ સાથે બાંધી રાખતી અને શારીરિક ચેતના સાથે તદ્રૂપ બનાવી દેતી ભૌતિક મનની ગ્રંથિઓને છોડી નાખી શકીએ અને શુદ્ધ મનોમયતામાં પ્રવેશી શકીએ તો આ વસ્તુ આપણી નજરમાં સદા માટે સ્પષ્ટ થઈ જાય છે.

સ્ફુરણાત્મક મનોમયતાના વિકાસથી આ વ્યવહાર સીધેસીધો બને છે, અવચેતન કે અંધાર-છાયો રહેતો નથી; તેમ છતાં આપણે હજી હોઈએ છીએ તો મનમાં જ અને મન હજી ઊર્ધ્વ પ્રત્યે મીટ માંડતું હોય છે અને અતિમાનસિક સંદેશા મેળવતું હોય છે તથા અન્ય અંગોને પહોંચાડતું હોય છે. એમ કરવામાં, તેને મળતા વિચારો અને સંકલ્પોને હવે તે સ્વ-સર્જ્યા આકારો પૂરેપૂરા આપતું નથી હોતું, તોપણ તે તેમને હજી હળવા બનાવે છે, બદલે છે અને મર્યાદિત કરે છે અને તેમની ઉપર પોતાની પદ્ધતિ થોડીઘણી પણ ઠોકી બેસાડે છે. તે હજી પણ વિચારો અને સંકલ્પોને ગ્રહણ કરનાર અને પસાર કરનાર હોય છે—, જોકે હવે તે બીજી રીતે તેમને ઘાટ આપતું નહિ હોવા છતાં તેમની ઉપર પોતાની સૂક્ષ્મ અસર તો પાથરતું જ હોય છે, કારણકે તે પોતાનો મનોમય પદાર્થ કે મનોમય રહેઠાણ અને રૂપ-રેખા અને વાતાવરણ તેમને પૂરાં પાડે છે, અગર તે બધું તેમની આજુબાજુ ફેલાવે છે તો ખરું જ. પણ જ્યારે અતિમાનસિક બુદ્ધિ વિકસે છે ત્યારે આત્મા, પુરુષ મનોમય સ્તરમાંથી ઊર્ધ્વમાં આરોહણ કરે છે અને મન, પ્રાણ, ઇન્દ્રિયો અને શરીરના સમગ્ર કર્મ-પ્રવાહ પર, તદ્દન જુદા જ પ્રકાશ અને વાતાવરણમાંથી નીચે નજર નાખે છે, અને તેને તદ્દન જુદી જ દૃષ્ટિ વડે, અને, હવે તે મનમાં અટવાએલો નહિ હોવાથી, એક મુક્ત અને સાચા જ્ઞાન વડે જુએ છે અને જાણે છે, હાલમાં માનવ પશુતારૂપ કાંપમાંથી અડધો-પડધો જ મુક્ત બનેલો છે ( કારણકે તેનું મન હજી પ્રાણ, ઇન્દ્રિયો અને શરીરમાંથી અડધું જ બહાર આવેલું છે જ્યારે બાકીનું અડધું તેમાં હજી ખૂંપેલું છે અને તેમના કાબૂ નીચે છે ), અને તે હજી મનોમય ઘાટ અને મર્યાદાઓમાંથી જરા પણ મુક્ત બનેલો નથી. પણ તે અતિમાનસિક ઊર્ધ્વ

પ્રદેશમાં પહોંચી જતાં નિમ્ન-નિયંત્રણમાંથી મુક્તિ પામે છે અને પોતાની સમસ્ત પ્રકૃતિનો નિયંત્રક બને છે—, જોકે શરૂઆતમાં તો તે માત્ર તાત્ત્વિક રીતે અને આરંભ પૂરતો જ નિયંત્રક હોય છે અને તે પણ પોતાની ઊંચામાં ઊંચી ચેતના પૂરતો જ, કારણકે બાકીની ચેતનાનું રૂપાંતર કરવાનું તો હજી બાકી હોય છે; પણ તે જ્યારે અને જેટલે અંશે પાર પાડતું જાય ત્યારે અને તેટલે અંશે તે એક મુક્તાત્મા, તથા, મનનો, પ્રાણનો, ઇન્દ્રિયોનો અને શરીરનો માલિક બનતો જાય છે.

પરિવર્તનનું બીજું લક્ષણ એ કે હવે વિચારો અને સંકલ્પોને આકાર આપવાનું કામ પૂરેપૂરું અતિમાનસિક ભૂમિકા પર જ થાય છે અને તેથી પૂરેપૂરા પ્રકાશમય અને કાર્યસાધક સંકલ્પ અને જ્ઞાનનો આરંભ થાય છે. શરૂઆતમાં તો પ્રકાશ અને શક્તિ સંપૂર્ણ નથી જ હોતાં, કારણકે અતિ-માનસિક બુદ્ધિ એ અતિમનસની માત્ર પ્રારંભિક રચના જ છે તથા હજી મન અને બીજાં અંગોને અતિમાનસિક પ્રકૃતિમાં ઢાળવાનાં બાકી હોય છે. એ સાચું છે કે મન હવે વિચારો અને સંકલ્પોના કે બીજા શેના ય દેખીતા વિધાયક કે નિર્ણાયક તરીકે કામ નથી કરતું, તેમ છતાં તે હજી, તેને ઊર્ધ્વ-માંથી મળતા પ્રકાશ અને શક્તિને પસાર કરનાર એક વાહન તરીકે તો કામ કરે જ છે અને તેથી તે તેટલે અંશે એક ગ્રાહક તરીકે પણ કામ કરે છે અને કેટલેક અંશે એ પ્રસારણના એક બાધક તરીકે અને બદલનાર તરીકે પણ કામ કરે જ છે. પુરુષ હવે જેમાં રહે છે, વિચારે છે અને સંકલ્પો કરે છે તે અતિમાનસિક ચેતના તથા, તેણે પોતાના પ્રકાશ અને જ્ઞાનને જેની દ્વારા અજમાવવાનાં છે તે મનોમય, પ્રાણમય અને શારીરિક ચેતના એ બે ચેતના વચ્ચે એક વિષમતા રહે છે. તે જીવે છે અને જુએ છે તે હોય છે એક આદર્શ ચેતના પણ એ આદર્શ ચેતનાને તેણે હજી તેની નિમ્ન જાતમાં પૂરેપૂરી ક્રિયાત્મક અને કાર્યસાધક બનાવવાની રહે છે. નહિતર, આધ્યાત્મિક પ્રદેશમાં તેમ જ તદ્દન સહેલાઈથી તેની અસર નીચે આવેલા મનોમય પ્રદેશમાં રહીને તથા બીજાં અંગો સાથે આંતરિક વ્યવહાર સ્થાપીને માત્ર વત્તીઓછી આધ્યાત્મિક અસર ઉપજાવીને જ કાર્ય કરી શકશે; પણ, સમગ્ર જાત હજી નિમ્ન કોટિની હોવાને લીધે તથા તેમાં એક એકમની રીતે કાર્ય નહિ થતું હોવાને લીધે તેની એ અસર મોળી અને ધીમી પડી જવાની. આનો ઉકેલ માત્ર ત્યારે જ આવી શકે જ્યારે મનોમય, પ્રાણમય અને શારીરિક ચેતનાને અતિ-મનસ પકડમાં લે અને તેમને અતિમાનસિક બનાવે, એટલે કે, તેમનું અતિ-માનસિક પ્રકૃતિના ઢાળામાં રૂપાંતર કરે. અને, અગાઉ જેની વાત કરી તે યોગિક

રીતે જો નિમ્ન પ્રકૃતિનાં કરણોને તૈયાર કરવામાં આવ્યાં હોય તો આ કાર્ય ઘણી જ સરળતાથી પાર પડી શકે. નહિ તો, આદર્શ અતિમાનસિકતા તેમ જ પ્રસાર માટેનાં મનોમય કરણો, એટલે કે વાહક-રૂપ મન, હૃદય, ઇન્દ્રિયો, નાડીતંત્ર અને શરીર એ બેની વચમાં રહેલી વિસંવાદિતા કે વિષમતામાંથી મુક્ત બનવાનું ખૂબ મુશ્કેલ થવાનું. આવા રૂપાંતરને પાર પાડવાનું પ્રાથમિક અને પૂરતા પ્રમાણવાળું (જોકે પૂરેપૂરું તો નહિ જ) કાર્ય અતિમાનસિક બુદ્ધિ કરી શકે તેમ છે.

અતિમાનસિક બુદ્ધિની પ્રકૃતિ છે : એક એવી સંકલ્પ-શક્તિ અને સમજ-શક્તિ કે જે આધ્યાત્મિક હોય, સીધેસીધી, સ્વયં-પ્રકાશિત અને સ્વયં-સંચાલિત હોય, જે માનસ-બુદ્ધિ નહિ પણ વિજ્ઞાન-બુદ્ધિ હોય. તે કાર્ય તો, પેલી જ, સ્ફુરણાત્મક મનની જ ચાર શક્તિઓ વડે કરે છે, પણ તે શક્તિઓ અહીં પોતાના પદાર્થની એક પ્રારંભિક પૂર્ણતામાં રહી સક્રિય બને છે; તેઓ બુદ્ધિનાં મનોમય દ્રવ્ય વડે મોળી પડેલી નથી હોતી; મનને પ્રકાશ આપવો એ જ તેમનું મુખ્ય કાર્ય નથી હોતું; પણ પોતપોતાની અસલ રીતે અને પોતપોતાના નિજી હેતુને ખાતર તેઓ કામે લાગેલી હોય છે. અને, એ ચારમાંની ભેદ પારખનારી શક્તિ અહીં એક અલગ શક્તિ તરીકે ભાગ્યે જ દેખી શકાય છે; તે અહીં બાકીની ત્રણ શક્તિઓમાં સતત અંતર્ગત રહેતી હોય છે, અને તેમના જ્ઞાનના અવકાશ અને સંબંધો માટેની, તેમની પોતાની જ નિર્ણય-શક્તિ બની ગઈ હોય છે. આ વિજ્ઞાન-બુદ્ધિમાં ત્રણ કક્ષાઓ રહેલી છે : એક તો એ કે જેમાં, આપણે જેને અતિમાનસિક સ્ફુરણા કહી શકીએ તેવી શક્તિ આકાર આપવાનું અને મુખ્ય લક્ષણ નક્કી કરવાનું કાર્ય કરે છે; તો બીજી એ કે જેમાં એ જ કાર્યો એક ત્વરિત, અતિમાનસિક પ્રેરણા કરે છે અને ત્રીજીમાં એક વિશાળ, અતિમાનસિક દર્શન-શક્તિ દોરવણી આપે છે અને સામાન્ય લક્ષણો નક્કી કરે છે. અને આમાંની દરેક ભૂમિકા આપણને સત્ય-સંકલ્પ અને સત્ય-જ્ઞાનનાં વધારે ને વધારે નક્કર દ્રવ્ય પ્રત્યે અને ઊર્ધ્વતર પ્રકાશ, પર્યાપ્તતા અને વ્યાપકતા પ્રત્યે આરોહણ કરાવે છે.

વિજ્ઞાન-બુદ્ધિનું કાર્ય માનસ-બુદ્ધિના સમગ્ર કાર્ય-ક્ષેત્રને આવરી લે છે અને તેનાથી પણ આગળ વધી જાય છે. પણ એ કાર્યની શરૂઆત તે સામેના છેડાથી કરે છે અને તેને જ અનુરૂપ કાર્ય-પદ્ધતિ હાથ ધરે છે. આત્માનાં અને આત્મ-તત્ત્વનાં તાત્ત્વિક સત્યો તેમ જ પદાર્થોની પાછળના સિદ્ધાંતો એ આધ્યાત્મિક બુદ્ધિને માટે એવા હવાઈ, અમૂર્ત ખ્યાલો કે સૂક્ષ્મ, સત્ત્વહીન અનુભૂતિઓ નથી હોતી કે જેને તે એક જાતના સીમા-ઉલ્લંઘન

દ્વારા પ્રાપ્ત કરતી હોય, પણ તેને માટે તો તેઓ એક સતત-હાજર વાસ્તવિકતા હોય છે અને, પોતાની સર્વ વિચારણાઓ અને અનુભૂતિઓ માટેની સ્વાભાવિક પશ્ચાદ્-ભૂમિ હોય છે. તે મનની માફક શોધ-અને-પ્રાપ્તિની રીત અખત્યાર નથી કરતી પણ સત્તા અને ચેતનાનાં, આધ્યાત્મિક અને અન્ય સંવેદનોનાં, અને આનંદનાં, તેમ જ શક્તિ અને સક્રિયતાનાં સામાન્ય અને સમગ્ર તેમ જ વિશિષ્ટ, એ બંને જાતનાં સત્યને સીધેસીધાં જ ખુલ્લાં કરી આપે છે, તથા, વાસ્તવિકતા, દશ્ય-સ્વરૂપ અને સંજ્ઞાને, યથાર્થતા, સંભવિતતા અને ભાવિને, નિર્ણિતને તેમ જ નિર્ણાયકને,-તે સર્વને પણ સીધેસીધાં જ ખુલ્લાં કરી આપે છે,-અને તે પણ સ્વયં-પ્રકાશિત સ્પષ્ટતા સાથે તે વિચારોની સાથેના, શક્તિના શક્તિની સાથેના, કર્મોનાં કર્મોની સાથેના, તેમ જ એ દરેકના પરસ્પર સાથેના સંબંધોને ઘડે છે અને ગોઠવે છે અને તેમને ખાતરીદાયક તેમ જ પ્રકાશોજ્જ્વલ સુમેળમાં ગોઠવી આપે છે. તે ઇન્દ્રિયોએ આપેલી સામગ્રીનો સ્વીકાર કરે છે ખરી, પણ તેમની પાછળના સત્યના પ્રકાશમાં તેમને નવો જ અર્થ આપે છે, અને તેમની બાહ્યતમ સૂચનો તરીકે જ ગણના કરે છે,—તેમના અંતરતમ સત્યને તો પોતાની પૂર્વ-સિદ્ધ સાચી સમજ વડે તેણે જાણેલું જ હોય છે. અને એમની ખુદ ભૌતિક ભૂમિકામાં પણ તે કાંઈ માત્ર તેમના પર જ આધાર નથી રાખતી કે તેમના જ ક્ષેત્રમાં મર્યાદિત નથી રહેતી. તેને તેની પોતાની આગવી આધ્યાત્મિક ઇન્દ્રિય અને ઇન્દ્રિય-બોધ હોય છે, અને આપણી છઠ્ઠી ઇન્દ્રિયે, મનોમય આંતરિક ઇન્દ્રિયે આપેલી સામગ્રીને પણ તે આ પોતાની આગવી ઇન્દ્રિય સમક્ષ રજૂ કરે છે અને તેની સાથે મેળમાં મૂકે છે. વળી તે ચૈત્યસિક અનુભૂતિઓને સુપરિચિત એવા ઝબકારાઓને, જીવંત પ્રતીકો અને પ્રતિબિંબોને સ્વીકારે છે અને તેમને પણ આત્મા અને આત્મ-તત્ત્વનાં સત્યો સાથે મેળમાં મૂકે છે.

વિજ્ઞાન-બુદ્ધિ ઊર્મિઓ અને ચૈત્યસિક સંવેદનોને પણ સ્વીકારે છે અને તેમને તેમનાં આધ્યાત્મિક સમી-કરણો સાથે સુ-મેળમાં મૂકી આપે છે, તથા તેઓ જે ઊર્ધ્વ ચેતના અને પરમાનંદમાંથી ઊતરી આવેલાં છે તથા જેનાં તેઓ નિમ્ન પ્રકૃતિમાંનાં હળવાં સ્વરૂપો છે તેમનું અસલી મૂલ્ય તેમને પાછું આપે છે, તથા તેમની વિકૃતિઓને સુધારી નાખે છે. એ જ પ્રમાણે એ પ્રાણમય જાત અને ચેતનાને પણ હાથમાં લે છે અને તેમને આત્માનાં આધ્યાત્મિક જીવન અને તેની તપઃશક્તિની ગતિ સાથે મેળમાં મૂકે છે અને તેમના ગૂઢાર્થ તેમને પાછા આપે છે. વળી તે શારીરિક ચેતનાને પણ હાથમાં

લઈ તેને જડતા-ભર્યા અંધકાર અને તમસમાંથી મુક્ત કરે છે તથા તેને અતિમાનસિક પ્રકાશ અને શક્તિ અને આનંદને પ્રત્યુત્તર આપતું પાત્ર તથા સંવેદન-શીલ સાધન બનાવે છે. જીવન, કર્મો અને જ્ઞાનની સાથે, માનસિક સંકલ્પ-શક્તિ અને સમજ-શક્તિની માફક, તે પણ વ્યવહાર તો રાખે જ છે પણ જડ તત્ત્વ, પ્રાણ અને ઇન્દ્રિઓથી તેમ જ તેમણે આપલી સામગ્રીમાંથી શરૂઆત કરીને કે ઊર્ધ્વ બાબતોને ખ્યાલ દ્વારા તેમની સાથે મેળમાં મૂકીને એ વ્યવહાર તે નથી રાખતી, પણ, ઊલટાનું, તે આત્માનાં અને આત્મતત્ત્વનાં સત્યમાંથી શરૂ કરે છે અને તેની સાથે મનની અને જીવની અને જીવનની અને ઇન્દ્રિયોની અને જડ તત્ત્વની બધી બાબતોને એક એવી સીધેસીધી આધ્યાત્મિક અનુભૂતિ દ્વારા સંબંધમાં મૂકે છે કે જે અનુભૂતિ અન્ય સર્વ અનુભૂતિઓને તેનાં જ સ્વરૂપો અને સાધનો તરીકે સમાવે છે. ભૌતિક ઇન્દ્રિયોરૂપી કેદખાનામાં પુરાએલા સામાન્ય, દેહનિવાસી મનના કરતાં અનેક-ગણા વિશાળ વિસ્તારો પર તેનું વર્ચસ્વ હોય છે; અને જે મનોમયતા પોતાના શુદ્ધ સ્વરૂપમાં હોય છે, જે પોતાના વિસ્તારોમાં સાવ સ્વતંત્ર પણ હોય છે અને ભૌતિક મનની અને આંતરિક ઇન્દ્રિયોની દ્વારા તેમનામાં સક્રિય પણ થઈ શકતી હોય છે તેના કરતાં પણ અનેકગણા વિસ્તારો પર તે વર્ચસ્વ ચલાવે છે. અને તેની પાસે તો, સમગ્ર જાતનું અને તેના અંગેઅંગનું, આત્માના એક સંવાદ-પૂર્ણ કરણમાં અને આવિર્ભાવમાં રૂપાંતર કરી નાખવાની જે શક્તિ છે તે તો માનસિક સંકલ્પ-શક્તિ અને સમજ-શક્તિની પાસે છે જ નહિ, કારણકે તેઓ ન તો ખરેખર સ્વ-નિર્મિત છે કે ન તો વસ્તુઓનાં અસલ નિર્માતાઓ છે.

વિજ્ઞાન-બુદ્ધિને પોતાના કાયમી ભંડાર તરીકે, આધાર તરીકે અને પ્રમાણ તરીકે એક વધારે મહાન અને વધારે તાત્ત્વિક સત્ય હાથવગું હોવા છતાં તે, આત્મામાં રહેલી, પોતાના પ્રતિનિધિરૂપ વિચાર-શક્તિ અને તપઃશક્તિ દ્વારા જ મુખ્યત્વે કાર્ય કરે છે. તેથી, તે ઇશ્વરની પ્રકાશ-શક્તિ હોય છે ખરી પણ પુરુષમાં રહેલી, તેની પ્રત્યક્ષ હાજરીની આત્મ-શક્તિ પોતે જ નથી હોતી; આધ્યાત્મિક બુદ્ધિમાં કાર્ય કરે છે તે તેની 'સૂર્ય શક્તિ' હોય છે, તેની સમગ્ર આત્મ-શક્તિ કે પરાસ્વા પ્રકૃતિ નથી હોતી. પ્રત્યક્ષ આત્મ-શક્તિ તેનું સીધેસીધું કાર્ય તો હજી તેનાથી ય ઉપરના અતિ-મનસમાં જ શરૂ કરે છે, અને આજ સુધીમાં જે કાંઈ શરીર, પ્રાણ અને મનમાં તથા સ્ફુરણાત્મક પુરુષમાં, અને આધ્યાત્મિક બુદ્ધિ વડે સાક્ષાત કરવામાં આવ્યું હોય છે તેને હાથમાં લે છે; અને મનોમય પુરુષે જે કાંઈ

સર્જ્યું છે, જે કાંઈ એકત્ર કર્યું છે, જે કાંઈને અનુભૂતિની સામગ્રીરૂપ બનાવી દીધું છે, અને ચેતનાના, વ્યક્તિત્વના, અને પ્રકૃતિના અંગરૂપ બનાવ્યું છે તે સર્વેને તે આત્મ-તત્ત્વનાં ઊર્ધ્વ, અનંત તેમ જ વિશ્વરૂપ જીવન સાથેની સર્વોચ્ચ સંવાદિતાનો આકાર આપે છે. મન આ અનંતતાનો અને વિશ્વ-મયતાનો સ્પર્શ પામી શકે છે, તેનું પ્રતિબિંબ પાડી શકે છે અને તેમાં ખુદ લય પણ પામી શકે છે, પણ વ્યક્તિને વિશ્વવ્યાપી અને પરાત્પર આત્મ-તત્ત્વની સાથે કર્મોમાં સંપૂર્ણ અદ્વૈત સિદ્ધ કરાવવાનું કામ તો એકમાત્ર અતિમનસ જ કરી શકે તેમ છે.

અહીંયાં જે વસ્તુ સદાય અને સતત પ્રત્યક્ષ હોય છે, જેમાં આપણે વિકસી ચૂકયા હોઈએ છીએ અને જેમાં આપણે સતત રહેતા હોઈએ છીએ તે હોય છે અનંત સત્તા; અને એ બધું જ, એકમાત્ર એક જ સત્તાના દ્રવ્ય તરીકે દેખાય છે, અનુભવાય છે, ઓળખાય છે, અને તેમાં જ નિવાસ થાય છે; તે હોય છે અનંત ચેતના, અને જે કાંઈ સચેતન છે, સક્રિય છે, ગતિ કરે છે તે એ એ જ એકમાત્ર સત્તાની આત્મ-અનુભૂતિ અને શક્તિ તરીકે દેખાય છે, અનુભવાય છે, ગ્રહણ થાય છે, જ્ઞાન થાય છે, જિવાય છે; તે હોય છે અનંત આનંદ, અને જે કાંઈ અનુભવે છે અને અનુભવાય છે તે એકમાત્ર પરમ આનંદનાં જ વિવિધ સ્વરૂપો તરીકે દેખાય છે, અનુભવાય છે અને જ્ઞાત થાય છે. તે સિવાયનું બીજું બધું હોય છે આ આપણા અસ્તિત્વના એકમાત્ર સત્યનો માત્ર આવિર્ભાવ અને પરિસ્થિતિ. આ બધું હવે માત્ર કોઈ દર્શન કે જ્ઞાન નહિ પણ સર્વ કોઈમાં રહેલ આત્માની અને આત્મામાં રહેતાં સર્વ કાંઈની, અને સર્વ કોઈમાં રહેલા ભગવાનની અને ભગવાનમાં રહેલા સર્વ કાંઈની, અને ભગવાનરૂપે દેખાતાં સર્વ કાંઈની ચોખ્ખી અવસ્થા પોતે જ હોય છે; અને એ અવસ્થા હવે પ્રતિબિંબ ઝીલતી કોઈક, આધ્યાત્મિક બનેલી બુદ્ધિ સમક્ષ રજૂ થતી વસ્તુ નહિ પણ અતિમાનસિક પ્રકૃતિમાં થતા એક સર્વાંગી, સદા-પ્રત્યક્ષ, સદા-સક્રિય સાક્ષાત્કારમાં ધારણ થએલી અને જિવાતી વસ્તુ હોય છે. અહીંયાં પણ વિચારો અને સંકલ્પો અને સંવેદનો તેમ જ આપણી પ્રકૃતિની બીજી સર્વે બાબતો પણ હયાત હોય છે ખરી પણ તે દરેક રૂપાંતર પામી ગએલી હોય છે અને એક ઊર્ધ્વ ચેતનામાં આરોહણ કરી ગએલી હોય છે. અહીંયાં વિચારમાત્ર સત્તાના એક પ્રકાશપૂર્ણ દ્રવ્ય-દેહ તરીકે, એક પ્રકાશ-પૂર્ણ શક્તિ-પ્રવાહ તરીકે, એક પ્રકાશ-પૂર્ણ આનંદ-તરંગ તરીકે દેખાય છે અને અનુભવાય છે; હવે તે બુદ્ધિનો કોઈ હવાઈ અને ખાલી ખ્યાલ નથી હોતો

પણ અનંત સત્તાની વાસ્તવિકતામાં, તેમ જ તેની વાસ્તવિકતાના પ્રકાશ તરીકે થતી અનુભૂતિ હોય છે. એ જ પ્રમાણે સંકલ્પો અને આવેગો ઈશ્વરનાં સત્, ચિત્ અને આનંદની સાચી વાસ્તવિક શક્તિ અને દ્રવ્ય તરીકે અનુભવાય છે. આધ્યાત્મિક બની ચૂકેલાં બધાં જ સંવેદનો અને ભાવો ચેતનાનાં અને આનંદના શુદ્ધ સ્વરૂપો-રૂપે અનુભવાય છે. ખુદ ભૌતિક દેહ પણ પરમ આત્માના સચેતન આકાર તરીકે, તથા પ્રાણ એ આત્માની જ શક્તિના છલબલતા પ્રવાહ તરીકે તથા ઊભરાતા ભંડાર તરીકે અનુભવાય છે.

વિકસી રહેલા અતિમનસનું કાર્ય એ છે કે આ સર્વોચ્ચ ચેતનાને એવી રીતે પ્રગટ કરવી અને વ્યવસ્થિત કરવી કે જેથી તે પોતાના નિવાસ અને સક્રિયતાને પાત્ર અનંતતાની ઊર્ધ્વતામાં જ સાચવવા સાથે પોતાના આવિર્ભાવને વ્યક્તિભૂત પુરુષ અને પ્રકૃતિમાં પરિમિત કે આચ્છાદિત કે નિમ્ન કોટિનો કે વિકૃત ના રાખે; પણ વ્યક્તિને એક સચેતન અને આત્મ-વિદ્ આધ્યાત્મિક પુરુષ, તેમ જ અનંત અને વિશ્વવ્યાપી પરમાત્માની એક જીવંત અને સક્રિય શક્તિ બનાવીને વ્યાપક રીતે અને સમગ્રતા વિલસે અને સક્રિય બને. આગળ જતાં જ્યારે આહ્નિક ચેતના અને દર્શનના વિશે વાત કરવાનો પ્રસંગ આવશે ત્યારે અતિમનસના આ કાર્યનાં સ્વરૂપ વિશે વધારે વાત કરવી (અલબત્ત, શક્ય હશે તેટલી જ) એ વધારે યોગ્ય થશે. આ પછીનાં પ્રકરણોમાં એ કાર્ય વિશે આપણે માત્ર એટલી જ વાત કરીશું કે જેને વ્યક્તિગત પ્રકૃતિના વિચારો અને સંકલ્પો તેમ જ ચૈત્યસિક અને અન્ય અનુભૂતિઓ સાથે સંબંધ છે. અત્યારે તો એટલું જ ધ્યાનમાં રાખવું જરૂરી છે કે વિચાર અને સંકલ્પોની ઉપર અહીંયાં પણ ત્રિ-વિધ કાર્ય કરવામાં આવે છે. આધ્યાત્મિક બુદ્ધિને સત્યના એક એવા વધારે મોટા પ્રતિનિધિરૂપ કાર્યમાં ઉચ્ચ અને વિશાળ બનાવવામાં આવે છે કે જે આપણી અંદર તેમજ આજુબાજુ વસતા આત્માનાં અસ્તિત્વની મુખ્યત્વે વાસ્તવિક અવસ્થાઓને જ આપણી સમક્ષ નિશ્ચિત સ્વરૂપમાં રજૂ કરે છે. તે પછી અતિમાનસિક જ્ઞાનનું એક એવું ઉચ્ચતર અર્થ-દ્યોતક કાર્ય આવે છે કે જે કક્ષાએ તે વાસ્તવિક અવસ્થાઓની ઉપર ઓછો ભાર મૂકે છે, જે સ્થળ અને કાળમાં તેમ જ તેમના[illegible] પણ પર હજી ય વધારે મહાન શક્યતાઓને ખુલ્લી કરી આપે છે. [illegible]ને તે પછી છેવટે એવું ઊંચામાં ઊંચું અદ્વૈતમય જ્ઞાન આવે છે કે જે ઈશ્વરની અસલ આત્મ-સચેતના અને સર્વજ્ઞતા અને સર્વ-શક્તિમત્તાનું પ્રવેશદ્વાર છે.

આ છે તો એકબીજાથી ઉપર ચડચે જતાં સોપાનો; તોપણ એમ તો

નથી જ માનવાનું કે તેમની અનુભૂતિઓ એકબીજાથી તદ્દન અલગ જ છે. તેઓ ઊર્ધ્વ-વિકાસનાં, ઊંચે ચડચે જતાં નિયમિત સોપાન લાગે એ રીતે મેં એટલા માટે મૂકયાં છે કે જેથી બૌદ્ધિક વિધાનો તરીકે વધારે સારી રીતે સમજી શકાય. પણ અનંતતા તો ખુદ પોતાના જ પડદાઓની આરપાર અને આરોહણ-અવરોહણની એની પોતાની જ હદરેખાઓને ભેદી જઈને ખુદ સામાન્ય મનની અંદર પણ ટપકી પડે છે અને એક યા બીજી રીતે પોતાના અણસારાઓ ઘણીય વાર આપી જાય છે અને હજી તો આપણે સ્ફુરણાત્મક મનમાં જ પહોંચ્યા હોઈએ ત્યાં તો ઉપરની વસ્તુઓ ખુલ્લી થઈ પણ જાય છે અને અનિયમિત મુલાકાતો પણ આપી જાય છે, અને આપણે વિકસતા જઈએ તેમ તેમ તેની ઉપર વધારે ઉપરાઉપરી અને વધારે નિયમિત કાર્ય નિશ્ચિત કરતી જાય છે, અને આપણે જ્યારે અતિમનસના પ્રદેશમાં પ્રવેશ કરીએ ત્યારે તો આવા અણસારાઓ હજી ય વધારે મોટા પાયા પર અને વધારે ઉપરાઉપરી આવવા માંડે છે. વિશ્વવ્યાપી અને અનંત ચેતના મનને ગમે ત્યારે પકડી અને ઘેરી શકે તેમ હોય છે; અને તે જ્યારે અમુક હદે ચાલુ, ઉપરાઉપરી કે ચીવટ-પૂર્વક એમ કર્યા કરે ત્યારે મન વધારેમાં વધારે સહેલાઈથી સ્ફુરણાત્મક મનોમયતામાં રૂપાંતર સાધી શકે છે, અને એ સ્ફુરણાત્મક મનોમયતા એનાથી ય આગળ અતિમાનસિકતામાં રૂપાંતર પામી શકે છે. આપણે જેમ જેમ ઊંચે ચડીએ માત્ર તેમ તેમ જ આપણે વધારે ઘનિષ્ઠ અને સર્વાંગી રીતે અનંત ચેતનામાં વિકસી શકીએ અને તેમ તેમ જ તે વધારે સંપૂર્ણ રીતે આપણી જાત અને આપણી પ્રકૃતિ બની રહે છે. બીજી તરફ એમ પણ લાગી જવા સંભવ છે કે અસ્તિત્વની નિમ્ન બાજુ હવે આપણને આપણાથી માત્ર નીચે જ નહિ પણ તદ્દન પરાયી લાગવાની: પણ આપણે જ્યારે અતિમાનસિક સત્તામાં જ રહેવા લાગી જઈએ અને જ્યારે આપણી સમગ્ર પ્રકૃતિ તેનાં જ રૂપરંગમાં પલટાઈ ગઈ હોય ખુદ ત્યારે પણ સામાન્ય પ્રકૃતિમાં રહેનારા લોકો વિશેનાં જ્ઞાન અને તેમને માટેની લાગણીઓ આપણામાંથી ખરી જ પડવાની એવું નથી. જે લોકો વધારે નીચે અને વધારે મર્યાદિત હોય તે લોકોને ઊર્ધ્વ કક્ષાના લોકોને સમજવાનું અને તેમની લાગણીઓ અનુભવવાનું મુશ્કેલ લાગે ખરું, પણ વધારે ઉચ્ચ અને ઓછા મર્યાદિત હોય તેઓ તો, ધારે ત્યારે નિમ્ન પ્રકૃતિને સમજી પણ શકે છે અને તેમની સાથે તદ્રૂપ પણ થઈ શકે છે. પરમેશ્વર પણ કાંઈ આપણાથી અલગ થઈ ગએલો નથી; તે સર્વ કોઈને જાણે છે, તેમનામાં વસે છે અને તેમની સાથે તદ્રૂપ પણ છે; અને તેમ છતાં તે વિશ્વમાંના

મન, પ્રાણ કે શરીરના પ્રતિકારોને ન તો આધીન છે કે ન તો તેમની મર્યાદાઓ તેનાં જ્ઞાન, શક્તિ અને આનંદને મર્યાદિત બનાવી શકે છે.

## પ્રકરણ : ૨૨

# અતિમાનસિક વિચાર અને જ્ઞાન

મનમાંથી અતિમનસમાં પરિવર્તન એટલે વિચારો અને જ્ઞાન માટેનાં હાલનાં કરણોની જગ્યાએ વધારે મહાન કરણોની સ્થાપના માત્ર જ નહિ પણ સમગ્ર ચેતનાનો પલટો અને પરિવર્તન. ત્યારે માત્ર અતિમાનસિક વિચાર–શક્તિ જ વિકાસ નથી પામી આવતી પણ અતિમાનસિક સંકલ્પ–શક્તિ અને ઇન્દ્રિયોના અનુભવ અને લાગણીઓ પણ વિકસી આવે છે, અત્યારે જે જે પ્રવૃત્તિઓ મને સિદ્ધ કરેલી છે તે સર્વેનું સ્થાન, અતિમાનસિક પ્રવૃત્તિઓ લે છે. આ સર્વે ઊર્ધ્વ પ્રવૃત્તિઓ શરૂઆતમાં તો મન-માં પોતાનામાં જ ઉચ્ચતર શક્તિનાં અવતરણો તરીકે, સ્ફુરણાઓ તરીકે, સંદેશાઓ કે દર્શનો તરીકે પ્રગટી આવે છે. મોટે ભાગે તો તેઓ મનની ખૂબ સામાન્ય ક્રિયાઓમાં ભેળવાઈ જાય છે અને શરૂઆતની અનુભૂતિઓ પ્રસંગે તો તેમને મનની એ સામાન્ય ક્રિયાઓમાંથી સહેલાઈથી જુદી પાડી શકાતી નથી. (સિવાય કે તેમાં રહેલો ઉચ્ચતર પ્રકાશ, શક્તિ અને આનંદ); અને એ ઊર્ધ્વ પ્રવૃત્તિઓને જુદી પાડવાનું વધારે અઘરું તો ત્યારે થાય છે કે જ્યારે એ ઊર્ધ્વ પ્રવૃત્તિઓની ઉપરાઉપરી મુલાકાતને પરિણામે ઊંચે ચડેલું કે ઊછળી પડેલું મન પોતાની નિજી ક્રિયાઓને વધારે ઝડપી બનાવી દે છે અને અતિમાનસિક પ્રવૃત્તિઓનાં બાહ્ય લક્ષણોનું અનુકરણ કરવા માંડે છે; ત્યારે તેની પોતાની આગવી ક્રિયાઓ વધારે ત્વરિત, ઉજ્જવળ, પ્રબળ અને નિશ્ચિત બની જાય છે અને તે એક જાતના એવા નકલી અને ઘણી વાર તો જૂઠા સહજજ્ઞાનને પકડી પાડે છે કે જે પ્રકાશમય, પ્રત્યક્ષ અને સ્વયંભૂ સત્ય બની બેસવાનો યત્ન કરે છે ખરું પણ ખરેખર એવું હોતું નથી. તે પછીનું બીજું પગલું છે : સહજજ્ઞાનાત્મક અનુભૂતિ, વિચાર, સંકલ્પ, લાગણી અને ઇંદ્રિયાનુભવના એક એવા પ્રકાશમય મનની રચના કે જેમાંથી નિમ્ન મન અને નકલી સહજજ્ઞાનની ભેળવણીને ક્રમે ક્રમે દૂર કરવામાં આવે છે; આ છે નવરચના અને સિદ્ધિ માટેની જરૂરી શુદ્ધિ. તેની સાથે સાથે, સહજજ્ઞાનાત્મક કર્મોનું ઉદ્‌ભવસ્થાન મનથી ઊર્ધ્વમાં ખૂલવા માંડે છે;

તેમ જ મનની અંદર નહિ પણ પોતાના નિજી ઊર્ધ્વ પ્રદેશમાં કાર્ય કરી રહેલ અસલ અતિમાનસિક ચેતનાની સક્રિયતા વધારે ને વધારે વ્યવસ્થિત સ્વરૂપ ધારણ કરવા માંડે છે. આ ચેતના છેવટે, પોતાના પ્રતિનિધિ તરીકે પોતે સર્જેલી સહજજ્ઞાનાત્મક મનોમયતાને પોતાનામાં ખેંચી લે છે અને ચેતનાની સમગ્ર પ્રવૃત્તિના દોર પોતાના હાથમાં લઈ લે છે. આ પ્રક્રિયા ક્રમે ક્રમે આગળ વધતી રહે છે અને નિમ્ન ક્રિયાઓની ભેળવણીને લીધે તથા તેમને સુધારવા માટે અને તેમનું રૂપાંતર કરવા માટે તેમને ફરી ફરીને હાથ ધરવાની જરૂરિયાતને લીધે ઘણા લાંબા સમય સુધી રુકાવટભરી બની રહે છે. કેટલીક વાર ઊર્ધ્વ અને નિમ્ન શક્તિઓ વારાફરતી કાર્ય કરે છે, — ઊંચે ચડેલી ચેતના પોતાની અસલ નિમ્ન અવસ્થાએ પાછી આવી પડે તેમ છતાં તેમાં કાંઈક પરિવર્તન તો થએલું હોય છે જ, — પણ કેટલીક વાર બંને એકસાથે અને તે પણ એક જાતનો પરસ્પરનો સહકાર સાચવીને પણ કાર્ય કરે છે. અંતમાં મન પૂરેપૂરું સહજજ્ઞાનાત્મક બની જાય છે અને અતિમાનસિક કાર્યને વહી લાવતી એક નિષ્ક્રિય નહેર માત્ર બની રહે છે. તેમ છતાં આ પણ કોઈ એક આદર્શ અવસ્થા નથી; વળી, વધારામાં, તે અમુક અટકાયત પણ ઊભી કરે છે, કારણકે હજી પણ, બાધા ઊભી કરનાર અને હળવાશ આણનાર એક ચેતન-પદાર્થમાંથી, એટલે કે ભૌતિક ચેતનામાંથી, ઊર્ધ્વ કાર્ય-પ્રવાહને પસાર થવું પડે છે. પરિવર્તનની આખરી અવસ્થા તો માત્ર ત્યારે જ આવવાની કે જ્યારે અતિમનસ સમગ્ર જાતનો કબજો લે અને તેને અતિમાનસિક બનાવી દે તથા ખુદ પ્રાણમય અને અન્નમય કોષોને પણ પોતાના એવા ઢાળા-રૂપ બનાવી દે કે જે પ્રત્યુત્તર આપે તેવા હોય, સૂક્ષ્મ હોય અને અતિમાનસિક શક્તિથી સભર હોય, ત્યારે જ માનવ સંપૂર્ણ-પણે અતિમાનવ બને છે. બીજું કાંઈ નહિ તો, તેને માટેની સ્વાભાવિક અને સર્વાંગી પ્રક્રિયા તો આ જ છે.

અતિમનસના સમસ્ત ગુણ-ધર્મની પૂરતી રજૂઆત કરવા માટે પ્રયત્ન કરવો એ હાલની મર્યાદાઓનું પૂરેપૂરું ઉલ્લંઘન કરવા જેવું છે; અને સંપૂર્ણ રજૂઆત કરવાનું તો શક્ય જ નથી કારણકે અતિમનસમાં અનંત સાથેનું અદ્વૈત તો સમાએલું છે જ, પણ સાથે સાથે એ અનંતની વિશાળતા અને અનેકવિધતાને પણ તે સમાવે છે. હાલ પૂરતું તો એટલું જ જરૂરી છે કે યોગ દ્વારા થતા રૂપાંતરની વાસ્તવિક પ્રક્રિયાના દૃષ્ટિબિંદુને ખ્યાલમાં રાખી તેનાં મુખ્ય મુખ્ય લક્ષણોને તથા માનસિક ક્રિયાઓ સાથેના તેના સંબંધને અને એ રૂપાંતરની કેટલીક પ્રક્રિયાઓની પાછળના સિદ્ધાંતને રજૂ કરવાં.

મન અને અતિમનસ વચ્ચેનો મૂળભૂત સંબંધ એ છે કે મનની સર્વે ક્રિયાઓ ગુપ્ત અતિમનસમાંથી જ ઊતરી આવેલી છે (જોકે આપણે જ્યાં સુધી આપણા ઉચ્ચતર આત્માને જાણવા ન પામીએ ત્યાં સુધી આ બાબત જાણી શકાતી નથી) તથા મનની પાસે જે કાંઈ સત્ય અને કિંમતી વસ્તુ છે તે એ એ જ ઉદ્ભવ-સ્થાનમાંથી મેળવે છે. આપણા સર્વે વિચારો, સંકલ્પો, લાગણીઓ અને ઇન્દ્રિય-બોધો એક વાસ્તવિકતા તરીકે ભલે ગમે તેટલાં વિકૃત કે જૂઠાં હોય તોપણ તેમના પોતાનામાં અથવા તેમનાં મૂળમાં સત્યનો એક એવો અંશ આવી રહેલો હોય છે કે જે તેમને બહાર લાવે છે અને ટકાવી રાખે છે, તથા તેમની પાછળ એક એવું વણ-પકડ્યું ઊર્ધ્વતર સત્ય રહેલું હોય છે કે જેને જો તેઓ હાથ કરી શકે તો તે તેમને અદ્વૈત-મય, સંવાદ-પૂર્ણ અને, વધારે નહિ તો, સાપેક્ષ રીતે તો સંપૂર્ણ બનાવશે જ; તેમ છતાં, હકીકતમાં તો તેમનામાં રહેલો આ સત્યાંશ મર્યાદિત અવકાશવાળો, નિમ્ન ગતિમાં અધઃપાત પામેલો, ભાંગીને તૂટક તૂટક અને ખોટો બની ગયેલો, અપૂર્ણતાનો ભોગ બનેલો અને વિકૃતિથી બગડી ગયેલો હોય છે. મનોમય જ્ઞાન એ પૂર્ણજ્ઞાન ના હોતાં હમેશાં આંશિક જ્ઞાન જ હોય છે. તે એક પછી એક નવી નવી વિગતો ભેગી તો કર્યે જાય છે પણ તેમને સાચા સંબંધથી જોડવામાં મુશ્કેલી અનુભવે છે; તે જે સમગ્રતાઓ ઊભી કરે છે તે પણ યથાર્થ નહિ પણ અપૂર્ણ હોય છે અને તેમને તે યથાર્થ અને પૂર્ણ જ્ઞાનની જગ્યાએ સ્થાપી બેસાડવા મથે છે. અને જો તે કોઈક જાતનુ પૂર્ણ જ્ઞાન ઊભું કરે તોપણ તે એક જાતનું એકીકરણ, માનસિક કે બૌદ્ધિક સંયોગીકરણ હોય છે, કૃત્રિમ જોડાણ હોય છે, તાત્ત્વિક અને સાચી એકતા નથી હોતી. વાત આટલેથી જ અટકતી હોત તો મન કદાચ અર્ધ-પ્રતિબિંબ અને અર્ધ-પ્રતિરૂપ પ્રાપ્ત કરી શકત; પણ એમ છતાં ય મૂળ મુશ્કેલી તો ચાલુ જ રહેત કારણકે તેને જે મળત તે વાસ્તવિક વસ્તુ પોતે નહિ પણ, બહુ બહુ તો, તેની બૌદ્ધિક રજૂઆત માત્ર જ હોત. મનોમય સત્ય હમેશાં એક બૌદ્ધિક, ભાવ-પ્રધાન ઇન્દ્રિય-પ્રધાન રજૂઆત જ રહેવાનું, પ્રત્યક્ષ સત્ય નહિ, અસલ તત્ત્વ અને પદાર્થવાળું સત્ય પોતે જ નહિ.

મન જે કાંઈ કરે છે તે બધું જ અતિમનસ કરી શકે છે; વિગતોની, અને જેમને સત્યનાં પાસાંઓ અથવા ગૌણ સમગ્રતાઓ કહી શકાય તેમની રજૂઆત અને સંયોગીકરણ પણ કરી શકે છે; પણ તે એ બધું જુદી જ રીતે અને બીજા જ પાયા પર કરે છે. તે મનની માફક આડ-રસ્તાનું, મિથ્યા વિસ્તારનું અને ભૂલના આરોપણનું તત્ત્વ તો દાખલ થવા દેતું જ નથી; પણ

જ્યારે તે આંશિક જ્ઞાન રજૂ કરે ત્યારે પણ તેમાં મક્કમ અને ચોક્કસ પ્રકાશ ભરેલો હોય છે અને તેમની પાછળ એવું તાત્ત્વિક સત્ય અંતર્ગત રહેલું હોય છે, કે ચેતના સમક્ષ ખુલ્લું થએલું હોય છે કે જેમની ઉપર પેલી વિગતો અને ગૌણ સમજૂતીઓ કે પાસાંઓ આધારિત હોય છે. અતિમનસમાં નિરૂપણ–શક્તિ પણ હોય છે પણ તેનાં નિરૂપણો બૌદ્ધિક પ્રકારનાં નથી હોતાં; તે સત્ય પ્રકાશનાં અસલ તત્ત્વ અને પદાર્થથી ભરેલાં હોય છે, તે તેમનાં વાહન હોય છે, અવેજી બનેલા આકારો માત્ર નહિ. અતિમનસમાં આવી નિરૂપણ–શક્તિ અંત–હીન છે અને તે એવી તો દિવ્ય શક્તિ છે કે જેના પતિત પ્રતિનિધિ–રૂપ મનોમય ક્રિયાઓ છે. જેને મેં વિજ્ઞાન-બુદ્ધિ કહી છે તેમાં પણ આ અતિમાનસિક નિરૂપણ–શક્તિની એક નિમ્ન ક્રિયા આવેલી છે; તે મનોમય બુદ્ધિની બહુ નજદીક છે અને મનોમય નિરૂપણ–શક્તિને તેમાં બહુ સરળતાથી ઉઠાવી લઈ શકાય છે. તો વળી એ નિરૂપણ–શક્તિની ઊર્ધ્વ ક્રિયા એવાં પૂર્ણ અતિમનસમાં પોતાનામાં આવેલી છે કે જે સર્વ પદાર્થોને દિવ્ય ચેતના અને સ્વયંભૂ સત્તાનાં અદ્વૈત અને અનંતતામાં જુએ છે. પણ તે એમાંથી ગમે તે ભૂમિકા પર થતું એ નિરૂપણ–કાર્ય મનોમય નિરૂપણના કરતાં તદ્દન જુદી જ જાતનું એટલે કે પ્રત્યક્ષ, પ્રકાશપૂર્ણ અને સુનિશ્ચિત હોય છે. મનની પોતાની નિમ્નતાનું કારણ એ છે કે તે એવા આત્માની ક્રિયા–શક્તિ છે કે જે અચિત્ અને અજ્ઞાનમાં આવી પડેલ છે અને આત્મજ્ઞાન પ્રત્યે આગળ વધવાનો યત્ન કરવા છતાં હજી જે અચિત અને અજ્ઞાનને જ પાયારૂપ રાખે છે. મન એટલે જ્ઞાન પામવા મથતું અજ્ઞાન, અથવા તો, નીચલી કોટિનું જ્ઞાન મેળવતું અજ્ઞાન; તે અવિદ્યાનું કાર્ય છે. અતિમનસ એ હમેશાં અંતર્ગત અને સ્વયંભૂ જ્ઞાન છે; તે વિદ્યાનું કાર્ય છે.

જે બીજો એક તફાવત અનુભવવા મળે છે તે છે: એક મહત્તર અને સહજ સંવાદ અને એકતા. બધી ચેતના છે તો એક જ, પણ તે સક્રિય થતાં અનેકવિધ ગતિ કરે છે અને તેમાંની દરેક મૂળભૂત ગતિનાં ઘણાં સ્વરૂપો અને ક્રિયાઓ હોય છે. મનરૂપી ચેતનાનાં સ્વરૂપો અને ક્રિયાઓમાં માનસિક શક્તિઓ અને ગતિઓના એવા ખલેલ–જનક અને મૂંઝવતા ભાગલા અને અલગતા ધ્યાન ખેંચે છે કે જેમાં સચેતન મનની અસલ એકતા જરા પણ દેખાતી નથી અથવા તો છિન્નભિન્ન રૂપે જ દેખા દે છે. જુદા જુદા વિચારો વચ્ચે અથડામણ કે પછી ગૂંચવાડો અને સહકારનો અભાવ અથવા પરાણે ઊભો કરેલો સહકાર એ આપણી મનોમયતામાં સતત નજરે ચડ્યા કરે છે અને આપણા સંકલ્પો અને ઇચ્છાઓની વિવિધ ગતિઓમાં તથા આપણી

ઊર્મિઓ અને લાગણીઓમાં પણ આવી જ ઘટના થતી હોય છે. વળી આપણા વિચારો અને સંકલ્પો લાગણીઓમાં પણ એકબીજાની વચ્ચે સ્વાભાવિક સુમેળ અને એકરાગની અવસ્થા નથી હોતી; ઊલટાનું, જ્યારે ભેગા મળીને કાર્ય કરવાનું હોય ત્યારે પણ તેઓ અલગ અલગ રીતે કાર્ય કરે છે અને અથડામણમાં ઊતરે છે અથવા કેટલેક અંશે જુદા જ રસ્તા લે છે; તો વળી અન્યના ભોગે પોતાનો આગળ પડતો વિકાસ સાધવાનું પણ બને છે. મન પોતે એક એવી વિસંવાદમય વસ્તુ છે કે જેમાં જીવનના નિભાવને ખાતર જરૂરી એવો કોઈ એક સંતોષકારક સુમેળ નહિ પણ વ્યવહાર-લક્ષી વ્યવસ્થા સ્થાપવામાં આવી છે. બુદ્ધિ કોઈક વધારે સારી વ્યવસ્થા સ્થાપવા યત્ન કરે છે, કોઈક વધારે સારું નિયંત્રણ, કોઈક બુદ્ધિ-ગમ્ય કે આદર્શરૂપ સંવાદને લક્ષ બનાવે છે; અને તેના આ પ્રયત્નની બાબતમાં તે અતિમનસનું પ્રતિનિધિ કે અવેજી છે અને જે કાર્ય માત્ર અતિમનસ જ પોતાની શક્તિ વડે કરી શકે તેમ છે, તેને પાર પાડવાનો યત્ન કરે છે. પણ હકીકત એવી છે કે અન્ય સમસ્ત જાતને તે પૂરેપૂરી કાબૂમાં લઈ શકતું નથી અને આપણે જે બુદ્ધિ-ગમ્ય કે આદર્શ-રૂપ સંવાદનું આપણા ખ્યાલમાં સર્જન કરીએ છીએ તેની અને જીવનના પ્રવાહની વચ્ચે સારું એવું અંતર સામાન્ય રીતે રહે જ છે. બુદ્ધિએ ઊભી કરેલી વ્યવસ્થા સારામાં સારી હોય ત્યારે પણ તેમાં કેટલીક કૃત્રિમતા અને બળજબરી હોય જ છે, કારણકે સહજ સંવાદમય ગતિ તો, છેવટે, માત્ર બે જ જાતની શક્ય છે : એક તો, એવા અચેતનતા-ભર્યા કે મોટે ભાગે અવચેતનતાથી ભરેલા જીવનમાં એટલે કે પશુસૃષ્ટિમાં અને નિમ્ન પ્રકૃતિમાં, જોવા મળતી સંવાદિતા અને બીજી આત્મ-પ્રદેશની સંવાદિતા. માનવ-અવસ્થા એ એક વચગાળાની ભૂમિકા છે, બે જાતની સંવાદિતાની વચ્ચેની, પ્રાકૃત જીવન અને આદર્શ કે આધ્યાત્મિક જીવનના વચ્ચેની, યત્ન અને અપૂર્ણતાથી ભરેલી ભૂમિકા છે; તે અનિશ્ચિત શોધ અને અવ્યવસ્થાથી ભરેલી છે. પોતાની આગવી, કોઈક સાપેક્ષ જાતની, સંવાદિતા મનોમય પ્રાણી શોધી ના જ શકે કે ઊભી ના જ કરી શકે એમ નથી પણ તે તેને સ્થાયી કરી શકે તેમ નથી કારણકે તેણે આત્માની પ્રેરણાને વશ રહેવું જ પડે છે; પોતાને આત્મ-પ્રભુત્વ અને આત્મ-જ્ઞાન પ્રત્યે દોરી જાય એવા, વધારે કે ઓછે અંશે જાગ્રત-પણે થતા આત્મ-વિકાસ માટેના એક શ્રમજીવી બનવા માટે, માનવની અંદર રહેલ કોઈક એક મહાશક્તિ તેને ફરજ પાડી રહી છે.

તેનાથી ઊલટું, સક્રિય સ્વરૂપનું અતિમનસ પોતે જ એકતા અને સંવાદ

અને અંતર્નિહિત વ્યવસ્થાનું તત્ત્વ છે. શરૂઆતમાં જ્યારે ઊર્ધ્વમાંથી મનની ઉપર દબાણ ઊતરી આવે છે ત્યારે આ બાબતો સ્થાપિત થઈ જતી નથી. ઊલટાનું, થોડાઘણા સમય માટે તેનાથી વિપરીત વસ્તુઓ બની આવે પણ ખરી. અને તેનાં કેટલાંક કારણો પણ છે. પહેલું એ કે એ અતિ પ્રબળ, લગભગ અમાપ શક્તિ જ્યારે ઊતરતી કક્ષાની ચેતના કે જે જીવંત સ્વરૂપે તેને પ્રત્યુત્તર આપી શકે તેટલી કે ખુદ તેના દબાણને સહન કરવા જેટલી પણ જોરદાર ના હોય, તેની ઉપર પોતાનો પ્રભાવ ઉતારે ત્યારે તેનાં પરિણામ-રૂપે કાંઈક ગરબડ ઊભી થાય કે ખુદ ઉન્માદ પણ થઈ આવે છે. જ્યારે તદ્દન જુદી જુદી જાતની બે શક્તિઓ એકસાથે અને છતાં મેળમાં મુકાયા વિના કાર્ય કરે અને તેમાં પણ જો મન પોતાના મત માટે આગ્રહ રાખ્યા કરે અને અતિમનસને અને તેનાં ધ્યેયને આધીન થવાને બદલે જીદ કરીને કે ઉગ્ર બનીને તેનો લાભ ઉઠાવવાનો પ્રયત્ન કરે તથા તેનાં ઊર્ધ્વ માર્ગદર્શન પ્રત્યે પૂરતું આધીન કે આજ્ઞા–ધારક ના બને તો જબરી ઉત્તેજના થઈ આવવાનો અને સાથે સાથે અતિશય વ્યવસ્થા ઊભી થઈ જવાનો પણ સંભવ રહે છે. આ કારણથી જ શાંતિ અને મક્કમતાથી આત્મા પ્રત્યે ખુલ્લા બનેલા મનની પૂર્વ–તૈયારી અને સુદીર્ઘ શુદ્ધિ (જેમ વધારે સંપૂર્ણ તેમ વધારે સારું), તથા પ્રશાંતિ અને આધીનતા યોગમાં ખરેખર જરૂરી છે.

વળી, મર્યાદિત રીતે જ કામ કરવા ટેવાએલું મન પોતાની ગમે તે એક શક્તિની રીત–રસમમાં રહીને જ અતિમાનસિક બનવાનો યત્ન કરે તેમ પણ બને. તે સહજ જ્ઞાનાત્મક અને અર્ધ–અતિમાનસિક બનેલ વિચાર અને જ્ઞાનની સારી એવી શક્તિ વિકસાવે તેમ છતાં તેની સંકલ્પ–શક્તિ તો હજી અન–રૂપાંતરિત અને ચિંતન–શીલ રહેલા મનના આંશિક અને અર્ધ–અતિ-માનસિક વિકાસની સાથે મેળ વિનાની રહે તથા બાકીની બધી જાત, ઊર્મિ–પ્રધાન અને નાડી–પ્રધાન જાત પણ પહેલાંના જેવી જ કે વધારે પ્રાકૃત રહે એમ પણ બને. અથવા તો એમ પણ બને કે સ્ફુરણામય કે પ્રબળ પ્રેરણા પામેલી સંકલ્પ–શક્તિ ખૂબ ખૂબ વિકાસ પામે પણ ચિંતન–શીલ મન કે ઊર્મિ–પ્રધાન અને ચૈત્યસિક જાત તેને આનુષંગિક ઉચ્ચતા ના પણ પામે અથવા, બહુ બહુ તો, સંકલ્પ–શક્તિનાં કાર્યોમાં પૂરેપૂરાં અંતરાય–રૂપ ના બની બેસે એટલા પૂરતી અનિવાર્ય ઉચ્ચતા જ પામે. ઊર્મિ–મય કે ચૈત્યસિક મન સ્ફુરણાત્મક કે અતિમાનસિક બનવાનો યત્ન કરે અને તેમાં ઘણે અંશે સફળ પણ બને, તેમ છતાં, ચિંતન–શીલ મન તો સામાન્ય જ, દ્રવ્યમાં દરિદ્ર અને પ્રકાશમાં અંધકાર–છાયું રહે એમ પણ બને. નૈતિક કે સૌંદર્ય–

પ્રેમી જાતમાં સ્ફુરણાઓનો વિકાસ થઈ જાય છતાં બાકીની સર્વ જાત તો જેવી હતી તેવી ને તેવી પણ રહે. પ્રતિભાશાળી પુરુષો, કવિઓ, કળાકારો, તત્ત્વ-ચિંતકો, સંતો કે રહસ્ય-વાદીઓમાં અવારનવાર નજરે ચડી આવતી વિષમતા કે એકાંગિતાનું કારણ આ જ હોય છે. આંશિક રીતે જ સ્ફુરણાત્મક બનેલા મનનો દેખાવ, પોતાના વિશિષ્ટ કાર્ય-ક્ષેત્ર સિવાયની બાબતમાં, વિશાળ વિકાસ પામેલા બુદ્ધિ-પ્રધાન મનના કરતાં ઘણો જ ઓછો સુમેળ-ભર્યો અને વ્યવસ્થાવાળો હોઈ શકે છે. જે જરૂરી છે તે છે : એક સર્વાંગી વિકાસ, મનનું સર્વ-ક્ષેત્રીય પરિવર્તન; તેમ ના થાય તો જે કાર્ય થવાનું તે મનનું, અતિમાનસિક પૂરનો પોતાના લાભને ખાતર અને પોતાના જ ચોકઠામાં ઉપયોગ કરતા મનનું, કાર્ય રહેવાનું; અને આપણી અંદર વસતા ભગવાનના તાત્કાલિક હેતુને પાર પાડવા માટે, તેમ થવા દેવાની છૂટ પણ ખરી; વળી, વ્યક્તિના એક જ જીવનમાં સિદ્ધ કરવા માટે આટલી કક્ષા પૂરતી પણ ગણાય. તેમ છતાં તે એક અપૂર્ણ અવસ્થા છે, આપણી જાતની સંપૂર્ણ અને સફળ ઉત્ક્રાંતિ નથી. પણ જો સ્ફુરણાત્મક મનનો સર્વાંગી વિકાસ થાય તો જણાશે કે કોઈ એક મહાન સંવાદિતાએ પોતાનો પાયો તૈયાર કરવાનું શરૂ કરી દીધું છે. આ સંવાદિતા બૌદ્ધિક મને નહિ સર્જેલી એવી એક બીજી જ સંવાદિતા છે અને તે સહેલાઈથી નજરે ના પણ ચડે, અથવા જો, તેને અનુભવી શકાય તોપણ, તર્ક-પ્રધાન માનવને તે બુદ્ધિ-ગમ્ય ના પણ બને, કારણકે તેના મનની કોઈ ક્રિયા વડે ન તો મળી હોય છે, ન તો તેના વડે તેનું પૃથક્કરણ થઈ શકે છે. એ સંવાદિતા તો હોય છે આત્માની સહજ અભિ-વ્યક્તિરૂપ સંવાદિતા.

મનથી ઉપર અતિમનસમાં આપણે પહોંચી જઈએ કે તરત જ આ પ્રારંભિક સંવાદિતાને સ્થાને એક મહત્તર અને વધારે સર્વાંગી એકતા સ્થપાશે. અતિમાનસિક બુદ્ધિના વિચારો જ્યારે તદ્દન સામસામેની દિશાઓમાંથી ઊભા થએલા હોય છે ત્યારે પણ ભેગા મળે છે, પરસ્પરને સમજે છે અને એક સ્વાભાવિક સુવ્યવસ્થામાં ગોઠવાઈ જાય છે. મનમાં અથડામણો અનુભવતી સંકલ્પ-ક્રિયાઓ અતિમનસમાં પોતાપોતાનાં સાચે સ્થાને અને પરસ્પરના સાચા સંબંધમાં આવી બેસે છે. અતિમાનસિક લાગણીઓ પણ પરસ્પરમાં પોતાની આત્મીયતા શોધી કાઢે છે અને એક સ્વાભાવિક એકસૂરતા અને સંવાદમાં ગોઠવાઈ જાય છે. અને જરા વધારે ઉચ્ચ કક્ષાએ આ સંવાદિતા વધારે ઘનિષ્ઠ બનીને એકતાનું સ્વરૂપ પામવા માંડે છે. જ્ઞાન, સંકલ્પ, લાગણી-ઓ અને બીજું સર્વ કાંઈ એક જ પ્રવાહ બની રહે છે. આ એકતા તેની

મહત્તમ પૂર્ણતાએ તો ઉચ્ચતમ અતિમનસમાં જ પહોંચે છે. આ સંવાદિતા અને આ એકતા અનિવાર્ય જ છે કારણકે અતિમનસમાં પાયારૂપ વસ્તુ છે જ્ઞાન, અને તેમાં પણ વિશેષ તો આત્મ-જ્ઞાન, આત્માનું સર્વ-દેશીય જ્ઞાન. અતિમાનસિક સંકલ્પ-શક્તિ, તપઃશક્તિ એ આ આત્મ-જ્ઞાનની ક્રિયાશીલ અભિવ્યક્તિ છે, અતિમાનસિક લાગણીઓ, ભાવશક્તિ એ આ આત્માના પ્રકાશમય આનંદની અભિવ્યક્તિ છે, અને અતિમનસમાં રહેલું બીજું બધું જ આ એકમાત્ર પ્રવાહના અંગરૂપ હોય છે. અને તે સર્વોચ્ચ કક્ષાએ પહોંચતાં આપણે જેને જ્ઞાન કહીએ છીએ તેના કરતાં પણ વધારે મહાન વસ્તુ બની જાય છે; ત્યાં, એ આપણામાં રહેલા ભગવાનની સારભૂત અને સર્વદેશીય આત્મ-સચેતનતા, તેનું સત્, ચિત્ત, તપસ્ અને આનંદ હોય છે, અને સર્વ કાંઈ હોય છે એ એકમાત્ર અસ્તિત્વની સુમેળભરી, એકતાપૂર્ણ, પ્રકાશમય ગતિ.

આ અતિમાનસિક જ્ઞાન એ અસલમાં કે તાત્ત્વિક રીતે કોઈ ચિંતનમય જ્ઞાન નથી. બુદ્ધિ જ્યાં સુધી કોઈ પણ વસ્તુ વિશેની પોતાની સજાગતાને વિચારના ઢાળામાં મૂકી ના દે, એટલે કે જ્યાં સુધી તેને રજૂ કરી શકતા માનસિક ખ્યાલ તરીકે તંત્ર-બદ્ધ ના કરે ત્યાં સુધી એ વસ્તુ તેણે જાણી છે એમ તેને નથી લાગતું; અને આવી જાતનું જ્ઞાન પૂરેપૂરું નિશ્ચિત રીતે સંપૂર્ણ તો ત્યારે જ બને છે કે જ્યારે તેને સુસ્પષ્ટ, ચોક્કસ અને વ્યાખ્યા જેવી વાણીમાં તે રજૂ કરી શકે. એ વાત સાચી છે કે મનને બધું જ્ઞાન મુખ્યત્વે તો જુદી જુદી જાતના સંપર્કો દ્વારા મળતું હોય છે કે જે પ્રાણમય અને ઇન્દ્રિય-દત્તથી માંડી સ્ફુરણાત્મક જાત સુધીના હોય છે. પણ વિકસિત બુદ્ધિ તેમને માત્ર સામગ્રી તરીકે સ્વીકારે છે અને જ્યાં સુધી તેમની માહિતીને પરાણે વિચારને આધીન ના કરી શકાય અને જ્યાં સુધી તેઓ કોઈક બૌદ્ધિક સંબંધમાં કે કોઈક સુવ્યવસ્થિત વિચારમાળામાં ગોઠવાઈ ના જાય ત્યાં સુધી તેઓ પોતે તેને અનિશ્ચિત અને અસ્પષ્ટ જ લાગે છે. વળી એ પણ સાચું છે કે એવા પણ વિચાર અને વાણી હોય છે કે જે ચોક્કસ નહિ પણ વધારે તો સૂચનાત્મક હોય છે અને તેમની આગવી રીતે વધારે સમર્થ અને સામગ્રીથી સમૃદ્ધ હોય છે (અને આ પ્રકાર લગભગ સ્ફુરણાત્મક જાતનો હોય છે); તેમ છતાં, આ સૂચનોની ચોક્કસ બૌદ્ધિક સામગ્રીને સ્પષ્ટ ક્રમ અને સંબંધમાં વ્યક્ત કરવાનો બુદ્ધિનો આગ્રહ હોય છે, અને જ્યાં સુધી એમ કરી ના શકાય ત્યાં સુધી પોતાનું જ્ઞાન પૂર્ણ થયાનો તેને સંતોષ થતો નથી. તર્ક-પ્રધાન બુદ્ધિમાં રહી માથાકૂટ કરતી વિચાર-શક્તિને સામાન્ય રીતે

માનસિક કાર્યોને સુવ્યવસ્થિત કરવા માટેની શ્રેષ્ઠ શક્તિ ગણવામાં આવે છે અને એ જ આપણા મનને જ્ઞાનમાં તથા જ્ઞાનના ઉપયોગમાં સો ટકા નિશ્ચિતતા, સલામતી અને સંપૂર્ણતા હોવાનું ભાન કરાવે છે. અતિમાનસિક જ્ઞાનની બાબતમાં આમાંની એક પણ બાબત જરા પણ લાગુ પડતી નથી.

અતિમનસને સંપૂર્ણતમ અને પૂરેપૂરું સલામત જ્ઞાન હોય છે; પણ તે વિચારો દ્વારા મેળવેલું નહિ પણ તાદાત્મ્યનું જ્ઞાન હોય છે, વસ્તુઓમાં રહેલા આત્મ-સત્યની, આત્મામાં અને આત્મા વડે (आत्मनि आत्मानम् आत्मना) થતી શુદ્ધ સજાગતાનું જ્ઞાન હોય છે. સત્ય સાથે તદ્રૂપ થઈ જવાથી, જ્ઞેય સાથે તદ્રૂપ થઈ જવાથી જ અતિમાનસિક જ્ઞાન સારામાં સારું મળે છે; જ્યારે જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન વચ્ચે જરા ય ભેદ ના રહે ત્યારે જ અતિમાનસિક સંતોષ અને પૂર્ણ પ્રકાશ વધારેમાં વધારે હોય છે. જ્ઞાતને, જાણેલી વસ્તુને મારી જાતની બહારના કોઈ પદાર્થ તરીકે નહિ પણ મારી જ જાત તરીકે અથવા મારી પ્રત્યક્ષતમ ચેતનામાં રહેલા, મારી વિશ્વ-વ્યાપી જાતના એક ભાગ તરીકે હું જોઉં છું. આથી સર્વોચ્ચ અને સંપૂર્ણતમ જ્ઞાન આવી મળે છે; વિચાર અને વાણી એ ચેતનામાં આમ પ્રત્યક્ષ સમાયેલી વસ્તુઓ નહિ પણ માત્ર રજૂઆતો જ હોવાથી અતિમનસમાં એ ઊતરતી કક્ષાનાં જ્ઞાન-સ્વરૂપો થઈ રહે છે અને જો વિચારો આધ્યાત્મિક સજાગતાનાં તત્ત્વથી ભરેલા ના હોય તો હકીકતમાં, તે જ્ઞાનનું ઊતરતું સ્વરૂપ બની જાય છે. કારણકે, જો તે અતિમાનસિક વિચાર હોય તોપણ, એક ઉચ્ચ જ્ઞાનનો એ એક એવો આંશિક આવિર્ભાવ બની રહે છે કે જે આત્મામાં હયાત હોવા છતાં, તત્ક્ષણ સક્રિય થયેલી ચેતના સમક્ષ હાજર નથી હોતો. અનંતતાના ઉચ્ચતમ સ્તરોમાં એક પણ વિચારનું અસ્તિત્વ હોવાનું જરૂરી નથી રહેતું, કારણકે ત્યાં સર્વ કાંઈની સતત, અને અનંત ઉપલબ્ધિવાળી, તેમ જ એક નિરપેક્ષ પ્રત્યક્ષતા અને પૂર્ણતાવાળી આધ્યા-ત્મિક અનુભૂતિ થતી રહેવાની. ત્યાં વિચાર એ તો આ મહાન સ્વયંભૂ જ્ઞાનમાં જે કાંઈ છુપાએલું પડેલું છે તેને આંશિક રીતે બહાર લાવવાનું અને રજૂ કરવાનું એક સાધનમાત્ર જ બની રહેવાનો. અલબત્ત, જ્યાં સુધી આપણે અતિ-મનસની અનેક કક્ષાઓમાંથી પસાર થઈ એ અનંતતામાં આરોહણ ના કરીએ ત્યાં સુધી જ્ઞાન-પ્રાપ્તિની આ સર્વોચ્ચ રીતને પૂરેપૂરા વિસ્તારથી તથા ઘનિષ્ઠતાથી હાથ કરવાનું શક્ય નથી. તેમ છતાં, અતિમાનસિક શક્તિ જેમ જેમ પ્રગટ થતી જાય અને પોતાનાં કાર્યને વિસ્તારતી જાય તેમ તેમ જ્ઞાન-પ્રાપ્તિની આ સર્વોચ્ચ રીત આવી મળે છે, વધતી જાય છે; અને

ખુદ મનોમય પુરુષનાં વિવિધ અંગોના પોતપોતાના પ્રદેશમાં પણ (જેટલે અંશે તેઓ સ્ફુરણાત્મક અને અતિમાનસિક બનતા જાય તેટલે અંશે) એને જ મળતું કાર્ય વધતું જવાનું. ચૈત્યસિક, ઊર્મિમય, પ્રાણમય, કાર્યશીલ અને અન્ય અંગોમાં પણ, આપણી ચેતનાનાં જ્ઞેયરૂપ સર્વે પદાર્થો અને પ્રાણીઓ સાથે પ્રકાશમય તાદાત્મ્ય સાધવાની શક્તિ વધતી જવાની; અને ભાગલા-ભાવી ચેતનાને ઓળંગી જવાની આ ક્રિયાની સાથે સાથે પ્રત્યક્ષ જ્ઞાનનાં ઘણાં ઘણાં નવાં સ્વરૂપો અને સાધનો મળતાં જવાનાં.

તાદાત્મ્ય-મય અતિમાનસિક જ્ઞાન કે અનુભૂતિની અંદર જ તેના એક પરિણામ તરીકે કે તેના જ એક ગૌણ અંગ તરીકે એક એવી અતિમાનસિક દૃષ્ટિ રહેલી છે કે જેને કોઈ આકાર-પ્રતિમાનો આશરો શોધવો પડતો નથી, જે મનને અમૂર્ત લાગતી વસ્તુઓને પણ નક્કર સ્વરૂપ આપી શકે છે અને જેનામાં પોતાના દૃશ્ય પદાર્થ તરીકે કોઈ સાકાર વસ્તુનું અદૃશ્ય સત્ય હોય કે નિરાકાર સત્ય હોય છતાં પણ તેને જોઈ શકવાનો ગુણ રહેલો છે. આ અતિમાનસિક દૃષ્ટિ કોઈ પણ જાતના તાદાત્મ્યની પહેલાં પણ તેમાંથી અગાઉ પ્રસરી ચૂકેલા કોઈક પ્રકાશ તરીકે આવી શકે છે, અથવા એક અલગ શક્તિ તરીકે, એ તાદાત્મ્યથી સ્વતંત્ર રીતે પણ કાર્ય કરી શકે છે. જો એમ બને તો, જાણેલું સત્ય કે વસ્તુ એ મારી જાત સાથે સંપૂર્ણ-પણે અથવા હજી સુધી એક-રૂપ બનેલું ના હોય, પણ મારું જ્ઞેય હોય એમ પણ બને; તેમ છતાં તે સ્વ-કીય રીતે મારા આત્મામાં જ દેખાતો પદાર્થ રહે છે; અથવા, જો તે હજી પણ વધારે અલગ થઈ જઈને જ્ઞાતા સમક્ષ એક જ્ઞેય બની ગયો હોય તોપણ, છેવટે, તે જોવાતો હોય છે તો મારા આત્મા વડે જ.— કોઈ માધ્યમરૂપ ક્રિયા દ્વારા નહિ, પણ એક પ્રત્યક્ષ આંતરિક પકડ દ્વારા અથવા આધ્યાત્મિક-ચેતનાના, તેના જ્ઞેય સાથેના એક વેધક અને વ્યાપક પ્રકાશમય સંપર્ક દ્વારા. આ પ્રકાશમય પકડ અને સંપર્ક એ જ છે "દૃષ્ટિ", આધ્યાત્મિક દૃષ્ટિ; આધ્યાત્મિક જ્ઞાન માટે ઉપનિષદોએ હમેશાં "તે જુએ છે", "पश्यति" એવો જ શબ્દપ્રયોગ કર્યો છે. વળી "પરમાત્માએ સૃષ્ટિનાં સર્જનનો ખ્યાલ કર્યો" એમ જણાવવા માટે "તેણે વિચાર કર્યો" એવા શબ્દોની આપણે આશા રાખીએ ત્યાં તેમણે હમેશાં "તેણે જોયું" એમ કહેલું છે. આંખોને ભૌતિક મનની સાથે જે સંબંધ છે તે જ સંબંધ આ દૃષ્ટિને આત્મા સાથે છે અને એ જ જાતની, સૂક્ષ્મ રીતે "જોવાની" ક્રિયાનો અનુભવ ત્યાં પણ થાય છે. આપણા વિચારો સમક્ષ જેના માત્ર ઇશારા જ કે માનસિક વર્ણન હતાં તે વસ્તુનું યથાર્થ સ્વરૂપ જેમ આપણી

આંખ આપણને દેખાડે છે અને તેથી, જેવી રીતે તે વસ્તુ આપણી સમક્ષ તરત જ સાચી અને સ્પષ્ટ, એટલે કે "પ્રત્યક્ષ" થઈ જાય છે તે જ પ્રમાણે આધ્યાત્મિક "દૃષ્ટિ", વિચારોના ઇશારાઓને કે રજૂઆતોને વટાવી જાય છે અને પદાર્થમાત્રની અસલ જાત કે સત્યને આપણી સમક્ષ સીધેસીધું હાજર અને સ્પષ્ટ, એટલે કે "પ્રત્યક્ષ" કરી આપી શકે છે.

ઇન્દ્રિયો આપણને વસ્તુઓનું માત્ર બાહ્ય પ્રતિબિંબ જ આપી શકે છે અને એ પ્રતિબિંબને સંપૂર્ણ અને સભર બનાવવા તેને વિચારશક્તિની સહાયની જરૂર પડે છે, પણ આધ્યાત્મિક દૃષ્ટિમાં વસ્તુને પોતાને અને તેને અંગેનાં સમસ્ત સત્યને આપણી સમક્ષ પ્રત્યક્ષ કરવાની શક્તિ હોય છે. આધ્યાત્મિક દ્રષ્ટા, જોતી વખતે, વિચાર-શક્તિની જે સહાય લે છે તે જ્ઞાન મેળવવાનાં નહિ પણ તેને રજૂ કરવાનાં અને વ્યક્ત કરવાનાં સાધન તરીકે જ,— વિચાર-શક્તિ એ તેને માટે એક ઊતરતી કોટિની શક્તિ છે અને ગૌણ હેતુને ખાતર જ તેનો ઉપયોગ કરે છે. જો જ્ઞાનને વધારે વિસ્તૃત કરવાની જરૂર પડે તો મનોમય તપાસ અને તેની સત્યની શોધને માટે આધાર-રૂપ એવી ધીમી વિચાર-ક્રિયાઓને બદલે પુનઃદર્શન દ્વારા તે તેમ કરે છે,— આપણા પ્રાથમિક અવલોકનમાં રહી ગએલી બાબતોની ખાતરી આપણે આપણી આંખ દ્વારા કરીએ છીએ તેમ. પ્રત્યક્ષતા તથા મહત્તાની દૃષ્ટિએ, આધ્યાત્મિક દૃષ્ટિ દ્વારા મળતી આ અનુભૂતિ અને જ્ઞાનનું સ્થાન અતિમાનસિક શક્તિઓમાં બીજું છે. માનસિક દૃષ્ટિના કરતાં તે અતિશય નજદીકની, ઊંડાણવાળી, અને સર્વ-ગ્રાહી વસ્તુ છે, કારણકે તે સીધેસીધી તાદાત્મ્ય-ભર્યા જ્ઞાનમાંથી જ ઊતરી આવે છે, અને તેનો કિંમતી ગુણ એ છે કે તાદાત્મ્યમાંથી જેમ દૃષ્ટિ પ્રત્યે તેમ દૃષ્ટિમાંથી તાદાત્મ્ય પ્રત્યે આપણે સીધા જ આગળ વધી શકીએ છીએ. આમ આધ્યાત્મિક દૃષ્ટિથી ભગવાનનું, પરમાત્માનું કે બ્રહ્મનું દર્શન થાય છે પછી આત્મા ભગવાનમાં, પરમાત્મામાં કે બ્રહ્મમાં પ્રવેશી શકે છે અને તેની સાથે એકરૂપ થઈ જઈ શકે છે.

આ વસ્તુ પૂર્ણ રીતે તો માત્ર અતિમાનસિક કક્ષાએ કે તેનાથી ઉપરના પ્રદેશમાં જ થઈ શકે, પણ તે સાથે એ વાત પણ સાચી છે કે આધ્યાત્મિક દૃષ્ટિ એવાં માનસિક સ્વરૂપો ધારણ કરી શકે છે કે જે દરેક, પોતપોતાની રીતે, આ તાદાત્મ્ય મેળવવામાં સહાયરૂપ થઈ શકે. મનોમય સહજ-જ્ઞાનાત્મક દૃષ્ટિ કે અતિમાનસિક બનેલી મનોમય દૃષ્ટિ, ચૈત્યસિક દૃષ્ટિ, હૃદયની ભાવાત્મક દૃષ્ટિ, ઇન્દ્રિયવશ મનની દૃષ્ટિ એ સર્વે યોગિક અનુભૂતિઓના ભાગરૂપ છે. આ સર્વે દર્શનો પૂરેપૂરાં મનોમય જ હોય તો તે સાચાં હોઈ શકે ખરાં,

પણ સાચાં જ હોય એમ નથી કારણકે મનમાં સત્ય તેમ જ ભૂલો એ બંનેને માટે, સાચી તેમ જ ખોટી બંને જાતની રજૂઆતો માટે શક્યતા રહેલી છે. પણ મન જેમ જેમ સ્ફુરણાત્મક અને અતિમાનસિક બનતું જાય તેમ તેમ અતિમનસનાં કાર્યને લીધે આ શક્તિઓ શુદ્ધતર થતી જાય છે, સુધરતી જાય છે અને તેઓ પોતે જ અતિમાનસિક અને સાચાં દર્શનનાં સ્વરૂપો બનતી જાય છે. અહીં એ વસ્તુ પણ નોંધી શકાય કે અતિમાનસિક દૃષ્ટિ પોતાની સાથે સાથે એવી પૂરક અને સંપૂરક અનુભૂતિ પણ લાવે છે કે જેને સત્યનું, તેના સત્ત્વનું અને તેની દ્વારા તેના મર્મનું, આધ્યાત્મિક શ્રવણ અને સ્પર્શ કહી શકાય; એટલે કે સત્યની ગતિ, આંદોલન, અને છંદને તેમ જ તેની ગાઢ સંનિધિ અને સંપર્ક અને દ્રવ્યને પકડી શકાય છે. આ બધી શક્તિઓ, જ્ઞાન દ્વારા જે આપણી સમીપ આવી ગયું છે તેની સાથે એકરૂપ થવા માટે આપણને તૈયાર કરે છે.

અતિમાનસિક વિચાર એ તાદાત્મ્ય–જ્ઞાનનું જ એક સ્વરૂપ છે તેમ જ અતિમાનસિક દૃષ્ટિ સમક્ષ રજૂ થએલાં સત્યનો વિચારરૂપે થએલો વિકાસ છે. તાદાત્મ્ય અને દૃષ્ટિ સત્યને તેનાં સત્ત્વ, તેના દેહ તથા તેનાં અંગો સાથે એક જ દૃષ્ટિપટમાં રજૂ કરી દે છે; વિચાર સત્યની આ સીધેસીધી સભાનતાનું અને તેની પ્રત્યક્ષ શક્તિનું વિચાર–મય–જ્ઞાન અને સંકલ્પ–શક્તિ તરીકે અવાંતર કરે છે. તે સિવાય તે બીજો કાંઈ જ વધારો કરતી નથી,— તેમ કરવાની તેને જરૂર પણ નથી હોતી; પણ જ્ઞાનના દેહને તે એક વધુ રૂપ આપે છે, વાણી આપે છે, તેનું પરિભ્રમણ કરે છે. તોપણ જ્યારે તાદાત્મ્ય અને દૃષ્ટિ હજી અધૂરાં જ હોય ત્યારે અતિમાનસિક વિચારને ભાગે એક વધુ કાર્ય હોય છે: ત્યારે, તાદાત્મ્ય અને દૃષ્ટિ હજી સુધી જે કાંઈ ખુલ્લું કરવા તૈયાર ના હોય તેને તે વ્યક્ત કરે છે, તેનો અર્થ–સ્ફોટ કરે છે અને તેને જાણે કે આત્માની સ્મૃતિમાં જાગ્રત કરી આપે છે. અને આ ઊર્ધ્વતર અવસ્થાઓ અને શક્તિઓ હજી પડદા પાછળ રહેલી હોય ત્યારે વિચાર આગળ આવે છે અને પડદાને જરાતરી હઠાવવા માટેની તૈયારી કરાવી આપે છે અને કેટલેક અંશે તો એ કામ આગળ પણ વધારે છે, અથવા તો તેને ઉઠાવી લેવામાં સક્રિય સહાય આપે છે. એટલે મનોમય અજ્ઞાનમાંથી અતિમાનસિક જ્ઞાનમાં આપણે વિકાસ પામતા હોઈએ ત્યારે, દૃષ્ટિ માટેનો માર્ગ ખુલ્લો કરી આપવા માટે કે પછી તાદાત્મ્ય માટેની વિકસતી ચેતનાને તથા તેના ઊર્ધ્વતર જ્ઞાનને પ્રારંભિક આધાર આપવા માટે આ પ્રકાશ–પૂર્ણ વિચાર–શક્તિ ઘણી વાર — જોકે હમેશાં નહિ — સહુથી પહેલી આપણને

આવી મળે છે. વળી આ વિચાર-શક્તિ આંતર-વ્યવહાર અને અભિવ્યક્તિ માટેનું પણ એક સચોટ સાધન છે તથા સત્યની, આપણા પોતાના કે બીજાઓના નિમ્ન મન અને જાત ઉપર છાપ પાડવામાં કે તેને સ્થાયી કરવામાં મદદ કરે છે. અતિમાનસિક-વિચાર બૌદ્ધિક-વિચારથી જુદો પડે છે તેનું કારણ માત્ર એ જ નથી કે તે અજ્ઞાન સમક્ષ થતી સત્યની કોઈ રજૂઆત નહિ પણ એક પ્રત્યક્ષ સત્ય-વિચાર છે ( તે આત્માની એવી સત્ય-ચેતના છે, વેદમાં જણાવેલ સત્યમ્ અને ઋતમ્ છે, કે જે પોતાની સમક્ષ પોતાનાં સત્ય-સ્વરૂપો રજૂ કરે છે), પણ તેનું કારણ એ પણ ખરું જ કે તેનામાં પ્રબળ વાસ્તવિકતા છે. તેને જ્યોતિર્મય દેહ અને દ્રવ્ય છે.

બૌદ્ધિક વિચારો સૂક્ષ્મ અને ઉમદા થતાં થતાં આછીપાતળી અમૂર્ત-તામાં પહોંચી જાય છે; અતિમાનસિક વિચારો ઊંચે ચડતા જાય તેમ તેમ મહત્તર આધ્યાત્મિક નક્કરતા વધતી જાય છે. બુદ્ધિ-ઘડ્યા વિચારો આપણી સામે, મનોમય ઇન્દ્રિયોએ ગ્રહણ કરેલી બાબતોમાંથી તારવી કાઢેલી અમૂર્તતા તરીકે, અને જાણે કે એક શૂન્યતામાં અને મનના સૂક્ષ્મ આકાશમાં બુદ્ધિની અગ્રાહ્ય શક્તિએ તેમને ટકાવી રાખ્યા હોય તે રીતે, રજૂ થાય છે. જો અંતરાત્માની ઇંદ્રિય અને દૃષ્ટિ તેમને વધારે નક્કર રીતે અનુભવી અને જોઈ શકે તેવા તેમણે થવું હોય તો તેમણે મનની રૂપ-નિર્માણ-શક્તિને કામે લગાડવી પડે છે. તેનાથી ઊલટું, અતિમાનસિક વિચાર ખ્યાલને અસ્તિત્વના પ્રકાશમય પદાર્થ તરીકે, દ્યોતક વિચાર-દેહ ધારણ કરતી ચેતનાનાં પ્રકાશમય દ્રવ્ય તરીકે રજૂ કરે છે અને તેથી, મનમાં આપણે જેના ભોગ થઈ પડવાનો સંભવ રહે છે તેવું, ખ્યાલ અને વાસ્તવિકતા વચ્ચેનું કોઈ વિશાળ અંતર ઊભું કરતો નથી; પણ તે પોતે જ વાસ્તવિકતા હોય છે, તે પોતે જ વાસ્તવિકતામય ખ્યાલ તથા વાસ્તવિકતાનો દેહ હોય છે. તેનાં પરિણામે, તે જ્યારે પોતાના સ્વ-ધર્મ અનુસાર કાર્ય કરે છે ત્યારે બૌદ્ધિક સ્પષ્ટતાથી તદ્દન જુદી જ જાતના આધ્યાત્મિક-પ્રકાશની એક ઘટના, એક અતિ સમર્થ સાક્ષાત્કાર-શક્તિ અને એક પ્રકાશપૂર્ણ પરમાનંદ તેની સાથે સંકળાએલાં હોય છે. તે સત્,-ચિત્ અને આનંદનું અતિ પ્રબળતાથી અનુભવી શકાય તેવું સ્પંદન હોય છે.

અગાઉ સૂચવ્યા પ્રમાણે અતિમાનસિક વિચારની તીવ્રતાની ઊંચે ચડતી ત્રણ કક્ષાઓ છે : પહેલી છે પ્રત્યક્ષ વિચાર-દૃષ્ટિની, બીજી છે મહત્તર સત્ય-દર્શક વિચાર-દૃષ્ટિનો માર્ગ દેખાડતી તથા તેની પૂર્વતૈયારી-રૂપ અર્થ-દ્યોતક -દૃષ્ટિની અને ત્રીજી છે નિરૂપણાત્મક દૃષ્ટિની કે જે આત્માના જ્ઞાનને એવા

સત્યનું જાણે કે સ્મરણ કરાવે છે કે જેનો ઊર્ધ્વતર શક્તિઓએ વધારે પ્રત્યક્ષતાથી ઉદ્‌ઘોષ કરેલો હોય છે. આ ત્રણ બાબતો મનમાં સ્ફુરણાત્મક મનોમયતાની ત્રણ સામાન્ય શક્તિઓનું સ્વરૂપ ધારણ કરે છે : સૂચનાત્મક તથા ભેદ-પરખવાળી અંતઃસ્ફુરણા, પ્રેરણા અને સત્ય-દર્શનના ગુણ-ધર્મવાળી વિચાર-શક્તિ. તેઓ ઊર્ધ્વમાં આવેલી અતિમાનસિક-સત્તા અને ચેતનાની ત્રણ કક્ષાઓને મળતી આવે છે, અને આપણે જેમ જેમ ઊર્ધ્વમાં આરોહણ કરતા જઈએ તેમ તેમ નીચલી કક્ષા, પ્રથમ તો, ઉપલી કક્ષાને પોતાનામાં નીચે બોલાવી લાવે છે અને પછી એ ઉપલી કક્ષા તેને પોતાનામાં ઊંચે ઉઠાવી લે છે; આથી દરેકેદરેક સ્તર પર એ ત્રણેત્રણ કક્ષાઓ અસ્તિત્વમાં આવી જાય છે; તેમ છતાં તે દરેકેદરેક સ્તર પરનાં વિચાર-તત્ત્વમાં તે તે સ્તર પરની નિજી ચેતનાનું અને આધ્યાત્મિક દ્રવ્યનું આગવું સ્વરૂપ આગળ પડતું હોય છે. આ બાબત ખાસ ધ્યાનમાં રાખવાની છે, કારણકે નહિ તો, પોતાને પ્રત્યક્ષ કર્યે જતા ઊર્ધ્વ અતિમાનસિક પ્રદેશો પ્રત્યે નજર નાખતું મન એમ પણ માની બેસે કે તેને સર્વોચ્ચ શિખરોનું દર્શન થઈ ગયું છે; પણ ખરી રીતે તો તે નિમ્ન ચઢાણનો જ એવો ઉચ્ચતમ પ્રદેશ હોય છે કે જે તેની સમક્ષ અનુભૂતિ માટે રજૂ થએલો હોય છે. શિખરે શિખરે અતિમાનસિક શક્તિઓની તીવ્રતામાં, વિશાળતામાં અને સંપૂર્ણતામાં વધારો થતો જ જાય છે. सानोः सानुम् आरुहत ।

પોતાને આપણી અંદર વ્યક્ત કરવા માટે ઊર્ધ્વ જ્ઞાન, દૃષ્ટિ કે વિચાર જેને ધારણ કરી શકે એવી એક વાણી, એટલે કે અતિમાનસિક શબ્દનું પણ અસ્તિત્વ છે. શરૂઆતમાં એક શબ્દ તરીકે, સંદેશા તરીકે કે એક પ્રેરણા તરીકે ઊર્ધ્વમાંથી આપણી અંદર ઊતરી આવે એમ પણ બને, અથવા એમ પણ લાગે કે એ પરમાત્માનો કે ઈશ્વરનો અવાજ, વાણી કે આદેશ છે. પછીથી તેની આવી બેવડી ખાસિયત ચાલી જાય છે. અને તે વિચારનું એક સામાન્ય સ્વરૂપ બની રહે છે, અને ત્યારે તે એક આંતરિક વાણી તરીકે વ્યક્ત થાય છે. વિચાર કોઈ પણ જાતના સૂચક કે વિસ્તારક શબ્દની સહાય વિના — છતાં પણ પૂરી પૂર્ણતાથી, સુસ્પષ્ટતાથી અને પોતાની સમગ્ર સામગ્રી સાથે — અને માત્ર અતિમાનસિક અનુભવવાળો પ્રકાશમય પદાર્થ રહીને જ પોતાને પ્રગટ કરી શકે છે. તે જ્યારે એવો સુસ્પષ્ટ ના હોય ત્યારે એક એવી સૂચક આંતરિક વાણીની સહાય મેળવી લે પણ ખરો કે જે તેના સમગ્ર આંતર-અર્થને બહાર લાવવા માટે હાજર જ રહેતો હોય. અથવા એક મૂક અનુભવ તરીકે નહિ પણ એક એવી વાણી તરીકે પણ વિચાર ઉદ્‌ભવી શકે છે કે

જે સત્યમાંથી આપ-મેળે ઊઠતી હોય, અને આપ-બળે પર્યાપ્ત હોય અને પોતાનામાં જ પોતાનું દર્શન અને જ્ઞાન ધારણ કરતી હોય. ત્યારે તે બની રહે છે સત્ય-દર્શક કે પ્રેરણા-પ્રેરિત, કે સ્ફુરણાત્મક શબ્દ, અથવા તેનાથી પણ વધારે ઊંચી જાતનો એવો શબ્દ કે જે ઊર્ધ્વતર અતિમનસ અને આત્મ-તત્ત્વના અનંત આશયને કે સૂચનને ધારણ કરવા શક્તિમાન હોય. તો વળી, હાલમાં બુદ્ધિના અને ઇન્દ્રિય-વશ મનના ખ્યાલ અને ઇન્દ્રિય-બોધ અને આવેગને વ્યક્ત કરવા માટે વપરાતી ભાષામાં પણ તે આવી બેસે ખરો; પણ ત્યારે તે એ ભાષાનો તે જુદી જ રીતે તથા, વાણી જેને ધારણ કરી શકતી હોય તેવા સ્ફુરણાત્મક કે સત્ય-દર્શક આંતર-અર્થોની જોરદાર રજૂઆત સાથે ઉપયોગ કરે છે. અતિમાનસિક શબ્દ જ્યારે અંતરમાં પ્રગટ થાય છે ત્યારે તેમાં વિચારનાં એવાં પ્રકાશ, સામર્થ્ય અને છંદ તથા આંતર-ધ્વનિનાં એવાં આંદોલન ભરેલાં હોય છે કે જે તેને અતિમાનસિક વિચાર અને દૃષ્ટિનો સ્વાભાવિક અને જીવંત દેહ બનાવી દે છે; તો વળી તે ભાષામાં — ભલેને એ માનસિક વાણીની જ ભાષા હોય તે છતાં તેમાં – બુદ્ધિને, હૃદયને કે ઇન્દ્રિયોને મળતા મર્યાદિત અર્થો સિવાયના બીજા જ અર્થને વહેતા મૂકે છે. એ વિચાર સાકાર થાય છે અને સંભળાય છે તો સ્ફુરણાત્મક મનમાં કે અતિમનસમાં જ, અને અતિ ઉચ્ચ બક્ષિસવાળા કોઈક આત્માઓ સિવાય અન્યની વાણી કે લેખનમાં તે શરૂઆતમાં સહેલાઈથી ઊતરી આવતો નથી; પણ તેમ છતાં, જ્યારે ભૌતિક ચેતના તથા તેની ઇન્દ્રિયોને તૈયાર કરવામાં આવ્યાં હોય ત્યારે તે પણ છૂટથી કરી શકાય છે; અને સર્વાંગી પરિપૂર્ણતામાં જરૂરી સંપૂર્ણતા અને શક્તિનો આ પણ એક ભાગ છે.

અતિમાનસિક વિચાર, અનુભૂતિ અને દૃષ્ટિના જ્ઞાન-ક્ષેત્રનો વિસ્તાર માનવ-ચેતના સમક્ષ જે કાંઈ પ્રદેશો – માત્ર પાર્થિવ જ નહિ પણ દરેક સ્તર પરના પ્રદેશો – ખુલ્લા પડેલા છે તેના જેટલો વિશાળ રહેવાનો. તેમ છતાં તેની કાર્ય કરવાની રીત માનસિક વિચાર અને અનુભવના કરતાં તદ્દન ઊલટી દિશામાં જ આગળ વધશે. માનસિક વિચારણાનું કેન્દ્ર છે અહમ્, વ્યક્તિમય વિચારકની અંગત જાત. જ્યારે તેનાથી ઊલટું, અતિમાનસિક માનવ વધારે તો વિશ્વમય મન દ્વારા, કે ખુદ તેનાથી પણ વધારે ઊર્ધ્વમાં જઈને, વિચાર કરશે, અને તેનું વ્યક્તિત્વ એ એક કેન્દ્રના કરતાં વધારે તો પ્રસારણ અને વ્યવહાર માટેનું એક એવું પાત્ર હશે કે જ્યાં પરમાત્માનાં વિશ્વવ્યાપી વિચારો અને જ્ઞાન એકત્રિત થતાં હશે. મનોમય માનવના વિચારો

અને કર્મોનાં ક્ષેત્રનો આધાર રહે છે તેની મનોમયતા તથા તે મનોમયતાના અનુભવોના સાંકડાપણાની કે વિશાળતાની ઉપર. અતિમાનસિક માનવનું ક્ષેત્ર રહેશે સમગ્ર પૃથ્વી તથા તેની પાછળ રહેલા અસ્તિત્વના સર્વ પ્રદેશો. છેલ્લી વાત એ કે મનોમય માનવ હાલના જીવન–સ્તર પર રહીને જ વિચારે છે અને જુએ છે (જોકે તેમાં ઊર્ધ્વતા પ્રત્યે અભીપ્સા હોઈ શકે છે), અને તેના દૃષ્ટિ–પટમાં ચારે બાજુએ હોય છે અંતરાયો. તેનાં જ્ઞાન અને કર્મોના મુખ્ય પાયારૂપ હોય છે વર્તમાન; સાથે હોય છે ભૂતકાળ પરની નજર તથા તેનાં દબાણની કથોરી ઝડપાએલી અસર; તેમ જ ભાવિમાં આંધળો દૃષ્ટિ–પાત. તે પાર્થિવ–અસ્તિત્વની પ્રત્યક્ષ હકીકતોના પાયા પર ઊભો રહે છે, શરૂઆતમાં બાહ્ય જગતની હકીકતો પર (કે જેની સાથે તેના આંતરિક વિચારો અને અનુભવોને સો ટકા નહિ તો નેવુ ટકા તો તેને જોડી રાખવાની ટેવ પડી ગએલી છે), અને પછીથી, પોતાની આંતર–જાતના સાવ ઉપરછલ્લા ભાગની પરિવર્તન–શીલ પ્રત્યક્ષતાઓ પર. મનોમયતામાં તે આગળ વધતાં પેલી પ્રત્યક્ષતાઓમાંથી ઊભી થતી શક્યતાઓ પ્રત્યે વધારે છૂટથી આગળ વધે છે અને તેમને ઓળંગી પણ જાય છે; તેનું મન સંભાવિતતાના વધારે વિશાળ ક્ષેત્રને હાથમાં લે છે; પણ મોટે ભાગે, આ બધાથી તેને સંપૂર્ણ વાસ્તવિકતા તો માત્ર તેટલે જ અંશે હાથ લાગે છે કે જેટલે અંશે તેમને પ્રત્યક્ષ હકીકતો સાથે સંબંધ હોય અને જેટલે અંશે તેમને અહીંયાં, આજે નહિ તો કાલે, પ્રત્યક્ષ હકીકત બનાવી શકાય તેમ હોય. વસ્તુઓની પાછળના સાચા તત્ત્વને માત્ર આ હકીકત–મયતાના એક પરિણામ તરીકે, તેની સાથેના સંબંધ અને આધારની નજરે જોવાનું (જો જોવાનો જરાતરા પણ યત્ન કરે તો) તેનું વલણ હોય છે; આથી તે તેમને હમેશાં ભ્રામક પ્રકાશમાં કે મર્યાદિત માપમાં જ જુએ છે. આ બધી જ બાબતોમાં અતિમાનસિક માનવ તો તેનાથી ઊલટા જ તત્ત્વથી, સત્ય–દર્શનમાંથી જ પ્રારંભ કરશે.

અતિમાનસિક પુરુષ, વિજ્ઞાન–મય પુરુષ વિશાળ વિસ્તારવાળી ઊર્ધ્વતામાંથી વસ્તુઓને જુએ છે અને સર્વોચ્ચ અવસ્થામાં તો અનંતતાના વિસ્તારોમાંથી જુએ છે. તેની દૃષ્ટિ વર્તમાનના દૃષ્ટિબિંદુમાં જ મર્યાદિત નથી હોતી પણ સમયના સાતત્યમાં કે તેનાથી પણ પર પરમાત્માની અવિભાજ્યતાઓમાં જોઈ શકે છે. તે સત્યને તેના યથાર્થ ક્રમમાં જુએ છે; પહેલાં અસલ તત્ત્વમાં, પછી તેમાંથી ઊભી થતી શક્યતાઓમાં અને તે પછી, છેક છેવટે જ, તેની ઇન્દ્રિય–ગોચર–પ્રત્યક્ષ અવસ્થાઓમાં રહેલા સત્યને એ જુએ

છે. તેની નજરમાં તાત્ત્વિક સત્યો સ્વયંભૂ હોય છે, આપ-મેળે દેખાતાં હોય છે, આ કે તે વાસ્તવિક અવસ્થાની સાબિતી પર આધાર રાખતાં નથી; સંભાવિત સત્યો સતનાં નિજી, તેમ જ વસ્તુઓમાં રહેલાં, સામર્થ્યનાં સત્યો હોય છે, શક્તિની અનંતતાનાં સત્યો હોય છે, અને આ કે તે વાસ્તવિક અવસ્થારૂપે ભૂતકાળમાં કે વર્તમાનમાં થયેલી પ્રત્યક્ષતાઓથી તેમ જ આપણે જેને સમસ્ત પ્રકૃતિ માની લઈએ છીએ તેવાં ગતાનુગતિક, ઉપર-છલ્લાં સ્વરૂપોથી પણ તદ્દન સ્વતંત્ર એવાં વાસ્તવિક હોય છે; અને હકીકતરૂપ અવસ્થાઓ તો પોતે જેને જુએ છે એવાં સંભાવ્ય સત્યોમાંથી થએલી માત્ર પસંદગી હોય છે, તેમના પર આધારિત હોય છે, મર્યાદિત અને પરિવર્તનશીલ હોય છે. વર્તમાનના, પ્રત્યક્ષ અવસ્થાના, હકીકતોના તાત્કાલિક વિસ્તારના, કર્મ-પ્રવાહના તાત્કાલિક ધક્કા કે દબાણના, એ સર્વના જોર-જુલ્મોનું વિજ્ઞાનમય પુરુષના વિચાર અને સંકલ્પ પર જરા પણ જોર હોતું નથી, અને તેથી, અતિ વિશાળ જ્ઞાન પર પ્રતિષ્ઠિત અતિ વિશાળ સંકલ્પ-શક્તિ તે ધારણ કરી શકે છે. તે વસ્તુઓને જુએ છે તે વર્તમાન હકીકતો અને ઘટનાઓનાં જંગલથી ઘેરાએલા પ્રદેશમાં ઊભેલા લોકોની માફક નહિ પણ ઊર્ધ્વમાંથી; તે તેમને બહારથી કે તેમની સપાટી પરથી તપાસતો નથી પણ તેમની અંદરથી અને તેમના કેન્દ્ર-રૂપ સત્યમાંથી જુએ છે; તેથી જ તે દિવ્ય સર્વજ્ઞતાની નજદીક છે. તે સંકલ્પો કરે છે અને સક્રિય બને છે તે ઉત્તુંગ શિખર પરથી, અને કાલની લંબાણ ગતિ વડે અને કર્મ-સામર્થ્યની અનેકવિધતા વડે; તેથી જ તે દિવ્ય સર્વ-સમર્થતાની નજદીક છે. તેની જાત પળ પળના પ્રવાહમાં પુરાએલી નથી; ભૂતકાળ પર તેની પૂર્ણ સત્તા છે અને ભાવિ પર તે સજાગ રીતે પથરાએલી છે. તે મર્યાદા મૂકતા અહમ્‌માં કે અંગત મનમાં પુરાએલો નથી, પણ વિશ્વમયતાની મુક્તિમાં, ભગવાનમાં અને પ્રાણી માત્રમાં અને પદાર્થ માત્રમાં જીવંત-રૂપે વસે છે. તે ભૌતિક મનના જડ શરીરમાં પુરાએલો નથી પણ આત્માના પ્રકાશમાં અને આત્મ-તત્ત્વની અનંતતામાં વિસ્તરેલો છે. તે જીવાત્મા અને મનને માત્ર એક શક્તિ અને ગતિ તરીકે અને જડ તત્ત્વને આત્મ-તત્ત્વના એક પરિણામ-ભૂત સ્વરૂપ તરીકે જુએ છે. તેના સમસ્ત વિચારો એવા પ્રકારના હશે કે જેનો ઉદ્‌ભવ જ્ઞાનમાંથી થતો હશે. ઘટનાત્મક જીવનની બધી જ બાબતોને તે આધ્યાત્મિક પુરુષની વાસ્તવિકતાના પ્રકાશમાં તથા સક્રિય આધ્યાત્મિક તત્ત્વની શક્તિ દ્વારા જુએ છે અને પાર પાડે છે.

શરૂઆતમાં, જ્યારે વિચાર આ ઊર્ધ્વતર અવસ્થામાં પરિવર્તન

પામવાનું શરૂ કરે ત્યારે, થોડા કે વધારે વખત સુધી, થોડા કે વધારે પ્રમાણમાં તે મનની જ રીતે કાર્ય કરવાનું ચાલુ રાખશે ખરો, પણ તેમાં વધારે ઉચ્ચ પ્રકાશ હશે, અને મુક્તિ તથા અતિક્રમણના ઉડ્ડયન અને અવકાશ અને ગતિ એમાં વધ્યા કરશે. પછીથી મુક્તિ અને અતિક્રમણ આગળ પડતાં બનવા માંડશે; ગમે તેટલી મુશ્કેલીઓ કે પતનના ઊથલાઓ આવે તેમ છતાં, જ્યાં સુધી સંપૂર્ણ સ્વામિત્વ ના સ્થપાય અને પૂર્ણ રૂપાંતર પાર ના પડે ત્યાં સુધી વિચાર-વશ મનની વિવિધ ગતિઓમાં એક પછી એક દૃષ્ટિ-પલટા અને પદ્ધતિનાં પરિવર્તન થવાનું ચાલુ જ રહેશે. સામાન્ય રીતે અતિમાનસિક જ્ઞાન, સહુથી પહેલાં અને વધારેમાં વધારે સરળતાથી, શુદ્ધ-ચિંતન અને જ્ઞાનની ક્રિયાઓમાં સુવ્યવસ્થિત થશે; કારણકે અહીં જ માનવ-મનનું ઊર્ધ્વતા તરફ વલણ થએલું હોય છે અને અહીં જ તે વધારેમાં વધારે મુક્ત હોય છે. તે પછી, અને જરા ઓછી સરળતાથી, તે વ્યવહારુ વિચાર અને જ્ઞાનની ક્રિયાઓમાં વ્યવસ્થિત સ્વરૂપ લેવા માંડશે, કારણકે ત્યાં જ માનવ-મન વધારેમાં વધારે ચંચળ હોય છે અને પોતાની નિમ્ન પદ્ધતિઓથી વધારેમાં વધારે બંધાએલ તેમ જ તેમને ચોંટેલું હોય છે. આખરી અને કઠિનમાં કઠિન વિજય તો હશે ત્રિકાલ-દૃષ્ટિની પ્રાપ્તિનો, કારણકે હજી સુધી માનવ-મન સમક્ષ તે રહેલી છે એક અટકળ બાજી કે એક શૂન્યતા. આ બધાંમાં આત્માની લાક્ષણિક રીત તો એકસરખી એ જ રહેવાની કે તેણે જે શરીર ધારણ કરેલું છે તેને તેની અંદરથી નહિ પણ સાધેસીધો જ તેની ઉપરથી અને ચારે બાજુથી જોશે અને સંકલ્પ-બળ અજમાવશે; અને તાદાત્મ્ય-મય અતિમાનસિક જ્ઞાન, અતિમાનસિક દૃષ્ટિ, અતિમાનસિક વિચાર અને અતિમાનસિક વાણી પણ અલગ અલગ રીતે કે એક સંયુક્ત ગતિથી એ જ કાર્ય કરશે.

તો, અતિમાનસિક વિચાર અને જ્ઞાનના સામાન્ય ગુણ-ધર્મ આવા રહેશે અને આ જ હશે તેની મુખ્ય શક્તિઓ અને કાર્ય. હવે વિચાર કરવાનો આવે છે તેનાં વિશિષ્ટ કરણોનો, અતિમનસ હાલના માનવ-મનનાં વિવિધ તત્ત્વોમાં કેવું પરિવર્તન કરશે તેનો તથા વિચારને તેનાં ઘટકો, આશાઓ અને સામગ્રી આપનારી વિશિષ્ટ પ્રવૃત્તિઓનો.

## પ્રકરણ : ૨૩

# અતિમનસનાં કરણો : વિચાર–શક્તિની સક્રિયતા

અતિમનસ, દિવ્ય વિજ્ઞાન, એ આપણી ચેતનાથી કોઈક તદ્દન વિજાતીય વસ્તુ નથી : એ છે આત્માનું એક વધારે ઉચ્ચ ઊર્ધ્વ કોટિનું કરણ, અને આપણી સામાન્ય ચેતનાની સર્વે ક્રિયાઓ એ આ અતિમનસમાંનાં મર્યાદિત અને નીચલી કોટિનાં અવાંતરો છે; કારણકે આ બધી છે તાત્કાલિક અજમાયશો અને ઊભી કરેલી રચનાઓ, જ્યારે પેલી છે આત્માની સાચી અને સર્વાંગ–સુંદર, સહજ અને સંવાદી પ્રકૃતિ અને સક્રિયતા. આથી જ આપણે જ્યારે મનમાંથી અતિમનસમાં આરોહણ કરીએ છીએ ત્યારે નવીન ચેતન–શક્તિ આપણા અંતરાત્માની, મનની અને જીવનની ક્રિયાઓને ઇન્કાર કરતી નથી પણ તેમને ઊંચે ઉઠાવે છે, વિશાળ બનાવે છે અને તેમનું રૂપાંતર કરે છે. તે તેમને ઉદાત્ત બનાવે છે તથા તેમનાં સામર્થ્ય અને સક્રિયતામાં મહાન અને વધારે મહાન વાસ્તવિકતાઓને સદાય ઉમેર્યે જાય છે. તો વળી તે મનની અને ચૈત્યસિક અંગોની અને જીવનની શક્તિઓનું અને ક્રિયાઓનું રૂપાંતર કરીને અટકી જતા નથી, પણ આજે આપણને જે ગુહ્ય, અજાયબ રીતે ચૈત્યસિક અને અસાધારણ વસ્તુઓ લાગે છે તેવી વિરલ શક્તિઓને તથા આપણી પ્રચ્છન્ન જાતનાં આગવાં સામર્થ્ય અને જ્ઞાનને પ્રગટ કરે છે, અને તેમનું રૂપાંતર પણ કરે છે. આ બધી વસ્તુઓ અતિમાનસિક પ્રકૃતિમાં જરા પણ અસાધારણ નથી રહેતી પણ પૂરેપૂરી સ્વાભાવિક અને સામાન્ય બની જાય છે, અલગ વસતી ચૈત્યસિક નહિ પણ આત્માનાં અંગરૂપ બની જાય છે, ગુહ્ય અને વિચિત્ર નહિ પણ સીધેસીધું, સીધુંસાદું, સ્વભાવ–ગત અને સહજ કાર્ય બની જાય છે. આત્મા એ જાગ્રત ભૌતિક ચેતનાની માફક જરા પણ મર્યાદિત નથી હોતો અને જ્યારે અતિમનસ જાગ્રત ચેતનાને પકડમાં લે છે ત્યારે તે તેને ભૌતિકતામાંથી મુક્ત કરે છે, મર્યાદાઓમાંથી બહાર કાઢે છે, તથા ભૌતિકતા અને ચૈત્યસિકતાને આધ્યાત્મિક પુરુષની પ્રકૃતિમાં પલટી નાખે છે.

અગાઉ ઉલ્લેખ કર્યા પ્રમાણે વધારેમાં વધારે જલદીથી વ્યવસ્થિત

કરી શકાય તેવી માનસિક ક્રિયા છે : શુદ્ધ ચિંતનભર્યું જ્ઞાન. સર્વોચ્ચ સ્તર પર તે, સત્ય જ્ઞાનમાં, અતિમાનસિક વિચાર અને અતિમાનસિક દૃષ્ટિમાં, તાદાત્મ્યમય અતિમાનસિક જ્ઞાનમાં રૂપાંતર પામે છે. આ અતિમાનસિક જ્ઞાનના અસલ તાત્ત્વિક કાર્યનું વર્ણન આ આગળના પ્રકરણમાં આવી ગયું. તેમ છતાં, આ જ્ઞાનને બાહ્ય રીતે અજમાવતાં તે કેવી રીતે કાર્ય કરે છે તથા અસ્તિત્વની સામગ્રી સાથે તે કેવી રીતે કામ પાડે છે એ જોઈ જવું જરૂરી છે. આ બાબતમાં મનોમય કાર્યના કરતાં તે, સૌથી પહેલાં તો, એ રીતે જુદું પડે છે કે મનને જે ક્રિયાઓ સૌથી વધારે ઊંચી અને મુશ્કેલ લાગે છે તેમને તે સ્વાભાવિક રીતે કામમાં લે છે; મનની માફક તે અટકી અટકીને ઊંચે ચડવાની શ્રમ-ભરી રીતે નહિ કે પોતાની અને પોતાનાથી નીચેની ભૂમિકાઓની મર્યાદાઓ વેઠી વેઠીને નહિ પણ ઉપરથી શરૂઆત કરીને તે તેમની અંદર અને તેમની ઉપર, પોતાનું કાર્ય નીચે ને નીચે ઉતારતું જાય છે; ઊર્ધ્વ ક્રિયાઓને નિમ્ન સહાય પર આધાર રાખવો પડતો નથી, પણ નિમ્ન ક્રિયાઓ માર્ગદર્શન માટે તેમ જ પોતાના અસ્તિત્વ માટે ઊર્ધ્વની ક્રિયાઓ ઉપર આધાર રાખે છે. આથી રૂપાંતર વડે મનની નિમ્ન ક્રિયાઓની માત્ર ખાસિયત જ નથી બદલાતી પણ તેઓ માત્ર ગૌણ ક્રિયાઓ જ બની જાય છે. વળી મનની ઊર્ધ્વ ક્રિયાઓની ખાસિયતો પણ બદલાઈ જાય છે કારણકે અતિમાનસિક બની જવાથી તેઓ સર્વોચ્ચ જ્ઞાનમાંથી, આત્મ-જ્ઞાન કે અનંત જ્ઞાનમાંથી, પ્રકાશ મેળવવાનું શરૂ કરે છે.

આ હેતુને ખાતર એમ કહી શકાય કે મનની સામાન્ય વિચાર-ક્રિયા ત્રિ-વિધ ગતિની બનેલી છે. તેમાંની સહુથી પહેલી, નીચામાં નીચી, અને દેહ-નિવાસી મનોમય પુરુષને માટે વધારેમાં વધારે જરૂરી ગતિ એટલે એવું ચીલાચાલુ વિચાર-પ્રધાન મન કે જે પોતાના વિચારોને ઇન્દ્રિયોએ તેમ જ નાડીમય અને ઊર્મિ-પ્રધાન જાતના સપાટી પરના અનુભવોએ આપેલી સામગ્રી ઉપર તથા શિક્ષણ અને બાહ્ય જીવન તથા સંજોગોને પરિણામે ઘડાએલા રૂઢ ખ્યાલની ઉપર પોતાના વિચારોને સ્થાપિત કરે છે. આ ચીલાચાલુ મન બે પ્રકારની ગતિ કરે છે; પહેલો પ્રકાર : ભૌતિક, પ્રાણમય, ઊર્મિમય, વ્યવહારુ અને ટૂંકી બુદ્ધિના ખ્યાલો અને અનુભવોના એકના એક કૂંડાળામાં ચક્કર ચક્કર ફર્યા ફરતા, યંત્રવત્ પુનરાવર્તન કર્યા કરતા વિચારો-રૂપ, તળિયે સતત વહ્યા કરતો પ્રવાહ; અને બીજો : મનને સ્વીકારવા પડતા નવા અનુભવો પર વધારે સક્રિયતાથી કાર્ય કરતો અને તેને ચીલાચાલુ વિચાર-ક્રિયામાં પલટી નાખતો પ્રકાર. સામાન્ય કક્ષાના માનવ-

ની મનોમયતા આ ચીલાચાલુ મનમાં જ મર્યાદિત થએલી હોય છે અને પોતાના કૂંડાળાની બહાર જતાં તેની ગતિ ખૂબ જ કથોરી થઈ જાય છે.

વિચાર-ક્રિયાની બીજી કક્ષા એટલે એવું, વ્યવહાર-લક્ષી વિચારોવાળું મન કે જે પ્રાણમય જીવનથી ઊંચે ગએલું હોય છે અને શુદ્ધ વિચાર અને પ્રાણ-શક્તિની વચ્ચે, જીવનના સત્યની અને, જીવનમાં સાકાર નહિ થએલા વિચારના સત્યની વચ્ચે એક લવાદ તરીકે રચનાત્મક કાર્ય કરે છે. તે જીવનમાંથી સામગ્રી ભેગી કરે છે અને તેમાંથી તથા તેની ઉપર એવા સર્જનાત્મક ખ્યાલો ઊભા કરે છે કે જે જીવનના વધુ વિકાસ માટે સક્રિય થઈ શકે; તો વળી બીજી બાજુએ એ મનોમય પ્રદેશમાંથી કે, વધારે પાયારૂપે તો, અનંતની વિચાર-શક્તિમાંથી નવા વિચારો અને માનસિક અનુભવો ઝીલે છે અને તરત જ તેમને મનોમય વિચાર-શક્તિ તરીકે અને હકીકત-મય હયાતી અને જીવનની શક્તિ તરીકે ફેરવી નાખે છે. આ વ્યવહાર-લક્ષી વિચાર-મનનું પૂરેપૂરું વલણ હોય છે : આંતરિક તેમ જ બાહ્ય કાર્યો અને અનુભવો તરફ (આંતરિક કાર્યો અને અનુભવો, વાસ્તવિકતાને વધારે સંપૂર્ણતાથી સંતોષવા ખાતર, બહારની બાજુએ ફેંકાતાં હોય છે અને બાહ્ય કાર્યો અને અનુભવો આંતરિકમાં અંદર ખેંચાતાં હોય છે અને ત્યાં તેમની સાથે નવરચનાઓ માટે એકરસ થઈને અને પરિવર્તન પામીને ફરી બહાર આવતાં હોય છે). મનની આ કક્ષા પરના વિચારોમાં આત્માને માત્ર —અથવા તો મુખ્યત્વે—તો એટલા માટે રસ હોય છે કે તેઓ કર્મો અને અનુભવોના પ્રદેશને વિસ્તારવા માટેનાં સાધન છે.

વિચાર-ક્રિયાની ત્રીજી કક્ષા આપણામાં એવું ચિંતનશીલ મન ખુલ્લું કરી આપે છે કે જે, વિચારના પોતાના સત્યનો કર્મો અને અનુભવોને ખાતર જે કાંઈ ઉપયોગ હોય તેના ઉપર આધાર રાખવાની જરૂરિયાત જોયા વિના, નિર્લિપ્તતાથી, એ સત્યના પોતાનામાં જ વિહરે છે. તે ઇન્દ્રિયોએ તથા ઉપર-છલ્લા આંતર-અનુભવોએ આપેલી સામગ્રી તપાસે છે ખરું પણ, જે વિચારનાં, જે સત્યનાં તેઓ સાક્ષી હોય તે વિચાર કે સત્યને શોધવા માટે જ, તથા તેમને જ્ઞાનનાં અંગરૂપ બનાવી દેવા માટે જ. જીવનમાં ચાલતા મનના સર્જનાત્મક કાર્યને પણ તે એ જ રીતે અને એ જ હેતુથી તપાસી જુએ છે. તે મગ્ન હોય છે જ્ઞાનમાં, તેનું એકમાત્ર લક્ષ્ય હોય છે ચિંતનનો આનંદ, સત્યની શોધ, પોતાને અને દુનિયાને, તેમ જ પોતાનાં અને દુનિયાનાં કર્મો-ની પાછળ જે કાંઈ રહેલું હોય તેને જાણવાનો યત્ન. આ ચિંતનશીલ મન એ જ છે આપ-મેળે, આપ-બળે, વિશિષ્ટ રીતે તેમ જ પોતાના જ હેતુને

ખાતર, કાર્ય કરતી બુદ્ધિનું સર્વોચ્ચ શિખર.

બુદ્ધિની આ ત્રિ-વિધ ગતિનો યોગ્ય સંગમ અને સુમેળ કરવો એ માનવ-મન માટે મુશ્કેલ છે. સામાન્ય માનવ મુખ્યત્વે ચીલાચાલુ મનમાં વસે છે; તેનામાં સર્જનશીલ અને વ્યવહાર-લક્ષી મનનું કાર્ય પ્રમાણમાં નબળું હોય છે; અને શુદ્ધ ચિંતનશીલ મનોમય ગતિનો તો ખુદ ઉપયોગ કરવામાં કે તેમાં પ્રવેશ કરવામાં પણ તે ખરેખરી મુશ્કેલી અનુભવે છે. સર્જનશીલ અને વ્યવહાર-લક્ષી મન સામાન્ય રીતે પોતાની જ ચાલમાં એટલું બધું રોકાએલું રહે છે કે જેથી તે શુદ્ધ ચિંતનશીલ કક્ષાના વાતાવરણમાં છૂટથી અને અલિપ્તતાથી ફરી શકતું નથી; તો વળી, બીજી બાજુએ, ચીલાચાલુ મનોવૃત્તિના તથા તેણે ઊભા કરેલા અંતરાયોના પરિણામે પોતાની સામે ખડી થતી વાસ્તવિકતાઓ પર ઘણે ભાગે તેની પકડ કાચી હોય છે; અને એ જ પ્રમાણે, પોતાને જ જે વ્યવહારુ વિચાર અને કર્મનું ચણતર કરવામાં રસ હોય તેના સિવાયની, પોતાની જ કક્ષાની બીજી ક્રિયાઓ ઉપર પણ તેની પકડ અધૂરી જ હોય છે. શુદ્ધ ચિંતનશીલ મનોવૃત્તિનું વલણ સત્યની અમૂર્ત અને મનમાની પદ્ધતિઓ, બૌદ્ધિક ખંડો અને ચિંતનમય મહેલાતો ઊભાં કરવાનું હોય છે; અને કાં તો, જીવનને માટે જરૂરી એવી વ્યવહારુ રીતો વીસરી જઈને તે માત્ર, કે મુખ્યત્વે, વિચારોની જ સૃષ્ટિમાં વસવા માંડે છે, કે પછી જીવનના મેદાનમાં પૂરતા સામર્થ્યથી કે પ્રત્યક્ષતાથી કાર્ય કરી શકતું નથી; અને વ્યવહારુ અને રૂઢ મનોવૃત્તિની દુનિયાથી અલગ પડી જવાનો કે તેમાં નિર્બળ સાબિત થવાનો ખતરો તેને માટે ઊભો થાય છે. પરસ્પરને નિભાવી લેવાનો કાંઈક યત્ન કરવા છતાં પોતપોતાની કક્ષાની આગળ પડતી વૃત્તિની બળજબરી ચિંતનમય પુરુષની સમગ્રતા અને એકતામાં વચ્ચે આવે છે. મન ખુદ પોતાની જ સમગ્રતાનું નિશ્ચિત સ્વામી બનવામાં નિષ્ફળ જાય છે, કારણકે એ સમગ્રતાનું રહસ્ય તો રહેલું છે તેનાથી પર, આત્માની મુક્ત એકતામાં, જે મુક્ત છે અને તેથી અનંત અનેકતા અને વિવિધતા ધારણ કરવા સમર્થ છે એવા આત્માની એકતામાં, તથા અતિમનસની શક્તિમાં, કે જે એકમાત્ર જ, આત્માના ઐક્યની જીવંત, અનેકવિધ ગતિને સ્વાભાવિક પરિપૂર્ણતાથી બહાર લાવી શકે તેમ છે.

અતિમનસ પોતાની પૂર્ણાવસ્થામાં મનની ચિંતનક્રિયાનો આખો જ ક્રમ અવળો કરી નાખે છે. તે ઇન્દ્રિય-ગોચર ઘટનાઓમાં નહિ પણ તત્ત્વમાં, આત્મામાં રહે છે અને સર્વસ્વને આત્માની જાત તરીકે અને તેની શક્તિ અને સ્વરૂપ અને ગતિ તરીકે જુએ છે; અને અતિમનસમાં સર્વે વિચારો

તથા વિચારની સર્વે ક્રિયાઓ પણ એ જ લક્ષણવાળી હોવાની. તેમાંની સર્વે ચિંતન-ક્રિયા પ્રાણીમાત્ર સાથે તાદાત્મ્ય સાધી કાર્ય કરતા આધ્યાત્મિક જ્ઞાનનું અને અતિમાનસિક દૃષ્ટિનું જ એક સ્વરૂપ હોય છે. તેથી તે મુખ્યત્વે આત્માના અને સત્તાનાં (અને આપણી હાલની ચેતનાને જે કાંઈ અ-સત્તા લાગે છે તેનાં પણ ખરાં જ); તેમ જ એ સત્તાનાં ચૈતન્ય અને અનંત શક્તિ અને આનંદના, સનાતન, તાત્ત્વિક અને વિશ્વમય સત્યમાં ગતિ કરે છે, અને તેનું પ્રત્યેક વિશિષ્ટ ચિંતન પણ આ સનાતન સત્યતાઓનાં સામર્થ્યમાંથી ઉત્પન્ન થાય છે અને તેની જ ઉપર આધાર રાખે છે. તે વળી સાથે સાથે તે આ શાશ્વતીની સત્તાનાં સત્યોનાં અનંત પાસાંઓ અને અજમાયશો અને અનુક્રમો અને સુમેળો સાથે પણ નિરાંત-ભર્યો વ્યવહાર કરી શકે છે. તેથી શુદ્ધ ચિંતન-શીલ મનની ક્રિયાઓ જેને શોધવા અને પામવા માટેની મથામણો કરતી હોય છે તે બધું તેના શિખર-શા પ્રદેશોમાં તો હમેશા વિચરતું હોય છે; અને તેના નિમ્ન પ્રદેશોની પ્રકાશ-મય ગ્રહણ-શીલતામાં પણ આ બધી બાબતો મોજૂદ હોય છે, નજદીક હોય છે, કે સુપ્રાપ્ય તેમ જ સુલભ હોય છે.

પણ જો સર્વોચ્ચ સત્યો કે શુદ્ધ ખ્યાલો એ ચિંતન-શીલ મનની સમક્ષ અમૂર્તતાઓ હોય છે — કારણકે મન અર્ધું ઇન્દ્રિય-ગોચર ઘટનાઓમાં અને અર્ધું બુદ્ધિએ ઊભી કરેલી રચનાઓમાં રહે છે, અને ઊર્ધ્વ વાસ્તવિકતાઓને પહોંચવા માટે તેને અમૂર્તતાની પદ્ધતિ હાથ ધરવી જ પડે છે — તો અતિમનસ આત્મ-તત્ત્વમાં વસે છે અને તેથી, આ ખ્યાલો અને સત્યો જેના પ્રતિનિધિ છે અથવા તો તેઓ તેમનાં મૂળમાં જે અસલ વસ્તુ છે ત્યાં જ તે વસે છે અને તેમને સાચી રીતે સાક્ષાત અનુભવતું હોય છે, માત્ર તેમનું ચિંતન કરતું નથી હોતું પણ ચિંતન-ક્રિયામાં પણ તેમને અનુભવતું હોય છે અને તેના અસલ પદાર્થ સાથે એકરૂપ બની જતું હોય છે અને તેની સમક્ષ તેઓ, જે કાંઈ વધારેમાં વધારે પદાર્થમય હોઈ શકે તેવી વસ્તુઓ હોય છે. ચેતનાનાં અને મૂળભૂત સત્તાનાં સત્યો એ અતિમનસ સમક્ષ વાસ્તવિકતાનો અસલ પદાર્થ પોતે જ હોય છે, અને સત્તાની બાહ્ય ગતિ અને સ્વરૂપના કરતાં વધારે નિકટતાથી તથા એમ કહી શકાય કે, પૂરી ઘનિષ્ઠતાથી વાસ્તવિક હોય છે; અલબત્ત, આ બાહ્ય સ્વરૂપ અને ગતિ એ પણ તેની સમક્ષ સત્યની જ ગતિ અને સ્વરૂપ હોય છે, — અતિમાનસિક બનેલા મનની અમુક ક્રિયામાં જણાય છે તે પ્રમાણે એક ભ્રાંતિ નહિ, "માયા" નહિ. વિચાર એ પણ તેને માટે યથાર્થ-વિચાર, સત્ય-વિચાર હોય છે,

સચેતન સત્તાની વાસ્તવિકતાનો અસલ પદાર્થ હોય છે, સત્યનાં પદાર્થમય પ્રાગટ્યને માટેની, એટલે જ સર્જન માટેની શક્તિથી સભર હોય છે.

વળી, શુદ્ધ ચિંતન-શીલ મનનું વલણ જો એવાં મનફાવતાં તંત્રો ઊભાં કરવાનું હોય છે કે જે સત્યનાં મનોમય અને આંશિક ચણતરો હોય છે, તો અતિમનસ એ કાંઈ કોઈ નિરૂપણો કે તંત્રોથી બંધાએલું નથી હોતું, — જોકે અનંત પુરુષના વ્યવહાર-લક્ષી હેતુઓને ખાતર તે સત્યના જીવંત પદાર્થનાં નિરૂપણો અને વ્યવસ્થાઓ અને રચનાઓ કરવામાં પૂરેપૂરું નિષ્ણાત હોય છે જ. મનને જ્યારે તેની અલગતાઓમાંથી, તંત્ર-રચનાઓમાંથી, પોતાનાં ચણતરો માટેની આસક્તિમાંથી મુક્ત કરી દેવામાં આવે છે ત્યારે તે અનંતની અનંતતામાં ભૂલી પડી જાય છે, તેને તે એક અંધાધૂંધી — ભલેને પ્રકાશ-પૂર્ણ અંધાધૂંધી — લાગે છે, તેની તંત્રો રચવાની શક્તિ ચાલી જાય છે અને તેથી નિશ્ચયાત્મક રીતે તે વિચાર કે કાર્ય પણ કરી શકતું નથી; કારણકે આ અનંતતામાં તો બધી જ વસ્તુઓ, ખુદ તદ્દન વિજાતીય અને વિરોધી વસ્તુઓ પણ કોઈક સત્યનો નિર્દેશ કરતી હોય છે, અને છતાં, મન જેનો વિચાર કરી શકતું હોય એવી એક પણ વસ્તુ તેમાં પૂરેપૂરી સત્ય નથી હોતી, અને અનંતતામાંથી આવતા કોઈ પણ નવા સૂચન-રૂપ કસોટી સમક્ષ તેની સર્વે તંત્ર-રચનાઓ તૂટી પડતી હોય છે. તે દુનિયાને કોઈ અદ્ભુત ઇન્દ્ર-જાળ તરીકે અને વિચારોને પ્રકાશ-પૂર્ણ અનિશ્ચિત-સત્માંથી ઊઠતી ચિનગારીઓના એક ગોટાળા તરીકે જોવા લાગે છે. અતિમાનસિક અફાટતા અને મુક્તતાનો સપાટો લાગતાં મન બાધું બની જાય છે, એ અફાટતામાં તેને ક્યાંય પગ ટેકવવાનું ઠેકાણું જડતું નથી જ્યારે અતિમનસ તો ઊલટાનું, પોતાની અનંત આઝાદી માણવા છતાં અને અનંત વિશાળતાભરી પોતાની જાતમાં આનંદ-મગ્ન રહેવા છતાં, પોતાની મુક્તાવસ્થાના તોરમાં પોતાના વિચારોની સંવાદિતાઓ અને આત્માની અભિવ્યક્તિઓને વાસ્તવિકતાની નક્કર ભૂમિ ઉપર ઊભી કરી શકે છે. તે જે કાંઈ છે, અને કરે છે, અને જીવે છે તેની માફક તે જે કાંઈ વિચારે છે તે બધું પણ સત્યની, સત્ય-ધર્મની, વિશાળતાની, सत्यम्-ऋतम्-बृहत्‌ની ક્રિયાઓ હોય છે.

આ સમગ્રતાનું પરિણામ એ હોય છે કે મનના મુક્ત, નિષ્પક્ષ, નિઃસીમ એવા શુદ્ધ ચિંતનને મળતા અતિમનસના મુક્ત તત્ત્વ-ચિંતન અને તેના સહેતુક અને નિર્ધારક એવા સર્જક અને વ્યવહાર-લક્ષી ચિંતન એ બેની વચ્ચે કોઈ ભાગલા કે અસંગતતા નથી હોતાં. અસ્તિત્વની અનંતતા, સ્વાભાવિક રીતે જ આવિર્ભાવની સંવાદિતાઓ માટેની મુક્તિ બની જાય છે.

અતિમનસ કર્મોને હમેશાં પરમાત્માનાં આવિર્ભાવ અને અભિવ્યક્તિ તરીકે જુએ છે અને સૃષ્ટિને પરમ અનંતતાનાં આત્મ-પ્રાગટ્ય તરીકે જુએ છે. તેના સર્વ સર્જનશીલ અને વ્યવહાર-લક્ષી વિચારો એ આત્માના આવિર્ભાવ માટેનું એક કરણ, એ હેતુને માટેની એક પ્રકાશ-દાયિની શક્તિ હોય છે, એક બાજુએ શાશ્વત તાદાત્મ્ય તથા અપરિમેય પરમ સત્તાની અનંત નવીનતા અને વિવિધતા, અને બીજી બાજુએ વિશ્વમાં અને જીવનમાં તેની આત્મ-અભિવ્યક્તિ એ બેની વચ્ચે મધ્યસ્થ રૂપે હોય છે. અતિમનસ સદાય આને જ જોતું હોય છે અને સાકાર કરતું હોય છે; અને તેની ચિંતન-શીલ દૃષ્ટિ અને વિચારો તેની સમક્ષ પરમ-અનંતતાની ( કે જે, એક સનાતન તાદાત્મ્યને લીધે એ પોતે જ હોય છે અને જેમાં અસ્તિત્વ અને અવિર્ભાવનાં પોતાનાં સર્વ સામર્થ્ય સાથે તે વસતી હોય છે તે પરમ-અનંતતાની ) અપરિમેય એકતા અને અનેકવિધતાનો અર્થસ્ફોટ કરતા હોવા છતાં, તેમાં અનંત સંકલ્પ-શક્તિના, તપસ્ના, અસ્તિત્વનાં સામર્થ્યના ( કે જે, તેણે શાશ્વત કાલ-પ્રવાહની અનંતતામાંથી શું રજૂ કરવાનું છે, પ્રગટ કરવાનું કે સર્જવાનું છે તથા, અહીંયાં અને અત્યારે, અથવા કાળના કે વિશ્વના કોઈ પણ પ્રદેશમાં, તે શું કરશે તે નક્કી કરે છે તે સામર્થ્યના ) કર્મ-પ્રવાહ સાથે સંકળાએલ એક વિશિષ્ટ સર્જન-શીલ વિચાર પણ સદાય હાજર હોય છે.

અતિમનસ આ વ્યવહાર-લક્ષી ક્રિયાથી પણ મર્યાદિત થઈ જતું નથી; અને એ ક્રિયાને પરિણામે પોતે જે કાંઈ બને છે, અને પોતાના વિચારોમાં અને જીવનમાં જેનું સર્જન કરે છે તેના કોઈક ભાગને કે સમગ્ર પ્રવાહને તે પોતાની જાતનું કે પરમ-અનંતતાનું સંપૂર્ણ સત્ય માની લેતું નથી તે વર્તમાનમાં, કે અસ્તિત્વના કોઈ એક જ સ્તર ઉપર, પસંદગીપૂર્વક જે કાંઈ બને છે અને વિચારે છે અને કરે છે, માત્ર તેમાં જ સમાઈ રહેતું નથી; વર્તમાન વડે, અથવા જેના ટુકડાઓને આપણે 'વર્તમાન' કહીએ છીએ તેવા ક્ષણોના સતત પ્રવાહ વડે પોતાના અસ્તિત્વને પોષતું નથી. તે પોતાની જાતને માત્ર કાળની કે કાળમાં આવી વસેલી ચેતનાની એક ગતિ તરીકે અથવા સદાય થયે જ જતા આવિર્ભાવોના કોઈક જંતુ તરીકે જોતું નથી. પ્રાગટ્ય-પરંપરાથી પર એવી, અને સર્વ કાંઈ જેનું પ્રાગટ્ય છે એવી કાલાતીત સત્તા વિશે તે સચેતન હોય છે, કાલમાં પણ જે શાશ્વત તત્ત્વ છે તેના વિશે તે સચેતન હોય છે, અસ્તિત્વના અનેક સ્તરો વિશે તે સચેતન હોય છે; તે આવિર્ભાવનાં ભૂતકાળીય સત્ય વિશે તેમ જ હજી હવે ભવિષ્ય-માં પ્રગટ થનારાં, છતાં શાશ્વતીનાં આત્મ-દર્શનમાં તો પ્રત્યક્ષ થઈ ગયેલાં

અસ્તિત્વના સત્ય વિશે પણ સચેતન હોય છે. તે કર્મ-પ્રવાહની અને પરિવર્તનની સત્ય-રૂપ, વ્યવહાર-મય, વાસ્તવિકતાને એકમાત્ર સત્ય માની લેવાની ભૂલ કરતું નથી. તે જાણતું હોય છે કે શું ભૌતિક કે શું પ્રાણમય કે શું મનોમય કે શું અતિમાનસિક સ્તર પરની સૃષ્ટિ એ સનાતન સત્યનું માત્ર આત્મનિર્ણિત નિરૂપણ જ, શાશ્વતીનું માત્ર પ્રાગટ્ય જ છે, અને તેમ જ હોઈ શકે; વળી, પદાર્થ માત્રનું સત્ય શાશ્વતીમાં પહેલેથી જ અસ્તિત્વ ધરાવતું હોય છે તે વિશે પણ તે ખૂબ ઘનિષ્ઠ રીતે સ-જાગ હોય છે. આ દૃષ્ટિ ઉપર જ તેના સર્વે વ્યવહાર-લક્ષી વિચારો અને તેનાં પરિણામ-રૂપ કર્મો નિર્ધારિત હોય છે. અતિમનસમાં કર્તા એટલે દ્રષ્ટા અને ચિંતકની નિર્ણય-શક્તિ; આત્મ-નિર્માતા એટલે આત્મ-દ્રષ્ટાની શક્તિ; આત્મ-અભિવ્યક્તિ કરતો આત્મા એટલે અનંત આત્મ-તત્ત્વની શક્તિ. તે સર્વે સર્જનો અનંત આત્મા અને આત્મ-તત્ત્વમાંથી મુક્ત રીતે કરે છે, અને એ મુક્તિને લીધે તો, તેનાથી પણ વધારે ખાતરીથી અને નિશ્ચિતતાથી કરે છે.

આથી તે તેના વિશિષ્ટ આવિર્ભાવમાં કેદ થઈ જતું નથી કે તેનાં કર્મ-ચક્રમાં કે કર્મ-માર્ગમાં પુરાઈ જતું નથી. તે તેના સ્વનિર્ણિત સર્જનાત્મક આવિર્ભાવની પાછળ પોતાના સુનિશ્ચિત સંકલ્પ, ચિંતન અને કર્મને કામે લગાડે છે ત્યારે પણ અન્ય અવિર્ભાવોમાં રહેલ સંવાદિતાનાં સત્ય પ્રત્યે જેવી રીતે અને જેટલે અંશે ખુલ્લું રહે છે તેને મન કદી પણ પામી શકતું નથી. તે જ્યારે સંગ્રામ-શા કર્મમાં સામેલ થએલું હોય છે, ભૂતકાળના કે અન્ય ખ્યાલો અને વ્યવહારો અને આવિર્ભાવોને સ્થાને પોતાને સોંપાએલ ખ્યાલો અને વ્યવહારો અને આવિર્ભાવોના પ્રાગટ્યને સ્થાપવામાં રોકાએલ હોય છે ત્યારે પણ તે જેને ઉખેડી રહ્યું હોય છે તેનાં અને એ ઉખેડવામાં પણ જેને પાર પાડી રહ્યું હોય છે તેના સત્યને, તેમ જ, તે જેને સ્થાપી રહ્યું છે તેના સત્યને પણ જાણતું હોય છે. તો વળી તે જેને પ્રગટ કરી રહ્યું હોય છે, પસંદ કરી રહ્યું હોય છે, વ્યવહારમાં મૂકી રહ્યું હોય છે તેને માટેનાં સચેતન કર્મોથી પણ તે બંધાએલું હોતું નથી, પણ બરાબર એ જ સમયે પણ તે સમદૃષ્ટિથી પોતાના અને પારકાઓના વિશિષ્ટ, સર્જનાત્મક વિચારો અને નિર્ણયાત્મક કર્મોની યથાર્થતાનો પૂરેપૂરો આનંદ, આવિર્ભાવોનાં સ્વરૂપોની અને પ્રવાહોની પાછળ રહેલાં સત્યનો પરમાનંદ, માણતું હોય છે. જીવનના અને કર્મોના અને સર્જનના સમૃદ્ધિ-સભર, બહુવિધતાથી ભરેલા અને અનેક સ્તરો પરના સત્યને કેન્દ્રિત કરતા સર્વે વિચારો અને સંકલ્પો સંપૂર્ણપણે મુક્ત હોય છે તથા શાશ્વતીના અપરિમેય સત્યથી ઝળહળતા હોય છે.

અતિમાનસિક વિચાર અને ચેતનાની આ સર્જનશીલ અને વ્યવહાર-લક્ષી ગતિ પોતાની સાથે એક એવી ક્રિયા પણ આણે છે કે જે ચીલાચાલુ કે યંત્રવત્ મનોમયતાની ક્રિયાને મળતી હોવા છતાં તદ્દન જુદાં જ ગુણ-ધર્મવાળી હોય છે. તેમાં જે વસ્તુ સર્જાય છે તે એક સંવાદિતાનો પોતાનો જ આત્મ-નિર્ણય હોય છે; વળી એ બધી જ સંવાદિતાઓ તેણે પ્રત્યક્ષ જોયેલી કે તેને મળેલી રૂપરેખાને આધારે આગળ વધતી હોય છે તથા એક સતત સ્પંદન અને છંદ-મય પુનરાવર્તન ધારણ કરતી હોય છે. વિજ્ઞાનમય પુરુષના પ્રગટ થયેલા અસ્તિત્વની સંવાદિતાને વ્યવસ્થિત આકાર આપતો અતિમાનસિક વિચાર તે સંવાદિતાને સનાતન સિદ્ધાંતો પર પ્રતિષ્ઠિત કરે છે, જે સત્ય પ્રગટ થવાનું હોય છે તેને માટેની યથાર્થ પદ્ધતિ અનુસાર તેને આકાર આપે છે, તથા એ સંવાદિતાનાં બંધારણ માટે જે અનુભવ કે કાર્યો જરૂરી હોય છે તેનાં પુનરાવર્તનોનુ લાક્ષણિક સૂરો તરીકે ગુંજન કર્યા કરે છે. વિચારોમાં વ્યવસ્થા, સંકલ્પમાં આવર્તન અને ગતિમાં સુસ્થિરતા હોય છે. તો સાથે સાથે, તેનામાં રહેલી મુક્તિ તેને, થોડાક મર્યાદિત વિચાર-ભંડોળના યંત્રવત ચકરાવામાં ફર્યા કરતાં ચીલાચાલુ કર્મોની ખાંચમાં, એની એ જ રીતે ઘોળાયા કરવા દેતું નથી. ચીલાચાલુ મનની માફક તે રૂઢ અને જડ વિચાર-બીબાંને પાયારૂપ ગણી બધા નવા વિચારો અને અનુભવોને તેની સમક્ષ રજૂ કરતું નથી અને તેમાં ભેળવા દેતું નથી. તે જેની સમક્ષ સર્વ કાંઈ રજૂ કરે છે તેવો તેનો પાયો ઊર્ધ્વમાં, ઉપરિ મુક્ત હોય છે, આત્માની વિશાળતામાં, અતિમાનસિક સત્યની સર્વોચ્ચ આધાર-ભૂમિમાં, મુક્ત સ્વાતંત્ર્ય હોય છે. તેના વિચારોની વ્યવસ્થા, તેના સંકલ્પનાં આવર્તન અને તેની સુસ્થિર કર્મ-ગતિ કોઈ યંત્રમય કે રૂઢિરૂપ પથ્થર-શી બની જતી નથી પણ આત્મ-તત્ત્વથી સભર અને સદા-જીવંત રહે છે, તે અતડી પડી જતી નથી કે અન્ય સહવર્તી કે સંભવિત વ્યવસ્થા અને આવર્તનોની વિરોધી બની બેસતી નથી પણ તે જેના જેના સંપર્કમાં આવે તે સર્વેમાંથી પુષ્ટિ મેળવી લે છે અને પોતાનાં નિજી તત્ત્વમાં ભેળવી લે છે. આવું આધ્યાત્મિક આત્મીય-કરણ શક્ય હોવાનું કારણ એ છે કે સર્વસ્વને આત્માની વિશાળ-તામાં અને મુક્ત, ઊર્ધ્વ-દૃષ્ટિ સમક્ષ રજૂ કરવામાં આવતું હોય છે. અતિ-માનસિક વિચાર અને સંકલ્પોની સંવાદિતા નવા પ્રકાશ અને શક્તિને ઊર્ધ્વ-માંથી સતત મેળવ્યા કરતી હોય છે અને તેને પોતાના ક્રિયા-પ્રવાહમાં સામેલ કરી દેવામાં તેને જરા ય મુશ્કેલી પડતી નથી; પરમ-અનંતતાને અનુ-રૂપ તે ખુદ પોતાની ગતિને સુસ્થિર રાખતી વખતે પણ તેનામાં, પરમ

અનંતતાને અનુરૂપ અવર્ણનીય મુલાયમતા અને સાનુકૂળતા હોય છે, સર્વે વસ્તુઓના પરસ્પર સંબંધોને, એકમેવ પરમપુરુષની અંદર જેવા હોય તેવા જોઈ અને બનાવી શકે છે, અનંત-પુરુષને હંમેશાં વધારે ને વધારે વ્યક્ત કરવા સમર્થ હોય છે અને, પોતાની પૂર્ણાવસ્થામાં, એ અનંત પુરુષમાંથી જે કાંઈ વ્યક્ત થઈ શકે તેવું હોય તે સર્વેને તેની પોતાની રીતે વ્યક્ત કરવા શક્તિમાન હોય છે.

આમ અતિમાનસિક જ્ઞાનની જટિલ ગતિમાં નથી હોતી કોઈ બેસૂરતા કે વિષમતા કે નથી હોતી અનુકૂળ બનવામાં કોઈ મુશ્કેલી; તેમાં હોય છે : જટિલતામાં પણ સરળતા, અનેક-મુખી ભરચકતામાં પણ એવી ખાતરીભરી સુખ-મયતા કે જે આત્મ-તત્ત્વના આત્મ-જ્ઞાનની સહજ સુ-નિશ્ચિતતા અને સમગ્રતામાંથી ઉદ્ભવતી હોય છે. મનનું અતિમનસમાં રૂપાંતર થઈ રહ્યું હોય તે દરમિયાન જ્યાં સુધી પોતાની રચના-પદ્ધતિઓનો આગ્રહ રાખ્યા કરતાં એ મનની ક્રિયાઓ, પ્રભાવ કે દબાણ ચાલુ રહે, અથવા, જ્ઞાનનું કે વિચાર અને કર્મ-સંકલ્પનું ચણતર આદિ અજ્ઞાનના પાયા પર કર્યા કરવાની તેની ક્રિયા તેનાથી ઊલટી, સર્વ કાંઈને આત્મામાંથી અને તેના અંતર્ગત અને સનાતન જ્ઞાનમાંથી એક પ્રકાશપૂર્ણ પ્રાગટ્ય તરીકે સંગઠિત કરવાની અતિમનસની ક્રિયાનો સામનો કર્યા કરે ત્યાં સુધી જ અંતરાયો, આંતરિક મથામણો, વિષમતાઓ, મુશ્કેલીઓ તથા, અંગોની અને તેમની ગતિઓની બેસૂરતાઓ ચાલુ રહે છે. તો, અતિમનસ કે જે આત્મ-તત્ત્વના તાદાત્મ્યમય જ્ઞાનની, પ્રતિનિધિ-રૂપ, અર્થ-દ્યોતક તથા સત્ય-દર્શન વડે અનુલ્લંઘનીય એવી શક્તિ તરીકે કાર્ય કરતું હોય છે, જે અનંત ચેતનાના પ્રકાશને, સંપૂર્ણ છૂટથી અને અસીમ રીતે, સત્ય-વિચારનાં દ્રવ્ય અને ઘાટમાં પલટી રહ્યું હોય છે, જે સચેતન સત્તાના સામર્થ્યમાંથી તેમ જ વાસ્તવિક વિચારના પણ સામર્થ્યમાંથી સર્વે સર્જન કરી રહ્યું હોય છે; જે એક એવી ગતિને સુસ્થિર કરી રહ્યું હોય છે કે જે પોતાના સ્વ-ધર્મને આધીન રહેવા છતાં અનંતની એક મુલાયમ અને સાનુકૂળ ગતિ હોય છે તે અતિમનસ પોતાના વિચાર અને જ્ઞાન અને સંકલ્પ-શક્તિને (કે જેનું દ્રવ્ય અને પ્રકાશ જ્ઞાનની સાથે એકરૂપ હોય છે તેને) પ્રત્યેક વિજ્ઞાનમય વ્યક્તિમાં, એક જ આત્મા અને એક જ આત્મ-તત્ત્વનાં નિજી નિજી પ્રાગટ્યને પાર પાડવા માટે આ પ્રમાણે ક્રમમાં લે છે.

અતિમાનસિક જ્ઞાનનું, આવા સંગઠનવાળું કાર્ય મનોમય બુદ્ધિના કાર્યને વટાવીને ક્યાંય આગળ વધી જાય છે. અને હવે આપણે એ જોવાનું

છે કે અતિમાનસિક રૂપાંતરમાં બુદ્ધિનું સ્થાન શેને મળે છે. ચિંતન-શીલ મનને વધારેમાં વધારે ચોખ્ખો અને લાક્ષણિક સંતોષ દલીલબાજી અને તાર્કિક સમજ-શક્તિ વડે મળે છે અને એ જ એનું વધારેમાં વધારે ચોક્કસ અને અસરકારક વ્યવસ્થા-તત્ત્વ હોય છે. એ તો સાચું જ છે કે શું વિચારો કરવામાં કે શું કર્મો કરવામાં માણસ માત્ર તાર્કિક સમજ વડે જ પૂરેપૂરો દોરાતો હોતો નથી, અને દોરાઈ શકે પણ નહિ. તેનું મન તર્ક-પ્રધાન બુદ્ધિના તેમ જ બીજી બે શક્તિઓનાં સંયુક્ત, સેળભેળ અને અટપટાં કાર્ય-ને એવું આધીન હોય છે કે જેમાંથી તેને બહાર તારવી કાઢી શકાતું નથી. એ બીજી બે શક્તિઓ તે : એક તો એવું અંતર્જ્ઞાન કે જે, હકીકતમાં, માનવ-મનમાં અર્ધું જ પ્રકાશમાં આવેલું હોય છે અને તાર્કિક બુદ્ધિના વધારે પ્રગટ કાર્યની પાછળ રહીને કાર્ય કરતું હોય છે કે સામાન્ય બુદ્ધિના કાર્યમાં દબાઈ ગએલું કે તેનાથી બદલાઈ ગએલું હોય છે; અને બીજી શક્તિ તે : સંવેદનો, અંધ-પ્રેરણાઓ તથા આવેગોવાળું પ્રાણવશ મન કે જે પોતાની અસલ પ્રકૃતિમાં તો એક જાતનું અંધકાર-છાયું અને અંદર ઊતરી ગએલું અંતર્જ્ઞાન જ હોય છે અને જે નીચેની બાજુએથી બુદ્ધિને પ્રાથમિક સાધન-સામગ્રી પૂરાં પાડે છે. અને આ બીજી બે શક્તિઓ તે, મન અને પ્રાણમાં કાર્ય કરી રહેલાં આત્મ-તત્ત્વના ગાઢ કાર્યનો પોત-પોતાનો આગવો ઢંગ હોય છે, તથા તેમનામાં તર્કમય બુદ્ધિના કરતાં વધારે પ્રત્યક્ષ અને સહજ વિશિષ્ટતા તથા સમજ અને કાર્યને માટેની વધારે પ્રત્યક્ષ શક્તિ હોય છે. તેમ છતાં, આમાંની એક પણ શક્તિ માનવને તેનું માન-સિક જીવન સુ-વ્યવસ્થિત કરી આપવા જેટલી સમર્થ નથી હોતી.

તેનું પ્રાણ-જોડયું મન — તેની અંધ-પ્રેરણાઓ, તેના આવેગો,— એ જેમ નીચલી કોટિની સૃષ્ટિમાં પૂરતાં થઈ પડે છે અને તેમનામાં આગળ પડતાં હોય છે તેમ માનવમાં છે પણ નહિ અને થઈ શકે તેમ પણ નથી. બુદ્ધિએ તેને પકડમાં લીધેલું છે અને ખૂબ ખૂબ બદલી નાખેલું છે,—બુદ્ધિ હજી તો અપરિપક્વ જ હોય અને પ્રાણવશ મન જ પોતાની ઉચ્ચ પદવી માટે અતિશય આગ્રહી હોય ત્યાં પણ આમ બનેલું છે—. પ્રાણવશ મન-માંથી તેની અંતર્જ્ઞાનમય વિશિષ્ટતા ચાલી ગઈ છે; અલબત્ત, સાધન-સામગ્રી પૂરી પાડવામાં હવે તે અનેકગણું સમૃદ્ધ બનેલું છે પણ તેનું એ કાર્ય તે ન તો તેની અસલિયતથી ન તો આસાનીથી કરી શકે છે, કારણકે તે થોડું-ઘણું પણ બુદ્ધિ-બાંધ્યું બનેલું હોવાથી તાર્કિક કે બૌદ્ધિક મદદવિના—ભલેને આછાં-પાતળાં અને થોડાંઘણાં—પણ તત્ત્વને આધીન બન્યું છે અને બુદ્ધિના

સહારા વિના પોતાના કાર્યને સારી રીતે પાર પાડવા અ-સમર્થ બની ગયું છે. તેનાં મૂળિયાં અને પરિપૂર્ણતા માટેનું સ્થાન તો છે, પોતે જેમાંથી ઊગી આવ્યું છે તે અવચેતનામાં; અને મનુષ્યનું કાર્ય તો છે સચેતન જ્ઞાન અને કર્મોની સૂઝને વધારે ને વધારે વિકસાવવાનું. માણસ જો પોતાની જાતને પ્રાણવશ મનથી નિયંત્રિત થવા દેવાની નીચલી કક્ષામાં પાછો ફરે તો તે કાં તો અ-તાર્કિકતામાં અને ભૂલોમાં ગોથાં ખાતો થઈ જશે, અથવા તો જડ અને નિર્માલ્ય બની જશે, અને માનવ તરીકેની અસલ વિશિષ્ટતા ગુમાવી બેસશે.

તો તેનાથી સામી બાજુએ, અંતર્જ્ઞાનનાં મૂળ અને પરિપૂર્ણતા માટેનું સ્થાન છે અતિમનસમાં કે જે હાલમાં આપણે માટે ચેતનાતીત છે; અને મનમાં તેનું કાર્ય શુદ્ધ કે સુવ્યવસ્થિત થતું નથી પણ તરત જ તાર્કિક બુદ્ધિ સાથે સેળભેળ થઈ જાય છે, તેના અસલ સ્વરૂપમાં નહિ પણ મર્યાદિત, ખંડિત, હળવું અને અશુદ્ધ બની જાય છે અને વ્યવસ્થિત ઉપયોગ અને સ્ફુરણાઓની સુવ્યવસ્થા માટે તર્ક-શક્તિની સહાયનો આશરો લે છે. જ્યાં સુધી તાર્કિક બુદ્ધિ અંતર્જ્ઞાનની સ્ફુરણાઓને ચકાસે નહિ અને પોતાની નિર્ણય-શક્તિ દ્વારા ખાતરી કરે નહિ ત્યાં સુધી માનવ-મન તેનો સો ટકા વિશ્વાસ કરતું નથી; તાર્કિક બુદ્ધિમાં જ તેને સો ટકા સલામતી અને સ્થિરતા જણાય છે. માનવ પોતાના વિચારો અને જીવનને અંતર્જ્ઞાનાત્મક મન દ્વારા સુવ્યવસ્થિત કરવા માટે તાર્કિક બુદ્ધિથી ઉપર જાય એટલે તે પોતાની વિશિષ્ટ માનવતાને પણ પસાર કરી જ ગયો હશે અને અતિમાનવતાનો વિકાસ-માર્ગ તેણે ગ્રહણ કરી લીધો જ હશે. અને એ કાર્ય માત્ર ત્યાં ઊર્ધ્વમાં જ કરી શકાય તેમ છે : અહીં તેનો યત્ન કરવો એટલે એક નવી જાતની અપૂર્ણતા સિદ્ધ કરવી; અહીં તો મનોમય બુદ્ધિ એ એક અનિવાર્ય જરૂરિયાત છે.

તાર્કિક બુદ્ધિ એ પ્રાણવશ મન અને હજી સુધી અણવિકસિત રહેલા અતિમાનસિક અંતર્જ્ઞાનનું અંતરિયાળ વાહન છે. તેનું કાર્ય એક મધ્યસ્થી જેવું છે, એક બાજુએ તેણે પ્રાણવશ મનને પ્રકાશ આપવાનો છે, તેને સ-ચેતન કરવાનું છે, તથા પોતાનાથી બની શકે તેટલે અંશે તેનાં કર્મોને નિયંત્રિત અને નિયમિત કરવાનાં છે. જ્યાં સુધી પ્રકૃતિ પોતે એવું અતિ-માનસિક બળ વિકસાવી કાઢવા તૈયાર ના બને કે જે પ્રાણને હાથમાં લે અને આલોકિત કરે અને, ઇચ્છાઓ, ઊર્મિઓ, સંવેદનો અને કર્મોરૂપ તેની, અંધકાર-ભર્યા અંતર્જ્ઞાનવાળી ક્રિયાઓને આત્મા અને આત્મતત્ત્વનાં, આધ્યાત્મિક અને પ્રકાશભર્યાં સહજ જીવન-પ્રાગટ્યમાં પલટી નાખીને તેની સર્વે

ક્રિયાઓને પરિપૂર્ણ બનાવે, ત્યાં સુધી તેણે આ કાર્ય ચાલુ રાખવાનું છે. તો તેની સામેની એટલે કે ઊર્ધ્વ બાજુએ તેનું ધર્મ-કાર્ય છે : ઊર્ધ્વમાંથી આવતાં પ્રકાશકિરણોને ઝીલવાનું અને તેમને બૌદ્ધિક મનોમયતાની ભાષામાં ઉતારી લાવવાનું તથા, અતિચેતનાના પ્રદેશની સરહદ પસાર કરી નીચે ઊતરી આવતાં સ્ફુરણોને સ્વીકારવાનું, તપાસવાનું, વિકસાવવાનું અને બૌદ્ધિક રીતે તેમને કામમાં લેવાનું. જ્યાં સુધી માનવ પોતાના વિશે અને પોતાની પરિસ્થિતિ અને પોતાની જાત વિશે બૌદ્ધિક રીતે સચેતન બનીને એ પણ સમજી ના જાય કે તે આ બધી બાબતો પોતાની સમજ-શક્તિથી ખરેખર જાણી શકે તેમ નથી પણ પોતાની બુદ્ધિ સમક્ષ માત્ર તેનાં માનસિક નિરૂપણો જ કરી શકે છે, ત્યાં સુધી તેની બુદ્ધિ આ એવડું કાર્ય જ કર્યા કરે છે.

આમ હોવા છતાં બુદ્ધિશાળી માનવની તર્ક-બુદ્ધિનું વલણ પોતાની શક્તિ અને કાર્યની મર્યાદાઓને ઉવેખવાનું છે અને તે આત્મા અને આત્મતત્ત્વનું એક પ્રતિનિધિ-શું કરણ રહેવાને બદલે તેને જ સ્થાને ચડી બેસવાનો યત્ન કરે છે. પોતાને સફળતા તેમ જ ઊંચું સ્થાન મળેલું હોવાથી, પોતાનો પ્રકાશ બીજાની સરખામણીમાં વધારે મહાન લાગવાથી તેનામાં જે આત્મ-વિશ્વાસ જાગે છે તેથી તે પોતાને એક મૂળભૂત અને નિરપેક્ષ તત્ત્વ માનવા લાગે છે, પોતાની સમગ્ર સત્યતા અને પર્યાપ્તતાની તેને ખાતરી થઈ જાય છે અને મન અને પ્રાણનો ચક્રવર્તી સમ્રાટ બની બેસવાની મથામણ કરે છે. આમ કરવામાં તે સફળ થઈ શકે તેમ નથી, કારણકે ખુદ પોતાના સાચા દ્રવ્યને માટે અને અસ્તિત્વને માટે તેણે નિમ્ન પ્રાણના અંતર્જ્ઞાન ઉપર તથા ગુપ્ત રહેલા અતિમનસની તેમ જ તેના સ્ફુરણાત્મક સંદેશાઓની ઉપર આધાર રાખવો પડે છે. માત્ર તે પોતે જ પોતાની જાતને સફળ બનેલી માની લઈ શકે છે કારણકે તે પોતાના બધા જ અનુભવોને તર્કબદ્ધ સૂત્રોમાં ગોઠવી દે છે અને વિચારો અને કર્મોની પાછળ રહેલી સાચી પ્રકૃતિ-રૂપ બીજા અર્ધ ભાગ તરફ તેમ જ જે અનંત હિસ્સો તેનાં તર્કબદ્ધ સૂત્રોમાંથી છટકી ગયેલો છે તેની તરફ તે આંખો બંધ કરી દે છે. આવી તાર્કિક બુદ્ધિની અતિશયતા જીવનને કૃત્રિમ તેમ જ તર્કયુક્ત યંત્ર જેવી બનાવવાનું, તેમાંથી સહજતા અને જીવંતતા હાંકી કાઢવાનું તેમ જ આત્માની સ્વતંત્રતા અને વિકાસને રૂંધવાનું જ કામ કરે છે. આ મર્યાદિત, અને મર્યાદાઓ બાંધતી મનોમય બુદ્ધિએ મુલાયમ અને નમનીય બનવું જ પડશે, પોતાનાં અસલ મૂળ પ્રત્યે ખુલ્લા થવું જ પડશે, ઊર્ધ્વમાંથી પ્રકાશને ઝીલવો જ પડશે.

પોતાની જાતને જ ઓળંગી જવી પડશે અને રૂપાંતર-રૂપી સહજ-અવસાન દ્વારા અતિમાનસિક બુદ્ધિના નૂતન-દેહમાં પ્રવેશ કરવો જ પડશે. તે દરમિયાન, વિચારો અને કર્મોનાં સંગઠન પર, માનવીય ખાસિયતવાળી ભૂમિકાને યોગ્ય હકૂમત અને નેતાગીરી ચલાવવાની સત્તા તેને આપવામાં આવી છે; આ ભૂમિકા એક એવી વચગાળાની ભૂમિકા છે કે જેની નીચે પશુમય જીવનને સુયોજિત કરતા આત્માની અવચેતન સત્તા પ્રવર્તે છે અને ઉપર, સચેતન બની એક આધ્યાત્મિક અતિમાનવનાં અસ્તિત્વ અને જીવનને સુયોજિત કરવા સમર્થ એવા આત્માની અતિ-ચેતન સત્તા આવી રહેલી છે.

પૂર્ણ-વિકસિત બુદ્ધિની વિશિષ્ટ શક્તિ એટલે એક એવી તર્ક-બદ્ધ ક્રિયા કે જે, સહુથી પહેલાં તો, અવલોકન અને વ્યવસ્થા દ્વારા હાથવગી સહુ સાધન-સામગ્રીની પાકી ખાતરી કરી લે છે; તે પછી ચિંતન-શક્તિના પ્રાથમિક ઉપયોગ દ્વારા જે કાંઈ જ્ઞાન મળી શકે, સુનિશ્ચિત થઈ શકે અને વિશાળ થઈ શકે તે પાર પાડવા માટે, એ સાધન-સામગ્રી ઉપર કાર્ય કરવા માંડે છે; અને છેવટે, વધારે સંભાળ-પૂર્વકની અને સુયોજિત ક્રિયાઓ દ્વારા, વધારે જાગ્રત, ખૂબ ચિંતન-ભરી, અને કડક તર્ક-પ્રધાન ક્રિયાઓ દ્વારા (કે જે વિચારણા અને અનુભવનાં પરિણામે ઊભાં કરેલાં કેટલાંક ધોરણો અને કાર્યવાહીઓ વડે પરિણામોને ચકાસી જુએ છે, ફેંકી દે છે કે સ્વીકાર્ય કરાવે છે) તેવી ક્રિયાઓ દ્વારા પોતે મેળવેલાં પરિણામો ચોક્કસ જ છે તેની ખાતરી કરી લે છે, એટલે તર્કપ્રધાન બુદ્ધિનું સહુથી પહેલું કાર્ય છે : હાથવગી સાધન-સામગ્રીનું સાચું, સંભાળ-પૂર્વકનું અને સંપૂર્ણ અવલોકન. આપણાં જ્ઞાનને માટે આપણી સમક્ષ ખુલ્લો પડેલો સહુથી પહેલો અને સહેલો સામગ્રી-પ્રદેશ છે કુદરત-ભરી દુનિયા, એવા ભૌતિક પદાર્થોવાળી દુનિયા કે જેમને માનવ-મનની અલગતાવાદી નીતિ-રીતિએ બાહ્ય બનાવી દીધા છે, પોતાની જાત નહિ એવા ગણી લીધા છે અને તેથી, આપણા ઇન્દ્રિય-બોધોના અર્થ તારવીને, અવલોકન કરીને, સામૂહિક અનુભવો કરીને, અનુમાનો અને ચિંતનભરી વિચારણાઓ કરીને માત્ર પરોક્ષ રીતે જ જાણી શકાય તેવા બનાવી દીધા છે. બીજો પ્રદેશ છે : આપણી પોતાની આંતરિક જાત અને તેની ક્રિયાઓ કે જેમને આપણે આપણી અંતઃકરણ-શી માનસિક ઇન્દ્રિય કે સૂઝ વડે, સ્ફુરણાભરી સમજ અને સતત અનુભવો વડે, તથા આપણી પ્રકૃતિની જુબાનીઓ પર ચિંતન-ભર્યાં વિચાર કરીને સ્વાભાવિક રીતે જ જાણતા હોઈએ છીએ. આ આંતર-ક્રિયાઓની બાબતમાં પણ બુદ્ધિ સારા-માં સારું કામ તો ત્યારે જ આપી શકે છે અને સાચામાં સાચું જ્ઞાન તો

ત્યારે જ પામી શકે છે કે જ્યારે તે તેમનાથી અલિપ્ત થઈ જાય છે અને તેમને તદ્દન ભિન-અંગત રીતે અને વસ્તુ-લક્ષી દૃષ્ટિથી જુએ છે; આ જ પદ્ધતિ છેક છેવટે, જ્ઞાન-યોગમાં એક એવી ક્રિયા થઈ જાય છે કે જ્યારે આપણી સક્રિય જાતને પણ આપણી જાત તરીકે નહિ પણ અન્ય દુન્યવી-અસ્તિત્વની માફક પ્રકૃતિની યાંત્રિકતા તરીકે જોવામાં આવે છે. આપણા જેવા બીજા વિચારવંત અને સચેતન જીવો વિશેનું જ્ઞાન અમેલું છે તો આ બે ક્ષેત્રોની વચ્ચે, પણ તે પણ પરોક્ષ રીતે, અવલોકન દ્વારા, અનુભવ દ્વારા, વ્યવહારનાં અન્ય સાધનો દ્વારા, તથા, આપણી પ્રકૃતિનાં આપણાં જ્ઞાન સાથેનાં સામ્યને વિશાળ રીતે ખ્યાલમાં રાખી, આ બધાં પર કરેલાં ચિંતન અને અનુમાન દ્વારા મેળવી શકાય છે. તર્ક-શક્તિએ જે એક બીજાં ક્ષેત્રનું અવલોકન કરવાનું છે તે છે તેની પોતાની ક્રિયાઓ તેમ જ સમગ્ર માનવ-બુદ્ધિની ક્રિયાઓ; કારણકે તેનો અભ્યાસ કર્યા સિવાય તેનાં જ્ઞાનની સત્યતા કે તેની પદ્ધતિ અને ક્રિયાઓની યથાર્થતાની ખાતરી કરી નહિ શકાય. આ સિવાય પણ બીજાં ક્ષેત્રો છે તો ખરાં પણ તેને માટેની સામગ્રી સહેલાઈથી મળી શકે તેમ નથી તથા તેને માટે અ-સાધારણ શક્તિઓ વિકસાવવી પડે તેમ છે. આ ક્ષેત્રો તે : ભૌતિક દુનિયાના દેખાવની પાછળ આવેલા પદાર્થો અને અસ્તિત્વ-પ્રદેશોની શોધ-ખોળ તથા માનવની અને પ્રકૃતિની સત્તાનાં અસલ ગુપ્ત તત્ત્વ કે આત્માની શોધખોળ. આ એમાંના પહેલા પ્રદેશને માટે તો, ભૌતિક દુનિયાને માટેની પદ્ધતિ જ તાર્કિક બુદ્ધિ અજમાવી શકે છે—અલબત્ત, જે કોઈ સામગ્રી હોય લાગી શકે તેની, પોતાની પદ્ધતિએ કસોટી કરીને જ—; પણ સામાન્ય રીતે તે તેમ કરવા તૈયાર નથી હોતી, કારણકે તેની સામે શંકા ઉઠાવવાનું કે તેનો સીધો જ ઇન્કાર કરી દેવાનું તેને વધારે સહેલું લાગે છે; વળી, આ પ્રદેશોમાં તેની પદ્ધતિ ભાગ્યે જ ખાતરીબંધ કે કાર્ય-સાધક નીવડે છે. અને આમાંના બીજા પ્રદેશની શોધખોળ માટે તે, સામાન્ય રીતે, એવાં રચનાત્મક અને મીમાંસા-વિષયક તર્કશાસ્ત્રને અજમાવે છે કે જે, પ્રાણ, મન અને પદાર્થની ઘટના-ઓના તેણે કરેલાં પૃથક્કરણ-ભર્યાં અને સમન્વય-સાધતાં અવલોકનો પર પ્રતિષ્ઠિત હોય છે.

આ બધા જ સામગ્રી-પ્રદેશમાં તર્ક-પ્રધાન બુદ્ધિની કાર્ય કરવાની રીત એકસરખી જ રહે છે. પહેલાં તો, બુદ્ધિ અવલોકનો સાહચર્યો, ઇન્દ્રિય-બોધો, સંસ્કાર-છાપો, શુદ્ધ ખ્યાલો વગેરેનું ભંડોળ એકઠું કરે છે; પછી એમના સંબંધોની અને બધી સામગ્રીની, તેમનાં સામ્ય અને ભેદ અનુસાર,

વધારે કે ઓછી સ્પષ્ટ રીતે વ્યવસ્થા અને વર્ગીકરણ કરે છે; પછી તેમની ઉપર વિચારો, સ્મરણો, અનુમાનો, નિર્ણયો વગેરેના ભેગા થતા ભંડોળ અને સતત વધારા વડે કાર્ય કરવા માંડે છે. આ છે જ્ઞાનપ્રાપ્તિની પ્રારંભિક રીત. પોતાનો વેગ વચ્ચે જ જવાથી આગળ ધપતી રહેતી મનની આ બૌદ્ધિક પ્રવૃત્તિમાં એક જાતની સ્વાભાવિક વિશાળતા આવતી જ જાય છે, સજાગ રીતે મેળવેલી સંસ્કારિતાની વધારે ને વધારે સહાયને લીધે ઉત્ક્રાંતિ આગળ વધતી જ રહે છે, સંસ્કારિતાને પરિણામે નવી શક્તિઓનો વધારો થતો રહે છે, અને એ શક્તિઓ પાછી સહજ ક્રિયાઓ તરીકે સ્થાયી થઈ જતા પ્રકૃતિનાં અંગરૂપ બની રહે છે; અને આ બધાના પરિણામરૂપ પ્રગતિ એટલે બુદ્ધિની ખાસિયતો અને મૂળભૂત શક્તિઓના પ્રકારમાં ફેરફાર નહિ પણ તેની કાર્ય-શક્તિની, નમનીયતાની, શક્તિની વિવિધતાની, અને સૂક્ષ્મતાની માત્રામાં વધારો. ભૂલો સુધરતી જાય છે, ખાતરીવાળા ખ્યાલો અને નિર્ણયોનો ભંડોળ વધતો જાય છે, નવું નવું જ્ઞાન મળતું જાય છે કે આકાર પકડતું જાય છે. સાથે સાથે બુદ્ધિની એવી વધારે ચોક્કસ અને ખાતરી-ભરી ક્રિયાઓની જરૂર ઊભી થતી જાય છે કે જે બુદ્ધિની આ સામાન્ય પદ્ધતિના ઉપર-છલ્લાપણામાંથી મુક્ત બને, દરેક પગલાની કસોટી કરી જુએ, દરેક નિર્ણયને કડક રીતે ચકાસી જુએ અને મનની ક્રિયાઓને પાકા પાયાની પદ્ધતિ અને સુ-તંત્ર બનાવી દઈ શકે.

આ ક્રિયા-પદ્ધતિ તર્ક-પ્રધાન મનનો સંપૂર્ણ વિકાસ સાધી આપે છે અને બુદ્ધિની ચોકસાઈ તથા તાકાતને તેની ટોચ પર પહોંચાડી દે છે. અણઘડ અને ઉપરછલ્લાં અવલોકનોને સ્થાને પદાર્થોનાં અંગ-રૂપ, કે તેની સાથે જોડાએલી, બધી જ પ્રક્રિયાઓનું, ગુણ-ધર્મોનું, ઘટકોનું અને શક્તિઓનું ચકાસણી-ભર્યું પૃથક્કરણ, તથા એ બધાંનો સમન્વય સાધતી એક અખંડ રચના સ્થપાય છે અથવા તેમાં પુરવણી થાય છે; અને આ બધું એ પદાર્થો અંગેના આપણા સ્વાભાવિક માનસિક ખ્યાલમાં ઉમેરો કરે છે અથવા ઘણે અંશે તેનું સ્થાન લે છે. એક પદાર્થ અન્ય પદાર્થોમાંથી બહુ જ ચોક્કસપણે જુદો તરી આવે છે, અને સાથે સાથે તેમની સાથેના તેના સંબંધો પણ વધારે સમગ્રતાથી હાથ લાગે છે. સરખાપણું કે મળતાપણું અને સંબંધિતતા તેમ જ ભેદ, ભિન્નતા અને તફાવત પણ સુનિશ્ચિત થઈ જાય છે કે જેના પરિણામે, એક બાજુએ, તેમનાં સ્વત્વ અને પ્રકૃતિમાં રહેલી મૂળભૂત એકતાનો તથા તેમની પ્રક્રિયાઓમાં રહેલી સમાનતા અને સળંગતાનો બોધ થાય છે, તો બીજી બાજુએ, પ્રાણીઓ અને પદાર્થોની વિવિધ શક્તિઓ

અને પ્રકારોની સ્પષ્ટ ચોકસાઈ અને વર્ગભેદ પણ હાથ લાગે છે. આમ, જ્ઞાનની સાધન-સામગ્રીનો ભંડોળ અને વ્યવસ્થા, તર્ક-પ્રધાન બુદ્ધિ સાધી શકે તેટલે અંશે, પરિપૂર્ણતાએ પહોંચાડવામાં આવે છે.

ભૂતકાળનાં અવલોકનોને જાળવી રાખવા માટે સ્મરણ-શક્તિની સહાય મનને માટે અનિવાર્ય છે; એ સ્મરણ-શક્તિ અંગત તો ખરી જ પણ સાથે સાથે સામુદાયિક પણ હોય છે; વળી જો તે સંઘરેલી લેખિત-નોંધ જેવી કૃત્રિમ રીતની હોય તો, પોતાના જ્ઞાન-સંગ્રહને એક જાતનાં સતત પુનરાવર્તન અને પુનર્જીવન દ્વારા સાચવી રાખતી સમસ્ત જાતિની સર્વસાધારણ સ્મરણ-શક્તિ પણ હોઈ શકે છે: આ ઉપરાંત હજી સુધી જેની યોગ્ય કિંમત નથી સમજાઈ તેવી એક છૂપી પડેલી સ્મરણ-શક્તિ પણ છે કે જે જુદી જુદી જાતની ઉત્તેજનાનું દબાણ થતાં જ્ઞાન-પ્રાપ્તિની જૂની ક્રિયાઓને નવીન પરિસ્થિતિમાં રજૂ કરી શકે છે કે જેથી કરીને નવ-વિકસિત જાણકારી અને બુદ્ધિ તેના પર પોતાનો નિર્ણય બાંધી શકે. વિકસી ચૂકેલું તર્ક-પ્રધાન મન માનવીય સ્મરણ-શક્તિની ક્રિયાઓ અને ભંડારને સુયોજિત કરે છે અને તેમાંની સામગ્રીનો પૂરેપૂરો લાભ ઉઠાવવાની તેને તાલીમ આપે છે. માનવીય નિર્ણય-શક્તિ સ્વાભાવિક રીતે જ એ સામગ્રી ઉપર બે રીતે કાર્ય કરે છે: એક તો, નિરીક્ષણ, અનુમાન, સર્જક કે સમાલોચક નિર્ણય, આંતર-સૂઝ, તત્ક્ષણ સ્ફુરતા ખ્યાલ વગેરેના વધારે કે ઓછી ઝડપથી, અને સંક્ષિપ્ત રીતે, કરેલાં સયોજનો ( આ રીત તે, મોટે ભાગે એક એવી સહજ અને સીધેસીધી રીતે કાર્ય કરવાનો મનનો યત્ન હોય છે કે જે સલામત રીતે તો માત્ર અંતર્જ્ઞાનની ઊર્ધ્વ શક્તિ વડે જ પાર પાડી શકાય છે, કારણકે મન એવો યત્ન હાથ ધરતાં તેનામાં ખૂબ જ ખોટો આત્મવિશ્વાસ તથા જેનો વિશ્વાસ ના કરી શકાય તેવી ખાતરી ઊભાં થાય છે ); બીજી રીત તે ધીમી-પણ અંતે તો બૌદ્ધિક રીતે વધારે ખાતરી ભરી—ખોજ, તથા, ગણનાભર્યો અને કસોટી કરતો નિર્ણય કે જે એક સાવચેતી-ભરી તર્ક-પ્રધાન ક્રિયારૂપે વિકાસ પામે છે.

સ્મરણ-શક્તિ અને નિર્ણય-શક્તિને કલ્પના-શક્તિ સહાયરૂપ બને છે; તે જ્ઞાનની એક સક્રિય-શક્તિ તરીકે, બીજી શક્તિઓએ હકીકતરૂપે રજૂ નહિ કરેલી કે સકારણ નહિ ઠરાવેલી સંભાવનાઓનું સૂચન કરે છે અને નવા પ્રદેશોનાં બારણાં ખોલી આપે છે. વિકાસ પામેલી તાર્કિક બુદ્ધિ કલ્પના-શક્તિનો ઉપયોગ નવી શોધખોળના અને નવા સંભાવિત વાદોનાં સૂચન મેળવવા માટે કરે છે; તેમ છતાં તેનાં સૂચનોને નિરીક્ષણો વડે તથા સંશય-

શીલ કે અતિ કડક નિર્ણયો વડે પૂરેપૂરા ચકાસી જોવાની તે ખૂબ સાવચેતી રાખે છે. વળી તે એ બધી જ નિર્ણય-ક્રિયાઓની પણ શક્ય તેટલી ચકાસણી કરવાનો આગ્રહ રાખે છે, સત્યને તારવવાની (Deduction) તથા ઊભું કરવાની (Induction) કોઈ સુવ્યવસ્થિત પદ્ધતિને ખાતર ઉતાવળિયાં અનુમાનોનો ભોગ આપે છે, તથા પોતાનાં દરેકેદરેક ડગલાંની તથા દરેકેદરેક નિર્ણયની યથાર્થતા, કડીબદ્ધતા, સુ-સંગતતા તથા સુ-સંહિતતાની પાકી ખાતરી કરી જુએ છે. તાત્કાલિક આંતર સૂઝ — કે જે ઊર્ધ્વ અંતર્જ્ઞાનને પહોંચવા માટેનું મનનું પાસેમાં પાસેનું બારણું છે—તેનો અમુક પ્રમાણમાં ઉપયોગ કરવો એ ખૂબ બંધાએલા તર્કવાદી મનને જોકે પસંદ તો નથી પડતું પણ તર્ક-પ્રધાન બુદ્ધિનાં સમગ્ર કાર્યનો છૂટથી ઉપયોગ કરવાને લીધે એ શક્તિ વધારે ઉચ્ચ કક્ષાએ તો પહોંચે જ છે; તોપણ એ તર્ક-પ્રધાન બુદ્ધિ તેનો અમર્યાદ વિશ્વાસ નથી રાખતી. સદાય તર્ક-પ્રધાન બુદ્ધિનો પ્રયત્ન એ જ હોય છે કે એક નિર્લિપ્ત, નિષ્પક્ષપાત, અને સંભાળપૂર્વક સ્થાપેલી પદ્ધતિ દ્વારા ભૂલ, પૂર્વ-નિર્ણય તથા મનની ખોટી આત્મ-શ્રદ્ધામાંથી મુક્ત બનવું અને વિશ્વાસ-પાત્ર નિશ્ચિતતાઓને હાથ કરવી.

અને મનની આ શ્રમ-ભરી અને સુયોજિત પદ્ધતિ સત્ય-પ્રાપ્તિ માટે જો સાચે જ પૂરતી હોત તો જ્ઞાનની વધુ ઉત્ક્રાંતિ માટે કોઈ વધારે ઉચ્ચ સોપાનની જરૂર ના રહેત. એ તો હકીકત છે કે આ પદ્ધતિથી મન પોતાની ઉપર તેમ જ પોતાની આજુબાજુની દુનિયા પર વધારે પ્રભુત્વ પ્રાપ્ત કરે છે અને ઘણી મોટી તથા ઇન્કાર ના કરી શકાય તેવી સેવાઓ પણ બજાવે છે; તેમ છતાં પણ તેને કદી પણ ખાતરી નથી થતી કે તેને મળેલી સામગ્રી તેને વાસ્તવિક જ્ઞાન માટેનું જ ચોકઠું આપે છે કે પછી માનવ-મન અને સંકલ્પ-શક્તિનાં હાલનાં કાર્યોને માટે ઉપયોગી અને જરૂરી એવું એક માળખું માત્ર જ પૂરું પાડે છે. હાલમાં હવે વધારે ને વધારે સમજાતું જાય છે કે ઘટનાઓનું જ્ઞાન તો વધતું જ જાય છે પણ વાસ્તવિકતાનું જ્ઞાન આ મથામણભરી પદ્ધતિને હાથતાળી દઈ જાય છે. એક એવો સમય આવવો જ જોઈશે અને આવી પણ રહ્યો જ છે — કે જ્યારે મનને ચોખ્ખું દેખાશે કે અંતર્જ્ઞાનને તથા, આ શબ્દના આપણા અસ્પષ્ટ ઉપયોગની પાછળ તેમ જ તેના અર્થના અચોક્કસ ખ્યાલની પાછળ શક્તિઓનો જે વિશાળ વિસ્તાર છુપાએલો પડ્યો છે તેને સહાય માટે સાદ કરવો જ પડશે અને તેઓનો પૂરેપૂરો વિકાસ પણ કરવો જ પડશે. અને છેવટે તેને એ પણ નજરે ચડશે જ કે આ બધી શક્તિઓ તેની હાલની આગવી ક્રિયાઓને માત્ર સહાય જ

કરી શકે તેમ નથી પણ તેમનું સ્થાન પણ લઈ શકે તેમ છે. અને એ જ થશે આત્માની અતિમાનસિક શક્તિની શોધ કરવાની શરૂઆત.

આપણે એ જોઈ જ ગયા છીએ કે અતિમનસ મનોમય ચેતનાની ક્રિયાઓને અંતર્જ્ઞાનના પ્રદેશ પ્રત્યે, અને તેની અંદર, ઊંચે ઉઠાવે છે, અને એક એવી અંતરિયાળ સ્ફુરણાત્મક મનોમયતા સર્જે છે કે જે પોતે પૂરતી નહિ હોવા છતાં તાર્કિક બુદ્ધિના કરતાં વધારે શક્તિ-શાળી હોય છે; અને પછીથી, તેને પણ સાચી અતિમાનસિક સક્રિયતામાં ઊંચે ઉઠાવે છે અને તેનું રૂપાંતર કરી તેને તેનામય બનાવી દે છે. આ ઊર્ધ્વ ગતિમાં અતિ-મનસનું સહુ પ્રથમ સુ-વ્યવસ્થિત સર્જન એટલે અતિમાનસિક બુદ્ધિ, વિજ્ઞાન-બુદ્ધિ, કોઈક ઊંચી જાતની તાર્કિક બુદ્ધિ નહિ પણ ગાઢ રીતે સ્વ-લક્ષી, અને ગાઢ રીતે પર-લક્ષી એવા જ્ઞાનનું એક પ્રત્યક્ષ, પ્રકાશ-પૂર્ણ તંત્ર, એટલે કે એક ઊર્ધ્વ-બુદ્ધિ, તર્કાત્મક અથવા કહોને કે શબ્દ- બ્રહ્માત્મક, વિજ્ઞાન. આ વિજ્ઞાન-બુદ્ધિ તર્ક-પ્રધાન બુદ્ધિનાં બધાં જ કાર્યો કરે છે, — અને તેથી વિશેષ પણ કરે છે —, પણ વધારે સામર્થ્યથી કરે છે અને તદ્દન જુદી જ રીતે કરે છે. તે પછી તેને પણ જ્ઞાન-શક્તિના એક હજી ય વધારે ઊર્ધ્વ પ્રદેશમાં ઉઠાવી લેવામાં આવે છે; અને ત્યાં પણ કાંઈ જ છોડી દેવામાં આવતું નથી, પણ બધું જ વધારે ઊર્ધ્વ બનાવવામાં આવે છે, તેમનું કાર્ય-ક્ષેત્ર વિસ્તારવામાં આવે છે, કાર્ય-શક્તિમાં તેમનું રૂપાંતર કરવામાં આવે છે.

ત્યાં થતા કાર્યનું વર્ણન કરવા માટે બુદ્ધિમય સામાન્ય ભાષા ટૂંકી પડે છે. કારણકે શબ્દો તો એના એ જ વાપરવા પડવાના કે જેથી મનના કાર્યને મળતી વસ્તુનો ઉલ્લેખ થઈ શકે; પણ, તેમના વડે, હકીકતમાં તો એક તદ્દન જુદી જ વસ્તુનો અધૂરો નિર્દેશ થવાનો. દાખલા તરીકે, અતિ-મનસ એક જાતના ઇન્દ્રિય-કાર્યનો ઉપયોગ કરે છે કે જેમાં તે ભૌતિક ઇન્દ્રિયોને કામમાં લે છે — પણ તેમનાથી તે મર્યાદિત થઈ જતું નથી; એ ઇન્દ્રિયોનું સ્વરૂપ ત્યાં એક જાતની રૂપ-ચેતના જેવું અને સ્પર્શ-ચેતના જેવું હોય છે; પણ "ઇન્દ્રિયો" વિશે મનનો જે ખ્યાલ અને અનુભવ છે તેનાથી આ અતિમાનસિક બની ગયેલી ઇન્દ્રિય-ચેતનાનાં તાત્ત્વિક અને લાક્ષણિક કાર્યનો ખ્યાલ આવી શકે તેમ નથી. અતિમાનસિક કાર્યમાં "વિચાર" એ પણ મનોમય બુદ્ધિના વિચાર કરતાં તદ્દન જુદી જ વસ્તુ હોય છે. અતિમાનસિક વિચારણાનો જે અનુભવ તેના પાયા-શા પ્રદેશમાં થાય છે તે જ્ઞાતાની સત્તાના સારતત્ત્વનો, જ્ઞાત-વસ્તુની સત્તાનાં સારતત્ત્વની

સાથે થતો એક અચેતન સંપર્ક કે એકતા કે તાદાત્મ્યરૂપ હોય છે; અને તેનું વિચાર-સ્વરૂપ એ, એ મિલન કે એકતા દ્વારા પ્રત્યક્ષ થતા આત્માની સભાન-શક્તિ તરીકે અનુભવાય છે, કારણકે તેમાં યે જ્ઞેય પદાર્થના દ્રવ્ય, કાર્ય અને મર્મનું એક જાતનું જ્ઞાનમયરૂપ ધારણ થએલું હોય છે. આથી, અતિમનસમાં નિરીક્ષણ-શક્તિ, સ્મરણ-શક્તિ, નિર્ણય-શક્તિ વગેરેના અર્થ, મનોમય બુદ્ધિની ક્રિયાઓ તરીકે જે અર્થ થાય છે તેના કરતાં તદ્દન જુદા જ થાય છે.

બુદ્ધિ જે કાંઈ નિરીક્ષણો કરે છે તે બધાં જ વિજ્ઞાન-બુદ્ધિ કરે છે, — તેનાથી ઘણાં વધારે કરે છે. એટલે કે, જ્ઞેયને તે દૃષ્ટિ-વ્યાપારનું એક એવું ક્ષેત્ર બનાવે છે, એક રીતે એવી "બાહ્ય વસ્તુ" બનાવે છે કે જેથી તેની પ્રકૃતિ, લક્ષણો, ગુણ-ધર્મો અને વ્યાપારોને બહાર આવવું પડે. પણ આ એવી કૃત્રિમ પર-લક્ષતા નથી હોતી કે જેમાંથી અંગત કે આત્મગત ભૂલના તત્ત્વને બહાર ખેંચી કાઢવા માટે બુદ્ધિને પ્રયત્ન કરવો પડે. અતિમનસ પદાર્થ માત્રને પોતાના આત્મામાં જુએ છે અને તેથી તેનું અવલોકન આત્મગત રીતે જ વસ્તુગત હોઈ શકે, અને તેથી, આપણે આપણા આંતરિક વ્યાપારોને જે રીતે એક જ્ઞેય બનાવીને જોઈએ છીએ તેને એ ઘણું જ મળતું હોવાનું, — પણ બરાબર એવું જ નહિ —. તે પોતાના જ્ઞેયને કોઈ અલગ ઊભેલા અંગત આત્મામાં કે તેની શક્તિ વડે જોતું નથી, અને તેથી અંગત ભૂલના તત્ત્વ સામે તેને તકેદારી રાખવી પડતી નથી : એ અંગત ભૂલનું તત્ત્વ તો માત્ર ત્યારે જ અંદર ઘૂસી આવવાનું કે જ્યારે કાંઈ મનોમય અવશેષ કે આજુબાજુનું વાતાવરણ હજી ય બાકી રહી ગયું હોય અને પોતાનો પ્રભાવ પાથરી શકતું હોય, અથવા જ્યાં સુધી, મનનું પરિવર્તન કરવા અતિમનસ હજી મનની અંદર આવીને કાર્ય કરતું હોય. અને ભૂલનાં તત્ત્વને દૂર કરવાની અતિમનસની રીત બીજી કોઈ યુક્તિ અજમાવીને નહિ પણ અતિમાનસિક પરખ-શક્તિની સાહજિકતાને વધારીને તથા પોતાની શક્તિને હમેશાં વધારે ઉચ્ચ કક્ષાએ પહોંચાડતા જઈને કરવાની છે. અતિમનસની ચેતના એ એક વિશ્વવ્યાપી ચેતના હોય છે; અને વ્યક્તિગત જ્ઞાતા આ વિશ્વવ્યાપી ચેતનાના આત્મામાં રહીને તથા તેની સાથે વત્તેઓછે અંશે ગાઢ તાદાત્મ્ય સાધીને, જ્ઞેય પદાર્થને પોતાની સન્મુખ રજૂ કરતા હોય છે.

અવલોકન કરતી વખતે જ્ઞાતા એક સાક્ષી બનેલો હોય છે, અને આ સબંધને લીધે એક જાતની અલગતા, ભિન્નતા ઊભી થતી હોય એમ લાગે

છે; પણ વાત એમ હોય છે કે એ ભિન્નતા પૂરેપૂરી અલગતા-ભરી ભિન્નતા નથી હોતી, અને બાહ્ય વસ્તુના માનસિક અવલોકનની માફક અહીં, " અવલોકાતી વસ્તુ જરા પણ આપણી જાત-રૂપ ના હોઈ શકે " એવો અલગતા-ભાવ નથી હોતો. જ્ઞાત વસ્તુ સાથે હમેશાં એક મૂળભૂત એકતાનો ભાવ રહેલો હોય છે, કારણકે આવા એકત્વ વિના અતિમાનસિક જ્ઞાન સંભવી જ ના શકે. જ્ઞાતા જ્યારે જ્ઞેય વસ્તુને પોતાની સાક્ષી-દૃષ્ટિના સિંહાસન સમક્ષ રજૂ થએલા એક પદાર્થ તરીકે, પોતાની વિશ્વવ્યાપી બની ગએલી ચિન્મય સત્તતામાં ધારણ કરે છે ત્યારે તે તેનો પોતાની જ વિશાળ જાતમાં સમાવેશ કરે છે. અતિમાનસિક અવલોકન એવી વસ્તુઓનું જ હોય છે કે જેની સત્તા અને ચેતના સાથે આપણે એક થઈ ગયા હોઈએ, અને જેમને, એ એકતાના જોરે આપણે આપણી પોતાની જાતની માફક જ જાણી શકીએ તેમ હોઈએ : ત્યારે અવલોકન એ ગુપ્ત જ્ઞાનને બહાર આણવાની એક ક્રિયા હોય છે.

એટલે કે, સહુથી પહેલાં તો તેમાં ચેતનાની એક એવી મૂળભૂત એકતા હોય છે કે જે, આપણે અતિમાનસિક પ્રદેશોમાં રહેવાની, અનુભવવાની અને જોવાની બાબતમાં કરેલી પ્રગતિ અને મેળવેલી ઉચ્ચતા અને પ્રબળતાના પ્રમાણમાં, વધારે કે ઓછી સમર્થ હોવાની, તેમ જ, પોતાનામાં રહેલા જ્ઞાન-દ્રવ્યને વધારે કે ઓછી સમગ્રતાથી અને પ્રત્યક્ષતાથી પ્રગટ કરવાની શક્તિવાળી હોવાની. આ મૂળભૂત એકતાને પરિણામે જ્ઞાતા અને જ્ઞેય વચ્ચે સચેતન જોડાણનો જાણે કે એક પ્રવાહ કે પુલ બંધાઈ ગએલો હોય છે — આવાં રૂપકો ગમે તેટલાં અધૂરાં હોવા છતાં ય વાપર્યા વિના છૂટકો નથી —, અને તેથી એક સંપર્ક કે સક્રિય મિલન પણ થઈ ગયું હોય છે કે જે આપણને, એ પદાર્થમાં કે તેના વિશે જે કાંઈ જાણવાનું હોય તેને અતિમાનસિક રીતે જોવા, અનુભવવા અને જાણવાને શક્તિમાન બનાવે છે. કેટલીક વાર આ પ્રવાહ કે પુલ એ જ વખતે અનુભવ-ગમ્ય ના બનતાં તેના સંપર્કનાં પરિણામો જ ખ્યાલમાં આવે છે; તેમ છતાં, તે હમેશાં અને ખરેખર મોજૂદ હોય છે જ અને પછીથી તેનું સ્મરણ થતાં જાણી શકાય છે કે તે ખરેખર ત્યાં પહેલેથી મોજૂદ હતો જ; અતિમાનસિકતામાં આગળ વધતાં તે એક કાયમી વસ્તુ બની રહે છે. જ્યારે મૂળભૂત એકતા એક સંપૂર્ણ, સક્રિય એકતા બની જાય ત્યારે જોડાણરૂપ આ પ્રવાહ કે પુલની જરૂરિયાત નથી રહેતી. પતંજલિ જેને " સંયમ " કહે છે તે ચેતનાની એકાગ્રતા, પ્રેરણા કે ધારણાના પાયારૂપ આ જ ક્રિયા છે;

પતંજલિ કહે છે કે આ "સંયમ"ને લીધે જ, જ્ઞેયમાં જે કાંઈ રહેલું હોય તે જાણી શકાય છે. પણ જ્યારે સક્રિય એકતા વિકાસ પામે ત્યારે આ એકાગ્રતાની જરૂરિયાત નહિવત્ કે શૂન્ય બની જાય છે; ત્યારે તે જ્ઞેયની તથા તેના દ્રવ્યની પ્રકાશમય ચેતના તદ્દન સહજ, સામાન્ય અને સરળ બની જાય છે.

આવું અતિમાનસિક અવલોકન ત્રણ રીતે થઈ શકે છે. એક તો. જ્ઞાતા પોતાને પોતાની ચેતનામાં જ્ઞેય ઉપર લંબાવે એમ બને; પોતાની બોધ-શક્તિ જ્ઞેયનો સંપર્ક કરે છે કે તેને ફરી વળે છે કે તેમાં ઊંડે ઊતરી જાય છે એમ પણ અનુભવે; અને ત્યાં, જાણે કે એ જ્ઞેયની અંદર રહીને, પોતાને જે જાણવાનું હોય તેના વિશે સભાન પણ બને. અથવા તો, એ જ્ઞેયની અંદર જે જે કાંઈ હોય કે જે કાંઈ એ જ્ઞેયનું પોતાનું હોય (દાખલા તરીકે તેમના વિચારો કે લાગણીઓ), તેમને, એ સંપર્ક વડે, તેમનામાંથી નીકળી, પોતે જે સાક્ષીરૂપ સ્થાને બેઠેલો હોય ત્યાં પોતાનામાં પ્રવેશતા અનુભવે. અથવા તો, પોતાના સાક્ષીરૂપ સ્થાને સ્થિર રહીને અને આવા કોઈ લંબાણ કે પ્રવેશનો આશરો લીધા વિના, માત્ર એક જાતની અતિમાનસિક બોધ-શક્તિના જોરે પોતાની અંદર જ સીધું જ્ઞાન મેળવે એમ પણ બને. અવલોકનની શરૂઆત તરીકે કે દેખાવ પૂરતા આધાર તરીકે ભૌતિક કે અન્ય ઇન્દ્રિયો સમક્ષ ભલે એ પદાર્થને સન્મુખ રાખવામાં આવે પણ અતિમનસને માટે એ કાંઈ અનિવાર્ય નથી હોતું. તેને બદલે કોઈક આંતરિક આકૃતિ કે માત્ર તેનો ખ્યાલ પણ પૂરતો થઈ પડે. જાણવા માટેનો પોતાનો માત્ર એક સંકલ્પ પણ — અથવા તો તે જ્ઞેયનો, પોતાની જાત જ્ઞાતાને જણાવવાનો કે પોતાની સાથે વ્યવહાર કરવાનો સંકલ્પ-માત્ર પણ અતિમાનસિક ચેતના સમક્ષ જરૂરી જ્ઞાન રજૂ કરી દઈ શકે છે.

તર્ક-પ્રધાન બુદ્ધિએ પૃથક્કરણ-ભર્યું અવલોકન અને સમન્વય-સાધક રચના કરવાની જે પદ્ધતિ અખત્યાર કરેલી છે તે અતિમનસની પદ્ધતિ નથી; અને તેમ છતાં તેમાં તેને કાંઈક મળતી ક્રિયા છે પણ ખરી, જે કાંઈ પદાર્થ, તેનું સ્વરૂપ, શક્તિ, ક્રિયા, ગુણ, મન કે આત્માને જોવાનાં હોય તેની ખાસિયતોને પ્રત્યક્ષ દૃષ્ટિ વડે જ, અને પૃથક્ ટુકડાઓને તપાસવાની મનની રીતનો આશરો લીધા વિના જ, તે અલગ અલગ જોઈ શકે છે; અને, એ જ પ્રમાણે, આ બધી ખાસિયતો જેનાં ગૌણ અંગો હોય છે તેની માર્મિક સમગ્રતાને પણ તે એટલી જ પ્રત્યક્ષતાથી અને રચના ઊભી કરવાની કોઈ ક્રિયાનો આશરો લીધા વિના જ જોઈ શકે છે. વળી એ પદાર્થના પોતાના

અસલ સારતત્ત્વને, મૂળ તત્ત્વને, તેના સ્વ-ભાવને — પેલી સમગ્રતા અને ખાસિયતો જેના આવિર્ભાવ હોય છે તેને – પણ તે જુએ છે. અને તેનાથી પણ આગળ, એ સ્વ-ભાવને બાજુ પર રાખીને કે તેની દ્વારા પણ તે એકમેવ આત્માને, એક જ અસ્તિત્વને, ચેતનાને, સામર્થ્યને, શક્તિને — કે જેની પાયારૂપ અભિવ્યક્તિ તરીકે તે સ્વભાવ હોય છે – તેને પણ તે જુએ છે. તે એ વખતે માત્ર ખાસિયતોનું જ અવલોકન કરતું હોય એમ પણ બને, છતાં સમગ્રતા તેમાં આપોઆપ જ આવી ગએલી હોય છે, અને એ જ પ્રમાણે સમગ્રતાના અવલોકનમાં ખાસિયતો પણ આપોઆપ જ આવી ગએલી હોય છે, દાખલા તરીકે, મનની સમગ્ર અવસ્થા જોવામાં જ તેમાંથી ઊઠતો કોઈ એક વિચાર કે લાગણી, કે એ એક વિચાર કે લાગણી જોવામાં જ મનની સમગ્ર અવસ્થા તે જોતું જ હોય છે. જાણવાની આવી એ ક્રિયા ભલે તે એક બાજુથી શરૂ થઈ હોય તોપણ સીધેસીધાં સૂચન વડે એ ગર્ભિત જ્ઞાનને પણ પહોંચી જતી હોય છે. એ જ પ્રમાણે સ્વ-ભાવનું જ્ઞાન પણ સમગ્રતામાં અને બધી જ — કે કોઈ એક — ખાસિયતમાં પણ આપોઆપ આવી જ જતું હોય છે અને અહીં પણ જ્ઞાન-ક્રિયા, વારાફરતી કે વિકલ્પની રીતે, ઝડપથી કે તત્ક્ષણ થઈ જતી હોય છે. વિજ્ઞાનની તર્કપદ્ધતિ મનની તર્ક-પદ્ધતિના કરતાં જુદી જ જાતની હોય છે. તે આત્માને હમેશાં એક સત્ તરીકે હયાતી તરીકે જુએ છે, પદાર્થના સ્વભાવને તે આત્માની સત્તા અને શક્તિની પાયારૂપ અભિવ્યક્તિ તરીકે જુએ છે, અને સમગ્રતાને તથા ખાસિયતોને આ શક્તિના અને તેની સક્રિય અભિવ્યક્તિના એક અનુગામી આવિર્ભાવ તરીકે જુએ છે. અતિમાનસિક ચેતનાની અને જ્ઞાન-ક્રિયાની સંપૂર્ણ અવસ્થામાં આ જ ક્રમ હમેશાં સચવાએલો હોય છે. વિજ્ઞાન-બુદ્ધિ એકતાનું, સામ્યનું, ભેદનું, પ્રકારનું, વિશિષ્ટતાનું જે કાંઈ બોધ-જ્ઞાન પ્રાપ્ત કરે છે તે આ જ ક્રમ સાથે સુસંગત હોય છે અને તેના પર આધારિત હોય છે.

અતિમનસની આવી અવલોકન-ક્રિયા બધી જ બાબતોને લાગુ પડે છે. ભૌતિક પદાર્થોને તે જુએ છે — અને જ્યારે તે ખુદ તેની પૂરેપૂરી બાહ્યતા ઉપર એકાગ્ર થએલ હોય છે ત્યારે પણ — તેનું અવલોકન માત્ર સપાટી પરનું કે બાહ્ય નથી હોતું, અને હોઈ જ ના શકે. તે તેના ઘાટને, ગતિને અને ગુણધર્મોને જુએ છે ખરું, પણ તેની સાથે સાથે તેના ગુણ અને શક્તિઓ — કે જેના બાહ્ય રૂપાંતર-રૂપે જ તેનું બાહ્ય સ્વરૂપ હોય છે — તેના વિશે પણ તે સભાન હોય છે; અને તે તેમને પેલા ઘાટ અને

ગતિ ઉપરથી કરેલા એક અનુમાન કે તારવણી તરીકે જોતું નથી પણ તેમને સીધાં જ એ પદાર્થના સ્વત્વમાં અનુભવે છે અને જુએ છે, અને તે પણ, તેના ઘાટ કે ઇન્દ્રિય-ગ્રાહ્ય ગતિને જેટલી સ્પષ્ટતાથી જુએ છે તદ્દન તેટલી જ સ્પષ્ટતાથી, — એમ કહી શકાય કે, એમ સૂક્ષ્મ નક્કરતા અને બારીક પદાર્થમયતા-પૂર્વક — જુએ-અનુભવે છે. વળી તે ગુણ, શક્તિ અને ઘાટમાં જે ચેતના આવિર્ભાવ પામતી હોય છે તેના વિશે પણ તે સભાન હોય છે. તે આપણને અમૂર્ત લાગતાં પરિબળો, વલણો, પ્રેરક બળોને પણ, આપણે આજે જેને દૃશ્ય અને ઇન્દ્રિય-ગ્રાહ્ય કહીએ છીએ તેવા પદાર્થોના જેટલી જ પ્રત્યક્ષતાથી અને સ્પષ્ટતાથી જુએ છે. પ્રાણીઓને અને વ્યક્તિઓને પણ બરાબર એ જ રીતે તે અવલોકે છે. તે તેની વાણી, વર્તન કે બાહ્ય લક્ષણોના એક શરૂઆત કે પ્રારંભિક સૂચન તરીકે ઉપયોગ કરે પણ ખરું, પણ તેનાથી ન તો મર્યાદિત બની જાય છે, ન તો તેના પર આધાર રાખે છે. તે અન્યોના ખુદ આત્મા અને ચેતનાને જાણી-અનુભવી-અવલોકી શકે છે, બાહ્ય લક્ષણ દ્વારા સીધું જ તેમને પહોંચી જઈ શકે છે કે જો પોતાની વધારે સમર્થ ક્રિયા-શક્તિ અજમાવે તો શરૂઆત જ ત્યાંથી કરી શકે છે અને બાહ્ય અભિવ્યક્તિનાં પ્રમાણો દ્વારા આંતરિક સત્તાને જાણવાનો પ્રયત્ન કરવાને બદલે આંતરિક સત્તાના પ્રકાશમાં બધી જ બાહ્ય અભિવ્યક્તિઓને તરત જ સમજી લે છે. બરાબર આ જ રીતે, વિજ્ઞાનમય પુરુષ પોતાની આંતરિક સત્તાને તેમ જ પ્રકૃતિને સંપૂર્ણપણે જાણે છે. ભૌતિક વ્યવસ્થાઓની પાછળ જે કાંઈ છુપાઈ બેઠેલું હોય તેની ઉપર પણ અતિમનસ એટલા જ સામર્થ્યથી કાર્ય કરી શકે છે અને પ્રત્યક્ષ અનુભૂતિ દ્વારા તેમને અવલોકી શકે છે; ભૌતિક વિશ્વ સિવાયના અન્ય પ્રદેશોમાં પણ તે વિચરી શકે છે. તે વસ્તુઓના આત્માને અને વાસ્તવિકતાને જે જાણે છે તે તાદાત્મ્ય વડે, એકતાની અનુભૂતિ કે એકતામય સંપર્ક વડે, અને એક દર્શન, એક પ્રત્યક્ષ અવલોકન વડે, તથા આ બધી બાબતો પર આધારિત કે તેમાંથી તારવેલાં, તેમ જ તેમને સાક્ષાત બનાવી દેતાં, વિચાર-દર્શન અને જ્ઞાન વડે; અને તે આત્મ-તત્ત્વનાં સત્યોની જે વિચારમય રજૂઆત કરે છે તે આ પ્રકારનાં દર્શન અને અનુભૂતિની અભિવ્યક્તિ હોય છે.

અતિમાનસિક સ્મરણ-શક્તિ માનસિક સ્મરણ-શક્તિના કરતાં જુદી જ છે; તે ભૂતકાળનાં જ્ઞાન અને અનુભવોનો ભંડાર નથી હોતો પણ જ્ઞાનનો એક એવો કાયમી વસવાટ હોય છે કે જેને, જરૂર ઊભી થતાં, બહાર લાવી શકાય છે, અથવા તો, વધારે લાક્ષણિક રીતે કહેતાં, જે પોતે જ હાજર

થઈ જાય છે; તેની ઉપર ધ્યાન આપવાની કે તેને સચેતન રીતે ગ્રહણ કરવાની જરૂર નથી પડતી, કારણકે ભૂતકાળમાં ખરેખર નહિ જાણેલી કે નહિ જોએલી બાબતોને પણ એક એવી ક્રિયા દ્વારા ગુપ્તતામાંથી બહાર લાવી શકાય છે કે જે તાત્ત્વિક રીતે તો એક જાતનું સ્મરણ જ હોય છે. તેમાં ય એક એવી ખાસ ભૂમિકા આવે છે કે જ્યાં બધું જ જ્ઞાન એક સ્મરણ તરીકે જ રજૂ થતું હોય છે, કારણકે ત્યાં બધું જ અતિમાનસિક જાતમાં છુપાઈને પડેલું હોય છે કે અંતર્ગત બનીને રહેલું હોય છે. અને ભાવિ પણ, ભૂતકાળની માફક, અગાઉથી જાણેલી બાબતના સ્મરણ તરીકે અતિમનસના જ્ઞાન સમક્ષ ખડું થઈ જાય છે. કલ્પના-શક્તિ અતિમનસમાં રૂપાંતર પામીને, એક બાજુએ, સાચાં પ્રતિરૂપની અને પ્રતીકની શક્તિ તરીકે—અને એ પ્રતિરૂપ કે નિર્દેશ હમેશાં સત્તાના કોઈક મૂલ્યનું, મર્માર્થનું કે અન્ય સત્યનું જ હોય છે—કાર્ય કરે છે, તો, બીજી બાજુએ, એવી સંભવિતતાઓ અને શક્યતાઓની પ્રેરણા તરીકે કે અર્થ-દ્યોતક દર્શન તરીકે કાર્ય કરે છે કે જે હકીકત-રૂપ કે સાક્ષાત બનેલી વસ્તુઓના કરતાં ઓછી સાચી નથી હોતી. અને આ સંભવિતતાઓ અને શક્યતાઓને યથા-સ્થાને ગોઠવી આપવાનું કામ કરનાર હોય છે: તેમના સાથમાં રહેનારી એક અંતર્જ્ઞાનાત્મક કે અર્થ-દ્યોતક નિર્ણય-શક્તિ; કે એ પ્રતિરૂપ, પ્રતીક કે શક્યતાનાં દર્શનમાં અંતર્ગત રહેલી નિર્ણય-શક્તિ; કે એક એવું અતિ પ્રભાવશાળી સત્યદર્શન કે જે એ પ્રતિરૂપ કે પ્રતીકની પાછળ જે તત્ત્વ રહેલું હોય તેનું સત્યદર્શન હોય, અથવા, શક્યને અને હકીકત-મયને તેમ જ તેમના સંબંધોને નક્કી કરી આપતું હોય, તથા—એમ પણ બને કે, તેમનો અનાદર કરીને કે તેમને ઓળંગીને—અંતિમ સત્યોને તેમ જ સર્વોચ્ચ નિશ્ચિતતાઓને સ્થાપી આપતું હોય.

અતિમાનસિક નિર્ણય-શક્તિ એ, અતિમાનસિક અવલોકન-શક્તિ કે સ્મરણ-શક્તિથી અવિભક્ત રહીને તથા મૂલ્યો, મર્માર્થો, પુરોગામી અને અનુગામી ઘટનાઓ, સંબંધો વગેરે માટેની પ્રત્યક્ષ દૃષ્ટિ કે બોધ-શક્તિ તરીકે તેમાં અંતર્ગત રહીને કાર્ય કરે છે; અથવા પ્રકાશથી ભરેલા અને સર્વ કાંઈ પ્રગટ કરી આપતા ખ્યાલ કે સૂચનરૂપે તે અવલોકન-શક્તિની ઉપરવટ જાય છે; અથવા અવલોકન-શક્તિ પર જરા ય આધાર ના રાખતાં તેની પહેલાં પણ આવી મળે છે અને, એમ બને ત્યારે, રજૂ થનારો અને દેખાનારો પદાર્થ પેલા ખ્યાલનાં સત્યને પ્રત્યક્ષ રીતે પુષ્ટિ આપે છે. પણ આમાંની કોઈ પણ ક્રિયામાં તે પોતાના હેતુને માટે પૂરેપૂરી પર્યાપ્ત હોય છે, પોતે

જ પોતાની સાબિતી હોય છે અને પોતાની સત્યતા માટે તે કોઈ પણ સહાય કે પુષ્ટિ પર ખરેખરો આધાર રાખતી નથી. વિજ્ઞાન-બુદ્ધિને પોતાની આગવી તર્ક-પદ્ધતિ હોય છે પણ તેનું કાર્ય કસોટી કરવાનું કે ચકાસી જોવાનું, પુષ્ટિ આપવાનું અને સાબિત કરવાનું કે ભૂલને પકડવાનું અને દૂર કરવાનું નથી હોતું. તેનું કાર્ય હોય છે માત્ર, જ્ઞાનને જ્ઞાન સાથે જોડી આપવાનું, સંવાદિતાઓ અને વ્યવસ્થા અને સંબંધોને શોધી કાઢવાનું અને કામમાં લેવાનું, અતિમાનસિક જ્ઞાન જે કાંઈ ગતિ કરે તેને સુવ્યવસ્થિત બનાવવાનું. આ કાર્ય તે અનુમાનોના કોઈ કૃત્રિમ નિયમ કે ચોકઠાં વડે નહિ પણ સંધાનો અને સંબંધોને પ્રત્યક્ષ, જીવંત અને તત્ક્ષણ રીતે જોઈને તથા સ્થાપીને પાર પાડે છે. અતિમનસમાં વિચાર-માત્ર, સ્ફુરણા, પ્રેરણા કે સત્યના-દૃષ્ટિના પ્રકારનો હોય છે, અને જ્ઞાનની સર્વે ઊણપોને આ જ શક્તિઓનાં વધુ કાર્ય વડે પૂરી કરાય છે; ભૂલને એક સહજ અને પ્રકાશ-મય પરખ-શક્તિ વડે પહેલેથી જ રોકી દેવામાં આવે છે,— પ્રગતિ હમેશાં જ્ઞાનમાંથી જ્ઞાન પ્રત્યે જ થતી હોય છે. તે આપણી સમજ પ્રમાણેની તાર્કિક નહિ પણ અતિ-તાર્કિક હોય છે,— મનોમય બુદ્ધિ જેને ઠોકરો ખાતી ખાતી અને અપૂર્ણ રીતે પાર પાડવા મથે છે તે તે પૂર્ણ-પ્રભુતાથી કરી નાખે છે.

વિજ્ઞાન-બુદ્ધિથી પણ ઉપર જ્ઞાનની જે ગિરિમાળાઓ આવેલી છે, જે વિજ્ઞાન-બુદ્ધિને પણ પોતાનામાં ઊંચે લઈ લે છે અને તેને ઓળંગી પણ જાય છે તેમનું યોગ્ય વર્ણન થઈ શકે તેમ નથી, અને તેને માટેનો પ્રયત્ન કરવો એ અત્યારે જરૂરી પણ નથી. એટલું કહેવું જ પૂરતું છે કે ત્યાં જ્ઞાનપ્રાપ્તિની ક્રિયા વધારે પર્યાપ્ત છે, તેની પ્રકાશોજ્જ્વલતા વધારે પ્રખર અને વિશાળ છે, અ-વિરોધ્ય છે, તત્કાલ-સિદ્ધ છે, તેના સક્રિય જ્ઞાનનો વિસ્તાર અફાટ છે, તેની પદ્ધતિ તાદાત્મ્ય-મય જ્ઞાનની વધારે નજદીક છે, ત્યાં વિચાર આત્મ-સજાગતા અને સર્વગ્રાહી દૃષ્ટિના પ્રકાશમય દ્રવ્યથી હજી ય વધારે ભરચક્ક છે, અને કોઈ પણ નિમ્ન આધારે કે સહાયથી વધારે સ્પષ્ટ રીતે મુક્ત હોય છે.

એ યાદ રાખવું ખૂબ જરૂરી છે કે આ બધાં લક્ષણો અંતર્જ્ઞાનાત્મક મનની સમર્થમાં સમર્થ ક્રિયાને પણ પૂરેપૂરાં લાગુ પડતાં નથી; તેમાં તેની માત્ર પ્રારંભિક ઝાંખી જ હોય છે. અને જ્યાં સુધી અતિમાનસિકતા છેક નીચેના ભાગમાં હજી માત્ર એક આછા પ્રવાહ-શી બંધાઈ રહી હોય છે, તથા માનસિક ક્રિયાઓનાં મિશ્રણરૂપે કે તેની આજુબાજુના માત્ર વાતાવરણ

તરીકે જ હોય છે ત્યાં સુધી તે લક્ષણો પૂરેપૂરાં કે વિશુદ્ધ રીતે વર્તાઈ શકતાં પણ નથી. એ તો જ્યારે મનોમયતાને પૂરેપૂરી ઓળંગી જવામાં આવે અને તે નિષ્ક્રિય નીરવતામાં પૂરેપૂરી ડૂબી જાય ત્યારે જ વિજ્ઞાન–બુદ્ધિનું, અતિમાનસિક બુદ્ધિનું પૂર્ણ પ્રાગટ્ય તેમ જ પ્રભુતાભર્યું પૂર્ણકાર્ય સંભવી શકે છે.

## પ્રકરણ : ૨૪

# અતિમાનસિક ઇન્દ્રિય

મનનાં બધાં કરણોમાં અને બધી ક્રિયાઓમાં જે જે શક્તિઓ રહેલી છે તે દરેકની સાથે સામ્ય ધરાવતા અને તેમને પ્રત્યુત્તર આપતા તેમના ભાગો અતિમાનસિક શક્તિની સક્રિયતામાં રહેલા છે; ત્યાં તેઓ વધારે ઉન્નત થએલા અને રૂપાંતર પામેલા હોય છે; પણ ત્યાં તેમને મળતી પસંદગીનો અને જરૂરી મહત્તાનો ક્રમ ઊલટો થઈ ગએલો હોય છે. જેવી રીતે અતિમાનસિક વિચાર તેમ જ અસલ તાત્ત્વિક ચેતના નામની વસ્તુ છે તેવી જ રીતે અતિમાનસિક ઇન્દ્રિય નામની વસ્તુ પણ છે. ઇન્દ્રિય એ મૂળમાં તો શરીરનાં કોઈ વિશિષ્ટ અંગોની ક્રિયા નથી પણ પોતપોતાના વિષય સાથેનો, ચેતનાનો સંપર્ક, સંજ્ઞાન છે.

જ્યારે આપણી ચેતના સંપૂર્ણપણે આંતર-મુખ બની ગએલી હોય છે ત્યારે તે માત્ર પોતાના જ વિશે, પોતાના જ સત્, પોતાના જ ચિત્ તથા પોતાના જ આનંદ વિશે, પોતાની જ સત્તાની એકાગ્ર શક્તિ વિશે સભાન હોય છે, અને તે પણ તેમનાં બાહ્ય સ્વરૂપો વિશે નહિ પણ તેમના અસલ તત્ત્વ વિશે. જ્યારે તે આ આંતર-ડૂબકીમાંથી બહાર આવે છે ત્યારે તે પોતાનાં સત્, ચિત્ અને આનંદની ક્રિયાઓ અને સ્વરૂપો વિશે સભાન બને છે અથવા તો તેમને તે પોતાની આંતર-મગ્ન અવસ્થામાંથી છૂટાં મૂકે છે કે વિકસાવે છે. અને આવા પ્રસંગે પણ, અતિમાનસિક ભૂમિકામાં તો તેની મૂળભૂત સભાનતાનો પ્રકાર તેમ જ પૂરેપૂરી વિશિષ્ટતા હજી પણ આત્માની જ આત્મ-સભાનતાની, એકમેવ અને અનંત પુરુષના આત્મ-જ્ઞાનની નિજી રીતના હોય છે. અને એ જ્ઞાન એવું હોય છે કે જે પોતાના સર્વ વિષયો, સ્વરૂપો અને ક્રિયાઓ વિશે પોતાની જ અનંત જાતમાં સભાન બનીને તેમને સર્વ-ગ્રાહી રીતે જાણે છે, તેમની અંદર જઈ પોતાને તેમની જ જાત તરીકે અનુભવીને ગાઢ રીતે જાણે છે, અને તેમને પોતાની જાત સાથે આત્મ-સાત અનુભવીને નિરપેક્ષ રીતે જાણે છે. જ્ઞાન-પ્રાપ્તિની આ સિવાયની, તેની બીજી બધી જ રીતો આ તાદાત્મ્ય-મય જ્ઞાનના ફાંટાઓ,

હોય છે, તેનાં જ અંગો કે ગતિઓ હોય છે, અથવા, છેક નીચેની કક્ષાએ, તેઓ સત્ય અને પ્રકાશ માટે તેની જ ઉપર નિર્ધારિત હોય છે; પોતપોતાની આગવી ક્રિયા-પદ્ધતિને તેનો જ સ્પર્શ અને સહારો મળતો હોય છે અને પોતાના શાસક અને ઉદ્‌ગમરૂપ તેની જ સમક્ષ સ્વું બાબતો તેઓ ખુલ્લી કે છૂપી રીતે રજૂ કરતી હોય છે.

આ તાત્ત્વિક, તાદાત્મ્યમયજ્ઞાનની પાસેમાં પાસેની ક્રિયા એટલે અતિમાનસિક શક્તિની જ ખાસ વિશિષ્ટતાવાળી, વિશાળ સર્વગ્રાહી ચેતના, વિજ્ઞાન; કે જે જ્ઞાનનાં સમસ્ત સત્યને અને વિચારને અને વિષયને પોતાનામાં સમાવે છે અને તેમને તેમનાં અસલ તત્ત્વરૂપે, તેમની સમગ્રતાને તથા તેમનાં સર્વે અંગો કે પાસાંઓને એકસાથે જુએ છે. તેની ગતિ એટલે સંપૂર્ણ દર્શન અને ગ્રાહકતા; તે હોય છે જ્ઞાનમય પુરુષની સર્વગ્રાહી-સમજ અને પ્રભુત્વ; અને તે, ચેતનાના વિષયને આત્માનાં જ અંગ તરીકે કે તેની સાથેની એકતા તરીકે રજૂ કરે છે, અને એ એકતા, જ્ઞાન-પ્રાપ્તિની સાથે જ, સહજ અને પ્રત્યક્ષ રીતે સાક્ષાત થતી હોય છે. અતિમનસમાં બીજી એક એવી પણ ક્રિયા છે કે જે તાદાત્મ્ય-મય જ્ઞાનને પાછળના ભાગમાં રાખીને જ્ઞાત પદાર્થને એક જ્ઞેય ગણવા પર ઝોક મૂકે છે; તેની લાક્ષણિક ક્રિયા, મનમાં ઊતરી આવતાં, પ્રજ્ઞાન બની રહે છે, મનોમય જ્ઞાનની, બુદ્ધિની વિશિષ્ટ પ્રકૃતિનું ઉદ્‌ભવ-સ્થાન બની રહે છે. મનોમય બુદ્ધિનાં કાર્યમાં પહેલેથી જ જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞાત વચ્ચે અલગતા અને અન્ય-તા આવી રહે છે, જ્યારે અતિમનસમાં તે હજી પણ અનંત તાદાત્મ્યમાં કે, ઓછામાં ઓછી, વિશ્વમય એકરૂપતામાં વિચરતી હોય છે; ફેર એટલો કે જ્ઞાનમય પુરુષ ચેતનાના વિષયને આદિ અને અનંત એકતાનાં નિકટતમ સાંનિધ્યમાંથી જરા દૂર મૂકવાનો,—તેમ છતાં કાયમ પોતાનામાં જ રાખવાનો—, આનંદ માણે છે. તેમ જ તેને એવી બીજી રીતે જાણવાનો આનંદ માણે છે કે જેથી તેની સાથે, ચેતનાની લીલાના રાગમાં ગુંજતા અનેક સ્વરોરૂપી પરસ્પરના સંબંધ-વૈવિધ્યને સુસ્થાપિત કરી શકાય. આ પ્રજ્ઞાનની, અતિમાનસિક પ્રજ્ઞાની ગતિ અતિમનસની એક એવી ગૌણ, ત્રીજી કક્ષાની, ક્રિયા બની રહે છે કે જેને સંપૂર્ણ કરવા માટે વિચાર અને શબ્દોની જરૂર ઊભી થાય છે. તેનાં પ્રારંભિક કાર્યનો પ્રકાર તો તાદાત્મ્ય-મય જ્ઞાનનો અથવા ચેતનાની સર્વવ્યાપી ગ્રાહકતાનો હોવાથી ત્યાં આવાં સ્વરૂપ-સર્જક સાધનોની જરૂર નથી પડતી. આ અતિમાનસિક પ્રજ્ઞાનું સ્વરૂપ હોય છે સત્ય-દર્શન, સત્ય-શ્રુતિ અને સત્ય-સ્મૃતિ; અને અમુક રીતે તો તે પોતાના પૂરતી

સ્વયં-પર્યાપ્ત બની શકે તેમ હોવા છતાં, તેને અભિવ્યક્તિ-રૂપ દેહ આપતા વિચાર અને શબ્દનો આશરો લેવાથી તે વધારે સમૃદ્ધિભરી સાર્થકતા અનુભવે છે.

અતિમાનસિક ચેતનાની એક એવી છેવટની અને ચોથી ક્રિયા છે કે જે અતિમાનસિક જ્ઞાનની વિવિધ શક્યતાઓને સંપૂર્ણ કરે છે: અહીં, જ્ઞેયને જાણે કે પર-લક્ષી, પરાયું બનાવવાની ક્રિયા હજી પણ વધારે જોરદાર બને છે, અનુભૂતિ કરતી ચેતનાના સ્વ-સ્થાનથી તે તેને દૂર મૂકે છે અને પછી તેને એક એવા મિલન-સંપર્ક દ્વારા પાસે લાવે છે કે જે એક સામીપ્ય, સ્પર્શ, કે જોડાણ જેવી પ્રત્યક્ષ રીતે અથવા, અગાઉ જણાવેલા ચેતનાના પુલની પેલી બાજુથી ખેંચી લાવવાની કે ચેતનાના પ્રવાહ દ્વારા પાસે લાવવાની રીતે, પાર પાડવામાં આવે છે. તે હોય છે તો અસ્તિત્વો સાથેની પ્રત્યક્ષતાઓ, પદાર્થો, સ્વરૂપો, શક્તિઓ અને પ્રવૃત્તિઓ સાથેની સંપર્ક-ક્રિયા જ, પણ એ, તેમનો અતિમાનસિક સત્ અને શક્તિના પદાર્થ-તત્ત્વમાં સંપર્ક કરતી એક એવી ક્રિયા હોય છે—જડ તત્ત્વની અલગતાઓમાં અને ભૌતિક કરણો દ્વારા થતી સંપર્કક્રિયા નહિ—કે જે અતિમાનસિક ઇન્દ્રિયનું, સંજ્ઞાનનું, સર્જન કરે છે.

જે માનસિકતા પોતાના અનુભવ-ક્ષેત્રને વિશાળ કરીને હજી અતિમાનસિક ઇન્દ્રિયથી પરિચિત નથી થએલી તેને તેનું સ્વરૂપ સમજાવવું જરા મુશ્કેલ છે, કારણકે ઇન્દ્રિયોનાં કાર્ય વિશેના આપણા ખ્યાલને ભૌતિક મનના, મર્યાદિત બનાવી દેતા અનુભવો દોરતા હોય છે; અને આપણે એમ માની લઈએ છીએ કે: ઇન્દ્રિય-વ્યાપારોમાં પાયારૂપ બાબત છે બાહ્ય પદાર્થે આપણી જોવાની, સાંભળવાની, સૂંઘવાની, સ્પર્શ કરવાની, અને ચાખવાની ભૌતિક ઇન્દ્રિયો પર કરેલી અસર; અને આપણા મનનું, આપણી ચેતનાના હાલના કેન્દ્રસ્થ અંગનું, કાર્ય તો છે એ ભૌતિક અસરને તથા નાડીઓએ કરેલા તેના પરાવર્તનને માત્ર ગ્રહણ કરવાનું અને, એ રીતે એ પદાર્થ વિશે બૌદ્ધિક રીતે સચેતન થવાનું. ઇન્દ્રિય વ્યાપારોમાં થનારા અતિમાનસિક પરિવર્તનને સમજવા માટે સૌથી પહેલાં તો આપણને એ વાત પાકી સમજાઈ જવી જોઈએ કે ખુદ ભૌતિક ક્રિયામાં પણ મન એ જ એકમાત્ર સાચી ઇન્દ્રિય છે; ભૌતિક ઇન્દ્રિયો પર પડતી છાપ પર અત્યારે તેને જે આધાર રાખવો પડે છે તે, પદાર્થ-તત્ત્વમાંથી થએલી ઉત્ક્રાંતિને લીધે આવી પડેલી પરિસ્થિતિનું પરિણામ છે; પણ તે કોઈ અસલ કે અનિવાર્ય વસ્તુ નથી. ભૌતિક આંખથી સ્વતંત્ર એવી દૃષ્ટિ, ભૌતિક આંખથી સ્વતંત્ર એવું

શ્રવણ, અને, એ જ પ્રમાણે, બીજી ઇન્દ્રિયોથી સ્વતંત્ર એવા અનુભવો મેળવી શકવા માટે મન સમર્થ છે. વળી, આપણને જે સીધી જ મન પર પડતી છાપ લાગે તેનો આધાર લઈને તે એવી બાબતો વિશે સચેતન થઈ શકે છે કે જે ભૌતિક ઇન્દ્રિયો દ્વારા રજૂ તો ઠીક પણ ખુદ સૂચવાયા પણ ના હોય; તે એવા સંબંધો, ઘટનાઓ, અને ખુદ એવાં સ્વરૂપો અને શક્તિઓ પ્રત્યે પણ ખુલ્લું થઈ શકે છે કે જેના વિશે ભૌતિક ઇન્દ્રિયો કાંઈ જ આધાર આપી શકી ના હોત. આવી વિરલ શક્તિઓનું ભાન થવાથી જ આપણે મનને " છઠ્ઠી ઇન્દ્રિય " કહીએ છીએ; પણ હકીકતમાં તો મન એ જ એકમાત્ર સાચી ઇન્દ્રિય છે અને પેલી બીજી ઇન્દ્રિયો એ તો માત્ર તેની બાહ્ય સગવડો અને, ગૌણ સાધનો છે; પણ મન તેમની ઉપર એટલો બધો આધાર રાખતું આવ્યું છે કે તેઓ તેની મર્યાદારૂપ સરહદ અને અનિવાર્ય અને એકમાત્ર સંદેશ-વાહિકાઓ બની ગઈ છે. વળી આપણે એ પણ બરાબર સમજી લેવું પડે તેમ છે—જોકે, આ બાબતના આપણા સામાન્ય ખ્યાલોને આ વસ્તુ સ્વીકારવાનું વધારે મુશ્કેલ લાગે છે—કે મન એ પોતે પણ ઇન્દ્રિયનું એક ખાસ જાતનું સાધન-માત્ર જ છે, અને ઇન્દ્રિય પોતે, શુદ્ધ, સાચી ઇન્દ્રિય, એટલે કે સંજ્ઞાન, એ તો મનની પાછળ, અને તેનાથી પર આવી રહેલ છે અને તેનો ઉપયોગ કરી રહેલ છે; અને એ સંજ્ઞાન એ આત્માની એક ક્રિયા છે, આત્મ-ચેતનામાં રહેલી અનંત શક્તિની એક સીધે-સીધી અને અસલ પ્રવૃત્તિ છે. શુદ્ધ ઇન્દ્રિય-વ્યાપાર એ એક આધ્યાત્મિક ક્રિયા છે; અને શુદ્ધ ઇન્દ્રિય પોતે એ આત્માની પોતાની એક શક્તિ છે.

અતિમાનસિક ઇન્દ્રિય ગમે તે વસ્તુને પણ — પછી ભલેને એ ભૌતિક હોય કે આપણી દૃષ્ટિએ અ-ભૌતિક હોય, ભલેને એ સાકાર હોય કે પછી નિરાકાર હોય, તેમને પણ — એ પોતાની વિશિષ્ટ રીતે જાણવાને સમર્થ હોય છે (અને તેની આ વિશિષ્ટ રીત એ અતિમાનસિક વિચારની એટલે કે પ્રજ્ઞાનની રીત કરતાં, કે આધ્યાત્મિક સર્વ-ગ્રાહી જ્ઞાનની એટલે કે વિજ્ઞાનની રીત કરતાં કે તાદાત્મ્યમય જ્ઞાનની રીત કરતાં જુદી જાતની હોય છે). કારણકે સર્વ કાંઈ એ, સત્‌નું આધ્યાત્મિક પદાર્થ-તત્ત્વ છે, ચિત્તનું પદાર્થ-તત્ત્વ છે, આનંદનું પદાર્થ-તત્ત્વ છે; અને આધ્યાત્મિક ઇન્દ્રિય, શુદ્ધ સંજ્ઞાન, એ સચેતન પુરુષની, પોતાના જ સર્વ-વ્યાપી આત્મ-પદાર્થનો સંપર્ક કરવાની, પદાર્થમય સભાનતા છે, અને એ સભાનતાની અંદર જ, એ અનંત અથવા વિશ્વવ્યાપી પદાર્થ-તત્ત્વથી જે કાંઈ બનેલું છે તેની પણ સભાનતા છે. આપણે આત્મ-તત્ત્વને, આત્માને, ભગવાનને, અનંત બ્રહ્મને

સચેતન તાદાત્મ્ય વડે જાણી શકીએ છીએ; આત્માનાં તત્ત્વો અને સ્વ-રૂપોનાં, તેમ જ શક્તિ, લીલા અને કાર્મ-પ્રવાહના આધ્યાત્મિક, સર્વ-ગ્રાહી જ્ઞાન વડે પણ જાણી શકીએ છીએ; સીધેસીધા આધ્યાત્મિક, અતિમાન-સિક અને સ્ફુરણાત્મક વિચારમય જ્ઞાન વડે પણ જાણી શકીએ છીએ; આધ્યા-ત્મિક અને અતિમાનસિક ઝળહળાટ વાળી, હૃદયની લાગણીઓ, પ્રેમ અને આનંદ વડે પણ જાણી શકીએ છીએ; પણ તેનાથી ય આગળ તેનો ઇન્દ્રિય-ગ્રાહ્ય અનુભવ, ઇન્દ્રિય-બોધ, સંવેદન પણ — પૂરેપૂરા શાબ્દિક અર્થમાં — મેળવી શકીએ છીએ. ઉપનિષદમાં એવા અનુભવનું વર્ણન કરેલું છે કે જેમાં દૃષ્ટિ, શ્રવણ, સ્પર્શ અને બીજી દરેક ઇન્દ્રિય-ગમ્ય રીતે બ્રહ્મનો, અને એક-માત્ર બ્રહ્મનો જ અનુભવ કરી શકાય છે—કારણકે ત્યારે બધેબધા પદાર્થો, ચેતના સમક્ષ માત્ર બ્રહ્મ જ બની ગયા હોય છે અને તેના સિવાય તેમનું બીજું કાંઈ જ અલગ કે સ્વતંત્ર અસ્તિત્વ હોતું જ નથી—; આ વર્ણન એ કાંઈ કોઈ સાહિત્યનો શબ્દ-પ્રયોગ જ નથી; એ તો છે શુદ્ધ ઇન્દ્રિયના મૂળભૂત કાર્યનું, શુદ્ધ સંજ્ઞાનના આધ્યાત્મિક લક્ષ્યનું આબેહૂબ વર્ણન. તેનું આ અસલ કાર્ય આપણા અનુભવોના હિસાબે તો એક રૂપાંતરિત, મહિમા-વતું અનંત આનંદ-ભર્યું ઇન્દ્રિય-કાર્ય છે, પોતાની વિશ્વમય જાતમાં જે કાંઈ આવી રહેલું છે તેને આલિંગવાને, અને સ્પર્શવાને અને તેનો ઇન્દ્રિય-મય અનુભવ લેવાને માટેની, આત્માએ અંતરમાં અને આજુબાજુ અને સર્વત્ર પ્રસારેલી પ્રત્યક્ષ લાગણી છે; અને તેનાં એ અસલ કાર્યની અનુભૂતિ થતાં આપણી જાતનો અન્ય સર્વે જાત સાથે, વિશ્વમાં જે કાંઈ છે તેની સાથે ઘનિષ્ઠ સંપર્ક સાધીને, તેમનું જ્ઞાન મેળવીને, આપણે અનંત બ્રહ્મના અને તેમાં જે કાંઈ છે તે સર્વેના વિશે, અતિશય હૃદય-સ્પર્શી, અને આનંદ-પૂર્ણ, રીતે સભાન બની શકીએ છીએ.

અતિમાનસિક ઇન્દ્રિયનું કાર્ય ઇન્દ્રિયનાં આ સાચા સત્ય ઉપર પ્રતિ-ષ્ઠિત થએલું છે; એ આ શુદ્ધ, આધ્યાત્મિક, અનંત, નિરપેક્ષ સંજ્ઞાનનું સુવ્યવસ્થિત તંત્ર છે. આ ઇન્દ્રિય દ્વારા સક્રિય થતું અતિમનસ સર્વ કાંઈને ભગવાન તરીકે, અને ભગવાનમાં અનુભવે છે, સર્વ કાંઈને એક પ્રગટ સ્પર્શ, દર્શન, શ્રવણ, સ્વાદ અને સુગંધ તરીકે અનુભવે છે, સર્વ કાંઈને અનંત બ્રહ્મના અનુભવાતા, દેખાતા, પ્રત્યક્ષ રીતે સાક્ષાત થતા પદાર્થ અને શક્તિ અને તાકાત અને ગતિ, લીલા, સ્પંદન, સ્વરૂપ, સામીપ્ય, આશ્લેષ અને સત્ત્વ-સભર આપ-લે તરીકે અનુભવે છે. તેના ઇન્દ્રિય-અનુભવમાં કોઈ જ વસ્તુ અલગ અસ્તિત્વ-વાળી નથી હોતી, પણ સર્વ કાંઈ એક જ અસ્તિત્વ

અને એક જ પ્રવાહ તરીકે અનુભવાય છે, અને દરેક વસ્તુ અન્ય વસ્તુઓ-થી અ-વિભાજ્ય તેમ જ પોતાનામાં પરમ અનંતતાને, ભગવાનને, સમાવતી અનુભવાય છે. આ અતિમાનસિક ઇન્દ્રિયને જે પ્રત્યક્ષ લાગણી અને અનુભવ થાય છે તે પદાર્થોનાં માત્ર રૂપોનાં જ નહિ પણ તેમાં કાર્ય કરતી શક્તિ-ઓનાં, તેમનામાં રહેલી શક્તિનાં અને ગુણોનાં પણ હોય છે; અને જે તેમની અંદર તથા તેમની આજુબાજુ રહેલ છે અને જેની અંદર તેઓ પોતાનાં ગુપ્ત, સૂક્ષ્મ સ્વરૂપ અને તત્ત્વોમાં રહીને પોતાની જાત ખોલી નાખે છે તથા ફેલાવી દે છે અને એમ કરીને પોતાને અસીમ સાથેની એકરૂપતામાં પહોંચાડી દે છે તે દિવ્ય દ્રવ્ય અને સંનિધિની પણ પ્રત્યક્ષ લાગણી અને અનુભવ હોય છે. અતિમાનસિક ઇન્દ્રિયને તો કોઈ પણ વસ્તુ ખરી રીતે સાંત લાગતી જ નથી; તેનો પાયારૂપ અનુભવ હોય છે : પ્રત્યેકમાં સર્વે, અને સર્વેમાં પ્રત્યેક; તે જે ઇન્દ્રિયમય વ્યાખ્યા કરે છે તે માનસિક વ્યાખ્યા-નાં કરતાં વધારે ચોક્કસ અને સંપૂર્ણ હોવા છતાં પણ સીમાઓ બાંધતી દીવાલો ઊભી કરતી નથી; તે એક એવી સાગર-શી અને આકાશ જેવી ઇન્દ્રિય છે કે જેમાં દરેકેદરેક ઇન્દ્રિય-બોધ અને સંવેદન એ એક તરંગ કે ગતિ કે છોળ કે છાંટ હોવા છતાં સમગ્ર સમુદ્રનું ઘન-સ્વરૂપ હોય છે અને તે સમુદ્રથી એ અવિભાજ્ય હોય છે. તેની ક્રિયા એ, પ્રકાશના અને સામર્થ્યના અને આનંદના એક આકાશાતીત આકાશમાં થતા, સત્તા અને ચેતનાના વિસ્તાર અને આંદોલનનું પરિણામ હોય છે; આ આકાશ એ જ છે ઉપનિષદે કહેલું આનંદ-આકાશ કે જે, પરમ-પુરુષની વિશ્વમય અભિવ્યક્તિ માટેનું ગર્ભસ્થાન છે, ધારક છે—અને જેનો અહીં માનવ-મન અને દેહમાં તો મર્યાદિત વિસ્તાર અને આંદોલનવાળો જ અનુભવ થાય છે—; અને તેની સાચી અનુભૂતિ માટેનું માધ્યમ પણ એ જ છે. આ ઇન્દ્રિયનું ઓછામાં ઓછું સમર્થ સ્વરૂપ પણ એવા સત્ય-દર્શક પ્રકાશથી ઝળહળતું હોય છે કે જે અનુભૂત વસ્તુનું રહસ્ય પોતાનામાં ધારણ કરતું હોય છે અને, તેથી, અન્ય સર્વ અતિમાનસિક જ્ઞાનનું — પ્રજ્ઞાન, વિજ્ઞાન અને તાદાત્મ્ય-જ્ઞાનનું — પ્રથમ સોપાન અને પાયો બની શકે છે; અને આ ઇન્દ્રિય જ્યારે તેની સર્વોચ્ચ કક્ષાએ પહોંચેલી હોય અને સંપૂર્ણ સામર્થ્યથી સક્રિય બનેલી હોય ત્યારે સર્વે જાતનાં જ્ઞાનોમાં એ ખૂલી જાય છે કે તેમને ધારણ કરે છે અને, સાથે સાથે, તેમને છૂટાં મૂકી દે છે. એક એવું પ્રકાશ-પૂર્ણ સામર્થ્ય કે જે પોતાનામાં આત્મ-સાક્ષાત્કારની શક્તિ તેમ જ એક પ્રખર કે અનંત કાર્ય-સાધકતા ધારણ કરતું હોય છે તેના વડે તે બળવાન બનેલી

હોય છે; અને તેથી આ ઇન્દ્રિયના અનુભવો એવાં કર્મો માટેની પ્રેરણાનું પ્રારંભ-બિંદુ બની શકે છે કે જે આધ્યાત્મિક અને અતિમાનસિક સંકલ્પ અને જ્ઞાનનું સર્જન કરે કે તેમને સાર્થક બનાવે. તે એક એવા પ્રબળ અને પ્રકાશપૂર્ણ આનંદથી રસ-મસ્ત બનેલી હોય છે કે જે તેને, અને બીજી સર્વે ઇન્દ્રિયો અને ઇન્દ્રિયાનુભવોને, દિવ્ય અને અનંત આનંદની ચાવી કે પાત્ર બનાવી દે છે.

અતિમાનસિક ઇન્દ્રિય આપ-બળે કાર્ય કરી શકે છે; એ પોતાનાં કાર્ય માટે શરીર અને શારીરિક જીવન અને બાહ્ય મન પર આધાર રાખતી નથી, અને ખુદ આંતર-મન અને તેની અનુભૂતિઓથી પણ તે પર છે. તે ગમે તે દુનિયા પરના, ગમે તે સ્તર પરના અને વિશ્વમય ચેતનાની ગમે તે રચનામાં આવેલા સર્વે પદાર્થો વિશે સભાન બની શકે છે. તે ખુદ સમાધિ-અવસ્થામાં પણ ભૌતિક વિશ્વના પદાર્થો વિશે સભાન બની શકે છે, તેઓ જેવા છે અથવા ભૌતિક ઇન્દ્રિયોને જેવા લાગે તેવા જ તેમને અનુભવી શકે છે અને એ જ પ્રમાણે અનુભૂતિની ખુદ અન્ય અવસ્થાઓ વિશે, પદાર્થોનાં શુદ્ધ પ્રાણમય, મનોમય, ચૈત્ય અને વિજ્ઞાનમય નિરૂપણો વિશે પણ તે સભાન બની શકે છે. ભૌતિક ચેતનાની જાગ્રત અવસ્થામાં પણ તે, આપણી મર્યાદિત ગ્રહણ-શીલતાથી ગુપ્ત રહેતા કે ભૌતિક ઇન્દ્રિયોના પ્રદેશથી પર આવેલા પદાર્થોને, દૂર દૂરનાં સ્વરૂપોને, દશ્યોને, અને ઘટનાઓને ભૌતિક અસ્તિત્વ-માંથી બહાર ચાલ્યા ગએલા કે હજી તેમાં પ્રવેશ જ નહિ પામેલા પદાર્થોને, પ્રાણમય, મનોમય, ચૈત્ય, વિજ્ઞાનમય અને આધ્યાત્મિક પ્રદેશોનાં દશ્યો, સ્વરૂપો, ઘટનાઓ અને પ્રતીકોને પણ આપણી સમક્ષ રજૂ કરી શકે છે, અને આ બધી બાબતો તેમના વાસ્તવિક કે માર્મિક સત્યમાં જેવી છે તેવી, તેમ જ બાહ્ય દેખાવમાં જેવી છે તેવી પણ રજૂ કરી શકે છે. તે ઇન્દ્રિય-મય ચેતનાની બીજી સર્વે અવસ્થાઓનો અને તેમની નિજીનિજી ઇન્દ્રિયો અને અંગોનો ઉપયોગ કરી શકે છે, અને તેમ કરવામાં, તેમનામાં જે કાંઈ ના હોય તે ઉમેરે છે, તેમની ભૂલોને સુધારી લે છે અને ઊણપોને પૂરી કરે છે; કારણકે આ અતિમાનસિક ઇન્દ્રિય એ એ અન્ય સર્વેનું મૂળ છે, ઉદ્‌ગમ છે અને તેઓ સર્વે આ ઊર્ધ્વ ઇન્દ્રિયોનાં, આ સાચાં અને સીમા-વિહીન સંજ્ઞાનનાં ગૌણ અને નિમ્ન અવતરણો માત્ર જ છે.

૨

ચેતનાને મનના સ્તર પરથી અતિમનસના સ્તર પર ઉઠાવવામાં આવે અને તેના પરિણામે મનોમય પુરુષની અવસ્થામાંથી વિજ્ઞાનમય પુરુષમાં

રૂપાંતર થાય તેથી પ્રકૃતિનાં સર્વે અંગોનું અને તેની સર્વે પ્રવૃત્તિઓનું રૂપાંતર પણ થવું જ જોઈએ. સમગ્ર મનને અતિમાનસિક પ્રવૃત્તિઓ માટેનું માત્ર એક નિષ્ક્રિય વાહન જ, તેમને પ્રાણ અને શરીરમાં નીચે વહાવી લાવવાનું અને આજુબાજુની દુનિયામાં તેને બહાર વહેવા દેવા માટેનું કે તેની સાથેના વ્યવહાર માટેનું જ એક વાહન બનાવી દેવામાં આવતું નથી (એ તો રૂપાંતરની માત્ર પ્રાથમિક ભૂમિકા જ હોય છે), પણ તેને પોતાને, અને તેનાં સર્વે કરણોને પણ અતિમાનસ-મય બનાવી દેવામાં આવે છે. તેના જ એક ભાગ તરીકે ભૌતિક ઇન્દ્રિયોમાં પણ ફેરફાર, એક ગહન રૂપાંતર, થાય છે, ભૌતિક દૃષ્ટિ, શ્રવણ, સ્પર્શ વગેરેને પણ અતિમાનસિક સ્વરૂપ આપવામાં આવે છે; અને તેથી માત્ર જીવન અને તેના અર્થનું જ નહિ પણ ખુદ ભૌતિક દુનિયાનું અને તેનાં સર્વે સ્વરૂપો અને પાસાંઓનું પણ એક તદ્દન જુદું જ દૃશ્ય આપણી સમક્ષ ખડું કે ખુલ્લું થાય છે. અતિમનસ ભૌતિક ઇન્દ્રિયોનો પણ ઉપયોગ કરે છે અને તેમની કાર્યપદ્ધતિને અપનાવી લે છે; પણ તેમની પાછળ એવી આંતરિક અને ઊંડી ઇન્દ્રિયો વિકસાવે છે કે જે ભૌતિક ઇન્દ્રિયો સમક્ષ જે કાંઈ ગુપ્ત રહેતું હોય છે, તેમને જુએ છે; અને આમ પ્રાપ્ત થએલી નૂતન દૃષ્ટિ, શ્રવણ વગેરેને તેમના પોતાના અસલ સ્વરૂપ અને બોધ-ક્રિયાનો દાજો આપીને તેમનું હજી ય વધારે રૂપાંતર કરે છે. આ પરિવર્તન એવું છે કે જેથી પદાર્થોમાં રહેલું ભૌતિક સત્ય જરા પણ ઓછું થતું નથી. પણ તેમનામાં તેમનું અતિ-ભૌતિક સત્ય ઉમેરવામાં આવે છે, અને તેમની ભૌતિક મર્યાદાઓને ઉઠાવી લઈને, અનુભવો મેળવવાની ભૌતિક રીતમાં જે મિથ્યાભાસનું તત્ત્વ રહેલું છે તેને દૂર કરવામાં આવે છે.

ભૌતિક ઇન્દ્રિયો વિજ્ઞાનમય બનવાને લીધે તેમાં જે ફેરફાર થાય છે તે, વિચારો અને ચેતનાના રૂપાંતરને લીધે થતા ફેરફારના જેવું હોય છે દાખલા તરીકે, અતિમાનસિક દર્શન-શક્તિના પ્રભાવ વડે આપણી દૃષ્ટિ પરિવર્તન પામે કે તરત જ આપણી આંખને પદાર્થોનું અને આજુબાજુની દુનિયાનું નવું જ અને રૂપાંતરિત દર્શન થવા માંડે છે, તેની દૃષ્ટિમાં એક અસાધારણ સમગ્રતા તથા સર્વગામી અને સર્વગ્રાહી ચોકસાઈ આવે છે; આ સમગ્રતા તથા ચોકસાઈની સમક્ષ પદાર્થનું સમગ્ર સ્વરૂપ તથા તેની પ્રત્યેક વિગત એવી સંપૂર્ણ સંવાદિતા સહિત તથા એના એના ગૂઢાર્થની સ્પષ્ટતા સહિત એકદમ ખડાં થઈ જાય છે કે જે પ્રકૃતિએ તેને માટે નિર્ધાર્યાં હોય છે; એ જ પ્રમાણે, તેના આકારની પાછળ જે ખ્યાલ આવી રહેલો હોય છે અને

જેને અન્નમય સત્તાના વિજય તરીકે આગળ ને આગળ વધારીને મૂર્ત કરવાને હોય છે તે પણ તરત જ તેની સમક્ષ ખડો થઈ જાય છે; જાણે કે કોઈ કવિ કે કલાકારની આંખે આવીને આપણી ધૂંધળી અને ક્ષુદ્ર નજરનું સ્થાન લઈ લીધું છે—, પણ એ આંખ છે અદ્ભુત રીતે આધ્યાત્મિક બનેલી અને ભવ્યતા ભરેલી, જાણે કે એ ખરેખર પરમ, દિવ્ય કવિ અને કલાકારની પોતાની દૃષ્ટિમાં આપણે ભાગ લઈ રહ્યા છીએ અને જાણે કે આ વિશ્વના અને એ વિશ્વની અંદરના પ્રત્યેક પદાર્થના રૂપરંગ–સંયોજનની પાછળ રહેલા તેના સત્યને અને હેતુને સંપૂર્ણપણે જોવાની દૃષ્ટિ આપણને આવી મળી છે. તેમાં એક એવી મર્યાદા–વિહીન પ્રખરતા અને પ્રબળતા રહેલાં છે કે જે આપણને જે કાંઈ દેખાય તેમાં રહેલ ગુણ અને ખ્યાલ અને રૂપ અને રંગની ભવ્યતાનું સત્ય–દર્શન બનાવી દે છે. ત્યારે, આપણી ભૌતિક આંખ પોતાનામાં એક એવું આત્મ–તત્ત્વ અને ચેતના ધારણ કરતી લાગે છે કે જે પદાર્થની માત્ર ભૌતિક બાજુ જ નહિ પણ તેમાં રહેલા ગુણાત્મક આત્માને, શક્તિનાં સ્પંદનોને, તેનાં ઘટકરૂપ પ્રકાશ અને સામર્થ્ય અને આધ્યાત્મિક દ્રવ્યને પણ જુએ છે. આમ, દૃષ્ટિની ભીતરમાં અને તેની પાછળ રહેલી સમગ્ર ઇન્દ્રિય–ચેતનાની સમક્ષ, દેખાતી વસ્તુના આત્માનું તેમ જ, સ્વયં પોતાની જ સચેતન સત્તાના આ વસ્તુગત ઘાટમાં જે પોતાને જ વ્યક્ત કરી રહેલ છે એ વિશ્વમય આત્માનું પણ સત્ય–દર્શન આપણી ભૌતિક ઇન્દ્રિય દ્વારા ખડું થઈ જાય છે.

તો સાથે સાથે, એક બીજું એવું સૂક્ષ્મ પરિવર્તન થાય છે કે જે આંખને એક એવા ચોથા પરિમાણને જોવાની શક્તિ આપે છે કે જેનું વિશિષ્ટ લક્ષણ હોય છે એક જાતની અંતર્ગતતા, માત્ર ઉપરછલ્લા અને બાહ્ય આકારને જ નહિ પણ જે તેનામાં સત્તા ભરે છે અને સૂક્ષ્મ રીતે તેની આજુબાજુ ફેલાય છે તેને પણ જોવાની શક્તિ. આ દર્શન–શક્તિની સમક્ષ ભૌતિક પદાર્થ આપણને હાલમાં જેવો દેખાય છે તેના કરતાં તદ્દન જુદો જ બની જાય છે; અન્ય પ્રકૃતિની પશ્ચાદ્–ભૂમિની આગળ કે તેની વચમાં રહેલો કોઈ સ્વતંત્ર પદાર્થ નહિ પણ આપણે જે કાંઈ જોઈએ છીએ તેમાં વ્યાપી રહેલી એકતાનો એક અવિભાજ્ય ભાગ અને, એક જાતની સૂક્ષ્મ રીતે, તેની ખુદ અભિવ્યક્તિ પણ બની જાય છે. અને આપણને દેખાતી આ એકતા એ માત્ર સૂક્ષ્મ ચેતનાની જ સમક્ષ નહિ પણ આપણી આંખની સમક્ષ, "ચર્મ–ચક્ષુ"ની સમક્ષ, આલોકિત ભૌતિક દૃષ્ટિની સમક્ષ પણ, પરમ સનાતનતા સાથેના તાદાત્મ્યની એકતા, બ્રહ્મ સાથેનું અદ્વૈત બની રહે છે.

કારણકે, આજે આપણે આ ભૌતિક દુનિયા અને દિશા-વિસ્તાર અને તેના ભૌતિક પદાર્થોને એકમાત્ર આપણી મર્યાદિત ભૌતિક ઇન્દ્રિયોએ જ—તેમ જ તેમની દ્વારા જોનારી ભૌતિક ચેતનાએ જ—આપેલાં પ્રમાણોના જોરે સ્થૂળ ઇન્દ્રિય-બોધો તરીકે સ્વીકારીએ છીએ; અને તેમને આપણે જડ તત્ત્વ વિશેનો ખ્યાલ સમજીએ છીએ; પણ અતિમાનસિક બની ગએલી નજરની સમક્ષ તેઓ એ અર્થમાં ભૌતિક નથી રહેતા. એ દુનિયા અને દિક્ તેમ જ એના પદાર્થો હવે, આપણને સાક્ષાત આત્મ-તત્ત્વ જ લાગે છે, અને દેખાય છે—એવું આત્મ-તત્ત્વ કે જેણે પોતે એક પોતાનું જ રૂપ તથા પોતાનું જ સચેતન વિસ્તરણ ધારણ કરેલું છે —સમગ્ર અસ્તિત્વ એ એક એવી અખંડ એકતા—વસ્તુઓ અને વિગતોનાં અસંખ્ય વૈવિધ્ય છતાં પણ જેમાં લેશ-માત્ર ફેર નથી પડતો એવી એકતા — બની રહે છે કે જેને ચેતનાએ પોતે એક આધ્યાત્મિક દિક્‌માં, અવકાશમાં ધારણ કરેલી છે; અને જ્યાં સમગ્ર પદાર્થ-તત્ત્વ એ સચેતન દ્રવ્ય હોય છે. આપણી જોવાની રીતમાં થતું આ પરિવર્તન, અને આવતી આ સર્વ-ગ્રાહ્યતા એ આપણી હાલની ભૌતિક આંખની મર્યાદાઓને ઓળંગી જવાને લીધે આવે છે, કારણકે આપણી ભૌતિક આંખમાં સૂક્ષ્મ કે ચૈત્યસિક આંખની શક્તિને દાખલ કરી દેવામાં આવી હોય છે અને, વધારામાં, આ ચૈત્ય-ભૌતિક આંખની દર્શન-શક્તિમાં આધ્યાત્મિક દૃષ્ટિને એટલે કે શુદ્ધ ઇન્દ્રિય અને અતિમાનસિક સંજ્ઞાનને દાખલ કરવામાં આવ્યું હોય છે.

બીજી બધી ઇન્દ્રિયો પણ આ જ પ્રમાણે રૂપાંતર પામે છે. કાન જે કાંઈ સાંભળે છે તે બધું જ તેના નાદ-દેહની તથા નાદ-મર્મની તેમ જ તેના આંદોલનના સર્વ શ્રુતિ-ભેદની સમગ્રતાને પ્રગટ કરી દે છે; સાથે સાથે, તે અખંડ અને સંપૂર્ણ શ્રવણની સમક્ષ નાદની ગુણ-મત્તાને, તેની છંદ-મય શક્તિને, તેના આત્માને તેમ જ, વિશ્વવ્યાપી આત્મ-તત્ત્વની તે જે અભિવ્યક્તિ કરતો હોય તેને પણ પ્રગટ કરી દે છે. તો વળી તેમાં પેલી અંતર્ગતતા, નાદના ઊંડાણમાં પહોંચતી ઇન્દ્રિય-ગતિ, પણ મોજૂદ હોય છે અને તેને જે પુષ્ટિ આપતું હોય છે, તેનામાં જે સત્યતા ભરતું હોય છે તથા જે તેને બધા જ નાદની સંવાદિતામાં તો ઠીક પણ બધી નીરવતાની સંવાદિતામાં પણ ફેલાવતું હોય છે તેની પ્રાપ્તિ પણ હોય છે; અને તેથી કાન હમેશાં પરમ અનંતતાને, તેની શ્રવણગત અભિવ્યક્તિને તેમ જ તેની નીરવતાના નાદને પણ સાંભળતો હોય છે. અતિમાનસિક બની ગએલા કાનને તો નાદ-માત્ર ભગવાનની જ વાણી, સ્વયં નાદમય બ્રહ્મ તેમ જ વિશ્વમય રાગિણીની

એકસૂરતાનો છંદ બની રહે છે. એ જ પ્રમાણે, સંભળાતા નાદની સંપૂર્ણતા, સ્પષ્ટતા, પ્રબળતા, તેના ખુદ આત્માની પ્રગલ્ભતા ત્યાં મોજૂદ હોય છે, અને નાદ–શ્રવણથી આત્માનો થતો આધ્યાત્મિક સંતોષ પણ મોજૂદ હોય છે. અતિમાનસિક બનેલી સ્પર્શ–શક્તિ પણ પદાર્થ માત્રમાં ભગવાનને જ સ્પર્શે છે કે તેનો જ સ્પર્શ પામે છે અને સ્પર્શ કરતા સચેતન આત્મા દ્વારા જાણે છે કે સર્વ કાંઈ ભગવાન્ જ છે; વળી અહીં પણ હોય છે એ જ સમગ્રતા, પ્રબળતા અને, સ્પર્શની અંદર તેમ જ તેની પાછળ જે કાંઈ રહેલું હોય છે તે સર્વેનું, અનુભૂતિ કરતી ચેતના સમક્ષ એ જ પ્રાગટ્ય, અને અન્ય ઇન્દ્રિયોનું પણ આવું જ રૂપાંતર થઈ જાય છે.

આની સાથે સાથે બધી ઇન્દ્રિયોમાં નવી શક્તિઓ પણ ખૂલે છે, તેમનું ક્ષેત્ર વિશાળ બને છે; અને શારીરિક ચેતનાની શક્તિ તો કલ્પનામાં પણ ના આવે એટલો વિસ્તાર પામે છે. અતિમાનસિક રૂપાંતર શારીરિક ચેતનાને શરીરની મર્યાદાઓમાંથી બહાર કાઢી ક્યાં ય દૂર સુધી ફેલાવી દે છે; અને દૂરના પદાર્થોની સાથે પૂરેપૂરી નક્કરતાથી શારીરિક સંપર્ક સાધવાની શક્તિ પણ તેને આપે છે. અને શારીરિક અંગો ચૈત્યસિક અને અન્ય ઇન્દ્રિયો માટેનાં વાહન બનવાની એવી શક્તિ મેળવે છે કે જેથી, સામાન્ય રીતે જે માત્ર અસાધારણ અવસ્થામાં જ તેમ જ ચૈત્યસિક દૃષ્ટિ, શ્રવણ કે અન્ય ઇન્દ્રિય–જ્ઞાન વડે જ આપણી સમક્ષ પ્રગટ થાય છે તેને આપણે જાગ્રત અવસ્થામાં અને ચર્મ–ચક્ષુ વડે પણ જોઈ શકીએ છીએ. જોવાનું અને અનુભવવાનું કામ કરે છે તો આત્મા કે અંતરઆત્મા જ, પણ શરીર પોતે તથા તેની શક્તિઓ પણ આધ્યાત્મિક બની જાય છે, અને એ અનુભવોમાં પ્રત્યક્ષ રીતે ભાગ લે છે. સમગ્ર ભૌતિક સંવેદન–શક્તિ અતિમાનસિક બની જાય છે અને વિવિધ પરિબળો અને પ્રવાહો વિશે, તેમ જ પદાર્થો અને પ્રાણીઓમાંથી નીસરતાં ભૌતિક, પ્રાણમય, ઊર્મિમય અને મનોમય આંદોલનો વિશે સીધેસીધી રીતે જ સભાન બને છે અને ભૌતિક રીતે તેમાં ભાગ લે છે, અને છેવટે તો, સૂક્ષ્મ કરણો દ્વારા તેમની સાથે એકતા સાધે છે; અને, તેઓ આપણા આત્મામાં જ આવી વસેલી છે અને અનેક દેહોમાં રહેતા એકમાત્ર આત્માની જ વિવિધ ગતિઓ છે એવો અનુભવ, માત્ર આધ્યાત્મિક કે માનસિક રીતે નહિ પણ શારીરિક રીતે પણ કરે છે. શરીરની તથા તેની ઇન્દ્રિયોની પરિમિતતાઓએ આપણી આજુબાજુ ઊભી કરેલી દીવાલ ખુદ શરીરમાંથી અને ઇન્દ્રિયોમાંથી પણ અદૃશ્ય થઈ જાય છે અને તેની જગ્યાએ સનાતન અદ્વૈતની આપ–લે સ્થપાઈ જાય છે, સર્વે ઇન્દ્રિયો અને

ઇન્દ્રિય-બોધો દિવ્ય પ્રકાશથી, અનુભૂતિ માટેની દિવ્ય શક્તિ અને પ્રખરતાથી, દિવ્ય આનંદથી, બ્રહ્માનંદથી છલોછલ ભરાઈ જાય છે. અને તે એટલે સુધી કે હાલમાં આપણને જે કાંઈ બેસૂરું લાગે છે અને આપણી ઇન્દ્રિયો પર કર્કશ આઘાત કરે છે તે પણ તેમનામાં રહેલા રસને, અર્થને, ઉદ્દેશને પ્રગટ કરી દે છે; અને દિવ્ય ચેતનામાં તેમનો જે હેતુ છે, જે દિવ્ય ધર્મને તેઓ પ્રગટ કરે છે, સર્વવ્યાપી આત્મા સાથે તેમનો જે એકરાગ છે, દિવ્ય સત્તાના આવિર્ભાવમાં તેમનું જે સ્થાન છે તેમાં આનંદ લેતાં લેતાં તેઓ આત્માની અનુભૂતિ સમક્ષ સૌંદર્ય-પૂર્ણ અને સુખ-દાયક બની જાય છે. સર્વે સંવેદનો બની જાય છે પરમાનંદ.

આપણા શરીરમાં આવી બેઠેલું મન સામાન્ય રીતે શારીરિક ઇન્દ્રિયો દ્વારા જ અને તે પણ એ ઇન્દ્રિયોના વિષયોના વિશે અને તેમના એવા આત્મગત અનુભવો વિશે જ સભાન બને છે કે જે શારીરિક અનુભવો-માંથી ઉદ્‌ભવતા લાગે છે, અને જેઓ માત્ર તેમને જ પોતાની આખી ય ઇમારતના પાયા તરીકે અને માળખા તરીકે સ્વીકારતા હોય તેમ લાગે છે, પછી ભલેને તે સ્વીકાર ગમે તેટલો આડકતરો હોય. તે સિવાયનું બીજું બધું કે જે શરીર દ્વારા મળેલી આ સામગ્રી સાથે બંધબેસતું ના હોય કે તેના અંગ-રૂપ ના હોય કે તેના વડે જેનો તાળો મળતો ના હોય તે બધું જ તેને જાણે કે વાસ્તવિકતા નહિ પણ કલ્પના જેવું લાગે છે; અને તે જ્યારે કોઈક અસાધારણ અવસ્થામાં જાય ત્યારે જ માત્ર, સચેતન અનુભવોના અન્ય પ્રકારો પ્રત્યે ખૂલી શકે છે. પણ હકીકતમાં તો, તેમની પાછળ બીજા અફાટ વિસ્તારો પડેલા છે અને જો આપણે આપણા આંતરિક અસ્તિત્વનાં બારણાં ખોલીએ તો જ તેમના વિશે સભાન બની શકીએ તેમ છીએ. આ વિસ્તારો, આપણી જ અંદર રહેલી આપણી પ્રચ્છન્ન જાતમાં તો ક્યારના ય સક્રિય થઈ ચૂકેલા છે અને ત્યાં તેમનું જ્ઞાન પણ થતું હોય છે, અને ખુદ આપણી સપાટી પરની ચેતનાનો પણ ઘણો મોટો ભાગ સીધેસીધો જ તેમાંથી બહાર ફેલાઈ આવેલો હોય છે અને આપણને ખબર પણ ના પડે તેમ, પદાર્થો વિશેના આપણા આત્મગત અનુભવો પર અસર કરતો હોય છે. ત્યાં પાછળના ભાગમાં, પ્રાણમય અનુભૂતિઓનો એક આગવો પ્રદેશ પડેલો છે, જે પ્રાણમય શારીરિક ચેતનાની સપાટી પરની ક્રિયાઓથી નિરાળો જ છે અને તેમનાથી પ્રચ્છન્ન પણ છે. અને જ્યારે આ પ્રદેશ પોતે જ પોતાનાં બારણાં ખોલી નાખે છે અથવા કોઈ પણ રીતે સક્રિય બને છે ત્યારે પ્રાણમય ચેતનાની, પ્રાણમય સ્ફુરણાઓની, પ્રાણમય ઇન્દ્રિયની

એવી ઘટનાઓ જાગ્રત મન સમક્ષ પ્રગટ થાય છે કે જે શરીર અને તેનાં કરણોથી તદ્દન સ્વતંત્ર રીતે બનતી હોય છે.—જોકે એ કરણોનો એક ગૌણ માધ્યમ તરીકે કે તેમની નોંધ રાખનાર તરીકે તે ઉપયોગ કરતી પણ હોય—. આ પ્રદેશને પૂરેપૂરો ખોલી નાખવાનું શક્ય છે; અને એમ કરીએ ત્યારે આપણને ખબર પડે છે કે તેની ક્રિયા એ એક એવી સક્રિય પ્રાણ–શક્તિની ક્રિયા છે કે જે આપણી અંદર વ્યક્તિગત બનેલી છે અને જે, વિશ્વમય પ્રાણ–શક્તિના, તેમ જ પદાર્થોમાં, પ્રસંગોમાં અને વ્યક્તિઓમાં થતી તેની ક્રિયાઓના, સંપર્કમાં હોય છે. મન બધા પદાર્થોમાં રહેલી પ્રાણમય ચેતનાના વિશે સભાન બને છે, અને આપણી પ્રાણમય ચેતના દ્વારા તથા એક એવી ત્વરિત પ્રત્યક્ષતાથી તેને પ્રત્યુત્તર આપે છે કે જે શરીર અને તેની ઇન્દ્રિયો દ્વારા થતી સામાન્ય આપ–લે વડે મર્યાદિત નથી હોતી; તેમ જ તે પ્રાણમય સ્ફુરણાઓની નોંધ લે છે; અને અસ્તિત્વના વિશ્વમય મહાપ્રાણના એક રૂપાંતર તરીકે અનુભવ કરવા સમર્થ બને છે. પ્રાણમય ચેતના અને પ્રાણમય ઇન્દ્રિયો મુખ્યત્વે જેના વિશે જાગ્રત હોય છે તે સ્વરૂપોનો નહિ પણ સીધેસીધો તો શક્તિઓનો પ્રદેશ હોય છે : તેની પોતાની દુનિયા એટલે શક્તિઓની લીલાવાળી દુનિયા; અને તેમાં પદાર્થો અને પ્રસંગોનો અનુભવ શક્તિઓનાં પરિણામ તરીકેનો અને તેમનાં મૂર્ત સ્વરૂપો તરીકેનો, ગૌણ જાતનો હોય છે. શારીરિક ઇન્દ્રિયો દ્વારા સક્રિય થતું મન આ પ્રકૃતિ–પ્રદેશની કલ્પના અને જ્ઞાન માત્ર એક બૌદ્ધિક ખ્યાલ તરીકે ઊભાં કરી શકે છે; પણ શક્તિઓના ભૌતિક રૂપાંતરથી આગળ તે જઈ શકતું નથી; અને તેથી, તેને ન તો પ્રાણના સાચા સ્વરૂપનો યથાતથ કે પ્રત્યક્ષ અનુભવ થાય છે કે ન તો પ્રાણમય શક્તિ અને પ્રાણમય પુરુષનો ખરેખરો સાક્ષાત્કાર થાય છે. અનુભૂતિઓની આ આંતરિક કક્ષા કે ઊંડાણને ખુલ્લાં કરવાથી જ અને પ્રાણમય ચેતના અને પ્રાણમય ઇન્દ્રિયમાં પ્રવેશવાથી જ મન એનો સાચો અને સીધો અનુભવ કરી શકે છે. તેમ છતાં, એ અનુભવ જ્યાં સુધી મનની ભૂમિકા ઉપર જ થતો રહે ત્યાં સુધી તે પ્રાણની જ બાધા અને તેનાં માનસિક ભાષાંતરોથી મર્યાદિત રહેવાનો તથા આ મહત્તા–પૂર્ણ ઇન્દ્રિય–બોધ અને જ્ઞાનમાં અંધકાર–છાયા પણ રહેવાની જ. અતિમાનસિક રૂપાંતર પ્રાણને પ્રાણાતીત બનાવે છે, તેને આત્માની જ સક્રિય–શક્તિ તરીકે પ્રગટ કરે છે, અને પ્રાણમય શક્તિ અને પ્રાણમય પુરુષની પાછળ તેમ જ તેમની અંદર રહેલી સમસ્ત આધ્યાત્મિક વાસ્તવિકતાનું, તથા તેનામાં રહેલ સર્વે આધ્યાત્મિક તેમ જ મનોમય અને શુદ્ધ

પ્રાણમય સત્ય અને ગૂઢાર્થનું સંપૂર્ણ અનાવરણ અને યથાર્થ સત્ય-દર્શન કરાવે છે.

આપણા શારીરિક અસ્તિત્વમાં ઊતરી આવતું અતિમનસ આપણી એ ચેતનાને — જો તેને સાધના દ્વારા અગાઉથી જાગ્રત કરવામાં ના આવી હોય તો — જાગ્રત કરે છે કે જે આપણામાંથી મોટા ભાગના લોકોમાં ઢંકાએલી પડી હોય છે અથવા તો અંધાર-છાયી હોય છે અને જે ત્યાં પ્રાણમય દેહને, પ્રાણમય કોશને આધાર આપતી હોય છે કે રચતી હોય છે. જ્યારે આ ચેતના જાગ્રત થાય ત્યારે આપણે માત્ર ભૌતિક દેહમાં જ નહિ પણ એવા પ્રાણમય દેહમાં પણ જીવવા લાગીએ છીએ કે જે ભૌતિક દેહને ભેદીને તેની આજુબાજુ વ્યાપી ગએલ હોય છે, તથા જે, બીજી જાતના એવા સંસર્ગો પ્રત્યે અને એવી પ્રાણમય શક્તિઓના ખેલ પ્રત્યે સંવેદનશીલ હોય છે કે જે આપણી આજુબાજુ વ્યાપેલા હોય છે અને, વિશ્વમાંથી કે અમુક લોકો કે સમૂહગત જીવોમાંથી કે પદાર્થોમાંથી કે પછી ભૌતિક વિશ્વની પાછળ આવેલા પ્રાણમય પ્રદેશો કે જગતમાંથી, આપણી ઉપર છાપો મારતા હોય છે. ત્યારે પણ આપણે આ સંજોગોનાં પરિણામો તેમ જ તેના કેટલાક સ્પર્શો કે છેતરામણીઓને તો અનુભવતા જ હોઈએ છીએ પણ તેનાં મૂળ કે પ્રવેશને તો જરા પણ અનુભવતા નથી અથવા તો જરા-તરા જ અનુભવીએ છીએ. પ્રાણમય દેહમાં જાગ્રત બનેલી ચેતના તેમને તરત જ અનુભવે છે; શારીરિક શક્તિ સિવાયની બીજી, ચારે બાજુ વ્યાપેલી પ્રાણમય-શક્તિ પ્રત્યે તે સભાન હોય છે; પ્રાણ-બળને વધારવા માટે તથા શરીર-બળને ટકાવવા માટે પ્રાણમય-શક્તિને એ પોતાનામાં ખેંચી શકે છે; ખેંચાઈ આવેલી આ પ્રાણ-શક્તિને કામમાં લઈને અથવા પ્રાણ-પ્રવાહને જરૂરી પલટો આપીને નીરોગી તેમ જ રોગિષ્ઠ અવસ્થાઓ પર અને તેમનાં કારણો પર સીધેસીધી અસર ઉપજાવી શકે છે; બીજાઓની આજુબાજુનાં પ્રાણ-મય કે પ્રાણ અને ઊર્મિમય વાતાવરણને જાણી શકે છે અને તેમની સાથેની આપલે ઉપર તેમ જ એવી બીજી ઢગલાબંધ ઘટનાઓ ઉપર હાથ અજમાવી શકે છે કે જે આપણી બહિર્મુખ ચેતનાથી અણપ્રીછી કે અંધાર-છાયી હોવા છતાં, અહીં સચેતન અને અનુભવગમ્ય બનેલી હોય છે. આપણી અંદર તેમ જ બીજાઓના અંદર રહેલા પ્રાણમય પુરુષ અને પ્રાણમય દેહનું તેને તીવ્ર ભાન હોય છે. અતિમનસ આ પ્રાણામય ચેતના અને પ્રાણમય ઇન્દ્રિયને હાથમાં લે છે; તેને તેના સાચા પાયા પર પ્રતિષ્ઠિત કરે છે; અને તેનામાં રહેલ પ્રાણ-શક્તિને, આત્માની પોતાની એવી નિજી શક્તિ તરીકે

પ્રગટ કરે છે કે જેને, સ્થૂળ અને સૂક્ષ્મ જડ તત્ત્વની ઉપર—તથા તેની દ્વારા —હાથવગું અને સીધેસીધું કાર્ય કરવા માટે તેમ જ ભૌતિક વિશ્વમાં રચના અને કાર્ય કરવા માટે સક્રિય બનાવેલી હોય છે; અને આમ કરીને તે તેનું રૂપાંતર કરે છે.

અને તેનું પહેલું પરિણામ એ આવે છે કે આપણા વ્યક્તિરૂપ પ્રાણમય પુરુષની મર્યાદાઓ તૂટી પડે છે અને તે પછી આપણે કોઈ અંગત પ્રાણ–શક્તિ વડે જીવતા નથી — કે પછી સામાન્ય રીતે એમ કરતા નથી —, પણ વિશ્વમય પ્રાણ–શક્તિની અંદર તથા તેના વડે જીવીએ છીએ. આપણી અંદર અને આપણી દ્વારા જે સચેતન રીતે ધસી આવે છે તે હોય છે વિશ્વવ્યાપી મહાપ્રાણ; તે જ ત્યાં એક જોરદાર અને સતત વમળને, તેની જ શક્તિનાં એક અવિભિન્ન કેન્દ્રને, સંગ્રહ અને આપ–લે માટેના એક થનગનતા થાણાને, નિભાવ્યે રાખે છે; પોતાની શક્તિઓ વડે તેને સતત ભર્યા કરે છે અને આપણી આજુબાજુની દુનિયા પર તેને કર્મો દ્વારા વહાવ્યે જાય છે. વળી આ પ્રાણ–શક્તિને આપણે માત્ર એક પ્રાણમય મહા-સાગર અને તેનાં વહેળારૂપે જ અનુભવતા નથી પણ એક સચેતન, વિશ્વમય મહા–શક્તિની પ્રાણમય રીતિ તરીકે, તેનાં સ્વરૂપ અને દેહ તરીકે અને તેના ઊભરાતા પ્રવાહ તરીકે અનુભવીએ છીએ; અને એ સચેતન મહા-શક્તિ ભગવાનની ચિદ્–શક્તિ તરીકે, પરાત્પર અને વિશ્વમય પુરુષ અને પરમાત્માની શક્તિ તરીકે પોતાને પ્રગટ કરે છે; અને વિશ્વરૂપ બનેલી આપણી અંગત જાત આ જ તત્ત્વનું — વધારે સાચી રીતે તો, આ પુરુષનું — એક કરણ અને વાહન બની રહે છે. તેના પરિણામે આપણને આપણો પ્રાણ અન્ય સર્વેના પ્રાણની સાથે તેમ જ સમસ્ત પ્રકૃતિના પ્રાણ સાથે અને વિશ્વના દરેક પદાર્થના પ્રાણ સાથે એક જ બની ગએલો લાગે છે. આપણી અંદર કાર્ય કરી રહેલી પ્રાણ–શક્તિનો બીજાઓની અંદર કાર્ય કરી રહેલી એ જ શક્તિની સાથે મુક્ત અને સચેતન વ્યવહાર થયા કરે છે. તેમનું જીવન આપણને આપણું જ જીવન લાગે છે, અથવા ઓછામાં ઓછું તેમના જીવન વિશે આપણને આપણા જ જીવન જેવું ભાન થાય છે; અથવા, ઓછામાં ઓછું એટલું ભાન તો થાય છે જ કે આપણો પ્રાણમય પુરુષ તેમને સ્પર્શે છે, દબાણ કરે છે અને ક્રિયાઓની આપ–લેનો વ્યવહાર કરે છે અને તેમનો પ્રાણમય પુરુષ આપણી સાથે એમ જ કરે છે. આપણી અંદર રહેલી પ્રાણેન્દ્રિય જોરદાર અને તેજીલી, પ્રબળ અને પ્રખર બને છે; તે, આ પ્રાણમય જગતના દરેક સ્તર પરનાં,— ભૌતિક અને અતિ–ભૌતિક તેમ જ

પ્રાણમય અને પ્રાણાતીત સ્તર પરનાં—, નાનાં કે મોટાં, સૂક્ષ્મ કે પ્રચંડ આંદોલનોને ધારણ કરવાને શક્તિમાન બને છે; તેની દરેક હિલચાલ અને તેના દરેક આનંદ વડે તે પુલકિત બને છે તેમ જ, બધી જ શક્તિઓ વિશે તે સભાન બને છે અને તેમના પ્રત્યે ખુલ્લી થાય છે. અતિમનસ અનુભૂતિઓના આ સમસ્ત વિશાળ પ્રદેશનો કબજો લે છે અને તેને આખાયને આલોકિત અને સંવાદમય બનાવે છે; તેના અનુભવને હવે તે તમોગ્રસ્ત અને તૂટક તૂટક નથી રહેવા દેતું; તેને મનોમય અજ્ઞાનના વર્તાવને લીધે ઊભી થતી મર્યાદાઓ અને ભૂલોને આધીન નથી રહેવા દેતું : પણ તેને અને તેની દરેક ગતિને, શક્તિ અને આનંદનાં સાચાં અને સંપૂર્ણ સ્વરૂપે પ્રગટ કરી દે છે; તથા આપણા જીવનમાં રહેલી ઈશ્વરેચ્છાને, સરળ છતાં સંકુલ, શુદ્ધ અને સહજ છતાં ભૂલરહિત ગૂંથણીવાળી ભગવાનની ઇચ્છાને ધ્યાનમાં રાખીને, પ્રાણ-શક્તિનાં મહાન — અને હવે તો લગભગ સીમા-વિહીન — સામર્થ્ય અને શક્તિમત્તાને તેના સર્વે પ્રદેશો પર પ્રસારી દે છે. અતિમનસે આપણી શારીરિક ઇન્દ્રિયોને જેમ ભૌતિક વિશ્વનાં સ્વરૂપો અને સંવેદનોનાં જ્ઞાન માટેનાં સાધનો બનાવી હતી તેમ હવે એ આપણી પ્રાણેન્દ્રિયને આપણી આજુબાજુની પ્રાણ-શક્તિઓના જ્ઞાન માટેનું એક સંપૂર્ણ સાધન બનાવી દે છે; તેમ જ, આત્માની અભિવ્યક્તિના એક યંત્ર તરીકે આપણી દ્વારા કાર્ય કરતી પ્રાણ-શક્તિની પ્રતિક્રિયાઓ માટેનું એક સંપૂર્ણ વાહન પણ બનાવી દે છે.

૩

પ્રાણમય ચેતના અને ઇન્દ્રિયની આ ક્રિયાઓ, ભૌતિક સિવાયની બીજી સૂક્ષ્મ શક્તિઓના ખેલના આ પ્રત્યક્ષ ઇન્દ્રિય-અનુભવો અને ઇન્દ્રિય-બોધો એ સઘળાને, કોઈ પણ જાતના ભેદ પારખ્યા વિના "ગુપ્ત વિદ્યા", "ચૈત્યસિક વિદ્યાઓ", "આધ્યાત્મિક ઘટનાઓ", "આત્મ-વિદ્યાના પ્રયોગો" કે એવા કોઈક નામથી ઓળખવામાં આવે છે. અમુક અર્થમાં તો એમાં આત્માની, ચૈત્ય-પુરુષની, એક જાતની જાગ્રતિ હોય છે; આજ સુધી ગુપ્ત રહેલા, શરીર-બાંધ્યા મન અને ઇન્દ્રિયોની સપાટી પરની ક્રિયાઓથી પૂરેપૂરા ગૂંગળાઈ ગએલા કે થોડાઘણા ઢંકાઈ ગએલા, અંતરઆત્માની એવી જાગ્રતિ તેમાં હોય છે કે જે નીચે ડૂબી ગએલી કે પ્રચ્છન્ન પડેલી, આંતરિક, પ્રાણમય ચેતનાને તેમ જ આંતરિક કે પ્રચ્છન્ન મનોમય ચેતના તથા ઇન્દ્રિયને બહાર, સપાટી ઉપર, લઈ આવે છે; આ બધી આંતરિક ચેતના અને ઇન્દ્રિયો માત્ર, પ્રાણ-શક્તિઓ તથા તેમના ખેલને, તેમનાં પરિણામોને અને ઘટનાઓને જ નહિ, પણ મનોમય અને ચૈત્યસિક દુનિયાને તથા તેમાં જે કાંઈ રહેલું હોય

તેને, તેમ જ આ દુનિયાની મનોમય પ્રવૃત્તિઓને, તરંગોને, ઘટનાઓને, મૂર્ત આકારોને તથા પ્રતિબિંબોને પ્રત્યક્ષ રીતે જોવાને તથા અનુભવવાને શક્તિમાન હોય છે; અને એ જ પ્રમાણે, શારીરિક ઇન્દ્રિયોની કે તેમણે આપણી ચેતના ઉપર જે મર્યાદાઓ લાદેલી છે તેમની સહાય લીધા વિના, એક મન અને બીજા મનની વચ્ચે સીધેસીધો વ્યવહાર પણ સ્થાપી શકે છે. તેમ છતાં, ચેતનાના આ આંતરિક પ્રદેશોની ક્રિયાઓના બે જુદા જુદા પ્રકાર છે. પહેલા પ્રકારમાં હોય છે: જાગી રહેલા પ્રચ્છન્ન મન અને પ્રાણની એવી, જરા બાહ્ય અને ગૂંચવાએલી પ્રવૃત્તિ અથવા સક્રિયતા કે જે મનોમય અને પ્રાણમય પુરુષની સ્થૂળ કામનાઓ અને ભ્રમણાઓથી ગૂંગળાએલી, તેમ જ તેમને આધીન હોય છે. તથા, તેમનો અનુભૂતિઓનો અને શક્તિઓનો અને કાર્યક્ષમતાનો પ્રદેશ વધારે વિશાળ હોવા છતાં જેને જ્ઞાન અને સંકલ્પની દગલબાજ ભૂલો અને વિરૂપતાઓએ દૂષિત કરેલી હોય છે, જે જૂઠાં સૂચનોથી અને આભાસ-ભર્યાં સ્વરૂપોથી તેમ જ જૂઠી અને વિકૃત સ્ફુરણાઓ અને પ્રેરણાઓ અને આવેગોથી ભરચક હોય છે (અને પાછા આ આવેગો પોતે પણ ઘણી યે વાર દૂષિત અને વિકૃત હોય છે), તથા જે શરીર-બાંધ્યા મનની અને તેની તમોગ્રસ્તતાની દખલગીરીઓથી પણ દૂષિત થએલી હોય છે. આ છે પહેલા પ્રકારની, નીચલી કક્ષાની, પ્રવૃત્તિ: અને જેઓ સૂક્ષ્મ-દર્શન, પ્રેત-વિદ્યા, ગુહ્ય-વિદ્યા, વશીકરણ જેવી વિદ્યાઓ હાથ કરવા ઇચ્છે છે કે ગુહ્ય શક્તિઓ અને સિદ્ધિઓ માટે સાધના કરે છે તેઓ આ પ્રકારમાં ફસાઈ જાય એવું ઘણી વાર બને છે; અને આંતરિક પ્રદેશોમાં જનારાઓને જોખમો અને ભૂલો સામે જે સાવધાન કરવામાં આવે છે તે ખાસ કરીને આ પ્રકાર માટે છે. આધ્યાત્મિક પરિપૂર્ણતાનો સાધક જો આ જોખમભર્યા ક્ષેત્રને સમૂળગું ટાળી શકે તેમ ના જ હોય તોપણ તેણે તેને જેમ બને તેમ જલદી પસાર કરી જવાનું છે; અને તેને માટેનો સલામત માર્ગ એ છે કે આમાંની એક પણ બાબત પ્રત્યે આસક્તિ ના રાખતાં આધ્યાત્મિક વિકાસને જ પોતાનું એકમાત્ર સાચું લક્ષ્ય બનાવવું અને જ્યાં સુધી મનોમય અને પ્રાણમય પુરુષ વિશુદ્ધ ના બને અને જ્યાં સુધી આ આંતરિક અનુભવ-પ્રદેશો પર આત્માનો અને અતિમનસનો—અથવા તો, છેવટે, આધ્યાત્મિકતાથી આલોકિત થએલ મન અને અંતરાત્માનો—પ્રકાશ ના પથરાય ત્યાં સુધી આ સિવાયના બીજા એક પણ લક્ષ્યનો પાકો ભરોસો કરવો નહિ. કારણકે એકવાર મન શાંત અને શુદ્ધ થઈ જાય તથા શુદ્ધ ચૈત્ય પુરુષ એકવાર કામનામય પુરુષની પકડમાંથી મુક્ત બની જાય તે પછી આ અનુભૂતિઓમાં કોઈ ખાસ જોખમ રહેતું

નથી (અલબત્ત સંકુચિત રહી જવાનું કે કેટલેક અંશે ભૂલનો ભોગ બનવાનું જોખમ રહે છે; અને જ્યાં સુધી અંતરાત્મા મનોમય પ્રદેશના અનુભવો અને કર્મોમાં સામેલ રહે ત્યાં સુધી આ જોખમ સો ટકા દૂર થઈ શકતું નથી.) કારણકે તે પછી સાચી ચૈત્યસિક ચેતના અને શક્તિનું શુદ્ધ કાર્ય શરૂ થઈ જાય છે, અધમ વિકૃતિઓમાંથી પૂરેપૂરી વિશુદ્ધ થએલી ચૈત્યસિક અનુભૂતિઓનો સ્વીકાર થવા માંડે છે (અલબત્ત એ અનુભૂતિઓ, તેની રજૂઆત કરનારા મનની મર્યાદાઓને હજી પણ આધીન હોય છે), તથા એ અનુભૂતિઓ ઊર્ધ્વ આધ્યાત્મિકતા અને પ્રકાશને ધારણ કરી શકે છે. તેમ છતાં, સંપૂર્ણ શક્તિ અને સત્ય તો, જ્યારે અતિમનસ ખુલ્લું થાય અને મનોમય તથા ચૈત્યસિક અનુભૂતિઓ અતિમાનસિક બને ત્યારે જ પ્રાપ્ત થઈ શકે છે.

ચૈત્ય ચેતના અને તેની અનુભૂતિઓનો પ્રદેશ લગભગ અસીમ છે અને તેની ઘટનાઓની વિવિધતા અને સંકુલતા લગભગ અનંત છે. અહીં તો માત્ર તેની કેટલીક આછી રૂપરેખા અને મુખ્ય લક્ષણોનો જ ઉલ્લેખ કરી શકાશે. તેમાં પહેલી અને વધારેમાં વધારે આગળ પડતી વસ્તુ છે ચૈત્ય-સિક ઇન્દ્રિયોની ક્રિયાઓ; અને તેમાં ય, સામાન્ય રીતે, સહુથી વધારે વિકસિત ઇન્દ્રિય છે દૃષ્ટિની, અને જ્યારે, આંતરિક દર્શનોને રોકી રાખતો, સપાટી પરની ચેતનામાં તલ્લીન રહેવા-રૂપી પડદો તૂટી પડે છે ત્યારે સારી એવી વિશાળતાથી પ્રગટ થનારી પણ આ જ ઇન્દ્રિય છે. તેમ છતાં આપણી બધી જ શારીરિક ઇન્દ્રિયોને પોતપોતાને મળતી શક્તિઓ ચૈત્ય પુરુષમાં હોય જ છે : ચૈત્યસિક શ્રવણ, સ્પર્શ, સ્વાદ, સુગંધ વગેરે પણ હોય છે જ; ખરી રીતે તો શારીરિક ઇન્દ્રિયો એ પોતે જ આંતરિક ઇન્દ્રિયોનું, સ્થૂળ તત્ત્વની ઘટનાઓની અંદર અને તેમની દ્વારા અને તેમની ઉપર થતું એક મર્યાદિત અને બાહ્ય કાર્ય માત્ર જ હોય છે. ચૈત્યસિક દૃષ્ટિ ચિત્તા-કાશમાં, એટલે કે મનોમય કે ચૈત્યસિક આકાશના સૂક્ષ્મ પદાર્થ-તત્ત્વમાં, રચાએલાં રૂપોને લાક્ષણિક રીતે પકડે છે, જુએ છે. આ રૂપો તે ભૌતિક દુનિયાના ભૌતિક પદાર્થોનાં, વ્યક્તિઓ, દશ્યો અને પ્રસંગોના તેમ જ જે કાંઈ હયાત હોય, હતું કે થાય કે થશે જ તેમનાં પણ, પ્રતિરૂપો કે છાપ હોય એમ બની શકે છે. આ રૂપો કેટલીય જુદી જુદી રીતે અને દરેકેદરેક જાતની અવસ્થામાં દેખાઈ શકે છે : સમાધિમાં કે જાગ્રત અવસ્થામાં;— અને જાગ્રત અવસ્થા-માં પણ પાછી ભૌતિક આંખો બંધ રાખીને કે ખુલ્લી રાખીને—; કોઈક ભૌતિક વસ્તુ કે માધ્યમની ઉપર કે અંદર પ્રસારવામાં આવ્યાં હોય તેમ;

અથવા જાણે કે ભૌતિક વાતાવરણમાં સ્થૂળરૂપ ધારણ કર્યું હોય તેવી રીતે કે પછી આ સ્થૂળ ભૌતિક વાતાવરણની દ્વારા પોતાને માત્ર ચિત્તાકાશમાં જ પ્રગટ કરતાં હોય તેમ; ભૌતિક આંખોને પોતાને એક ગૌણ સાધન તરીકે વાપરીને તેમની દ્વારા અને જાણે કે ભૌતિક દૃષ્ટિની અવસ્થાને આધીન થતાં હોય તેમ દેખાય; કે પછી માત્ર ચૈત્યસિક દૃષ્ટિ વડે જ, અને આપણી સામાન્ય દૃષ્ટિ દિશા-માન સાથે જે સંબંધ રાખે છે તેનાથી તદ્દન સ્વતંત્ર રહીને પણ દેખાતાં હોય. આ બધાંમાં સાચું માધ્યમ તો હમેશાં ચૈત્યસિક દૃષ્ટિ જ હોય છે અને આ શક્તિ એમ પણ દેખાડે છે કે ચેતના હવે ચૈત્યસિક દેહમાં વત્તે કે ઓછે અંશે જાગ્રત થઈ જ ગઈ છે, — પછી તે તૂટક તૂટક હોય કે સામાન્ય અવસ્થા તરીકે હોય અને વધારે કે ઓછે અંશે સંપૂર્ણ પણ બની હોય. આ પ્રમાણે વસ્તુઓનાં પ્રતિરૂપો કે છાપોને, ભૌતિક દૃષ્ટિ-મર્યાદાથી ગમે તેટલે દૂર રહીને પણ જોઈ શકાય છે; કે ભૂતકાળ કે ભાવિનાં પ્રતિબિંબોને પણ જોવાનું શક્ય છે.

આ પ્રતિ-રૂપો કે છાપોના સિવાય એવાં પ્રતિબિંબો અને અન્ય આકારોને પણ ચૈત્યસિક દૃષ્ટિ જોઈ શકે છે કે જે આપણામાં તથા અન્ય મનુષ્યોમાં સતત ચાલી રહેલી ચેતના-પ્રવૃત્તિને લીધે સર્જાએલાં હોય છે; અને એ પ્રવૃત્તિના પ્રકાર અનુસાર આ રૂપો અને ચિત્રો સત્યનાં, અસત્યનાં કે પછી તેમનાં મિશ્રણવાળાં, અર્ધાં સત્ય, અર્ધાં અસત્ય પણ હોઈ શકે છે; અને કાં તો એવાં ખાલી ખોખાં અને નિરૂપણો કે પછી પ્રતિબિંબો પણ હોઈ શકે છે કે જે કોઈક ક્ષણિક જીવન કે ચેતના વડે પ્રેરાએલાં હોય અને, કદાચ, કોઈક એવી જાતની કાર્ય-શક્તિ એક યા બીજી રીતે ધારણ કરતાં હોય કે જે આપણે માટે હિતકારક હોય કે પછી અહિતકારક પણ હોય અને આપણાં મન કે પ્રાણ ઉપર — તથા તેમની દ્વારા ખુદ આપણા શરીર ઉપર પણ — કોઈક એવી અસર કરતાં હોય કે જે ઇરાદાપૂર્વકની હોય કે પછી વગર ઇરાદાની હોય. આ બધાં પ્રતિરૂપો, છાપો, પ્રતિબિંબો, ચેતનાનાં પ્રસારણો એ બધાં ભૌતિક દુનિયાનાં નહિ પણ આપણાથી પરની પ્રાણમય, ચૈત્યસિક કે મનોમય દુનિયાનાં પણ એવાં નિરૂપણો કે સર્જનો હોઈ શકે છે કે જે આપણા પોતાના મનમાં જ દેખાએલાં હોય કે પછી મનુષ્યો સિવાયના કોઈક જાતના જીવોમાંથી બહાર આવેલાં હોય. આ ચૈત્યસિક દૃષ્ટિ — કે જેના કેટલાક બાહ્ય અને સામાન્ય આવિર્ભાવો, સૂક્ષ્મ-દર્શન કે અતીન્દ્રિય દર્શનના નામે સુપરિચિત છે—તેની માફક ચૈત્યસિક શ્રવણ, ચૈત્યસિક સ્પર્શ, સ્વાદ અને ઘ્રાણ પણ હયાતી ધરાવે છે — અતીન્દ્રિય શ્રવણ,

અતીન્દ્રિય સ્પર્શ વગેરે તેના બાહ્ય આવિર્ભાવો હોય છે —; અને આ બધાનાં કાર્ય-ક્ષેત્ર, તેમની મર્યાદાઓ અને કાર્ય-રીતિ અને અવસ્થાઓ અને ઘટના-વૈવિધ્યો પણ બરાબર ચૈત્યસિક દૃષ્ટિનાં જેવાં જ—પણ પોતપોતાને અનુરૂપ—હોય છે.

આ અને આવી બીજી ઘટનાઓથી ચૈત્યસિક અનુભૂતિઓનું એક પરોક્ષ અને નિરૂપણાત્મક ક્ષેત્ર રચાય છે. પણ ચૈત્યસિક ઇન્દ્રિયમાં આપણને પાર્થિવ કે અતિ-પાર્થિવ સત્તાઓ સાથે, તેમના ચૈત્યસિક આત્માઓ કે ચૈત્યસિક દેહો કે ચૈત્યસિક વસ્તુઓની દ્વારા પ્રત્યક્ષ વ્યવહારમાં મૂકવાની શક્તિ પણ હોય છે,— ચૈત્યસિક વસ્તુઓની દ્વારા પણ એટલા માટે કે વસ્તુઓમાં પણ તેમને આધાર આપતી એવી ચૈત્યસિક વાસ્તવિકતા અને આત્માઓ કે આંતરિક સંનિધિઓ હોય છે કે જે આપણી ચૈત્યસિક ચેતના સાથે વ્યવહાર સાધી શકે તેમ હોય છે. આવી વધારે સમર્થ, પણ વિરલ, ઘટનાઓમાં સૌથી વધારે નોંધપાત્ર ઘટનાઓ તો એ છે કે જે ચેતનાના બહિર્ગમનની શક્તિ સાથે સંકળાએલી હોય છે; આ બહિર્ગમન એ આપણા ભૌતિક દેહથી અલગ બનીને બીજી કોઈ જગ્યાએ અને બીજી કોઈ રીતે જુદી જુદી જાતનાં કાર્ય કરવા માટેની ઘટના છે, એ કાર્યો એટલે : ચૈત્યસિક દેહમાં આપ-લેનો વ્યવહાર કરવો, કે તેના કોઈ અંશને બહાર મોકલવો કે તેનું જ એક બીજું સ્વરૂપ ઊભું કરવું (અને આ ઘટના ઘણે મોટે ભાગે—જોકે હમેશાં નહિ—ઊંઘમાં કે સમાધિમાં કરવામાં આવે છે), તથા અસ્તિત્વની અન્ય ભૂમિકાઓના અધિવાસીઓ સાથે વિવિધ સાધનો દ્વારા સંબંધ સ્થાપવો કે વ્યવહાર બાંધવો.

કારણકે ચેતનાના સ્તરોની એક સળંગ હારમાળા છે; તેની શરૂઆત થાય છે પાર્થિવ સ્તર સાથે જોડાએલી અને તેમની ઉપર આધાર રાખતી ચૈત્યસિક અને અન્ય મેખલાઓથી; અને તે પછી સાચી અને આત્મનિર્ભર એવી પ્રાણમય અને ચૈત્યસિક દુનિયાઓમાંથી આગળ વધતી તે છેક દેવલોક સુધી અને અતિમાનસિક અને આધ્યાત્મિક અસ્તિત્વના સર્વોચ્ચ સ્તરો સુધી પહોંચી જાય છે. અને હકીકતમાં તો આ બધા પ્રદેશો આપણી પ્રચ્છન્ન જાત પર એવી રીતે સદાય કાર્ય કરતા હોય છે કે જેની આપણા જાગ્રત મનને ખબર નથી પડતી અને જેની આપણાં જીવન અને પ્રકૃતિ ઉપર સારી એવી અસર થતી હોય છે. ભૌતિક મન એ તો આપણું એક નાનું સરખું અંગ છે અને આપણી જાતનો એવો, સારી પેઠે વિશાળ, વિસ્તાર પડેલો છે કે જેમાં રહીને આ બીજાં જગતોની હાજરી, અસર અને શક્તિઓ

આપણી ઉપર કાર્ય કરતી હોય છે અને આપણી બાહ્ય જાત અને તેની પ્રવૃત્તિઓને ઘડવામાં સહાય કરતી હોય છે. ચૈત્યસિક ચેતના જાગ્રત થતાં આપણી અંદર અને આજુબાજુ આવી રહેલી આ શક્તિઓ, સંનિધિઓ અને પ્રભાવોનું આપણને ભાન થઈ શકે છે; અને જો અશુદ્ધ કે હજી સુધી અજ્ઞાન અને અપૂર્ણ રહેલા મનમાં આવો ખુલ્લેખુલ્લો સંપર્ક જોખમ ભરેલો છે, તો બીજી બાજુએ, જો તેનો સાચો ઉપયોગ કરવામાં આવે અને યોગ્ય રીતે તેમને વાળવામાં આવે તો, અશુદ્ધ, અજ્ઞાન અને અપૂર્ણ અવસ્થાની ગુલામીમાંથી બહાર નીકળીને તેના માલિક બનવાની તેમ જ આપણી પ્રકૃતિનાં આંતરિક રહસ્યો ઉપર સચેતન અને સ્વ-નિયંત્રિત પ્રભુત્વ મેળવવાની તે આપણને શક્તિ પણ આપે છે. આંતરિક અને બાહ્ય પ્રદેશોની વચ્ચે, આ દુનિયા અને બીજી દુનિયાઓની વચ્ચે ચાલી રહેલાં આ પરસ્પર કાર્યને ચૈત્યસિક ચેતના જે આપણી સમક્ષ પ્રગટ કરી આપે છે તે અમુક અંશે આપણને સભાન બનાવીને કરે છે (આ સભાનતા હોય છે : આપણા ઊંડા વિચારો અને સચેતન જાતને મળતા સંસર્ગો, સૂચનો અને વિનિમયની— અને તે સભાનતા, પાછી, પૂરેપૂરી સતત, વિશાળ અને વિશદ પણ હોઈ શકે છે), અને તેમની ઉપર પ્રતિ-કાર્ય કરવાની આવડત આપીને પણ કરે છે; તો, અમુક અંશે, જુદી જુદી ચૈત્યસિક ઇન્દ્રિય સમક્ષ રજૂ કરેલાં પ્રતીક-શાં, પ્રતિ-આલેખન-શાં કે નિરૂપણો-શાં પ્રતિરૂપો દ્વારા પણ પ્રગટ કરી આપે છે. પણ બીજાં જગતો અને સ્તરોનાં બળો, શક્તિઓ અને સત્તાઓ સાથે એવા વ્યવહારની પણ સંભવિતતા છે કે જે વધારે પ્રત્યક્ષ હોય, નક્કર રીતે અનુભવ-ગમ્ય—, લગભગ ભૌતિક—હોય, અને કેટલીક વાર તો સક્રિય રીતે ભૌતિક પણ હોય—અરે, એક કામચલાઉ, છતાં સંપૂર્ણ, શારીરિક ભૌતિકી-કરણ પણ સંભવિત લાગે છે. શારીરિક ચેતના અને ભૌતિક અસ્તિત્વની સર્વે મર્યાદાઓ સંપૂર્ણપણે તૂટી પડે એમ પણ બને.

ચૈત્યસિક ચેતના જાગ્રતા થતાં એક એવી સ્વતંત્રતા આવી મળે છે કે જેથી આપણે મનને સીધેસીધું જ છઠ્ઠી ઇન્દ્રિય તરીકે વાપરી શકીએ છીએ; અને આ શક્તિને એક સ્થાયી અને ચાલુ સ્વરૂપ પણ આપી શકાય છે. આપણી શારીરિક ચેતના બીજા લોકોના મનની સાથે વ્યવહાર કરવાનું કે આપણી આજુબાજુની દુનિયાને જાણવાનું કામ માત્ર બાહ્ય સાધનો, નામ-નિશાનો અને ઉલ્લેખો દ્વારા જ કરી શકે છે; અને આ મર્યાદિત કાર્યોની ઉપરાતનાં કાર્યો માટે તો મનની વધારે પ્રત્યક્ષ કાર્ય-શક્તિઓનો ઉપયોગ આછો-પાતળો અને આડો-અવળો જ હોય છે; અને એ કાર્ય-શક્તિઓ

એટલે પણ જવલ્લે જ આવી મળતા ભાવિ ઇશારાઓ, સ્ફુરણાઓ, કે સંદેશાઓનો મામૂલી વિસ્તાર. અલબત્ત, આપણને જેની ખબર પણ નથી હોતી એવા છૂપા પ્રવાહો દ્વારા આપણું મન બીજાઓનાં મન ઉપર, અને તેમનાં મન આપણા મન ઉપર સતત કાર્ય કરતાં જ હોય છે, પણ આપણને ન તો એ માધ્યમ-શા પ્રવાહોની ખબર હોય છે, ન તો તેમની ઉપર કાંઈ કાબૂ. ચૈત્યસિક ચેતના પોતે વિકાસ પામતી જાય તેમ તેમ દરેક જાતના વિચારો, લાગણીઓ, સૂચનો, સંકલ્પો, સંસર્ગો અને પ્રભાવોનો આ જબરજસ્ત જથ્થો કે જે આપણને બીજાઓ તરફથી મળતો હોય છે, અથવા જે આપણે બીજાઓ તરફ રવાના કરતા હોઈએ છીએ. અથવા જે આપણે આપણી આજુબાજુના વ્યાપક મનોમય વાતાવરણમાંથી ઝડપતા હોઈએ છીએ અને તેમાં નાખતાં હોઈએ છીએ તેનું આપણને ભાન કરાવે છે. તેની પ્રબળતા, ચોક્કસતા અને સ્પષ્ટતા વિકાસ પામતાં આપણે આ બધાનાં મૂળ સુધી પાછા જઈ શકીએ છીએ કે તેમના ઉદ્ભવને અને આપણી ઉપરના તેમના પ્રવાહને તરત જ પકડી શકીએ છીએ અને આપણા પ્રત્યુત્તરોને જાગ્રત રીતે અને વિચારપૂર્વકના સંકલ્પ દ્વારા તેમની તરફ રવાના કરી શકીએ છીએ. શારીરિક રીતે આપણી નજદીક હોય કે પછી દૂર પણ હોય એવાં અન્ય મનોની પ્રવૃત્તિઓ વિશે, વત્તી-ઓછી ચોકસાઈથી અને સ્પષ્ટતાથી સભાન થવાનું હવે શક્ય બને છે; અને તેમની મનોવૃત્તિ, ચારિત્ર્ય, વિચારો, લાગણીઓ અને પ્રત્યાઘાતોને ચૈત્યસિક ઇન્દ્રિય દ્વારા કે પ્રત્યક્ષ માનસિક બોધ દ્વારા કે તેમને આપણા મનમાં કે તેમની નોંધ લેતી સપાટી ઉપર ખૂબ જ અનુભવગમ્ય રીતે — અને કેટલીક વાર તો ભરચક નક્કરતાપૂર્વક – ગ્રહણ કરીને, સમજવાનું, અનુભવવાનું કે તેમની સાથે તાદાત્મ્ય પામવાનું પણ હવે શક્ય બને છે. અને તેની સાથે સાથે આપણે બીજાઓની આંતરિક જાતને તો ખરું જ, અને જો તેઓ પૂરતા સંવેદન-શીલ હોય તો તેમના બાહ્ય મનને પણ, આપણી આંતરિક મનોમય કે ચૈત્યસિક જાત વિશે સચેતન રીતે જાગ્રત કરી શકીએ છીએ; અને તેમને આપણી આંતરિક મનોમય કે ચૈત્યસિક જાતના વિચારો, સૂચનો અને અસરો પ્રત્યે સાનુકૂળ બનાવી શકીએ છીએ, તેમ જ આપણી આ આંતરિક મનોમય કે ચૈત્યસિક જાતને કે તેની સક્રિય પ્રતિમાને તેમની સ્વ-લક્ષી તેમ જ પ્રાણમય અને શારીરિક જાતમાં પણ ઢાળી શકીએ છીએ કે જેથી તે એક સહાય કરનારી ઘાટ આપનારી કે શાસન કરનારી શક્તિ અને સંનિધિ તરીકે ત્યાં કાર્ય કરી શકે.

ચૈત્યસિક ચેતનાની આ બધી શક્તિઓનો ઉપયોગ અને અગત્ય

માનસિક ઉપયોગ અને અગત્યના કરતાં વધારે હોવાં જ જોઈએ એવું નથી અને મોટે ભાગે, એના કરતાં વધારે હોતાં પણ નથી; પણ તેમાં આધ્યાત્મિક સૂઝ અને પ્રકાશ અને ઉદ્દેશ રાખીને તેના આધ્યાત્મિક હેતુને ખાતર પણ ઉપયોગ થઈ શકે છે. આમ કરવા માટે બીજાઓની સાથેના આપણા ચૈત્યસિક વ્યવહારની પાછળ આધ્યાત્મિક અર્થ હોવો જોઈએ અને તેનો આધ્યાત્મિક ઉપયોગ થવો જોઈએ; અને મોટે ભાગે આવી જાતના ચૈત્યસિક–આધ્યાત્મિક વ્યવહારની દ્વારા જ યોગી–ગુરુ પોતાના શિષ્યોને સહાય કરે છે. આપણી પ્રચ્છન્ન અને ચૈત્યસિક પ્રકૃતિના તથા ત્યાં આવી રહેલી શક્તિઓ, સંનિધિઓ અને પ્રભાવોના જ્ઞાનનો તેમ જ અન્ય સ્તરોની સાથે તથા તેમની શક્તિઓ અને સત્તાઓ સાથે વ્યવહાર કરવાની આવડત-નો ઉપયોગ કોઈ માનસિક કે પાર્થિવ લક્ષ્યના કરતાં વધારે ઉચ્ચ લક્ષ્યને ખાતર, આપણી સમસ્ત પ્રકૃતિ પર પકડ અને પ્રભુત્વ મેળવવા ખાતર અને સત્તાના સર્વોચ્ચ આધ્યાત્મિક શિખર માટેના માર્ગમાં આવતા અંતરિયાળ સ્તરોને પસાર કરી જવાને ખાતર પણ થઈ શકે છે. પણ ચૈત્ય-સિક ચેતનાનો સહુથી વધારે પ્રત્યક્ષ ઉપયોગ તો છે તેને ભગવાન સાથેના સંપર્ક, વ્યવહાર અને મિલન માટેનું કરણ બનાવવાનો. ત્યારે એવાં ચૈત્યસિક–આધ્યાત્મિક પ્રતીકોની, પ્રકાશ પાથરતાં અને સમર્થ અને જીવંત સ્વરૂપો અને સાધનોની એક આખી દુનિયા તરત જ ખૂલી જાય છે કે જેને આધ્યા-ત્મિક ગૂઢાર્થોનું એક સત્ય–દર્શન, આપણા આધ્યાત્મિક વિકાસ માટેનો અને આધ્યાત્મિક અનુભૂતિ અને કાર્ય–શક્તિ માટેનો એક આધાર, તેમ જ આધ્યાત્મિક શક્તિ, જ્ઞાન અને આનંદ માટેનું એક સાધન બનાવી શકાય છે. મંત્ર એ આવું એક ચૈત્યસિક–આધ્યાત્મિક સાધન છે, દિવ્ય આવિર્ભાવ માટેનું, એકસાથે, એક પ્રતીક, એક સાધન અને એક નાદ–શરીર છે; અને યોગમાં ધ્યાન કે આરાધનાને ખાતર દેવતાની કે તેના કોઈક સ્વરૂપ કે શક્તિની જે મૂર્તિઓનો ઉપયોગ કરવામાં આવે છે તે પણ આ જ પ્રકારનાં સાધન છે. ભગવાનનાં એવાં મહાન સ્વરૂપો કે શરીરો આપણી સમક્ષ પ્રકાશમાં આવે છે કે જેની દ્વારા તે તેની જીવંત સંનિધિઓ આપણી સામે પ્રગટ કરે છે અને જેમના વડે આપણે તેને તરત જ અને વધારે ગાઢ રીતે જાણી શકીએ છીએ, આરાધી શકીએ છીએ, તેને આપણી જાત સોંપી શકીએ છીએ તેમ જ એવા જુદા જુદા લોકોમાં, તેના આવાસ અને ઉપ-સ્થિતિરૂપ વિવિધ વિશ્વોમાં, પ્રવેશી શકીએ છીએ કે જ્યાં આપણે તેના પોતાના અસ્તિત્વમય પ્રકાશમાં વસી શકીએ. તેના આદેશ, પ્રેરક શબ્દ, તેની

સંનિધિ, સ્પર્શ અને માર્ગદર્શન આપણી આધ્યાત્મિક બની ગએલી ચૈત્યસિક ચેતના દ્વારા આપણને પ્રાપ્ત થઈ શકે છે; અને આત્મ-તત્ત્વનું એક સૂક્ષ્મ રીતે નક્કર, વ્યવહાર-સાધન બનીને તે આપણને, આપણી ચૈત્યસિક ઇન્દ્રિયો દ્વારા, તેની સાથેનો ગાઢ વ્યવહાર અને સામીપ્ય આપી શકે છે. ચૈત્યસિક ચેતના અને ઇન્દ્રિયોના આ અને આવા બીજા ઘણા આધ્યાત્મિક ઉપયોગો છે, અને આમાં પણ મર્યાદાઓ અને વિકૃતિઓનો અવકાશ હોવા છતાં (કારણકે આપણા મનમાં રહેલી, અળગા અને સાંકડા થઈ જવાની આવડતને લીધે બધાં જ ગૌણ કરણો સર્વાંગી સાક્ષાત્કારને કેટલેક અંશે પામવાનાં સાધનો બની શકે છે તો સાથે સાથે તેમાં બાધારૂપ પણ થઈ શકે છે) તેઓ આધ્યાત્મિક પરિપૂર્ણતાના પ્રવાસમાં વધારેમાં વધારે ઉપયોગી થઈ પડે છે, અને પછીથી જ્યારે તેઓ માનસિક મર્યાદામાંથી મુક્ત બને છે, રૂપાંતર પામીને અતિમાનસિક સ્વરૂપ ધારણ કરે છે, ત્યારે આધ્યાત્મિક પરમાનંદને બારીકાઈઓથી સમૃદ્ધ કરનારું તત્ત્વ બની રહે છે.

શારીરિક અને પ્રાણમય ચેતના અને ઇન્દ્રિયોની માફક ચૈત્યસિક ચેતના અને ઇન્દ્રિય પણ અતિમાનસિક રૂપાંતર પામે અને, એમ થવાથી, તેઓ પોતાની પૂર્ણ સંપૂર્ણતા તથા સાર્થકતા પ્રાપ્ત કરે એ શક્ય છે. અતિમનસ ચૈત્યસિક પુરુષને પોતાના હાથમાં લે છે, તેમાં અવતરણ કરે છે, તેને પોતાની પ્રકૃતિનાં રૂપ-રંગમાં બદલી નાખે છે અને તેને અતિમાનસિક કાર્ય અને અવસ્થાનું એક અંગ બનાવવા, વિજ્ઞાનમય પુરુષનો અતિ-ચૈત્ય પુરુષ બનાવવા ઊર્ધ્વમાં ઉઠાવે છે. આ પરિવર્તનનું પહેલું પરિણામ એ આવે છે કે: આપણું મન અને અંતરાત્મા એ, બીજાઓનાં મન અને અંતરાત્માની સાથે તેમ જ વિશ્વમય પ્રકૃતિનાં મન અને આત્માની સાથે એકરૂપ છે એવું સ્થાયી ભાન, એવો પૂર્ણ સાક્ષાત્કાર, તેની અડગ પ્રાપ્તિ થવાથી ચૈત્યસિક ચેતનાની સર્વે ક્રિયાઓ તેમના સાચા પાયા પર પ્રતિષ્ઠિત થાય છે. કારણકે વ્યક્તિગત ચેતના વિશ્વમય બની જાય એ જ હમેશાં અતિમાનસિક વિકાસનું પરિણામ હોય છે. આપણે જ્યારે ખુદ વ્યક્તિગત પ્રાણમય ક્રિયાઓમાં તથા આપણી આજુબાજુના એવા જ સંબંધોમાં રાચતા હોઈએ છીએ ત્યારે પણ જેવી રીતે તે આપણને વિશ્વમય જીવન જીવતા બનાવી દે છે તેવી જ રીતે તે આપણને એક વ્યક્તિભૂત કેન્દ્ર અને કરણ રાખવા છતાં વિશ્વમય મન તથા ચૈત્યસિક સત્તામાં વિચારતા, લાગણીઓ અનુભવતા અને ઇન્દ્રિય-બોધ મેળવતા બનાવી દે છે. આનાં એ બહુ જ અગત્યનાં પરિણામ આવે છે.

પહેલું એ કે ચૈત્યસિક ઇન્દ્રિય અને મનની ક્રિયાઓમાં રહેલી તૂટક-તૂટકતા અને અસંબદ્ધતા કે પછી મુશ્કેલ નિયંત્રણ અને ઘણી વાર તો તદ્દન કૃત્રિમ વ્યવસ્થા, કે જે પહેલાં આપણી સપાટી પરની સામાન્ય માનસિક પ્રવૃત્તિઓનો પીછો કરતી હતી તેના કરતાં પણ વધારે પીછો હવે કરતી હોય છે, તે ચાલી જાય છે, અને હવે તે બધી આપણામાં રહેલા વિશ્વમય આંતરિક મન અને અંતરઆત્માની એક સંવાદપૂર્ણ લીલા બની જાય છે, તેમનો સાચો ધર્મ અને યથાર્થ સ્વરૂપો અને સંબંધો ધારણ કરે છે અને પોતાનો તદ્દન સાચો ગૂઢાર્થ પ્રગટ કરે છે. મનને આધ્યાત્મિક બનાવવાથી ખુદ મનોમય સ્તર પર પણ આત્મિક એકતાનો કાંઈક સાક્ષાત્કાર થઈ શકે છે, પણ તે કદી પણ સંપૂર્ણ નથી હોતો — તેનો વ્યવહારુ ઉપયોગ તો સંપૂર્ણ નથી જ હોતો —, અને આ સાચો અને સમગ્ર ધર્મ, સ્વરૂપ અને સંબંધ તેમ જ તેના ગૂઢાર્થનું અચૂક સત્ય અને ચોકસાઈ પ્રાપ્ત નથી કરતો. અને બીજું પરિણામ એ આવે છે કે ચૈત્યસિક ચેતનાની ક્રિયાઓમાં અસાધારણતાનું, અપવાદરૂપ, અનિયમિત અને ખુદ ખતરનાક રીતે અતિ સામાન્ય થઈ જતા કાર્યનું જે વલણ હોય છે તે તેમ જ જેનાથી ઘણી વાર જીવન પરની પકડ ચાલી જતી હોય છે અને અન્ય ભાગોને ખલેલ પહોંચતી હોય છે કે નુકસાન થતું હોય છે તે બધું હવે તેમાંથી દૂર થઈ જાય છે. તેની પોતાની જ અંદર એક સાચી સુવ્યવસ્થા સ્થપાય છે એટલું જ નહિ પણ એક બાજુએ ભૌતિક જીવન સાથે તો બીજી બાજુએ અસ્તિત્વના આધ્યાત્મિક સત્ય સાથે તેનો સાચો સંબંધ પણ સ્થપાય છે; અને સમગ્રપણે તે દેહ-નિવાસી આત્માનો એક સંવાદપૂર્ણ આવિર્ભાવ બની રહે છે. આપણી જાતના બધા ભાગોનાં સાચાં મૂલ્યો, ગૂઢાર્થો અને સંબંધોને પોતાનામાં ધારણ કરવાનું કામ તો હમેશાં માત્ર ઉદ્‌ભવકારી અતિમનસ જ કરતું હોય છે અને તેને બહાર વિકસાવતા જવું એ જ આપણા પુરુષ અને પ્રકૃતિના પૂર્ણ પ્રભુત્વની શરત છે.

સંપૂર્ણ રૂપાંતર આપણને એક ખાસ પરિવર્તન દ્વારા આવી મળે છે; આ પરિવર્તન એટલે માત્ર આપણા સાક્ષી-રૂપ સચેતન પુરુષનું જ કે ખુદ તેના ધર્મ અને ખાસિયત માત્રનું જ નહિ, પણ આપણી સચેતન જાતના સમગ્ર પદાર્થ-તત્ત્વનું પણ પરિવર્તન. જ્યાં સુધી આવું પરિવર્તન પાર ના પડે ત્યાં સુધી અતિમાનસિક ચેતના મનોમય અને ચૈત્યસિક વાતાવરણ— કે જેમાં આપણી શરીરમયતા પણ હવે આત્માની અભિવ્યક્તિ માટેની એક ગૌણ, તેમ જ ઘણે અંશે એક આશ્રિત પ્રાગટ્ય-પદ્ધતિ, બની ગઈ

હોય છે — તે વાતાવરણથી ઊર્ધ્વમાં પ્રગટ થાય છે, અને ત્યાંથી તે પોતાની શક્તિ, પ્રકાશ તેમ જ પ્રભાવને તેમની ઉપર પ્રકાશ પાથરવા માટે અને તેમની કાયા-પલટ કરવા માટે અને તેમને બદલી નાખવા માટે નીચે વહાવે છે. પણ પરિપૂર્ણ અને સંપૂર્ણ અને સ્થાયી અતિમાનસિક ચેતના તો આપણને માત્ર ત્યારે જ પ્રાપ્ત થાય છે કે જ્યારે આપણી નિમ્ન ચેતનાનું પદાર્થ-તત્ત્વ બદલાઈ ગયું હોય, જ્યારે સત્તાની વધારે મહાન શક્તિ અને સમજથી, — જેનું તે એક અવતરણ અને પ્રસારણ છે તે મહાન, બૃહત્‌થી, તે તરબતર ભરાઈ ગયું હોય, અદ્‌ભુત રૂપાંતર પામી ગયું હોય, જાણે કે તેમાં તે ડૂબી ગયું હોય. અસ્તિત્વનું અસલ પદાર્થ-તત્ત્વ, ચિન્મય આકાશ-તત્ત્વ કે જેમાં મનોમય કે ચૈત્યસિક ચેતના અને ઇન્દ્રિય જીવે છે અને જુએ છે અને અનુભવો કરે છે, તે, ભૌતિક મન અને ઇન્દ્રિયોના કરતાં વધારે સૂક્ષ્મ, મુક્ત અને મુલાયમ તત્ત્વ છે. જ્યાં સુધી આ ભૌતિક મન ઇન્દ્રિયોનું આપણી ઉપર વર્ચસ્વ હોય ત્યાં સુધી ચૈત્યસિક ક્રિયાઓ આપણને ઓછી વાસ્તવિક અને માત્ર આભાસ-રૂપ લાગે એ શક્ય છે; પણ તેઓ (ભૌતિક મન અને ઇન્દ્રિયો) જેમાં વસે છે તે ચૈત્યસિક વાતાવરણ અને અસ્તિત્વના આકાશમાં રહેવા માટે આપણે જેમ જેમ વધારે ટેવાતા જઈએ તેમ તેમ આપણને તેમનું મહાન સત્ય દેખાતું જાય છે અને તેમની વિશાળ અને મુક્ત અનુભવ-પદ્ધતિ જે અસ્તિત્વની સાક્ષી પૂરે છે તે સર્વેના એવા પદાર્થ-તત્ત્વનો આપણે અનુભવ કરતા જઈએ છીએ કે જે આધ્યાત્મિક રીતે વધારે નક્કર હોય છે. ત્યારે એમ પણ બને કે ભૌતિક સત્તા ખુદ પોતે પોતાને જ અવાસ્તવિક અને આભાસ-રૂપ લાગવા માંડે (પણ આ પણ એક અતિશયતા જ અને અવળે રસ્તે દોરી જતી એક એકાંગિતા જ છે કે જે આપણું કેન્દ્ર બીજી બાજુએ ચાલ્યું જવાને લીધે તથા મન અને ઇન્દ્રિયોના કાર્ય-પલટાને લીધે ઊભાં થાય છે); અથવા ઓછામાં ઓછું, તેમની વાસ્તવિકતા હવે ઓછી જોરદાર તો લાગે જ છે. પણ, જ્યારે ચૈત્યસિક અને શારીરિક બંને જાતની અનુભૂતિઓ સાચી સમતુલા સાચવીને યોગ્ય રીતે ભેગી થાય છે ત્યારે આપણે એકબીજાને પૂરક એવી આપણા અસ્તિત્વની બે દુનિયાઓમાં એકસાથે રહેવા લાગીએ છીએ કે જે દરેકને પોતપોતાની આગવી વાસ્તવિકતા હોય છે; તેમ છતાં ત્યારે ચૈત્યસિક ચેતના શારીરિક ચેતનાની પાછળ જે કાંઈ હોય તે બધું પ્રગટ કરી આપતી હોય છે, અને આત્મ-દૃષ્ટિ અને આત્માનુભવ, શારીરિક દૃષ્ટિ અને શરીરાનુભવની આગળ આવી જાય છે, તેમને આલોકિત કરે છે

અને સુસ્પષ્ટ કરી આપે છે. વળી અતિમાનસિક રૂપાંતરથી આપણી ચેતનાનું સમગ્ર પદાર્થ-તત્ત્વ બદલાઈ જાય છે; ને તેમાં મહત્તર સત્તા, ચેતના, ઇન્દ્રિય અને પ્રાણનું એક એવું આકાશ-તત્ત્વ દાખલ કરે છે કે જે, ચૈત્યસિક તત્ત્વ પણ પૂરતું નથી એવી ખાતરી કરાવી દે છે તથા જો એ પોતે એકલું જ હોય તો એ એક અપૂર્ણ વાસ્તવિકતા છે તથા આપણે જે કાંઈ છીએ, જે કાંઈ થઈએ છીએ અને જોઈએ છીએ તે બધાનું તે એક આંશિક સત્ય છે એમ પણ દેખાડે છે.

ચૈત્યસિક ચેતનાની સર્વે અનુભૂતિઓનો, બેશક, અતિમાનસિક ચેતનામાં અને તેની શક્તિમાં સ્વીકાર કરવામાં આવે છે, અને તેમને ટકાવી રાખવામાં પણ આવે છે, પણ તેમને એક વધારે મોટા સત્યના પ્રકાશથી, એક વધારે મોટા આત્મ-તત્ત્વના દ્રવ્યથી ભરી દેવામાં આવે છે. ચૈત્યસિક ચેતનાને પ્રથમ તો અતિમાનસિક પ્રકાશ અને શક્તિ અને તેનાં આંદોલનોની સત્ય-પ્રકાશક તીવ્રતા વડે આધાર આપવામાં આવે છે અને આલોકિત કરવામાં આવે છે અને પછી તેને તેમના વડે ભરવામાં અને ભરચક બનાવી દેવામાં આવે છે: વિખૂટા રાખતી કોઈ પણ ઘટનાઓ, અધૂરા પ્રકાશવાળા સંસ્કારો, અંગત સૂચનો, આડ-રસ્તે દોરતી અસરો અને ઇરાદાઓ એ બધાંથી જે કાંઈ અતિશયતાઓ અને ભૂલો ઊભી થવા પામી હોય કે મર્યાદા કે વિકૃતિનાં બીજાં કોઈ કારણો મનોમય અને ચૈત્યસિક અનુભૂતિ અને જ્ઞાનમાં દાખલ કરતાં હોય તે સર્વે હવે, વસ્તુઓમાં, વ્યક્તિઓમાં, પ્રસંગોમાં, સંકેતોમાં અને નિરૂપણોમાં રહેલાં, આ મહાન વિશાળતાને અનુરૂપ આત્મ-સત્યના, સત્યમ્‌ના, ઋતમ્‌ના પ્રકાશની સમક્ષ ઊભાં રહી શકે તેમ ના હોવાથી તેમને ખુલ્લાં પાડી દેવામાં આવે છે, દૂર કરી નાખવામાં આવે છે, યા તો તેઓ પોતે જ અલોપ થઈ જાય છે. બધા જ ચૈત્યસિક આંતર-વ્યવહારો, સંસ્કારો, પ્રતિરૂપો, પ્રતીકો અને પ્રતિબિંબો તેમનું સાચું મૂલ્ય ધારણ કરે છે, તેમનું સાચું સ્થાન લે છે, તેમના યથાર્થ સંબંધમાં ગોઠવાય છે. ચૈત્યસિક બુદ્ધિ અને સંવેદનો અતિમાનસિક ઇન્દ્રિય અને જ્ઞાન વડે જ્વલંત બની જાય છે, તેમની ક્રિયાઓ કે જે આધ્યાત્મિક અને ભૌતિક દુનિયાની અધવચમાં આવેલી વસ્તુઓ છે તે આપોઆપ જ પોતાના અસલ સત્યને અને ગૂઢાર્થને તેમ જ એ સત્ય અને ગૂઢાર્થની મર્યાદાઓને પણ પ્રગટ કરી દેવા માંડે છે. આંતરિક દૃષ્ટિ, શ્રવણ અને દરેક જાતના ઇન્દ્રિયાનુભવો સમક્ષ રજૂ થતાં બધાં પ્રતિબિંબોને આંદોલનોની વધારે વિશાળ અને પ્રકાશપૂર્ણ પ્રચુરતાથી તથા પ્રકાશ અને પ્રખરતાના એવા મહાન દ્રવ્યથી ભરચક બનાવી

દેવામાં આવે છે અથવા તેમાં તેમને ધારણ કરવામાં આવે છે કે જે તેમનામાં ભૌતિક ઇન્દ્રિયોમાં થએલા ફેરફારના જેવું જ પરિવર્તન, એટલે કે એક વધારે ઉચ્ચ કક્ષાની સમગ્રતાને, ચોકસાઈને તથા એ પ્રતિબિંબોએ પોતાનામાં સાચવેલી ઇન્દ્રિય-જ્ઞાનની સત્ય-પ્રકાશક શક્તિને દાખલ કરે છે. અને છેવટે સર્વેને ઊંચે ઉઠાવીને અતિમનસમાં લઈ જવામાં આવે છે અને તેમને અતિમાનસિક સત્તાની, વિજ્ઞાનમય પુરુષની અનંત પ્રકાશમય ચેતના, જ્ઞાન અને અનુભૂતિનાં અંગ-રૂપ બનાવી દેવામાં આવે છે.

આવા અતિમાનસિક રૂપાંતરને અંતે, ચેતના-વિષયક અને જ્ઞાન સંબંધી સર્વે અંગોમાં જીવની જે અવસ્થા થશે એ એક એવી અવસ્થા હશે કે જેમાં અનંત અને વિશ્વમય ચેતના વિશ્વરૂપ બની ગએલા વ્યક્તિગત પુરુષની દ્વારા કાર્ય કરતી હશે. ત્યારે મૂળભૂત શક્તિ હશે તાદાત્મ્ય-મય સભાનતા, તાદાત્મ્ય-મય જ્ઞાન, — એ તાદાત્મ્ય એ, સત્‌નું, ચિત્તનું, સત્‌ અને ચિત્‌ની શક્તિનું, અસ્તિત્વના આનંદનું તાદાત્મ્ય હશે, પરમ અનંતતા સાથેનું, ભગવાન સાથેનું, અને એ અનંતતામાં જે કાંઈ આવેલું છે તે સર્વેની સાથેનું, જે કાંઈ ભગવાનની અભિવ્યક્તિ અને આવિર્ભાવ છે તે સર્વેની સાથેનું તાદાત્મ્ય હશે. આ સભાનતા અને જ્ઞાન પોતાનાં સાધનો અને કરણો તરીકે કામમાં લેશે : તાદાત્મ્ય-મય જ્ઞાન જે કાંઈ સ્થાપિત કરી શકશે તે સર્વેના આધ્યાત્મિક દર્શનને; તથા એક એવા સત્ય-ખ્યાલ અને સત્ય-વિચારને કે જેનો પ્રકાર હશે સર્વે વસ્તુઓનાં સત્યને, સભાનતા સમક્ષ પ્રગટ કરતું, તેનો અર્થ-સ્ફોટ અને નિરૂપણ કરતું પ્રત્યક્ષ વિચાર-દર્શન, વિચાર-શ્રવણ, વિચાર-સ્મરણ; તેમ જ એક એવી સત્ય-વાણીને કે જે તે સત્યને વ્યક્ત કરે છે; અને છેવટે એક એવી અતિમાનસિક ઇન્દ્રિયને કે જે અસ્તિત્વના સર્વે પ્રદેશો પરની સર્વે વસ્તુઓ અને વ્યક્તિઓ અને શક્તિઓ અને પરિબળોની સાથેનો, સત્તા-દ્રવ્યમાં થઈ શકતા સંપર્ક માટેનો સંબંધ આપણને પૂરો પાડે છે.

આપણા ભૌતિક મનને ઇન્દ્રિય-બોધો પર જેવો આધાર રાખવો પડે છે તેવો કોઈ આધાર અતિમનસ પોતાનાં કરણોપર — દાખલા તરીકે અતિમાનસિક ઇન્દ્રિય પર—નહિ રાખે,—અલબત્ત, જ્ઞાનના ઊર્ધ્વતર પ્રકારોને પ્રાપ્ત કરવા માટે તેમને તે એક આરંભ તરીકે ઉપયોગમાં લઈ શકશે અને એ જ પ્રમાણે, તે એ ઊર્ધ્વતર પ્રકારોમાંથી જ સીધેસીધું આગળ વધી શકશે અને ઇન્દ્રિયને તો આકાર આપવા માટેનું અને પરલક્ષી અભિવ્યક્તિ માટેનું માત્ર એક સાધન જ બનાવી શકશે. તો વળી, વિજ્ઞાનમય

પુરુષ હાલના મનોમય ચિંતનને એક અફાટ વિસ્તારવાળા તાદાત્મ્ય-મય જ્ઞાનમાં સંપૂર્ણ સમજવાળા જ્ઞાનમાં, વિગતો અને સંબંધોના ઘનિષ્ઠ બોધવાળા જ્ઞાન-માં, સહજ, સીધેસીધા અને માધ્યમ-હીન જ્ઞાનમાં, આત્માના પહેલેથી જ મોજૂદ અને સનાતન જ્ઞાનની સમગ્ર અભિવ્યક્તિમાં રૂપાંતરિત કરી નાખશે અને તેને પોતાનામાં સમાવી લેશે. તે ભૌતિક ઇન્દ્રિયોને, છઠ્ઠી ઇન્દ્રિયરૂપ મનની કાર્ય-શક્તિઓને તેમ જ ચૈત્યસિક ચેતના અને ઇન્દ્રિયને પણ હાથમાં લેશે, તેમનું રૂપાંતર કરશે, તેમને અતિમાનસિક બનાવશે અને, અનુભૂતિ-ઓને સર્વોચ્ચ કક્ષાએ અને આંતરિક રીતે પરલક્ષી બનાવવા માટેના સાધન તરીકે તેમનો ઉપયોગ કરશે. ખરી રીતે તો તેને માટે કોઈ જ વસ્તુ બાહ્ય નહિ હોય. કારણકે તે સર્વસ્વને અનુભવતું હશે વિશ્વમય ચેતના સાથેના તાદાત્મ્યમાં (અને એ ચૈતના તો એની પોતાની નિજી ચેતના હશે) તેમ જ અનંત સત્તા સાથેના તાદાત્મ્યમાં (અને એ પણ હશે એની પોતાની જ નિજી સત્તા). તે પદાર્થ-તત્ત્વને, માત્ર સ્થૂળ પદાર્થ-તત્ત્વને જ નહિ પણ સૂક્ષ્મ અને સૂક્ષ્મતમ પદાર્થ-તત્ત્વને પણ, આત્મ-તત્ત્વનાં જ દ્રવ્ય અને સ્વરૂપ તરીકે અનુભવશે; જીવનને અને શક્તિના સર્વે પ્રકારોને આત્મ-તત્ત્વની જ સક્રિયતા તરીકે અનુભવશે; અતિમાનસિક બનેલા મનને આત્મ-તત્ત્વના જ જ્ઞાનના એક સાધન કે વાહન તરીકે અનુભવશે; અને અતિમનસને આત્મ-તત્ત્વના જ જ્ઞાનના અનંત આત્મ તરીકે અને એ જ જ્ઞાનની શક્તિ તરીકે અને એ જ જ્ઞાનના પરમાનંદ તરીકે અનુભવશે.

## પ્રકરણ : ૨૫

# અતિમાનસિક કાલ-દર્શન પ્રત્યે —

સમસ્ત સત્તા, ચેતના, એ બધું જ અસ્તિત્વની બે અવસ્થાઓ અને શક્તિઓની વચ્ચે ગતિ કરી રહેલું છે; એ ગતિ આપણી હાલની ઉપર-છલ્લી અજ્ઞાનતાથી ગુપ્ત રહેલી છે, પણ જ્યારે આપણે તેનાથી ઉપર આવેલા આધ્યાત્મિક અને અતિમાનસિક પ્રદેશોમાં પહોંચી જઈએ ત્યારે એ ગતિ ખુલ્લેખુલ્લી થતી હોય છે. એ બે અવસ્થાઓ અને શક્તિઓ એટલે; એક તો, કાલાતીત અનંતતા; અને બીજી એવી અનંતતા કે જે કાલમાં રહેલા સર્વ પદાર્થોને પોતાનામાં પ્રગટ અને વ્યવસ્થિત કરી રહી છે. આ બે અવસ્થાઓ એકબીજાથી વિરુદ્ધ અને વિરોધી લાગે છે તે તો માત્ર આપણી મનોમય તર્ક-શક્તિની જ સામે; કારણકે તે તર્ક-શક્તિ વિરોધ-મયતાના ખોટા ખ્યાલની આજુબાજુ, હેરાન થતી અને ઠોકરો ખાતી, સતત ચક્કર માર્યા કરે છે અને વિરોધોનાં સનાતન દ્વંદ્વોનો સામનો કર્યા કરે છે. પણ આપણે જ્યારે અતિમાનસિક તાદાત્મ્ય અને દર્શન પર પ્રતિષ્ઠિત થએલા જ્ઞાન વડે પદાર્થોને જોઈએ અને એ જ્ઞાનની વિશિષ્ટ, મહાન, ગહન અને મુલાયમ તર્કશક્તિ વડે વિચાર કરીએ ત્યારે આપણને સ્પષ્ટ રીતે દેખાય છે તે પ્રમાણે, હકીકતમાં તો આ બંને, પરમ અનંતતાના એક જ સત્યની, પૂરે-પૂરી સહ-જીવી અને સહગામી બે અવસ્થાઓ છે. કાલાતીત અનંતતા, પોતે જે કાંઈ કાલમાં પ્રગટ કરે છે તે સર્વને, પોતાનામાં, પોતાની સત્તાના સનાતન સત્યમાં અને આ અભિવ્યક્તિથી અતીત રીતે, ધારણ કરે છે. તેની કાલમય ચેતના પોતે પણ અનંત છે; અને આપણને પદાર્થોનું જે કાંઈ ભૂત, વર્તમાન કે ભાવિ લાગે છે તે સર્વને પણ તે, સમગ્રતાનાં તેમ જ વિશેષતાનાં, વહી જતા ક્રમ-પ્રવાહનાં કે ક્ષણિક દૃષ્ટિનાં, તેમ જ સ્થિરતા-દાયક સંપૂર્ણ દર્શનનાં કે ચિર-સ્થાયી સમગ્ર દૃષ્ટિનાં દર્શનમાં એકસાથે ધારણ કરે છે.

કાલાતીત અનંતતા ઘણી જુદી જુદી રીતે આપણી ચેતના સમક્ષ પ્રત્યક્ષ થઈ શકે છે; પણ જે બહુ જ સામાન્ય રીતે તે આપણી ઉપર આવી ચડે છે તે તો છે તેના કોઈ પ્રતિબિંબ દ્વારા કે પ્રબળ છાપ દ્વારા; અથવા

તો તેને આપણી સમક્ષ એવી કોઈક વસ્તુ તરીકે પણ રજૂ કરવામાં આવે છે કે જે મનથી ઉપર આવી રહેલી હોય, જેના વિશે તે સભાન હોય અને જેના પ્રત્યે તે હાથ પણ લંબાવતી હોય તેમ છતાં જેનામાં તે દાખલ થઈ શકતી ના હોય; કારણકે તે પોતે તો હજી કાલ-ભાનમાં અને ક્ષણોના ક્રમ-પ્રવાહમાં વસે છે. અતિમનસના પ્રભાવ વડે રૂપાંતર પામ્યા વિના જો આપણું હાલનું મન કાલાતીત અનંતતામાં દાખલ થવાનો યત્ન કરે તો તે કાં તો સમાધિની અવસ્થામાં ડૂબી જઈ અલોપ જ થઈ જવાનું, અથવા તો, જો તે જાગ્રત રહે તો તેને એમ જ લાગવાનું કે જાણે તે એક એવી પરમ અનંતતામાં ફેલાઈ જાય છે કે જ્યાં, કદાચ, કોઈક અતિ-ભૌતિક અવકાશનું, કોઈક અફાટતાનું, ચેતનાના અસીમ વિસ્તારનું ભાન હશે ખરું પણ જ્યાં નહિ હોય કાલ-પુરુષ, કાલ-પ્રવાહ કે કાલ-ક્રમ. અને એ વખતે જો હજી પણ મનોમય પુરુષ કાલ-ગત વસ્તુઓ વિશે યંત્રવત્ રીતે સ-જાગ રહ્યો હશે તોપણ તે તેમની સાથે પોતાની અસલ રીતે વ્યવહાર નહિ કરી શકે, કાલાતીતની અને કાલગત વસ્તુઓની વચ્ચે સત્યનો સંબંધ સ્થાપી નહિ શકે અને પોતાની હાલની અચોક્કસ અનંતતા-માંથી કર્મો અને સંકલ્પો નહિ કરી શકે. ત્યારે મનોમય પુરુષ માટે જે કર્મ સંભવિત રહે છે તે છે : ભૂતકાળના વેગના જોરે અને "પ્રારબ્ધ" (એટલે કે મળી ચૂકેલી) શક્તિના પ્રવાહ કે આદતને લીધે આગળ વધી રહેલી પ્રકૃતિનાં કરણોની યંત્રવત્ ક્રિયાઓ; અથવા તો એવાં કર્મો કે જે હશે અસ્તવ્યસ્ત, અનિયંત્રિત, અવ્યવસ્થિત, અને જે હશે, હવે સચેતન કેન્દ્ર-હીન બની ગએલી શક્તિમાંથી થતો ઢંગધડા વગરનો અંધ ધસારો.

તેનાથી ઊલટું, અતિમાનસિક ચેતના કાલાતીત અનંતતાની પરમ ચેતના પર પ્રતિષ્ઠિત થએલી છે, પણ તેની સાથે, કાલ-વશ અનંત શક્તિને પ્રગટ કરવાનું રહસ્ય પણ તેની પાસે છે. તે કાં તો કાલ-ચેતના પર આસન લઈ શકે છે અને કાલાતીત અનંતતાને એક એવી પરમ અને આદિ સતતાની પાર્શ્વ-ભૂમિ તરીકે રાખી શકે છે કે જેમાંથી તે પોતાનાં સર્વ નિયામક જ્ઞાન, સંકલ્પ અને કર્મોને મેળવે છે; અથવા તો તે પોતાની અસલ સતતાના કેન્દ્રમાં જ કેન્દ્રિત થઈને કાલાતીતમાં રહેવાની સાથે સાથે એવા કાલગત આવિર્ભાવમાં પણ રહી શકે છે કે જેને તે અનંતતા તરીકે અને પેલી જ પરમ અનંતતા તરીકે અનુભવે છે અને જુએ છે; અને આ બેમાંથી જે એકને પણ તે પોતાનામાં દિવ્યતાથી ધારણ કરે છે તેને બીજામાં પ્રગટ પણ કરી શકે છે, નિભાવી શકે છે અને વિકસાવી પણ શકે છે. આમ, તેની કાલ-ચેતના મનોમય

પુરુષની કાલ-ચેતના કરતાં તદ્દન જુદી જ હોવાની; ક્ષણોનાં વહેણ પર, નિઃસહાય બનીને તે તણાતી નહિ હોય અને દરેક ક્ષણને એક આશરા તરીકે અને તરત જ છટકી જતા આધાર તરીકે ઝડપવા નહિ જતી હોય; પણ તે પ્રતિષ્ઠિત હશે ચાર બાબતો પર : સૌથી પહેલાં, સર્વ કાલ-પરિવર્તનોથી પરના તેના સનાતન તાદાત્મ્ય પર; અને તે પછી, તેના જ સહ-વર્તી પરમ-કાલની અનંતતા પર કે જેમાં ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણે ય સનાતન પુરુષનાં આત્મ-જ્ઞાન અને આત્મ-શક્તિમાં સદાકાળ નિવાસ કરતાં હશે; અને તે પછી, ત્રણે ય કાળના એક એવા સર્વ-વ્યાપક દર્શન પર કે જે, જમાનાઓ, યુગો અને યુગ-ચક્રોનાં વહેણો છતાં, ત્રણે ય કાળને એક અવિભાજ્ય અને એક જ ગતિ તરીકે દેખાડતું હશે; અને આખરે,— અને આ તો માત્ર કરણાત્મક ચેતનામાં જ બને છે—ક્ષણે ક્ષણે આગળ વધી રહેલી ક્રમિક ઉત્ક્રાંતિ પર. આથી પ્રાચીન કાળથી દ્રષ્ટાઓ અને ઋષિઓનું જે પરમ લક્ષણ ગણાતું આવ્યું છે તે ત્રિકાળ-દૃષ્ટિ એ તેને માટે કોઈ અ-સાધારણ શક્તિ નહિ પણ કાળ-જ્ઞાનનો એક સાધારણ પ્રકાર માત્ર જ હશે.

આ એકતા-પૂર્ણ અને અનંત કાલ-ચેતના તથા આ દર્શન અને જ્ઞાન એ, પોતાના નિજી અને પ્રકાશ-પૂર્ણ, પરમ પ્રદેશમાં વિરાજતા વિજ્ઞાનમય પુરુષની સહજ-સમૃદ્ધિ છે, અને તેમની પૂર્ણાવસ્થા અતિમાનસિક પ્રકૃતિના સર્વોચ્ચ સ્તરો પર જ હોય છે. પણ ઊર્ધ્વ ગતિ અને રૂપાંતર વડે ઉત્ક્રાંતિને આગળ વધારી આપતી, યોગની (એટલે કે આત્મ-અનાવરણની, આત્મ-વિકાસની અને આત્મ-પરિપૂર્ણતાની) પ્રક્રિયાવાળી માનવ-ચેતનાની આરોહણ-યાત્રાની દૃષ્ટિએ વિચાર કરતાં આપણે એવી ત્રણ ક્રમિક અવસ્થાઓને ગણતરીમાં લેવાની છે કે જેમને ઓળંગી જવાથી જ આપણે સર્વોચ્ચ પ્રદેશોને પહોંચી શકીએ તેમ છીએ. આપણી ચેતનાની પહેલી અવસ્થા કે જેમાં હાલમાં આપણે ગતિ કરીએ છીએ તે છે આ અજ્ઞાનમય મન કે જે જડ પ્રકૃતિની અચેતનતા અને અચિતતામાંથી ઉદ્ભવેલું છે; તે છે તો અજ્ઞાનમય પણ જ્ઞાનની શોધમાં નીકળી શકે તેમ છે અને, વધારે નહિ તો, માનસિક નિરૂપણોની એવી હારમાળાઓ દ્વારા તેને પકડી શકે તેમ છે કે જેને સાચા સત્યને માટેની ચાવીઓ તરીકે કામમાં લઈ શકાય છે અને જો તેને વધારે વિશુદ્ધ અને આલોકિત તેમ જ, ઊર્ધ્વ પ્રકાશનાં પ્રભાવ, વહેણ અને અવતરણ વડે પારદર્શક પણ બનાવી શકાય તો તે બુદ્ધિને એવી તૈયાર કરી શકે છે કે જેથી સાચા જ્ઞાનને પ્રાપ્ત કરવા માટે તે ખુલ્લી થઈ શકે. આ મન સત્ય-માત્રને એક એવી વસ્તુ ગણે છે કે જે

અસલમાં તો તેની પાસે હતી જ નહિ અને જે તેને હજી મેળવવાની હતી કે હજી પણ મેળવવાની છે, અને જે પોતાનાથી બહાર રહેલી છે અને જેને અનુભવ વડે કે કેટલીક નિશ્ચિત પદ્ધતિઓનું અને પૂછતાછના અને ગણતરીઓના નિયમોનું અનુસરણ કરીને તથા શોધેલા નિયમોને અજમાવીને અને નિશાનીઓ અને ઉલ્લેખોનો અર્થ તારવીને એકઠું કરવાનું-છે. ખુદ તેનું જ્ઞાન પણ એમ જ દેખાડે છે કે અજ્ઞાન એ જ તેની અસલતા છે; તે અવિદ્યાનું કરણ છે.

ચેતનાની બીજી અવસ્થા માનવ માટે માત્ર એક શકયતારૂપે જ પડેલી છે અને અજ્ઞાનમય મનને આંતરિક પ્રકાશ આપીને તેમ જ તેનું રૂપાંતર કરીને પ્રાપ્ત કરી શકાય તેમ છે. આ અવસ્થામાં મન જ્ઞાનનાં મૂળની, બહારના કરતાં વધારે તો અંદર જ ખોજ કરે છે અને ગમે તે રીતે પણ તેને લાગણીઓ અને સ્વાનુભવથી એમ જણાય છે કે તે કોઈ આદિ અજ્ઞાનમય મન નહિ પણ જ્ઞાનની વિસ્મૃતિ પામેલું મન છે. અહીં મનને એવું ભાન હોય છે કે પદાર્થ માત્રનું જ્ઞાન પોતાનામાં જ નહિ તોપણ આપણી જાતમાં જ કોઈક જગ્યાએ છુપાએલું છે, જાણે કે ઢંકાએલું અને ભુલાઈ ગએલું છે; અને બહારથી મળતી કોઈ વસ્તુની માફક જ્ઞાન તેને આવી મળતું નથી પણ સદાકાળથી ત્યાં ગુપચુપ હાજર હતું જ અને હવે તે સ્મૃતિમાં ઓચિંતું ટપકી પડે છે; અને તરત જ તેને પ્રતીતિ પણ થઈ જાય છે કે તે સત્ય જ છે—, તેમાં દરેક વસ્તુ બરાબર પોતપોતાના સાચા સ્થાને, સાચા સ્તર પર, સાચી રીતે અને સાચી માત્રામાં જ આવેલી છે. જ્યારે કોઈ બાહ્ય અનુભવ, નિશાની કે ઉલ્લેખને જાણવાનો પ્રસંગ હોય ત્યારે પણ જ્ઞાન પ્રત્યેનું તેનું વલણ આવું જ રહે છે, કારણકે તેને માટે એ માત્ર એક પ્રસંગ જ હોય છે અને જ્ઞાનના સત્યને માટેનો તેનો આધાર કોઈ બાહ્ય ઉલ્લેખ કે સાબિતી નહિ પણ અંતરમાં રહેલો, અનુમતિ આપતો સાક્ષી જ હોય છે. સાચું મન તો આપણી અંદર રહેલું વિશ્વવ્યાપી મન જ છે અને વ્યક્તિગત મન એ તો સપાટી પર ખેંચાઈ આવેલું તેનું એક પ્રસારણ–માત્ર જ છે; અને તેથી આ બીજી ચેતના–અવસ્થા આપણને એક તો માત્ર ત્યારે જ પ્રાપ્ત થાય છે કે જ્યારે આ વ્યક્તિગત મન વધારે ને વધારે અંતરમાં ઊતરે અને સચેતન કે અવચેતન રહીને સદાય એવી વિશ્વવ્યાપી મનોમયતાની પાસે રહે અને તેના સ્પર્શો પ્રત્યે સંવેદનશીલ રહે કે જેમાં સર્વ કાંઈ સમાએલું હોય છે, સ્વીકારાતું હોય છે અને આવિર્ભાવ પામી શકે તેવી સ્થિતિમાં હોય છે; અથવા તો, તે વધારે જોરદાર રીતે ત્યારે પ્રાપ્ત થાય છે કે જ્યારે આપણે વિશ્વવ્યાપી મનની ચેતનામાં જ રહેવા

લાગીએ અને અંગત મનોમયતાને તો માત્ર એક બાહ્ય પ્રસારણ તરીકે, એક ઉલ્લેખ-પાટી તરીકે કે સપાટી પર રાખેલી, વાતચીત માટેની એક "સ્વિચ" તરીકે વાપરીએ.

ત્રીજી અવસ્થા એટલે એવું જ્ઞાનમય મન કે જેમાં પદાર્થમાત્ર અને સત્યમાત્ર પહેલેથી જ હાજર અને જાણીતાં હોય તેમ દેખાય છે અને અનુભવાય છે, અને આંતરિક જ્યોતિ ધરવાથી તરત જ તેઓ નજરે ચડે, છે— કોઈક સુપરિચિત અને જોવાઈ ચૂકેલા ઓરડામાં નજર-માત્ર ફેરવવાથી આપણને તેમાંના પદાર્થો દેખાય (જોકે તેમની ઉપર ધ્યાન નહિ હોવાથી તેઓ સતત દેખાતા નહોતા), અને જોએલા-જાણેલા પદાર્થો તરીકે તેમને ધ્યાનમાં લઈએ તેમ—. આત્મ-વિસ્મૃતિની બીજી અવસ્થા અને આ અવસ્થામાં ફેર એ છે કે અહીંયાં કોઈ શોધખોળ કે પ્રયત્નની જરૂર નથી હોતી; જરૂર હોય છે આંતર-જ્યોતિને જ્ઞાનના જેતે ક્ષેત્ર પર માત્ર ધરવાની કે ખોલવાની. તેથી અહીં, મન જેમને ભૂલી ગયું હોય કે મનથી જે છૂપા રહેલા હોય તેવા પદાર્થોને યાદ કરવાના નથી હોતા; પણ હયાત, તૈયાર અને હાથ-વગા પદાર્થોની પ્રકાશમાં માત્ર રજૂઆત જ કરવાની હોય છે. આ ત્રીજી અને છેલ્લી અવસ્થા અંતર્જ્ઞાનાત્મક મન જ્યારે થોડુંઘણું પણ અતિમનસ-મય બને અને અતિમાનસિક પ્રદેશોમાંથી આવતા ગમે તે અને દરેકેદરેક સંદેશા પ્રત્યે સંપૂર્ણપણે ખુલ્લું રહે ત્યારે જ શક્ય બને છે. આ જ્ઞાનમય મન પોતે અસલમાં તો એક સંભવિત સર્વ-શક્તિમત્તાની જ શક્તિ છે; પણ મનોમય ભૂમિકા પર ખરેખર કાર્ય કરતી વખતે તેની પહોંચ અને પ્રદેશ મર્યાદિત થઈ જાય છે. મર્યાદિત બની જવાની આ ખાસિયત તો ખુદ અતિમનસને પણ —જ્યારે તે મનોમય ભૂમિકા પર ઊતરી આવે છે અને ત્યાં નીચલી કક્ષાના મનોમય દ્રવ્યમાં સક્રિય બને છે ત્યારે તથા, તેની એ સક્રિયતા તેના શક્તિ-સભર અને પ્રકાશ-પૂર્ણ પ્રકાર અને પિંડની બનેલી હોય છે ત્યારે પણ — તેને લાગુ પડે છે; અને એ ખાસિયત અતિમાનસિક બુદ્ધિના કાર્યને પણ છોડતી નથી. પોતાના નિજી પ્રદેશોમાં કાર્ય કરતી ઊર્ધ્વ, અતિમાનસિક પરા-શક્તિ જ એકમાત્ર એવી શક્તિ છે કે જેની સંકલ્પ-શક્તિ અને જ્ઞાન હમેશાં અસીમ પ્રકાશમાં, કે જ્ઞાનનો સીમાતીત વિસ્તાર કરવાની અબાધિત શક્તિ વડે, કાર્ય કરે છે; આ જ્ઞાન-વિસ્તારને સીમા-બંધન હોય તો તે માત્ર એટલું જ કે જે પોતાના હેતુઓને ખાતર અને પોતાના જ સંકલ્પ અનુસાર, આત્માએ પોતાના પર સવાર થવા દીધું હોય.

અતિમનસ પ્રત્યે વિકાસ પામતાં માનવ મને આ બધી ભૂમિકાઓ-

માંથી પસાર થવું પડે છે; અને તેનાં આ આરોહણ અને વિસ્તરણ દરમિયાન તે પોતાની કાલ-ચેતના અને કાલ-જ્ઞાનની શક્તિઓનાં અને શક્યતાઓનાં અનેક પરિવર્તનો અને વિવિધ મનોદશાઓ અનુભવે એમ પણ બને. સૌથી પહેલી અજ્ઞાનમય મનોદશામાં માણસ ન તો અનંત કાલ-ચેતનામાં રહી શકે છે. ન તો ત્રિકાલ-જ્ઞાનની કોઈ પ્રત્યક્ષ અને ખરેખરી શક્તિને હાથ ધરી શકે છે, અજ્ઞાનમય મન કાલની અવિભાજ્ય સળંગતામાં નહિ પણ એક પછી બીજી ક્ષણમાં જીવે છે. તેને પોતાની જાતના સાતત્યનું અને અનુભૂતિના તાત્ત્વિક સાતત્યનું અસ્પષ્ટ ભાન હોય છે; અને આ ભાનનું મૂળ હોય છે આપણા અંતરમાં ઊંડે બેઠેલો આત્મા; પણ એ પોતે નથી રહેતું હોતું આ અંતરઆત્મામાં કે સાચા કાલ-સાતત્યમાં. એ તો આ અસ્પષ્ટ છતાં ચીવટ-દાર, સભાનતાનો, કાલ-પ્રવાહની માત્ર એક એવી પશ્ચાદ્ભૂમિ તરીકે આધાર અને સલામતી તરીકે, ઉપયોગ કરે છે કે જેના વિના, એ કાલ-પ્રવાહ બની જાત, પોતાની જાતનું એક આધાર-વિહીન, સતત વહેણ. વ્યવહારુ સક્રિયતામાં તેનો આધાર છે વર્તમાનકાળ પરનું તેનું આસન; આ સિવાયનો તેનો અટૂલો આધાર છે : ભૂતકાળે દોરી આપેલી અને હજી સચવાઈ રહેલી એક સ્મૃતિરેખા, ભૂતકાળના અનુભવોએ જમા કરેલો સંસ્કાર-જથ્થો; અને ભાવિ માટે છે : અનુભવોની નિયમિતતાને લીધે થતી ખાતરી, તથા અનિશ્ચિત આગાહીની એવી શક્તિ કે જેનો અર્ધો પાયો હોય છે અનુભવોનું પુનરાવર્તન અને સુસ્થાપિત અનુમાન અને બીજો અર્ધો પાયો હોય છે કલ્પનાભરી અટકળ અને ચણતર, અજ્ઞાનમય મન સાપેક્ષ કે નૈતિક નિશ્ચિતતાઓના પાયા કે તત્ત્વ ઉપર કેટલોક આધાર રાખે છે, પણ બાકીના આધાર માટે તેનો મુખ્ય મદાર હોય છે સંભવિતતાઓ અને શક્યતાઓની અજમાયશ.

અને તેનું કારણ એ છે કે અજ્ઞાન-નિવાસી મન ક્ષણ ક્ષણમાં જીવે છે, અને જાણે કે કોઈ મુસાફર પોતાની પાસેની અને વર્તમાન સ્થાનની આજુબાજુની જ જગ્યાઓ જોતો હોય અને જે જગ્યાઓ તેણે પસાર કરી દીધી હોય તેને અસ્પષ્ટ રીતે યાદ રાખી શકતા છતાં તેનાથી આગળ, તેના તાત્કાલિક દૃશ્યને પેલે પાર, જે કાંઈ છે તે તો તેની સમક્ષ વણ-જોયું, વણ-જાણ્યું અને હજી હવે જોવા-જાણવાનું હોય, તેની માફક તે કલાક પછી કલાક વિતાવતો આગળ વધે છે. આમ, બૌદ્ધ દ્રષ્ટાઓએ જોયું હતું તેમ, પોતાની અજ્ઞાન-અવસ્થાને વશ રહી પ્રગતિ કરતો માનવ માત્ર વિચારોના અને ઇન્દ્રિયાનુભવોના તેમ જ પોતાના વિચારો અને ઇન્દ્રિયો

સમક્ષ દેખાતાં બાહ્ય સ્વરૂપોના પ્રવાહમાં જ જીવે છે. તેની સમક્ષ તેની વર્તમાન, ક્ષણિક જાત એ જ માત્ર વાસ્તવિક હોય છે; ભૂતકાળની જાત અવસાન પામેલી કે અલોપ થતી, અથવા માત્ર સ્મરણો, સરકારો કે તેમનાં પરિણામોમાં જ સચવાએલી હોય છે; અને ભાવિ જાત તો સમૂળગી અસ્તિત્વ વિનાની કે માત્ર રચાઈ રહેલી કે જન્મ લેવાની તૈયારીમાં હોય છે. અને તેની આજુબાજુની દુનિયા પણ પ્રત્યક્ષતાના આ જ નિયમને આધીન હોય છે. તેના પ્રસંગો અને ઘટનાઓનાં પ્રત્યક્ષ સ્વરૂપો અને સરવાળા જ તેની સમક્ષ હાજર, અને તદ્દન સાચાં હોય છે; તેનો ભૂતકાળ હયાતીમાં રહ્યો જ નથી હોતો, અથવા માત્ર સ્મૃતિમાં અને ઇતિહાસમાં જ અને મૃત સ્મારકોએ કે હજી હયાત વર્તમાને બચાવી લીધો હોય તેટલો જ મોજૂદ હોય છે; અને ભાવિ તો હજી હયાતીમાં આવ્યું જ નથી હોતું.

તેમ છતાં એટલું તો નોંધવું જ પડશે કે જો વર્તમાનનું આપણું જ્ઞાન ભૌતિક મન અને ઇન્દ્રિયો પરના આધારને લીધે મર્યાદિત થઈ ગયું ના હોત તો આવું પરિણામ આટલું અનિવાર્ય ના બનત. જો આપણે સમગ્ર વર્તમાન વિશે, પ્રતિ-ક્ષણે કાર્ય કરી રહેલી ભૌતિક, પ્રાણમય કે મનોમય શક્તિઓનાં સમસ્ત કાર્ય વિશે સભાન થઈ શકતા હોત તો, એટલું તો સમજી શકાશે કે આપણે, તેમની જ અંદર જઈ વસેલા ભૂતકાળને તેમ જ તેમનામાં સૂઈ રહેલા ભવિષ્ય-કાળને પણ જોઈ શકત, અથવા, ઓછામાં ઓછું, વર્તમાનથી ભૂતકાળ તેમ જ ભાવિના જ્ઞાન પ્રત્યે જરા આગળ તો વધી જ શકત. અને જો અમુક શરતો પાર પાડવામાં આવે તો આના પરિણામે, સાચા અને સદા-હાજર કાલ-સાતત્યનો કાંઈક સ્પર્શ, તાત્કાલિકની જેમ આગળ-પાછળનું કાંઈક જીવન પણ ઊભું કરી શકાય; અને તેનાથી પણ આગળનું એક પગલું તો, અનંત કાળમાં અને આપણા અનંત આત્મામાં આવેલા આપણા અસ્તિત્વના સદા-મોજૂદ સ્પર્શ સુધી આપણને લઈ જઈ શકે; અને ત્યારે, સનાતન કાળમાં થઈ રહેલો તેનો આવિર્ભાવ પણ આપણે માટે વાસ્તવિકતા બની રહે; તેમ જ વિશ્વની પાછળ રહેલ કાલાતીત પરમ-આત્માને તથા તેનાં સનાતન વિશ્વ-પ્રાગટ્યની વાસ્તવિકતાને પણ આપણે અનુભવી શકીએ. તે ગમે તેમ, પણ એટલું તો ખરું જ કે આપણી હાલની કાલ-ચેતનાના કરતાં જુદી જ જાતની કાલ-ચેતનાની તેમ જ ત્રિકાલ-જ્ઞાનની સંભવિતતાનો આધાર રહેલો છે : ભૌતિક મન અને ઇન્દ્રિયોની વિશિષ્ટ ચેતના સિવાયની બીજી એક ચેતનાના વિકાસની સંભવિતતાની ઉપર, તથા ઇન્દ્રિયાનુભવ, યાદદાસ્ત, અનુમાન અને અટકળની

મર્યાદાઓવાળા અજ્ઞાનમય મનના તેમ જ ક્ષણમયતાના આપણા કેદખાના-ને તોડવાની સંભવિતતાની ઉપર.

એકમાત્ર વર્તમાનમાં જ જીવવાથી માણસને સંતોષ થતો નથી એ હકીકત છે. જોકે તે અતિ–પ્રબળ સ્પષ્ટતા અને આગ્રહપૂર્વક હજી વર્ત-માનમાં જ જીવે છે, તેમ છતાં આગળ અને પાછળ જોવાની, ભૂતકાળને જાણી શકાય તેટલો જાણવાની અને, ભલેને ગમે તેટલું અસ્પષ્ટ દેખાય તે છતાં ભાવિને શક્ય તેટલું ભેદી જોવાની તેને ઝંખના જાગે છે, અને આ યત્નમાં સહાયરૂપ થાય એવી કેટલીક બાબતો પણ તેને હાથવગી છે : આમાંની કેટલીકનો આધાર તેના સપાટી પરના મનની ઉપર છે, તો, વધારે વિશાળ, સૂક્ષ્મ અને ખાતરીભર્યું જ્ઞાન ધરાવતી અંતઃપ્રચ્છન્ન જાત કે અતિ–ચેતના-મય જાતમાંથી આવતા સંદેશાઓ પ્રત્યે ખુલ્લી હોય એવી પણ બીજી કેટલીક સહાયો છે. તેને પ્રથમ સહાય કરનારી છે બુદ્ધિ, કે જે કારણમાંથી કાર્ય એટલે કે પરિણામ પ્રત્યે આગળ વધે છે તો કાર્યમાંથી કારણ પ્રત્યે પાછળ પણ જઈ શકે છે, શક્તિઓના નિયમો અને તેમની સુનિશ્ચિત યાંત્રિક ગતિ-ઓની શોધ–ખોળ કરે છે, પ્રકૃતિની કારોબારીમાં એક કાયમી એકવિધતા રહેલી છે એમ માની લે છે, તેની કાલગતિને નિશ્ચિત સ્વરૂપ આપે છે અને આમ, સામાન્ય રૂપરેખા અને ખાતરીબંધનાં પરિણામોવાળા ભૌતિકશાસ્ત્ર-ના આધારે ગણતરી કરીને ભૂતકાળ અને ભાવિને નક્કી પણ કરે છે. આ પદ્ધતિ વડે, ભૌતિક પ્રકૃતિના પ્રદેશમાં મર્યાદિત, છતાં ઠીક ઠીક ધ્યાન ખેંચાય તેટલાં પ્રમાણમાં, સફળતા મળી ચૂકેલી છે; અને એમ લાગે પણ ખરું કે આ જ પદ્ધતિ છેવટે તો મન અને પ્રાણના વ્યાપારોને પણ લાગુ પાડવાની છે અને, ગમે તે ક્ષેત્રમાં પણ, જો ભૂત કે ભાવિને ચોકસાઈથી નિશ્ચિત કરવાં હોય તો આ જ એકમાત્ર, વિશ્વાસ–પાત્ર સાધન માણસના હાથમાં છે. પણ, હકીકતમાં, પ્રાણમય પ્રકૃતિના, અને તેનાથી ય વધારે તો, મનોમય પ્રકૃતિના વ્યાપારો, એ, ભૌતિક જ્ઞાનના ક્ષેત્રમાં લાગુ પડતી, સુનિશ્ચિત નિયમો પરથી અનુમાનો અને ગણતરીઓ કરવાની પદ્ધતિને ઘણે અંશે હાથતાળી દઈ જાય છે. એ પદ્ધતિ ત્યાં, અમુક નિયમ–બદ્ધ બની ચૂકેલી ઘટનાઓ અને ક્રિયાઓના પ્રદેશને જ લાગુ પાડી શકાય છે; પણ બાકીની બાબતોમાં તો સાપેક્ષ નિશ્ચિતતાઓના અને નિશ્ચિત શક્યતાઓ તેમ જ ગણતરીથી પરની સંભવિતતાઓના જબરજસ્ત શંભુમેળામાં જ તે આપણને રખડતા રાખે છે.

આનું કારણ એ છે કે મન અને પ્રાણની ક્રિયાઓમાં ખૂબ ખૂબ સૂક્ષ્મતા

અને સંકુલતા પ્રવેશ પામેલી છે; તેમની સિદ્ધ થઈ ચૂકેલી દરેક ગતિમાં શક્તિઓનો જટિલ જથ્થો ભરેલો હોય છે; અને જો આપણે તેના બધા જ તંતુઓ – બધા જ, એટલે કે જેમણે સુસ્પષ્ટ સ્વરૂપ પકડેલું હોય અને સપાટી ઉપર કે સપાટીની પાસે આવી ગયેલા હોય તેટલા જ તંતુઓ – છૂટા પાડી શકીએ તોપણ હજી ય અંધકારમાં કે અ-પ્રગટ રહેલો જથ્થો—એટલે કે છૂપાં રહેલાં, છતાં સમર્થ એવાં સહાયક કારણો, ગુપ્ત ગતિઓ અને પ્રેરક બળો, અસક્રિય સંભવિતતાઓ, વિવિધતા માટેનો અગણિત અને અગણ્ય અવકાશ એ બધું—તો આપણને મૂંઝવી જ નાખવાનું. સુનિશ્ચિત કારણો પરથી સુનિશ્ચિત કાર્યની (એટલે કે સામે પડેલી પરિસ્થિતિનાં દેખીતાં જૂથ પરથી હવે પછીની, તેના પરિણામરૂપ અવસ્થાની) કે તેની પહેલાનાં, પુરોગામી પરિબળોની ચોકસાઈથી અને ખાતરીથી ગણતરી કરી કાઢવાનું જે કામ આપણી પરિમિત બુદ્ધિ કરી શકતી હતી તે હવે અહીંયાં થઈ શકે તેમ નથી. આથી જ માનવ-બુદ્ધિએ કરેલી આગાહીઓને અને ભાવિ-દર્શનોને — ભલેને ગમે તેટલી વિશાળતાથી તેમણે સમગ્ર સામગ્રી તપાસી હોય અને ગમે તેટલી સાવચેતીથી શક્ય પરિણામોની ગણતરી કરી હોય તેમ છતાં — ભાવિના બનાવો હમેશાં મૂંઝવતા અને ખોટા પાડતા રહ્યા છે. પ્રાણ અને મન એ, આત્મ-તત્ત્વ અને જડતત્ત્વની વચ્ચમાં આવેલી સંભવિતતાઓનો એક સતત પ્રવાહ છે; અને પ્રત્યેક પગલે, અનંત નહિ તોપણ અનિશ્ચિત એવી અનેક સંભવિતતાઓને તે વચ્ચમાં ઊભી કરે છે; અને બધી તર્ક-બદ્ધ ગણતરીઓને અનિશ્ચિત અને સાપેક્ષ બનાવવા માટે આટલું ય પૂરતું છે. તોપણ તેમાં ય વધારો કરનારું એક એવું જબ્બરજસ્ત કારણ લગામ હાથમાં લઈને બેઠેલું છે કે જેને માનવ-મન માપી શકે તેમ નથી. એ છે : અંતરઆત્માનો અને ગુપ્ત આત્માનો સંકલ્પ; આમાંનો પહેલો હોય છે અનિયત પરિવર્તનો કરનારો, તરલ અને પકડમાં નહિ આવનારો, તો બીજો હોય છે અનંત, અને અજ્ઞેય રીતે અટલ, અને જો તેને કોઈ પણ બંધન હોય જ તો તે હોય છે માત્ર પોતાનું જ અને અનંત પુરુષના સંકલ્પનું જ એટલે, સપાટી પરના ભૌતિક મનમાંથી પાછા હઠી ચૈત્યસિક અને આધ્યાત્મિક ચેતનામાં જવાથી જ ત્રિકાળ-દર્શન અને ત્રિકાળ-જ્ઞાન મળી શકે તેમ છે અને ક્ષણિક દૃષ્ટિ-બિંદુ અને દૃષ્ટિ-મર્યાદાની સીમાને પેલે પાર પૂરેપૂરા ચાલ્યા જવાનું શક્ય બની શકે છે.

પણ તે પહેલાં પણ, આંતરિક ચેતનામાંથી બાહ્ય ચેતનામાં ખૂલતાં એવાં કેટલાંક બારણાં હાથ લાગી શકે તેમ છે કે જેની દ્વારા ભૂતકાળનાં

પ્રત્યક્ષ પશ્ચાત-દર્શન, વર્તમાનના વ્યાપક-દર્શન અને ભાવિનાં પુરો-દર્શન પામવાની શક્તિ અવારનવાર, પણ અપૂરતા પ્રમાણમાં, ખુદ ભૌતિક મનની અંદર (ઓછામાં ઓછી એક સંભાવના તરીકે તો) શક્ય બને જ છે. શરૂઆતમાં મનોમય ઇન્દ્રિય અને પ્રાણમય ચેતના આ જાતની કેટલીક ક્રિયાઓ શરૂ કરે છે (આમાંનો એક પ્રકાર કે જે આપણી બોધનામય સમજને સૌથી વધારે સ્પર્શી ગએલ છે તેને પૂર્વ-બોધ કે શુકન-સૂઝ તરીકે ઓળખી શકાય); આ ક્રિયાઓ એટલે ઇન્દ્રિય-વશ મન અને પ્રાણમય સત્તાની અંધ-પ્રેરણામય બોધનાઓ અને અસ્પષ્ટ સ્ફુરણાઓ અને. માનવમાં રહેલી બધી જ અંધ-પ્રેરણાઓની જેમ આ શક્તિઓને પણ મનોમય બુદ્ધિની જથ્થાબંધ ક્રિયાઓ વડે દબાવી દેવામાં આવી છે, વિરલ બનાવી દેવામાં આવી છે કે ભરોસા-પાત્ર નથી એમ ગણીને ઊતારી પાડવામાં આવી છે. જો આ શક્તિઓને છૂટથી સક્રિય થવા દેવામાં આવે તો તેમનો વિકાસ થઈ શકે તેમ છે અને, સામાન્ય સમજ-શક્તિ અને ઇન્દ્રિયોને હાથ નથી લાગતી એવી ઘણી સામગ્રી તેઓ પૂરી પાડી શકે તેમ છે. પણ તેમ છતાં, જ્યાં સુધી તેમાંના અંધકાર-ભર્યા ઓછાયાઓને એક એવો પ્રકાશ કે જે સામાન્ય કક્ષાની બુદ્ધિ આપી શકે તેમ નથી પણ ઊર્ધ્વ અંતર્જ્ઞાન પૂરો પાડી શકે તેમ છે તેવા પ્રકાશ વડે અજવાળવામાં ના આવે ત્યાં સુધી તેઓ એકલી પોતે જ પૂરેપૂરાં ઉપયોગી કે વિશ્વાસ-પાત્ર સૂચનો બની શકે તેમ નથી. એટલે આ સ્ફુરણાત્મક જ્ઞાન કે અંતર્જ્ઞાન એ આપણને મળી શકે તેવું, બીજું, અને વધારે અગત્યનું સંભવિત સાધન છે; અને મન અને પ્રાણના મુશ્કેલી-ભર્યા પ્રદેશમાં આ અંતર્જ્ઞાન આપણને પ્રકાશ-ઝબકારા અને માર્ગ-દર્શન આપી શકે તેમ છે અને હકીકતમાં તો, અવારનવાર આપે પણ છે. પણ આપણી હાલની મનોદશામાં ઊતરીને સક્રિય થવા જતાં તે જે અગવડોનો ભોગ થવું પડે છે તે છે: ક્રિયાઓની અનિશ્ચિતતા; વ્યાપારોની અપૂર્ણતા, કલ્પનાની અને ભૂલ ભરેલી મનોમય નિર્ણય-શક્તિની મિથ્યા અને અનુકરણ કરતી પ્રવૃત્તિઓનો અંધારપટ; તથા, હમેશાં ભૂલનો ભોગ થયા કરતાં મનની સામાન્ય સક્રિયતાનો સતત કાબૂ, કુ-મિશ્રણ અને કુરૂપતા. ઊર્ધ્વ અને પ્રકાશપૂર્ણ બુદ્ધિની સક્રિયતા માટેની આપણામાં જે સંભવિતતા છે તેને વ્યાપક અને સુસ્થાપિત કરવા માટે, આ ત્રુટિઓમાંથી મુક્ત બનેલ, સંગઠિત, સ્ફુરણાત્મક મનની રચના કરવાનું ખૂબ જરૂરી છે.

બુદ્ધિની અસમર્થતાને પનારે પડેલો છતાં ભાવિનાં જ્ઞાનની ભૂખવાળો માનવી આ સ્ફુરણાત્મક મનને બદલે બીજાં અને બાહ્ય સાધનો જેવાં કે

શુકન-શાસ્ત્ર, ભાગ્ય-લેખ, સ્વપ્ન-દર્શન, ફળ-જ્યોતિષ તથા ભૂત અને ભાવિની જાણ કરવાનો દાવો કરતી બીજી અનેક વિદ્યાઓ કે જેમને ઓછા સંશયવાદી જમાનામાં સત્ય-દર્શક વિદ્યાઓ તરીકે શાસ્ત્ર-બદ્ધ કરવામાં આવી હતી, તેમના તરફ ઢસડાઈ ગયો છે આજની સંશયવાદી બુદ્ધિએ તેમને પડકાર કરેલો છે અને ઉતારી પાડી પણ છે; તેમ છતાં હજી પણ આ વિદ્યાઓ આપણા મનને લલચાવી અને પકડી રાખવામાં સફળ નીવડી છે, અને ટકી પણ રહી છે; કારણકે આપણી કામનાઓ, અંધશ્રદ્ધા અને વહેમીપણાનો તો તેમને ટેકો મળેલો છે જ પણ તેમના દાવાઓમાં કાંઈક સત્ય પણ છે જ એની આપણને અવારનવાર, જોકે અધૂરી, સાબિતી પણ મળતી રહી છે. ઊંચી કક્ષાનું ચૈત્યસિક જ્ઞાન આપણને દેખાડી આપે છે કે હકીકતમાં તો દુનિયા કેટલીય જાતના સુમેળો અને સંકેતોથી ભરેલી છે; અને માનવ-બુદ્ધિ આ બધાનો મન-માન્યો દુરુપયોગ કરે છે એ સાચું, પણ જો તેમને તેમનાં યોગ્ય સ્થાને અને સાચી શરતો અનુસાર કામમાં લેવામાં આવે તો અતિ-ભૌતિક જ્ઞાનની સાચી સામગ્રી તે આપી શકે તેમ પણ છે. તેમ છતાં એટલું તો સ્પષ્ટ જ છે કે તેમને શોધવાનું અને સૂત્ર-બદ્ધ કરવાનું કામ માત્ર સ્ફુરણાત્મક સહજ-જ્ઞાન જ કરી શકે તેમ છે (અને ઉપર જણાવેલ સત્ય-દર્શક વિદ્યાઓને અસલમાં, ચૈત્યસિક અને સ્ફુરણાત્મક મને જ શોધી અને શાસ્ત્રબદ્ધ કરી હતી એ હકીકત છે); અને આ વિદ્યાઓને અજમાવવા જતાં એ પણ સમજાય છે કે આ બધા સંકેતોને સાચી રીતે લાગુ પાડવાનું કામ કોઈ રૂઢ કે લે-ભાગુ શાસ્ત્રાર્થો કે યંત્રવત્ નિયમો અને ગણતરીઓ કરી શકતી નથી,— એ કામ તો સ્ફુરણાત્મક સહજ-જ્ઞાન જ કરી શકે તેમ છે. સપાટી પર ફરતી બુદ્ધિ વડે તેમનો પ્રયોગ કરવા જતાં તેઓ ભૂલોનું ગીચ જંગલ બની જાય એવો પૂરો સંભવ છે.

ભૂત, ભાવિ અને વર્તમાનનાં પ્રત્યક્ષ જ્ઞાન અને દર્શનની શરૂઆત થાય છે ચૈત્યસિક ચેતના અને ચૈત્યસિક શક્તિઓના ખૂલવાથી. ચૈત્યસિક ચેતના એટલે હાલમાં આપણે જેને ઘણી વાર પ્રચ્છન્ન આંતર-જાત કહીએ છીએ અને ભારતીય ચિત્તશાસ્ત્રમાં જેને સૂક્ષ્મ-પુરુષ કે સ્વપ્ન-પુરુષ કહેવામાં આવ્યો છે તેની ચેતના; અને તેનો સંભવિત જ્ઞાન-પ્રદેશ કે જે લગભગ અનંત છે એમ આપણે ગયા પ્રકરણમાં કહી ગયા, તેમાં ભૂત, ભાવિ અને વર્તમાનની સઘળી શક્યતાઓનો તેમ જ નિશ્ચિત વાસ્તવિકતાઓનો, એ બંને માટેની આંતર્દૃષ્ટિની ઘણી વિશાળ શક્તિનો અને ઘણાં સ્વરૂપોનો સમાવેશ થાય છે. તેમાંની પહેલી કાર્ય-શક્તિ કે જે ખૂબ જલદી આપણું

ધ્યાન ખેંચે છે તે છે : ચૈત્યસિક ઇન્દ્રિય વડે સ્થળ અને કાળમાંનાં સર્વે પદાર્થોનાં પ્રતિમા–સ્વરૂપોને જોવાની શક્તિ. સૂક્ષ્મ-દર્શનો કે અતીન્દ્રિય-દર્શનો કરનારા કે માધ્યમ તરીકે વર્તનારા અને એવા અન્ય લોકો આ શક્તિનો જે પ્રકાર ઘણી વાર (હકીકતમાં તો સામાન્ય રીતે) ઉપયોગ કરે છે તે છે એક મર્યાદિત રીતે — જોકે મોટે ભાગે ખૂબ ચોક્કસ અને સાચી રીતે — કામ કરતી એક વિશિષ્ટ કાર્ય-શક્તિ; આ શક્તિમાં અંતરાત્મા, આધ્યાત્મિક જાત કે ઊર્ધ્વ ચેતનાનો વિકાસ હોય જ એમ નથી. એ એક એવું બારણું છે કે જે આકસ્મિક રીતે જ, કે કોઈ કુદરતી બક્ષિસને લીધે, અથવા કોઈક જાતનું દબાણ મૂકવાથી, જાગ્રત મન અને પ્રચ્છન્ન મનની વચમાંથી ખૂલી જાય છે અને જે આપણને પ્રચ્છન્ન મનની માત્ર સપાટી પર જ, કે કિનારી પરના પ્રદેશો સુધી જ લઈ જાય છે. ગુપ્ત રહેલા વિશ્વ-વ્યાપી મનની અમુક શક્તિ અને કાર્ય વડે સર્વે પદાર્થો પ્રતિમા–સ્વરૂપે રજૂ કરવામાં આવે છે (આ પ્રતિમાઓ માત્ર દૃશ્ય પ્રતિમાઓ જ નથી હોતી પણ — જો જરા નવા શબ્દોમાં કહીએ તો — શ્રાવ્ય-પ્રતિમાઓ, એટલે કે સંભળાય એવી પ્રતિમાઓ અને તેવી જ બીજી રીતની પ્રતિમાઓ પણ હોય છે); અને જો સૂક્ષ્મ કે ચૈત્યસિક ઇન્દ્રિયોનો અમુક જાતનો વિકાસ કરવામાં આવે તો (અને જો પોતાની ઇમારતો ઊભી કરતું મન કે તેની કલ્પનાઓ વચમાં દખલ ના કરે એટલે કે કૃત્રિમ પ્રતિમાઓ, કે અસત્ય ઊભી કરી દેતી મનોમય પ્રતિમાઓ, વચ્ચે ટપકી ના પડે, અને જો ચૈત્યસિક ઇન્દ્રિયો મુક્ત, સચ્ચાઈ-ભરી અને નિષ્ક્રિય રીતે ગ્રહણશીલ રહી શકે તો) આ નિરૂપણો અને પ્રતિરૂપોને અણિશુદ્ધ ચોકસાઈથી ગ્રહણ કરવાનું શક્ય બને છે; તેમ જ ભૌતિક ઇન્દ્રિયોથી અગમ્ય રહેતા વર્તમાનની તથા ભૂત અને ભાવિની પણ ભવિષ્યવાણી કરવાના કરતાં વધારે તો તેમનાં યથાતથ પ્રતિમા–સ્વરૂપો જોવાનું પણ શક્ય બને છે. આ જાતનાં દર્શનોની ચોકસાઈનો આધાર, આપણે તેમનું માત્ર વર્ણન કરવા પૂરતા જ કેટલેક અંશે મક્કમ રહીએ છીએ તેની ઉપર રહે છે; તેના પરથી કોઈ અનુમાન કરવાનો, અર્થ તારવવાનો કે દર્શન-જ્ઞાનના કરતાં કાંઈક વધારે પડતું કરી નાખવાનો પ્રયત્ન કરવા જતાં ખૂબ ભૂલો ઊભી થઈ જવાનો સંભવ રહે છે, — સિવાય કે, તેની સાથે સાથે, બારીક સૂક્ષ્મ અને શુદ્ધ એવી કોઈક મજબૂત અંતઃસ્ફુરણા હાજર હોય, અથવા પ્રકાશમય, અંતર્જ્ઞાનાત્મક બુદ્ધિનો ખૂબ ઊંચી કક્ષાનો વિકાસ થએલો હોય.

ચૈત્યસિક ચેતના વધારે સંપૂર્ણ રીતે ખૂલે તો તે આપણને. પ્રતિમા–

સ્વરૂપો દ્વારા થતાં આ દર્શનોને પેલે પાર ઘણે દૂર સુધી લઈ જઈ શકે છે; અને એક નવી જ કાલ–ચેતનામાં તો નહિ પણ ત્રિકાળ–જ્ઞાનની અનેકવિધ પદ્ધતિઓમાં તો જરૂર પ્રવેશ કરાવી શકે છે. પ્રચ્છન્ન આંતર–જાત કે ચૈત્ય–પુરુષ ચેતનાની અને અનુભવોની વીતી ગએલી અવસ્થાઓને પાછી આણી શકે છે અથવા પોતાને તેમાં લંબાવી શકે છે; અને ચેતનાની અને અનુ-ભવોની ભાવિ અવસ્થાઓને આગોતરી જાણી શકે છે. અને પોતાને તેમાં પ્રબળતાપૂર્વક ખુદ પ્રસારી પણ શકે છે, — જોકે આ બીજી બાબત બહુ ઓછી બને છે—. આમ કરવા માટે તે, ભૂત અને ભાવિનાં સ્થાયી સ્વરૂપો અથવા તેમનાં નિરૂપણો (કે જેમને આપણી મનોમયતાની પાછળ, સનાતન કાળ–ચેતનામાં સાચવી રાખવામાં આવેલાં હોય છે અથવા જેમને અતિ-મનસની સનાતનતાએ કાલ–દર્શનની એક અવિભાજ્ય સળંગતામાં ઉછાળી આપેલાં હોય છે) તેમનામાં કામચલાઉ પ્રવેશ કરે છે અથવા પોતાની સત્તાને કે જ્ઞાનનો અનુભવ કરવાના પોતાના સામર્થ્યને તેમની સાથે તદ્રૂપ કરે છે. અથવા એમ પણ બને કે તે આ વસ્તુઓની છાપ મેળવે છે અને પછી ચૈત્યસિક સત્તાના સૂક્ષ્મ આકાશમાં તેમના પ્રતિ–આલેખન-શા અનુભવો ઊભા કરે છે. અથવા એમ પણ બને કે અવ–ચેતન સ્મૃતિ-પ્રદેશમાં સદાય સુષુપ્ત–દશામાં રહેતા ભૂતકાળને તે ઉપર બોલાવી લાવે અને તેને પોતાનામાં એક જીવંત આકાર તથા એક પ્રકારનું નવું, સ્મારક–શું અસ્તિત્વ આપે; અને એ જ પ્રમાણે તે ભવિષ્યને પણ, તે જ્યાં સાકાર અસ્તિત્વ ધારણ કરીને સુષુપ્તતાનાં ઊંડાણોમાં પડેલું હોય છે ત્યાંથી બહાર બોલાવી લાવે અને પેલી જ રીતે તેને પોતાનામાં સાકાર બનાવે અને તેનો અનુભવ કરે. તે એક જાતનાં ચૈત્યસિક વિચારદર્શન દ્વારા કે આત્માનાં અંતર્જ્ઞાન દ્વારા (પ્રકાશમય સ્ફુરણાત્મક–બુદ્ધિનું સૂક્ષ્મ અને ઓછું નક્કર, વિચાર–દર્શન તે આ જ દર્શન અને અંતર્જ્ઞાન નથી) ભાવિનું પૂર્વ–દર્શન કે પૂર્વ–જ્ઞાન મેળવી શકે છે, અથવા, પડદા પાછળ ચાલ્યા ગએલા ભૂત-કાળમાં આત્માના આ અંતર્જ્ઞાનને ચમકાવી શકે છે અને વર્તમાન–જ્ઞાન માટે તેને ઉઠાવી લાવી શકે છે. એવી શક્તિઓ અને ગૂઢાર્થો કે જે અતિ–ભૌતિક પ્રદેશનાં હોવા છતાં ભૌતિક વિશ્વમાં સર્જન પામી શકે તેટલાં સમર્થ હોય છે તેમનાં દર્શન દ્વારા ભૂત અને ભાવિને બહાર આણી શકે તેવી એક પ્રતિકાત્મક દૃષ્ટિ પણ તે વિકસાવી શકે છે. તે ભગવાનના ઇરાદાને, દેવોના મનને, તથા આત્મા ઉપર ઊતરી આવતી અને પરિબળોના અટપટા પ્રવાહનું નિર્માણ કરતી સર્વે બાબતોનો અને તેમના સંકેતો અને સૂચનોનો પણ

અનુભવ કરી શકે છે. આપણા જીવન સાથે નિસ્બત ધરાવતાં, મનોમય, પ્રાણમય અને અન્ય વિશ્વોનાં સત્ત્વોની હાજરી અને કાર્યને તે જેવી રીતે અનુભવી શકે છે તેવી જ રીતે તેમના દબાણનું પ્રતિનિધિત્વ ધરાવતી કે તેમને પ્રત્યુત્તર આપતી શક્તિઓની ગતિઓને પણ તે અનુભવી શકે છે. તે ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળની બધી જ ઘટનાઓના દરેક પ્રકારના ઉલ્લેખોને બધી જ રીતે ભેગા કરે છે. ભૂતકાળના સમસ્ત ઇતિહાસની નોંધ રાખતી, વર્તમાનમાં બની રહેલી સર્વ બાબતોનું અનુલેખન કરતી અને ભાવિને પણ લખી કાઢતી "આકાશલિપિ"ને પણ પોતાની દૃષ્ટિ સમક્ષ ખડી કરી શકે છે.

આ બધી અને તે સિવાયની પણ બીજી કેટકેટલી ય શક્તિઓ પ્રચ્છન્ન આંતર-જાતમાં છુપાએલી પડી છે અને ચૈત્યસિક ચેતના જાગ્રત થતાં તે બધીને બહાર સપાટી પર પણ લાવી શકાય છે. આપણા ગત જન્મોનું— શું આપણી ગત આત્મ-અવસ્થાઓનું કે વ્યક્તિત્વોનું કે દૃશ્યોનું કે પ્રસંગોનું કે શું બીજાઓ સાથેના સંબંધોનું—, બીજાઓના ગત જન્મોનું, દુનિયાના ભૂતકાળનું અને ભવિષ્યનું, વર્તમાન વસ્તુઓ, કે જે આપણી ભૌતિક ઇન્દ્રિયોના ક્ષેત્રની બહાર હોય કે આપણી સપાટી પરની બુદ્ધિને હાથ લાગેલાં જ્ઞાન-પ્રાપ્તિનાં સાધનોથી કે સ્ફુરણાઓથી પહોંચાય તેમ ના હોય તેમનું, માત્ર ભૌતિક પદાર્થોના સંસ્કારો જ નહિ પણ આપણાં તેમ જ બીજાઓનાં મન અને જીવન અને આત્માની ભૂત, વર્તમાન અને ભાવિ કાર્યવાહીઓનું માત્ર આ દુનિયાનું જ નહિ પણ બીજી દુનિયાઓ કે ચેતના-પ્રદેશોનું અને તેમના કાલગત આવિર્ભાવોનું તેમ જ તેમની આ પૃથ્વી પર અને ત્યાંના દેહધારી આત્માઓ પર અને તેમનાં ભાવિ નિર્માણો પર થતી દરમિયાન-ગીરીઓનું અને કાર્યપ્રવાહનું અને પરિણામોનું પણ, એમ એ સર્વે બાબતોનું જ્ઞાન આપણા ચૈત્યપુરુષની સન્મુખ ખુલ્લું પડેલું હોય છે; કારણકે તે વિશ્વમય પુરુષના સંદેશાઓને અડોઅડ રહે છે; તેમ જ એ નથી હોતો એકમાત્ર, કે મુખ્યત્વે, તાત્કાલિક બાબતોમાં જ રોકાએલો કે નથી હોતો નર્યા અંગત અને શારીરિક અનુભવોનાં સાંકડાં કૂંડાળાંમાં બંધાએલો.

તો, સાથે સાથે, તેની આ શક્તિઓમાં ખામી એ છે કે તેઓ ગૂંચવાડા અને ભૂલોથી જરા પણ મુક્ત નથી હોતી; અને તેમાં ય ખાસ કરીને ચૈત્યસિક ચેતનાના નિમ્ન પ્રદેશો અને બાહ્ય ક્રિયાઓ, એ તો જોખમ ભરેલા પ્રભાવોને, પ્રબળ ભ્રમણાઓને તથા ખોટે રસ્તે દોરી જતાં, વિકૃત કરતાં અને બેડોળ બનાવતાં સૂચનો અને પ્રતિબિંબોને આધીન હોય છે; વિશુદ્ધ બનેલ મન અને પ્રાણ તથા સમર્થ અને સૂક્ષ્મ ચૈત્યસિક અંતર્જ્ઞાન એ બન્ને;

વિકૃતિઓ અને ભૂલોમાંથી રક્ષણ આપવામાં ખૂબ સહાય કરી શકે ખરાં; તેમ છતાં, જ્યાં સુધી ચૈત્ય-શક્તિ પોતાના કરતાં પણ વધારે ઉચ્ચ એવી કોઈક શક્તિ વડે આલોકિત અને ઉન્નત ના બને, તથા પ્રકાશમય, અંતર્જ્ઞાનાત્મક મનનો સ્પર્શ અને શક્તિ ના મેળવે, તેમ જ એ મન પોતે પણ જ્યાં સુધી આત્માની અતિમાનસિક શક્તિ પ્રત્યે આરોહણ ના કરે ત્યાં સુધી ખુદ સર્વોચ્ચ વિકાસ સાધેલ ચૈત્યસિક ચેતના પણ સો ટકા સલામત બની શકતી નથી. ચૈત્યસિક ચેતનાને કાલ-જ્ઞાન આત્માની અવિભાજ્ય સતતતા-માંથી મળતું નથી અને તેને દોરવણી આપવા માટે એક પૂરેપૂરી અંતર્જ્ઞાનાત્મક વિવેક-શક્તિ કે ઊર્ધ્વ ઋત-ચેતનાનો શુદ્ધ પ્રકાશ પણ મળતો નથી હોતો. તે પણ, મનની જ માફક, માત્ર આંશિક અને વિગત માટેનો કાલ-બોધ જ મેળવી શકે છે, દરેક જાતનાં સૂચનો તેમાં ઘૂસી આવી શકે છે અને તેનાં પરિણામે જો તેનો સત્ય-પ્રદેશ વધારે વિશાળ બને છે તો ભૂલો દાખલ થવાનાં બારણાં પણ ઘણાં વધી પડે છે. અને ભૂતકાળમાંથી તેની સમક્ષ જે આવી ચડે છે તે, માત્ર જે કાંઈ હતું તે જ નહિ પણ જે થયું હોત અથવા જેણે થવા માટે પ્રયત્ન કરેલો અને નિષ્ફળ ગયેલું તે બધું પણ હોય છે, અને વર્તમાનમાંથી તેની ઉપર જે કાંઈ ધસી આવે છે તે, માત્ર જે કાંઈ "છે" તે જ નહિ પણ જે થાય પણ ખરું અને જેને થવું પણ હોય છે તે પણ હોય છે; અને ભાવિમાંથી તેની પાસે જે આવી ચડે છે તે, માત્ર જે કાંઈ થવાનું હોય છે તે જ નહિ પણ દરેક જાતનાં સૂચનો, સ્ફુરણાઓ, દર્શનો અને પ્રતિમા-સ્વરૂપો કે જેમનો માત્ર સંભવ જ હોય છે તે પણ હોય છે. અને વળી વધારામાં ચૈત્યસિક અનુભૂતિઓમાં રજૂ થતી વસ્તુઓનાં સત્યની અંદર મનોમય રચનાઓ અને માનસિક પ્રતિમાઓ માથું મારી જાય એવી સંભવિતતા પણ ઊભી જ હોય છે.

પ્રચ્છન્ન આંતર-જાતના જે સંદેશાઓ બહાર સપાટી પર આવે તેમનું અને ચૈત્યસિક ચેતનાની ક્રિયાઓનું વલણ, જે અજ્ઞાન-મય મનથી આપણે શરૂઆત કરીએ છીએ તેને વધારે ને વધારે — જોકે સંપૂર્ણપણે તો નહિ જ — આત્મ-વિસ્મૃતિવાળા જ્ઞાનના મન તરીકે બદલવાનું હોય છે; આવું મન જે રોશની સદાય પામ્યા કરતું હોય છે તે રોશની હોય છે : અંતરાત્મામાંથી આવતા સંદેશાઓ અને છાળોની રોશની તેમ જ એવાં કિરણોની રોશની કે જે આવતાં હોય છે એક તો, પોતાનાં સમગ્ર સ્વરૂપ અને અનંત દ્રવ્યની હજી સુધી છૂપી પડેલી સભાનતામાંથી અને, તેની અંદર અનંત આત્માએ મૂકી આપેલાં, ભૂત, ભાવિ અને વર્તમાનનાં અંતર્ગત અને

સ્થાયી (છતાં છૂપાં) જ્ઞાનની સભાનતામાંથી. (આ જ સભાનતા અહીં એક સ્મૃતિ તરીકે, યાદ આવતી કોઈ વસ્તુ તરીકે કે બહાર લઈ આવવાની કોઈક ક્રિયા તરીકે રજૂ થતી હોય છે.) પણ આપણે દેહધારી બન્યા હોવાથી તેમ જ શારીરિક ચેતના પર સ્થપાએલા હોવાથી, અજ્ઞાનમય મન અવરોધ કરતા સંયોગો તરીકે દખલગીરી કરતી* શક્તિ તરીકે અને એક એવી આદત-ભરી તાકાત તરીકે ચોંટી રહે છે કે જે નવા સ્યાતા મનને રોકે છે, કે તેમાં સેળભેળ થાય છે, અથવા, જ્યારે વિશાળ પ્રકાશ-પુંજ આવી ચડે ત્યારે, એક વાડ કે દીવાલ તરીકે અને સાથે સાથે એક કઠણ સ્તર તરીકે અડગ અવરોધ બની રહે છે અને પોતાની અન-આવડતોને અને ભૂલોને તેની ઉપર લાધ્યા જ કરે છે. અને તેના આ હઠાગ્રહમાંથી મુક્ત થવા માટેની પહેલી જરૂર એ જણાશે કે પ્રકાશમય અંતર્જ્ઞાનાત્મક બુદ્ધિ કે જે, કાળનાં અને તેની ઘટનાઓનાં સત્યને તેમ જ બીજાં સત્યોને પણ અંતર્જ્ઞાન-ભર્યા વિચાર અને ઇન્દ્રિય અને દૃષ્ટિ વડે જુએ છે અને પોતાના સહજાત વિવેક-પ્રકાશ વડે ભૂલ-ભ્રાંતિઓની ઘૂસણખોરીને પકડી પાડે છે અને બહાર ફેંકી દે છે, તેના સામર્થ્યને વિકસાવવું.

બધું જ અંતર્જ્ઞાન વધારે કે ઓછી પ્રત્યક્ષ રીતે, મનમાં પ્રવેશ કરતા, આત્મ-સજાગ આત્માના પ્રકાશમાંથી આવે છે; આ આત્મા મનની પાછળ છુપાએલો હોય છે તથા પોતાની અંદર તેમ જ પોતાની જ બીજી બધી જાતોમાં પણ, જે હોય છે તે બધાં વિશે સચેતન હોય છે; તે સર્વજ્ઞ હોય છે અને પોતાની એ સર્વજ્ઞતાના કોઈક વિરલ કે સતત ઝબકારાઓ વડે કે પછી તેના એક સ્થાયી પ્રવાહ વડે તે અજ્ઞાનમય મનને તેમ જ આત્મ-વિસ્મૃતિવાળા મનને પણ પ્રકાશિત કરવા સમર્થ હોય છે. તે જેના વિશે સચેતન હોય છે તે "બધાં"માં એ બધું જ આવી જાય છે કે જે કાળમાં હયાત હતું, છે અને હવે પછી હયાત થશે; અને તેની એ સર્વજ્ઞતા એ, ન તો આપણા મને ઊભા કરેલા, ત્રિ-કાળરૂપ ભાગલાઓ વડે કે ન તો તેના એવા ખ્યાલ અને અનુભવ વડે સીમિત, કુંઠિત કે મૂઢ બનેલા હોય છે કે જેને હિસાબે ભૂતકાળ મરી ચૂકેલો, અસ્તિત્વમાંથી ચાલ્યો ગએલો અને ઓછી યાદવાળો કે સમૂળગો ભુલાઈ ગએલો હોય છે અને ભવિષ્યકાળ હજી સુધી અસ્તિત્વમાં નહિ આવેલો અને તેથી જાણી ના શકાય તેવો હોય છે—; અલબત્ત, આવા ખ્યાલ અને અનુભવ એ અજ્ઞાનમય મન માટે અનિવાર્ય હોય છે —. આમ હોવાથી અંતર્જ્ઞાનાત્મક મનના – વિકાસથી એક એવા કાળજ્ઞાનની શક્તિ આવી મળે તેમ છે કે જે બાહ્ય નિશાનીઓને

આભારી નથી હોતું પણ પદાર્થોના વિશ્વવ્યાપી આત્મામાંથી, ભૂતકાળનાં તેનાં સનાતન સ્મરણમાંથી, વર્તમાન વસ્તુઓના તેના અસીમ ભંડારમાંથી તથા ભવિષ્યના તેના પુરો-દર્શનમાંથી અથવા, જેને વિરોધાભાસી – છતાં સૂચક – શબ્દોમાં "ભવિષ્યનું સ્મરણ" કહેવામાં આવે છે તેમાંથી આવતું હોય છે. પરંતુ આ જ્ઞાનશક્તિ શરૂઆતમાં તૂટક તૂટક અને અનિશ્ચિત રીતે કાર્ય કરે છે – કોઈ સુવ્યવસ્થિત રીતે નહિ. આ સ્ફુરણાત્મક જ્ઞાનની પ્રબળતા જેમ જેમ વધતી જાય છે તેમ તેમ આ જ્ઞાનશક્તિના ઉપયોગ પર પ્રભુત્વ મેળવવાનું અને તેની સક્રિયતાને અને વિવિધ ગતિઓને નિયંત્રિત કરવાનું વધારે ને વધારે સંભવિત થતું જાય છે. ત્રણે ય કાળમાંના પદાર્થોની સામગ્રી પર તથા તેમના મુખ્ય કે ઝીણવટભર્યા જ્ઞાન પર શાસન કરવાની હસ્તગત કરેલી શક્તિને સુસ્થાપિત પણ કરી શકાય છે; તેમ છતાં હજી તે એક વિશિષ્ટ કે અસાધારણ શક્તિ તરીકે જ સાકાર થાય છે, અને મનની સાધારણ ક્રિયાઓ, અથવા તો તેમનો બહુ મોટો ભાગ, અજ્ઞાનમય મનને જ આધીન રહે છે. એ તો દેખીતું જ છે કે આ એક અપૂર્ણતા છે, મર્યાદા છે; અને જ્યારે, સંપૂર્ણપણે અંતર્જ્ઞાનાત્મક બનેલા મનની એક સહજ અને સાધારણ ક્રિયા તરીકે ત્રિકાળ-જ્ઞાન-શક્તિ સ્થાપિત થાય ત્યારે જ, મનોમય પુરુષની મર્યાદાઓમાં શક્ય તેટલી પરિપૂર્ણતા તેને પ્રાપ્ત કરી ગણાય.

બુદ્ધિની સામાન્ય ક્રિયાઓને ક્રમે ક્રમે બહાર ફેંકી દઈને, અંતર્જ્ઞાનાત્મક પુરુષ પર સંપૂર્ણ અને સર્વવ્યાપી આધાર રાખતાં શીખીને, તથા તેનાં પરિણામે મનોમય જગતનાં સર્વે અંગોને અંતર્જ્ઞાનાત્મક બનાવીને જ અજ્ઞાનમય મનને સ્થાને આત્મ-ગત જ્ઞાનમય મનને વધારે સફળતાથી — જોકે હજી પૂરેપૂરી સફળતાથી તો નહિ જ — સ્થાપી શકાય છે. પણ જરૂરી તો એ છે — ખાસ કરીને આવાં જ્ઞાન માટે — કે અજ્ઞાનમય મનના પાયા ઉપર મનોમય રચનાઓ કરવાનું બંધ કરવું. સામાન્ય મન અને અંતર્જ્ઞાનાત્મક મન એ બે વચ્ચે તફાવત એ છે કે સામાન્ય મન અંધકારમાં જ રહીને કે, બહુ બહુ તો, પોતાની જ મશાલના ડગુમગુ પ્રકાશના જોરે ખોળંખોળા કરતી હોવાથી, પહેલાં તો, એવા પ્રકાશમાં વસ્તુઓ જેવી દેખાય તેવી જ જોઈ શકે છે અને, બીજું, જ્યાં તેને કાંઈ ખબર નથી પડતી ત્યાં તે કલ્પના વડે, અનિશ્ચિત અનુમાનો વડે અને પોતાના એવા જ બીજા સહાયકો દ્વારા કામચલાઉ રચનાઓ ઊભી કરી દે છે અને તેમને જ સત્ય તરીકે એકદમ બેસાડી દે છે; એટલે કે, પડદા પરનાં પ્રતિબિંબો, વાદળિયા મહેલો, અવાસ્તવિક વિસ્તારો, ભ્રામક આશા-ગૃહો, સંભવિતતાઓ અને શક્યતાઓ એ બધાં તેને પાકી નિશ્ચિતતા-

ઓ તરીકે કામ આપે છે. અંત ર્જ્ઞાનાત્મક મન આવી કૃત્રિમ રીતે એક પણ રચના ઊભું કરતું નથી પણ પ્રકાશનું ગ્રાહક માત્ર બની રહે છે, પોતાનામાં સત્યને પ્રગટ થવા દે છે અને તેને જ તેની રચનાઓ પાર પાડવા દે છે. પણ જ્યાં સુધી આપણામાં આ બંને જાતની મિશ્ર ક્રિયાઓ ચાલતી રહે અને મનોમય રચનાઓ અને કલ્પનાઓને સક્રિય રહેવા દેવામાં આવે ત્યાં સુધી ઊર્ધ્વ પ્રકાશ પ્રત્યેની, સત્ય-પ્રકાશ પ્રત્યેની, અંતર્જ્ઞાનાત્મક મનની આ ગ્રહણ શીલતા ન તો સંપૂર્ણ બની શકે છે કે ન તો પાકે પાયે પ્રભુત્વ જમાવી શકે છે; અને તેથી ત્રિકાળ જ્ઞાનનું મજબૂત તંત્ર પણ ઊભું થઈ શકતું નથી. પ્રકાશનો ઝળહળાટ પામેલું મન કેટલીક વાર જેના વડે દીપી ઊઠે છે તેવી કાલ-દૃષ્ટિ. એટલે કે એકસાથે પાછળ આજુબાજુ અને આગળ જોવાની શક્તિ, બીજી શક્તિઓની માફક, માત્ર એક અસાધારણ શક્તિ જ રહે છે અને મનોવ્યાપારના તાણાવાણા-રૂપ બની શકતી નથી, એટલું જ નહિ પણ માત્ર પ્રાસંગિક અનેખૂબ જ આંશિક શક્તિરૂપે મળે છે અને ભૂલોની અણદીઠ ભેળવણીથી કે હક્ક કરી બેસતી ઘૂસણખોરીથી મલિન થઈ બેસે છે. તેનું કારણ પણ આ જ અવરોધ અને મિશ્રણ છે.

દખલરૂપ બનતી મનોમય રચનાઓ બે જાતની હોય છે: તેમાંની પહેલી, અને વધારેમાં વધારે જોરપૂર્વક વિરૂપતાઓ ઊભી કરતી રચનાઓ, એવી સંકલ્પ-શક્તિના આગ્રહોમાંથી ઊભી થાય છે કે જે જોઈ શકવાનો અને નિર્ણયો કરી શકવાનો દાવો કરે છે, જે જ્ઞાન-પ્રાપ્તિમાં દખલો ઊભી કરે છે અને જે, અંતર્જ્ઞાનને સત્ય-પ્રકાશ પ્રત્યે ગ્રહણ-શીલ, કે તેનું તટસ્થ અને શુદ્ધ વાહન બનવા નથી દેતી. અંગત સંકલ્પ-શક્તિ, પછી ભલેને એ ઊર્મિઓનું કે હૃદયની ઇચ્છાઓનું સ્વરૂપ લે કે પ્રાણની ઇચ્છાઓનું કે દૃઢ, સક્રિય સંકલ્પનું કે બુદ્ધિની સ્વ-નિર્ણિત પસંદગીઓનું સ્વરૂપ લે તે છતાં જ્યારે તેઓ તેમની સફળ રીતે જ્ઞાન ઉપર ચડી બેસવાનો અને આપણે જે કાંઈ ઇચ્છતા હોઈએ કે નક્કી કર્યું હોય તે જ પ્રમાણે વસ્તુસ્થિતિ હતી, છે કે હોવી જ જોઈએ એમ આપણી પાસે મનાવડાવી લેવાનો પ્રયત્ન કરે — અને તેઓ હમેશાં આવો સફળ યત્ન કરે જ છે — ત્યારે, તે અંગત સંકલ્પ-શક્તિ વસ્તુઓની વિરૂપતાનું એક દેખીતું ઉદ્ભવ-સ્થાન થઈ પડે છે. કારણકે તે સ્વરૂપો કાં તો યથાર્થ જ્ઞાનને કામ નથી કરવા દેતાં અથવા તો, જો યથાર્થ જ્ઞાન રજૂ થાય તોપણ તેઓ તેને ઝડપી લે છે, તેનું સ્વરૂપ મચકોડી નાખે છે અને તેને પરિણામે જે કાંઈ બેડોળ સ્વરૂપો ઊભાં થાય તેમને, સંકલ્પ-સર્જ્યાં જૂઠાણાંઓના ઢગલાને યથાર્થ ઠરાવવા માટેનો આધાર બનાવે

છે. આથી અંગત સંકલ્પોને કાં તો એક બાજુએ હડસેલી દેવા પડે અથવા તો, જ્યાં સુધી ઊર્ધ્વ, બિન-અંગત પ્રકાશ સમક્ષ તેમની સંપૂર્ણ રજૂઆત કરી ના શકાય ત્યાં સુધી તેમને તેમનાં યથા-સ્થાને રાખી મૂકીને, એ રજૂ-આત પછી જે સત્ય, મનના કરતાં પણ વધારે ઊંડાણમાંથી કે ઊર્ધ્વમાંથી બહાર આવે કે ઊતરી આવે તેના પ્રકાશમાં તેમનો સ્વીકાર કે ઇન્કાર કર-વાનો રહે. પણ અંગત સંકલ્પને આમ રોકી રાખી શકાય અને મનને સત્ય-સ્વીકાર માટે નિષ્ક્રિય રાખી શકાય તોપણ દુનિયામાં સાકાર થવા તનતોડ મહેનત કરતી તેમ જ, પોતાના સંકલ્પોના પ્રવાહમાં પોતે જ વહેતી મૂકેલી વસ્તુઓને ભૂત, ભાવિ કે વર્તમાનના સત્ય તરીકે આગળ કરતી દરેક જાતની શક્તિઓ અને સંભવિતતાઓ તેની ઉપર આક્રમણ કરવાની અને ચડી પણ બેસવાની. અને જો મન આ વેશધારી સૂચનોને તાબે થાય, તેમનાં સ્વ-નિર્ણિત મૂલ્યોને સ્વીકારી લે અને જો તેમને કાં તો બાજુ પર હડસેલી ના દે અથવા સત્ય-પ્રકાશ સમક્ષ તેમને રજૂ ના કરે તો પરિણામે સત્ય મળતું અટકી પડવાનું કે બેડોળ બની જવાનું એ નક્કી જ. સંકલ્પના તત્ત્વને પૂરેપૂરું બાકાત કરી દેવાય અને મનને ઊર્ધ્વ, પ્રકાશપૂર્ણ જ્ઞાનનું માત્ર એક મૂંગું અને નિષ્ક્રિય નોંધ-પત્રક જ બનાવી દેવાય એ પણ સંભવિત છે; અને તેમ બને તો કાળના સ્ફુરણાત્મક જ્ઞાનને ઘણી બધી યથાર્થતાપૂર્વક સ્વીકારવાનું પણ શક્ય બને છે. તેમ છતાં આપણી સમસ્ત જાતની સંપૂર્ણતા સાચવવા માટે તો, માત્ર એક નિષ્ક્રિય જ્ઞાન-પ્રાપ્તિ જ નહિ પણ સક્રિય સંકલ્પ-શક્તિ પણ અનિવાર્ય છે જ; અને તેથી વધારે વ્યાપક અને વધારે સાચો ઉપાય તો એ જ છે કે આપણી અંગત સંકલ્પ-શક્તિને સ્થાને એક એવી વિશ્વવ્યાપક સંકલ્પ-શક્તિને વધારે ને વધારે સ્થાપતા જવી કે જે, જે કાંઈ એકમાત્ર ઊર્ધ્વ પ્રકાશ — કે જેમાં સંકલ્પ અને જ્ઞાન એ બે એકરૂપ જ હોય છે — તેમાંથી આવતાં અંતર્જ્ઞાન, પ્રેરણા કે સત્યદર્શન તરીકે પાકે પાયે ના અનુભવાય તેનો જરા પણ સ્વીકાર કરતી નથી.

વચમાં આવતી મનોમય રચનાનો બીજો પ્રકાર છે મન અને બુદ્ધિની ખુદ પોતાની જ પ્રકૃતિને અંગેનો, અને કાલગ્રસ્ત બાબતો સાથેના તેના વ્યવહાર અંગેનો. આપણું મન અહીંયાં જે કાંઈ જુએ છે તે હોય છે : સાકાર બની ચૂકેલી પ્રત્યક્ષતાઓનો સરવાળો અને તેની સાથે તેનાં પુરોગામી કારણો અને સ્વાભાવિક પરિણામો, અનિશ્ચિત રહેતી સંભવિતતાઓ અને, ખ્યાલ કરી શકાય—જોકે હજી સુધી તેને તેની પાકી ખાતરી નથી હોતી—તેવું, તેમની પાછળ રહેલું, નિશ્ચિતતાઓને નક્કી કરતું "કાંઈક", કોઈક સંકલ્પ, કોઈક

નિર્માણ, કોઈક પરમ સત્તા કે જે અનેક સંભવિતતાઓમાંથી કેટલીકને કાઢી નાખે છે તો કેટલીકને અનુમતિ આપે છે તો વળી બીજી કેટલીકને ફરજ પણ પાડે છે. એટલે, તે જે રચનાઓ કરે છે તે કેટલેક અંશે, ભૂત અને વર્તમાનની ખરેખરી પ્રત્યક્ષતાઓથી બનેલી હોય છે, તો કેટલેક અંશે સંભવિતતાઓની તેણે સંકલ્પ વડે કે કલ્પના વડે અને અનુમાન વડે કરેલી પસંદગીઓથી અને સંયોજનોથી, તો વળી કેટલેક અંશે એવી નિર્ણાયક તાર્કિકતા કે પસંદગી-ભર્યા નિર્ણયો કે આગ્રહભરી સર્જન-શીલ સંકલ્પ-બુદ્ધિથી બનેલી હોય છે કે જેઓ, પોતે જે સુનિશ્ચિત સત્યને શોધવાને કે નક્કી કરવાને મહામહેનત કરી રહ્યાં છે તેને, પ્રત્યક્ષતાઓ અને સંભવિતતાઓના ઢગલામાંથી પકડી પાડવાનો પ્રયત્ન કરતા હોય છે. આ બધું કે જે મનમાં થતા વિચારો અને ક્રિયાઓને માટે અનિવાર્ય છે તે બધું, અંતર્જ્ઞાનને પોતાને એક સુદૃઢ પાયા પર સુવ્યવસ્થિત સ્વરૂપ ધારણ કરવાની તક મળે તે પહેલાં, કાં તો દૂર કરી નાખવાનું છે કે પછી તેમનું રૂપાંતર કરી નાખવાનું છે. આવું રૂપાંતર શક્ય છે; તેનું કારણ એ કે અંતર્જ્ઞાનાત્મક મનને પણ એ જ બધું કાર્ય કરવાનું છે અને એ જ બધું કાર્ય-ક્ષેત્ર આવરી લેવાનું છે, પણ, અલબત્ત, તેમાંની સામગ્રી પર જુદી રીતે કામ કરવાનું છે અને તેમના મર્માર્થ પર બીજી જ જાતનો પ્રકાશ નાખવાનો છે. અને તેમને દૂર કરી નાખવાનું પણ શક્ય એટલા માટે છે કે ઊર્ધ્વમાં રહેલી ઋત-ચેતનામાં બધું જ ખરેખર સમાએલું છે અને અજ્ઞાનમય મનની એક એવી નીરવતા તથા એક એવી ગર્ભિત ગ્રહણ-શીલતા પણ આપણી શક્તિની બહાર નથી કે જેમાં, ઋત-ચેતનામાંથી અવતરણ કરતી અંતર્જ્ઞાન-શક્તિને સૂક્ષ્મ કે સુદૃઢ ચોકસાઈપૂર્વક ઝીલી શકાય અને જેમાં સર્વે જ્ઞાનસામગ્રીને તેમનાં યથાર્થ સ્થાને અને સાચા કદમાં જોઈ શકાય. આ બાબતનો વ્યવહારમાં અમલ કરતાં જણાશે કે નિમ્નમાંથી ઊર્ધ્વ મનોમયતાના આરોહણને પાર પાડવા માટે આ બંને ક્રિયાઓનો વારાફરતી કે એકસાથે ઉપયોગ થતો હોય છે.

ત્રિકાલ-પ્રવાહને હાથ ધરતાં અંતર્જ્ઞાનાત્મક મને, પોતાની વિચારાત્મક ઇન્દ્રિય અને દૃષ્ટિમાં ધારણ કરીને, ત્રણ બાબતોને યથાર્થ રીતે જોવી પડશે : પ્રત્યક્ષતાઓ, સંભવિતતાઓ અને અનિવાર્યતાઓ. શરૂઆતમાં એક એવી અંતર્જ્ઞાનાત્મક ક્રિયા-શક્તિ વિકાસ પામે છે કે જે સામાન્ય મનની માફક જ મુખ્યત્વે તો એક પછી એક વહ્યે જતી પ્રત્યક્ષતાઓના પ્રવાહને જ જુએ છે, પણ તેમાં સત્ય પ્રત્યેની એક એવી ત્વરિત પ્રત્યક્ષ-ક્રિયા અને સહજ

યથાર્થતા હોય છે કે જે મનની શક્તિની બહાર હોય છે. તે તેમને પહેલાં તો એક એવા પ્રત્યક્ષ-બોધ દ્વારા, વિચાર-ક્રિયા, વિચાર-ઇન્દ્રિય, વિચાર-દૃષ્ટિ દ્વારા જુએ છે કે જે વ્યક્તિઓ અને વસ્તુઓ ઉપર કાર્ય કરી રહેલાં પરિબળોને, તેમની અંદર અને આજુબાજુ રહેલા વિચારો, ઇરાદાઓ, આવેગો, શક્તિઓ અને અસરોને તરત જ પકડી પાડે છે: અને આ બધાં કે જેઓ તેમની અંદર સાકાર બની ચૂક્યાં હોય અને જેઓ સાકાર બની રહ્યાં હોય તેમ જ જેઓ આજુબાજુની પરિસ્થિતિમાંથી કે સામાન્ય મનથી અદૃશ્ય રહેતાં ગુપ્ત સ્થાનોમાંથી તેમની અંદર કે તેમની ઉપર આવતાં હોય કે તરત જ આવવાનાં હોય તેમને પણ તરત જ પકડી પાડે છે; કોઈ પણ જાતની શોધખોળ કે જહેમત વિના જ એક ત્વરિત, અંતર્જ્ઞાનાત્મક પૃથક્કરણ વડે કે સમન્વય-મય સમગ્ર દર્શન વડે તે શક્તિઓની જટિલતાને ઉકેલી નાખે છે, તેમાં જે કાંઈ અસરકારક હોય તેને બિન-અસરકારક કે અર્ધ-અસરકારકમાંથી અલગ તારવી નાખે છે; અને જે પરિણામ આવવાનું જ હોય તેને પણ જોઈ લે છે. આવી છે, પ્રત્યક્ષતાઓને જોવાની અંતર્જ્ઞાનની સર્વાંગી રીત; પણ બીજી પણ કેટલીક એવી રીતો છે કે જેનું સ્વરૂપ આના કરતાં ઓછું સર્વાંગી હોય છે. કારણકે એવી શક્તિ પણ વિકસાવી શકાય છે કે જેના વડે કાર્ય કરી રહેલી શક્તિઓને અગાઉથી કે એ જ વખતે જોયા વિના, સીધું જ પરિણામને જોઈ શકાય અથવા કાર્ય કરતી શક્તિઓને પછીથી પણ જોઈ શકાય, અને એકમાત્ર પરિણામ જ એકદમ અને સહુથી પહેલું જ્ઞાન-પ્રદેશમાં ઊછળી આવે એમ પણ કરી શકાય. તો વળી, બીજી બાજુએ, એમ પણ બની શકે કે શક્તિઓના જટિલ જથ્થાને જરા-તરા જ કે પૂરેપૂરો જોઈ શકવા છતાં નિર્ણયાત્મક પરિણામ વિશે તો અ-નિશ્ચિતતા જ રહે અથવા એ નિશ્ચિતતા ધીમે ધીમે આવે કે જરાતરા પણ આવે. આ બધી છે પ્રત્યક્ષતાઓની સંપૂર્ણ અને સમન્વિત દર્શન-શક્તિના વિકાસની વચગાળાની ભૂમિકાઓ.

આવી જાતનું અંતર્જ્ઞાન એ ત્રિકાળના જ્ઞાન માટેનું એક સો ટકા પરિપૂર્ણ કરણ નથી બની શકતું. તે સામાન્ય રીતે વર્તમાનના જ પ્રવાહમાં જ ગતિ કરે છે અને તે ક્ષણેક્ષણનું જે યથાર્થ દર્શન કરે છે તે હોય છે માત્ર વર્તમાનનું, તરત વીતેલા ભૂતનું અને તરત આવનારા ભાવિનું. એ વાત સાચી છે કે તે પોતાને પાછળની બાજુએ પ્રસારી શકે છે, અને પેલી જ શક્તિ અને પદ્ધતિ દ્વારા ભૂતકાળની ઘટનાઓનું યથાર્થ રીતે ફરી નિર્માણ કરી શકે છે અથવા પોતાને આગળની બાજુએ પ્રસારીને જરા વધારે દૂરના

ભાવિની કોઈક બાબતનું પણ યથાર્થ રીતે નવ-નિર્માણ કરી શકે છે. પણ આમ કરવું તે વિચારાત્મક દર્શનની સામાન્ય શક્તિને માટે એક વધારે વિરલ અને મુશ્કેલ યત્ન છે, અને આવા સ્વ-પ્રસારણનો વધારે છૂટથી ઉપયોગ કરવામાં સામાન્ય રીતે તેને ચૈત્યસિક દૃષ્ટિની સહાય અને સહારાની જરૂર પડે છે. વળી પ્રત્યક્ષતાઓ ખલેલ વિના આગળ વધવાની હોય તો જ તે ભાવિને જોઈ શકે છે પણ જો પરિબળો કાંઈક નહિ કલ્પેલું પૂર વહાવી દે અથવા વચમાં ટપકી પડતી અને પરિસ્થિતિની જટિલતાને બદલી નાખતી શક્તિ વધારે વિશાળ સંભવિતતાઓના પ્રદેશમાંથી ઊતરી આવતી હોય (અને કાલ-પ્રવાહમાં કાર્ય કરતી શક્તિઓની બાબતમાં આવું સતત બનતું જ હોય છે) તો આવું ભાવિ-દર્શન સાચું નથી રહેતું. તે આમાં સહાયરૂપ થવા, આવી સંભવિતતાઓ પર પ્રકાશ પાડી આપતી પ્રેરણાઓને તથા એ સંભવિતતાઓમાં કઈ નિર્ણયાત્મક છે અને તે શાં પરિણામો લાવશે તેની જાણ કરતાં અટલ સત્ય-દર્શનોમાં પ્રાપ્ત કરી શકે તેમ હોય છે તથા આ એ શક્તિઓની સહાય દ્વારા, પ્રત્યક્ષતાઓ-બદ્ધ અંતર્જ્ઞાનાત્મક મનની ખામી-ઓને સુધારી શકે છે. પણ ભાવિ-દર્શન માટેના આ વધારે મહાન ભંડારોને કામમાં લેવા માટે આ પ્રારંભિક અંતર્જ્ઞાનાત્મક ક્રિયાઓની શક્તિ કદી પણ પૂરેપૂરી સંપૂર્ણ નથી હોતી (અને કોઈક વધારે ઊર્ધ્વ ચેતનામાંથી મળતી સામગ્રીને જ્યારે કોઈક તેનાથી ઊતરતી શક્તિ કામમાં લે ત્યારે હમેશાં આમ જ બનવાનું). તાત્કાલિક પ્રત્યક્ષતાઓના પ્રવાહ પર જ ખૂબ ઝોક મૂકતી હોવાથી દર્શનોમાં ઘણી બધી મર્યાદા એ જ સદાય આ અંતર્જ્ઞાનનું વિશિષ્ટ લક્ષણ રહેવાનું.

તોપણ એક એવું પ્રકાશપૂર્ણ પ્રેરણામય મન વિકસાવવાનું શક્ય છે કે જે કાલ-પ્રવાહની મહત્તર સંભવિતતાઓની વચ્ચે પૂરું આસાન રહી શકશે, દૂરની ઘટનાઓને પણ વધારે આસાનીથી જોઈ શકશે અને, તેની સાથે સાથે, પ્રત્યક્ષતાઓના અંતર્જ્ઞાનને પોતાનામાં, પોતાના વધારે તેજસ્વી, વિશાળ અને સમર્થ પ્રકાશમાં, સમાવી લેશે. આ, પ્રેરણામય, અંતઃપ્રેરણા-મય મન ઘટનાઓને દુનિયાની વધારે વિશાળ સંભવિતતાઓના પ્રકાશમાં જોશે અને પ્રત્યક્ષતાઓના પ્રવાહને, સમર્થ સંભવિત ઘટનાઓના સમૂહ-માંથી થએલી એક પસંદગી અને પરિણામ તરીકે ધ્યાનમાં લેશે. તેમ છતાં, જો તેની સાથે સાથે પૂરતું સત્ય-દર્શનભર્યું અનિવાર્યતાઓનું જ્ઞાન નહિ હોય તો, તે પ્રવાહની વિવિધ સંભવિત ગતિઓમાંથી નિર્ણયાત્મક ગતિ કઈ છે તે જોતાં અચકાય કે તે વાતને અદ્ધર રાખે એમ પણ બને; અથવા ખુદ

એમ પણ બને કે તે આખરી પ્રત્યક્ષતાની દિશાથી દૂર જ ચાલ્યું જાય અને હજી સુધી અવ્યવહારુ રહેનારા જ કોઈ ઘટના-પ્રવાહને અનુસરે. ઊર્ધ્વમાંથી આવતાં અનિવાર્યતાનાં સત્ય-દર્શનની સહાયને પરિણામે આ અપૂર્ણતા ઓછી થવામાં મદદ મળશે ખરી પણ તે છતાં અહીંયાં પણ પેલી જ મુશ્કેલી રહેવાની : ઊર્ધ્વ કક્ષાના પ્રકાશ અને શક્તિના ખજાનામાંથી મળતી સામગ્રીનો નીચલી કક્ષાની શક્તિ વડે થતો વ્યવહાર, પણ, એક એવા પ્રકાશ-પૂર્ણ, સત્ય-દર્શનમય મનને વિકસાવવાનું પણ શક્ય છે કે જે પેલી બે નિમ્ન ક્રિયાઓને પોતાનામાં સમાવી લઈને સંભવિતતાઓ અને પ્રત્યક્ષતાઓના ખેલની પાછળ જે કાંઈ નિર્માણ થઈ ગએલું છે તેને જોતું હોય છે અને આ સંભવિતતાઓ અને પ્રત્યક્ષતાઓને, પોતાના અટલ નિર્ણયને પાર પાડવાનાં સાધન તરીકે નિહાળતું હોય છે. આ પ્રમાણે રચાએલા અને સક્રિય ચૈત્યસિક ચેતનાની સહાય મેળવતા અંતર્જ્ઞાનાત્મક મનના કબજામાં કાલ-જ્ઞાનની કોઈક અત્યંત વિચક્ષણ શક્તિ આવી રહે એમ પણ બને.

તેમ છતાં, આપણને એ પણ જણાશે કે આવું મન એ પણ હજી એક અપૂર્ણ કરણ જ છે. પ્રથમ તો એ મનોમય દ્રવ્યમાં સક્રિય થએલા અને મનોમય રચનાઓમાં ઢાળેલા એક એવા ઊંચી જાતના જ્ઞાનને રજૂ કરતું હશે કે જે હજી ય માનસિક શરતો અને મર્યાદાઓને આધીન હશે. પાછળ કે આગળની બાજુએ તેના સીમાઓ ગમે તેટલી વિસ્તરે તે છતાં તે હમેશાં વર્તમાન ક્ષણોના ક્રમ-પ્રવાહને જ પોતાના જ્ઞાનનાં પગથિયાં અને શ્રેણીઓ માટેનો પાયો ગણીને. તેના જ ઉપર મુખ્ય મદાર રાખશે; તે પોતાની ઊર્ધ્વ, સત્ય-દર્શનભરી ક્રિયાઓ પાર પાડતી વખતે પણ કાલ-પ્રવાહમાં જ આગળ વધશે અને, ઊર્ધ્વમાંથી કે વિશાળ દૃષ્ટિ-પ્રદેશોવાળી, સનાતન કાલની સ્થિરતાઓમાંથી એ પ્રવાહને નહિ જુએ; અને તેથી તે હમેશાં ગૌણ અને મર્યાદિત કર્મોમાં જ બંધાએલું રહેશે અને તેની પ્રવૃત્તિઓને એક જાતની મોળાશ, મર્યાદા અને સાપેક્ષતાનું બંધન રહેશે. વળી તેની જ્ઞાન-પ્રાપ્તિ એ એની પોતાની આગવી સમૃદ્ધિ-નહિ હોય પણ મળેલી જ્ઞાન-ભેટ હશે. તે, બહુ બહુ તો, અજ્ઞાનમય મનની જગ્યાએ એક એવા આત્મ-વિસ્મૃત જ્ઞાનવાળા મનની રચના કરશે કે જેને એક ગુપ્ત સ્વ-સભાનતા અને સર્વ-સભાનતામાંથી સતત સ્મરણ અને પ્રકાશ મળ્યા કરતાં હશે. આવા જ્ઞાનની સીમા, વિસ્તાર અને સામાન્ય કાર્ય-પદ્ધતિમાં વિકાસ અનુસાર ગમે તેટલા ફેરફાર રહે તેમ છતાં તે અતિપ્રબળ મર્યાદાઓમાંથી કદી પણ મુક્ત નહિ હોય. અને આ અપૂર્ણતાના પરિણામે, હજી પણ તેને વીંટાઈ રહેલા કે

અવચેતન રીતે વળગી રહેલા અજ્ઞાનમય મનને ફરી ફરી માથું ઊંચકવાનો, અંદર કે ઉપર ધસી આવવાનો મોકો આપશે અને, જ્યાં જ્યાં અંતર્જ્ઞાન સક્રિય થવાની ના પાડે કે સક્રિય થઈ ના શકે ત્યાં ત્યાં સક્રિય થઈને પોતાની સાથે પોતાની અવ્યવસ્થાઓ અને અશુદ્ધિઓ અને ભૂલોને ફરીથી ઘુસાડવાની તક આપશે. આમાંથી બચવાનો એકમાત્ર સલામત માર્ગ એ કે જ્ઞાન મેળવવાનો યત્ન કરવાની ના પાડી દેવી અથવા, ઓછામાં ઓછું, જ્યાં સુધી ઊર્ધ્વ પ્રકાશ અવતરણ ના કરે અને પોતાની સક્રિયતાને ના વિસ્તારે ત્યાં સુધી જ્ઞાન–પ્રાપ્તિ મોકૂફ રાખવી. આમ પોતાની જાતને બાંધી રાખવી એ મનને માટે અતિ મુશ્કેલ છે અને જો ખૂબ સંતોષપૂર્વક આનું આચરણ કરવામાં આવે તો સાધકનો વિકાસ રૂંધાઈ પણ જાય. તો વળી, એનાથી ઊલટું, જો અજ્ઞાનમય મનને ફરીથી માથું ઊંચકવા દેવામાં આવે અને તેની સ્ખલન–શીલ અપૂર્ણ શક્તિને સક્રિય થવા દેવામાં આવે તો એક સુનિશ્ચિત — જોકે સાપેક્ષ — પૂર્ણતા પ્રાપ્ત કરવાને બદલે કાં તો બે અવસ્થાઓ વચ્ચે સતત ઝોલાં ખાધા કરશે અથવા તો બે જાતની શક્તિઓના સેળભેળ કાર્યનો ભોગ બનશે.

સૂડી વચ્ચે સોપારી જેવી આ સ્થિતિમાંથી બચવાનો ઉપાય એ કે એક એવી પરિપૂર્ણતા પ્રાપ્ત કરવી કે જેના પ્રત્યે આગળ વધવામાં અંતર્જ્ઞાન, અંતઃપ્રેરણા અને સત્ય–દર્શનવાળા આ મનની રચના એ તો માત્ર એક પૂર્વ–તૈયારીરૂપ ભૂમિકા જ છે, અને જે પરિપૂર્ણતા આપણને પ્રાપ્ત થાય છે : એક તો, અતિમાનસિક પ્રકાશ અને શક્તિનાં પૂર અને અવતરણને સમસ્ત મનોમય પુરુષમાં વધારે ને વધારે વહાવવાથી અને બીજું, અંતર્જ્ઞાન અને તેની શક્તિઓને, અતિમાનસિક પ્રકૃતિના ખુલ્લા પડેલા વૈભવોમાં રહેલાં તેમનાં મૂળ પ્રત્યે સતત ઊંચે ઉઠાવવાથી. અને ત્યારે એક દ્વિવિધ ક્રિયા શરૂ થાય છે : પહેલી એ કે જેમાં અંતર્જ્ઞાનાત્મક મન, આધાર અને અનુમતિ માટે પોતાનાથી ઉપરના પ્રકાશ વિશે સજાગ, ખુલ્લું અને ખડું થાય છે અને બીજી ક્રિયા એ કે એ પ્રકાશ પોતે જ એક સર્વોચ્ચ જ્ઞાનમય મનનું સર્જન કરે છે, — હકીકતમાં તો આ અતિમનસની પોતાની જ એક એવી ક્રિયા છે કે જે હવે વધારે ને વધારે રૂપાંતર પામી રહેલા મનોમય દ્રવ્યમાં ચાલતી હોય છે અને જે માનસિક શરતોના આગ્રહભર્યા દબાણને ઓછી ને ઓછી આધીન થતી જાય છે. આ પ્રમાણે એક, જરા ઊતરતી કક્ષાની, અતિમાનસિક ક્રિયા, એટલે કે એક એવું જ્ઞાનમય મન, આકાર ધારણ કરે છે કે જે પરિવર્તન પામીને સાચું અતિમાનસિક મન બની

જવાનું વલણુ સતત રાખ્યા કરે છે. અજ્ઞાનમય મન હવે વધારે ને વધારે સ્પષ્ટ રીતે બાકાત થતું જાય છે, તેનું સ્થાન અંતર્જ્ઞાનથી આલોકિત થતું, આત્મ-વિસ્મૃતિના જ્ઞાનવાળું મન લેતું જાય છે, અને અંતર્જ્ઞાન પોતે પણુ વધારે પૂર્ણ રીતે સુયોજિત થતું જઈને, તેની પાસે વધારે ને વધારે જોરદાર થતી માગણીને પ્રત્યુત્તર આપવા સમર્થ બનતું જાય છે. વધતું જતું જ્ઞાનમય મન એક અંતરિયાળ શક્તિ તરીકે કાર્ય કરવા માંડે છે અને તે જેમ જેમ વધારે સાકાર થતું જાય છે તેમ તેમ તે અજ્ઞાનમય મન પર કાર્ય કરતું જાય છે, તેનું રૂપાંતર કરતું જાય છે કે પોતે તેનું સ્થાન લેતું જાય છે, અને એવા ભાવિ પરિવર્તનને અનિવાર્ય બનાવતું જાય છે કે જે મન-માંથી અતિમનસનું અતિક્રમણુ પાર પાડે છે. હવે, આ કક્ષાએ પહોંચતાં, કાલ-ચેતના અને કાલ-જ્ઞાનમાં પરિવર્તન થવાનું શરૂ થાય છે. તેને એક-માત્ર અતિમાનસિક પ્રદેશોમાં જ પોતાનો પાયો અને સંપૂર્ણ વાસ્તવિકતા અને સાચો મર્માર્થ પ્રાપ્ત થાય છે. આથી, તે જ્યારે અતિમાનસિક સત્ય સાથે સંબંધમાં આવે ત્યારે જ તેની ક્રિયાઓ વધારે અસરકારક રીતે પ્રકાશમાં આવી શકે છે; કારણકે જ્ઞાનમય મન એ તો અતિમાનસિક પ્રકૃતિ તરફ થએલું એક પ્રસારણુ માત્ર જ અને તેમાં આરોહણુ કરવા માટેનું આખરી સોપાન માત્ર જ છે.

સંપૂર્ણ